# અવધૂતી મસ્તી

ભાગ-૨



વિવેચક :

**જમિયતરામ નરભેરામ અધ્વર્યુ**


પ્રકાશક :

**શ્રી અવધૂતી સાહિત્ય પ્રકાશન સમિતિ**

તરફથી

**રામજીભાઈ મણિભાઈ નાયક,**

પાર ફળિયું, શ્રીરંગ નિવાસ, નવસારી

પુનઃ પ્રકાશક :

**શ્રીરંગ ચેરિટેબલ ટ્રસ્ટ,**

મેડીકેર, ટાઉનહોલ પાસે, અમદાવાદ-૩૮૦૦૦૬

પ્રકાશક :
શ્રીરંગ ચેરિટેબલ ટ્રસ્ટ,
મેડીકેર, ટાઉનહોલ પાસે,
અમદાવાદ-૩૮૦૦૦૬

દ્વિતીય આવૃત્તિ : ૧૧૦૦
એપ્રિલ - ૧૯૯૯

કિંમત :
ત્રણ પુસ્તકના સેટની રૂપિયા ૧૦૦/-

મુદ્રક :
મુકેશ પુરોહિત,
સૂર્યા ઑફસેટ,
આંબલીગામ, બોપલરોડ, જિ. અમદાવાદ-૩૮૦૦૫૮

અર્પણ

સ્વ. મંગળભાઈ મોતીરામ દવે

તથા

સ્વ. દિનેશભાઈ મંગળભાઈ દવેની

પાવનસ્મૃતિમાં

# નિવેદન




ભા.- ૨

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः॥

શ્રી ભગવાને અર્જુનને કહ્યું : ''હજારો મનુષ્યો આમ તેમ યત્ન કરતા જણાય છે. એમાંથી કોઈક જ આત્મસિદ્ધિ માટે પ્રયત્ન કરતા હોય છે. અને એવા સિદ્ધ-તત્ત્વ-પ્રાપ્તિ અર્થે યત્ન કરનારાઓમાં પણ મને તત્ત્વતઃ તાત્ત્વિક દૃષ્ટિએ જાણનારા તો કોક વિરલ હોય છે.''

શ્રી ભગવાનના આ શબ્દોના સંદર્ભમાં શ્રી અવધૂતના દર્શનાર્થે આવતી હજારો વ્યક્તિઓ તરફ દ્રષ્ટિપાત કરીએ તો આપણને શું જણાય ! કોક 'બાપજી'ની દાઢી પરથી એમના ત્યાગનું અનુમાન કરે છે. કોક એમની આંખોની તેજસ્વિતા તરફ આકર્ષાઈ એમના અંતરાનુભવનું ઊંડાણ માપવા મથે છે, કોક એમના લાકડી જોઈ મોહ પામે છે તો કોક એમની ઝડપી ચાલ જોઈ અંજાય છે. કેમ જાણે આ બધાં બાહ્ય ચિહ્નો અંતરના ઊંડાણનાં નિદર્શક ન હોય ! પણ આ બધી અનાત્મ શરીરની બાહ્ય ચેષ્ટાઓ અને વેષભૂષા ઉપરથી અંતરના તારનું માપ થોડું જ કાઢી શકાય ? બાહ્ય હાલચાલ કે વેષવિશિષ્ટતાનું અનુકરણ કે અનુસરણ કોઈયે કરી શકે, પણ એથી શ્રી અવધૂતની આધ્યાત્મિક-તાત્ત્વિક ઓળખ થતી નથી અને તેથી જ બાહ્ય દૃષ્ટિએ શ્રી અવધૂતને ઓળખવા મથનારાઓ અને દર્શને આવતા હજારોને માટે આટલાં વર્ષનો સહવાસ હોવા છતાં શ્રી અવધૂત એ અણઉકલ્યો કોયડો જ રહ્યો છે. એમને તત્ત્વતઃ ઓળખનારા થોડાક જ હશે. દરેક સાચા જ્ઞાની કે મહાન પુરુષોની આજ સ્થિતિ છે. તેમની તરફ માનની દૃષ્ટિથી જોનારા હજારો હોય છે છતાં તેઓ ઘણું ખરું અણસમજ્યા અને ગેરસમજ્યા જ રહે છે. એમની સાચી ઓળખાણ ઘણા થોડાને જ થાય છે. કારણ બહુજનસમાજ બાહ્યનિષ્ઠજ હોય છે અને મહાપુરુષને પોતાના નનકડા સ્વદ્રષ્ટિરંજિત ગજથીજ માપવાનો યત્ન કરે છે. બાહ્ય ચેષ્ટાઓમાં અટવાતા અલ્પ મનુષ્યો તેથી જ સાચા સંતની કે કોઈ મહાપુરુષની અંતર ઓળખ કરી શકતા નથી અને તત્ત્વતઃ કાંઈ પ્રાપ્ત કરી શકતા નથી. કેવળ આધિભૌતિક ઓળખથી આધ્યાત્મિક ઓળખ થતી નથી અને તેથી જ **स्थितप्रज्ञस्य का भाषा.....** વગેરે સમાધિસ્થ કે બ્રહ્મનિષ્ઠની સ્થિતિ વિષેના અર્જુનના પ્રશ્નના જવાબમાં શ્રી ભગવાને,






કોઈ પણ જાતની બોલચાલ કે વેષભૂષાના ગેરરસ્તે દોરવતા વર્ણન સિવાય ગીતાના બીજા અધ્યાયને અંતે

प्रजहाति यदा कामान्....

વગેરેથી શરૂઆત કરી

विहाय कामान् यः सर्वान्...

સુધી તેવા જ્ઞાનીઓના સમ્રાટની અંતઃસ્થ સ્થિતિનું જ વર્ણન કર્યું છે. શ્રી અવધૂતની પણ આવી જ આધ્યાત્મિક ઓળખાણ માટે આપણે એમના અનુભવના આત્મિક ઊંડાણમાંજ ડૂબકી મારવી રહી !

અવધૂતી મસ્તીમાં અત્ર સંકલિત પૂજ્ય શ્રી રંગ અવધૂતજીનાં સ્વયંસ્ફૂર્ત આ ગીતોમાં શ્રી અવધૂત આધિભૌતિક દૃષ્ટિએ નહીં પણ તાત્ત્વિક-આધ્યાત્મિક દૃષ્ટિએ ઝળકી ઊઠે છે. અને એમના એ દર્શનની તાત્ત્વિક ઝાંખી થાય તો જ એના પગલે પગલું મૂકીને આપણે આત્મકલ્યાણ સાધી શકીશું.

શ્રી અવધૂતની તાત્ત્વિક દૃષ્ટિએ પિછાન થઈ શકે અને એ પ્રકાશમાં આપણે પણ આધ્યાત્મિક પથમાં નિર્ભયપણે ડગ માંડી શકીએ એવા વિશુદ્ધ હેતુથી જ આ ગ્રંથનું આલેખન થયું એમ કહેવાની જરૂર નથી. આ ગ્રંથના એ હેતુએ વાચન-પરિશીલનથી બે પાંચ વ્યક્તિને પણ સાચું માર્ગદર્શન મળે તો પણ અમારો આ બહુકાંક્ષી અલ્પ પ્રયત્ન સફળ છે એ નિઃશંક છે.

નવસારી<br>
શ્રી રંગનિવાસ<br>
પારફળિયું<br>
રંગનવમી<br>
સંવત ૨૦૧૪

રામજીભાઈ મણિભાઈ નાયક<br>
પ્રકાશક








# પ્રકાશકનું નિવેદન

પરમ પૂજ્ય શ્રીરંગ અવધૂતજીએ ગુજરાતી, સંસ્કૃત અને મરાઠીમાં મહત્વપૂર્ણ સાહિત્ય સર્જન કર્યું છે. એમની જન્મ શતાબ્દિ પ્રસંગે એમના એ સાહિત્યમાંથી કંઈક પુનઃ પ્રકાશિત થાય એવી અંતરની અભિલાષા હતી. શતાબ્દિ વર્ષની ઉજવણી દરમિયાન અને એ પહેલાં નારેશ્વર દર્શન (બસયાત્રા દ્વારા), મીની નર્મદા પરિક્રમા, ચોવીસ કલાકની અખંડ ધૂન, અમૃતબિંદુ - પૂ. ગુરુદેવનાં અમૃતવચનોનું પ્રકાશન, પૂ. સ્વામી તદ્રૂપાનંદજીની બોધમાલિકા પરની જાહેર વ્યાખ્યાનમાળા, જન્મભૂમિ (ગોધરા)થી તપોભૂમિ (નારેશ્વર)ની પદયાત્રા, રક્તદાન શિબિર, અન્નદાન, વસ્ત્રદાન વગેરે કાર્યક્રમો થયા. ઈશકૃપા અને પૂ. બાપજીના આશીર્વાદથી એ તમામ કાર્યક્રમો સુપેરે પાર પડ્યા. પરંતુ બાપજીના અક્ષરદેહના પુનઃ પ્રકાશનનું સ્વપ્ન કાર્યાન્વિત ન થઈ શક્યું એનો વસવસો મનમાં રહી ગયો હતો. આજે મોડે મોડે પણ એ સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે એનો હૈયે પરમ આનંદ છે. અક્ષરદેહના પ્રકાશનના પ્રથમ ચરણરૂપે અવધૂતી મસ્તી ભા.-૧, ૨, ૩. વાચકોના હાથમાં મૂકતાં આજે ઊંડા પરિતોષની લાગણી અનુભવીએ છીએ.

આ ગ્રંથત્રયની ઉપાદેયતા વિશે વિશેષ કંઈ કહેવાની અમારી પાત્રતા નથી. વિવેચકશ્રીએ એમના નિવેદનમાં એનું મહત્ત્વ દર્શાવ્યું જ છે. અમે તો નમ્રભાવે એટલું જ કહીશું કે પૂજ્ય બાપજીના જીવન અને વિચારના રહસ્યને સમજવાની ગુરુચાવી આ ગ્રંથોમાંથી સાંપડે છે. પૂજ્ય બાપજીનાં સાઠ ભજનોનું વિસ્તૃત અને વિદ્વત્તાપૂર્ણ ભાષ્ય આપીને સ્વ. પૂ. શ્રી જમિયતરામ નરભેરામ અધ્વર્યુએ વાચકો પર ભારે મોટો ઉપકાર કર્યો છે. એમના આ વિવેચન ગ્રંથોની દ્વિતીય આવૃત્તિના પ્રકાશન પ્રસંગે એમનું ભાવપૂર્વક પુણ્ય સ્મરણ કરી એમના પ્રત્યે ઊંડા આદરની લાગણી વ્યક્ત કરું છું.

અવધૂતી મસ્તીના આવા આધ્યાત્મિક પાથેયરૂપ ત્રણ ગ્રંથોના પુનઃપ્રકાશનની મંજૂરી આપવા બદલ શ્રી અવધૂતી સાહિત્ય પ્રકાશન સમિતિનો આભાર માનું છું. પ્રસ્તુત બીજી આવૃત્તિમાં બાપજીના કેટલાક દુર્લભ ફોટાઓનો સમાવેશ કર્યો છે. એ દુર્લભ ફોટાઓ સુલભ કરી આપવા બદલ પૂ. શ્રી. બાલ અવધૂતજીના અને એ ફોટાઓને અનુરૂપ ભજન-પંક્તિઓ શોધી આપવા બદલ પૂ. પ્રેમ અવધૂતજીનો ઋણી છું.

જેમની પ્રેરણા તથા પ્રોત્સાહનને કારણે આ ગ્રંથોના પુનઃપ્રકાશનનું કામ હાથ ધરાયું તથા પ્રૂફ રીડીંગ અને પ્રકાશનને લગતાં અન્ય કામો પાછળના જેમના અથાક પરિશ્રમને કારણે આ કામ સમયસર સુપેરે પાર પાડી શકાયું તે ગુજરાત વિદ્યાપીઠના નિવૃત્ત અધ્યાપક આદરણીય શ્રી મગનભાઈ પટેલનો આભાર કયા શબ્દોમાં માનવો ? એમનું ઋણ બહુ ભારે છે.

મારા પ્રત્યેક જાહેર કામની જેમ આ કામમાં પણ શ્રી જિતેન્દ્રભાઈ ઠક્કર તથા ગ્રાફિક તથા પેઈન્ટિંગ ક્ષેત્રે દિલ્હીની લલિતકળા એકેડમીએ વર્ષ '૯૯નો જેમને રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કર્યો તે શ્રી અરવિંદભાઈ પટેલની સેવાઓ ઉપલબ્ધ રહી છે. સમયસર કામ પૂરું કરવા અધ્યાપક શ્રી નરોત્તમભાઈ પટેલ તથા સંદેશના પ્રૂફ રીડર શ્રી ચંદ્રકાન્તભાઈ ભટ્ટનો પણ પ્રૂફ રીડીંગમાં સહર્ષ સહકાર સાંપડ્યો છે. આ સૌ મિત્રોનો હૃદયપૂર્વક આભારી છું.

અંતમાં અવધૂતી મસ્તીના ત્રણેય ગ્રંથો – પ્રિન્ટિંગ, બાઈન્ડિંગ, ગેટ-અપ એમ બધીય રીતે ઉત્તમ કક્ષાના થાય એ અમારી અભિલાષાને ચરિતાર્થ કરી બતાવવા બદલ સૂર્યા ઓફસેટના શ્રી જિતેન્દ્રભાઈ તથા શ્રી મુદ્રેશભાઈ પુરોહિતનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

અવધૂતી મસ્તી ગ્રંથત્રય સર્વાંગ સુંદર બને એવા અમારા નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો છતાં અહીંતહીં ક્યાંકને ક્યાંક ત્રુટિઓ રહી ગઈ હશે એ માટે અમે વાચકોના ક્ષમાપ્રાર્થી છીએ. સુજ્ઞ વાચકોને અમારી નમ્ર વિનંતી છે કે એ ત્રુટિઓ તરફ અમારું લેખિત ધ્યાન ખેંચે જેથી નવી આવૃત્તિ વેળાએ એ સુધારી શકાય.

– ડૉ. ઈન્દુભાઈ દવે

# અવધૂતી-મસ્તી

## ખંડ - ૨

## અનુક્રમણિકા


| ક્રમ | | પાન |
|---|---|---|
| (૧૬) | મૂળ સંસારનું મૂઢ મન માંકડું | ૧ થી ૨૯ |
| (૧૭) | મનુવા, હરિ ભજના, હરિ ભજના | ૩૦ થી ૪૯ |
| (૧૮) | હું-મારું દુઃખ-મૂળ છે, તું-તારું સુખ-મૂળ | ૫૦ થી ૬૨ |
| (૧૯) | ભક્તિની મુક્તિ છે દાસી, ઓ લાલ ! | ૬૩ થી ૮૫ |
| (૨૦) | વહાંકી બાત ન્યારી હૈ મેરે ભાઈ | ૮૬ થી ૯૬ |
| (૨૧) | દુનિયા આ મનનું મટકું રે, પામર પ્રાણી ! | ૯૭ થી ૧૧૨ |
| (૨૨) | જહાંપે દેખું વહાંપે સાહેબ | ૧૧૩ થી ૧૩૬ |
| (૨૩) | ભણતર મોટું ભૂત, તપસી ! | ૧૩૭ થી ૧૪૩ |
| (૨૪) | યહ ઘર નહિ તેરા નહિ તેરા | ૧૪૪ થી ૧૪૭ |
| (૨૫) | તનકી સુધી ન જિસકો, જનકી કહાં સે પ્યારે | ૧૪૮ થી ૧૬૪ |
| (૨૬) | કરના થા સો કર લીના | ૧૬૫ થી ૨૦૩ |
| (૨૭) | તમારે ન હમારે ના કશો સંબંધ છે મૂળે | ૨૦૪ થી ૨૩૧ |
| (૨૮) | એક અગોચર બ્રહ્મ પ્રકાશે | ૨૩૨ થી ૨૪૮ |
| (૨૯) | આ ગયા મુકામ અસલી, બાબા | ૨૪૯ થી ૨૭૯ |
| (૩૦) | મનકો બિન મારે ગોસાંઈ | ૨૮૦ થી ૨૯૬ |
| (૩૧) | નિરંજન પદ તો મુખસે ન બર્ણ્યો જાય | ૨૯૭ થી ૩૧૨ |
| (૩૨) | તોડી દિવાલો મહેલની, બેઠા થઈ મેદાનમાં | ૩૧૩ થી ૩૩૫ |
| (૩૩) | રે મન ! મસ્ત સદા દિલ રહના | ૩૩૬ થી ૩૫૧ |
| (૩૪) | મન મરજીવા ! છે મોતી અમુલખ અંક | ૩૫૨ થી ૩૬૦ |
| (૩૫) | હમારા અસ્થાન મરઘટઘાટ | ૩૬૧ થી ૩૭૨ |



કોઈ ફૂલોં ઉછાલે, યા જૂતિયોંસે મારે
નિંદા સ્તુતિ સહા લો બૈઠે હૈં મસ્ત પ્યારે !




વૃત્તિ ખેચરી કરી નામરૂપ વિસરી,
રંગ રંગે હરિ કો સમાયે.



મરકે અમૃત હોના સાંઇ,
જીવત્ સમાધિ લેના;
અનહદ બંસી મધુર બજાના,
અનલહક્ક મુખ ગાના!



વહાં કી બાત ન્યારી હૈ, મેરે ભાઈ;
જો જાને સો મૂક હો જાવે !



કરના થા સો કર લીના

અબ ના કરના ના ભરના હૈ;

જો પાના થા સો પા લીના !

અબ ના પાના ના ખોના હૈ !



દેહતરંગ ન ઊઠે દિલમેં,

હિલે ન આતમ જ્યોતિ.



ૐ

॥ श्री दत्तः प्रसन्नोऽस्तु ॥

# અવધૂતી મસ્તી




ભા.- ૨

(૧૬)

મૂળ સંસારનું મૂઢ મન માંકડું,
        વિષયવૃક્ષે ભમે સ્વૈર ઘેલું;

ના ઠરે એક પલ, એકથી અન્ય પર,
        ઘેડતું દિવસ ને રાત મેલું. – ટેક.

અદ્રિ કર પર ધરે, અબ્ધિ શોષણ કરે,
        અગ્નિજ્વાળા ગળે સિદ્ધ કોઈ;

આભમંડળ ઊડે, આપ અમૃત કરે,
        રાખ ચિંતામણિ રત્ન સોઈ. – મૂળ. (૧)

કેસરી કંઠ કોઈ ઘંટ જઈ બાંધતું,
        નાગને નાથ ઘાલે મદારી;

સ્હેલ છે ખેલ સહુ એહ બાજીગરી,
        મનહરિબંધને સર્વ હારી ! – મૂળ. (૨)

મસ્ત ગજરાજના દંત જીવતાં સહે,
        મકરની દાઢથી કાઢે મોતી;

અલ્પ મન આગળે દાળ સીજે નહિ,
        ભલભલાની મતિ ત્યાંહ રોતી ! – મૂળ. (૩)

હઠ અને રાજથી મંત્રલયસાજથી,
        વ્રતજપાદિ થકી કોઈ મથતું;

તીવ્ર ઉપોષણે ઇન્દ્રિયો મથી ઘણી,
        સાધના ફરી ફરી કોઈ કરતું ! – મૂળ. (૪)






ધ્યાન–અભ્યાસથી વિરતિ–અસિધારથી,
નાદસંધાનથી સુરતી જોડે;
ગુરુતણી સેવથી ઈશની મ્હેરથી,
મન તણાં મૂળ તો તેહ તોડે ! – મૂળ. (૫)

ઊર્મિ ઊઠે જરી બ્રહ્મસાગર મહીં;
ફેલતાં ફેલતાં નષ્ટ થાયે !
વૃત્તિ ખેચરી કરી નામરૂપ વિસરી,
રંગ રંગે હરિકો સમાએ ! ! – મૂળ. (૬)

❏

મનની પ્રશંસા કોઈએ કરી સાંભળી છે ખરી ? અને છતાંય મન કોઈથી ગાંજ્યું જાય છે ખરું ? હાથીની પાછળ ભસતાં કૂતરાંની જે ગતિ તે જ ગતિ મનની નિંદા કરનારની. આપણે મનની અવગણના કરતા જ રહીએ, અનાદર કરતા જ રહીએ અને મન પોતાનું કાર્ય અવિરતપણે આપણી એ નિંદા, અવગણના, અનાદર આદિની લેશમાત્ર પણ દરકાર કર્યા વિના કરતું જ રહે. કોઈનુંય ન સાંભળે અને પોતાનું ધાર્યું જ કરે તે મન. એવા મનની શ્રી અવધૂતે અહીં વાત કરી છે. શ્રી અવધૂતે પણ એ મનની અવગણના જ કરી છે. સંતોના સાહિત્યમાં જ્યાં જોશો ત્યાં મનને મારવાની જ વાતો આવી છે પણ એ અમર દેખાતું મન કેમ મરે ? અને મરે તો ? તો તો કશું જ નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**"મૂળ સંસારનું મૂઢ મન"**

અહીં શ્રી અવધૂતે મનની મોહગ્રસ્ત–અજ્ઞાન અવસ્થા તરફ દષ્ટિપાત કર્યો છે અને મનની મૂઢતા એ સંસારનું મૂળ છે એમ કહ્યું છે. મન કેવળ મૂઢ જ નથી, મન શાણું પણ છે. મન જ્યારે મૂઢતાનો ત્યાગ કરીને શાણપણ સ્વીકારે છે, ત્યારે એ જ મન સંસારનો, સંસારના સંસ્કારનો અને સંસારના ઉચ્છેદનો વીર બનીને, પોતાના અધિકારમાં પરાધીન બનેલા જીવનો ઉદ્ધાર કરીને તેને સમ્રાટ બનાવી, તેનું શરણ સ્વીકારે છે. એ વાત સાથે અહીં સંબંધ નથી. અહીં તો મૂઢ મન સંસારનું મૂળ શી રીતે તેનો જ આપણે વિચાર કરીએ.

મન એટલે સંકલ્પ. સંકલ્પ ઉદ્ધારક પણ હોય અને સંહારક પણ હોય. જે ઉદ્ધારક સંકલ્પ છે તે જ્ઞાનના પ્રકાશમાંથી જન્મે છે. જે સંહારક સંકલ્પ છે તે અજ્ઞાનના અંધકારમાંથી જન્મે છે. એ દષ્ટિએ આપણે વિચાર કરીએ તો પરમતત્ત્વનું ઈક્ષણ એ પણ સંકલ્પ જ છે. તે સંકલ્પનું પરિણામ પ્રકૃતિ છે. પરમતત્ત્વનો એ સંકલ્પ સંહારક નથી પણ સંકલ્પને મૂર્તસ્વરૂપ

આપવાને પ્રકૃતિ દ્વારા જે ક્રિયાઓનો ક્રમશઃ વિકાસ થયો તેમાં જે અહંકારનું પ્રકૃતિએ સર્જન કર્યું તે સંહારક છે. એવો અજ્ઞાનજનિત જે સંકલ્પ છે તે મૂઢતા છે. જેણે જેણે મનના નાશની વાતો કરી છે તેણે તેણે મનની એ વિઘાતક પ્રવૃત્તિઓ દ્વારા જીવની અધોગતિના અવરોધ અર્થે અને જીવના ઉત્કર્ષ એટલે સંહારક સંકલ્પોનો વિનાશ કરીને ઉદ્ધારક સંકલ્પને બળવાન બનાવીને તે દ્વારા જીવને મૂઢતાથી મુક્ત કરવાના હેતુએ જ કહ્યું છે. અને તેથી અહીં ''મૂઢ'' શબ્દ ખૂબ જ વિચારપૂર્વક શ્રી અવધૂતે વાપર્યો છે. અહીં સંસારની ઉત્પત્તિના ક્રમ આદિ શાસ્ત્રોક્ત વાતો સાથે આપણને સંબંધ નથી. આપણે તો કેવળ મનની મૂઢતાનો જ વિચાર કરીએ.






સંસારનું મૂળ મન છે એટલે આગળ કહ્યું તેમ સંકલ્પ છે. એ મનમાંથી જ સંસારનું સર્જન થાય છે. સંસારનો લય પણ મનમાં જ નિર્માયેલો છે. નિઃસંકલ્પ અવસ્થા એટલે સંસારનું વિસર્જન. સંકલ્પ અવસ્થા એટલે સંસારનું સર્જન. પ્રત્યેક સંકલ્પ એ જ સંસાર છે. સંકુચિત દૃષ્ટિએ વિચાર કરીએ તો સંસાર એટલે આ દૃશ્યજગત અને તેનો વ્યવહાર, પરિવાર આદિ કહી શકાય. જ્યારે સંસારનો વ્યાપક વિચાર કરીએ અને વ્યાપક અર્થ કરીએ ત્યારે પ્રત્યેક સંકલ્પ એ જ સંસાર છે. પ્રત્યેક સંકલ્પની પાછળ તેની સિદ્ધિ અર્થે અનેકવિધ પ્રયાસો, ક્રિયાઓ અને પુરુષાર્થ રહેલો છે. એ જ બધું સંસાર નથી તો શું છે ? એક સંકલ્પને સાંગોપાંગ પૂર્ણ કરવા માટે જે કાંઈ કરવું પડે તે બધાનો સમાવેશ 'સંસાર' શબ્દમાં થઈ શકે. તે દૃષ્ટિએ અહીં સંસાર એટલે સંકલ્પ અવસ્થા એવો આપણે અર્થ કરીએ તો અસ્થાને નથી. તેથી મન એ જ સંસારનું મૂળ છે. મહેલાતનું મૂળ પાયો, વૃક્ષનો આધાર મૂળ, તેમ સંસારનું મૂળ મન. વિદ્વાનોએ, શાસ્ત્રો, વિચારકો અને સ્વાનુભવી સંતોએ તેથી જ મનની એ સંહારક પ્રવૃત્તિને સર્વ અનર્થનું કારણ લેખાવી છે. તમને લક્ષ્મી પ્રાપ્ત કરવાનો સંકલ્પ થયો. પત્ની પ્રાપ્ત કરવાનો સંકલ્પ થયો. કીર્તિ પ્રાપ્ત કરવાનો, પુત્રપ્રાપ્તિનો અને એવા અનેક સંકલ્પ થયા. એ જ સંકલ્પની સિદ્ધિ અર્થે તમે શુભાશુભ અનેક કર્મો કર્યાં, સદસદ્‌નો વિવેક ભૂલ્યા અને યેનકેનપ્રકારેણ તમારા એ સંકલ્પની સિદ્ધિ મેળવી. એ છે અનર્થ. કારણ કે એ કાર્યપદ્ધતિમાં અને કાર્યપરંપરામાં અહંતા છે, મમતા છે. અને તેથી તે અનર્થ કરે છે અને શુદ્ધ આત્માને બંધનયુક્ત બનાવે છે. જે મુક્ત છે તેને બાંધે છે અથવા પોતે બદ્ધ છે એવી ભ્રમણા સર્જાવે છે, તેથી તે અનર્થ છે. જો મન નથી, સંકલ્પ નથી, તો સંસાર પણ નથી. અને અનર્થનો સંભવ પણ નથી. અધોગતિ તરફ ઘસડી જનાર સંકલ્પ અજ્ઞાનજનિત એટલે અહંતા અને મમતાયુક્ત હોવાથી તે મૂઢતા છે. તેથી એવો જે મનરૂપી સંકલ્પ છે તે મૂઢતા છે. સંસારનું જે મૂળ છે તે આ કારણે મૂઢ મન છે એમ શ્રી અવધૂતે ખરું જ કહ્યું છે.






એ મનનું વિશેષણ પણ કેટલું સુંદર છતાંય કઠોર છે ! સત્ય કહેવામાં સંતો સર્વથા નિસ્પૃહ છે. જેવું છે તેને તેવું કહેવું એ તો સંતોનો સ્વભાવ છે. તેથી જ શ્રી અવધૂતે મૂઢ મનને ''માંકડું'' કહીને મનની ઓળખ આપી છે. અર્જુન જેવા ભડવીરને પણ સમરાંગણમાં અસહાય, હતાશ મને નિરુત્સાહી બનાવે તે એ જ મન ! અને છતાંય માંકડું ! જેને અર્જુન જેવો આજાનબાહુ પ્રમાથિ, બલવાન, દૃઢ, અસ્થિર અને ચંચળ કહે તે મન માંકડું ! જે મન આગળ અર્જુન જેવો પણ નતમસ્તક બને, જે મનનો નિગ્રહ કરવો એ વાયુનો નિગ્રહ કરવા જેવું દુષ્કર ગણાય તે મન માંકડું ! જેનામાં મૂઢતા છે, જેનામાં અજ્ઞાનનો અંધારપટ અંતર પર છવાયો હોવાથી સદસદનો વિવેક કરવાની વિચારશક્તિનો અભાવ છે, તે મન માંકડું નહીં તો બીજું શું ? અને એ જ માંકડાની–વાનરની પ્રવૃત્તિ અને પ્રકૃતિનો આપણે જો થોડો ખ્યાલ કરીએ તો એ વિશેષણ શ્રી અવધૂતે યોગ્ય જ આપ્યું છે એમ ઠરશે.

વાનરની અને મનની ચેષ્ટાઓ સરખી જ છે. વાનરની ચેષ્ટાઓનો તો તમને ખ્યાલ છે ને ? વાનર ક્યાંય સ્થિર રહી શકતો નથી. વૃક્ષ પર પણ એક જ ડાળે એ સ્થિર બેસી શકતો નથી. કૂદકા મારવા, એક ડાળેથી બીજી ડાળે જવું, એક છાપરેથી બીજે છાપરે કૂદવું એ તો એની અસ્થિરતાનો નમૂનો છે. આહાર, નિદ્રા, ભય, અને મૈથુન એ પ્રાણીના સ્વાભાવિક ધર્મથી પણ વાનર મુક્ત નથી. લીમડાના વૃક્ષ પર જશે તો ત્યાં લીમડાનાં પાન ખાશે. આંબાના વૃક્ષ પર જશે તો કાચીપાકી કેરીઓ, કૂણી કૂણી કૂંપળ તોડી તોડીને મોંમાં મૂકશે. એની એ પ્રવૃત્તિ મુખ્ય છે. આહારના કારણે છે. એ ચંચળ છે કારણ કે બીજાનો એને ભય લાગે છે. ભયને કારણે એ ક્યાંય સ્થિર થઈ શકતો નથી. જ્યાં બેઠો હશે ત્યાં પણ એની દૃષ્ટિ ચારેકોર ફરતી હશે, અને તેમાં એની ચંચળતાનું આપણને તુરત જ ભાન થશે. એ ચાંચલ્ય ભયયુક્ત છે. આપણે જેમ વાનરથી ડરીએ છીએ તેમ એ પણ આપણાથી ડરીને પોતાના રક્ષણ અર્થે માનવજગતથી જ નહીં પણ બીજા પ્રાણીજગતથી પણ દૂર ને દૂર જ રહે છે. એ કારણે પણ એની ચંચળતા અને અસ્થિરતા છે. આટલો ચંચળ છે, અસ્થિર છે છતાંય બળવાન છે. એના જેવો હનુમાન કૂદકો ભાગ્યેજ આપણે મારી શકીએ. પડ્યા પછી કે કૂદકો માર્યા પછી એને પડવાનો કે કૂદકો માર્યાનો માર પણ ઘડીવાર સ્થિર રહેવા દેતો નથી. તુરત જ ભયનો માર્યો દોડીને બીજે ચઢી જાય છે. એ રીતે વાનર જેમ એક ડાળથી બીજી ડાળે, એક વૃક્ષથી બીજે વૃક્ષે કૂદકા મારતો જ રહે છે અને ઠરીઠામ થતો નથી, તેમ મન પણ ક્યાંય સ્થિર રહી શકતું નથી. ચંચળતાના કારણે અહીંથી તહીં ભટકતું જ રહે છે. જેમ વાનરને ભટકવાને વૃક્ષો છે તેમ એ મનને ભટકવાને વિષયોરૂપી વૃક્ષો છે. તે વૃક્ષો ઉપર આમતેમ નાચકૂદ કરતું જ

રહે છે. અથવા વૃક્ષની પાંચ વિષયો–શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ પ્રધાનશાખાઓ છે. તે શાખાઓ ઉપર એ મન સદાસર્વદા અવિશ્રાંતપણે ભટકતું જ રહે છે. જેમ વાનર એક ડાળેથી બીજી ડાળે અને બીજી ડાળેથી ત્રીજી ડાળે કૂદકા મારતો રહે છે, તેમ મન પણ એ જ પાંચ વિષયોમાં અવારનવાર ભટકતું જ રહે છે. ઘડીક રૂપમાં મોહ પામી તેમાં મુગ્ધ બની તેની પાછળ ઘેલું બને છે, તો ઘડીક રસનાને વશ બની રસ અને સ્વાદમાં લોલુપ બને છે. ક્યારેક ભ્રમર પેરે ગંધમાં મુગ્ધ થાય છે. અને એમ એ પાંચ વિષયોમાં વારાફરતી ભમતું મન ક્યાંય સ્થિર થતું નથી. કોકવાર તો બધાય વિષયો એકી સાથે ભોગવવાની એને ઇચ્છા થાય છે. પણ બધા વિષયો એકી સાથે ભોગવાતા નથી ત્યારે તે વાસનારૂપે પણ ડોકિયાં કરતા અનુભવાય છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**"વિષયવૃક્ષે ભમે."**

મનનું એ પરિભ્રમણ પણ મર્યાદિત નથી. તે "સ્વૈરઘેલું" છે. અસ્થિરતા અને ચંચળતા સાથે દઢતા પણ મનનું એક લક્ષણ છે. તેથી તે જ્યાં ચોંટે છે, ત્યાં કોઈ પણ પ્રકારના વિચાર કે વિવેક વિના સ્વચ્છંદપણે અને અમર્યાદિત રીતે જ ચોંટે છે. એક વિષયનો તત્પૂરતો સ્વૈરવિહાર પૂરો ન થાય અને ચંચળતાને કારણે બીજા વિષય તરફ ન ઢળે ત્યાં સુધી દઢતાપૂર્વક એક વિષયને વળગી રહેવું એ પણ મનની ટેવ છે. અને છતાંય તેને કોઈપણ વિષયથી પરિતૃપ્તિ થતી નથી. જેમ જેમ વિષયોપભોગ કરતું જાય છે, તેમ તેમ તેની વિષયો પ્રતિ અભિરુચિ વધતી જ જાય છે. સ્વૈરવિહાર–સ્વેચ્છાચારમાં ઘેલા બનેલા મનને પછી સારાસારનો વિવેક રહેતો નથી. એક ગાંડો મનુષ્ય જેમ મનસ્વીપણે પોતાને સૂઝ્યું કર્યે જ જાય છે તેમ મન પણ વિષયો સાથે મનસ્વીપણે રમતું જ રહે છે. અને તેથી શ્રી અવધૂતે એને "સ્વૈર ઘેલું" કહ્યું છે. વિષયોને ભોગવવાને મન ઇન્દ્રિયોને તો માત્ર સાધન જ બનાવે છે. પ્રસંગોપાત્ત ઇન્દ્રિયો પણ મનને વિષયો તરફ આકર્ષે છે. મનને ઇન્દ્રિયોનું એ આકર્ષણ પણ રુચિકર લાગે છે અને તેથી તે ક્યાં તો ઇન્દ્રિયો પાછળ ઘસડાય છે કિંવા ઇન્દ્રિયોને પોતાની પાછળ ઘસડે છે. ગમે તેમ પણ વિષયોપભોગ માટે મન, અને ઇન્દ્રિયો પરસ્પર પૂરક છે એમ કહેવામાં હરકત નથી. ઇન્દ્રિયોના અભાવે મન અને મનના અભાવે ઇન્દ્રિયોનું પ્રાબલ્ય ચાલતું નથી. બાળકને નાચતું કૂદતું અને ગેલ કરતું જોઈને માતાને આનંદ થાય છે અને પ્રસંગોપાત્ત માતા પણ આનંદવશ બાળકના જેવો જ અભિનય કરતી થાય છે, તેમ મન ઇન્દ્રિયોને વિષયોનું સેવન કરતી જોઈને જીવ પણ આનંદમગ્ન બની જાય છે. એ આનંદમાં પોતે પણ મન અને ઇન્દ્રિયોને સાથ આપે છે. મન અને ઇન્દ્રિયોની જડતાનો નિસ્તાર કરી તેને બળ આપે છે, અને ત્યારે મન અને ઇન્દ્રિયો જે જડ છે તે જીવની શક્તિ

પ્રાપ્ત કરીને વિષયોપભોગ કરે છે. જીવ જાણે પોતે જ તેનો ઉપભોગ કરતો હોય એવી ભ્રમણામાં તન્મય બને છે. એ વિષય ઉપર અન્યત્ર વિવેચન કર્યું છે. તાત્પર્ય એ છે કે સંસારનું મૂળ છે તે મનની મૂઢતા છે. એ મૂઢતા એટલે વાનર જેવી અસ્થિરતા. અને તેથી એ મન મૂઢતાના કારણે વિષયોમાં ભટકતું રહે છે. તેનો એ વિહાર ''સ્વૈરવિહાર'' છે. કેવળ ઘેલછા છે. તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"ના ઠરે એક પલ, એકથી અન્ય પર"
"દોડતું દિવસ ને રાત મેલું."

આપણે આગળ જોયું તેમ એ મન અસ્થિર હોવાથી એક પળ પણ સ્થિર રહેતું નથી. અને એક વિષયથી બીજા પર અને બીજાથી ત્રીજા પર અવિરત દોડતું જ રહે છે. એનો એ ઉદ્યમ બારે દિવસ અને આઠે પો'ર ચાલુ જ રહે છે. અહીં શ્રી અવધૂતે એ મનને ''મેલું'' કહ્યું છે. મેલું એટલે વિકારવાળું. મનમાં વિકાર સિવાય બીજું કશું જ નથી. વિષયોના વિકારથી વિકૃત બનેલું મન જીવને પોતાને આધીન રાખીને જગતમાં મોજ માણે છે. જો જીવ મનને સાથ ન આપે, ચેતન ન આપે તો મનના એ વિલાસ અને ''સ્વૈરવિહાર'' પણ ક્યાં છે ? જીવના ચેતન વડે ચેતનવાળું બનેલું મન જ પોતાની વિકૃત અવસ્થાનો જીવને સંગી બનાવે છે. ''હું તને રૂપિયો આપું, તું મને મદિરા પા.'' એવો જીવ અને મનનો પરસ્પર સંબંધ છે. જીવ એ શક્તિ છે. મન એ જીવનો દલાલ છે. કેટલીક વાર દલાલ શેઠને પછાડે તેમ મન જીવને ઊંડા ને ઊંડા પરાધીનતાના દુઃખમય ખાડામાં ધકેલે છે.

હવે એ મનના બળનો પણ આપણે થોડો વિચાર કરીએ. જોનારની મતિ કુંઠિત કરે એવાં અસામાન્ય શક્તિનાં અસાધારણ ભીષ્મ કાર્યો કરવાની માનવીમાં શક્તિ છે, પણ તુચ્છ તરણાસમા મન આગળ અને મનની માનવીને પોતાની પકડમાં રાખવાની શક્તિ આગળ એ બધુંય વ્યર્થ છે. એ ભાવનો ખ્યાલ આપતાં શ્રી અવધૂત કહે છે :

"અદ્રિ કર પર ધરે, અબ્ધિ શોષણ કરે,"
"અગ્નિજ્વાળા ગળે સિદ્ધ કોઈ....."

રાવણની માતાને શંકરની નિત્ય પૂજા કરવાનું પણ. એક દિવસ મૃતિકાનું લિંગ બનાવીને માતાને પૂજન કરતી જોઈ રાવણે કૈલાસ પર્વતને લંકા લાવવાનો નિરધાર કર્યો, અને પોતાના બળના જોરે કૈલાસને મૂળમાંથી હચમચાવ્યો. પાર્વતીજી અકળાયાં. કૈલાસની હાલમડોલ સ્થિતિ જોઈને શંકરને વિનંતી કરી, અને કૈલાસને શંકરે એક હાથે દબાવી રાવણને તેની તળે ચાંપ્યો. આવો મહાબળિયો રાવણ પણ મન આગળ રાંક બની ગયો અને મોહવશ બની સીતાજીનું હરણ કરી રણમાં રગદોળાયો. આમ અંગબળ કે યૌગિકસિદ્ધિના બળે ભારે વજનના પહાડ-પથ્થરો હાથ પર કે






અંગ પર ઊંચકી બતાવનારા પણ મનને મહાત કરવામાં હારી જાય છે.

આમ અગસ્ત્યની માફક સિદ્ધિના જોરે સમુદ્રનું શોષણ કરવાની શક્તિ પણ માનવી પ્રાપ્ત કરી શકે. અગ્નિજ્વાળાઓ પણ ગળી બતાવે અને અગ્નિની ઉષ્ણતા કે દાહકતાનો પ્રભાવ પોતાના પર ન પડે એવી શક્તિ પ્રાપ્ત કરે. આકાશમાં અદ્ધર ઊડી બતાવે, પાણીનું અમૃત બનાવે, ચપટી રાખોડી હાથમાં લઈ એનું ચિંતામણિ જેવું અમોલ રત્ન કરી બતાવવાની શક્તિ પ્રાપ્ત કરી શકે. પણ એ બધાય મનને વશ કરવાની વાત આવે કે ઢીલાઢસ થઈ જાય છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

> "આભમંડળ ઊડે, આપ અમૃત કરે,"
> "રાખ ચિંતામણિ રત્ન સોઈ."

કોક મારુતિ પેરે આકાશમાં ઊડે. આકાશમાં ઊડવું એ પક્ષીઓની સ્વાભાવિક સિદ્ધિ છે. મનુષ્ય પણ યોગના બળ વડે પ્રાપ્ત કરેલી સિદ્ધિ દ્વારા શરીરને હલકું ફૂલ બનાવીને પાણી ઉપર ચાલી શકે, વાયુમાં ઊડી શકે અને એ રીતે ચમત્કાર કરીને જગતને મોહિત કરી શકે. કોક એવી જ સિદ્ધિ દ્વારા પાણીને અમૃત પણ બનાવી શકે. આપણે સાંભળીએ છીએ કે મંત્રના બળે પાણી મંત્રીને મંત્રશાસ્ત્રીઓ ઘણાય હઠીલા રોગોનું નિવારણ કરી શકે છે. પણ એ શક્તિ મંત્રની છે. મંત્રશાસ્ત્રની કે મંત્રસિદ્ધિ કરનારની નથી. કોક રાખમાંથી ચિંતામણિ જેવું રત્ન પણ બનાવી શકે. પણ તેથી શું ? મનની ગુલામીમાંથી એ છૂટી શકતો નથી. મનને માર્યા વિના પરમતત્ત્વની પ્રાપ્તિ દુર્લભ છે. અમર આત્મસિદ્ધિ આગળ એ બધી સિદ્ધિઓ તુચ્છ છે. બહુ તો સિદ્ધિબળે એવા ચમત્કારો કરી બતાવી લોકૈષણા પોષી શકાય. લોકોની આંખમાં ધૂળ નાખી ધનના ઢગલા પ્રાપ્ત કરી શકાય. પણ એ સિદ્ધિઓ આત્મપ્રાપ્તિમાં અંતરાયરૂપ છે અને એક દિવસ છેહ દઈને નાસી જાય છે. સાધક અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થઈ ઉઘાડો પડે છે. એની દુર્દશાનો પાર રહેતો નથી. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

> "કેસરી કંઠ કોઈ ઘંટ જઈ બાંધતું,"
> "નાગને નાથ ઘાલે મદારી."

આપણે સરકસમાં જોઈએ છીએ તેમ કોઈ નિર્ભય બળવાન મનુષ્ય સિંહને પણ વશ કરી શકે. એના ગળામાં ઘંટ બાંધીને એની પાસે ફાવે તેવા ખેલ કરાવી શકે. કોઈ મદારી નાગ જેવા વિષારીને પણ નાથી શકે. એ તો કેવળ હિંમત કે અંગબળનાં કામો છે. આપણે સરકસમાં સિંહ સાથે યુદ્ધ કરતા માનવીઓ જોઈએ છીએ. સર્પ સાથે ગેલ કરતા મદારીઓને નથી જોયા ? ઘડીકમાં આંબાનું વૃક્ષ બતાવીને તેના ઉપર કેરીઓ લટકતી દેખાડે છે. જેમ બાજીગર દોરડું હવામાં અદ્ધર ચઢાવી






તેના ઉપર માનવીને ચઢતો બતાવી તેને અદૃશ્ય બનાવી તેનાં અંગો જમીન પર ખરી પડતાં બતાવે છે, અને એવા સામાન્ય માણસની બુદ્ધિને આશ્ચર્યમાં ગરકાવ કરે એવા અનેક ખેલો કરી બતાવે છે. તેમ આ બધું પણ થઈ શકે છે. આજકાલના જમાનાની વિજ્ઞાનની શોધોને આપણે મહાન ચમત્કાર માનીશું પણ એ બધું શક્ય છે. હવે તો માનવી વિજ્ઞાની આકાશમાં ઉપગ્રહોને પણ ઉડાવશે અને શું શું નહીં કરે ? પણ તે ક્યાં સુધી ? તેમાં ભરેલી શક્તિ રહે ત્યાં સુધી. પણ પછી તો એ ઉપગ્રહો જમીન પર જ તૂટી પડી વિનાશ જ સર્જવાના ! એથી શાશ્વતશાંતિ પ્રાપ્ત થવાની નથી. જ્યાં સુધી મન વશ થયું નથી, મનનું મનપણું મર્યું નથી, મનનું સુખને માટે જ્યાં ત્યાં બહાર ભટકા મારવાનું મટ્યું નથી, ત્યાં સુધી એવા બધા મંત્રતંત્રાદિના ખેલો નકામા છે. અને મનને વશ કરવાની સરખામણીમાં સહેલા છે. તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"સ્હેલ છે ખેલ સહુ એહ બાજીગરી"
"મન હરિબંધને સર્વ હારી."

જાદુઈ ખેલ જેવા એ બધા ચમત્કારો પ્રમાણમાં સહેલા છે પણ એથી આત્મપ્રાપ્તિ થતી નથી. અને જ્યાં સુધી આત્મજ્ઞાનની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી શાશ્વતસુખ કે શાંતિ દૂર છે. એવા બધા ચમત્કારોના આડંબરોમાં રાચનારાઓ કે શક્તિનું પ્રદર્શન કરનારાઓ મનરૂપી માંકડાને કે સિંહને બાંધવામાં હારી જાય છે. નિષ્ફળ નીવડે છે.

પરમતત્ત્વને પ્રાપ્ત કરવાના પુરુષાર્થમાં જો બાધક હોય તો એક મન જ છે એમ આપણને શાસ્ત્રોએ, સંતોએ અને જેણે મનને પોતાને આધીન બનાવ્યું છે, તેણે કહ્યું છે. અનુભવ પણ એ જ વાતની શાખ પૂરે છે. સમર્થ શત્રુને જીતી શકાશે, પાંચ તત્ત્વોને વશ કરી શકાશે, પણ મનને વશ નહીં કરી શકાય. મનને વશ કર્યું એવું ઘણી વખત આપણે માનીએ છીએ, પણ એ કેવળ ભ્રમણા છે. મનને વાળી શકાય છે, મનને મારી શકાતું નથી. મન ક્યાં છે તે જ આપણે જોઈ શકતા નથી. મન કેવું છે તેનો આપણે અનુભવ કરી શકતા નથી. મન શું કરે છે તે આપણે જાણી શકતા નથી. અને તેથી જ 'હું' એ શબ્દ દ્વારા આપણે વ્યવહાર કરીએ છીએ. અને મન એ 'હું'માં રહીને જ તમારું સર્વનાશનું સાધન બને છે. અર્જુન જેવા મહારથીને પણ માંકડા જેવા એ મન આગળ નમતું આપવું પડ્યું. જે અર્જુનનો એક ધનુષટંકાર સાંભળતાં જ વજ્રકઠોર કાળજાં પણ કમકમી ઊઠે, જેને વીરશ્રી વરેલી, જેનામાં કાળનાં પણ જડબાં ઝાલવાની શક્તિ, એવા શૂરાઓ પણ જેની હાક વાગતાં ધ્રૂજી ઊઠે, તેવો અર્જુન એ મરકટ સમા મન આગળ ભોળો પડ્યો. અને શ્રીકૃષ્ણને કહ્યું :

चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवत्दृढम्।
तस्याहं निग्रहं मन्ये वायोरिवसुदुष्करम्॥

''હે કૃષ્ણ, મન ચંચળ, વિહ્‌વળ કરનાર, બળવાન, અને દૃઢ છે. તેનો નિગ્રહ વાયુની પેઠે હું અતિ દુષ્કર માનું છું.'' અને શ્રીકૃષ્ણ જેવાએ પણ અર્જુનના એ કથનને પુષ્ટિ આપી છે.






**असंशयं महाबाहो मनोदुर्निग्रहं चलम्।**
**अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते॥**

''હે મહાબાહો, ખરેખર મન ચંચળ અને વશ કરવું મુશ્કેલ છે. તો પણ હે કૌંતેય, અભ્યાસ અને વૈરાગ્ય વડે એ વશ કરાય છે.'' અહીં શ્રી ભગવાને ''गृह्यते'' શબ્દનો પ્રયોગ કર્યો છે. એટલે જેમ બાજીગર વાંદરા જેવા ચંચળ પ્રાણીને પોતાને કહ્યાગરો બનાવી શકે છે, તેમ મનને પણ અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા કહ્યાગરું કરી શકાય છે. તેને મારી શકાતું નથી. તેથી જ અહીં શ્રી અવધૂતે

**''મન હરિબંધને સર્વ હારી''**

એવા શબ્દો ઉચ્ચાર્યા છે.

મનને કહ્યાગરું કરવાના શ્રી ભગવાનભાખ્યા બે માર્ગ છે. એક 'અભ્યાસ' અને બીજો 'વૈરાગ્ય'. એ સાધનો જો સાધ્ય થાય તો મન ઉપર આત્માનું વર્ચસ્વ સ્થપાય એમાં શંકા પણ નથી. આમ તો જીવ મનના વર્ચસ્વથી પરવશ છે, પણ જ્યારે જીવ પોતાનું વર્ચસ્વ મન ઉપર સ્થાપિત કરે ત્યારે મનની ચંચળતાનું પરિણામ જીવ ઉપર થતું નથી. અને ધીમે ધીમે એ મન ચંચળતાનો પોતાનો સ્વભાવ પણ દિશાપરિવર્તનના પરિણામે ભૂલી જાય એ સંભવિત છે. મનને કહ્યાગરું કરવાનું પણ તેથી જ જરૂરનું છે.

આગળ ચાલતાં શ્રી અવધૂતે એ જ વાતને વધુ પુષ્ટ બનાવવાના હેતુથી

**''મત્ત ગજરાજના દંત જીવતાં સહે,**
**મકરની દાઢથી કાઢે મોતી,**
**અલ્પમન આગળે દાળ સીજે નહીં,**
**ભલભલાની મતિ ત્યાંહ રોતી.''**

એમ કહ્યું છે.

મદગળતા માતંગની સામો ઊભો રહીને તેના દંતશૂળ પકડવાની પણ માનવીમાં શક્તિ છે. મગર જેવા જીવલેણ પ્રાણીની દાઢમાં હાથ ઘાલવાની અને તેમાંથી મોતી કાઢવાની પણ માનવીમાં શક્તિ છે. પણ એવા શક્તિશાળી માંધાતાઓ પણ એ જ મન જેવા મરકટ આગળ મૂંઝાઈ જાય છે. મહાન સામ્રાજ્યોને હચમચાવી મૂકે એવો મહાન સમ્રાટ, શક્તિશાળી માનવી એક નાનકડા મન આગળ કેટલો અલ્પ જણાય છે !

**''અલ્પ મન આગળે દાળ સીજે નહીં,''**

કેટલું સુંદર શબ્દચિત્ર છે ! માનવની શક્તિની તુચ્છતાનો કેટલો

સુંદર ખ્યાલ આપે છે ! અને મનની—અલ્પ છતાંય મહાનમાં મહાનને પણ ધૂળ ચાટતા કરનાર મનની—અકલ્પનીય શક્તિનો કેટલો સુંદર ખ્યાલ છે ! મન અલ્પ છે, માતંગ મહાન છે અને સાથે સાથે મત્ત પણ છે. છતાંય એવા મત્ત માતંગને વશ કરવાની, તેના ગજદંત પકડવાની માનવીમાં શક્તિ છે પણ અલ્પ મનને મહાત કરવાની શક્તિ ભલભલા માનવીમાં નથી એમ અહીં શ્રી અવધૂત કહે છે. એ સત્યનો દરેક માનવી અનુભવ કરે છે. માને છે કે, ''મેં મનને માર્યું.'' એ માન્યતામાંજ મનનું એ પ્રાબલ્ય પ્રકટ થાય છે. માને છે કે, 'મન મારે વશ છે.' એ માન્યતામાં મન ડોકિયું કરે છે. માને છે કે. 'મન તુચ્છ છે', અને એ માન્યતામાં જ પોતાની તુચ્છતાનો, અલ્પતાનો માનવીને ખ્યાલ આવતો નથી. મગતરું હાથીના કાન વાટે તેના મસ્તકમાં પ્રવેશ કરીને જેમ હાથીને ઘેલો બનાવે છે, તેમ એ અલ્પ મન પણ માનવીના દિમાગમાં પ્રવેશ કરીને માનવીને પાણીથીય પાતળો અને અલ્પ બનાવે છે. તેનું ભાન અભિમાનવશ માનવીને હોતું નથી. તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**''ભલભલાની મતિ ત્યાંહ રોતી''.**

ભલભલા માનવીઓની મતિ એ મનની વિલક્ષણતા આગળ કુંઠિત થઈ જાય છે. મનને આધીન કરવાના અનેક પ્રયત્નો કરવા છતાંય મન તો જ્યારે જેવું ને તેવું જ રહે છે. ત્યારે શું કરવું ? એ વિચારમાં માનવી કિંકર્તવ્યમૂઢ બની જાય છે અને મૂંઝાઈ જાય છે.

શ્રી ભગવાને આગળ કહ્યું તેમ મનને વશ કરવાનાં બે સાધનો બતાવ્યાં છે : એક છે 'અભ્યાસ' અને બીજું છે 'વૈરાગ્ય'. એ બે સાધનોને લક્ષમાં રાખીને શાસ્ત્રોમાં એ મનને વશ કરવાની જે પ્રણાલિકાઓનો ઉલ્લેખ કર્યો છે, તેના અનુસંધાનમાં શ્રી અવધૂત કહે છે :

**''હઠ અને રાજથી, મંત્રલય સાજથી,**
**વ્રતજપાદિ થકી કોઈ મથતું,**
**તીવ્ર ઉપોષણે ઇન્દ્રિયો મથી ઘણી,**
**સાધના ફરી ફરી કોઈ કરતું''**

હઠયોગ, રાજયોગ, મંત્રલય, વ્રત, જપ, તીવ્ર ઉપોષણ ઇન્દ્રિયદમન, ધ્યાન, અભ્યાસ, વિરતિઅસિધાર એટલે તીવ્ર સમશેરની ધાર સમો વૈરાગ્ય, નાદાનુસંધાન, ગુરુકૃપા, ઈશકૃપા આદિ સાધનોનો અહીં શ્રી અવધૂતે ઉલ્લેખ કર્યો છે, તે કેવળ મનને વશ કરવા માટે જ કરવામાં આવ્યો છે. એ સાધનો કરવાથી જ પરમાત્મપ્રાપ્તિ થાય છે એવો સંકેત અહીં કર્યો નથી, પણ

**''મન તણાં મૂળ તો તેહ તોડે''**

એ શબ્દો જ સ્પષ્ટ છે. મનનાં મૂળ તૂટે તો પછી પરમાત્મતત્ત્વને ક્યાં શોધવાનું છે ? આત્મા અને પરમાત્મા એ બેની વચ્ચે તો માયાના






રમકડા જેવું મન જ વિક્ષેપરૂપ છે. એ અંતરાયને ચીરવા માટે તો આ બધાં સાધનો છે. આપણે એ સાધનોનો પણ થોડો વિચાર કરીએ.

જેનું રૂપ નથી, જેનું નામ નથી, જેનો આકાર નથી એવા એ અલ્પ મને ખરેખર સંસારને ઘેલું બનાવી મૂક્યું છે. સર્જનમાત્ર તેની પાછળ પડ્યું છે તોય તે હાથમાં નથી આવતું એ કેટલી નવાઈની વાત છે ! અને એ જ તો પરમાત્માની અઘટિત ઘટનાનો પ્રત્યક્ષ પુરાવો છે. ''હું છું, હું છું'' એમ તો બધાય કહે છે, પણ એ 'હું' કોણ તેને શોધવા જતાં વચમાં જ મન તેને પોતાનો બંદીવાન બનાવે છે. એટલે એ 'હું' તે પરમાત્મા છે એમ અનુભવવાને બદલે માનવી એ 'હું' એટલે અભિમાનને વશ બનીને જ જીવનના પ્રવાહમાં વહેવા માંડે છે. એવા 'અહં'વશ માનવીને સાધન બનાવીને એ નામ, રૂપ અને આકાર વિહોણું મન પણ મોજ માણે છે.

શાસ્ત્રોમાં જે જે સાધનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે બધાંય સાધનો દ્વારા કેવળ ચિત્તશુદ્ધિ જ કરવાની છે. ''सर्वं खल्विदं ब्रह्म'' અને ''ईशावास्यमिदं सर्वम्''એ બન્ને વેદભાખ્યા સિદ્ધાંતોનો આપણે સરવાળો કરીએ તો આ જે કાંઈ છે તે સર્વ બ્રહ્મસ્વરૂપ જ છે, અને સ્થાવરજંગમ સર્વજગત એ પરમતત્ત્વથી જ વ્યાપેલું છે. એટલે પરમાત્મા સર્વત્ર સમાયેલો છે. તેને શોધવા માટે સાધનની જરૂર નથી. પણ એનાં દર્શન જે ચિત્તમાં થાય છે તે ચિત્તને શુદ્ધ કરીએ તો જ પરમતત્ત્વનાં દર્શન અને અપરોક્ષ અનુભવ થઈ શકે છે, એમાં શંકા પણ નથી. અહીં જે જે સાધનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે તે બધાંય સાધનો એ જ કારણે ચિત્તના મળ, વિક્ષેપ અને આવરણને દૂર કરીને ચિત્તને શુદ્ધ કરવા માટે જ છે એમાં સંશય નથી. જ્યારે ચિત્ત શુદ્ધ થાય છે ત્યારે જેમ શુદ્ધ દર્પણમાં મુખનું પ્રતિબિંબ સહજ રીતે જ પડે છે તેમ પરમતત્ત્વ પણ હસ્તામલક પેરે છે. એમાં પણ એક 'પણ' છે. જો એ સાધનો અનાત્મવસ્તુની પ્રાપ્તિ અર્થે કરવામાં આવે તો સાધનોનો મૂળ ઉદ્દેશ માર્યો જાય છે. અને એ મન વધારે ચંચળ બને છે. મન એ માયાનું માંકડું છે. આ બધાં સાધનો દ્વારા હઠપૂર્વક કે પ્રેમપૂર્વક એ મનની ચંચળતા દૂર કરીને તેને અનાત્મ વસ્તુમાંથી મુક્ત કરવા માટે જ એ બધાં સાધનોનો પુરુષાર્થ કરવાનો છે. એક વાર એ મન અનાત્મવસ્તુના અભ્યાસમાંથી મુક્ત થાય એટલે પરમતત્ત્વ દૂર નથી. અનાત્મભાવોથી વિમુક્ત થતાં જ પરમાત્મભાવ સાથે સંયુક્ત થઈ મન ત્યાં જ તદ્રૂપ થાય છે. એનું અલગ અસ્તિત્વ કે વ્યક્તિત્વ નાશ પામીને એ પરમાત્મસ્વરૂપ સાથે એકરસ થાય છે.

મન સમાહિત થાય એ જ પરમયોગ છે અને તેથી શ્રી અવધૂતે કહ્યું તેમ કેટલાક સાધકો હઠયોગ દ્વારા પ્રાણરૂંધન કરી, પ્રાણ અને અપાનની ક્રિયાઓ ઉપર વિજય પ્રાપ્ત કરી ચિત્તને સ્થિર કરવાનો પ્રયાસ કરે છે.

એ પ્રયોગ સર્વસાધારણ સાધકને સુલભ નથી અને ઘણે અંશે તેમાં વિક્ષેપનો ભય રહેલો છે. રાજયોગ દ્વારા પણ સાધક પોતાના લક્ષ્યને પહોંચવાનો પ્રયત્ન કરે છે. મંત્રશાસ્ત્ર દ્વારા પણ કેટલાક સાધકો સાધ્ય વસ્તુની પ્રાપ્તિ અર્થે મથે છે. વળી જપ કરીને, તપ કરીને, ચિત્તની અને મનની ચંચળતાને સ્થિર કરવાનો અને તે દ્વારા આત્મતત્ત્વ પામવાનો કેટલાક સાધકો પ્રયત્ન કરે છે. ઇન્દ્રિયદમન કરવા માટે ઉપોષણ કરીને, કોઈ કેવળ પાણી ઉપર રહીને, કેવળ પાંદડાંનો આહાર કરીને કે અન્નનો ત્યાગ કરીને, સ્વાદનો ત્યાગ કરીને અને એમ વિવિધ રીતે ઇન્દ્રિયદમન કરીને આત્મતત્ત્વની ઉપલબ્ધિ અર્થે પ્રયાસ આદરે છે. ઇન્દ્રિયદમન આવશ્યક છે. બળજબરીથી ઇન્દ્રિયોના વેગને અવરોધવાથી પાછળથી તે બમણું જોર કરીને સાધકને સતાવે. વહેતા પાણીનો પ્રવાહ અટકાવવાને આપણે પાજ બાંધીએ છીએ. તે પાજમાં જો એકાદું ગાબડું પડે તો પાણી જેમ બમણા જોરથી વહી જાય છે, તેમ બળાત્કારે રોકેલી ઇન્દ્રિયોને જો અવકાશ મળે તો તે અનર્થ સર્જાવે છે. જેમ તંદુરસ્ત શરીરવાળાને એક દિવસ તાવ આવે તો તેની બધીય શક્તિ હણાઈ જાય છે, તેમ ઇન્દ્રિયદમનથી મેળવેલી શક્તિ પણ જો ઇન્દ્રિયો ઉપરનો કાબૂ જતો રહે તો હણાઈ જાય છે. કેવળ ઉપવાસથી કે પરાણે ઇન્દ્રિયદમન કરવાથી અર્થ સરતો નથી. તે ઇન્દ્રિયો જેના અંકુશમાં છે તે મનને વિષયો તરફની મોહકતા અને આકર્ષણ તરફ વૈરાગ્યવૃત્તિ ઉત્પન્ન કરાવીને જો એ ઇન્દ્રિયદમન સાધી શકાય તો, જેમ નિયમિત રીતે રહેલા માણસને બીમારીનો કે વ્યાધિનો અને તે દ્વારા શક્તિ ક્ષીણ થવાનો ભય રહેતો નથી તેમ, ઇન્દ્રિયોને પોતાને વશ રાખવામાં બાધા આવતી નથી. તેથી ઉપોષણ આદિ સાધન કરીને શારીરિક શક્તિ ક્ષીણ કરવાથી વસ્તુની પ્રાપ્તિ ઘણે અંશે શક્ય નથી.

नायमात्मा बलहीनेन लभ्यः।

એ ઉપનિષદવાક્ય પણ આત્મોપલબ્ધિ અર્થે માનસિક અને શારીરિક બળની અપેક્ષા સૂચવે છે. ઉપવાસથી ઇન્દ્રિયો નિસ્તેજ થઈ જાય છે અથવા નિઃસત્ત્વ થઈ જાય છે એમ કહેવું બહુ યુક્તિયુક્ત નથી. ખરી રીતે તો એ ઇન્દ્રિયોના અધિપતિ મનને જ નિસ્તેજ અને નિઃસત્ત્વ બનાવવાનો આગ્રહ રાખવો જરૂરનો છે. ઇન્દ્રિયોને જો મનનું બળ ન મળે તો ઇન્દ્રિયો તો જડ છે અને કાંઈ પણ ઉદ્યમ કરવાને શક્તિવાન નથી. બળપ્રાપ્તિ અર્થે આહાર તેથી જ જરૂરનો છે. શરીર રક્ષણ અર્થે પણ આહાર જરૂરનો છે. અને તેથી આહારવિહારમાં મર્યાદા રાખીને શુદ્ધ સાત્ત્વિક આહારનો આગ્રહ કરવામાં આવે છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा॥

''યોગ્ય આહારવિહારવાળાને, કર્મોમાં યોગ્ય ચેષ્ટાવાળાને તથા

યોગ્ય ઊંઘનાર અને જાગનારને દુઃખનો નાશ કરનાર યોગ સિદ્ધ થાય છે.''

ઇન્દ્રિયોની સ્વતંત્ર સત્તા નથી. ઇન્દ્રિયો તો મનને વિલાસ કરવાનાં સાધનો છે. એ ઇન્દ્રિયો દ્વારા મન અને મન દ્વારા જીવ પાંચ વિષયોનો ઉપભોગ કરે છે. જ્યાં સુધી મન ઇન્દ્રિયોને બળ આપતું નથી ત્યાં સુધી ઇન્દ્રિયોની ક્રિયાઓ થતી નથી. કર્મેન્દ્રિય દ્વારા જે કાંઈ ક્રિયાઓ થાય છે અને જ્ઞાનેન્દ્રિય દ્વારા જે કાંઈ જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો કેવળ મનના બળ વડે જ બળવાન છે. અને તેથી મનનું દમન કર્યા વિના ઇન્દ્રિયોનું દમન કરવું એ વ્યર્થ છે. વિષયોના સેવનની વૃત્તિ તો મનને થાય છે. સુખદુઃખ આદિ દ્વંદ્વોનો જેને અનુભવ થાય છે તે મનનો નિગ્રહ કરી શકાય તો ઇન્દ્રિયોનો નિગ્રહ આપોઆપ જ થાય એમાં શક નથી. ઉપર કહ્યાં બધાંય સાધનોનું ધ્યેય કેવળ મનના દૃષ્ટિપરિવર્તન અર્થે જ છે. એ ક્રિયા અથવા સાધનો કરવા છતાં જો મનનું ચાંચલ્ય જતું નથી, મનની વૃત્તિ પલટાતી નથી તો એ ક્રિયાઓ અને સાધનો કર્યાં ન કર્યાં સરખાં જ છે.





આમ, હઠમાં સિંહની માફક પ્રાણ સાથે ખેલ છે. મુદ્રાદિ અનેક ક્રિયાઓનો કડાકૂટો છે અને એ બતાવનાર-જાણકાર પણ સુલભ નથી. એટલે એ પૂરેપૂરો સિદ્ધ થવો અશક્યપ્રાય છે. અને કદાચ થાય તો બહુ તો પ્રાણરોધ થયો હોય તેટલો વખત ચિત્તના ઉછાળા બંધ પડે. તે સ્થૂળ પ્રાણનિરોધની સમાધિમાંથી ઉત્થાન થતાં જ વાસનાઓ એને સતાવે છે ને મન બમણા જોરથી ઊછળે છે. રાજયોગનો સંબંધ સંપૂર્ણતઃ મનોનિગ્રહ સાથે છે. પણ વચમાં સિદ્ધિઓના ફંદામાં ફસી સાધક સાધનમાર્ગથી ગબડી પડવાનો સંભવ રહે છે. મંત્રયોગના સાધનમાં અનેક અધિકારભેદો રહેલા છે, અને તેમાં પણ પથ્યાપથ્યની સૂક્ષ્મ વિચારણા કરવી પડે છે ને કામનાપૂર્તિની લાલચો મોહમાં ફસાવવાને તૈયાર જ છે. અને તેથી કેટલીક વાર એનાથી ચિત્તનો લય થવાને બદલે ચિત્ત વધારે વિક્ષિપ્ત થાય છે. વ્રત ઉપોષણાદિનો તો વધારે સંભવ સ્થૂળ સાથે છે. એટલે આ બધાં સાધનોથી મનનું મનપણું કાયમનું દૂર થતું નથી અને સંકલ્પજાળ નિઃશેષ થતી નથી. અને તેથી એ નથી ઠરીને બેસતું કે નથી સાધકને બેસવા દેતું. તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**“સાધના ફરી ફરી કોઈ કરતું.”**

એક સાધનમાં થોડી મુશ્કેલી જણાય કે બીજું, અને બીજામાં શીઘ્ર યશ ન મળે કે ત્રીજું, એમ અનેક સાધનોનાં ફાંફાં મારતાં ફરી ફરી સાધન કરી કેટલાય જિંદગી પૂરી કરે છે. મન તો એનું એ જ શિરજોર રહે છે. ત્યારે કરવું શું ?

અનેક સાધનોથી બેબાકળા થયેલા અથવા આ કરું કે તે કરું એમ વિમાસણમાં પડેલા જીવને શ્રી અવધૂત કહે છે :

"ધ્યાન-અભ્યાસથી વિરતિ-અસિધારથી,
નાદસંધાનથી સુરતી જોડે;
ગુરુતણી સેવથી ઈશની મ્હેરથી,
મન તણાં મૂળ તો તેહ તોડે !"

વૈરાગ્યરૂપી તલવારની ધારથી એટલે કે તીવ્ર વૈરાગ્યથી ચિત્તને વિષયોથી પરાવૃત્ત કરી સતત ધ્યાનનો અભ્યાસ કરે, ને નાદાનુસંધાનથી વૃત્તિનો પ્રવાહ સ્વાત્માભિમુખ વાળે, તો સદ્‌ગુરુની સેવાથી અને ગુરુઅભિન્ન પરમાત્માની કૃપાથી મનનાં મૂળ તોડવામાં સાધક સફળ થાય.

કેટલાક સાધકો ધ્યાનનો અભ્યાસ કરે છે. ધ્યાનનો વિધિ પણ સરળ નથી. ધ્યાન દ્વારા આત્મતત્ત્વમાં તન્મયતા સાધવા માટે, પવન વિનાના સ્થાનમાં જેમ એક દીપકજ્યોત સ્થિર રહે છે, તેવું જ ચિત્ત સ્થિર હોય ત્યારે જ ધ્યાન પણ સ્થિર થાય છે. અને તેવા સ્થિર ચિત્તમાં જ ધ્યાનનું પરિણામ પણ નીપજે છે. ભટકતા ચિત્તમાં ધ્યાનની સ્થિરતા સંભવિત નથી, એટલું જ નહીં પણ જ્યાં સુધી એ ચિત્ત સ્થિર ન થાય ત્યાં સુધી એ ધ્યાન "બકધ્યાન" જેવું જ છે.

એક પ્રસંગે એક ભક્તે શ્રી અવધૂતને પૂછ્યું, "હવે તો કાંઈ રુચતું નથી અને ચિત્ત પણ કશે ચોંટતું નથી, એટલે એકાંતમાં જવાની વૃત્તિ થાય છે." શ્રી અવધૂતે પણ તેટલી જ તટસ્થ વૃત્તિથી જવાબ આપ્યો. જવાબ શું હશે ? કલ્પના તો કરો ! તમને થશે શ્રી અવધૂતે લાંબું લાંબુ ભાષણ કર્યું હશે, પણ શ્રી અવધૂતનો ઉત્તર તમને નહીં સૂઝે. શ્રી અવધૂતે કહ્યું :

"મન મૂકીને જજો."

આટલા જ શબ્દો છતાં કેટલું અર્થગાંભીર્ય ભર્યું છે એ ઉત્તરમાં ! જ્યાં સુધી મન સ્થિર નહીં થાય ત્યાં સુધી જનમાં કે વનમાં કશેય તમને સ્થિરતા કે શાંતિ મળવાની નથી. જ્યાં સુધી મન સ્થિર છે ત્યાં સુધી ગમે તેટલા કોલાહલમાં પણ તમે શાંતિનો અનુભવ કરી શકશો. લોકો વાતવાતમાં કહે છે : "ધ્યાનમાં છું." શું કપાળ ધ્યાનમાં છો ? આંખો મીંચીને હાથમાં માળા લઈને મણકા ફેરવે જપ પણ સિદ્ધ નહીં થાય, અને જ્યાં સુધી એ જપના મંત્રનો મર્મ લક્ષમાં નહિ રહે અને જ્યાં સુધી એકાગ્રતા સાધ્ય થાય નહીં ત્યાં સુધી એ કેવળ ધ્યાનનો અભિનય છે. અભિનયની કિંમત આધ્યાત્મિક જગતમાં તો કોડીની જ છે ને ? અભિનયમાં વાસ્તવિકતા હોવાનો બહુ સંભવ નથી. સાચા ધ્યાનમાં એકાગ્રતા એ મુખ્ય વસ્તુ છે. ચિત્તને એકાગ્ર કરવાને મૂઢ, ક્ષિપ્ત અને વિક્ષિપ્ત એવી ચિત્તની ત્રણ અવસ્થાને પાર કરવી પડે છે, અને ત્યારે જ એકાગ્રતા આવે છે.



શ્રી કપિલમુનિએ સગુણ ઉપાસકો માટે ધ્યાનની પ્રણાલિકા બતાવી છે. તે અનુસાર અંગઉપાંગોમાં જેમ જેમ એકાગ્રતા આવતી જાય, સ્થિરતા

થતી જાય તેમ તેમ પ્રત્યેક અંગનું ધ્યાન સ્થિર કરીને અંતે મુખકમળનું ધ્યાન સ્થિર કર્યા પછી, તે મુખ ઉપર રહેલા હાસ્યમાં જ ધ્યાન એકાગ્ર કરવું અને આનંદ અથવા હાસ્યને લક્ષ્ય બનાવીને, ધ્યાન સ્થિર કરીને તેમાં જ પરમાત્માની પ્રતીતિ કરવી. સગુણસાકારના એ ધ્યાનની પદ્ધતિ સુલભ છે. નિર્ગુણ પરમાત્માનું ધ્યાન તો કેવળ પ્રકાશરૂપે જ કરી શકાય. અને તેને માટે પણ, જેમ કાચબો પોતાના અંગોને પીઠના ઓથામાં છુપાવી દે તેમ, વૃત્તિઓ જે વિષયોમાં ભટકતી હોય તે વિષયો તરફથી તેમને નિવૃત્ત કરીને, પરમતત્ત્વનાં પ્રકાશસ્વરૂપમાં જ એકાગ્ર કરીને ધ્યાન ધરવાથી કો કાળે એ ધ્યાનનું પરિણામ ફળદાયક નીવડે ખરું. અને ધ્યાન તો એ અભ્યાસ ક્રમે ક્રમે વધારવાથી જ ફળદાતા બને છે. નાકની દાંડી પકડી "હું ધ્યાનમાં છું", એમ કહેવરાવવાથી ધ્યાન થતું પણ નથી અને ધ્યાનના ફળની સિદ્ધિ પણ હાથ લાગતી નથી. એક રમૂજી ટુચકો છે.

એક હતો બ્રાહ્મણ. ઘરમાં તેની પતિવ્રતા પુત્રવધૂ રહેતી હતી. બ્રાહ્મણ નિત સ્નાન કરી ધ્યાનમાં બેસે. એક દિવસ મહારાજ ધ્યાનમાં બેઠા હતા ત્યારે કોઈએ મહારાજને બૂમ પાડી.

"મહારાજ, મહારાજ, ઘરમાં છો કે ?" બ્રાહ્મણ તો ધ્યાનમાં એટલે બોલાય પણ કેમ ? અને જે સ્વાંગ લઈએ તે બરોબર ભજવવો જ રહ્યો. મહારાજ તો કાંઈ બોલ્યા નહીં, પણ પુત્રવધૂએ કહ્યું :

**"ભાઈ, મહારાજ તો મોચીવાડે ગયા છે."**

આગંતુક ઉત્તર સાંભળી ચાલ્યા ગયા. મહારાજ ધ્યાનમાંથી નિવૃત્ત થઈ પુત્રવધૂને ઠપકો આપવા લાગ્યા.

"હું ઘરમાં હતો, ધ્યાનમાં હતો, અને તમે આવનારને હું મોચીવાડે ગયો છું એમ શા સારુ કહ્યું ?"

પુત્રવધૂએ પણ નિડરતાથી ઉત્તર દીધો :

"તમારું શરીર ઘરમાં હતું. તમારું મન તો મોચીવાડમાં તમારાં નાણાં ઉઘરાવવા ગયું હતું."

મહારાજ આ ઉત્તર સાંભળી શરમાયા. તાત્પર્ય એ છે કે જ્યાં સુધી શરીરની ચેષ્ટા સાથે મનની ચેષ્ટાનો મેળ ખાતો નથી અને જ્યાં સુધી મન પરમતત્ત્વમાં એકાગ્ર થતું નથી ત્યાં સુધી એ ધ્યાન કેવળ દંભ છે. જેને ધ્યાનના રહસ્યનું જ્ઞાન છે તે ભાગ્યે જ કોઈ ધ્યાનમગ્ન છે એમ માનશે. મનોજય અને પ્રાણજય એ ધ્યાનમાં મુખ્ય અંગો છે. "હું ધ્યાનમાં છું" એમ કહેવું એ દુનિયાને દેખાડવાનો નર્યો દંભ છે અને તે દ્વારા લોકૈષણા પોષવાનો એક ઢોંગ છે.

બીજું સાધન છે "અસિધારવિરતિ". અસિધાર એટલે તલવારની ધાર અને "વિરતિ" એટલે વૈરાગ્ય. કેવળ વૈરાગ્યથી અર્થ સરતો નથી. તલવારની ધાર જેવો તીવ્ર અને તીક્ષ્ણ વૈરાગ્ય સાધીને તે દ્વારા પરમતત્ત્વની








પ્રાપ્તિ કરવાનો પણ કેટલાક સાધકો પ્રયાસ કરે છે. વિષયો પ્રતિ વૈરાગ્ય કેળવવાથી એ વિષયો મનથી અળગા થઈ શકે છે. એ વૈરાગ્ય સગવડિયો વૈરાગ્ય ન હોય. મળ્યું તો માણી લીધું અને ન મળ્યું તો તેના વિના ચલાવી લેવાય એવો ''अशक्तिमान्भवेत्साधु'' જેવો વૈરાગ્ય કામ આવતો નથી. અને તેથી જ 'અસિધાર' એ વિશેષણ આપવામાં આવ્યું છે. એ અસિધાર વૈરાગ્ય તો વિકટ છે. વૈરાગ્યવાન સાધક બળજબરીથી વૈરાગ્યને સ્થિર કરતો નથી. વિવેક અને યુક્તિપુરઃસર મનને સમજાવીને મનની દિશાનું પરિવર્તન કરે છે. અને જ્યારે મનની દિશાનું પરિવર્તન થાય છે ત્યારે નજર સમક્ષ આવેલા વિષયોમાં એ મન લોલુપ થતું નથી. અને ત્યારે જ એ વૈરાગ્ય દૃઢ થાય છે. અને ત્યારે જ એ શમશેરની ધાર જેવો તીવ્ર અને તીક્ષ્ણ પણ બને છે. રંભાનું રૂપ જોઈને શુકદેવ ન ચળે. રૂપરૂપના અંબાર સમી નાર નગ્ન થઈને નજર આગળ ઊભી હોય તોય મનમાં વિકાર ન આવે એ જ રૂપનો વિરાગ છે. એ જ સાચું પંઢત્વ છે. ભૂખ્યો હોય, પાંચ પકવાનના થાળ પીરસ્યા હોય અને ષટરસ ભોજન આરોગવાને આજીજી કરતા ભક્તો ઊભા હોય, છતાંય મોંમાં પાણી સરખુંય ન વછૂટે ત્યારે તે રસનાનો વિરાગ કહેવાય. એ જ અરસ-અસ્વાદ અવસ્થા છે. મંજુલ કર્ણપ્રિય ધ્વનિ આવતો હોય, કોકિલકંઠ કામિનીના મુગ્ધ કરનારા સંગીતના સ્વરો નીકળતા હોય તોય તેમાં ચિત્તને આકર્ષણ ન થાય, તેના તરફ વૃત્તિ પણ ન જાય અને સાંભળ્યું ન સાંભળ્યું થઈ જાય, તેના સંસ્કાર સરખા પણ અંતર પર ન દેખાય ત્યારે તે શબ્દનો વિરાગ કહેવાય. અને એ જ સાચી બધિરતા છે. લલનાના મંજુલ સ્પર્શથી જ્યાં શરીરનું રોમ સરખુંય ઊભું ન થાય, જરાય વિહ્‌વળતાનો અનુભવ ન થાય અને ચિત્તની તમામ વૃત્તિઓ સ્થિર રહી જાય, ત્યારે તે સ્પર્શનો વિરાગ કહેવાય. ગમે તેવી મધુર માદક પરિમલ આવતી હોય તોય તેમાં જરા સરખી પણ આસક્તિ ન થાય, તે પરિમલ સારી છે કે માઠી તેના ભેદનો વિકાર સરખો પણ મનને જ્યારે ચલિત ન કરે ત્યારે તે ગંધનો વિરાગ કહેવાય. આમ શરીરે સશક્ત હોવા છતાંય અને બધાય વિષયોને ગ્રહણ કરવાની શક્તિ અને જ્ઞાન જાગ્રત હોવા છતાંય તે વિષયો પરત્વે જેણે વિવેકયુક્ત વૈરાગ્ય સ્થિર કર્યો છે તે જ ખરો વૈરાગ્યવાન છે. તેનું જ અસિધાર વૈરાગ્યનું વ્રત સફળ થાય. એ વૈરાગ્યના મૂળમાં આસક્તિનો અભાવ રહેલો છે. એ આસક્તિનો સંપૂર્ણ ત્યાગ સાધીને જ સાચો વૈરાગ્ય પ્રાપ્ત કરી શકાય છે. જ્યારે જ્યારે એ વિષયોનું સેવન કરવાનો પ્રસંગ આવે ત્યારે ત્યારે અનાસક્તભાવે દેહના નિર્વાહ પૂરતા તત્પૂરતા વિષયોપભોગ કરવાથી એ વૈરાગ્યમાં ઓછું-વધતું થતું નથી. તેમાં પણ આહાર શરીરનિર્વાહ પૂરતો જ હોય અને તે પણ સાત્ત્વિક જ હોય. ''સત્ત્વશુદ્ધિ અર્થે અન્નશુદ્ધિ આવશ્યક છે.'' એ સિદ્ધાંતનું યથાસ્થિત પાલન થાય તો એ આહારમાં

પ્રમાદ થવાનો સંભવ નથી. વસ્ત્રપરિધાન લોકમર્યાદા પૂરતું જ હોય અને તે પણ સાત્ત્વિક જ હોય. કામિની અને કાંચનની ગુલામીનો નિઃશેષ ત્યાગ જ હોય. શબ્દ શ્રવણ કરવાના હોય તો તે પ્રભુના નામના જ હોય. એનો અર્થ એવો નથી કે બીજા શબ્દોનું શ્રવણ કરતાં કાનમાં ડૂચા મારવા. ના, તે શબ્દો સંભળાય તો ખરા જ, પણ તેના સંસ્કારો અંતર પર ન પડે તેની જ કાળજી રાખવી જરૂરની. બોલવું તો પડે જ પણ અર્થ વિનાનું અને જરૂર વિનાનું ભાષણ ન થાય તેની કાળજી રાખવી જરૂરની છે. સુગંધ તો પ્રભુએ સર્જેલાં પુષ્પોની જ લેવાય. બીજો પરિમલ અનાયાસે ઘ્રાણને આવી મળે તેમાં આસક્તિ ન રહે. અને એ રીતે જે જે વિષયોનો ભોગ ભોગવવાનો આવી મળે તે મર્યાદિત અને સાત્ત્વિક જ હોય. સાત્ત્વિક વૃત્તિ સાથે જ તેનો અનાસક્ત ભાવે ભોગ કરવાનો હોય. ત્યારે જ વૈરાગ્યવૃત્તિ પણ દ્રઢ થાય. વિષયોના ઉપભોગમાં સાધકે વિવેકપુરઃસર ત્યાગવૃત્તિ સાધવાની પણ જરૂર છે. જ્યારે વૈરાગ્ય શરૂ થાય અને દ્રઢ થાય છે ત્યારે વૃત્તિઓ વિષયો તરફ આકર્ષાતી નથી. અને તેથી ત્યાગ સહસા સધાય છે. ત્યાગ અને રાગ એ ઉભય વૃત્તિઓનાં જ પરિણામ છે. જ્યાં સુધી આસક્તિ છે ત્યાં સુધી જ વિષયોમાં રાગ હોવાના કારણે ત્યાગની ભાવના જાગ્રત થતી નથી. વૈરાગ્ય જાગ્રત થાય છે ત્યારે આસક્તિ પણ સહસા અદૃશ્ય થતી જાય છે અને એવો અનુભવ પણ થાય છે. તેથી ત્યાગ આપોઆપ જ સધાય છે. વૈરાગ્યવૃત્તિ પરમતત્ત્વની પ્રાપ્તિમાં આ રીતે સહાયક બને છે. વૈરાગ્ય જેટલો દ્દઢ અને પરિપક્વ, તેટલો જ ધ્યાનનો અભ્યાસ સહેલો ને પરિણામદાયી બને છે.

બીજું સાધન છે ''નાદાનુસંધાન.'' પ્રણવ એટલે ''ૐ''કાર. પરમતત્ત્વનું એ વૈદિક પ્રતીક છે. અક્ષરની આરાધનામાં નિરાકાર બ્રહ્મને સ્થાને એ પ્રતીકનું ધ્યાન શાસ્ત્રોએ સૂચવ્યું છે. એ ૐકારમાં 'અકાર,' 'ઉ'કાર અને 'મ'કારનો સમાવેશ થાય છે. તદુપરાંત ''અર્ધમાત્રા'' અને ''બિંદુ''નો પણ એ ૐકારને પૂર્ણસ્વરૂપ આપવાને તેમાં સમાવેશ કરેલો છે.

''अक्षराणामकारोऽस्मि''

એ શ્રી ભગવાનના વચનાનુસાર પ્રણવનો પ્રથમ અક્ષર ''अ'' એ પરમતત્ત્વનું સ્વરૂપ છે અથવા એ પરમતત્ત્વ જ છે. ''अ'' એ સંપૂર્ણ છે અને તેથી સ્વરોમાં પણ એનું અગ્રસ્થાન છે. વ્યંજન અપૂર્ણ છે. અપૂર્ણને પૂર્ણ બનાવવાને પૂર્ણસ્વરૂપ 'अ'ની આવશ્યકતા છે. જેમ એકડા વિનાનાં બધાંય મીંડાંની કશી જ કિંમત નથી તેમ 'अ' વિનાનાં વ્યંજન પણ નિરર્થક છે. તેથી જ 'अ'કારરૂપી પરમતત્ત્વ સંપૂર્ણ છે. તેની સહાયતા-આધારથી જ વ્યંજનસ્વરૂપ જગત સંપૂર્ણ છે.

અક્ષરમાત્ર નાદાત્મક છે. પ્રણવનો પણ નાદ છે અને તે નાદ આકાશના 'શબ્દ' ગુણ કિંવા તન્માત્રાનો દ્યોતક છે. આકાશની ઉત્પત્તિ






પહેલાં તન્માત્રારૂપે એ શબ્દ સર્જાયો અને તેને વસવા માટે આકાશનું નિર્માણ થયું. એ રીતે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ આદિ તન્માત્રાઓથી વિમુક્ત છે. તે પરમતત્ત્વના સંકલ્પના પરિણામે અથવા ઈક્ષણના પરિણામે પ્રથમ એ નાદની ઉત્પત્તિ થઈ એમ કહીએ તો અયોગ્ય નથી. ચિત્તની ચંચળતાને કેંદ્રિત કરવાનાં અનેક સાધનો છે, તેમાં એ 'નાદાનુસંધાન'નો પણ એક સાધન તરીકે ઉપયોગ થઈ શકે છે. આકાશ જેમ અંદર અને બહાર વ્યાપક છે તેમ શબ્દ પણ સર્વત્ર વ્યાપક છે. વૈખરી દ્વારા વ્યક્ત થતા શબ્દો એ એ જ 'નાદ' અથવા 'શબ્દ'નાં સ્થૂળ સ્વરૂપ છે. શબ્દ તો સૂક્ષ્મ છે. એ નાદનું ચિત્ત સાથે અનુસંધાન કરીને તેમાં પરમતત્ત્વનો બોધ કરવો એ જ નાદાનુસંધાન છે. નિરાકાર બ્રહ્મના ઉપાસકો પ્રણવના એ નાદની ઉપાસના કરીને તેમાં ચિત્તનો લય કરે છે અને તે દ્વારા પણ બ્રહ્મનો અપરોક્ષ અનુભવ કરે છે. એના પ્રકારો શાસ્ત્રોમાં વર્ણવ્યા છે. અહીં શ્રી અવધૂતે એ નાદાનુસંધાનની વાત કહી છે. એ નાદમાં તાદાત્મ્ય કેળવવું એ સહેલું નથી. દેહનાં દસ દ્વારો છે. તેમાં કર્ણ એ નાદનો ગ્રાહક છે. શબ્દ શ્રવણ કરવાને કર્ણ સિવાય બીજી ઇન્દ્રિય નથી. બાહ્યનાદમાં બ્રહ્મનાદ અથવા નાદાનુસંધાન થઈ શકતું નથી, કારણ કે એ તો નાદનું સ્થૂળ સ્વરૂપ છે. અંતરમાં એક પ્રકારનો જે અખંડ અનાહત નાદ નીકળે છે તેનું અનુસંધાન કરવાથી, તે નાદમાં ચિત્તની વૃત્તિઓને કેન્દ્રિત કરીને ત્યાં જ એકાગ્ર થવાથી, એ નાદાનુસંધાન સિદ્ધ થાય છે.

"મનોલય કે ચિત્તલયના જે અનેક પ્રકારો શાસ્ત્રમાં વર્ણવ્યા છે તે સર્વમાં નાદાનુસંધાન શ્રેષ્ઠ છે અને પ્રમાણમાં સરળ પણ છે. **હંસોપનિષદ** વગેરે યૌગિક ઉપનિષદોમાં એનું સુંદર વર્ણન કરેલું છે. શ્રી શંકરાચાર્યે પોતાના **યોગતારાવલિ** નામક સ્તોત્રમાં એની ખૂબ પ્રશંસા કરી છે. આચાર્યશ્રી કહે છે :

नादानुसंधान नमोऽस्तु तुभ्यं
त्वां साधनं तत्त्वपदस्य जाने
भवत्प्रसादात्पवनेन साकं
विलीयते विष्णुपदे मनो मे ॥

"હે નાદાનુસંધાન", તને નમસ્કાર હો ! પરમપદની પ્રાપ્તિ માટે તું જ સાધન છે. તારી કૃપાથી મારું મન પ્રાણ સાથે સર્વવ્યાપી એવા પરમતત્ત્વમાં લીન થાય છે."

પ્રાણાયામથી નાડીશુદ્ધિ થઈ, પ્રાણાપાનની એકતા થઈ એ પ્રાણ સુષુમ્ણા માર્ગે ઉપર ચઢવા માંડે છે, ત્યારે અંતરમાં એ નાદ સંભળાવા લાગે છે. મૂલબંધથી-મૂલાધારથી અપાનનું ઉત્થાન થઈ, ઊર્ધ્વગતિએ સ્વાધિષ્ઠાનનો ભેદ થતાં, મણિપુર ચક્રમાં પ્રાણાપાનની એકતા થાય છે. અને ત્યાંથી ઊર્ધ્વગતિએ જ્યારે પ્રાણનો એ એકત્રિત પ્રવાહ હૃદયના






અનાહતચક્રમાં આવે છે ત્યારે એ નાદ સ્પષ્ટ થતો જાય છે. કોઈ પણ જાતના આઘાત વગર શ્વાસોચ્છ્વાસની સ્વાભાવિક ક્રિયાથી ઉત્પન્ન થતો હોવાથી એને અનાહત કહે છે. એ નાદના સૂક્ષ્મ, સૂક્ષ્મતર એવા કંઈ સાત, કંઈ દસ એમ અનેકવિધ પ્રકાર વર્ણવ્યા છે. જેમ જેમ એની સાથે વૃત્તિનું તાદાત્મ્ય વધતું જાય છે તેમતેમ મનોલય થતો જાય છે. અને છેવટે જ્યારે બ્રહ્મરન્ધ્રમાં પ્રાણ સ્થિર થઈ ૐકારનો વાદળાંના સળવળાટ જેવો મેઘનાદ-શંખધ્વનિ સ્પષ્ટ સંભળાય છે ત્યારે, હરણ જેમ નાદલુબ્ધ થઈ આત્મસમર્પણ કરે છે તેમ, મનોવૃત્તિ સૂક્ષ્મ સૂક્ષ્મ બનતી છેવટે એ ઓંકારના બ્રહ્મનાદમાં તદ્દન લીન થાય છે. અને તેની સાથે વાસનાઓ ક્ષીણ થઈ જીવ શિવ સાથે એકતા પામી એની ભ્રમણ પરંપરા દૂર થાય છે.

આમાં લાંબા કડાકૂટાની જરૂર નથી. સ્વાભાવિક રીતે જ શ્વાસ અંદર લેતાં ''सः'' અને બહાર નીકળતાં ''हम्'' એવો અવાજ થાય છે. એ બે એકત્ર થતાં ''सोऽहम्'' બને છે. આ ''सोऽहम्''ના સ્વાભાવિક મંત્રને જ અજપા ગાયત્રી કે જપ કહે છે. એનો સરળ અર્થ એ પરમતત્ત્વ હું છું, એવો થાય છે. સાધક સ્વસ્તિકાદિ કોઈ પણ સરળ આસન પર બેસી ''ષણ્મુખી મુદ્રા'' સાધી, થોડા દીર્ઘ શ્વાસપ્રશ્વાસ ખેંચી અર્થ તરફ ધ્યાન આપી, આ અજપા ગાયત્રી કે હંસમંત્રનો જપ કરે તો ધીમેધીમે વૃત્તિ એકાગ્ર થવા માંડે છે અને પ્રાણની ગતિ અનાયાસે જ સૂક્ષ્મ થઈ ઊર્ધ્વ થાય છે. ને ઉપર કહ્યું તેમ અનાહત ચક્રમાં સ્થિર થવા માંડતાં જ, સાધકના દક્ષિણ કર્ણમાં એ અંતરનાદ સ્પષ્ટપણે સંભળાવા લાગે છે. એ અનાહત ચક્રની પાસે જ મનશ્ચક્ર છે જેમાં રહી એ જીવને દશદિશ ભમાવે છે. તેથી જ પ્રાણ અનાહતમાં સ્થિર થતાં જ મન તેની સાથે ભળે છે, લીન થવા માંડે છે અને ઉત્તરોત્તર સૂક્ષ્મ થતાં બ્રહ્મરન્ધ્રમાં પહોંચતાં ત્યાંના ૐકાર શંખધ્વનિમાં તદ્દન લીન થાય છે. हंसोपनिषद्માં કહ્યું છે કે :

अस्य इव जप कोटया नादमनुभवति ॥

''આ જ ''सोऽहम्''ના કરોડ જપ થાય કે નાદનો અનુભવ થવા લાગે છે. એના જ ચીણી, ચીણીચીણી, ઘંટા, ભેરી વગેરે દશવિધ પ્રકાર છે. કોઈક કોઈક ઠેકાણે એના વત્તાઓછા પ્રકાર અને એ સમજાવવા માટે તાસાં, નગારાં, ભ્રમરનો ગુંજારવ વગેરે ભિન્નભિન્ન ઉપમાન શબ્દો યોજવામાં આવ્યા છે. એ નાદ સાંભળતાં સાંભળતાં જેમ જેમ ચિત્તવૃત્તિ સૂક્ષ્મ-સૂક્ષ્મતર બનતી જાય છે તેમ તેમ બહારના ધ્વનિ કે વિષયો તરફ એની દોડધામ ઓછી થતી જાય છે. આમાંના કોઈપણ નાદમાં પણ મનની સ્થિરતા થવા લાગે તો પણ એનો વિક્ષેપ ઓછો થતો જાય છે. ધીમે ધીમે અંતર્વિક્ષેપ પણ દૂર થાય છે અને મન સ્વભાન ભૂલી દૂધમાં પાણી ભળી જાય તેમ, એ નાદ સૂક્ષ્મ થતો થતો પોતાના મૂળ ચિદાકાશ કે પરમતત્ત્વમાં લીન થાય છે. તેની સાથે નાદ પણ ભળી જાય છે. માટે






બધું ચિંતન કે ચેષ્ટાઓ બાજુએ મૂકી સાધકે આ અનાહત કે ઈશ્વરીનાદ સાથે જ વૃત્તિ જોડતા રહેવું. આને જ નાદની સાથે અનુસંધાન કહે છે. એ અનુસંધાનથી કાળે કરી ઉપનિષદમાં તો કહ્યું છે કે અભ્યાસની દૃઢતા હોય તો એક બે વરસમાં જ લીન થઈ જાય છે. અને જેવી રીતે પુષ્પનો મકરંદ પીતો ભમરો એની સુગંધીની સ્પૃહા નથી રાખતો, તેમ સદા નાદમાં સંલગ્ન થયેલું ચિત્ત વિશ્વ તરફ આકર્ષાતું નથી. એની વાસનાઓ ક્ષીણ થાય છે અને દોડધામ કે ચંચળતાનો આપોઆપ અંત આવે છે. વિષયોરૂપી બગીચામાં ઉન્મત્તપણે ફરતા માતેલા મનરૂપી હાથીને કાબૂમાં રાખવા નાદાનુસંધાન તીક્ષ્ણ અંકુશ જેવું છે. ચિત્તરૂપી હરણને પકડવા માટે જાળ જેવું છે અને અંતઃકરણનાં મોજાંઓને ખાળવા કિનારા જેવું છે. નાદશ્રવણની સાથે જ પરમાત્માના જ્યોતિઃસ્વરૂપનાં દર્શન થાય છે. મન ત્યાં લય પામે છે. એ જ પરમાત્માનું પરમપદ છે. એમ શબ્દના સૂક્ષ્મ સ્વરૂપ આકાશનો પણ નાદ સાથે લય થતાં નિઃશબ્દ એક પરમતત્ત્વ પરમાત્મા જ રહે છે. જ્યાં સુધી નાદ પ્રવર્તે છે ત્યાં સુધી જ આકાશનો સંકલ્પ છે. મન સાથે એનો લય થતાં એક અદ્વૈત પરમતત્ત્વ પરબ્રહ્મ જ રહે છે ને એની સાથે એકતા પામી સાધક મુક્ત થાય છે.

શ્રી ગુરુલીલામૃતમાં ષાણ્મુખી મુદ્રાથી નાદનું અનુસંધાન કેમ કરવું તે ટૂંકમાં, પણ સુંદર રીતે નીચે પ્રમાણે સમજાવ્યું છે.

કામક્રોધાદિક ત્યજી, છોડી વિષયાધ્યાસ;
સાધી આસન બેસવું, સદા અસંગ ઉદાસ.
બંધ કરી અંગુષ્ઠથી કર્ણયુક્તિથી જાણ,
નેત્ર તર્જનીથી વળી; નાસા તેજ પ્રમાણ.
મધ્યમાંગુલિથી કરી બંધ સુસાવધ એમ,
આનન અન્યાંગુલિ થકી; વૃત્તિ એકાગ્ર તેમ.
દક્ષિણ કર્ણે જે ધ્વનિ પ્રગટે મંદ ગભીર,
સાંભળવો સ્થિર ચિત્તથી, નિત્ય નિયમથી ધીર.
થતાં ગભરાટ નાસિકા છોડી વામ સુજાણ,
પુનઃ દબાવી એહને, શ્વાસ દક્ષિણે માન.
મંદ ગતિથી છોડવો; ફરી ફરીથી એમ
કરવું સાવધ યુક્તિથી; નાદ સૂણવો તેમ.
લક્ષ્ય સૂક્ષ્મમાં રાખવું, છોડી સ્થૂલ અવાજ,
થતાં ચિત્ત તન્મય તિહાં, વીસરે બીજાં કાજ.
પ્રગટે દશવિધ નાદ જે, ઠરે ચિત્ત જો ત્યાંય,
મરે અન્ય વૃત્તિ અને શીઘ્ર ઉન્મની થાય !
થાય સમાહિત એ થકી, યોગી પ્રસન્ન ચિત્ત,
એકભક્ત નિર્ભય સદા, જાણ મુક્ત નિશ્ચિત.






બાહ્યાભ્યંતર છોડીને, થતાં સમાહિત એમ;
કરવા એનો ઘાત ના, કોઈ સમર્થ તેમ.
મુક્ત સ્થિતિ જેને વરે ગુરુપ્રસાદે જાણ,
ભ્રષ્ટ તેહને કો કરે ? મશક કાળ કલિ માન.
(શ્રી ગુરુલીલામૃત જ્ઞાનકાંડ અધ્યાય ૩૭ દોહરા. ૨૪ થી ૩૪)

પણ આ બધોય વિષય ગુરુગમ્ય અને સ્વાનુભવનો હોવાથી આનું અહીં આથી વધારે ચિત્રણ અસ્થાને છે. અને તેથી જ શ્રી અવધૂતે

**"ગુરુતણી સેવથી ઈશની મ્હેરથી,"**
**"મન તણાં મૂળ તો તેહ તોડે."**

એ પ્રમાણે કહ્યું છે :

ઉપનિષદ પણ એ જ કહે છે.

**यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।**
**तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥**

''જેને ઈશ્વર પ્રત્યે પરમ ભક્તિ છે અને તેવી જ નિષ્ઠા સદ્‌ગુરુ પ્રત્યે છે તેને જ આવા ગૂઢ વિષયોનું રહસ્ય સમજાય છે. ને તેના જ મનનાં મૂળિયાં તૂટી મનોમૂલક સંસારવૃક્ષ નાબૂદ થાય છે.

હવે એ જ જરા વિસ્તારથી જોઈએ. સંકલ્પ અવસ્થા, તર્ક અવસ્થા, ચિંતન અવસ્થા અને અહંકાર અવસ્થા-એ ચાર અવસ્થાના એકીકરણને 'અંતઃકરણ' એવી શાસ્ત્રોએ સંજ્ઞા આપી છે. અંતઃકરણ કહેવાનો હેતુ એક જ છે. ક્રિયાઓ બાહ્ય રીતે થાય છે તે બાહ્યકરણ છે, અને તે ક્રિયાઓની પ્રેરણા અંતઃકરણમાંથી મળે છે. જ્યારે અહંકારયુક્ત તર્કવિતર્ક થાય છે ત્યારે તે બુદ્ધિ કહેવાય છે. જ્યારે અહંકારયુક્ત ચિંતન થાય છે ત્યારે તે ચિત્ત કહેવાય છે. એ ત્રણેમાં અહંકાર ઓતપ્રોત હોવાથી એ અહંકારના સૂક્ષ્મ કરણને જ અંતઃકરણ કહેવામાં આવ્યું છે. સંકલ્પ, તર્કવિતર્ક અને ચિંતનમાંથી જો અહંકાર વેગળો થઈ જાય, અળગો પડી જાય તો સંકલ્પ, તર્કવિતર્ક કે ચિંતન થતું નથી અને તેથી અહંકારની જડ ઉખેડવી પ્રથમ આવશ્યક છે. સંકલ્પ, તર્ક અને ચિંતન એ ત્રણ એટલે મન, બુદ્ધિ અને ચિત્ત કેવળ અહંકારના બળ વડે જ બળવાન બને છે. એ જ અહંજનિત મોહના પરિણામે મમત્વ પણ જાગ્રત થાય છે. અને તેથી શ્રી ભગવાને અર્જુનને જ્યાં ત્યાં નિર્મમ અને નિરહંકાર થવાનો જ બોધ આપ્યો છે. અને તેથી જ મનનું મૂળ એટલે અહંકારની જડ ઉખેડવાનો અહીં શ્રી અવધૂતે બોધ કર્યો છે.

અહંકારયુક્ત સંકલ્પ અવસ્થા એટલે મનનું મૂળ. જેમ વૃક્ષનો નાશ કરવાને તેને મૂળમાંથી ઉખેડવાની જરૂર છે તેમ સંકલ્પ અવસ્થામાં રહેલી અહંતાનો પરિહાર કરવાથી નિઃસંકલ્પ અવસ્થા આપોઆપ સાધ્ય થઈ શકે છે. અને નિઃસંકલ્પ અવસ્થા એ જ ''મનનું મૂળ'' તોડવાથી પ્રાપ્ત

થતી અવસ્થા છે. જ્યાં સુધી સંકલ્પ અવસ્થા છે ત્યાં સુધી આસક્તિ, મમત્વ, આદિ વૃક્ષનાં ડાળપાંખડાં જેવા વિકારો પણ પ્રફુલ્લિત રહે છે. જ્યારે નિઃસંકલ્પ અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે ચિત્તનિરોધ પણ સ્વયં થઈ જ જાય છે. અને ત્યારે જીવ જીવભાવથી મુક્ત બની સ્વસ્વરૂપમાં સ્વસ્થ બને છે. જ્યારે નિઃસંકલ્પ અવસ્થા સ્થિર થાય છે ત્યારે ચિત્તશુદ્ધિ અર્થે તેને કશું જ સાધન કરવાની જરૂર રહેતી નથી. એટલું જ નહીં પણ એ આત્માનંદનો ભોક્તા બને છે. એ અવસ્થા કેવળ ગુરુની સેવાના પરિણામે પ્રાપ્ત કરી શકાય છે. અને તેથી જ અહીં ઈશકૃપા, ગુરુકૃપા અને ગુરુની સેવાનું મહત્ત્વ બતાવ્યું છે. શિષ્યનું વિત્તહરણ કરનાર ગુરુઓ તો અનેક છે, પણ શિષ્યના ચિત્તનો સંતાપ હરણ કરનાર ગુરુ તો વિરલ જ હોય છે. તેવા ગુરુ જ શિષ્યને પોતાના જેવા બનાવે છે. આમ મનનું મૂળ તોડવાનું સામર્થ્ય આવે, મનનું મૂળ તૂટી જાય ત્યારે ગુરુ અને શિષ્યનો ભેદ પણ રહેતો નથી. અને આત્મભાવે ઉભય આત્મૈક્યનો અનુભવ પણ કરે છે. એવી અવસ્થા પ્રાપ્ત કરવાનું કેવળ ગુરુકૃપા ઉપર નિર્ભર છે. અને તેથી જ ગુરુસેવાનો સંકેત કર્યો છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**ઊર્મિ ઊઠે જરી બ્રહ્મસાગર મહીં,**
**ફેલાતાં ફેલાતાં નષ્ટ થાયે !**
**વૃત્તિ ખેચરી કરી નામરૂપ વિસરી,**
**રંગ રંગે હરિ કો સમાએ !!**

બ્રહ્મસાગરમાં જરા ઊર્મિ ઊઠે અને તે ફેલાતી ફેલાતી નષ્ટ થાય. અવધૂતભાખી આ એક જ પંક્તિ સર્જનના મૂળને સ્પર્શે છે. સર્જનનું મૂળ છે બ્રહ્મરૂપી સાગરમાં ઊઠેલી એક ઊર્મિ-સંકલ્પ. જેમ સાગરમાં એક નાનકડો તરંગ ઉત્પન્ન થાય અને તે ફેલાતો ફેલાતો કિનારે જઈને અટકે તેમ એ બ્રહ્મસાગરની એક નાનકડી ઊર્મિ જ આ વિરાટ સંસારનું કારણ છે. સ્થિર પાણીમાં એક નાનકડો કાંકરો નાખશો તો તે પાણીને તળિયે બેસી જશે, પણ પાણીમાં પડતાં જ ત્યાં નાનકડું વર્તુળ થશે. એ વર્તુળ એ જ તરંગ-ઊર્મિ છે. એ ઊર્મિ ધીમેધીમે વધતી જશે અને વધતી વધતી અંતે આરાને અથડાશે અને ત્યાં તે નષ્ટ થશે. પાણી પણ સ્થિર થઈ જશે અને જાણે કશું જ ન બન્યું હોય એમ લાગશે. અહીં શ્રી અવધૂતે બ્રહ્મને સાગરની ઉપમા આપી છે. એ સાગર સ્થિર છે, અચળ છે અને સ્વમહિમામાં પ્રતિષ્ઠિત છે. એ સ્થિર સાગરમાં ઊર્મિ ઊઠવાનો સંભવ નથી. પણ બ્રહ્મનો એ અનેક થવાનો એક નાનકડો અચિંત્ય સંકલ્પ એ જ બ્રહ્મસાગરની એ જરાસરખી ઊર્મિ છે. એ સંકલ્પની નાનકડી કાંકરીએ સ્થિરસાગરમાં ઊર્મિને ઉત્પન્ન થવાનો અવકાશ આપ્યો અને તેના પરિણામે, જેમ એક કાર્ય કરવાનો વિચાર આવે ત્યારે તેને પૂર્ણ કરવા






માટે અનેક વિચારો અને ક્રિયાઓ તેની પાછળ હોય છે તેમ, અનેકવિધ સર્જન થયું. જેમ સાગરમાં એક ઊર્મિ ઊઠતાં તેમાંથી બીજી અને બીજીમાંથી ત્રીજી એમ અનેક નાનીમોટી ઊર્મિઓ, ફીણ, બુદ્‌બુદા વગેરે સ્થૂળ, સૂક્ષ્મ, નામરૂપાત્મક દૃશ્યો ઉત્પન્ન થાય છે, તેમ એ અનંત બ્રહ્મસાગરમાં કોઈ અચિન્ત્ય રીતે ઉઠેલી એક નજીવી સંકલ્પઊર્મિમાંથી અનેકવિધ સૃષ્ટિ પેદા થઈ. એ મૂળ સંકલ્પમાં જ ત્રિવિધતા હતી. પ્રથમ ''હું એક છું'' એ સાત્ત્વિક સ્ફુરણ. બીજું પોતાના એકલવાયાપણાથી વ્યગ્રતાનું કે ન ગોઠવવાપણાનું ભાન એ તમસ્ અને તે દૂર કરવા ''બહુ થાઉં'' એ રજસ્. એ જ ત્રિગુણાત્મિકા માયા કે પ્રકૃતિ ! અને એમાંથી જ ધીમે ધીમે સ્થૂળ-સૂક્ષ્મ સર્જન !! એ સંકલ્પ એટલે જ મન. અને એ મનનો વિસ્તાર એટલે જ પ્રચંડ સંસારવૃક્ષ !! અને આટલો બધો પ્રચંડ વિસ્તાર પણ એ બ્રહ્મસાગરમાં દરિયામાં ખસખસ જેટલો જ. અને તેને આવરી લેતું મન એ તો એથીયે સૂક્ષ્મ, પ્રચંડ વટવૃક્ષને પોતાની ભીતરમાં સમાવી રાખનાર એક નાનકડા બીજ જેવું જ. એ બીજનો નાશ થાય તો વૃક્ષનો નાશ થતાં વાર ન લાગે. એ સૂક્ષ્મકાય બીજ પોતાની અલ્પતા છોડી મહત્-અનંત સાથે એકરૂપ થાય, સ્વયં ભૂમા બને તો જ આ બધા માયામૃગજળના પસારાની ભ્રાંતિ દૂર થાય. જેમ સમુદ્રનો એક નાનકડો તરંગ વિશાળ થતાં એની ચતુઃસીમા સાથે એકરૂપ થઈ, એક નાનકડા વર્તુળરૂપ અલ્પકાય મટી પોતાનું સ્વાત્મ ભૂલી, અનંતકાય મહાસાગરમાં ભળી મહાસાગર રૂપ થાય છે, તેમ જ આ નાનકડો મનતરંગ ફેલાતાં પોતાની અલ્પકાયનો નાશ કરી બ્રહ્મસાગરની અનંતતા સાથે ભીડાય એટલે, પોતાનું સ્વત્વ ભૂલી સર્વાત્મતા અનુભવે અને એની માયિક સૃષ્ટિનો પણ અંત આવે. સાધન કરતાં કરતાં મનની વૃત્તિ એટલી બધી વિશાળ બનાવવાની છે કે એ પોતાની અલ્પતા મૂકી અનન્તના અનુભવે પોતાનો અલ્પ દેહ મૂકી અનંતતા સાથે એકરસ થાય. એટલે એના જુદા અલ્પ વ્યક્તિત્વનો અંત આવે અને એ વિભુ કે સર્વવ્યાપક બને. શ્રી ભગવાને પણ અવ્યક્તમાંથી વ્યક્તિની ઉત્પત્તિ થાય છે અને અંતે અવ્યક્તમાં જ તે સમાય છે એવું કહીને શ્રી અવધૂતની આ ઉક્તિનું સમર્થન કર્યું છે.

સાગરની સપાટી પર નાનાં મોટાં અનેક તરંગો-મોજાંઓ, તોફાન, કે ઝંઝાવાતો ઊઠે કે લય પામે તેની સાગરના ઊંડાણમાં કે અંતસ્થલમાં કશી જ અસર પહોંચતી નથી, તેમ જ જગતની અનેક ઘટમાળ વંટોળિયાઓથી એના અધિષ્ઠાન શુદ્ધ, બુદ્ધ, બ્રહ્મસ્વરૂપમાં કશો જ વિક્ષેપ ઊઠતો નથી. એ તો સદાય સાગરવત્ ગંભીર અને અચલપ્રતિષ્ઠ જ હોય છે. આદિઅંતમાં જલબંબાકાર એક સાગર જ છે અને વચમાં પણ તરંગાદિ દૃશ્ય દેખાવા છતાંય એ જળથી-સાગરથી ભિન્ન નથી. તેમ જ, મન આદિ વિરાટ સંસાર વચમાં ભાસમાન થવા છતાંય એના આદિ અને અંતમાં






રહેલ સત્ ચિત્ આનંદ સ્વરૂપ બ્રહ્મથી તાત્ત્વિક દૃષ્ટિએ ભિન્ન નથી. અને તેથી ભાસમાન કાળમાં પણ એ બ્રહ્મસ્વરૂપ જ છે. દૃષ્ટિ કે વૃત્તિની ભ્રાંતિ જ આ સર્વ આભાસિક દૃશ્યનું કારણ છે. અને એ કારણ દૂર થતાં દૃષ્ટિપરિવર્તન કે વૃત્તિનિવાસ થતાં જ એક અદ્વિતીય બ્રહ્મ જ રહે છે-સ્વયં ભાસે છે. એટલે જ શ્રી અવધૂતે કહ્યું કે :

"બ્રહ્મ સાગરમાં ઉઠેલો સંકલ્પરૂપી એ નાનકડો તરંગ ફેલાતાં ફેલાતાં અનન્ત બ્રહ્મસાગરના કિનારા કે પરીઘ સાથે એકરૂપ થતાં જ એનું ભિન્ન અસ્તિત્વ રહેતું નથી."

આટલી એક જ પંક્તિનો વિચાર કરવા બેસીએ તો ઘણું કહેવાય. સર્જનના વિકાસનો, સર્જનના આદિ, મધ્ય અને અંતનો ઈતિહાસ જાણે શ્રી અવધૂતે આ એક જ પંક્તિમાં કહ્યો હોય એવું લાગે છે. પણ એ ઈતિહાસનું સ્વતંત્ર પુસ્તક થઈ શકે એટલો લાંબો એ ઈતિહાસ છે. સંતોના સંકેતાત્મક સૂત્રોમાં ભારોભાર તત્ત્વજ્ઞાન ભર્યું છે, એ વાતની અહીં પ્રતીતિ થાય છે.

પરમતત્ત્વ વિશ્વનો આત્મા છે, વિશ્વનો આધાર છે અને તેથી તેને વિશ્વાધાર, વિશ્વાત્મા કહેવામાં આવ્યું છે. એ પરમતત્ત્વ સર્વત્ર વ્યાપક છે અને તેથી તે સર્વવ્યાપક કહેવામાં આવ્યું છે. એ પરમતત્ત્વ નામ, રૂપ અને આકારમાં તેમજ તે વિના પણ સર્વવ્યાપક છે. તે મારામાં, તમારામાં અને સર્વમાં છે. તેની શક્તિ, સત્તા અને સ્ફુરણાથી જ પ્રાણીની સ્થિતિ છે. જો એમ છે તો પરમતત્ત્વના એક નાનકડા સંકલ્પમાંથી વિરાટનું સર્જન થયું તેમ આપણા સંકલ્પનું એવું પરિણામ કેમ નથી આવતું, એ એક પ્રશ્ન છે. તેનું કારણ પણ સ્પષ્ટ છે. માનવી માયાનો દાસ છે. પરમાત્મા માયાનો પતિ છે. માનવી ગુણને આધીન છે, પરમાત્મા ગુણાતીત છે. માનવી કર્મના ફળમાં આસક્ત છે, પરમતત્ત્વ કર્મના ફળથી નિસ્પૃહ છે. માનવી અહંતા અને મમતાનો ગુલામ છે. અહંતા અને મમતા પરમતત્ત્વને સ્પર્શ કરી શકતાં નથી અને તેથી પરમતત્ત્વનો સંકલ્પ અમોઘ છે. માનવીનો સંકલ્પ અલ્પફળ છે, અને તેથી માનવીના કર્યા કોઈ પણ સંકલ્પનું ધાર્યું પરિણામ આવતું નથી. "એ મારો સંકલ્પ છે" એવી સંકુચિત માનવદૃષ્ટિ સંકલ્પને મર્યાદિત બનાવે છે, પણ એ જ સંકલ્પ જો પરમાત્માનો સંકલ્પ છે એવી બુદ્ધિ સ્થિર થાય તો માનવીનો પણ એ જ નાનકડો સંકલ્પ વિરાટ બ્રહ્મનો સંકલ્પ બનીને તેને વિરાટ સ્વરૂપ પ્રાપ્ત થાય અને ત્યારે એ અમર્યાદ સંકલ્પ સમગ્ર વિશ્વને આવરી લે છે, બ્રહ્મના જેટલો જ સર્વવ્યાપક બને છે અને તેનું પરિણામ પણ આવ્યા વિના રહેતું નથી. એ માનવસંકલ્પને બ્રહ્મનો સંકલ્પ બનાવવાને તેમાં રહેલી અહંતા અને મમતાનું માનવીએ વિસર્જન કરવું ઘટે. અને ત્યારે પ્રભુના સંકલ્પની સિદ્ધિની કાળજી પ્રભુને રહે. જ્યારે એવા વિરાટ સંકલ્પ કરવાની




અને તે પ્રભુના ચરણમાં અર્પણ કરવાની મનને ટેવ પડે છે ત્યારે વિરાટસંકલ્પના પરિણામથી મનને ક્ષોભ થતો નથી. આગળ કહ્યું તેમ સાગરમાં નાનકડો તરંગ ઉત્પન્ન થઈને અંતે આરે આવી અદૃશ્ય થાય છે તેમ મનનો એવો વિરાટસંકલ્પ પણ તેનું ગમે તેવું પરિણામ આપીને સમાઈ જાય છે. જ્યારે એ સ્થિતિ સર્જાય છે ત્યારે એવા સંકલ્પ વારે વારે ઊઠતા પણ નથી અને બ્રહ્મના જેવી જ નિ:સંકલ્પ અવસ્થા પ્રાપ્ત થાય છે. પરમતત્ત્વને સંકલ્પ જેવું કશું જ નથી. નિ:સંકલ્પ સત્યસ્વરૂપ બ્રહ્મમાં સંકલ્પની સ્ફુરણા પણ કલ્પનાતીત છે. શ્રી અવધૂતે એક વખત કહ્યું : પાણી ઠરી જાય છે તેને આપણે બરફ કહીએ છીએ. પાણીની અવસ્થા હોય ત્યારે તરંગ થાય છે, પણ બરફમાં તરંગ થવાનો સંભવ નથી. એ બરફના ચોસલા ઉપર ગરમીને લીધે થોડું પાણી ભેગું થાય અને તેને વાયુનો સ્પર્શ થાય ત્યારે તરંગ ઉત્પન્ન થાય તેમ એ બ્રહ્મસાગરમાં પણ કોઈક વખત કોઈ અચિંત્ય રીતે સાધારણ નહીં જેવો સંકલ્પનો ઝકોરો આવી જાય અને આવ્યો ન આવ્યો એટલામાં જ પોતાની એ મૂળ અનન્તતામાં અદૃશ્ય થઈ જાય. બ્રહ્મનો સંકલ્પ સંકલ્પને કારણે જ હોતો નથી, પણ સ્વભાવિક હોવાથી તેમાં અહંતા કે મમતાનો અભાવ હોય છે અને તેથી તેના પરિણામની કાળજી બ્રહ્મને થતી નથી. અને તેથી જેમ નિર્જન અરણ્યમાં આપણે શબ્દોચ્ચાર કરીએ તે પ્રતિઘોષ સાથે અરણ્યમાં જ સમાઈ જાય છે તેમ, એ બ્રહ્મનો સંકલ્પ પણ અંતે બ્રહ્મમાં જ સમાઈ જાય છે. સંકલ્પની પાછળ જ્યારે વૃત્તિનું બળ હોય, તેની સિદ્ધિ અર્થે પુરુષાર્થ કરવામાં મમત્વ હોય અને તેના કારણે જ્યારે તે સંકલ્પનું ચિંતન થાય, પરિણામની લાલસા હોય, ત્યારે જ તે સુખદુ:ખરૂપી વિકારો ઉત્પન્ન કરી શકે. અને તેથી જ માનવનો સંકલ્પ માનવનો મટી વિરાટનો બની જાય ત્યારે તેના પરિણામથી માનવીને ક્લેશ કે આનંદ થતો નથી. નિસ્પૃહ વૃત્તિ સ્થિર થાય છે.

પણ એ બને ક્યારે ? શ્રી અવધૂતે કહ્યું :

**"વૃત્તિ ખેચરી કરી નામ રૂપ વિસરી"**

ચિત્તની વિચાર અવસ્થા એટલે વૃત્તિ. વૃત્તિ એ ચિત્તનો-મનનો વ્યાપાર છે. જ્યાં સુધી મનનો એ વ્યાપાર થંભી ન જાય ત્યાં સુધી વૃત્તિ નિરાલંબ-ખેચરી થઈ શકતી નથી. વૃત્તિઓ પણ આગંતુક છે. સમુદ્રમાં જેમ તરંગો આવે છે અને સમાઈ જાય છે, તેમ ચિત્તમાં પણ ભરતી અને ઓટ સમી વૃત્તિઓ પણ આવે છે અને સમાઈ જાય છે. એક જ વૃત્તિ ચિરકાળ રહેતી નથી. એ વૃત્તિઓનો આધાર મુખ્યત્વે ગુણને આભારી છે. અને સાત્ત્વિક, રાજસી અને તામસી એ વૃત્તિઓ મનુષ્યના સ્વભાવને ઘેરી રાખે છે. સત્ત્વગુણનો પ્રભાવ જ્યારે પ્રબળ હોય છે ત્યારે મન સત્ત્વગુણના કાબૂમાં આવીને તેને વશવર્તી રહે છે. જ્યારે મનના સંકલ્પો






સાત્ત્વિક હોય છે અને મનની બધી જ ચેષ્ટાઓ પરમાત્માપરક હોય છે ત્યારે મનની વિષયાભિમુખ વૃત્તિઓ પરમાત્માભિમુખ બને છે. રજસ્ અને તમસ્ ગુણનો પ્રભાવ મોળો પડે છે. અધિકાર પર નિયુક્ત થયેલા એક અધિકારીનું જેમ ઊતર્યા અધિકારે કોઈ સન્માન કરતું નથી અને તેની કશી જ કિંમત પણ રહેતી નથી, તેમ સત્ત્વગુણ આધીન મન રજસ્ અને તમસ્ ગુણની અવગણના કરે છે અને ત્યારે મન જીવને પણ પોતાની પારમાર્થિક પ્રવૃત્તિઓ તરફ પ્રેરે છે. મન અને જીવના એ સુયોગ અને સુમેળનું પરિણામ જીવના ઉદ્ધારનું કારણ બને છે. એ જ રીતે રજસ્ ગુણ જ્યારે મનને પોતાના કાબૂમાં લે છે ત્યારે એ જ મન પોતાની પારમાર્થિક અને જીવની ઉદ્ધારક પ્રવૃત્તિઓ તરફ અખાડા કરે છે અને જીવને વિષયાભિમુખ બનાવે છે. અથવા જીવ મનનો દોરવ્યો વિષયાભિમુખ બને છે અને વિષયસુખમાં લુબ્ધ બનીને આત્મસુખને વિસારે છે. એ જ રીતે જ્યારે તમસ્ ગુણનું મન ઉપર વર્ચસ્વ જામે છે ત્યારે સત્ત્વ અને રજસ્ગુણ મોળા પડી જાય છે અને તેનું પરિણામ હાનિકારક આવે છે. રજસ્ગુણ દ્વારા તમોગુણને અને સત્ત્વગુણ દ્વારા રજોગુણને નિઃસત્વ બનાવીને કેવળ સત્ત્વગુણ જ્યારે પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર કેવળ સત્ત્વગુણને આધીન બની જાય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ તરફ આકર્ષાતી વૃત્તિઓ ત્યારે કેવળ પરમાત્મા તરફ આકર્ષાય છે; એટલું જ નહીં પણ પરમાત્માપરક સિવાય ઈતર પ્રવૃત્તિઓનો પ્રતિકાર કરે છે.

સત્ત્વગુણયુક્ત વૃત્તિ પણ વૃત્તિ જ છે. તે વૃત્તિનો પણ લય થવાની જરૂર છે. જ્ઞાન દ્વારા જ્યારે સત્ત્વગુણની વૃત્તિઓનો પણ લય થાય છે ત્યારે જીવ જીવભાવને ભૂલીને, આત્મભાવમાં તાદાત્મ્ય સાધે છે અને ત્યારે તે પોતાના સ્વરૂપમાં સ્થિત થાય છે. જ્યારે જીવ આત્મભાવમાં "સ્વસ્થ" બને છે ત્યારે તે આત્માથી અભિન્ન બની જાય છે. તેનું સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી. અંતઃકરણની તમામ વૃત્તિઓનો પણ ત્યારે લય થાય છે અને અંતઃકરણ નિર્મળ બની જાય છે. ચિત્તની મૂઢ ક્ષિપ્ત, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધમાંની એકે અવસ્થા પણ રહેતી નથી અને ત્યારે એ પોતાના મૂળ ચિત્સ્વરૂપમાં ભળી જાય છે. મળ, વિક્ષેપ અને આવરણરહિત એ શુદ્ધ દર્પણ સમા ચિત્તમાં આત્માનું પ્રતિબિંબ બિંબિત થાય છે અને પરિણામે "વૃત્તિ ખેચરી" બને છે, એટલે વૃત્તિઓ વિષયોનાં આલંબનથી મુક્ત બનીને પરમાત્માનું આલંબન સ્વીકારે છે. "ખેચરી વૃત્તિ" એટલે નિરાલંબ વૃત્તિ. આત્માને કોઈનું જ આલંબન નથી. કોઈનો જ આધાર નથી. તે સ્વાવલંબ છે, પોતાના ઉપર જ નિર્ભર છે. જીવભાવની નિવૃત્તિના પરિણામે જ્યારે શિવભાવ સ્વસ્થ થાય છે ત્યારે તે આત્મામાં એકરસ બની સાગરમાં ભળી સાગરરૂપ બનેલા જલબિંદુ જેવું આત્મા સાથે ભળી

આત્મા સાથે એકરસ બની-જાય છે. ત્યારે પરમાત્માના બધાય ધર્મો અને સ્વભાવથી યુક્ત બને છે. પરમાત્માનો તો કશો જ ધર્મ નથી અને કશો જ સ્વભાવ નથી. એટલે આત્મા જીવભાવ મુક્ત બનીને ધર્મ કે સ્વભાવ વિનાનો એટલે કેવળ નિરાલંબ બની જાય છે. આ છે






**"વૃત્તિ ખેચરી કરી."**

એ નાનકડા પણ ગાંભીર્યભર્યા વાક્યનું રહસ્ય. શ્રી ભગવાને અર્જુનને ગુણાતીત બનવાનું કહ્યું તેમ એ વાક્યમાં શ્રી અવધૂતે સાધકને, જેમ પરમતત્ત્વ ગુણાતીત છે તેમ, ગુણાતીત થવાનો બોધ આપ્યો છે. શબ્દો તો માત્ર ત્રણ જ છે. "વૃત્તિ, ખેચરી અને કરી." પણ ત્રણ શબ્દોમાં શ્રી અવધૂતે પરમાત્મપ્રાપ્તિનું ગૂઢ રહસ્ય ઉકેલ્યું છે.

જ્યાં સુધી સંકલ્પવિકલ્પ છે, ત્યાં સુધી જ વૃત્તિઓનો જન્મ પણ થાય છે. સંકલ્પવિકલ્પમાં અટવાતી એ વૃત્તિઓને નિરાધાર-નિરાલંબ બનાવવાની જરૂર છે. જ્યાં સુધી એ વૃત્તિઓને મનના મનઃકલ્પિત વિષયોનો આધાર છે, ત્યાં સુધી એ નિરાલંબ થઈ શકતી નથી. મન એટલે જ સંકલ્પવિકલ્પ. મનનો વ્યાપાર થંભી જાય તો બુદ્ધિ, ચિત્ અને અહંકાર પણ પરવારતા થઈ જાય. જ્યાં સુધી વૃત્તિ નિરાલંબ ન થાય, એનો વિષયાધ્યાસ છૂટી ન જાય, એનું વિષયચિંતન ન મટે, ત્યાં સુધી એનું અસ્તિત્વ પણ રહે જ છે. એક વેલને જેમ તેના મૂળનો આધાર છે, તેમ વૃત્તિને પણ મનનો આધાર છે. એ વૃત્તિને એટલે વેલને નિરાલંબ કરવાથી એટલે તેના મૂળમાંથી જ તેનો ઉચ્છેદ કરવાથી તે વેલીનો જ સ્વયં નાશ થઈ જાય છે અને પુનઃ જીવિત થઈ શકતી નથી. જ્યારે મન અમન બની જાય છે, ત્યારે વૃત્તિ પણ નિરાલંબ બની જાય છે અને પોતાના ચાંચલ્યને તજીને અસ્તપ્રાય થઈ જાય છે. ચિત્ત સ્થિર થાય છે.

એ વૃત્તિ નિરાલંબ થવા માટે તેના આધારનો પણ ઉચ્છેદ કરવો આવશ્યક છે. જ્યાં સુધી મકાનનો પાયો રહે ત્યાં સુધી તેના ઉપર મકાન ચણી શકાય. પાયાને જ ખોદીને કાઢી નાંખ્યો હોય તો મકાન બંધાતું નથી. આધાર વિના જેમ મકાન ટકી શકતું નથી તેમ આધાર વિના વૃત્તિ પણ ટકી શકતી નથી. નામ, રૂપ અને આકાર એ વૃત્તિના આધાર છે. અને તેથી

**"નામ રૂપ વિસરી"**

એમ શ્રી અવધૂતે કહ્યું છે. નામ રૂપ અને આકારને ભૂલીને વૃત્તિને નિરાલંબ કરવાની જરૂર પર અહીં શ્રી અવધૂતે ભાર મૂક્યો છે. જ્યાં સુધી મનમાં નામ, રૂપ અને આકારનું અસ્તિત્વ છે, ત્યાં સુધી વૃત્તિ ખેચરી બનશે નહીં.

ઉપર કહ્યું તેમ વૃત્તિઓ ગુણને કારણે વિકાસ પામે છે, પણ નામ, રૂપ અને આકાર તેના ઉદ્‌ગમ સ્થાન છે. નામ, રૂપ અને આકારના જોર પર તો માયા બળવાન છે. અને જ્યાં સુધી માયા છે ત્યાં સુધી

સંસાર છે. અહીં નામ રૂપ અને આકારનો ઉચ્છેદ કરવાનું શ્રી અવધૂતે કહ્યું નથી. જગત છે ત્યાં સુધી ભલે એ કાલ્પનિક હોય તો પણ એ રહેવાનાં જ. પણ તેને ભૂલી જવાનું, મનમાંથી કાઢી નાંખવાનું કહ્યું છે. એ વિસ્મરણનાં મૂળ એટલાં ઊંડા જવા જોઈએ કે એ નામ, રૂપ અને આકારના સંસ્કાર પણ ચિત્તમાં ન રહે; અને તેથી જ એ રીતે ચિત્ત જ્યારે કોરા કાગળ જેવું સ્વચ્છ બને છે, કોઈ પણ ગુણની પકડમાં રહેતું નથી ત્યારે જ તેમાંથી નામ, રૂપ અને આકારના સંસ્કાર નિઃશેષ થાય છે એમ કહી શકાય. કાન નામશ્રવણ કરશે એટલે તુરત જ આંખ એ નામીનાં રૂપ અને આકારને જોવા દોડી જશે. કાન મિષ્ટાન્નનું નામ સાંભળશે એટલે રસના દ્વારા મન તુરત જ તેનાં રૂપ, રંગ અને આકારનો આસ્વાદ લેવા તાલાવેલી કરશે. કાન પરિમલનું નામ શ્રવણ કરશે કે તુરત જ ઘ્રાણ તે પરિમલનો આસ્વાદ લેવાને દોડી જશે. આમ ઇન્દ્રિયો પણ એ નામ, રૂપ અને આકારનો ભોગ કરવાને વૃત્તિઓની પાછળ દોડશે. અહીં નામ, રૂપ અને આકારનું વિસ્મરણ કરવાના સૂચનના ગર્ભમાં મનોનિગ્રહ સાથે ઇન્દ્રિયોના દમનનો ભાવ પણ સમાયેલો છે એમ કહેવું વાસ્તવિક છે.

નામ, રૂપ અને આકારનું સ્મરણ રહે ત્યાં સુધી હરિનું સ્મરણ, હરિના રસનો આસ્વાદ લેવાની મનને વૃત્તિ થતી નથી. નામ, રૂપ અને આકારયુક્ત વિષયો પ્રત્યક્ષ છે, જ્યારે પરમતત્ત્વ પરોક્ષ છે. પ્રત્યક્ષના રંગમાં રંગાયલી વૃત્તિ એ પરોક્ષ તત્ત્વમાં રંગાય તે પહેલાં તેને પ્રત્યક્ષનો જે રંગ લાગ્યો છે તેનો ડાઘ ધોઈ કાઢવા માટે જ અહીં વૃત્તિ ખેચરી કરવા શ્રી અવધૂતે કહ્યું છે. નામ, રૂપ અને આકારમાં અટવાતું મન એથી પરિસીમિત થઈ અસીમ આત્મતત્ત્વને જોઈ શકતું નથી. જ્યાં સુધી અલંકારનાં નામ અને રૂપથી પર દૃષ્ટિ જતી નથી ત્યાં સુધી સુવર્ણની ઓળખ થતી નથી, તેમજ નામરૂપ વિધવિધ જગતથી પર થયા વગર અપરિમિત અનંત પરમાત્મતત્ત્વનું ભાન થતું નથી. નામરૂપની ભ્રાંતિ દૂર થતાં સત્ ચિત્ આનંદસ્વરૂપ અને અદ્વૈત પરમાત્મસ્વરૂપ જ રહે છે. એનો જ સાક્ષાત્કાર થાય છે. એ જ કહેવાનો ભાવાર્થ છે.

પણ એવા હરિરંગમાં સમાય એવા કેટલા ? શ્રી ભગવાને કહ્યું :

"कश्चिन्मां वेत्ति तत्त्वतः"

અનેક સાધકો પરમતત્ત્વને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરે છે. પણ તેમાંના કોક જ પરમતત્ત્વને તાત્ત્વિક દૃષ્ટિએ પ્રાપ્ત કરી શકે છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"રંગ રંગે હરિ કો સમાયે"



સાધન તો બધાય કરે છે પછી કોઈક જ કેમ એ હરિરંગમાં તરબોળ બને છે ? કારણ સાદું અને સમજી શકાય એવું છે. મન એટલું બધું

વિલક્ષણ છે કે, જેમ જાદુગરના જાદુમાં એક છોકરો મરેલો બતાવવામાં આવે છે પણ વસ્તુતઃ તે મરી જતો નથી પણ એ મૃત્યુનો દેખાવ છે, તેમ જ્યારે સાધક મનને ખૂબ જ સતાવે છે, ત્યારે મન પણ જાણે મરી ગયું હોય એવું સાધકને ખોટું ભાન કરાવે છે. અને ત્યારે ''મેં મનને વશ કર્યું'' એમ માનીને સાધક ગર્વમાં ફુલાય છે. પાછળથી તે જ મન તે સાધકને દગો દે છે અને જાણે કંઈ જ બન્યુ ન હોય તેમ પાછું પોતાની અસલ અવસ્થાનું પ્રદર્શન કરાવે છે. આવી સ્થિતિમાં સાધક હરિરંગનો ભોક્તા બની શકતો નથી. અને તેથી જ એવા અનેક સાધકોમાંથી શ્રી અવધૂતે આગળ કહ્યું તેમ કોક વિરલો જ ગુરુની સેવાથી અને ઈશ્વરની કૃપાથી મનના મૂળને તોડે છે, નિર્વાસન થાય છે. અને ત્યારે જ મન અમન બને છે. વૃત્તિ નિરાલંબ બને છે અને પરિણામે સાધક સાધ્યના સાન્નિધ્યમાં જઈ સાધ્યમાં સમાઈ જાય છે. હરિરસનું પાન કરી હરિરૂપ બને છે.

આવા વિરલ સાધક હજારો-લાખોમાં કોક જ હોય એમાં શી નવાઈ ? સામાન્ય વેપારધંધો કરનારાઓમાં પણ કરોડો, અબજો કમાનારા કેટલા હોય ? અસ્તુ.






(૧૭)

મનુવા, હરિ ભજના, હરિ ભજના,
કૂડ કપટ સબ ત્યજના. – ટેક
ક્ષણભંગુર યહ દેહ સમજકર, દેહી મનમેં લાના;
ઘર ઘર જાકે અલખ જગાના; કૂકર ભૂત ભગાના.-મનુવા-૧
સબસે હિલમિલ જગમેં રહેના, મનકા સંગ છુડાના;
"મૈં-મેરા" યહ દ્વૈત ભુલાના, અદ્વૈતાતમ ધ્યાના.-મનુવા-૨
ચંદન સમ નિજ કાય જલાના, જગમેં સુગંધ ફૈલાના,
શીતલ વચનામૃતધારાસે, દુખિયન દુઃખ મિટાના.-મનુવા-૩
મર કે અમૃત હોના સાંઈ, જીવત્ સમાધિ લેના;
અનહદ બંસી મધુર બજાના, અનલહક્ક મુખગાના !-મનુવા-૪
અહં જલાકે ભસ્મી ધરના; જમધર અડંગ લગાના !
ત્રિગુણભેદ ત્રિશૂલ પકડકે, રંગાગમન મિટાના !-મનુવા-૫

અહીં શ્રી અવધૂત મનને ભજન કરવાનો બોધ આપે છે. શાસ્ત્રો, પુરાણો, સંતો બધા જ એકે અવાજે મનનું પરિવર્તન કરવાનું કહેતા આવ્યા છે અને કહે છે. જીવનાં બંધન અને મુક્તિનું કારણ કેવળ મન જ છે એમ શ્રી ભગવાને પણ કહ્યું છે. મન જો માને તો જીવને શિવસ્વરૂપનાં દર્શન કરાવે અને મિત્ર બને. મન જો ન માને તો જીવને સંસારનાં ઊંડા અંધારા ખાડામાં ખૂંપાવી દે, જીવનો શત્રુ બને. એ કારણે મનને જ બોધ આપવાની જરૂર શાસ્ત્રોએ જોઈ છે. રોગને ટાળવો હોય તો રોગનું કારણ શોધી તેનો નાશ કરવો ઘટે. ભવરોગનું કારણ મન છે. ભવરોગનું ઔષધ હરિભજન છે. અને તેથી જ શ્રી અવધૂત કહે છે, "હે મન, હરિને ભજવા અને સંસારમાં જે કાંઈ કૂડકપટ છે તે બધાયનો ત્યાગ કરવો."

"બીજાનું જે કાંઈ હોય તે પડાવી લેવાની વૃત્તિથી તેની સાથે દગો રમવો" એનું નામ કૂડકપટ. મિત્રભાવે સામાના પેટમાં પેસી જઈ તેની જ ગરદન કાપવી એનું નામ કૂડકપટ. એ કૂડકપટની વૃત્તિ સ્વાર્થ બુદ્ધિમાંથી જન્મ પામે છે અને પોષાય છે. તેથી કૂડકપટની વૃત્તિનો ત્યાગ કરવા માટે પ્રથમ સ્વાર્થવૃત્તિનો ત્યાગ કરવો ઘટે. પ્રારબ્ધવશ મનુષ્યને જે પ્રાપ્ત થાય તેટલાથી જ સંતોષ માનવાની વૃત્તિ કેળવાય તો સ્વાર્થબુદ્ધિ પણ મહેનત વિના ટાળી શકાય અને તેથી સંતોષની વૃત્તિને કેળવવી એ પ્રથમ જરૂરનું છે. શાંતિ એ સંતોષની સહચરી છે. જીવનમાં જો સંતોષ આવે તો શાંતિ પણ સાથે આવે જ છે અને તેથી મનુષ્ય સુખનો પણ અનુભવ કરી શકે છે. સંતોષ એ સુખ અને શાંતિનું ઘર છે. સર્વ અનર્થના મૂળમાં રહેલી સ્વાર્થવૃત્તિનો ત્યાગ કરવાનું એ કારણે જ આવશ્યક છે.






સ્વાર્થબુદ્ધિનો અને કૂડકપટનો ત્યાગ કરવા માટે મનને દિશાભાનનું વિસ્મરણ કરાવવાની જરૂર છે. મનનો સાધારણ પ્રવાહ અને વેગ વિષયો તરફ જ વહે છે. જેમ પૂર્વમાંથી નીકળેલી સરિતા પશ્ચિમ તરફ વહી સાગરને મળે છે તેમ વિષયાસક્ત મનના બધાય સંકલ્પો જીવને વિષયો તરફ જ ઘસડી જાય છે, અને અંતે વિષયોપભોગમાં જ તેનું વિસર્જન થાય છે. એ મનને વિષયોનું આકર્ષણ ન રહે એવા માર્ગે વાળવા માટે તેને તેની સાધારણ દિશામાંથી ઊલટી દિશા તરફ વાળવાનું જરૂરનું છે. શ્રી અવધૂત એ માર્ગ બતાવતાં કહે છે :

**ક્ષણભંગુર યહ દેહ સમજકર, દેહી મનમેં લાના;**
**ઘરઘર જાકે અલખ જગાના, કૂકર ભૂત ભગાના.**

અવિદ્યાના આવરણથી વીંટાયેલો "આત્મા" એ જીવ અને સદ્વિદ્યાયુક્ત આત્મા એ "ઈશ્વર". ઈશ્વરને જાગતિક પ્રપંચ સાથે કશો જ સંબંધ નથી પણ માયાયુક્ત આત્મા એટલે જીવ ગુણથી પ્રવૃત્ત થઈને અહંભાવ પ્રેરિત કર્મો કરી, "હું કર્તા છું" એવું અભિમાન લેતો થાય છે, એટલે તે પોતે જ પોતાના હાથે બંધન સર્જાવે છે. એ જીવાત્મા મનનો નચાવ્યો નાચે છે, અને તેથી મનને ઉપદેશની જરૂર છે. વસ્તુતઃ જીવાત્માને જાગતિક પ્રપંચ જોડે કશો જ સંબંધ નથી, પણ જીવાત્માને અજ્ઞાનવશ "હું દેહ છું" એવું મિથ્યા છતાંય બંધન સર્જાયેલું છે. એ બંધનમાંથી તેને મુક્ત કરવાની જરૂર છે, અને તેથી "આ દેહ ક્ષણભંગુર છે," એવી સમજ જીવને પાડવાની જરૂર છે, અને તેમ કરીને જીવને દેહમાં જે મમત્વ રહેલું છે તે ટાળવાની જરૂર છે. "હું દેહ છું," એવી જીવને શરીર પર જે મમતા છે, તે જો ટળી જાય તો કૂડકપટ અને સ્વાર્થબુદ્ધિ પણ આપોઆપ અલોપ થઈ જશે. શરીર શાશ્વત નથી પણ ક્ષણભંગુર છે એવી પ્રતીતિ જીવને ક્યારે થાય ?

વૃદ્ધિ અને ક્ષય જેનો સ્વાભાવિક ધર્મ છે તે શરીર. બાળકનો દેહ જન્મે છે ત્યારથી તેનું મૃત્યુ થાય ત્યાં સુધીની તેની પ્રત્યેક પળે થતી પરિવર્તન અવસ્થા એના વૃદ્ધિ અને ક્ષયનું ભાન કરાવે છે. આત્મા અજન્મા -અમર છે અને જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. શરીર જન્મે છે તેથી તે મરણધર્મા છે. જે મરવાને જ સર્જાયું છે. તે આજે, કાલે અથવા કાળે કરીને મરવાનું જ છે, અને તેથી તેનો મોહ મિથ્યા છે. અર્જુનને ઉપદેશ કરતાં શ્રી ભગવાને પણ તેને શરીરની ક્ષણભંગુરતાનું સૌ પ્રથમ ભાન કરાવીને "શરીરધારીનાં આ શરીર નાશવંત છે" એવું કહ્યું. અર્જુનને જ્યારે ગીતાના સમગ્ર બોધનું યથાયોગ્ય જ્ઞાન થયું ત્યારે જ શરીર ક્ષણભંગુર છે એવી તેને પ્રતીતિ થઈ, તેનો મોહ નષ્ટ થયો.

મનને સન્માર્ગે વાળવા માટે, આમ શરીર ક્ષણભંગુર છે એ સત્યની પ્રતીતિ કરાવવા માટે આવો બોધ આપવાની જરૂર છે. આ શરીર નાશવંત





છે. ક્ષણભંગુર છે, એવી જ્યારે મનને ખાતરી થાય ત્યારે તેનો શરીરનો મોહ ઓસરતો જાય છે. ઊંચે ચઢવા માટે જેમ સીડીની જરૂર છે તેમ મનને સાચે રસ્તે વાળવા માટે પણ ક્રમશઃ તેને બોધ કરવાની જરૂર છે. શ્રી અવધૂતસૂચવ્યો પહેલો પાઠ જ્યારે મનને ગળે ઊતરે ત્યારે, જેમ એક કુશળ શિક્ષક બાળકને ક્રમશઃ પાઠ આપે છે તેમ, મનને બીજો પાઠ આપવાની જરૂર છે. અને શ્રી અવધૂતભાખ્યો બીજો પાઠ છે,

**દેહી મનમેં લાના.**

દેહી એટલે દેહમાં રહેનારો. દેહમાં તો ''જીવ'' પણ રહે છે અને ''ઈશ્વર'' પણ રહે છે. શરીર એક વૃક્ષ છે. તેમાં હૃદયરૂપી ગુહા જાણે પક્ષીનો માળો છે. એ માળામાં બે પક્ષી સાથેસાથે રહે છે. બન્ને મિત્રો છે. બન્ને ચૈતન્ય સ્વરૂપ છે પણ જીવ એ વૃક્ષનાં ફળ ચાખે છે. ઈશ્વર કેવળ દૃષ્ટાસ્વરૂપે ત્યાં રહે છે. તે ફળ ચાખતો નથી. જીવનું પ્રારબ્ધ જ્યારે નિઃશેષ થાય છે ત્યારે એ જ જીવ ઈશ્વરરૂપ બની જાય છે. જીવ અને ઈશ્વર ઉભય શાશ્વત છે. એક કર્મનાં ફળમાં આસક્ત છે, બીજો કર્મફળથી અસંગ છે. એ જ વાત ઉપનિષદકારે સુંદર શબ્દોમાં કહી છે :

द्वा सुपर्णा सयुजा सखाया
समानं वृक्षं परिषस्वजाते।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्य-
नश्नन्नन्यो अभिचाकशीति॥

''સાથેસાથે રહેવાવાળા સમાન આખ્યાનવાળાં બે પક્ષી એક જ વૃક્ષનો આશ્રય કરીને રહે છે. તેમાંનું એક તો મધુર પિપ્પલ (કર્મફળ)નો ભોગ કરે છે અને બીજો ભોગ ન કરતાં કેવળ જોતો રહે છે.'' મુંડકોપનિષદનો આ મંત્ર જીવ અને શિવનો ભેદ સમજવાને પર્યાપ્ત છે. અસ્તુ.

એવા દેહીને જાગતિક પ્રપંચ સાથે કાંઈ નિસ્બત નથી. દેહમાં રહેલો એ આત્મા શાશ્વત છે, અસંગ છે, અકર્તા છે, અભોક્તા છે. ક્ષણભંગુર દેહ અને શાશ્વત આત્માને કશો જ સંબંધ નથી, એવો બોધ જ્યારે મનને થાય ત્યારે; અને એ બોધ પણ જ્યારે દૃઢ થાય ત્યારે જ મન ઉપર શરીરની નશ્વરતાની પણ સચોટ છાપ પડે અને એ ભાવ વજ્રલેપ બની જાય. અર્જુનને શરીરની ક્ષણભંગુરતાનું સચોટ ભાન કરાવીને શ્રી ભગવાને પણ આ જ રીતે આત્માના અમરત્વનો બોધ આપ્યો. શસ્ત્રો આત્માને હણી શકતાં નથી, અગ્નિ આત્માને બાળી શકતો નથી, જળ આત્માને ભીંજવી શકતું નથી, અને પવન આત્માનું શોષણ કરી શકતો નથી. પ્રાણીમાત્રમાં રહેલો આ આત્મા અવધ્ય છે. એટલે આત્મા શાશ્વત છે.



नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः।

આત્માના નિત્યત્વનો આવો ખ્યાલ જ્યારે મનને આવે ત્યારે દેહ અને દેહીનો ભેદ મનને ગળે ઊતરે, અને ત્યારે જ જીવને પોતાના સત્યસ્વરૂપની કાંઈક ઝાંખી થાય. જીવને મન દ્વારા જ્યારે એવો નિશ્ચય થાય ત્યારે, અને જ્યારે આત્મભાવ દૃઢ થઈ દેહભાવનો વિલય થાય ત્યારે, જાગતિક પ્રપંચની નિઃસારતાનો જીવને ખ્યાલ આવે. "જગતમાં મારું કોઈ જ નથી, અરે જે દેહ છે તે પણ મારો નથી. સગાં, વહાલાં, સ્ત્રી, પુત્ર, ધનભંડાર અને આ માયાનો સંભાર - મારું કશું જ નથી. હું દેહ નથી, આત્મા છું. અજર છું, અમર છું. જે કાંઈ જણાય છે તે કેવળ સ્વપ્નવત્ છે. માયા અને ગુણોનો માત્ર બાજીગરના ખેલ જેવો એ ખેલ છે." એવો બોધ જીવને થાય ત્યારે જગત, જાગતિક પ્રપંચ અને શરીર પ્રતિ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. એવા વૈરાગ્યના પ્રભાવે સ્વાભાવિક ત્યાગની ભાવના સર્જાય છે. સ્થૂળનો ત્યાગ ભલે નહીં થાય, પણ એ સ્થૂળ પદાર્થોમાં રહેલી સૂક્ષ્મ આસક્તિ અથવા સંગનો વૈરાગ્યપૂર્ણ ત્યાગ સધાય, દેહઅહંતા ટળી જાય અને "દેહી"માં મન પરોવાય. મનની ચાલુથી વિપરીત દિશા તરફ ગતિ થાય. એ રીતે દેહની ક્ષણભંગુરતા અને આત્માનું નિત્યત્વ જ્યારે મનથી દૃઢ થાય ત્યારે એ બે બોધપાઠને વધુ દૃઢ કરવાને શ્રી અવધૂત ત્રીજો બોધપાઠ આપે છે. આત્મોન્નતિના માર્ગે જનાર સાધકને માટે એ ત્રીજા સોપાન સમું છે. એ ત્રીજો પાઠ શું છે?

**ઘરઘર જાકે અલખ જગાના.**

અરેખર ! સાધકને સાધ્યની સાધના કરવાનાં સાધનની સુંદર અને સચોટ સોપાનશ્રેણી શ્રી અવધૂતે આપી છે. પ્રથમ સોપાન છે દેહની નશ્વરતાનો બોધ, બીજું સોપાન છે આત્માના નિત્યત્વનો બોધ. એ બે પગથિયાં ચઢ્યાથી કાંઈ અર્થ સરતો નથી. સાધક એટલેથી જ સાધ્યપ્રાપ્તિ કરી શકતો નથી. સાધકને જે બોધ થયો તે બોધને, જેમ કુંભાર ટીપણી વતી એક ઘટને ટીપીટીપીને દૃઢ કરીને, પછી અગ્નિમાં તપાવીને તેને પરિપક્વ કરે છે તેમ, આત્મા નિત્ય, દેહ અનિત્ય, એ બે સત્યને પરિપક્વ કરવા માટે સાધકે ત્રીજું પગથિયું ચઢવાનું છે.

શરીર અનિત્ય છે, મરણધર્મા છે, એવો બોધ વજ્રલેપ બનાવવાને તેને, સોની જેમ સુવર્ણને કસોટી પર ચઢાવી તેની કિંમત નક્કી કરે છે તેમ, કસોટીએ ચઢાવવાની આવશ્યકતા છે. જ્યારે શરીર ક્ષણભંગુર છે ત્યારે એવા અનિત્યનું અભિમાન રાખવામાં પણ સાધકને બાધા સર્જાવાનો સંભવ છે. અને તેથી દેહાભિમાનનો ત્યાગ કરવો એવો અહીં નિર્દેશ છે. અને એ દેહાભિમાનને નિઃશેષ કરવાના સચોટ ઉપાય તરીકે શ્રી અવધૂત સાધકને ઘરઘર ફરવાનું કહે છે.

આત્મસાક્ષાત્કારના માર્ગમાં દેહઅહંતા જેવું પ્રમાથિ, બળવાન અને દૃઢ વિઘ્ન બીજું એકે નથી. દેહઅહંતા ટાળવા માટે આ પરિવ્રાજક અથવા

પરિભ્રામક અવસ્થા ઉત્કૃષ્ટ સાધન છે.

પણ એ પરિભ્રમણ કરતો આવો સાધક વાટેવાટે હાથમાં ચીપિયો અને ભિક્ષાપાત્ર લઈને ''અહાલેક'' જગાવતા ભિક્ષુક જેવો નહીં હોય. ચપટી લોટ માટે ઘરઘર ભમતો એ ભિખારી નહીં હોય. છતાંય એ ઘરઘર ફરીને લોકનાં મહેણાંટોણાં સાંભળીને પણ જગતને જાગ્રત કરવાને જ પરિભ્રમણ કરતો હશે. ''અલખ'' એટલે પરમાત્માનું અનિર્દેશ્ય સ્વરૂપ. એ પરિભ્રામકે શું કરવાનું તે પણ શ્રી અવધૂતે કહ્યું છે. ઘરઘર ફરીને પરમાત્માનાં અનિર્દેશ્ય સ્વરૂપનો બોધ કરવાનો અને એમ કરતાં એને જે અપમાન સહન કરવાં પડે, જે તિરસ્કારનાં વેણ સાંભળવાં પડે, જે વિષમતા ઊભી થાય, તે બધુંય કલેશ વિના હસતે મોંએ સહન કરવાનું અને તેમ કરીને દેહઅહંતાનો નિઃશેષ ક્ષય કરવાનો.

જ્યારે શરીર અને આત્માને પરસ્પર કાંઈ જ લેપન નથી, શરીર નાશવંત છે, આત્મા શાશ્વત છે, તેનો નાશ થતો જ નથી, એ સત્યની સાધકને પ્રતીતિ થઈ હોય ત્યારે, સાધકનો એ નિશ્ચયાત્મક બોધ તેના આચારમાં વ્યક્ત થવો જ જોઈએ. આત્મા નિત્ય છે શરીર અનિત્ય છે, એમ કહેવાથી જ એ તત્ત્વ સિદ્ધ થઈ શકતું નથી. પણ એ વિચારને આચારમાં મૂકવાની જરૂર છે. વિચાર એ આચારની પૂર્વભૂમિકા છે. તેથી પરિપક્વ વિચારનો નિશ્ચયાત્મક આચાર આવશ્યક છે. નાનકડો વિચાર પણ જો આચારનું સ્વરૂપ ધારણ કરે તો તે વિરાટ બની જાય છે. જેમ સરોવરમાં એક નાનકડો તરંગ પ્રવાસ કરતો કરતો વિશાળ સ્વરૂપ ધારણ કરે છે તેમ, એક નાનકડો વિચાર પણ જો આચરણમાં મૂકવામાં આવે તો તેની અસરકારક છાપ જગત પર પડ્યા વિના રહેતી નથી. અને તેથી જ વિચાર કરતાં પણ આચારને શ્રેષ્ઠ ગણવાનું જ્ઞાનીઓએ કહ્યું છે. આચાર એ મુખ્ય ધર્મ છે, પણ એ આચાર વિચારશૂન્ય, જડતાપોષક, સ્થૂળ આચાર નહીં પણ સમજપૂર્વકનો, વિચારના બળથી બળિયો અને વિચારને પુષ્ટ કરનારો એ આચાર હોવો જરૂરનો છે. આચારયુક્ત વિચારનો શ્રવણ કરનાર ઉપર પ્રભાવ પડે છે. શ્રોતાઓ પણ પ્રભાવિત બની એ દિશામાં વિચાર કરતા થાય છે અને એ જ કારણે આજે પણ સંતમહંતોના ઉપદેશની શ્રોતાઓ ઉપર સચોટ છાપ પડે છે. અહીં પણ સાધકે જે વિચાર દૃઢ કર્યો તે વિચારના પરિણામે પરમાત્માના અનિર્દેશ્ય સ્વરૂપનું અને શરીરના અનિત્યત્વનું તેને ભાન થયું, તેનો જગતમાં ઉપદેશ કરવા માટે પરિભ્રમણ કરીને અને દેહઅહંતાના ભૂતનો નાશ કરવાને અને પોતાના એ તાત્ત્વિક જ્ઞાનનો પ્રચાર કરવા છતાંય, એ જ્ઞાનની અહંતાનો ચેપ ન લાગે તે માટે સતત જાગ્રત રહેવાનું શ્રી અવધૂતે ગર્ભિત સૂચન કર્યું છે.



પરમાત્માના અનિર્દેશ્ય સ્વરૂપનો ઘરઘર ફરી બોધ કરવાનું અહીં

જે સૂચન થયું છે, તે પરમાત્માનું અનિર્દેશ્ય સ્વરૂપ કેવું છે તેનો પણ અહીં સંકેતરૂપે ઉલ્લેખ કરવો આવશ્યક છે. અને તેથી તેનો થોડો વિચાર કરીએ તો તે અસ્થાને ગણાશે નહીં.

એ અનિર્દેશ્ય પરમતત્ત્વ શું ? ચર જગત પરમતત્ત્વ નથી કારણ કે તેની ઉત્પત્તિ છે, સ્થિતિ અને લય પણ છે. અચર જગત પરમતત્ત્વ નથી, કારણ કે તે પણ ઉત્પન્ન થાય છે, પોષાય છે અને અંતે તેનો પણ નાશ થવાનો છે. અને તેથી નેતિ નેતિ કહીને વેદોએ એ ઉભય જગત પરમતત્ત્વ નથી એવી ઘોષણા કરી છે. મન એટલે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર જેનો પાર પામી શકતાં નથી. વાણી એટલે પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી જેનું વર્ણન કરી શકતી નથી. વાણી શબ્દ દ્વારા જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયનો સંકેત કરવામાં આવ્યો છે. એ દશવિધ ઇન્દ્રિયો અને પંચવિધ પ્રાણ એ પરમતત્ત્વનો પાર પામી શકતાં નથી. એટલે જ એ અનિર્દેશ્ય છે. નિર્દેશ કરી શકાતો નથી છતાંય એ પરમતત્ત્વના અસ્તિત્વનો ઇનકાર પણ થઈ શકતો નથી. અને તેથી એ પરમતત્ત્વ કેવળ અનુભવગમ્ય છે એમ કહીને સંતો, જ્ઞાનીઓ, મહાત્માઓ, જીવનમુક્તો, યોગીઓ વગેરે બધાય અંતે મૌન સેવી રહ્યા છે. મૂંગો માણસ મિષ્ટાન્ન જમીને તેના આનંદનું વર્ણન કરી શકતો નથી, છતાંય તેને પરમાનંદ થયો છે એ વાતનો ઇનકાર પણ થઈ શકતો નથી. તેને તૃપ્તિના ઓડકાર આવે છે અને તેમાં જ તેના આનંદનું વર્ણન કલ્પી શકાય છે. તે જ રીતે એ પરમતત્ત્વ જેનો જ્ઞાનીઓએ સત્, ચિત્ અને આનંદસ્વરૂપ કહીને અંગુલીનિર્દેશ કર્યો છે એ પરમતત્ત્વ કેવળ અનિર્દેશ્ય રહ્યું છે અને રહેશે.






એવા અનિર્દેશ્ય પરમતત્ત્વની ઘરઘર ફરીને ઘોષણા કરવા પરિભ્રમણ કરતો સાધક અનેક મતો ધરાવનારાના સંપર્કમાં આવે, અનેક વિતંડાવાદીઓના સંપર્કમાં આવે, તેને અદ્વૈતવાદી પણ મળે, ચાર્વાક પણ મળે, સગુણ સાકાર ઉપાસક પણ મળે, શૈવ, શાક્ત કે વૈષ્ણવ પણ મળે. એ ભિન્નભિન્ન મતમતાંતરવાળાઓને એણે તો એક જ સંદેશ આપવાનો રહે : ''પરમતત્ત્વ એક છે, અદ્વિતીય છે, દેહ અને દેહના વિકારોથી એ ભિન્ન છે, દેહમાં રહેલો એ દેહી છે. અરે ! એ તો અગ્નિની એક ચિનગારી છે. જેમ અગ્નિનો એક તણખો વિરાટ કપાસના ઢગને ખાખ બનાવવાને સમર્થ છે તેમ એ એક જ તણખો દૃશ્યાદૃશ્ય સમસ્ત સર્જનને આવરી લેવાને સમર્થ છે. અને છતાંય રાખ જેમ અગ્નિ નથી તેમ એ સર્જન પરમતત્ત્વ નથી.'' આવી આવી વાતો કરીને પોતાને જે બોધ થયો છે તે બોધ જગત સમક્ષ નીડરપણે રજૂ કરવાનું એનું કાર્ય છે. અને તેમ કરીને પોતાનો નિશ્ચય અડગ બનાવીને, તેને વળગી રહીને, એણે પોતાનો માર્ગ કાપવાનો છે. એમ કરતાં એને જે સહન કરવું પડે તે હસતે મુખે સહન કરવાનું છે. પણ એ હાસ્ય ક્યારે આવે ? શરીર કેવળ





પડછાયા જેવું છે, માનાપમાન શરીરનાં છે, આત્મા નિર્લેપ છે, એવો એનો અડગ નિશ્ચય થાય, એ અપમાનને ગળી જાય ત્યારે એ પરિભ્રમણના એના અનેકવિધ અનુભવો એને દેહઅહંતાથી અળગો કરવામાં ગુરૂની ગરજ સારે. અને જેમ જેમ એને કડવા અનુભવ થતા જાય તેમ તેમ એનું જ્ઞાન નિશ્ચળ અને હિમાચળ જેવું વિશાળ બનતું જાય. ત્યારે જ હસતે મુખ એ સઘળું સહન કરે. શ્રી અવધૂતભાખ્યો એ અનુભવપૂર્ણ પાઠ એને અગ્નિમાં તવાઈ તવાઈને શુદ્ધ બનેલા કાંચન જેવો શુદ્ધ બનાવે.

અનાદિમધ્યાંત અનન્તવીર્યશાળી એ પરમતત્ત્વનો આમ ઘરઘર આદેશ પહોંચાડવાનો આશય પણ કેટલો ઉદાત્ત છે ! શ્રી અવધૂત કહે છે :

"કૂફર ભૂત ભગાના."

કૂફર એટલે નાસ્તિકતા. ઈશ્વર વિશેના અવળા ખ્યાલ. એક ઘાએ બે પક્ષી મારવાનાં છે.

આજકાલના જમાનામાં આસ્તિકવાદ કરતાં નાસ્તિકવાદમાં રચ્યાપચ્યા રહેનારાઓની સંખ્યા વધારે છે. ધર્મ અને મોક્ષને કોરે મૂકી કેવળ અર્થ અને કામની પાછળ પડનારાની સંખ્યા અગણિત છે. "દેહ એ જ આત્મા છે" એવું માનનારાઓ "ऋणं कृत्वा घृतं पिबेत्"ના સિદ્ધાંતને જીવનમાં ઉતારી, "કોણે દીઠી કાલ"નો સિદ્ધાંત સ્વીકારી, પરમાનંદને તરછોડી, પાશવી આનંદ માણીને જ કૃતકૃત્ય થાય છે. "ઈશ્વર એક તૂત છે. આળસુઓનું આશ્વાસન છે" એમ કહેનારાઓ પણ ઘણા. એવાઓની એ ભ્રાંતિ ટાળવા માટે અને ઈશ્વર વિશે જગતમાં જે અવળા ખ્યાલો છે તે ખ્યાલો દૂર કરીને ઈશ્વરના અસ્તિત્વનો સંદેશો ઘરઘર પહોંચાડવાનું અહીં સૂચન છે. અને તેથી

"કૂફર ભૂત ભગાના."

એવું કહીને અર્થવિહોણી માન્યતાઓનો નાશ કરવાનું શ્રી અવધૂતે સૂચન કર્યું છે.

આ ત્રણ સોપાન જે સાધક ચઢ્યો તેને પરમતત્ત્વનું અંશતઃ જ્ઞાન થયું અને દેહઅહંતાનો પણ અંશતઃ લોપ થયો એમ કહી શકાય.

ભક્તિ વિનાનું જ્ઞાન એટલે સબરસ વિનાનું ભોજન. ભોજનને રસમય બનાવવાને ભોજનમાં જેમ સબરસની જરૂર, તેમ શુષ્ક જ્ઞાનને રસમય બનાવવાને ભક્તિની જરૂર છે. વૃક્ષને નવપલ્લવિત કરવાને જેમ જળસિંચનની જરૂર છે, તેમ જ્ઞાનને નિત્યનૂતન રાખવાને ભક્તિની જરૂર. ભક્તિ વિનાનું જ્ઞાન રસપ્રદ નથી, આનંદપ્રદ નથી. ભક્તિ એ જ્ઞાનની પૂરક છે. જ્ઞાન અને ભક્તિનો સુખદ સંયોગ જીવનને નિશ્ચળ અને આનંદમય બનાવે છે. જ્ઞાન કેવળ સાધન છે, જ્યારે ભક્તિ એ સ્વયં સાધન પણ છે અને સાધ્ય પણ છે. જ્ઞાન વિના પણ ભક્તિથી અર્થ સરે છે. જ્ઞાન વિના મુક્તિ નથી એ વાત સાચી પણ મુક્તિનો આનંદ

માણવાને તો ભક્તિની જ જરૂર છે. અને તેથી જ શ્રી અવધૂતે

"મુક્તિ છે ભક્તિની દાસી"

કહીને ભક્તિના ભાવ વધારી દીધા છે. ઉદ્ધવે પણ શ્રી ભગવાન પાસે જ્ઞાનોત્તર ભક્તિની જ યાચના કરી. પ્રેમ એ ભક્તિનું સ્વરૂપ છે. પ્રેમ એ પ્રભુનું સ્વરૂપ છે. અરે ! પ્રેમ એ પરમાત્મા જ છે. પણ એ પ્રેમ પાર્થિવ નહીં. એ પ્રેમ પરમ પવિત્ર. એ પ્રેમ ગોપીપ્રેમ. એ પ્રેમ વિનિમયની આશા વિનાનો અને જ્ઞાનોત્તર. ભક્તિ પણ એવી જ. એ ભક્તિ એટલે ભિન્નભિન્ન મતમતાંતરોની પ્રણાલિકાનો બાહ્યોપચાર નહીં પણ અંતરનું આકર્ષણ. જ્ઞાન પ્રાપ્ત કરવા માટેની પદ્ધતિ જેમ સૂક્ષ્મ અને માનસિક પરિવર્તન માટેની છે, તેમ જ્ઞાનોત્તર ભક્તિ પણ જ્ઞાન દ્વારા જે માનસિક પરિવર્તન સિદ્ધ થયું છે તેને આચારયુક્ત બનાવી, જ્ઞાન અને ભક્તિનો સંયોગ કરી, જ્ઞાન દ્વારા નિશ્ચિત થયેલા પરોક્ષભાવનો ભક્તિ દ્વારા અપરોક્ષ અનુભવ મેળવીને તત્સ્વરૂપ બની જવું એ છે.






આટલી વાત લક્ષમાં રાખીને હવે શ્રી અવધૂત આગળ શું કહે છે તે આપણે જોઈએ. જે જ્ઞાનનું વિવેચન અનેક ગ્રંથો દ્વારા થયું છે અને થાય છે તેનું નવનીત કેવળ ત્રણ સૂત્રોમાં શ્રી અવધૂતે કહી દીધું અને દેહની અનિત્યતા તથા આત્માની નિત્યતાનો ખ્યાલ આપણને આપ્યો. એ બોધ જો જીવનમાં ઊતરે તો જીવનનો કોલાહલ શાંત થઈ જાય. અને તેથી એ બોધને જીવનમાં ઉતારવાનાં શ્રી અવધૂત હવે સાધન ચીંધે છે.

"સબસે હિલમિલ જગમેં રહેના
મનકા સંગ છૂડાના."
"મૈં મેરા યહ દ્વૈત ભુલાના
અદ્વૈતાતમ ધ્યાના."

અદ્વેષ એ જ્ઞાનોત્તરભક્તિનું સૌ પ્રથમ લક્ષણ છે. ભગવાને પણ ભક્તનાં લક્ષણોનું વિવેચન કરતાં "પ્રાણીમાત્ર પ્રત્યે અદ્વેષ, મિત્રભાવ અને કરુણાભાવનું સર્વ પ્રથમ સૂચન કર્યું છે.

"अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च।"

શ્રી અવધૂત પણ બીજા શબ્દોમાં એ જ વાત કહે છે.

"સબસે હિલમિલ રહેના જગમેં"

એ વાક્યમાં અદ્વેષ, મૈત્રી અને કરુણાનો ભાવ આવે જ છે.

જગતમાં બધાય સાથે હળીમળીને રહેવું. સહઅસ્તિત્વનો એ પાયો છે. જગત જીવે છે, પણ એકલું જીવી શકતું નથી. પરસ્પરના મેળની જગતને જરૂર છે. જગત તો ધર્મશાળા જેવું છે. શરીરનું આવરદા પૂરું થયે એક દિવસ અંત આવવાનો જ છે, તો પછી જે થોડાં વર્ષ જગતમાં જીવવાનું છે તેટલાં વર્ષ કોઈ સાથે શા માટે બૂરાઈ કરવી પડે ? અને જ્યારે વ્યક્તિમાત્ર પોતપોતાનાં પ્રારબ્ધ અનુસાર પ્રાપ્ત કરે છે એ વાત

નિશ્ચિત છે, કીડીને કણ અને હાથીને મણ મળે એ જ્યારે નિર્માણ છે, તો પછી તવંગરની ઈર્ષા, ગરીબની ઘૃણા અને સમાનની સ્પર્ધા પણ શા સારુ કરવી ઘટે ? ઈર્ષા, ઘૃણા અને સ્પર્ધાનું જન્મસ્થાન દ્વેષબુદ્ધિ છે. જો રાગ હોય તો જ દ્વેષનું અસ્તિત્વ છે. રાગ અને દ્વેષ એ ઉભય વૃત્તિઓ જેના અંતરમાં નથી તે જ સાચી રીતે બધાની સાથે હળીમળીને જગતમાં જીવી શકે છે. એ જ રાગદ્વેષના કારણે જગતમાં પરસ્પર મિત્રભાવ અને શત્રુભાવ જાગ્રત થાય છે. પ્રાણીમાત્રમાં એ વૃત્તિ ઓછા-વધતા પ્રમાણમાં જોવામાં આવે છે. વસ્તુતઃ જોતાં એ ઉભય વૃત્તિઓને જીવનમાં સ્થાન જ નથી. પણ મમત્વના કારણે જ કોઈને શત્રુ માને છે, કોઈને મિત્ર માને છે. એ વિકૃત ભાવનાનો ત્યાગ કરીને બધાએ સાથે હળીમળીને ચાલવામાં જ જીવન જીવ્યાનો આનંદ રહેલો છે. સંધ્યા સમયે આપણે એક વૃક્ષ પર અનેક પક્ષીઓને આવીને વિસામો લેતાં અને પ્રભાતે ઊડી જતાં જોઈએ છીએ. ધર્મશાળામાં પણ આપણે અનેકવિધ મનુષ્યોને આવીને નિવાસ કરતા અને સમય થયે ચાલ્યા જતા જોઈએ છીએ. સરિતામાં વર્ષાકાળે પૂર આવતાં અનેક કાષ્ટના ટુકડા તણાઈ આવે છે. કોક સમે ભેળાં થાય, કોક સમે પાણીના પ્રવાહમાં વિખૂટાં પડી જાય. એ જ રીતે જગતમાં આપણે અને આપણા જેવા બધાએ જ જેટલો સમય પ્રારબ્ધભોગનું નિર્માણ થયું છે તેટલો સમય રહેવાનું છે અને શરીરનું પ્રારબ્ધ પૂરું થયે સૌનો સમય આવ્યે ચાલ્યા જવાનું છે. તો એવા સ્વપ્નસમા આ સંસારમાં શા સારુ કોઈ સાથે અણબનાવ કરવો ઘટે ? તમે તમારું રળ્યું ખાશો, હું મારું રળ્યું ખાઈશ. કોઈ કોઈને આપી ચલાવતું નથી. પ્રભુનાં સર્વ બાળકો છે. કોઈ નાનું નથી, કોઈ મોટું નથી. ગરીબ તવંગરના ભેદ તો આપણે પાડ્યા છે, નાનામોટાના ભેદ તો આપણે પાડ્યા છે. એક જ અગ્નિની ચિનગારીસમા બધાય જીવો એક જ સરખા છે. પ્રભુને ત્યાં કોઈને માટે ભેદભાવ નથી. પ્રભુ કોઈનો રાગ કરતો નથી, કોઈનો દ્વેષ કરતો નથી. આપણે પ્રભુનાં સંતાનો છીએ, પ્રભુના અંશ છીએ. દેહભાવે દાસત્વ, જીવભાવે અંશત્વ અને આત્મભાવે એકત્વ એ શ્રી હનુમાનગાયું આપણું સ્થાન છે. પછી શા સારુ એ જીવનના ઝઘડા ? શા સારુ એ રાગદ્વેષ ? શા સારુ એ અસમાનતા ? પુષ્પો ખીલે છે, ખીલીને ખરી જાય છે અને સ્થૂળમાં મળી જાય છે પણ પાછળ પોતાની પરિમલ વેરતા જાય છે. માનવજાતે પણ પુષ્પ સમું જીવન જીવી જતાં જતાં જગતમાં સૌરભ મૂકતાં જવું કે જેથી પાછળ પણ તેની ભલાઈના ગુણગાન ગવાય અને અમરત્વ પ્રાપ્ત થાય. મહાન સંતો જીવ્યા, જીવીને જે પરિમલ પ્રસરાવી તે આજ સુધી અમર છે. એ સાધના કરવા માટે મનુષ્યે પોતાના મનમાં અહંભાવના પરિણામે જે આસક્તિ જાગ્રત થયેલી છે તેનો ત્યાગ કરવો જરૂરનો છે. આસક્તિ એ જ રાગદ્વેષનું મૂળ છે. મૂળ છેદાઈ જતાં વૃક્ષ

આપોઆપ સુકાઈ જશે એમાં શક નથી. જ્યાં સુધી ''હું'' અને ''મારું'' એવું દ્વૈતભાન રહેલું છે, ત્યાં સુધી એ આસક્તિ છૂટતી નથી. અને તેથી એ દ્વૈતને ટાળવા આસક્તિનો અથવા આસક્તિને ટાળવા દ્વૈતનો ત્યાગ કરવો આવશ્યક છે. દ્વૈતભાવ એટલે મમત્વ. અને આસક્તિમાં અહંકાર રહેલો જ છે. એ અહંકારનો નાશ થતાં એ ઉભય વૃત્તિઓનું પણ મૃત્યુ થશે એ નિઃશંક છે. બધાની સાથે હળીમળીને રહેવા માટે સાધકે આટલું કરવું જરૂરનું છે. તાત્પર્ય એ છે કે અદ્વેષ, મૈત્રી અને કરુણા એ ત્રણ વૃત્તિઓને કેળવવાથી શ્રી અવધૂત કહે છે તેમ જગતમાં બધા સાથે હળીમળીને મનુષ્ય રહી શકે છે. અરે ! માત્ર એટલું જ કરોને ! પછી તમારે પ્રભુને શોધવા પણ નહીં જવું પડે. પ્રભુ તમારી સન્મુખ આવીને ઊભો જ છે એમ સમજો. પણ એ થાય ક્યારે ? શ્રી અવધૂત કહે છે :

''મનકા સંગ છુડાના.''

રાગદ્વેષ, સુખદુઃખ અને એવી એવી જેટલી વૃત્તિઓ છે તે બધીનું જન્મસ્થાન મન છે. વિષયોમાં ઓતપ્રોત બનેલા મનમાં અહંતા, મમતા આદિ જે વિકારવૃત્તિઓ છે તેમાંથી મનને મુક્ત કરવાનું શ્રી અવધૂત સૂચન કરે છે. ખરું પૂછો તો જેને મન નથી તેને આ બધી ઉપાધિઓ પણ નથી. સંતોએ પણ એ મર્મ કળીને કાંઈ પણ સાધન કરવા કરતાં કેવળ મનને જ 'અમન' કરવા તરફ સાધકનું ધ્યાન ખેંચ્યું છે. અને એ મનનો સંગ છોડવવા માટે જ સાધકે કટીબદ્ધ થવું જરૂરનું છે. જેને મન નથી તેને મનના વિકાર નથી. જેને મન નથી તેને જગત નથી. જેને મન નથી તે તાજ વિનાનો જગતનો શિરતાજ છે. જેને મન નથી તેને કામના નથી. જેને કામના નથી તેને વિકાર નથી. જેને વિકાર નથી તે સુખી છે. જે સુખી છે તે શાંત છે અને શાંત છે તે પ્રભુમય છે- પ્રભુ જ છે.

મનનો સંગ છૂટી જશે એટલે ''હું'' અને ''મારું'' એ જે મનનું ઊભું કરેલું શૂળ છે તે પણ આપોઆપ છૂટી જશે. એ દ્વૈત ભુલાતાં કેવળ અદ્વૈત આત્મા જ અવશેષ રહેશે. શ્રી અવધૂત એ અદ્વૈત આત્માનું જ ધ્યાન ધરવાનું સૂચન કરે છે.

''અદ્વૈતાતમ ધ્યાના.''

''જે જેનું ધ્યાન ધરે તે તેવો થાય છે,'' એ ન્યાયે અદ્વૈતાત્માનું ધ્યાન ધરવાથી આ ભવમાં શાંતિથી જીવન વ્યતીત થશે અને પરભવ માટે ભાથું બાંધી શકાશે. જ્યાં સુધી પ્રારબ્ધ ક્ષીણ નહીં થાય ત્યાં સુધી જન્મ-મરણ તો રહેશે જ પણ જન્મ અને મૃત્યુની ભીષણતાને એ શાશ્વત શાંતિ ગળી જશે. એ રીતે કરવાથી જગતની દૃષ્ટિએ ભલે મનુષ્ય કંગાળ જણાય પણ જગત જેને માટે વલખાં મારે છે તે અંતરસુખ અને અંતર-શાંતિ એ અનુભવી શકે એ નિઃશંક છે.






એ અદ્વૈત આત્માનું ધ્યાન પણ શી રીતે ધરવાનું? "अयमात्माब्रह्म" એવું વેદ વાક્ય છે. "जीवो ब्रह्मैव नापरः" એવું પણ એક શ્રુતિવાક્ય છે. જીવ, આત્મા, બ્રહ્મ અને અનેક નામે, અનેક ભેદે જેની શાસ્ત્રો ઓળખ આપે છે તે એક જ પરમતત્ત્વ છે. તાત્પર્ય એ છે કે જે બ્રહ્મ સર્વવ્યાપક છે તે જ બ્રહ્મ પ્રાણીમાત્રમાં અંશરૂપે રહેલું છે. "જીવ મારો અંશ છે."

**ममैवांशो जीवलोके जीवभूतः सनातनः**

એવું શ્રી ભગવાને પણ કહ્યું છે. તાત્ત્વિકદૃષ્ટિએ જ્યારે દ્વૈત જેવું કશું જ નથી, અનેકવિધ પકવાન્નોના મૂળમાં જેમ ઘઉં (wheat) છે તેમ નામરૂપાત્મક જગતના મૂળમાં જ્યારે બ્રહ્મ જ વ્યાપ્ત છે, તો પછી નામરૂપાત્મક દ્વૈતના આધારે અદ્વૈતનો છેહ શા સારુ કરવો ઘટે? જેમ ઘઉં વિના પકવાન્ન બની શકતાં નથી, માટી વિના ઘટ બની શકતો નથી, સૂતર વિના વસ્ત્ર બની શકતું નથી, તેમ બ્રહ્મ વિના, અદ્વૈતાત્મા વિના જગતનું અસ્તિત્વ નથી. "આ જે કાંઈ છે તે બધું જ બ્રહ્મ છે – सर्वं खल्विदं ब्रह्म" એ વેદવાક્યનો ભાવ જ એ છે કે દ્વૈતભાવ કેવળ અહંજનિત છે. અહંના પ્રભાવે જ જગતનો કોલાહલ છે. શ્રી અવધૂતે **"અહંની ગર્જના શાને ?"** એવું કહ્યું છે. નગારાનો શબ્દ શ્રાવ્ય થાય એ કારણે જેમ દંડના આઘાતની જરૂર છે, તેમ અદ્વૈતમાં દ્વૈતવૃત્તિ જાગ્રત કરવાને અહંરૂપી દંડની જરૂર છે. એ દંડના આઘાતના અભાવે જેમ નગારાનો અવાજ થતો નથી, તેમ અહંના અભાવે અદ્વૈતમાંથી દ્વૈત જાગ્રત થતું નથી. શ્રી અવધૂતે અહીં સંકેતરૂપે એવા અદ્વૈતભાવને જાગ્રત કરી વેદભાખ્યા અદ્વૈત, અખંડાત્માનું ધ્યાન ધરીને તેના પરિણામરૂપે "અહં"નું વિસર્જન કરવાનું સૂચવ્યું છે :

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"ચંદન સમ નિજ કાય જલાના,**<br>
**જગમેં સુગંધ ફૈલાના;**<br>
**શીતલ વચનામૃતધારાસે,**<br>
**દુખિયન દુઃખ મિટાના."**

આ ગીત ખરેખર સાધનસોપાન છે. પરમતત્ત્વને પામવા માટે એક સાધકને શાં શાં સાધનો આવશ્યક છે તે સાધનપરંપરાનું અહીં શ્રી અવધૂત ક્રમશઃ વર્ણન કરે છે. શ્રી ભગવાને પણ ભક્તનાં લક્ષણોની જે પરંપરા ગીતામાં ગાઈ છે તેનો આપણને અહીં અવશ્ય ખ્યાલ આવે છે.

ચંદનકાષ્ટ બળે છે. બળતાં બળતાં એ પોતાની સુગંધથી જગતનાં લોકને શાંતિ આપે છે. બળીને રાખ બને છે. એ રાખ પણ સુગંધિત જ હોય છે. સુખડનું લાકડું બળે છે ત્યારે તે જેમ જેમ બળતું જાય છે તેમ તેમ તેની સુવાસ વાયુમંડળમાં વધારે ને વધારે ફેલાતી જાય છે. સંત પુરુષો ચંદનનાં કાષ્ટ જેવા છે. પરાયાને અર્થે જ જીવન જીવનારા

એ જ્યાં જાય છે ત્યાં પ્રભુના દિવ્યનામનો સંદેશો પહોંચાડતા જાય છે. પરદુઃખે દુઃખી થઈને બીજાઓને સુખ પહોંચાડવું એ સંતોનું જીવનવ્રત છે, અને તેથી જ તે પારકાને અર્થે પોતાની કાયા ઘસી નાખતાં તો શું પણ પ્રાણાર્પણ કરતાં એ અચકાતા નથી. ઇન્દ્રરાજાએ અસુરોને હણવા માટે દધીચિ ઋષિના કરોડરજ્જુનાં હાડકાંની યાચના કરી. હસતે મુખ એ મહાનુભાવે પ્રાણોત્ક્રમણ કર્યું અને ઇન્દ્રને તે આપ્યું. ચંદનકાષ્ટ બળે છે અને સુગંધ પ્રસારી અન્યને સુખી કરે છે એ ખરું, પણ એ તો એનો સ્વભાવ છે. બળતું ચંદનકાષ્ટ "બીજાઓને સુખ થશે માટે મારે બળવું જોઈએ" એવો સંકલ્પ કરીને બળતું નથી. ચંદન બળે અને તેના પરિણામે બીજાઓને સુખ થાય એ સ્વાભાવિક છે. સંતો સંકટો સહન કરે છે પણ તે સ્વાભાવિકપણે. એના એ કષ્ટ સહન કરવાથી અન્યને સુખલાભ થશે, એવા સંકલ્પથી એ સંકટ સહન કરતા નથી. સ્વાભાવિક કૃત્યનું પરિણામ બીજાઓ માટે હિતકર નીવડે એ જ સાચું કર્તવ્ય છે. કર્તવ્ય કર્તવ્યને ખાતર જ થવું જોઈએ. અને ત્યારે જ તે નિષ્કામ બને અને તો જ પરિણામ બીજાઓને સુખકર થાય. સૂર્ય ઊગે છે. જગતને પ્રકાશ મળશે માટે નહીં પણ ઊગવું એ તેનો ધર્મ છે માટે. વરસાદ વરસે છે. ખેડૂત ખેતી કરી ધાન્ય પકવશે માટે નહીં પણ વરસવું એ તેનો ધર્મ છે માટે. સૂર્યના પ્રકાશનો કે વર્ષાનાં વારિનો જગતના જીવો લાભ લે અને એ કર્મનું શુભ પરિણામ આવે એ વાત જુદી છે. અને એ જ રીતે વ્યક્તિમાત્રે ચંદનકાષ્ટનું દૃષ્ટાંત જીવનમાં ઉતારવું આવશ્યક છે. ચંદન જેમ પરિમલ પ્રસારે છે તેમ પ્રત્યેક મનુષ્યે પોતાનો જીવનપ્રવાહ એવો રાખવો જોઈએ કે જેથી કોઈને જરાય ક્લેશ ન થાય, એટલું જ નહીં પણ બીજાઓને બે બૂરા બોલ બોલવાનો પણ પ્રસંગ ન આવે. આવી રીતે સ્વાભાવિક જીવન જીવનાર ખરેખર જગતને પોતાના આચારથી જીતે છે. જગતમાં તેનો કોઈ શત્રુ નથી. તે જગતનો મિત્ર છે. જગત તેનું મિત્ર છે અને મિત્રભાવે જ પરસ્પર જીવનવહેવાર નભે છે અને એમ કરીને તે શ્રેષ્ઠતાના શિખરે પહોંચે છે.

સુગંધ એ સુખની લાગણી સર્જાવે છે. પરિમલ એ ચંદનનો મુખ્ય ગુણ છે. એના પરિણામે જ એ પરમાત્માને ચંદનરૂપે ચઢે છે. પ્રાણીમાત્રને કોઈ પણ પ્રકારે સુખ થાય એવું વર્તન કરવું એ જ સાચી પ્રભુસેવા છે, એ જ સાચું ઈશ્વરારાધન છે અને તેથી જનતારૂપી જનાર્દનને સુખ આપવામાં ચંદનકાષ્ટ પેરે ભસ્મસાત્ થવું પડે તો તે બધું જ "પ્રભુની પૂજા" માનીને કરવું એ જ સાચું જીવન છે. એ જ સર્વ સ્વાર્પણ છે. એ જ આત્મનિવેદન છે. એ કારણે જ અહીં શ્રી અવધૂતે ચંદનકાષ્ટનું દૃષ્ટાંત આપી સંસારમાં સુખસંચાર કરવા માટે ઘસાઈ છૂટવાનું તથા અસ્તિત્વના ભોગે પણ પરાયાને સુખી કરવાનું સૂચન કર્યું છે.






અને બીજું શું કરવું ?

"શીતળ વચનામૃતધારાસે,
દુખિયન દુઃખ મિટાના."

શીતલ વચનામૃતધારાનો વર્ષાવ કરવો. વર્ષાકાળે આભલાં વરસે, વરસીને પ્રખર તાપે ધીકતી ભોમને ઠારે, વાયુમંડળમાં શીતળતા સર્જાવે અને તેના કારણે પશુ, પંખી આદિ જંગમ જગત, વૃક્ષ આદિ સ્થાવર જગત સુખિયું થાય. દુઃખ દૂર થાય ત્યારે જ સુખનો અનુભવ થાય ને ? અથવા સુખનો આનંદ આવે એટલે જ દુઃખ અદશ્ય થાય ને ? પણ આભલાં જ્યારે છૂટાંછવાયા પાણીના છાંટા ધરતી પર છાંટી ઊડી જાય ત્યારે શીતળતા આવતી નથી. શ્રી અવધૂતના શબ્દોની અહીં મઝા છે. "શીતળ વચનામૃતધારા." જેમ મેઘને ભેદભાવ નથી તેમ સંતને પણ ભેદભાવ નથી. વચન કેવાં હોય ? શીતળ. કેવાં શીતળ ? અમૃત જેવાં. અને તે વેણ પણ પ્રસંગોપાત્ત નહીં પણ મેઘની ધારા સમાં સતત વહેતાં હોય. જ્યારે જ્યારે એનાં વેણ નીકળે ત્યારે ત્યારે તેનો પ્રવાહ પાણીના પ્રવાહ જેવો હોય. હસ્તનક્ષત્રનાં શીતળજળ જેવો. પરિણામ શું ? મીઠાં વેણ મિત્ર સર્જાવે. કડવાં વેણ શત્રુ સર્જાવે. ખરું પૂછો તો સુખ પણ નથી અને દુઃખ પણ નથી. આત્મા તો કેવળ આનંદ સ્વરૂપ છે. એ નિર્ભેળ આનંદ તો સદા નિર્ભેળ જ રહે છે. ભગવાનને ત્યાં જઈને દુઃખ માંગશો તો તે તમને નહીં આપી શકે, કારણ કે પ્રભુ તો સુખ અને આનંદસ્વરૂપ હોવાથી ત્યાં દુઃખની કલ્પના પણ સંભવિત નથી. સૂર્ય પાસે પહોંચીને તમે અંધકારની ભિક્ષા માંગશો તો તમારી ઝોળી ખાલી જ રહેવાની. પ્રકાશ એ જ સૂર્ય છે. અંધકાર એ પ્રકાશ પાસે સંભવિત નથી. સુખ અને દુઃખ મનનાં આભાસમાત્ર છે. અને તે માનવીને રીઝવે છે, રોવરાવે છે. મનના એ આભાસનો નાશ થાય તે જ સાચું સ્વરૂપ છે. પણ જ્યાં સુધી એ આભાસ છે ત્યાં સુધી તો કલ્પિત આનંદ અથવા કલ્પિત શોક રહેવાનો જ છે. એ કલ્પિત વેદના ટાળવા માટે બે મીઠાં વેણની જરૂર છે. એનાથી ભલે ક્ષણિક પણ શાંતિ મળે છે. અને તેથી અમૃત શાં મીઠાં વેણ બોલવાનું શ્રી અવધૂતે સૂચન કર્યું છે.

બે સારા શબ્દો બોલવામાં જાય છે પણ શું ? બંને રીતે વાણીપ્રવાહ વહેતો કરવામાં કિંમત તો કોડીની પણ આપવી પડતી નથી. પણ એક મિત્રતામાં પરિણમે છે, બીજામાં શત્રુતા. કોઈ દુઃખિયાને આશ્વાસનનાં બે મીઠાં વેણ કહેવાથી ખરી રીતે તેનું દુઃખ તો દૂર થતું જ નથી પણ તત્પૂરતું તેને આશ્વાસન મળે છે, દુઃખ વિસારે પડે છે અને શાંતિ થાય છે. દુઃખિયાને પૂછો : "ભાઈ, શું છે ?" અને એનું અડધું દુઃખ તો તમારાં મીઠાં વેણથી જ દૂર થશે. એ આશ્વાસન કેટલું સુખદ છે તેની અનુભવ વિના કલ્પના કેમ કરાય ? "મા" કહેવાથી સ્રીના અંતરમાંથી

પ્રેમ ઝરશે. ''બાપની બાયડી'' કહેવાથી તેના મુખમાં બે કડવાં વેણ જ સાંભળવાનાં મળશે. શીતળ વચન અમૃતની ધારા જેવું છે. અમૃત પીનાર જેમ શાંતિનો અનુભવ કરે છે તેમ શીતળ વચન સાંભળનાર પણ શાંતિનો જ અનુભવ કરે છે. શીતળ વચન પોતાને પણ શાંતિ આપે છે અને સાંભળનારને પણ ઠારે છે. કડવાં વેણમાં તિરસ્કાર છે, ઘૃણા અથવા ક્રોધનો ભાવ રહેલો છે. પરિણામે બોલનારને પણ ઉત્તેજનાનો ભાવ થાય છે અને સાંભળનારને પણ તે સાંભળીને ક્યાં તો ક્રોધ ઉત્પન્ન થાય છે અથવા બોલનાર પ્રત્યે તિરસ્કારવૃત્તિ પેદા થાય છે. અર્થ એકેનો સરતો નથી. ઉભયપક્ષે ક્લેશનો જ અનુભવ થાય છે. એટલે કટુ વચન કહેવાનાં છોડી હંમેશાં અમૃત શાં મીઠાં વેણ બોલીને સાંભળનારને શાંતિ આપવી એ માનવધર્મ છે. ''नब्रूयात्सत्यमप्रियम्'' એ નીતિવેણ પણ આજ વાતનું સૂચન કરે છે.

### દુખિયન દુઃખ મિટાના.

શીતળ વચનામૃતધારાથી દુઃખી મનુષ્યોનાં દુઃખ મટાડવાં. જ્યાં સુધી દ્વૈતભાવ છે ત્યાં સુધી દ્વંદ્વો જીવ સાથે જકડાયેલાં જ છે. અને તેથી જ દુઃખનો આભાસ થાય છે. પ્રતિકૂળ પરિસ્થિતિ એટલે દુઃખ. અનુકૂળ તન, મન અને ધનથી પણ એ કરવું ઘટે. શક્તિશાળીઓ અશક્તને રક્ષણ આપે, ઉન્નત ભાવનાશીલ અધોગતિના ગર્તમાં પડતાઓને ઉદ્ધારે અને ધનવાનો ગરીબોના દુઃખનું નિવારણ કરે. જગતમાં જેને ધન મળ્યું છે તે તેનો સારો ઉપયોગ કરે. સદ્ વ્યય કરવાને બદલે માત્ર તેને ભોંયમાં ભંડારી રાખે કિંવા કેવળ પોતાને અર્થે જ ખરચે તે ખરા ધનવાન નથી. પૈસામાંથી પાઈ સરખીય જે પારકાના કલ્યાણ અર્થે ખરચે તે જ ખરો ધનવાન છે. મને કે તમને મળતી લક્ષ્મીનો સદુપયોગ છે. જે પ્રાપ્ત થાય છે તે પ્રભુદત્ત છે, પ્રારબ્ધનું પરિણામ છે અને તેનો ત્યાગપૂર્વક ભોગ કરવો એ જ માનવતા છે. લોભી વૃત્તિ કે મોહને વશ એ લક્ષ્મી અથવા સંપત્તિનો કેવળ સ્વાર્થને ખાતર સંચય કરનાર પોતે પણ સુખી થતો નથી અને બીજાઓને પણ સુખી કરી શકતો નથી. એક ગરીબ ભિખારીને પાંચ રૂપિયા આપીને તમે તેનું દળદર ટાળી શકતા નથી પણ એ પાંચ રૂપિયા તેને કેટલી શાંતિ આપશે ? તેને કેટલું આશ્વાસન મળશે ?

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**મરકે અમૃત હોના સાંઈ,**
**જીવત્ સમાધિ લેના;**
**અનહદ બંસી મધુર બજાના;**
**અનલહક્ક મુખ ગાના !**

મૃત્યુ એ જીવનો જન્માન્તર છે. જન્મ અને મૃત્યુ પરસ્પરાવલંબી છે. એક વિના બીજું સંભવિત નથી પણ અહીં તો મરીને અમર થવાનું






કહ્યું છે. સર્જનમાત્રનું મૃત્યુ એ નિશ્ચિત છે.

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।

"જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે." એ ગીતાવાક્ય એની શાખ પૂરે છે. માનવજીવનની મહત્તા જન્મીને મરવામાં નથી પણ જીવતાં જીવતાં જ મૃત્યુનો મર્મ કળીને મરીને અમર બનવામાં છે. કરોડો-અગણિત જીવ જન્મે છે અને મરે છે. મરીને પાછા જન્મે છે. એ જન્મ પણ શાશ્વત નથી અને મૃત્યુ પણ શાશ્વત નથી. અહીં શ્રી અવધૂત શાશ્વત મૃત્યુની વાત કરે છે. નથી જ્યાં મૃત્યુ કે નથી જ્યાં જન્મ એવા જન્મમરણરહિત અમરત્વનું શ્રી અવધૂત આપણને ભાન કરાવે છે. એ અમૃત એટલે શું ? એ અમરત્વ એટલે શું ? આ વાત દેહના મૃત્યુની નથી. દેહ તો મરે છે અને જન્મે છે. એ ઘટમાળ જ્યાં સુધી દેહનું પ્રારબ્ધ છે ત્યાં સુધી ચાલુ જ રહેશે. અહીં તો મરીને અમૃત-અમર થવાની વાત છે. મરનાર કોણ? એ અમર થનાર કોણ ? અને એ અમૃત શું ? એનો વિચાર કરીએ.

"જીવ બ્રહ્મ છે, બીજું કાંઈ નથી." એવું વેદવાક્ય છે. જો જીવ બ્રહ્મ જ છે તો તે અમૃત છે, અમર છે. અમરને મરણ નથી. જીવ પરમતત્ત્વનો અંશ છે. અંશના ધર્મ અંશીના ધર્મ જેવા જ છે. પરમાત્મા અમર છે એટલે જીવ પણ અમર છે. જીવને મરણ નથી છતાંય જ્યારે દેહ મરે છે ત્યારે 'હું મરી ગયો' એમ જીવ માને છે અને મૃત્યુની વેદનાથી દુ:ખી થાય છે. શા માટે ? દેહનો અધ્યાસ છે, માયાનું આવરણ છે માટે. પોતે જે નથી તે છે એમ માનીને જીવ મૃત્યુભયથી ત્રાસે છે. જીવને જણાતી દેહઅહંતા જ તેના જન્મ અને મૃત્યુનું કારણ બને છે. એ દેહાધ્યાસ ટળ્યો એટલે છતે દેહે જ દેહનું મૃત્યુ થયું. ફરીથી એ દેહાધ્યાસ જાગ્રત ન થાય એટલે, જે અમૃત છે તેના અમૃતત્વનું-અમરત્વનું જીવને ભાન થાય એટલે જ તે અમૃત-અમર બને. આ વિદ્યાવિશિષ્ટ આત્મા એ જીવ. એ જ આત્મા ભૂતમાત્રના આશયે રહેલો છે.

अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः

"હે અર્જુન, હું સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલો આત્મા છું", એવું શ્રી ભગવાને કહ્યું. અહીં શ્રી અવધૂતે

"મરકે અમૃત હોના"

એ શબ્દો ઉચ્ચારીને સાધકને જીવભાવનું વિસર્જન કરીને શિવભાવ સાધ્ય કરવાનું સૂચન કર્યું છે. મરીને અમર થવાનો એ જ મર્મ છે, રાજમાર્ગ છે અને જીવનમુક્તિ પણ એ જ છે. પ્રાપ્ત કરવાનું સાધન ઈશાવાસ્ય ઉપનિષદમાં કહ્યું છે.

सम्भूतिं च विनाशं च यस्तद्वेदोभयंसह ।
विनाशेन मृत्युं तीर्त्वा सम्भूत्यामृतमस्नु ते ॥





''જે અસમ્ભૂતિ અને કાર્યબ્રહ્મ એ બંનેને સાથે સાથે જાણે છે તે કાર્યબ્રહ્મની ઉપાસનાથી મૃત્યુને પાર કરીને અસંભૂતિ દ્વારા અમરત્વ પ્રાપ્ત કરે છે.''

પોતે પોતાનું મૃત્યુ જોઈ શકતો નથી. મૃત્યુની વેદનાનો અનુભવ કરે છે ખરો પણ તેમાં પુરુષાર્થ નથી. મૃત્યુને જીવતાં જોવું એ જ પુરુષાર્થ છે. જમને ઘેર અડંગો લગાવવો એજ ખરી નીડરતા-હિંમત છે અને તેથી જ અહીં

"મરકે અમૃત હોના."

એવું શ્રી અવધૂતે કહ્યું છે. મરશે તો દેહ અને જીવશે તો પણ દેહ. જન્મ લેશે તે પણ દેહ જ. એટલે જન્મ, જીવન અને મૃત્યુ એ બધાંય દેહને જ વળગેલાં છે. આત્માને દેહની એ સ્થિતિ સાથે કશો જ સંબંધ નથી. આત્મા તો

अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ।

''એ અજન્મા, નિત્ય, સનાતન અને પુરાતન છે તેથી શરીર મરાય છતાં મરતો નથી.'' એ રીતે અજરામર છે. તેથી મનુષ્યે મરતાં શીખવું જોઈએ. હું આપઘાત કરવાની વાત નથી કરતો. આપઘાત કરનારો કાયર છે. ''અહં''નો ઘાત કરનાર વીર છે. અને અહીં એ ''અહં''નો ઘાત કરી આત્મદર્શન કરવાનું સૂચન છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જીવતાં જીવતાં જગતની જંજાળમાંથી પુરુષાર્થ કરીને માયાવિશિષ્ટ આત્માને માયાથી મુક્ત કરીને આત્સાક્ષાત્કાર કરવાથી જીવભાવનું મૃત્યુ થાય છે. શિવભાવે અમૃત-થવાય છે. અમર થવાનું હોતું નથી પણ અમરત્વનું-અમૃતત્વનું સુષુપ્ત જ્ઞાન સૂર્ય પેરે પ્રકાશે છે. જ્યાં સુધી એવું જીવન જીવતાં નહીં શીખીએ ત્યાં સુધી માનવધર્મની મહત્તા નથી. સર્જન સમસ્તમાં મનુષ્યજન્મ જ મહત્ત્વનો છે. મનુષ્યયોનીમાં જ આત્મતત્ત્વ જાણવાની, પામવાની, અમૃતપાન કરવાની અને પોતાનો ઉદ્ધાર કરવાની બુદ્ધિ અને શક્તિ પરમાત્માએ મૂકેલી છે. તેથી જીવતાં મરવું અને અમર થઈને જન્મમૃત્યુના ફેરા ટાળવા એ જ સાચી સ્થિતિ છે. જીવનસમાધિ લેવી એનો અર્થ પણ એ જ છે. જીવનસમાધિ એટલે પ્રાણનિરોધ કરીને ચાર દીવાલો વચ્ચે ચણાઈ રહેવું અને એ રીતે કૃત્રિમ મૃત્યુ આણવું એમ નથી, જીવનું ચૈતન્ય દેહમાં કાર્ય કરે છે ત્યાં સુધીમાં જીવ અને શિવનું ઐક્ય સાધીને સદાય શિવભાવમાં રહી જીવભાવને ભૂલી જવો એ છે. ત્યારે જીવ જીવ રહેતો નથી, શિવ શિવ રહેતો નથી અને જીવશિવ બધુંય એ પરમતત્ત્વમાં સમાઈ જાય છે. અમરત્વમાં અમરત્વ મળી જાય છે. એ જ સાચી જીવનસમાધિ છે. કેવળ પ્રાણનિરોધ કરી દિવસો સુધી અથવા વર્ષો સુધી જીવને દેહમાં ગૂંગળાવી રાખવો એ સાચી સમાધિ નથી. જીવશિવની અખંડતાનો-






એકતાનો અખંડભાવ એ જ સાચી સમાધિ છે. અને અહીં શ્રી અવધૂતે પણ એવી જીવનસમાધિ લેવાનું સાધકને સૂચવ્યું છે.

એવી જીવનસમાધિ સાધ્ય કરીને, આત્મતત્ત્વનું દર્શન કરીને પછી શું કરશું ? જીવનસમાધિ લેનાર નિશ્ચેષ્ટ કે નિષ્ક્રિય નથી રહેતો. તે બોલે છે, ચાલે છે, હરે છે, ફરે છે, અને દેહના બધાય ધર્મો કરે છે. એટલું જ નહીં પણ ઇતર મનુષ્યોથી તે કાંઈ અનેરો જણાતો નથી. છતાંય એનું અખંડ અનુસંધાન કોઈ પણ ક્ષણે તૂટતું નથી. એ જીવનસમાધિમાં જ હોય છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત

**"અનહદ બંસી મધુર બજાના;**
**અનલહક્ક મુખ ગાના !"**

એવું કહે છે. ખૂબજ માર્મિક વાત છે. વાચનારને વિચાર કરતો કરી મૂકે છે. થોડા શબ્દોમાં ઘણું કહેવું એ સૂત્રાત્મક ભાષા. શ્રી અવધૂતની ભાષા એવી છે.

જ્યાં આકાશ છે ત્યાં શબ્દ પણ છે. આકાશ અને શબ્દ એ સાકર અને સ્વાદ પ્રમાણે અભિન્ન છે. સાકર જેમ સ્વાદથી જુદી પડી શકતી નથી તેમ શબ્દ આકાશથી જુદો પડી શકતો નથી. શાસ્ત્રોએ હૃદયને આકાશની ઉપમા આપી છે. એ હૃદયાકાશમાં પરમતત્ત્વનું સ્થાન છે અને એ આકાશમાં શબ્દનો અખંડનાદ નીકળે છે. એ નાદ બીજા નાદના જેવો સહજશ્રાવ્ય નથી પણ જેણે આત્મૈક્યતા સાધી છે તેને એ અખંડ "સોઽહમ્" નાદ કાન વિના જ સંભળાય છે. એ અશ્રાવ્ય નાદનો અનુભવ કરી શકાય છે અને તેથી અહીં શ્રી અવધૂતે એ અનહદ-જેની મર્યાદા નથી તે અમર્યાદ-નાદની મધુર બંસી બજાવવાનું કહ્યું છે. એ નાદની મધુરતા તો જેણે એ નાદનો અનુભવ કર્યો હોય તે જ જાણે. પણ અહીં બંસીના નાદની મધુરતા સાથે એ નાદની મધુરતાને સરખાવી છે. એ બંસીનાદ વ્રજની ગોપીએ શ્રવણ કર્યો. કેટલો મધુર ! એ નાદમાં ભૂલી એ દેહભાન. શ્રી કૃષ્ણભાવવિભોર એ બંસીનાદે એ જીવભાવ પણ ભુલી. એવો એ બંસીનાદ-મધુર-અનહદ મધુરનાદ. અહીં શ્રી અવધૂતે નાદાનુસંધાનનો સંકેત કર્યો છે. મૂળાધારમાંથી સ્ફુરતા એ નાદમાં ચિત્તનો નિરોધ કરીને જીવભાવ ભૂલવાનો આ એક પ્રકાર છે. અસ્તુ.

એ નાદાનુસંધાન કરીને, એ નાદમાં ચિત્તનો લય કરીને એ નાદ સાંભળતાં સાંભળતાં "અનલહક્ક" એટલે "હું બ્રહ્મ છું" એવું ગાન ગાવાનું પણ શ્રી અવધૂતે કહ્યું છે. "હું બ્રહ્મ છું" એમ કહેવું નિરર્થક છે. કારણ કે જેણે બ્રહ્મનો અનુભવ કર્યો છે તે "હું બ્રહ્મ છું" એમ કહી શકતો નથી. તે "હું" રહ્યો નથી. જ્યાં સુધી "હું" છે ત્યાં સુધી જ "હું કોણ છું" તેનું સાનભાન પણ છે. અને તેથી અહીં અનહદ

''સોઽહમ્''ના નાદની સાથે જ એ ''અહં બ્રહ્માઽસ્મિ'' તત્ત્વનું ઐક્ય સાધવાનું સૂચન છે. જેણે વૈખરીનો પ્રયોગ કરવાનો હોય તેણે તો હરિગુણ ગાવાના જ. અને તેથી જ

**"મનુવા હરિ ભજના હરિ ભજના"**

એવું આ ગીતના પ્રારંભમાં જ કહ્યું છે. આમ આત્મભાવ સાધ્ય કર્યા છતાંય અદ્વૈતબ્રહ્મનું મનન અને ચિંતન તો આવશ્યક છે. કારણ કે મન એટલું વિલક્ષણ છે કે એ ક્યારે પકડમાંથી છટકી જશે એ કહેવું મુશ્કેલ છે. અને તેથી જ્યાંસુધી શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી એનું સતત સ્મરણ રહેવું જ જોઈએ એવો શાસ્ત્રનો આગ્રહ છે. મનને હરિ ભજવાનો અહીં આદેશ પણ તેથી જ આપ્યો છે. સતત સ્મરણના પ્રભાવે જગતનું સતત વિસ્મરણ પણ સાધી શકાશે અને અખંડ ભજન પણ થશે. મન નવરું જ નહીં રહે.





પછી શ્રી અવધૂતે આખરનું સાધન કહ્યું :

**અહં જલાકે ભસ્મી ધરના;**
**જમઘર અડંગ લગાના !**
**ત્રિગુણભેદ ત્રિશૂલ પકડકે,**
**રંગાગમન મિટાના !!**

આ સાધનસોપાનનું આ છેલ્લું પગથિયું છે. ''હું દેહ છું'' એવો અહંભાવ સર્વ અનર્થનું કારણ છે. તે અહંભાવને નિઃશેષ ભસ્મ કરવાનો અહીં શ્રી અવધૂતે બોધ આપ્યો છે. જ્યાં ''હું'' નથી ત્યાં ''તું'' પણ નથી અને ''તે'' પણ નથી. જ્યાં ''હું'' નથી ત્યાં ''મારું''ય નથી અને ''તારું''ય નથી. જ્યાં ''હું'' નથી ત્યાં દ્વૈત નથી. અને જ્યાં દ્વૈત નથી ત્યાં જગત પણ નથી. જગતના અભાવે સર્વત્ર કેવળ પરમતત્ત્વ જ વ્યાપક છે. અને તેનું જ સર્વત્ર અસ્તિત્વ છે. ''હું'' છે ત્યાં પ્રપંચ છે. ''અહં''ના અભાવે પ્રપંચનો અભાવ છે. અને તેથી જેમ વૃક્ષના મૂળમાં જ ઘા કરવાથી વૃક્ષનો નાશ થાય છે તેમ એ ''અહં''નો નાશ કરવાથી દ્વૈતનો નાશ થાય છે. જ્યારે દ્વૈતનો નાશ થાય છે ત્યારે જે કાંઈ છે તે કેવળ પરમાત્માનું જ સ્વરૂપ છે એવી પ્રતીતિ થાય છે.

''અહં''ના અભાવે જ્યારે સર્વ બ્રહ્મ છે ત્યારે તું પણ બ્રહ્મ જ છે. અને કાળ એ પણ બ્રહ્મ જ છે. બ્રહ્મનું સ્વરૂપ છે. એટલે અહંનો નાશ થતાં આત્મસ્વરૂપે એ યમરાજને ઘેર અડંગો લગાવવાનું સૂચન કરવામાં આવ્યું છે. મૃત્યુભયને પણ તિલાંજલિ આપી દેવાની છે. મૃત્યુભય જ્યાં સુધી ''હું દેહ છું'' એવી ભ્રમણા રહે ત્યાં સુધી જ રહે છે. જ્યારે આત્માનું મૃત્યુ નથી એવો નિશ્ચય થાય છે, જ્યારે દેહ આત્મા નથી એવો બોધ થાય છે, ત્યારે દેહમાં રહેલું મમત્વ ટળી જાય છે, અને દેહ એક પડછાયા જેવો જ રહે અને તેથી સાક્ષાત્કાર થયાના પરિણામે દેહની

કશી જ કિંમત રહેતી નથી. મૃત્યુનો ભય જતો રહે તો યમરાજ શું કરે ? જીવનો જીવભાવ જતો રહે તો મૃત્યુ શું કરે ? જો સૂક્ષ્મ શરીર વડે વીંટળાયેલો જીવ સૂક્ષ્મ શરીરનો ત્યાગ કરીને આત્મસ્વરૂપમાં સ્થિત થાય તો યમરાજ શું કરે ? અરે યમરાજ પણ એવા આત્મદર્શી સમક્ષ હાથ જોડીને ઊભો રહે. નચિકેતા યમને આંગણે નિર્ભયપણે જઈ ઊભો. નચિકેતાનું યમરાજે પૂજન કર્યું કારણ નચિકેતા નિર્ભય હતો. જગત અને જાગતિક નશ્વર પ્રપંચનો તેને મોહ ન હતો. કેવળ આત્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવાને જ તે યમરાજ પાસે નિર્ભયપણે પહોંચ્યો. તમે પણ નચિકેતા બનો. તમે પણ યમને આંગણે જઈ ઊભો. તમારું પણ તે પૂજન કરશે. પણ ના, તમારાથી એ નહીં બને. તમે દેહના દાસ છો. દેહી છતાંય દેહ છો એવું તમે માનો છો. તમે ભીરુ છો.

પણ એ ક્યારે બને ? શ્રી અવધૂત માર્ગદર્શન દે છે અને ત્રણ ગુણનો ભેદ કરવાનું કહે છે. એ ત્રણ ગુણોનો પણ સમૂળ નાશ થવાની આવશ્યકતા છે. અહંભાવ એ ત્રિગુણજનિત છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણ માયાના. જગત અને જાગતિક પ્રપંચ એ ત્રણ ગુણોનું કાર્ય. તમસ્‌નો શત્રુ રજસ્ અને રજસ્‌નો શત્રુ સત્ત્વગુણ. સત્ત્વગુણનું પ્રાબલ્ય અદકું થાય તો તમોગુણ અને રજોગુણ નિઃસત્વ બની જાય. એ ઉભય ગુણો નિઃસત્વ બને અને સત્ત્વગુણ પ્રબળ બને ત્યારે આત્મરતિ ઉપજે અને આત્મદર્શનની લાલસામાં પ્રપંચ પ્રત્યે વિતરાગત્વ પણ ઉપજે. પણ સત્ત્વગુણની ઓરામાં અને ઓજસમાં અંજાવાથી અર્થ સરતો નથી. એ સત્ત્વગુણનો પણ નિઃશેષ લય થવો જરૂરનો છે. અને એ રીતે એ ત્રણે ગુણોનો તેના કાર્યસહિત જ્યારે ચિત્તમાંથી લોપ થાય, ગુણવૃત્તિ મરી જાય, ત્યારે જ ''અહં''ની ભસ્મ થાય. અહં ગયા પછી શું રહે ? કેવળ ''બ્રહ્મ''. અને તે બ્રહ્મતત્ત્વને જાણનારો પછી બ્રહ્મ જ બની જાય. જ્યાં સુધી ત્રણમાંથી ગમે તે એક ગુણ અંશતઃ પણ રહે ત્યાં સુધી અહંભાવ સમૂળ નષ્ટ થતો નથી. એ ત્રણ ગુણ અળસિયાં અથવા દેડકાં જેવા છે. ઉનાળાના તાપમાં ધૂળમાં રગદોળાયેલી એ અળસિયાં અથવા દેડકાંની રજકણમાંથી વરસાદ પડતાં જ જેમ અળસિયાં અને દેડકાં પેદા થાય છે તેમ સુષુપ્ત અવસ્થામાં રહેલા એ ત્રણ ગુણો પૈકીનો કોઈ પણ ગુણ તક મળતાં જાગ્રત થાય છે અને અનર્થકારક બને છે. તેથી અહીં ત્રિગુણાતીત થવાની વાત કહેવામાં આવી છે. શ્રી ભગવાને પણ અર્જુનને

''निस्त्रैगुण्यो भवार्जुन''

કહીને આ જ આદેશ આપ્યો છે ને ? અંતે ત્રિગુણાતીત થઈને જન્મમૃત્યુના ફેરા ટાળવાનું કહીને શ્રી અવધૂત જીવને પરમશાંતિ પ્રાપ્ત કરવાનાં સાધનો અહીં આલેખે છે.

પરમાત્મપ્રાપ્તિનાં અનેક સૂક્ષ્મ સાધનો પૈકી ગમે તે એક સાધન

સંપૂર્ણપણે સિદ્ધ થાય તો તેની સાથે તેનાં અનુષંગી સાધનો સ્વયં આવી મળે છે અને પરસ્પર સહાયક બને છે. જ્યારે સાધક ત્રિગુણાતીત બને છે ત્યારે શરીર અને જીવને લાગેલાં ત્રણ શૂળ - આધિ, વ્યાધિ અને ઉપાધિ પણ સ્વયં શાંત બની જાય છે.







આ સમગ્ર ભજનનું આપણે પૃથક્કરણ કરીએ તો સાધકે સાધ્યવસ્તુ સિદ્ધ કરવા માટે શું કરવું જોઈએ તે સંપૂર્ણ સાધનોનો સાધકને ખ્યાલ આવે. આ એક સાધનસોપાન કિંવા સાધનપરંપરા છે. (૧) હરિભજન, (૨) કૂડકપટનો ત્યાગ, (૩) દેહની નશ્વરતાનો ખ્યાલ, (૪) આત્માનું મનન, (૫) પરમાત્મસ્વરૂપનો ઘરઘર જઈને બોધ આપવો, (૬) મનુષ્યના મનમાં નિરીશ્વરવાદનો જે ભ્રમ ઘર કરી બેઠો છે તે દૂર કરવો, (૭) જગતમાં મિત્ર ભાવે રહેવું, (૮) મનથી આસક્તિનો ત્યાગ કરવો, (૯) હું અને મારાંનું દ્વૈત ભૂલવું, (૧૦) અદ્વૈત આત્માનું ચિંતન કરવું, (૧૧) જીવન જીવતાં ચંદન પેરે જીવનની સુવાસ ફેલાવવી, (૧૨) મધુર અને અનુદ્વેગકર વચન બોલી તેની શીતળતા પ્રસરાવવી, (૧૩) દુખિયાનાં દુઃખ દૂર કરવાં, (૧૪) મરીને અમર થવું, (૧૫) જીવનસમાધિ લેવી, (૧૬) અનહદ નાદની મધુર બંસી બજાવવી, (૧૭) મુખથી પ્રભુના નામનું ગાન કરવું, (૧૮) અહંભાવની ખાખ કરવી, (૧૯) કાળનો ભય ટાળવો, (૨૦) ત્રિગુણાતીત બનવું, (૨૧) આધિ, વ્યાધિ, ઉપાધિનું નિવારણ કરવું અને એ બધાંયના પરિણામે જન્મમૃત્યુથી પણ અતીત થવું.

આ એકવીસ બોધ વાક્યો જેણે મનમાં ઉતાર્યાં, આચારમાં મૂક્યાં તે ભવપાર થયા વિના રહેશે નહીં એ નિઃશંક છે. શ્રી અવધૂતનાં આ વાક્યો આત્માનુભવનાં વાક્યો છે. સંતોનાં વાક્યો એ કેવળ વેદવાણી છે. જેને જેવો અધિકાર તે તેવું સાધન કરીને સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. એ જ સાચો વૈષ્ણવ છે અને તેથી જ સર્વસુલભ સાધન છે

**"મનુવા, હરિ ભજના, હરિ ભજના."**



(૧૮)

હું-મારું દુઃખ-મૂળ છે, તું તારૂં સુખ-મૂળ;
હું ભૂલી તું-હરિ ભજે, રંગ સનાતન નૂર ! (૧)
નૂર-નૂરીમાં ભેદ ના, બ્રહ્મ બ્રહ્મવિદ્ એક;
તું-માં હું ઓગાળતાં, રહ્યો રંગ તું દેખ ! (૨)
દેખ દેખન-હાર એ, દૃશ્ય દૃષ્ટિમાં માય;
બીજાને જોવા જતાં, રંગ આપ ખોવાય ! (૩)
વાય વાવરો, રવિ તપે, વર્ષે મેઘ અમાપ,
જેની સત્તાથી બધે, રંગ તેજ તું બાપ ! (૪)
બાપ મરે સુત વિરમતાં, સુતનો છોરૂ બાપ;
બેઉ મરંતાં એક તું, કરે રંગ કાં તાપ ? (૫)
તાપ-મૂળ દેહાત્મતા, રજ્જુ સર્પની વાત;
જ્ઞાન-દીવડો પ્રગટતાં, રંગ સાપ અજાત ! (૬)
અજાત ન્હોતો ના હશે, મધ્યે કેવળ ભાસ;
આદિ અંતમાં એક તું, રંગ સ્વયંપ્રકાશ ! (૭)
પ્રકાશ વિધવિધ કાચથી, ભાસે વિધવિધ રંગ;
કાચ ફૂટતાં મૂળ તું, રંગ એક અભંગ !! (૮)

---

"હું" એટલે અહંભાવ યુક્ત જીવ. શુદ્ધસ્વરૂપ શિવ અહંભાવ રહિત છે. અને "મારું" એટલે એ અહંભાવને કારણે જેમાં મમત્વબુદ્ધિ થવાના કારણે આત્મબુદ્ધિ થાય છે તે. "હું" એટલે શરીર. અનાત્મ શરીરમાં આત્મભાવ થાય છે ત્યારે તે "મારું શરીર" એમ કહેવાય છે. "હું" અને "મારું" એ જ જગતનું કારણ છે. જગત એટલે કેવળ દુઃખનો આગાર છે. અને તેથી શ્રી અવધૂતે દુઃખના મૂળ તરીકે "હું" અને "મારું"—અહંતા અને મમતાનો અહીં ઉલ્લેખ કર્યો છે. એ અહંતા અને મમતા વડે, એ "મારું" અને "તારું" એવી દ્વૈત વૃત્તિ વડે તો પ્રકૃતિનો પ્રભાવ છે. અહંતા ન હોય તો એ માયા પણ ક્યાં જીવે ? અને માયાનું મૃત્યુ થાય તો જગત પણ ક્યાં છે ? અને જગત જતાં "મારું" પણ કોણ કહે ? અને જો "મારું" નથી તો "તારું" પણ ક્યાં છે ? અદ્વૈત આત્મામાં દ્વૈતનો ભાસ થાય છે તે કેવળ અવિદ્યાને કારણે જ છે. અને તેથી શાસ્ત્રોએ અને સંતોએ એ અવિદ્યાનો ક્ષય કરીને વિદ્યાની ઉપાસના કરવાનું કહ્યું છે.

જીવને જ્યારે જગતમાં મમતા થાય છે ત્યારે તે પાર્થિવ પદાર્થોમાં પોતાપણાનો આરોપ કરે છે. એ પાર્થિવ પદાર્થોનો વિનાશ થતાં દુઃખ અને કલેશનો જ અનુભવ કરે છે. પ્રાપ્તિનો કદાચ ક્ષણિક આનંદ થાય પણ તે આનંદ બીજી જ પળે દુઃખમાં પરિણામ પામે છે. પ્રાપ્તિની રક્ષાની

કલ્પના પણ પ્રાપ્તિની સાથે જ તેના અંતઃકરણમાં પ્રવેશ કરે છે. અને પ્રાપ્ત થયા પછી તેની રક્ષાનાં સાધનો અને ઉપાયોમાં તેનું ચિત્ત ચગડોળે ચઢે છે. પ્રાપ્તિના આનંદ કરતાં રક્ષાનો ક્લેશ તેને અધિક પ્રમાણમાં દુઃખી કરે છે. જે વસ્તુ ખરી રીતે પોતાની નથી તેને પોતાની માની લેવાથી જીવ દુઃખ અને ક્લેશનો જ ભાગી બને છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :






**"હું–મારું દુઃખ-મૂળ છે"**

મારો પુત્ર, મારું ધન, મારી સ્ત્રી, મારું ઘર આદિ પાર્થિવ પદાર્થોમાં જ્યાં જ્યાં મમતા થાય છે ત્યાં ત્યાં જીવ તે વસ્તુઓ પોતાની માનતો થાય છે અને તેથી તેમાં આત્મીયતા વધે છે. જેમ આત્મીયતા અને મમત્વ વધતું જાય છે તેમ જીવ પોતાના શુદ્ધ સ્વરૂપને વીસરતો જાય છે. અહંભાવના અંકુશમાં આવેલો એ જીવ અંતે પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલીને પોતાના ધારણ કરેલા સ્વાંગને જ પોતાનું સ્વરૂપ માની લે છે.

વસ્તુતઃ પોતાનું એવું જગતમાં કંઈ જ નથી. જ્યાં સુધી વિષયોમાં રાગવૃત્તિ છે ત્યાં સુધી ત્યાગવૃત્તિ કેળવાય એ મુશ્કેલ છે. મહાન જ્ઞાનીઓ પણ એ ત્યાગવૃત્તિ પ્રસંગોપાત્ત ભૂલી જાય છે તો સર્વસાધારણ પ્રાકૃત મનુષ્યોની તો વાત જ શી કરવી ? કોઈ પણ પાર્થિવ પદાર્થની પ્રાપ્તિ અર્થે જ્યારે મનમાં કામના ઉત્પન્ન થાય છે ત્યારે જ એ દુઃખનાં બીજ વાવે છે અને તેની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જીવ ઠરીને બેસતો નથી. તેની પ્રાપ્તિ અર્થે લોહીનું પાણી કરે છે. એ પ્રાપ્ત થશે એવી ક્ષણિક આશાએ, પ્રાપ્તિ અર્થે કરેલા પ્રયત્નોનો પરિશ્રમ પણ તેને જણાતો નથી. પ્રાપ્તિ કરતાં પ્રાપ્તિની આશા મનુષ્યમાં પ્રયત્ન કરવાનું અધિક જોમ ઉત્પન્ન કરે છે. એ આશાને તાંતણે ટીંગાયેલો મનુષ્ય પ્રાપ્તિ અર્થે એ જ કારણે સતત પ્રયત્નશીલ રહે છે. જ્યારે તેને ગજા ઉપરાંતની મહેનત કરવા છતાંય ધારેલી વસ્તુ પ્રાપ્ત થતી નથી, અથવા પરિશ્રમનું ઇષ્ટ પરિણામ આવતું નથી ત્યારે તેને દુઃખ થાય છે. હતાશ થઈને માથે હાથ દે છે. અંતર ક્લેશથી કકળી ઊઠે છે. પ્રારબ્ધવશાત્ સ્થૂળ પુરુષાર્થના પરિણામે જ્યારે ધારેલી વસ્તુ પ્રાપ્ત થાય છે ત્યારે તેને પ્રાપ્તિનો ક્ષણિક આનંદ થાય છે. બીજી જ પળે તેને પ્રાપ્તિની રક્ષાના વિચારો આવે છે. પ્રાપ્તિ કરતાં વિનાશની શંકા અધિક બળવાન છે અને તેથી જે મળ્યું છે તેને સાચવી રાખવાને પણ તનતોડ મહેનત કરવી પડે છે. તેમાં પણ અનેકવિધ સંકટો સહન કરવાં પડે છે અને તે પણ દુઃખમય જ છે. આ પ્રમાણે જ્યાં સુધી "હું" એટલે અહંતા અને 'મારું' એટલે મમતાનું અસ્તિત્વ છે ત્યાં સુધી દુઃખ સિવાય અન્યનો અનુભવ થતો નથી. તેથી એ અહંતા અને મમતા દુઃખનું મૂળ છે એમાં શંકા નથી.



પ્રાપ્તિનો આનંદ પણ વાસ્તવિક આનંદ નથી. એ વાસ્તવિક સુખ





પણ નથી, કારણ કે ઉપર કહ્યું તેમ એ કહેવાતું અથવા મનથી માનેલું સુખ સાચું સુખ નથી પણ સુખની ભ્રમણામાત્ર જ છે. એ ભ્રમણા બીજી જ પળે પોતાની પાછળ દુઃખને મૂકી નષ્ટ થાય છે.

સુખ અને દુઃખ એ મનની ભાવના છે. અનુકૂળ પરિસ્થિતિને આપણે સુખ માનીએ છીએ. પ્રતિકૂળ પરિસ્થિતિને આપણે દુઃખ માનીએ છીએ. આજે જે સુખ છે તે જ કાલે દુઃખ છે એ વાત આપણે ભૂલી જઈએ છીએ. આજે એક લાખ રૂપિયા પેદા કર્યા એટલે સુખ અને આનંદ. કાલે કોઈ વેપારમાં એક લાખ રૂપિયાનું નુકસાન થયું ત્યારે દુઃખ અને કલેશ. એ સુખ અને દુઃખની ઉભય અવસ્થા અંતે તો દુઃખમાં જ પરિણામ પામે છે, દુઃખમય જ છે. કારણ કે એ બન્નેમાં 'હું' અને 'મારું' એવી ભાવના રહેલી જ છે. જ્યાં એ ઉભયનું અસ્તિત્વ નથી ત્યાં સુખ પણ નથી અને દુઃખ પણ નથી. એ અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિ રહિત જે નિર્મળ આનંદ છે તેનો અનુભવ એ ઉભય વિકાર-હું અને મારું-નો ત્યાગ કરવાથી જ થાય છે. એના નિવારણ અર્થે શ્રી અવધૂત કહે છે :

**"તું-તારું સુખ-મૂળ"**

અનાત્મમાં રહેલો આત્મભાવ નિવૃત્ત થતાં જ પરમાત્મભાવનો પ્રકાશ પ્રાપ્ત થાય છે. સાચું સુખ આત્મસમર્પણમાં જ સમાયેલું છે. જેને આપણે પોતાનું માનતા હોઈએ તે પ્રભુને ચરણે સમર્પણ કરવાથી તેમાંથી આત્મભાવ નિવૃત્ત થાય છે. મનુષ્ય જો અહંભાવમુક્ત 'હું'નો ત્યાગ કરી દે તો 'હું'નું અસ્તિત્વ જ રહેતું નથી. ત્યારે તેને 'તું'નો અનુભવ થાય છે. 'તું'નું સ્વરૂપજ્ઞાન થાય છે. 'તું' એટલે 'પરમાત્મા.' આ જગતમાં સર્જનમાત્રમાં દશ્ય અને અદશ્યરૂપે રહેલું સચરાચર સર્જન માત્ર પરમાત્માનું જ સ્વરૂપ છે. પરમાત્માએ પોતાની માયાને મોખરે રાખી રચેલી એ પરમાત્માની લીલા છે એવો ભાવ જ્યારે જાગ્રત થાય છે, એવી વૃત્તિનો જ્યારે અંતરમાં અનુભવ થાય છે ત્યારે જ મનુષ્ય અહંતા અને મમતારહિત સાચા સુખનો શાશ્વત આનંદ અનુભવી શકે છે. ત્યારે જ અહંભાવજનિત મમત્વની પણ નિવૃત્તિ થાય. "હે પરમાત્મન્, આ જે કંઈ છે તે સઘળું તારું જ છે, મારું કશું જ નથી." એવો ભાવ કેળવતાં કેળવતાં મનુષ્ય એક દિવસ સર્વ પ્રાણીપદાર્થોમાં કેવળ પરમાત્મસત્તા જ જોતો થાય છે. ત્યારે તેને એ મહાન વિભુ-વ્યાપક પરમાત્માની ઝાંખી થાય છે. ત્યારે જ તેના શોક અને દુઃખની નિવૃત્તિ થાય છે. કઠોપનિષદકારે એ જ કારણે કહ્યું :

अशरीरं शरीरेष्वनवस्थेष्ववस्थितम् ।
महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ॥

"જે શરીરમાં શરીરરહિત તથા અનિત્યોમાં નિત્યસ્વરૂપ છે; તે મહાન અને સર્વવ્યાપક આત્માને જાણીને બુદ્ધિમાન પુરુષ શોક કરતો





નથી.'' તેથી શ્રી અવધૂતે કહ્યું :

"તું–તારું" સુખ–મૂળ"

આગળ કહ્યું તેમ જે વસ્તુમાં અહંતા અને મમતા છે તે વસ્તુમાં જ દુઃખ છે. પોતાની માની લીધેલી કોઈ પણ વસ્તુનો વિનાશ મનુષ્યને દુઃખનું કારણ બને છે. ધન, સ્ત્રી, પુત્ર, ઘરબાર, પરિવારની વાત તો બાજુ પર મૂકીએ, પણ એક નજીવું પગરખું જતું રહે તો આપણને કેટલું દુઃખ થાય છે ? બીજાની લાખોની કિંમતની વસ્તુ હરાઈ જાય છે તો આપણને લેશ પણ દુઃખ થતું નથી, કારણ તેમાં મમત્વ નથી, મારું નથી એવો ભાવ છે. જેમાં મમત્વ છે તેમાં જ દુઃખ છે. મમત્વરહિત થવામાં સુખ છે. સાચું સુખ માણવાનો એ એક જ રાજમાર્ગ છે. શ્રી અવધૂતે અહીં તે સૂચવ્યો છે અને તે છે : "હું-મારું ભૂલીને તું-તારું માનતા થવું." એ ત્યાગવૃત્તિનો અનુભવ કરવાથી ઇષ્ટ પરિણામ-દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ આવે છે. શ્રી અવધૂતે 'હું' "મારાં"નું વિસર્જન કર્યું છે ત્યારે જ આજે આટલી શાંતિ અને સુખનો અનુભવ કરે છે. એનું જ સ્પષ્ટીકરણ કરતાં શ્રી અવધૂતે કહ્યું :

**"હું ભૂલી તું–હરિ ભજે, રંગ સનાતન નૂર !"**

એ "તું" એ જ સનાતન નૂર છે. એ જ પરમાત્મા છે. એ જ ભગવાન છે. સંસારનો સાર પણ એ જ છે. અનેક નામોમાં નામી તરીકે રહેલું એ જ સનાતન નૂર જગતમાં સર્વવ્યાપક છે. અહીં શ્રી અવધૂતે આત્મબુદ્ધિ-દેહાત્મભાવનું વિસર્જન કરીને પરમાત્મભાવમાં સ્થિર થવાનો સંકેત કર્યો છે. "હું"નું વિસ્મરણ થાય તો પરિણામરૂપે "તું" રહે છે. તેને ભજતાં "હું" આપોઆપ જ જતું રહે છે. જ્યાં સુધી "હું" અને "તું"નું દ્વૈત છે ત્યાં સુધી સૂક્ષ્મરૂપે પણ અહંભાવ રહેલો છે. પણ જ્યારે "હું"નું સંપૂર્ણ વિસર્જન થાય છે ત્યારે જીવ દેહાત્મભાવ ભૂલી જાય છે. એ દેહભાવમુક્ત જીવ પછી પરમાત્માથી ભિન્ન નથી. જ્યારે "હું"ને ભૂલીને "તું"નું ઐક્ય સધાશે, જ્યારે એ "હું" "તું"માં ઓગળી જશે ત્યારે સરિતા સાગરમાં ભળી સાગર બને છે તેમ એ "હું" અને "તું"નો ભેદ પણ જતો રહેશે. પછી કેવળ સનાતન નૂર રૂપે 'તું'નું અસ્તિત્વ રહેશે. એ સનાતન નૂર જ પછી બધે જણાશે. શુદ્ધ પાણીમાં જેમ શુદ્ધ પાણી ભળી જતાં અભેદ જણાય છે, તેમ "હું" એ સનાતન નૂર "તું"માં ભળી જતાં પોતાના વ્યક્તિત્વની નિવૃત્તિ કરશે. એ જ વાત શ્રી અવધૂત પણ આગળ કહે છે :

**"નૂર-નૂરીમાં ભેદ ના..."**

જગતમાં જે જણાય છે તે પરમાત્માનો પ્રભાવ છે, પરમાત્માનું નૂર છે. પરમ ઓજસ્વી, નિર્ગુણ, નિરાકાર અવ્યક્ત પણ સર્વવ્યાપક વિભુની એ આત્મશક્તિ અથવા ઓજસ છે. જે નૂરના અખંડ સ્રોતમાંથી એ નૂર સ્રવે છે તે સ્રોતરૂપ નૂરી એ નૂરથી ભિન્ન નથી. સૂર્ય વિના પ્રકાશ નથી.






પ્રકાશ ન હોય તો સૂર્ય નથી. સૂર્ય અને સૂર્યનો પ્રકાશ જેમ ભિન્ન નથી તેમ પરમાત્મા અને પરમાત્માની શક્તિ પણ ભિન્ન નથી. સાગરના જળનું એક બિંદુ જેમ સિંધુના જળથી ભિન્ન નથી. સાકરની એક કણિકા જેમ સાકરના ઢગથી ભિન્ન નથી તેમ પરમાત્મા પણ જગતથી ભિન્ન નથી. અવ્યક્ત પરમાત્માને ઓળખવા માટે જગત એક સાધન છે. કુંભારને ઓળખવા માટે ઘટ એક સાધન છે. સોનાને ઓળખવા માટે અલંકાર એક સાધન છે. પ્રકાશ વડે સૂર્યની પિછાન કરી શકાય છે તેમ જગત-દૃશ્યપદાર્થનાં દર્શનથી પરમાત્માના અસ્તિત્વનું ભાન થાય છે. જ્યારે એ જગત અને બ્રહ્મની વચમાં અંતરાયરૂપે ''હું'' નો પ્રવેશ થાય છે ત્યારે જગત જ જણાય છે અને પરમાત્મા અદૃશ્ય થઈ જાય છે. દુ:ખનાં દર્શન પણ ત્યારે જ થાય છે. ''હું'' નું નિરસન થતાં નૂર-નૂરીનો ભેદ રહેતો નથી. માત્ર નૂરી રહી જાય છે. ''अहं''અને ''त्वम्''નો ભેદ ટળી જતાં કેવળ ''તું'' રૂપે પરમતત્ત્વ જ રહે છે. એ જ પરમાત્માને અહીં શ્રી અવધૂતે ''નૂરી'' કહ્યો છે. જેમ ''નૂર'' અને ''નૂરી'' એક જ છે તેમ

''બ્રહ્મ-બ્રહ્મવિદ્ એક''

બ્રહ્મને જાણે તે બ્રહ્મથી ભિન્ન નથી.

ब्रह्मविद् ब्रह्मैव भवति

એ શ્રુતિનો આ અનુવાદ છે. બ્રહ્મને જાણ્યા પછી બીજું કાંઈ જ જાણવાનું રહેતું નથી. જ્યારે બ્રહ્મને જાણ્યાનું જ્ઞાન પણ અવશેષ રહેતું નથી ત્યારે બ્રહ્મ અને બ્રહ્મને જાણનાર અભિન્નભાવે એક જ બની જાય છે. બ્રહ્મને જાણ્યા પછી માયાનું અલગ અસ્તિત્વ રહેતું નથી, જગતનું અલગ અસ્તિત્વ રહેતું નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

''તું - માં હું ઓગાળતાં, રહ્યો રંગ તું દેખ!''

એટલે પરમાત્મામાં અહંતાનો લય કરવાથી પરમાત્મશક્તિ સિવાય બીજી કોઈ સ્વતંત્ર નોખી શક્તિ નથી એવો નિશ્ચય થાય છે. એવા સર્વશક્તિમાન પરમાત્માને 'હું' નું વ્યક્તિત્વ સમર્પણ કરવાથી, 'તું'માં 'હું' ને સમાવી દેવાથી, 'હું' 'તું' નો ભેદ ટળી જાય છે. અહીં ''ઓગાળતાં'' એ શબ્દ મહત્ત્વનો છે. એક સોની સુવર્ણના ભિન્નભિન્ન અલંકારોને જેમ એક જ મૂસમાં ભેળાં કરીને અગ્નિમાં તપાવી, રસ બનાવી તે રસની એક જ લગડી તૈયાર કરે છે તેમ, એ 'હું' ને 'તું' માં ઓગાળી દેવાથી કેવળ સુવર્ણરૂપે 'તું' જ રહી જાય છે. અલંકારરૂપે રહેલાં નામ, રૂપ અને આકારનો નાશ થાય છે. નામ, રૂપ અને આકારનું અસ્તિત્વ પણ રહેતું નથી.

'હું' એ અલ્પ છે, નાશવાન છે. 'તું' ભૂમા છે, અવિનાશી છે. એ 'અલ્પ'ને 'ભૂમા'માં ઓગાળી દેવાથી 'અલ્પ' પોતાના બધા જ ધર્મોથી મુક્ત બનીને 'ભૂમા'ના બધા જ ધર્મોવાળો બની જાય છે. જેમ બ્રહ્મને

જાણનાર બ્રહ્મ જ બની જાય છે તેમ 'હું' પણ 'તું' જ બની જાય છે. મીઠાની પૂતળી જ્યાં સુધી સાગરમાં પડીને ઓગળી જતી નથી ત્યાં સુધી તે મીઠાની પૂતળી જ રહે છે. તેના નામ, રૂપ અને આકાર પણ રહે છે. જ્યારે તે સાગરમાં ભળીને ઓગળી જાય છે ત્યારે તેનું વ્યક્તિત્વ રહેતું નથી. તે સાગર જ બની જાય છે અને સાગરના બધા જ ધર્મો ત્યારે તેમાં આવી રહે છે. મીઠાની પૂતળીની ભિન્ન એવી કોઈ સત્તા પણ ત્યારે રહેતી નથી. તેનું નામનિશાન પણ જણાતું નથી. જ્યારે 'હું' ને 'તું' માં ઓગાળીએ છીએ ત્યારે ઉપર કહ્યું તેમ 'તું' જ રહે છે અને 'હું'નું નામનિશાન ભૂંસાઈ જાય છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**"રહ્યો રંગ તું દેખ."**

'હું'ને વિસારી, 'તું' ને ઓળખી, 'હું' ને 'તું'માં સમાવી કેવળ 'તું'ને જ નિહાળવો એ જ સાચો પુરુષાર્થ છે. એને જ શાસ્ત્રોમાં "સ્વાત્મસમર્પણ" કહ્યું છે.

આગળ ચાલતાં એ જ વસ્તુનું પ્રતિપાદન કરતાં શ્રી અવધૂત કહે છે :

**"દેખ દેખનન્હાર એ, દૃશ્ય દૃષ્ટિમાં માય;"**
**"બીજાને જોવા જતાં, રંગ આપ ખોવાય!"**

અહીં શ્રી અવધૂતે દૃશ્ય, દર્શન અને દૃષ્ટા એ ત્રિપુટીનો ઉલ્લેખ કર્યો છે. દ્રષ્ટાને દૃશ્યનું દર્શન થાય છે. દ્રષ્ટા હૃદયમાં રહેલો કૂટસ્થ આત્મા છે. શરીર ક્ષેત્ર છે. તેને જાણનાર ક્ષેત્રજ્ઞ છે. દૃશ્ય જગતનો દ્રષ્ટાએ કૂટસ્થ આત્મા છે. જગતને જોવા માટે પરમાત્માએ મનુષ્યને આંખો આપી છે. એ આંખો તો કેવળ જડ છે. પોતાની શક્તિથી તે કાંઈ પણ જોઈ શકતી નથી. જ્યારે આત્માની ચેતનશક્તિનો એ ચક્ષુમાં સંચાર થાય છે ત્યારે એ ચક્ષુને બાહ્ય જગતનાં દર્શન થાય છે. જગત પણ જડ છે અને તેનું દર્શન કરનાર દૃષ્ટિ પણ જડ છે. જગતનું એ સાચું દર્શન નથી. સાચું દર્શન બાહ્યદૃષ્ટિ વડે શક્ય નથી. સમ્યક્ દર્શન અર્થે તો સૂક્ષ્મ દૃષ્ટિની જરૂર છે. જ્યારે મનુષ્યને સૂક્ષ્મ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે ત્યારે તેની એ સૂક્ષ્મ દૃષ્ટિમાં દૃશ્ય, દર્શન અને દ્રષ્ટાનો સમાવેશ થાય છે. પરમતત્ત્વ સિવાય જ્યાં અન્ય કશું જ અવશિષ્ટ રહેતું નથી તે જ સમ્યક્ દર્શન છે. એજ સમ્યક્ દૃષ્ટિ પણ છે. અહંતાયુક્ત ચિદાભાસ સ્વરૂપ વિજ્ઞાનાત્મા એ જીવ છે. તેને જોનાર કૂટસ્થ આત્મા એ શિવ છે. જીવને ફલાભિલાષ હોવાથી તેની સમ્યક્ દૃષ્ટિ નથી. કૂટસ્થ આત્મા કેવળ દ્રષ્ટા હોવાથી તેની દૃષ્ટિ સમ્યક્ છે અને તેથી તે દૃશ્યને તેના સત્યસ્વરૂપમાં જ પરમાત્મસ્વરૂપમાં જ જુએ છે. જ્યારે અહંતાયુક્ત વિજ્ઞાનાત્માની સમ્યક્ દૃષ્ટિ થાય છે ત્યારે તે શિવસ્વરૂપ કૂટસ્થ આત્માને જોઈને તેમાં એકરૂપ બની જાય છે. અને ત્યારે તે શિવ કૂટસ્થ આત્માથી ભિન્ન રહેતો નથી.

જડ જગતને જોતાં જોતાં, તેમાં 'તું' નથી એમ માનતાં માનતાં,






દૃષ્ટિને અંતર્મુખ કરી પરમાત્માને જોવાનો પ્રયત્ન કરતાં કરતાં, જ્યારે જડ જગતમાં પણ પરમાત્મતત્ત્વને જોતાં શિખાય ત્યારે સર્વત્ર પરમાત્માને જ નિહાળનાર જીવ પોતે જ શિવ બની જાય છે. શિવમાં સમાઈ પોતાનું અસ્તિત્વ નિઃશેષ કરી નાંખે છે. આમ બને ત્યારે જ આગળ જેમ કહ્યું તેમ બ્રહ્મ અને બ્રહ્મવિદ્ જુદા નથી એ વાક્યનો મર્મ સમજી શકાય. જીવ જ્યારે શિવને જોવા જાય છે ત્યારે પોતે પોતાની જાતને ભૂલી જાય છે અને બીજાનામાં સમાઈ જાય છે, અને ત્યારે જ

**"બીજાને જોવા જતાં, રંગ આપ ખોવાય!"**

એ વાક્યની સાર્થકતા થાય.

આગળ ચાલતાં આત્મા અને પરમાત્માની અભિન્નતાનું પ્રતિપાદન કરતાં શ્રી અવધૂત કહે છે :

**'વાય વાયરો રવિ તપે, વર્ષે મેઘ અમાપ,'**
**'જેની સત્તાથી બધે, રંગ તે જ તું બાપ !'**

પવન વાય છે. સૂર્ય તપે છે. વરસાદ વરસે છે. પણ કોના વડે ? એ પ્રશ્નનો શ્રી અવધૂતે અહીં નિશ્ચય કર્યો છે. કઠોપનિષદમાં પણ એ જ વાત ઉચ્ચારી છે.

भयादस्याग्निस्तपति भयात्तपति सूर्यः ।
भयादिन्द्रश्च वायुश्च मृत्युर्धावति पञ्चमः ॥

"એ પરમેશ્વરના ભયથી અગ્નિ તપે છે, તેના જ ભયથી સૂર્ય તપે છે, એના જ ભયથી ઇન્દ્ર, વાયુ અને પાંચમું મૃત્યુ દોડે છે."

એક જ પરમ શક્તિવાન પરમાત્માની શક્તિ વડે એ પંચમહાભૂતો પોતપોતાની કક્ષામાં રહીને પોતાના ધર્મનું પાલન કરે છે. એ અગ્નિ, વાયુ, ઇન્દ્ર અને યમરાજને પોતાની સ્વતંત્ર એવી કોઈ સત્તા નથી. જેની સત્તા વડે એ પવન, સૂર્ય, મેઘ પોતપોતાનું કાર્ય કરે છે, તે પરમસત્તા પરમાત્માની સત્તા છે. અને હે બાપ! તે પરમતત્ત્વ તું જ છે.

નૈસર્ગિક નિયમોના નિયામક એ પરમાત્માની આજ્ઞા વડે એ પોતાનું કાર્ય સમયે સમયે કુશળતાપૂર્વક બજાવે છે. છતાંય એમને પોતાના એ કાર્યનું અભિમાન નથી. પવન 'હું વહું છું' એમ કહી શકતો નથી. સૂર્ય 'હું તપું છું' એમ કહી શકતો નથી. 'હું વરસું છું' એમ મેઘ પણ કહી શકતો નથી. ઈશ્વરની આજ્ઞા વિના એ એકે તત્ત્વ કશું જ કરી શકતું નથી. પરમાત્માની કર્તૃત્વશક્તિ પ્રગટ થવા માટે કોઈ માધ્યમની જરૂર રહે છે. માયા એ તેનું માધ્યમ છે. એ જ પંચભૂતોને ભગવાને પોતાની પ્રકૃતિ તરીકે ગીતામાં ગાયાં છે. ભગવાનની અષ્ટધા પ્રકૃતિનું વર્ણન કરતાં શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥

"પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર એ આઠ પ્રકારે વિભક્ત મારી આ પ્રકૃતિ છે."

એ અષ્ટધા પ્રકૃતિને માધ્યમ કરીને જ પરમાત્મા પોતાની શક્તિની અભિવ્યક્તિ કરે છે. વિશ્વનો કાર્યભાર પણ તે જ શક્તિને આભારી છે. તેથી અહીં શ્રી અવધૂતે એ પંચમહાભૂતાત્મક પ્રકૃતિના કાર્યના કારણરૂપ અવ્યક્ત પરમાત્માનો અહીં નિર્દેશ કર્યો છે.

એ જગતનો નિયામક છે તે જ તું છે એમ પણ શ્રી અવધૂતે કહ્યું છે. એનો પણ આપણે હવે થોડો વિચાર કરીએ.

"તે તું છે" એ શબ્દો તો માત્ર ત્રણ છે પણ સમગ્ર વેદાંતનો એ નિર્ણય છે. એના પર વિચાર કરવા બેસીએ તો એક ગ્રંથ તૈયાર થાય. અહીં તો આપણે એ શબ્દના રહસ્યનો સંક્ષિપ્ત વિચાર કરીશું.

શાસ્ત્રમાં એક જ તત્ત્વના જીવ, ઈશ્વર અને પરમેશ્વર એવા ત્રણ ભેદ કરેલા છે. જે જીવ છે તે જ ઈશ્વર છે અને જે ઈશ્વર છે તે જ પરમેશ્વર છે. ઉપાધિભેદને કારણે એ ભેદ કરવામાં આવ્યો છે. જીવ જગતને જુએ છે અને જગતમાં મોહાસક્ત છે. ઈશ્વર જીવને અને જગતને જોતો હોવા છતાં જગતમાં મોહાસક્ત નથી. પરમેશ્વર એ જીવ, જગત અને ઈશ્વરને જોતો હોવાં છતાં એ ત્રણેમાં ઓતપ્રોત રહીને એ ત્રણેથી ભિન્ન છે અને તેથી તે 'પુરુષોત્તમ' છે. જ્યારે જીવમાંથી જગત નિવૃત્ત થાય, જ્યારે ઈશ્વરમાંથી જીવ અને જગતનું દ્રષ્ટાપણું નિવૃત્ત થાય ત્યારે જીવ, જગત અને ઈશ્વર કેવળ પુરુષોત્તમ તે 'તું જ છે' એવો શાસ્ત્રોનો નિર્ણય છે. 'તત્ત્વમસિ' એ વેદનો નિચોડ છે. જ્યાં સુધી જીવને જગત છે ત્યાં સુધી તે ઈશ્વર અને પુરુષોત્તમથી ભિન્ન ભાસે છે. 'હું' ને 'તું' જ્યારે પરસ્પર એક બની જાય છે ત્યારે 'હું' નું અસ્તિત્વ રહેતું નથી અને 'તું' પણ અંતે એ 'પુરુષોત્તમ'માં ભળી જાય છે. ત્યારે "હું, તું અને તે" એક જ સ્વરૂપ રહે છે અને તે છે પરમાત્મા."

**अहं ब्रह्माऽस्मि।** હું બ્રહ્મ છું,

**तत्त्वमसि।** તે તું છે,

**प्रज्ञानं ब्रह्म।** વિજ્ઞાનમય જીવાત્મા બ્રહ્મ છે,

અને

**अयमात्मा ब्रह्म।** આ આત્મા બ્રહ્મ છે.

વેદનાં આ ચાર મહાવાક્યો છે. શ્રી ભગવાને પણ ગીતામાં

**अहमात्मा गुडाकेश सर्व भूताशयस्थितः ।**

એવું અર્જુનને કહ્યું છે. એ બધાયનું તાત્પર્ય એ છે કે આ આત્મા બ્રહ્મ છે, તે જ આત્મા પ્રાણીમાત્રમાં રહેલો છે, અને તેથી આ જે કાંઈ છે તે બ્રહ્મ છે અને તે બ્રહ્મ તું છે—આ પ્રકારનું સમ્યક્ જ્ઞાન થવાથી મનુષ્ય જીવભાવથી મુક્ત થઈ આત્મભાવને પ્રાપ્ત કરી અમૃત બની જાય છે. એ





અવસ્થા પ્રાપ્ત કરવાને એટલે 'હું બ્રહ્મ છું' એ નિષ્ઠા સ્થિર કરવાને પુરુષાર્થ કરવો પડે છે. પરોક્ષજ્ઞાન થાય તેનો કાંઈ અર્થ નથી. અપરોક્ષ અનુભવ વિનાનું પરોક્ષજ્ઞાન વાચારંભણ છે. એ અપરોક્ષજ્ઞાનની પ્રાપ્તિ અર્થે શાસ્ત્રોમાં અનેક સાધનોનાં વર્ણન કર્યાં છે. તેમાં મુખ્યત્વે કર્મ, ઉપાસના અને જ્ઞાન. એ ત્રણે ઉપાસનાઓના પરિણામરૂપે સર્વ કામનાઓ નિઃશેષ નિવૃત્ત થાય, હૃદયની સર્વ ગ્રંથિઓ છૂટી જાય, અનાત્મમાં આત્મભાવની નિવૃત્તિ થાય, અવિદ્યા, અસ્મિતા આદિ પાંચ ક્લેશોનું નિરસન થાય, ત્યારે એ બ્રહ્મને જાણીને, બ્રહ્મપદ પ્રાપ્ત કરીને, અમરપદ પ્રાપ્ત કરી શકાય. એ વસ્તુઓનું વિશદ વિવેચન બીજા કોઈ પ્રસંગે કરીશું. અહીં તો એટલું જ કહેવું પર્યાપ્ત છે કે, ''જે બ્રહ્મ છે તે જ તું છે અને જે તું છે તે જ બ્રહ્મ છે,'' એ શાસ્ત્રસંમત સિદ્ધાંતનો જ્યાં સુધી અપરોક્ષ અનુભવ ન થાય ત્યાં સુધી જન્મમરણની બેડી છૂટતી નથી.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"બાપ મરે સુત વિરમતાં, સુતનો છોરુ બાપ;**
**બેઉ મરંતાં એક તું, કરે રંગ કાં તાપ ?"**

પુત્ર પંચત્વ પામે એટલે બાપ પણ મરી જાય. કેવી અંટપટી વાત છે ! એક મરે તેની સાથે બીજો પણ મરે એ સમજમાં આવે એવી વાત નથી.'' ''મગનલાલનો છોકરો છગનલાલ ગુજરી ગયો.'' મગનલાલનો છોકરો જેનું નામ છગનલાલ હતું તે ગુજરી ગયો એ તો બરોબર છે પણ તેની સાથે મગનલાલ ગુજરી ગયો એ કેવી રીતે કહી શકાય ? છતાંય માનવું પડે છે. છગનલાલ, મગનલાલ નામધારી શરીરને બાપ કહીને બોલાવતો હતો. જગત મગનલાલને છગનલાલના બાપ તરીકે ઓળખતું હતું. છગનલાલ ગુજરી જતાં તેને બાપ કહેનાર કોઈ રહ્યું નહીં અને તેથી તે દૃષ્ટિએ પુત્રના અવસાનથી પિતાનું પણ અવસાન થયું એમ કહી શકાય. પુત્ર હોય તો બાપ કહેવાય. પુત્ર નથી તો બાપ પણ નથી. અને તેથી તાત્ત્વિક દૃષ્ટિએ તો છોકરાનું અવસાન થતાં બાપનું અવસાન થયું ગણી શકાય.

બીજી વાત શ્રી અવધૂતે કહી :

**"સુતનો છોરુ બાપ"**

**"आत्मा वै जायते पुत्रः"**

પોતે જ પુત્ર થઈને જન્મે છે. બાપ પણ મરી જાય અને છોકરો પણ મરી જાય ત્યારે જે રહે છે તે 'તું પરમાત્મા છે.' એટલે જ્યારે પિતા અને પુત્રનો ભેદ ટળી જાય છે ત્યારે દેહભાવ નિવૃત્ત થાય છે અને કેવળ આત્મભાવ જ રહે છે. ત્યારે કોઈ કોઈનો પિતા પણ નથી અને કોઈ કોઈનો પુત્ર પણ નથી. જે આત્મા પિતામાં છે તે જ આત્મા પુત્રમાં છે અને તે જ આત્મા બ્રહ્મ છે. બ્રહ્મભાવે એ બધું એક જ છે. અને તેથી બાપ અને

બેટાનો ભેદ ટળી જતાં જે શેષ અભેદ રહે છે તે જ પ્રભુ છે એમ સમજવું જોઈએ. એવી સાચી સમજ આવે તો પિતાને પુત્રના પંચત્વથી કે પુત્રને પિતાના પંચત્વથી સંતાપ થતો નથી. તેથી પિતાપુત્રના સંબંધને તાત્ત્વિક દૃષ્ટિએ નિહાળવાનો શ્રી અવધૂતે સાધકને બોધ કર્યો છે. પિતામાં જે પરમતત્ત્વ છે તે જ પુત્રમાં પણ છે. સંસારની દૃષ્ટિએ પિતાપુત્રનો સંબંધ કેવળ વ્યાવહારિક છે. એ વ્યવહાર અસત્ય છે. સત્ ને અસત્ સાથે કશો સંબંધ નથી. પારમાર્થિક દૃષ્ટિએ જોતાં કેવળ પરમાત્મા જ છે. 'સર્વં ખલ્વિદં બ્રહ્મ'। નો સિદ્ધાંત સ્વીકારીએ ત્યારે બ્રહ્મથી અતિરિક્ત પિતા પણ નથી અને પુત્ર પણ નથી. અને તેથી સ્થૂળને ભૂલી સૂક્ષ્મને નિહાળતાં, એ ભેદ ટળી જતાં શોક અને મોહની નિવૃત્તિ થશે.





આમ જ વ્યષ્ટિ-દેહભાવ નિવૃત્ત થતાં જીવભાવની સમષ્ટિ-દેહ-ભાવ નિવૃત્ત થતાં ઈશ્વરભાવ કે શિવભાવની-પિતા પુત્રભાવની જેમ નિવૃત્તિ થઈ એ બંને ભાવથી ભાવાતીત અનામી પરમતત્ત્વ અવશેષ રહે છે અને તે જ અનાદ્યનન્ત સર્વનું મૂળ સ્વરૂપ છે. એવો સાક્ષાત્કાર થતાં ત્રિવિધતાપ નિઃશેષ થાય એમાં નવાઈ શી ?

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"તાપ-મૂળ દેહાત્મતા, રજ્જુ-સર્પની વાત;**
**જ્ઞાન-દીવડો પ્રગટતાં, રંગ સાપ અજાત!**

આધિભૌતિક, અધ્યાત્મિક અને આધિદૈવિક એ ત્રિવિધ તાપથી પ્રાણીમાત્ર તપ્ત થાય છે તેનું કારણ તેની દેહાત્મતા છે. "હું શરીર છું." એવી જીવને જે ભ્રમણા છે તે અવિદ્યાનું કારણ છે. એ જ અનિત્યમાં નિત્યભાવ છે. અને તેથી શરીરને જે સુખ દુઃખ-થાય છે તે જીવ પોતાનાં માની લે છે. અને તેથી સુખી અથવા દુઃખી થાય છે. પત્ની ઘરમાં બીમાર હોય છે અને બીમારીનું દુઃખ કે વેદનાનો અનુભવ તે કરતી હોય છે. છતાંય પતિ પોતે દુઃખી છે એમ માને છે. પત્નીમાં તેને "મારી પત્ની" એવો આત્મભાવ છે તેથી તે પોતાને દુઃખી માને છે. એ દેહાત્મતા જ્યાં સુધી નિવૃત્ત ન થાય ત્યાં સુધી એ તાપની નિવૃત્તિ પણ થતી નથી. એ તાપની નિવૃત્તિ કેવળ જ્ઞાનથી જ થાય છે. જીવને જ્યારે પોતાના શુદ્ધ સ્વરૂપનું અપરોક્ષ જ્ઞાન થાય છે, ત્યારે તે તાપથી તે મુક્ત થઈ બ્રહ્મભાવે શાશ્વતસુખભોક્તા બને છે.

આત્મા દેહ નથી પણ દેહમાં રહેલો "દેહી" છે. આપણે જે ભાડાના ઘરમાં રહીએ છીએ તેને આપણે પોતાનું ઘર માનીએ છીએ ખરા ? નહીં. અને તેથી જ "મારું નહીં પણ ભાડાનું છે" એમ કહીએ છીએ. જેમ ઘરને જોનારો ઘરથી ભિન્ન છે, તેમ શરીરને જોનારો પણ શરીરથી ભિન્ન છે. એ ભિન્ન ભાવને ભૂલી જઈને જીવ જ્યારે શરીર સાથે પોતાનું તાદાત્મ્ય માની લે છે ત્યારે તે શરીરનાં સુખદુઃખને પોતાનાં સુખદુઃખ

માને છે. જ્યાં સુધી આપણે એ ભાડાના ઘરનું ભાડું આપીએ ત્યાં સુધી જ એ ઘરમાં રહેવાનો આપણને અધિકાર છે. જે શરીરમાં જીવ રહે છે તે શરીર જીવનું નથી પણ તેનું ભાડાનું રહેઠાણ છે. એ શરીરને નિમિત્ત બનાવી પ્રારબ્ધના ભોગ ભોગવવાના છે. તે ભોગવી જીરે એ શરીર છોડવાનું જ છે. છોડવાની ઈચ્છા ન હોય તો પણ પ્રારબ્ધ ક્ષીણ થતાં, આવરદાની દોરી પૂરી થતાં, એ શરીર છૂટી જ જવાનું છે. એ શરીરમાં યમરાજ એ જીવને એક ક્ષણ પણ વધુ વખત રહેવા દે એમ નથી. નિસર્ગનો અને કર્મપ્રારબ્ધનો એ અબાધિત-અપવાદરહિત નિયમ કોઈથી ફેરવી શકાય એમ નથી. જે આપણું નથી તેને આપણું માનીને તેમાં આત્મીયતાનો સ્વીકાર કરીને તેના સુખે સુખી અને દુઃખે દુઃખી થવું એ નરી મૂઢતા સિવાય બીજું શું હોઈ શકે ? જો શરીર આપણું હોય તો જીવ જ્યારે શરીરમાંથી નીકળી જાય છે ત્યારે તે શરીર સાથે કેમ નથી આવતું ? એ શરીર તો બળીને રાખનો ઢગ બની જશે. સગાંસંબંધીઓ પણ એ શરીરને સાચવી નહીં રાખે. પત્ની પણ નહીં, પુત્ર પણ નહીં, પિતા પણ નહીં. જીવ-વિહોણા એ દેહને કોઈ પ્રેમથી સાચવી નહીં રાખે. સગાઈ તો જીવની છે, દેહની નથી. અને તેથી જ દેહાત્મતા, ''હું દેહ છું'' એ મિથ્યા અહંતા છે. તે જ સંતાપનું મૂળ છે. એ દેહઅહંતા નિવૃત્ત થતાં મમતા પણ જશે અને સાથે ત્રિવિધ તાપની નિવૃત્તિ પણ થશે એ વાત નિઃશંક છે.

દેહઅહંતા કેવી છે ? રજ્જુમાં સર્પની વાત જેવી છે. સંસારની અને શરીરની નશ્વરતાનો ખ્યાલ આપવા માટે શાસ્ત્રોમાં રજ્જુસર્પનું દૃષ્ટાંત આપવામાં આવે છે. અંધારામાં પડેલી દોરીમાં આપણે સર્પની ભાવના કરીએ છીએ. વસ્તુતઃ દોરી એ સર્પ નથી પણ આપણી બુદ્ધિમાં સર્પનો જન્મ થાય. બુદ્ધિના એ સંસ્કારો વડે આપણે દોરીને બદલે સર્પ જોઈએ છીએ. વસ્તુતઃ દોરી એ સર્પ નથી પણ આપણી દૃષ્ટિ ભ્રમિત છે. તેથી અંધકારને લીધે આપણે ત્યાં દોરી જોવાને બદલે સર્પને જોઈએ છીએ. દોરી તો જેમની તેમ જ પડી છે. એ બુદ્ધિભ્રમને લીધે એ દોરીમાં હલનચલનની ક્રિયાઓનો અનુભવ કરીએ છીએ. તેની ફણાટોપ આદિની કલ્પના કરીએ છીએ અને ''ઓ બાપ રે, સાપ છે'' કહીને આપણે છળી મરીએ છીએ, બૂમો પાડીએ છીએ. સર્પ એ ભ્રમ છે. રજ્જુ એ સત્ય છે. આપણી એ બૂમ સાંભળીને કોક દીવો લઈને આવે છે ત્યારે એ પ્રકાશમાં સર્પ જણાતો નથી પણ કેવળ દોરી જ જણાય છે ત્યારે સર્પનો ભ્રમ ટળી જાય છે. એ દૃષ્ટાંત અનુસાર જ્યાં સુધી જીવને દેહબુદ્ધિ છે ત્યાં સુધી એ દેહઅહંતાને કારણે અનેકવિધ કષ્ટો સહન કરે છે. સદ્‌ગુરુકૃપાએ જ્યારે જ્ઞાનદીવડો પ્રગટે છે ત્યારે તેના પ્રકાશમાં સર્પરૂપી ભ્રમણા એટલે માયાજનિત અજ્ઞાનનો નાશ થઈ જાય છે. અને જીવને

પોતે દેહ નથી એવી પ્રતીતિ થાય છે અને ત્યારે જેમ દોરીમાંથી સર્પની ભ્રમણા ટળી જાય છે તેમ દેહમાંથી આત્મબુદ્ધિ ટળી જાય છે અને ત્યારે જીવ "હું દેહી છું" એમ માનતો થાય છે. પોતે દેહ નથી પણ દેહનો દ્રષ્ટા છે, દેહથી ભિન્ન છે એવી તેને ખાતરી થાય છે. જેમ ભાડૂતી મકાનમાં રહેનારની "હું માલિક છું" એવી ભ્રમણા ટળી જાય છે ત્યારે "મારું ઘર" એવું તેનું ઘરમાં રહેલું મમત્વયુક્ત અજ્ઞાન છોડીને ઘરના માલિકને ઓળખતો થાય છે, તેમ જ્યારે દેહમાં જીવની રહેલી દેહાત્મતા નિવૃત્ત થાય છે ત્યારે તે દેહને પોતાનો માનતો ભૂલી જાય છે અને પોતે દેહનો દ્રષ્ટા છે એમ માનતો થાય છે. જેમ તમાશો જોનારને તમાશાના સુખદુઃખની અસર થતી નથી તેમ દેહનાં સુખદુઃખની અને ત્રિવિધ તાપની અસર ત્યારે જીવને થતી નથી. એવી સાચી સ્થિતિનું ભાન થવા માટે, અંધકારને ટાળવાને જેમ પ્રકાશની જરૂર છે તેમ માયાનું એ આવરણ નિવૃત્ત કરવાને જ્ઞાનરૂપી પ્રકાશની આવશ્યકતા છે. એ સાચું જ્ઞાન સદ્‌ગુરુકૃપા વિના લાભતું નથી. શબ્દજ્ઞાનથી અર્થ સરતો નથી. "હું દેહ નથી, હું બ્રહ્મ છું" એમ કહેવાથી મમતા મરતી નથી. તત્ત્વતઃ એવો દૃઢ નિશ્ચય થવાથી, બુદ્ધિ સ્થિર થવાથી અને સમ્યક્ જ્ઞાન થવાથી જ એ મમતા-અવિદ્યા ક્રમશઃ નિવૃત્ત થાય છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"અજાત ન્હોતો ના હશે, મધ્યે કેવળ ભાસ;**
**આદિ અંતમાં એક 'તું,' રંગ સ્વયંપ્રકાશ !"**

દોરીમાં સર્પ નહોતો અને દોરીમાં સર્પ રહેશે પણ નહીં. દોરી તો દોરી જ રહેશે. દોરીમાં આદિ કે અંતમાં કોઈ પણ વખત સર્પ નહોતો, પણ અજ્ઞાન અવસ્થાના કારણે મધ્યકાળમાં તેનો ભાસ થતો હતો. મધ્યમાં પણ તે મિથ્યા જ હતો. તે જ રીતે જે અજાત છે તે જન્મતો નથી અને મરતો પણ નથી. પરમાત્મા કદી જન્મતો નથી અને મરતો પણ નથી. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

न जायते म्रियते वा कदाचित् ।

એ આત્મા કદી જન્મતો નથી કે કદી મરતો નથી એ તો

अजो नित्यः शाश्वतोऽयं पुराणो ।

એ અજ છે, નિત્ય છે, શાશ્વત છે, પુરાણ છે. તેથી જ શ્રી અવધૂતે કહ્યું કે આદિમાં જેમ રજ્જુ હતી, અંતમાં જેમ રજ્જુ છે અને મધ્યમાં પણ રજ્જુ જ હતી, સર્પ હતો જ નહીં તેમ એ પરમાત્મા જ આદિમાં અને અંતમાં રહેશે. માયા નથી અને નહોતી છતાં પણ મધ્યમાં જે અવિદ્યા જણાય છે તે કેવળ રજ્જુમાં સર્પની ભ્રમણા સમી છે. આ જગત પણ કેવળ ભાસમાન છે. વસ્તુતઃ જગત કે માયા જેવું કશું જ નથી. જે અજાત છે તે જન્મમૃત્યુનો વિષય નથી. જન્મ અને મરણ એ તો શરીરના ધર્મ

છે. એ આત્માના ધર્મ નથી. આદિ અને અંતના મધ્યમાં જે ભાસે છે, તે કેવળ માયા-મૃગજળ છે. આદિ અને અંતમાં તો કેવળ સ્વયંપ્રકાશ પરમાત્મા જ છે. "તે તું છે." દોરડીમાં જેમ સર્પ નહોતો, નથી અને હશે પણ નહીં તેમ પરમતત્ત્વમાં જગત નહોતું, નથી અને રહેશે પણ નહીં. જગત એ કેવળ વિવર્ત છે. વિવર્તનો નાશ થવાથી પરમતત્ત્વનો નાશ થતો નથી. રજ્જુનો નાશ નહીં થાય. સર્પરૂપે રજ્જુમાં રહેલા વિવર્તનો નાશ થશે.

અને છેવટે શ્રી અવધૂત આ અષ્ટક સમાપ્ત કરતાં કહે છે :

"પ્રકાશ વિધવિધ કાચથી, ભાસે વિધવિધ રંગ;
કાચ ફૂટતાં મૂળ તું, રંગ એક અભંગ !"

પ્રકાશ નિર્વિકાર છે. તેને કોઈ પણ રંગ નથી. જે જે રંગના કાચ ઉપર એ પ્રકાશ પાડીએ છીએ તે તે રંગનો પ્રકાશ જણાય છે. પીળા ચશ્મા પહેરીશું તો પ્રકાશ પણ પીળો જણાશે. રાતા રંગના ચશ્મા પહેરીશું તો પ્રકાશ પણ રાતો જણાશે. એ વિકાર પ્રકાશનો નથી કાચનો છે. તેમ પરમતત્ત્વ તો એક જ છે, સ્વયં પ્રકાશ છે. તેમાં કોઈપણ પ્રકારના રંગ, રૂપ વિકાર રહેલા નથી. છતાંય ભિન્નભિન્ન પ્રકારે જે ભાસે છે તે કેવળ અજ્ઞાન છે. પરમાત્મા પુરુષ નથી, સ્ત્રી નથી કે નપુંસક નથી. વૃદ્ધ નથી, યુવાન નથી કે બાળક નથી. પરમાત્મા એ કેવળ નિર્મળ સત્યસનાતન પ્રકાશ છે. અજ્ઞાનના કારણે તેને ભિન્નભિન્ન સ્વરૂપવાન, વર્ણવાન અને આકારવાન માનવામાં આવે છે. જે સાચો સાધક છે તે બધાં બાહ્ય સ્વરૂપોનો નિષેધ કરીને એ સ્વરૂપમાં સમાયેલા પરમ તેજસ્વરૂપ પરમતત્ત્વને જ જુએ છે. પોતાના હૃદયમાં જ તેની પ્રતીતિ કરે છે. સાચો યોગી શિવને શોધવા બહાર ભટકતો નથી. પોતાના હૃદયમાં જ તેનો સાક્ષાત્કાર કરે છે. હાથમાં આવેલા હીરલાને ગુમાવીને કાચને ઝાલવા જનારો સાધક જેમ સાચો સાધક નથી તેમ સત્યવસ્તુને છોડીને આભાસને પકડવા જનાર સાધક સાચો સાધક નથી.

જ્યારે કાચ ફૂટી જશે ત્યારે સત્યસ્વરૂપ સ્વયંપ્રકાશ પરમતત્ત્વનાં શુદ્ધ, નિર્મળ, નિર્વિકાર પ્રકાશનાં દર્શન થશે. કાચ ફૂટશે ત્યારે આવરણનું નિરસન થશે. પરમતત્ત્વ તો અભંગ છે. તે કેવી રીતે ફૂટશે ? અને તેથી જ "એક અભંગ" પરમાત્માને પ્રાપ્ત કરવા માટે એ કાચને-આવરણને ફોડી નાખવાની, માયાની નિવૃત્તિ કરવાની અહીં શ્રી અવધૂતે સૂચના આપી છે.

આ અષ્ટક કેવળ શ્રુતિ, સ્મૃતિ અને વેદના અનુવાદરૂપે શ્રી અવધૂતે આપણને કહ્યું છે. એમાં રહેલા તાત્ત્વિક વિચારોનું અનુશીલન કરનારને બીજાં શાસ્ત્રો જોવાની પણ જરૂર નથી. અસ્તુ.

❋

(૧૯)

ભકિતની મુકિત છે દાસી,
ઓ લાલ! ભક્તિની મુક્તિ છે દાસી...ટેક.
કર્મે અધિકારનો પાર ન આવે;
યોગે પ્રાણાપાન-ફાંસી!... ઓ લાલ. (૧)
જ્ઞાને સત્-અસત્-વિવેકે સત્તા;
હરિ વિણ સત્ ન પ્રકાશી!...ઓ લાલ. (૨)
ભકિતથી ચિતડું ખેંચાતાં હરિગમ,
વિષયૈષણા જાય નાસી!...ઓ લાલ. (૩)
વાસના વામતાં આપે હરિ ભાસે;
મરે મન દ્વૈત-વિલાસી!... ઓ લાલ. (૪)
બાંધેય મનડું ને છોડેય મનડું;
શાસ્ત્રે આ વાત ઉપદેશી!... ઓ લાલ. (૫)
રુદિયામાં ગંગા ને રુદિયામાં જમુના;
રુદિયામાં મોક્ષદા કાશી!... ઓ લાલ. (૬)
આત્માએ વિશ્વનાથ વિશ્વંભર;
અજર અમર અવિનાશી!... ઓ લાલ. (૭)
ભક્તિ વિભક્તિ-નાશિની સ્હેજે;
શેષે એ રંગ ઉદાસી!!... ઓ લાલ. (૮)

* * *

ભક્તિ અને મુક્તિ એ બેમાં શ્રેષ્ઠ કોણ ? તુલનાત્મક દૃષ્ટિએ વિચાર કરતાં ભક્તિ મુક્તિ કરતાં શ્રેષ્ઠ છે. બંધનની ભાવનામાંથી મુક્તિની ઇચ્છા સર્જાય છે અને તેથી મુમુક્ષુ સકામ છે. તેની મુક્તિની કામના છે અને તેથી તે પરમાત્માને સકામ ભાવે ભજે છે. છે તો સાત્ત્વિક, છતાંય એ કામના હોવાથી નિષ્કામભક્તિ આગળ ઊતરતી કોટિની છે. મુમુક્ષુ ભિક્ષુક છે. ભગવાન આગળ હાથ પસારીને મુક્તિની યાચના કરે છે. પરમાત્મા એ મુમુક્ષુનું એક સાધન બને છે અને મુક્તિ સાધ્ય બને છે. ભક્તિમાં એવું નથી. ભક્તિ સ્વયં સાધ્ય પણ છે અને સાધન પણ છે. ભક્તિ કરતાં કરતાં એ સાધન જ્યારે સંપૂર્ણ થાય છે ત્યારે સાધ્યની અપેક્ષા ન હોવા છતાંય તે સાધ્ય બને છે. પરમાત્મા સ્વયં ભક્તને વરણ કરે છે. તેથી મુક્તિ કરતાં ભક્તિ શ્રેષ્ઠ છે. જ્ઞાન વિના મુક્તિ થતી નથી એવું શાસ્ત્રનું વચન છે. જેમ રાખોડીમાં અગ્નિ ઢંકાયેલો છે તેમ એ જ્ઞાન અજ્ઞાન વડે ઢંકાયેલું છે. રાખોડીને ખંખેરી નાખતાં જેમ અગ્નિ પ્રકાશિત થાય છે તેમ અગ્નિ જેવા જ્ઞાનને પ્રકાશમાન બનાવવાને અજ્ઞાનને ખંખેરી






નાખવાની જરૂર છે.

સકામ અને નિષ્કામ એવા ઉપાસનાના બે પ્રકાર છે. પ્રથમ પ્રકારમાં કામના એ સાધ્ય વસ્તુ છે. તે કામનાની પૂર્તિ અર્થે ઉપાસક સાધનસ્વરૂપે ભગવાન અથવા દેવદેવીની આરાધના કરે છે. એ આરાધના પરિપક્વ થાય ત્યારે, જેમ વૃક્ષનું ફળ પરિપક્વ થતાં પ્રાપ્ત થાય છે તેમ, સાધકને પરિપક્વ ઉપાસનાને પરિણામે ઈપ્સિત ફળની પ્રાપ્તિ થાય છે. નિષ્કામ ઉપાસનામાં મુક્તિની પ્રાપ્તિની પણ ભાવના રહેતી નથી. મુક્તિની પણ કામના અર્થે જો પ્રભુને ભજવામાં આવે તો તે પણ સકામ ઉપાસના ગણાય છે. કોઈ પણ પ્રકારની-મુક્તિની પણ કામના વિના કેવળ ઉપાસના અર્થે જ જે ઉપાસના થાય તે જ સાચી અને નિષ્કામ ઉપાસના છે. પ્રભુ પ્રીત્યર્થે પ્રભુની ઉપાસના કરવી એ જ સાચી ઉપાસના છે. ભક્તિનો ખરો મર્મ પણ એ જ છે. એ જ કારણે ભક્તિ સાધ્ય પણ છે અને સાધન પણ છે. પ્રેમના સાગર સમા પરમાત્માની અથવા પ્રેમસ્વરૂપ પરમાત્માની કેવળ પ્રેમ માટે જ જે ઉપાસના થાય છે તે એથી પણ ઉચ્ચકોટિની ઉપાસના છે. એથીય ઉચ્ચતમ કોટિની ઉપાસનામાં તો એ પ્રેમની પણ ભાવના રહેતી નથી. કેવળ ઉપાસના અર્થે જ ઉપાસના, ભક્તિ અર્થે જ ભક્તિ. પરિણામ પ્રત્યે લક્ષ રાખ્યા વિનાની કેવળ ભાવનાયુક્ત ઉપાસના તે જ સાચી ઉપાસના છે. સર્વોત્કૃષ્ટ ઉપાસના પણ તે જ છે. જેમ શરીરનાં સહજ કર્મો સંકલ્પ વિના જ થતાં જાય છે તેમ એ ઉપાસના પણ સહજભાવે જ થતી રહે છે. એની એ જ વિલક્ષણતા છે અથવા વિશેષતા છે. એથી ભક્તિ આગળ મુક્તિની તરણા જેટલીય કિંમત રહેતી નથી, કેવળ મુક્તિની અપેક્ષા રાખનારને જ્ઞાનની અપેક્ષા રહે છે. કેવળ ભક્તિ કરનારને જ્ઞાનની અપેક્ષા રહેતી નથી. પ્રભુના સુખમાં જ પોતાનું સુખ માનનારને પોતે બંધનયુક્ત છે એવું ભાન પણ રહેતું નથી, અને તેથી તે નિરક્ષર છતાંય સાચો જ્ઞાની છે. શ્રી અવધૂતના શબ્દમાં કહીએ તો

"નિરક્ષરની સદક્ષરતા પ્રભુને પ્રાણપ્રિય ભાઈ"

એવી પરિસ્થિતિ છે. વ્યક્તિનો લોપ કરીને સમષ્ટિમાં ભળી જવું એ જ સાચું જ્ઞાન છે. બિંદુ સાગરમાં ભળતાં જ જેમ બિંદુ મટી સિંધુ થાય છે, તેમ ભક્ત જ્યારે ભગવાનથી પોતે ભિન્ન છે કે અભિન્ન છે એ તત્ત્વનો વિચાર સરખોય કરતો નથી અને ભગવાનને ખાતર જ ભગવાનની સહજભાવે ઉપાસના કરતો થાય છે ત્યારે તે ભગવાનમાં ભળી જાય છે. ભક્ત અને ભગવાન ભિન્ન રહેતા નથી. સમષ્ટિમાં વ્યક્તિ સમાઈ જાય છે. વિષયોમાં રમતું એનું મન વિષયોથી મુક્ત બનીને કેવળ પ્રભુમાં જ રમે છે. વિષયોનો વિવેક કરનારી એની બુદ્ધિ કેવળ પ્રભુના જ વિચાર કરે છે. વિષયોનું ચિંતન કરતું એનું ચિત્ત કેવળ પ્રભુનું જ ચિંતન કરે છે. વિષયોમાં અહંકાર રાખી "હું દેહ છું" એવું વિચારતી

એની જડતા પણ પ્રભુના ચિંતનમાં જ ઓગળી જાય છે. પરિણામે એ પ્રભુમય જ બની જાય છે. જ્ઞાનની ખટપટમાં પડીને મુક્તિ પ્રાપ્ત કરનાર કરતાં પ્રભુમય બનીને પ્રભુમાં જ સમાયેલો એ ભક્ત શ્રેષ્ઠ છે. એ દશા કેવળ ભક્તિથી જ પ્રાપ્ત થાય છે અને તેથી મુક્તિ ભક્તિની દાસી છે એમ શ્રી અવધૂતે કહ્યું છે. થોડો વધુ વિચાર કરીએ.

જ્ઞાન પ્રાપ્ત કરીને મુક્તિ મેળવવાની અભિલાષા સેવતા સાધકે પ્રથમ અજ્ઞાનનું આવરણ છિન્નભિન્ન કરવાની જરૂર રહે છે. વસ્તુતઃ અજ્ઞાન એટલે માયા. અને માયા એટલે જે નથી તેનો કેવળ આભાસ. માયા જેવું કશું જ અસ્તિત્વમાં નથી. અજ્ઞાન એ કેવળ ભ્રમણા છે. સ્વપ્નમાં કશું જ હોતું નથી છતાં મનુષ્ય અનેક ચિત્રવિચિત્ર દર્શન કરે છે, અનેક પ્રકારના પ્રસંગોનો અનુભવ કરે છે અને અનેકવિધ વિડંબનાઓ સહન કરે છે. તે જાગ્રત થાય છે ત્યારે ઝાકળનાં પાણી જેમ સૂર્યના તાપે અદૃશ્ય થાય છે તેમ અદૃશ્ય થઈ જાય છે. સ્વપ્ન એ અજ્ઞાન છે. જાગ્રત એ જ્ઞાન છે. જેમ સ્વપ્નના નિસ્તાર અર્થે જાગ્રત થવું જરૂરનું છે તેમ અજ્ઞાનના નિવારણ અર્થે જ્ઞાનની જરૂર છે. ભક્તિમાં એવું કશું જ નથી. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થામાં જે ભક્ત છે તેને તો કેવળ ભગવાનનો જ અનુભવ થાય છે અને તેથી તેની એ ત્રણે અવસ્થાઓ ભગવાનમય જ બની જાય છે.

શ્રીકૃષ્ણ વ્રજમાંથી મથુરા પધાર્યા. ઉદ્ધવ પ્રભુના પરમ મિત્ર. ઘણીય વાર શ્રીકૃષ્ણ ઉદ્ધવને વ્રજગોપીઓની, પોતાની બાળલીલાઓની અને વ્રજગોપીની એકનિષ્ઠ પ્રેમની વાતો કરે. ઉદ્ધવ જ્ઞાનમાર્ગનો ઉપાસક જ્ઞાની. અબુધગોપીની વાતો સાંભળીને વિબુધ ઉદ્ધવને સહજ વિચાર આવ્યો. ભગવાનને તેણે પોતાના અંતરમાં રહેલી વાત કહી. ભગવાને ઉદ્ધવનું અંતર વાંચ્યું. શુષ્ક જ્ઞાની કરતાં ભક્તની ઉત્કૃષ્ટ અવસ્થાનો ઉદ્ધવને પ્રત્યક્ષ ખ્યાલ આવે એ માટે તેને વ્રજમાં જવાનો અને એ ગોપીની અવસ્થાનું પ્રત્યક્ષદર્શન કરવાનો આદેશ કર્યો. વ્રજમાં ઉદ્ધવે શું જોયું ? શ્રીકૃષ્ણના નિર્વ્યાજ પ્રેમમાં તરબોળ એ વ્રજની અબુધ વનિતાને ઉદ્ધવે જોઈ. ગુણમય દેહનું એને ભાન નહોતું. કેવળ કૃષ્ણને કારણે જ એ જીવન જીવી રહી હતી. પ્રેમની પ્રતિમાસમી એ વ્રજનારને પ્રેમાવતાર શ્રીકૃષ્ણની જ લગની લાગી હતી. શ્રી શુકદેવજીએ એ પ્રસંગ સુંદર શબ્દોમાં વર્ણવ્યો છે. ઉદ્ધવ તો એ જોઈને આભો જ બની ગયો. પોતાના જ્ઞાનનો થોડો લાભ આપવા એ વ્રજવનિતાને જ્ઞાનની વાતો કરવા લાગ્યો, પણ કોણ સાંભળે એનું જ્ઞાન ? અંતે એનું જ્ઞાનગુમાન ગળી ગયું અને વ્રજની એ ભોળી નારના ચરણોમાં નતમસ્તક બન્યો. એ વ્રજવનિતાની ભક્તિનો મહિમા તો નારદ જેવાએ પણ ગાયો છે.

''यथा व्रजवनितानाम्''

એ પ્રમાણે નારદભક્તિસૂત્રમાં કહ્યું છે. ભક્ત અને ભક્તિ આગળ એ મુમુક્ષુ અને મુક્તિની કોડીનીય કિંમત નથી. અને તેથી મુક્તિ દુર્લભ છે છતાંય ભક્તિ કરતાં કનિષ્ઠ છે. તેથી જ તે ભક્તિની દાસી છે. ભક્તિ સહજ છે છતાંય શ્રેષ્ઠ છે. ભક્ત અને ભગવાન એકરૂપ બને છે છતાંય તેને ભગવાનથી ભિન્ન રહી અભિન્ન ભાવે ભગવાનને ભજવાના કોડ રહે છે, અને તેથી તે ભગવાનને ભગવાનને ખાતર જ ભજે છે. ઉદ્ધવને પણ જ્ઞાન કરતાં ભક્તિની શ્રેષ્ઠતાનો મહિમા સમજાયો. ત્યારે જ તેણે શ્રીકૃષ્ણના મહાપ્રયાણ સમયે અંતે જ્ઞાનોત્તર ભક્તિની શ્રીકૃષ્ણ પાસે યાચના કરી. પરમાત્માની ભક્તિ મુક્તિથી પર છે. આમ મુક્તિ કરતાં ભક્તિનું મહત્ત્વ હોવાથી શ્રી અવધૂતે મુક્તિને કનિષ્ઠ લેખી છે. મુક્તિ તો પુરુષાર્થથી પ્રાપ્ત કરી શકાય છે પણ ભક્તિ તો કેવળ પરમાત્માની પ્રસાદીનું જ પરિણામ છે. મુક્તિમાં અંશતઃ અહંતા છે. ભક્તિમાં એ અહંતાનો લેશ પણ નથી.

પરમાત્મપ્રાપ્તિના કર્મ, જ્ઞાન અને ઉપાસના એ રાજમાર્ગ છે. એમાંના કોઈ પણ માર્ગે જનાર પથિક પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરી શકે છે એવું આત્મદર્શીઓએ સ્વાનુભવે ગાયું છે. શાસ્ત્રો પણ સર્વ સાધારણ સાધકો માટે બીજા માર્ગની અપેક્ષાએ ભક્તિમાર્ગ તરફ જ સંકેત કરે છે. અને તેથી ભક્તિને મુક્તિ કરતાં શ્રેષ્ઠ વર્ણવીને શ્રી અવધૂત પણ અન્ય માર્ગો કરતાં સુલભ ભક્તિમાર્ગ તરફ જ સંકેત કરે છે. બીજા માર્ગો છે : કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ. એ ઉભય માર્ગો મર્યાદિત છે. ભક્તિ અમર્યાદ છે.

હવે આપણે કર્મમાર્ગની થોડી વાતો કરીએ. શ્રી અવધૂત કહે છે :

**કર્મે અધિકારનો પાર ન આવે;**
**યોગે પ્રાણાપાન-ફાંસી !**

કર્મનું કોકડું એટલું અટપટું અને ગૂંચવણભર્યું છે કે તેમાં ભલભલા જ્ઞાનીઓ પણ ગોથાં ખાય છે. ''કર્મ'' ક્યારેક ''અકર્મ'' બને છે અને ક્યારેક ''વિકર્મ'' બને છે અને તેથી જ કર્મની ગતિ ગહન છે. એનો વિચાર યથાસ્થાને કરીશું.

પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે સાધનની અનુકૂળતા સાધકના અધિકાર અને અભિરુચિ ઉપર અવલંબેલી છે. પ્રત્યેક સાધકને પ્રત્યેક પ્રણાલિકા રુચિકર બનશે એવો અટલ નિયમ નથી. કોકને જ્ઞાનમાર્ગ પ્રતિ અભિરુચિ હોય, કોકને કર્મમાર્ગની અભિરુચિ હોય અને કોક હઠયોગ દ્વારા આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરવાની તમન્ના સેવતો હોય. પ્રત્યેક સાધકને કર્મ, જ્ઞાન અને યોગનો અધિકાર પણ નથી. ભક્તિમાં અધિકારનો પ્રશ્ન જ રહેતો નથી. વર્ણાશ્રમના ભેદ વિના ભગવાનની ભક્તિ કરવાનો કોઈને પણ અધિકાર છે. સ્ત્રી, શૂદ્ર, બાળક અને અધમાધમ વ્યક્તિ પણ ભગવાનને ભજવાને મુક્ત છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥

"હે પાર્થ, જેઓ પાપયોનિવાળા હોય કે સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો છે. તેઓ પણ મારો આશ્રય કરી પરમગતિ પામે છે." પ્રહ્લાદ જેવો અસુરકુળમાં જન્મેલો પણ કેવળ ભક્તિ વડે જ પ્રભુદર્શન કરી શક્યો. ધ્રુવ જેવો બાળક પણ કેવળ પ્રભુની ભક્તિથી જ, પ્રભુના કેવળ નામસ્મરણથી જ ધ્રુવપદ પ્રાપ્ત કરી શક્યો, વિભિષણ જેવો અસુર પણ એ જ ભક્તિની નાવમાં બેસી ભવસાગર તરી શક્યો. વ્રજની અબુધ વનિતાએ પણ એ જ ભક્તિથી વિશ્વવિખ્યાત ઈર્ષાસ્પદસ્થાન પ્રાપ્ત કર્યું અને જગતને ચકિત બનાવ્યું. એવાં તો અનેક ભક્તોનાં ભક્તિમાર્ગે ભવસાગર તર્યાનાં દૃષ્ટાંતો ઈતિહાસને પાનેપાને ભર્યાં છે.






કર્મમાર્ગમાં અધિકાર ભેદ છે. આધુનિક કર્મમાર્ગ કે કર્મવાદ પરમાત્મપ્રાપ્તિ અર્થે ઉપયોગી નથી એ કહેવાની જરૂર નથી. શાસ્ત્રોક્ત કર્મ શાસ્ત્રોક્ત પ્રણાલિકા અનુસાર કરીને જ આત્મલાભ સિદ્ધ કરી શકાય છે. શાસ્ત્રોક્ત કર્મ કરવામાં અધિકારની ભાંજગડ છે. બ્રાહ્મણને જે અધિકાર છે તે ક્ષત્રિયને નથી. ક્ષત્રિયના અધિકાર શૂદ્રોને નથી. શૂદ્રના અધિકાર વૈશ્યોને નથી. એ અધિકારભેદવાળા કર્મના બખેડામાં આપણે પડીએ તે પહેલાં એ 'કર્મ'ના સંબંધમાં જ આપણે થોડો વિચાર કરીએ અને

**કર્મ અધિકારનો પાર ન આવે**

એ શ્રી અવધૂતના વાક્યનો મર્મ સમજવાની પેરવી કરીએ.

અધિકારભેદવાળાં કર્મો વેદોક્ત પણ છે અને પુરાણોક્ત પણ છે. એ વેદોક્ત કર્મ કરવાનો અધિકાર કેવળ બ્રાહ્મણને જ છે. તેથી એ કર્મનું રહસ્ય સમજ્યા વિના જ કેવળ જડભરત પેરે જે કર્મનો આચાર કરે છે તેને કર્મઠ કહેવામાં આવે છે. વાસ્તવિક રીતે કર્મનું મૂળ વેદો છે. એ વેદ પરમાત્માથી ઉત્પન્ન થયેલા છે, એટલે કર્મના મૂળમાં પરમાત્માનું સ્થાન છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

**कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम्।**
**तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम्॥**

"કર્મને વેદથી ઊપજેલું તું જાણ. વેદ પરમાત્માથી ઉત્પન્ન થયેલા છે માટે સર્વવ્યાપક પરમાત્મા યજ્ઞમાં નિત્ય રહેલા છે." શ્રી ભગવાનની એ ઉક્તિનો આપણે સરવાળો કરીએ તો પરમાત્માથી વેદની ઉત્પત્તિ થઈ, કર્મમાંથી યજ્ઞની ઉત્પત્તિ થઈ. યજ્ઞના પરિણામે વૃષ્ટિ થાય છે. વૃષ્ટિના પરિણામે અન્ન પાકે છે, અન્નથી પ્રાણીઓ ઉત્પન્ન થાય છે—આમ કર્મ એ સર્જનનું-ઉત્પત્તિ સ્થાન છે. ઉપનિષદકારે પણ ભગવાનભાખી એ જ ઉક્તિનું સમર્થન કર્યું છે. પ્રથમ તો એકમાત્ર 'સત્' હતું. તે 'સત્'ના ઈક્ષણવડે 'તેજ' ઊપન્યું. એ જ ઈક્ષણવડે તેજથી 'અપ્' ઊપન્યું. અપ્થી

અન્ન ઊપજ્યું અને પછી અંડજ, જીવજ અને ઉદ્‌ભિજ્જ પ્રાણીઓની ઉત્પત્તિ થઈ. સર્વપ્રથમ તો કર્મરૂપે 'સત્'નું ઈક્ષણ જ છે, તેના પરિણામરૂપ આ જગત છે.

ગીતોક્ત કર્મના તત્ત્વજ્ઞાન સાથે અહીં આપણને બહુ સંબંધ નથી કારણ કે શ્રી અવધૂતે

"કર્મે અધિકારનો પાર ન આવે"

એમ કહીને કર્મ કરતાં અધિકાર ઉપર વધુ ભાર મૂક્યો છે.

શાસ્ત્રોક્ત કર્મોનો આપણે વિચાર કરીએ ત્યારે પ્રત્યેક કર્મની પાછળ તેના ફળનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે. એટલે કર્મ કરતાં કર્મ કરનારની દૃષ્ટિ તેના ફળ પર વધારે કેન્દ્રિત થાય છે. અને તેથી તે જે કાંઈ કર્મ કરે છે તે કર્મના ફળની ભાવનાને મોખરે રાખીને જ કરે છે. એ રીતે કર્મમાત્ર સકામ ભાવે જ થતું હોવાથી તે નિષ્કામ કર્મ કરતાં તો ઊતરતી કોટિનું જ છે. શ્રી ભગવાને તો કર્મ કરીને કર્મના ફળમાં અનાસક્ત રહેવાનો જ બોધ કર્યો છે. પણ કોણ સાંભળે એ બોધને ? સ્વાર્થ અને કામનાઓથી ભરેલો માનવ તો એ ડગલું ભરશે તે પણ સ્વાર્થ સાધવાને જ ભરશે, અને તેથી ભગવાનનો એ બોધ કાને અથડાઈને જ પરિણામ પામ્યા વિના વાયુમાં વહી જશે. "ભગવાનને તો શાસ્ત્રોક્ત, વેદોક્ત કે પુરાણોક્ત કર્મો સાથે કશો જ સંબંધ નથી. જે કર્મ ભાવોક્ત હોય તે જ કર્મ શ્રી ભગવાનને તો રુચિકર છે." એવું એક સમે શ્રી અવધૂતે કહ્યાનું સ્મરણ આવે છે. બ્રાહ્મણ તો અમુક જ કર્મ કરી શકે. જે બ્રાહ્મણ કરે તે કર્મ કરવાનો બીજાને અધિકાર નથી વગેરે કર્માચાર ઉપર જે અનેક આંટીઘૂંટીવાળો શાસ્ત્રકારોએ પ્રતિબંધ મૂક્યો છે તે આત્મલાભમાં આડે આવનારો છે એમ કહેવું અયોગ્ય નથી. એ કારણે પરિણામે મુક્તિલાભની પણ શંકા જ રહે છે. કર્મ કરતાં કરતાં તેમાં વિધિમાં અંતરાય આવે ત્યારે તે તે કર્મ નિષ્ફળ નીવડે છે. આજના જમાનામાં કર્મ કરીને મુક્તિ લાભની આશા રાખવી એ નહીંવત્ છે. કર્મ કરીને નિષ્કર્મ થવાનો મર્મ જ્યાં સુધી કર્મઠ સમજે નહીં, અંતરમાં ઉતારે નહીં અને તેનો આચાર કરે નહીં ત્યાં સુધી પ્રત્યેક કર્મ જો અવિચ્છિન્નપણે થાય તો તેનું મર્યાદિત ફળ આપીને જ છૂટું થાય છે. અને તેથી કર્મમાર્ગ પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે ફળદાયી થવાનો ઘણો ખરો સંભવ નથી. શ્રી અવધૂતે એ જ કારણે અહીં કર્મમાર્ગના અનુયાયીઓને અધિકારભેદ તરફ ધ્યાન આપવાનો સંકેત કર્યો છે. વિષય ગહન છે, સ્થળનો પણ સંકોચ છે એટલે એ કર્મમીમાંસાનું વર્ણન સંપૂર્ણપણે કરવું અહીં શક્ય નથી. સંકેતરૂપે કહીએ તો માનવજીવનનું પરમ લક્ષ્ય પરમાત્માપ્રાપ્તિ છે અને તે કર્મમાર્ગ દ્વારા સર્વને સુલભ નથી. શ્રી ભગવાને ગીતામાં જે કર્મમાર્ગને અપનાવ્યો છે તે અનાસક્તિયોગ છે. તેમાં કરનારને

કેવળ કર્મ કરવાનો જ અધિકાર છે. ફળની આશા રાખવી એ કર્મ કરનારનો અધિકાર નથી કે ધર્મ પણ નથી. એવો અનાસક્ત સાધક અર્જુન પેઠે મોહ નષ્ટ થતાં આત્મતત્ત્વની પ્રાપ્તિ કરી શકે છે. પણ તે વિકટ છે. અને તેથી જ કર્મમાર્ગ કરતાં પણ ભક્તિમાર્ગ સુલભ છે અને સર્વસાધારણ સાધક માટે ઉત્તમ છે એમ શ્રી અવધૂતે ગર્ભિત રીતે કહ્યું છે. અસ્તુ.

એ તો અનુભવની વાત છે ભાઈ ! કલમમાં એનું વર્ણન કરવાની શક્તિ નથી. અનાસક્તિયોગ એ અર્જુન જેવા વીરને જ પચી શકે. મારા તમારા જેવાનું એમાં કામ નથી. તોય છતાં અંતરની અભિરુચિ અનુસાર કોઈ સાધક કર્મમાર્ગને અપનાવી આત્મતત્ત્વની પ્રાપ્તિ કરી લે તો તેમાં કોઈને કશી હાનિ પણ નથી. અર્જુન પણ શિષ્યભાવે શ્રી ભગવાનને શરણે ગયો ત્યારે જ ઉપદેશને પાત્ર બન્યો. તેના પરિણામે તેનો મોહ નષ્ટ થયો. તમે પણ તેવું કરો તો તમારો મોહ નષ્ટ થાય અને જીવન સંગ્રામમાં ઝઝૂમતાં ઝઝૂમતાં તમે પણ પ્રભુપદ પ્રાપ્ત કરો. કર્મમાર્ગમાં ડગલે ને પગલે વિધિનિષેધના અંતરાયો ખડકાયા છે. એ અંતરાયોમાં જ સાધકનું ચિત્ત સદા પરોવાયેલું રહે છે. અને તેથી સાધ્ય વસ્તુ ક્યારે પ્રાપ્ત કરી શકે ? સાધ્ય વસ્તુ પ્રાપ્ત કરવાને તો કિટવત્ સાધ્યમાં તલ્લીન થવું આવશ્યક છે. કર્મમાર્ગમાં જરા સરખી માખી છીંકી જાય તો એ કર્મ નિષ્ફળ જવાનું ! રાત આખી દળી કોઠિયામાં ઓસારવા જેવી દશા જ થાય. કર્મમાર્ગમાં હવે તો શાણ ગયા અને લિસોટા રહ્યા જેવું જ રહ્યું છે. આ કારણે કર્મમાર્ગ આજકાલ સુલભ પણ નથી અને અનુકૂળ પણ નથી. શ્રી અવધૂતનો એવો અનુભવ પણ છે અને અભિપ્રાય પણ છે.

શ્રી ભગવાને કર્મ કરીને તે કર્મનું ફળ અથવા તે કર્મ જ મમત્વરહિત બનીને પરમાત્માને અર્પણ કરવાની વાત ગીતામાં ગાઈ છે. વળી માનવી જે કર્મ કરે છે તે પરમાત્માનું જ કર્મ છે એમ સમજીને પરમાત્માને અર્થે જ કરે છે એવો ભાવ પણ કર્મ કરનારાના અંતરમાં જાગ્રત રહેવો જોઈએ. એવું પણ શ્રી ભગવાને કહ્યું છે. પણ એ વૃત્તિ કયા કર્મકના અંતરમાં જાગ્રત રહે છે ? ભાગ્યે જ કોઈ એ ભાવે કર્મ કરતા હશે. શ્રી ભગવાનની બાળલીલાનો એક પ્રસંગ છે.

શ્રી કૃષ્ણના ગોઠિયાઓ ગાયો ચરાવતા ચરાવતા ભૂખ્યા થયા. શ્રી કૃષ્ણને શરણે ગયા. ઋષિઓ એકઠા મળી યજ્ઞ કરતા હતા. શ્રી કૃષ્ણે બેચાર ગોઠિયાઓને ત્યાં મોકલ્યા. કહેવરાવ્યું કે, ''કનૈયાને ભૂખ લાગી છે. ભોજન માટેની સામગ્રી આપો.'' પણ કોણ આપે ? ઋષિઓએ ગોપાળવૃંદને હાંકી કાઢ્યું. કર્મ કરીને અંતે તો તે બ્રહ્માર્પણ કરવાનો વિધિ છે. પણ એ તો પોથીમાંનાં રીંગણાં જેવું માત્ર બોલી જ જવાનું. શ્રી કૃષ્ણ પરમતત્ત્વનો પૂર્ણાવતાર છે એ વાતથી અનભિજ્ઞ ઋષિઓએ તો પોતાના 'અહં'માં એ ગોપાળવૃંદને હડધૂત કરી ત્યાંથી રવાના કર્યું પણ

ઋષિપત્નીઓથી એ શે સહ્યું જાય ? કનૈયો ભૂખ્યો થાય અને ગોપાળ અન્ન વિના પાછા જાય એ ઋષિપત્નીઓથી કેમ સહેવાય ! તેઓ ભોજનના થાળ લઈને યજ્ઞમંડપમાંથી નીકળ્યાં. ઋષિઓએ તેમને વાર્યાં પણ અંતે ઋષિપત્નીનો જ વિજય થયો. ઋષિપત્ની જે વાત સમજતી હતી તે આચારપ્રધાન કર્મઠના લક્ષમાં ન આવ્યું. કહેવાનું તાત્પર્ય એ છે કે કર્મ કરીને કર્મના અધિષ્ઠાતાને તે અર્પણ કરવાની એક પ્રણાલિકા જ બની ગઈ છે અને તેથી તે કર્મ ઘણે અંશે નિષ્ફળ નીવડે છે.

કર્મમાત્રમાંથી આસક્તિનો નાશ કરી, મમત્વરહિત કર્મ કરવાની ઘોષણા પણ શ્રી ભગવાને કરી છે. એવું અનેકવિધ કર્મ કરતાં કરતાં સાધક અધિકાર પ્રાપ્ત કરે તો તેનો કાંઈ પત્તો લાગે. પણ તેમ કરતાં તો અનેક જન્મ વીતી જાય. અને છતાંય સાધ્યની પ્રાપ્તિની ખાતરી તો કોઈ આપતું નથી. પુરુષાર્થ કરતાં પણ નિષ્ફળતા પ્રાપ્ત થાય ત્યારે પુરુષાર્થની ખામી કાઢીને સાધકનો જ દોષ કાઢવામાં આવે છે. પછી એવા અનિશ્ચિત કર્મમાર્ગને, અનેકવિધ સંકટો સહન કરીને વળગી રહેવામાં શો ફાયદો ? હશે, પાર વિનાના અધિકાર ભેદવાળા અને અનેકવિધ દોષોથી ભરેલા કર્મમાર્ગ કરતાં ભક્તિમાર્ગ વધારે સુકર છે તેથી એમ બતાવી ભક્તિની મહત્તા ગાઈ છે.

હવે હઠયોગાદિથી ભક્તિની સરળતા બતાવતાં શ્રી અવધૂતે કહ્યું :

**"યોગે પ્રાણાપાન–ફાંસી."**

એટલે એનો પણ થોડો વિચાર કરીએ.

કામનાઓનો સંચિત ભંડાર એટલે જ માનવી. જેમ સમુદ્રમાંથી એક પછી એક તરંગો ઉદ્ભવે છે તેમ માનવીના અંતઃકરણમાં ભારેલી કામનાઓ પણ તેની પૂર્તિ અર્થે અનેકવિધ માનવચેષ્ટાઓના સ્વરૂપે બહાર આવે છે. કામનારહિત માનવી નિષ્ક્રિય છે. નિષ્કામ હોવાથી આંતરિક કે બાહ્ય કોઈ પણ ચેષ્ટા કરતો જોવામાં આવતો નથી. મહર્ષિ પતંજલિએ માનવ સ્વભાવનું અને સંસ્કારોનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીને જગત સમક્ષ એક મહાન સૂત્રરૂપે એ નિર્ણય રજૂ કર્યો છે. જીવ અને શિવ અભેદ હોવા છતાં એ ભેદની ભ્રમણા જીવને કેમ ઉત્પન્ન થાય છે ? એ પ્રશ્નો ઉત્તર છે ચિત્તની વૃત્તિઓનું આવરણ. અને તેથી

"योगश्चित्तवृत्ति निरोधः"

એમ કહીને એ કામનાઓને કારણે ચિત્તમાં તરંગરૂપે સર્જાતી વૃત્તિઓનો નિરોધ થાય તો જ ભેદવૃત્તિ ટળી જાય અને ત્યારે જ જીવ અને બ્રહ્મની વચ્ચે અંતરાયરૂપે રહેલું આવરણ ટળી જતાં જીવ અને બ્રહ્મ પરસ્પર સમરસ બની જાય. પાજ બાંધીને સરિતાનું અવરોધેલું જળ જેમ પાજ તૂટી જતાં પરસ્પર સમરસ બને છે તેમ અને અભિન્ન બની વહેતું થાય છે તેમ, જીવ અને બ્રહ્મ પણ એ વૃત્તિની પાજ તૂટી જતાં અભેદ

મન અભિન્ન બની જાય છે. જીવ અને બ્રહ્મની એ એકતા સાધવા માટે એટલે 'યોગ' સાધવા માટે ચિત્તની વૃત્તિઓનો નિરોધ આવશ્યક છે.

મહર્ષિ પતંજલિના એ સૂત્રમાં 'યોગ' શબ્દનો પ્રયોગ તેના વિશિષ્ટ અર્થમાં કરવામાં આવ્યો છે. ભિન્ન જણાતા બે તત્ત્વોનું ઐક્ય એટલે 'યોગ'. 'યોગ' શબ્દનો એ વિશિષ્ટ અર્થ છે.

મન, બુદ્ધિ અને ચિત્તની ક્રિયાઓ ભિન્નભિન્ન હોવાથી જુદીજુદી સંજ્ઞા આપવામાં આવી છે. વસ્તુતઃ તો તે એક જ છે. મન કામનાનો સંકલ્પ કરે, બુદ્ધિ તેનો વિવેક કરે અને ચિત્ત તેનું ચિંતન કરે. મન, બુદ્ધિ અને ચિત્ત તેથી પરસ્પર પૂરક બનીને જ ક્રિયાને ગતિશીલ બનાવે છે; જ્યારે ચિત્તની વૃત્તિના નિરોધની વાત આવે છે ત્યારે સાથેસાથે મન અને બુદ્ધિની આંતરિક ક્રિયાઓના નિરોધની વાત પણ સૂત્રકારશ્રીએ સૂત્રના ગર્ભમાં સૂચવી છે એમ આપણે સમજવું જોઈએ.

મૂઢ, ક્ષિપ્ત, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ એવી એ ચિત્તની પાંચ અવસ્થા છે. તેમાંની અંતિમ નિરુદ્ધ અવસ્થા જ્યારે સાધક સિદ્ધ કરી શકે છે ત્યારે જ તે આત્મા અને પરમાત્માના સંયોગની યોગ્યતાની ભૂમિકા પર આવે છે.

મહર્ષિપ્રણિત એ યોગને સાધ્ય કરવાને શાસ્ત્રોએ અનેક પ્રકારની પ્રણાલિકાઓની રચના કરી છે. પ્રાણનિરોધ અથવા હઠયોગ તેમાંની એક પ્રણાલિકા છે એમ આપણે કહીએ તો તે અયોગ્ય નથી. જ્યારે ચિત્તની વૃત્તિઓનો નિરોધ થાય છે ત્યારે આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિત થઈ જાય છે. એટલે કૈવલ્ય અવસ્થાને પ્રાપ્ત કરે છે.

શ્રી અવધૂતે,

"યોગે પ્રાણાપાને ફાંસી"

એવો પ્રયોગ કરીને યોગ શબ્દનો વિશિષ્ટ અર્થ લીધો નથી પણ 'પ્રાણજય' એવો મર્યાદિત અર્થ લીધો છે એમ

'પ્રાણાપાને ફાંસી'

એ શબ્દપ્રયોગ ઉપરથી ધ્વનિત થાય છે. એટલા માટે યોગની અન્ય પ્રણાલિકાઓનો વિચાર કોરે મૂકી પ્રાણજય ઉપર જ આ સ્થળે વિચાર કરવો અસ્થાને નહીં લેખાય.

એ યોગનાં આઠ અંગો કહ્યાં છે. કર્મમાર્ગ કરતાં પણ એ કપરો છે. સર્વસાધારણ સાધકને સુલભ પણ નથી. યોગમાર્ગના અનુભવીઓએ પણ એમ પોકારીને કહ્યું છે. પ્રાણ ઉપર વિજય પ્રાપ્ત કરીને સમાધિનું સાધન સિદ્ધ કરવું એ લોખંડના ચણા ચાવવા બરાબર છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ એ યોગનાં આઠ અંગો છે. એ અષ્ટાંગયોગનું ક્રમશઃ અનુશીલન કરતાં સાધક અંતે સમાધિ સાધ્ય કરી શકે છે. પ્રાણ અને અપાનનું આવર્જન અને વિસર્જન




નિરુદ્ધ કરીને જ્યારે સાધક એ અવસ્થામાં સ્વસ્વરૂપમાં સ્થિત થાય છે ત્યારે તે નિર્વિકલ્પ સમાધિનો અનુભવ કરે છે. પણ એ અવસ્થા પ્રાપ્ત કરીને પણ શો અર્થ ? શું આત્મદર્શન થશે ? નક્કી નહીં. એ માર્ગે પણ ફૂલ વેર્યાં નથી. એ કાંટાળે માર્ગે જતાં નિર્વિકલ્પ સમાધિની અવસ્થા પ્રાપ્ત કરતાં જ સાધકના શ્વાસ રૂંધાઈ જાય છે, લોહીનું પાણી થાય, આહારવિહારની અનેકવિધ શૃંખલાઓમાં જકડાઈને રહેવું પડે. તેમાં જો જરા સરખો પણ વ્યતિરેક થાય તો આત્મદર્શન કરવા જતાં મૃત્યુદર્શન સિવાય બીજું પરિણામ આવતું નથી એ કહેવાની આવશ્યકતા નથી. છેવટે સદ્દભાગ્યે સાધક હૃદયની ગ્રંથિઓને ભેદી, ષટ્ચક્રને પાર કરી આજ્ઞાચક્ર સુધી આવે તો પણ તેનું શું વળ્યું ? ત્યાં સુધી તો આત્મદર્શન થતું નથી. છ મજલા ચઢતાં સાધક લોથપોથ બની જાય છે. સાતમે મજલે બ્રહ્મરન્ધ્રમાં જવાની તેને હામ રહેતી નથી. બ્રહ્મરન્ધ્રનું ભેદન કરવું સહેલું નથી. એ સહસ્રદલ ભેદીને જ્યાં સુધી જીવને શિવસ્વરૂપનું સાન્નિધ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એ બધીય મહેનત વ્યર્થ છે. અધવચ્ચે સિદ્ધિઓની જાળમાં જો સાધક સપડાય તો તો તે જાદુગર જ બની જાય છે. ચમત્કારના જગતમાં રાચતો એ પછી જગતને ચમત્કાર બતાવીને જ કીર્તિ કમાવાની ધગશમાં પોતાનું ધ્યેય ભૂલી જાય છે અને અર્થલાભથી સદાને માટે વંચિત રહે છે એ નિર્વિવાદ છે. યોગમાર્ગ આ જ કારણે કપરો છે. જીવન અને મરણના સોદા સહેલાઈથી પતી જતા નથી. ઈડા અને પિંગળાને સાધ્ય કરી સુષુમ્ણાના પ્રદેશમાં પ્રવેશ કરતાં પહેલાં તો અનેકવિધ મોહિનીને એણે પરાજિત કરવી પડે છે. પણ એ તો જ્યારે યોગમાર્ગવિશારદ કોક શ્રી અવધૂત જેવા આપણને સમજાવે ત્યારે. અહીં તો સંકેતમાત્ર છે. એ બધીય વાતનો સાર એટલો જ છે કે યોગમાર્ગમાં ઈષ્ટ કરતાં અનિષ્ટની માત્રા વિશેષ પ્રમાણમાં છે. કેવળ પ્રાણજયથી જ આત્મદર્શન થતાં નથી એ નિર્વિવાદ છે. પ્રાણનો નિરોધ એટલે શ્વાસોચ્છ્વાસની ક્રિયા જેટલો વખત નિરુદ્ધ થાય તેટલો સમય. પ્રાણાયામની ક્રિયામાં પુરોગામી, યમ, નિયમ અને આસનસિદ્ધિને પરિણામે મનની ચંચળતા સ્થિર રહે એ બનવાજોગ છે. પણ પછી ? પછી તો એ ભગવાન એના એ. જેવી પહેલાં હતી તેવી જ મનની ચંચળતા અને મનના વિષયો ! પ્રાણાયામની નિરુદ્ધ અવસ્થા એ સમાધિ નથી. સમાધિઅવસ્થા પછીના ઉત્થાનકાળ પછીની મનોવિજયની સ્થિતિ કેટલી વિકટ છે તે તો આપણે કલ્પી શકીએ છીએ. પ્રાણનિરોધને કારણે અથવા યોગનાં બીજાં અંગોની કસરતને કારણે પરાણે પરાજિત થઈ પરવશ બનેલું મન સ્વતંત્ર થતાં જ અગ્નિમાં ઘી પડતાં જેમ અગ્નિ બમણા જોરથી પ્રગટી ભભૂકી ઊઠે છે તેમ ભભૂકી ઊઠે છે. યોગ માત્ર સાધન છે. સફળ થવાના સંભવ કરતાં નિષ્ફળ થવાનો સંભવ વધારે છે. આત્મદર્શનની આશા તો એ માર્ગે જનાર કોક વિરલાની જ સફળ થાય છે.

આ તો 'પ્રાણાપાન નિરોધ' જેને પારિભાષિક ભાષામાં 'યોગ' કહે છે તેની વાત છે. સાચો યોગ તો એથી વિલક્ષણ છે. ત્યાં તો ચિત્ત કોરા કાગળ જેવું અથવા થીજેલા પાણી જેવું બની જાય છે. નથી ત્યાં સંકલ્પ કે નથી ત્યાં વિકલ્પ. નથી ત્યાં બુદ્ધિના તર્કવિતર્ક કે નથી ત્યાં ચિત્તનું ચિંતન. સ્થિરતા પ્રાપ્ત થાય ત્યારે આત્મા અને પરમાત્માનું ઐક્ય સાધવાનું પણ રહેતું નથી. સિંધુમાં બિંદુનું ઐક્ય એ જ સાચો યોગ છે. એ યોગ સાધવાની જેને તમન્ના છે તે તો કોઈ પણ પ્રણાલિકા અપનાવીને અર્થસિદ્ધિ કરી શકે. ભક્તિની પ્રણાલિકા એ સૌથી શ્રેષ્ઠ છે અને સુલભ પણ છે એમાં શંકા નથી. પ્રભુપરાયણ રહીને પ્રભુને પામવાનો ભક્તિયોગ પ્રભુને પામવાના અનેકવિધ યોગમાં શ્રેષ્ઠ છે એ તો શ્રી શંકરાચાર્ય જેવા અદ્વૈતવાદના કટ્ટર હિમાયતીએ પણ માન્યું છે. અને તેથી જ સાકાર પરમાત્માની પ્રાર્થના કરીને પ્રભુના ભક્તિમાર્ગનું મહત્ત્વ વધાર્યું છે.

કર્મ, યોગ અને જ્ઞાન એ ત્રણે માર્ગો પર એક સ્વતંત્ર ગ્રંથ લખી શકાય. અને ત્યારે જ યથાર્થ ન્યાય પણ આપી શકાય. અહીં તો કેવળ સંક્ષેપ રૂપે જ ઇશારો કરવાનો હોવાથી તેમ કર્યું છે. આમ યોગમાર્ગ પણ કપરો છે.

જ્ઞાનમાર્ગે પ્રભુ કેટલા સુલભ છે તે પણ આપણે જોઈએ.

શ્રી અવધૂત કહે છે :

**"જ્ઞાને સત્-અસત્–વિવેક સત્તા,**
**હરિ વિણ "સત્" ન પ્રકાશી."**

અવ્યક્તની ઉપાસના એ જ્ઞાનમાર્ગનું ક્ષેત્ર છે. અર્જુને ભગવાનને પૂછ્યું, "સગુણબ્રહ્મના ઉપાસક અને નિર્ગુણબ્રહ્મના ઉપાસકમાં શ્રેષ્ઠ કોણ ?" શ્રી ભગવાને કહ્યું "નિર્ગુણબ્રહ્મની ઉપાસના કષ્ટસાધ્ય છે. નિર્ગુણબ્રહ્મ જે અવ્યક્ત છે તેની પ્રાપ્તિ દેહધારીઓ ઘણી મુશ્કેલીથી કરી શકે છે." આ ઉત્તર દ્વારા શ્રી ભગવાને પરોક્ષ રીતે સગુણબ્રહ્મની ઉપાસનાને સુલભ અને શ્રેષ્ઠ વર્ણવી છે. એમ કહીને શ્રી ભગવાને પણ જ્ઞાન, કર્મ અને યોગના કરતાં ભક્તિની સુકરતાનો જ પરોક્ષ રીતે સ્વીકાર કર્યો છે. જ્ઞાનના જેવું પવિત્ર આ સંસારમાં બીજું કાંઈ નથી એ ખરું છે, પણ એ જ્ઞાનનો અપરોક્ષ અનુભવ ન થાય ત્યાં સુધી એ જ્ઞાન કેવળ અહંતાને જ પોષે અને વધારે છે. જ્ઞાન અમૃતસ્વરૂપ છે. અમૃત પીને તૃપ્ત થયેલાને કાંઈ પણ કર્તવ્ય કરવાનું રહેતું નથી. જેને કર્મની ભ્રાંતિ રહે છે તે જ્ઞાનામૃતતૃપ્ત નથી. "હું દેહ નથી પણ આત્મા છું" એમ જાણ્યા પછી જ્યારે દેહના દ્વંદ્વો એવા જ્ઞાનીને ચલિત કરે ત્યારે તેનું જ્ઞાન યથાર્થ કહી શકાય નહીં.

જ્ઞાન પ્રાપ્ત કર્યાથી "સત્" અને "અસત્"નો વિવેક કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે એ ખરું, પણ એ જ્ઞાનનો પ્રકાશ એટલે 'સત્'નો પ્રકાશ

તો હરિ વિણ પ્રાપ્ત થતો નથી. શ્રી અવધૂતની

"હરિ વિણ "સત્" ન પ્રકાશી."

એ ઉક્તિ ખરેખર માર્મિક છે. એ પંક્તિમાં સગુણસાકારની ઉપાસના દ્વારા નિર્ગુણનિરાકાર બ્રહ્મનો પ્રકાશ પ્રાપ્ત કરવાનું તત્ત્વ સમાયેલું છે. પરમતત્ત્વ "સત્" છે. જગત "અસત્" છે. "સત્"ના પ્રકાશ વડે "અસત્" પણ "સત્" જેવું જણાય છે પણ તે "સત્" નથી. આત્મા અને અનાત્માનો એ ભેદ કેવળ જ્ઞાન વડે જ પામી શકાય છે. જ્ઞાનની મહત્તા પણ એ જ છે. સત્ અને અસત્નો નિર્ણય કરવાની વિવેકબુદ્ધિ જેનાથી જાગ્રત થાય તે 'જ્ઞાન.' બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે, એવું વેદવાક્ય છે. એ વાક્યનો શબ્દાર્થ તો ભાષાના જ્ઞાન વડે આપણે જાણી શકીએ. તેનો મર્મ જાણવાને બુદ્ધિની જે તીવ્રતા જોઈએ તે સાચું જ્ઞાન. એવા જ્ઞાન વડે આપણે "સત્' અને "અસત્'નો વિવેક કરી શકીએ. "બ્રહ્મ સત્ય છે' એમ બોલવાથી બ્રહ્મનું એ લક્ષણ ગ્રહણ થઈ શકતું નથી. બ્રહ્મ "સત્" છે એટલે સદાસર્વદા એક જ રૂપે રહેનારું છે. તેનાં રૂપાંતર થતાં નથી. જગત પરિવર્તનશીલ છે અને પ્રત્યેક પળે તેનું રૂપાંતર છે. એ જગતનો ધર્મ છે જેથી તે "અસત્" છે. "જે 'સત્' છે તેનો અભાવ નથી. જે અસત્ છે તેનો ભાવ નથી", એવું એક ગીતાવાક્ય પણ છે. એ ન્યાયે પણ જેનો અભાવ નથી, એટલે ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળમાં પણ અનુસ્યૂત હોવા છતાં ભૂતના આદિમાં અને ભવિષ્યના અંત પછી એક જ સ્વરૂપે રહે છે તે "સત્" છે. જે ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં રહીને વિલીન થાય છે તે "અસત્." તેથી બ્રહ્મ "સત્" છે, જગત "અસત્" છે. દૂધમાં ઘી રહેલું છે. સુવર્ણમાં અલંકાર રહેલા છે. માટીમાં ઘટ રહેલો છે. આમ છતાં દૂધને જોઈને તેને ઘી કહેતા નથી. સુવર્ણને જોઈને તેને અલંકાર કહેતા નથી કે ઘટને જોઈને તેને માટી કહેતા નથી. અલંકારના કે ઘટના નામ અને રૂપમાં મોહ પામીને તેનું મૂળ સ્વરૂપ ભૂલીને તેના બાહ્ય કલેવરને જ આપણે વળગી રહીએ છીએ. તે જ રીતે જેની સત્તા વડે જગતનું અસ્તિત્વ ભાસે છે તે સત્તા જગતમાં ઓતપ્રોત હોવા છતાં આપણે જગતને બ્રહ્મથી ભિન્ન કલ્પીને જગતની ભ્રમણામાં બ્રહ્મને ભૂલ્યા છીએ. આપણી એ ભ્રમણાને ટાળવાનું સાધન 'જ્ઞાન' છે. એ જ જ્ઞાનનો ઉલ્લેખ કરીને અહીં શ્રી અવધૂતે કહ્યું કે 'જ્ઞાન'નો ઉપાસક સાચું જ્ઞાન પ્રાપ્ત કરીને સત્-અસત્નો વિવેક કરવાની શક્તિ સંપાદન કરે છે. એ શક્તિ પ્રાપ્ત કર્યાથી જ એનો અર્થ સરતો નથી. એ 'સત્' – 'અસત્'નો વિવેક સાધીને, 'અસત્'નો ત્યાગ કરીને, 'સત્'ને સ્વીકારી લેવા માટે તો જ્ઞાનમાર્ગને વટાવીને આગળ જવું જરૂરનું છે. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

"જ્ઞાને સત્–અસત્–વિવેક સત્તા."

એ 'સત્' ને 'અસત્' થી જુદું પાડવાની પ્રક્રિયા શ્રી ભગવાને ઉદ્ધવને કહી છે. 'અસત્'નો છેદ કરતાં કરતાં અંતે જે શેષ રહે છે તે 'સત્' છે. શ્રી ભગવાને ઉદ્ધવને કહ્યું.

नात्मा वपुः पार्थिवमिन्द्रियाणि
देवा ह्यसुर्वायुर्जलं हुताशः।
गमोऽन्नमात्रं धिषगा च सत्त्व
गहङ्कृतिः खं क्षितिरर्थसाम्यम्॥

"શરીર આત્મા નથી કારણ કે તે પૃથ્વીનો વિકાર છે. ઇન્દ્રિયો અને તેના અધિષ્ઠાતૃ દેવતાઓ—પ્રાણ, વાયુ, અગ્નિ, જળ અને મન પણ આત્મા નથી. કારણ કે તેમનું અસ્તિત્વ અને પોષણ શરીર પ્રમાણે અન્નથી થાય છે. બુદ્ધિ, ચિત્ત, અહંકાર, આકાશ, પૃથ્વી, શબ્દ આદિ વિષયો અને ગુણોની સામ્યાવસ્થારૂપ પ્રકૃતિ પણ આત્મા નથી. કારણ કે એ સર્વ દૃશ્ય અર્થાત્ જડ અથવા અનાત્મ છે."

આ રીતે આપણે છેદ કરતા આવીએ તો શેષ કેવળ આત્મા જ રહે છે. એ આત્મા ઉત્પત્તિથી પહેલાં પણ હતો અને સર્જનના અંત પછી પણ રહેશે. તેથી તે શાશ્વત છે. જે ઉત્પત્તિની પહેલાં ન હતું અને પ્રલય પછી પણ રહેવાનું નથી ને જે મધ્યમાં જણાય છે તે કેવળ નામમાત્ર છે, એ નિશ્ચિત કરવું અને તેનો અનુભવ કરવો એ જ્ઞાનનું કાર્યક્ષેત્ર છે.

તર્ક જેને પહોંચી શકતો નથી, વાચારંભણ જ્યાં થંભી જાય છે, બુદ્ધિ જેનો નિર્ણય કરી શકતી નથી, એવું એ 'સત્' તો કેવળ ભાવગ્રાહ્ય છે. ભાવનું સર્જન કેવળ શુષ્કજ્ઞાન વડે થતું નથી. એ ભાવ તો કેવળ ભક્તિ અને પ્રેમ વડે જ પ્રકાશિત થાય છે. તેથી જ્ઞાન કરતાં ભક્તિ શ્રેષ્ઠ છે. મન, બુદ્ધિ અને વાણી જ્યારે હેઠાં પડી જાય છે ત્યારે શ્રદ્ધા અને ભાવ વડે જ ભગવાન રીઝે છે. તેથી જ શુષ્ક જ્ઞાની કરતાં ભક્ત શ્રેષ્ઠ છે.

અનાત્મભાવનો છેદ કરીને આત્મભાવને સ્થિર કરવાની બીજી યુક્તિ પણ શ્રી ભગવાને ઉદ્ધવને કહી છે. જગત મિથ્યા છે પણ જેમ સ્વપ્નમાં અનેક ચિત્રવિચિત્ર દૃશ્યો જણાય છે તેમ આ જગત પણ જણાય છે. એ દૃશ્યને અજ્ઞાનીઓ જગતરૂપે એટલે પરમતત્ત્વથી ભિન્ન જુએ છે તેથી તેઓ દુઃખ ભોગવે છે. શ્રી ભગવાને એ દુઃખના નિવારણ અર્થે ઉદ્ધવને કહ્યું :

अविद्यमानोऽप्यवभासते यो
चैकारिको राजससर्ग एषः।
ब्रह्म स्वयंज्योतिरतो विभाति
ब्रह्मेन्द्रियार्थात्मविकारचित्रम्॥

"વિકારમથી રાજસસૃષ્ટિ ન હોવા છતાંય દેખાય છે તે સ્વયંપ્રકાશ બ્રહ્મ જ છે. અને તેથી ઇન્દ્રિયો અને તેના વિષયો, મન, બુદ્ધિ વગેરે જેટલાં નામરૂપ ચિત્રવિચિત્ર જણાય છે તે રૂપમાં બ્રહ્મ જ પ્રતીત થાય છે."

આનો અર્થ તો એ જ થયો કે અવ્યક્ત જે 'સત્' છે તે જ પોતાના ઈક્ષણ વડે જગત બન્યું છે. જેની સત્તાવડે જગત બન્યું છે તે જ સત્તારૂપે એ જગતમાં રહેલું છે. એ બ્રહ્મદષ્ટિ પણ જ્ઞાનથી જ પ્રાપ્ત થાય છે. તેથી જ જ્ઞાન દ્વારા સત્-અસત્નો વિવેક કરીને, અસત્માં પણ સત્ને જોઈને તે સત્ને પ્રેમ, ભક્તિ અને ભાવ દ્વારા પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો ઘટે. જ્ઞાન અને ભક્તિની પ્રણાલિકા ભિન્ન હોવા છતાં અંતે તો એ ઉભય માર્ગે કેવળ સત્ને જ પ્રાપ્ત કરવાનું છે. તેને માટે શ્રવણ, મનન અને નિદિધ્યાસન દ્વારા સિદ્ધ કરેલું જ્ઞાન સ્વાનુભવ દ્વારા દૃઢ કરીને સાધક સંસારસમુદ્ર તરી જાય છે. એ જ્ઞાન સિદ્ધ કરવાને કષ્ટ સહન કરવું પડે છે, તેથી ભક્તિમાન સાધક ભલે નિરક્ષર હોય પણ સાક્ષર કરતાં શ્રેષ્ઠ છે. ઉપનિષદ આદિનું સેવન કરવાથી જ એ જ્ઞાન ઉપલબ્ધ નથી. આગળ કહ્યું તેમ કેવળ શબ્દજ્ઞાનથી જ સિદ્ધિ થતી નથી. સ્વાનુભાવ વિનાનું એ જ્ઞાન કેવળ ભારરૂપ જ છે. ભક્તિમાં જ્ઞાનની આવશ્યકતા નથી. ભક્તિથી જ્ઞાન સ્વયં આવી જ જાય છે. સાક્ષર થઈને નિરક્ષરતાનો ભાવ સંપાદિત કરનાર સાધક સામાન્ય નિરક્ષર સાધક કરતાં સાધ્યવસ્તુ સત્વર સિદ્ધ કરી શકે એ કદાચ બને, પણ તેથી ભણતરથી જ ભગવાન મળે છે એવું માની નિરાશ થવાની જરૂર નથી. શ્રી અવધૂતે અન્યત્ર કહ્યું છે :

**"નિરક્ષરની સદક્ષરતા પ્રભુને પ્રાણપ્રિય ભાઈ !"**

ભણતર કદાચ સહાયક બને પણ જો ભણતરનું અભિમાન ગળી જાય તો. શ્રી અવધૂતે તેથી જ કહ્યું : "કેવળ જ્ઞાનથી સત્ પ્રકાશતું નથી. કેવળ જ્ઞાનથી તો સત્-અસત્નો વિવેક કરવાની શક્તિ આવે છે. પણ એ સત્-અસત્નો વિવેક કરીને સત્નો પ્રકાશ પ્રાપ્ત કરવાને તો હરિની જ જરૂર પડે." હરિનો પ્રસાદ પ્રાપ્ત થાય ત્યારે હરિ હાજરાહજૂર છે. હરિનો પ્રસાદ પ્રાપ્ત થાય ત્યારે પ્રસન્નતા આવે. પ્રશાંતચિત્ત ભક્ત માટે જ્ઞાન, બુદ્ધિ, ભણતર - બધું જ નકામું છે, નકામું થઈ જાય છે. પ્રશાંતચિત્ત ભક્તની વાક્પટુતા મૌનમાં વિરમે છે. અને તેથી જ ભક્તિથી ભૂધર રીઝે. તેથી મુક્તિની કિંમત રહેતી નથી. એટલે જ

**"ભક્તિની મુક્તિ છે દાસી"**

એવું શ્રી અવધૂતે આરંભમાં જ કહ્યું છે.

પરમાત્મા પ્રેમાવતાર છે. પ્રેમ એ જ પરમાત્મા છે. પ્રાણીમાત્રમાં આત્મવત્ પ્રેમ રાખવો એ જ પ્રભુની સાચી ભક્તિ છે. તેથી ભક્તિથી જ પ્રભુની પ્રાપ્તિ થાય છે. પરમાત્મા ક્યાં દૂર છે ? એ તો અખંડરૂપે અણુરેણુમાં ભર્યો જ છે. જળમાં અને સ્થળમાં, બધે જ વ્યાપક રહીને મારામાં અને તમારા અંતરમાં એ ઊભો જ છે. અલ્યા, જોવાની આંખો જ ક્યાં છે ? પાસે છે તેને મૂકીને શોધવા દૂર શીદ જાછ ! મોતી શોધવું હોય તો સાગરના તરંગ પર તરતાં શીખવાથી તો મોતી ન મળે ! એ

તો મળે જ્યારે સરિતા બનીને સાગરને તળિયે પહોંચીએ ત્યારે ! ત્યાં છે હરિનો પ્રકાશ ! ત્યાં છે એ પરમજ્યોતિ ! શ્રી અવધૂતે એકવાર કહ્યું : ''અંધકાર જેવું કશું જ નથી. અંધકાર એ કેવળ દૃષ્ટિભેદ છે. અવળી દૃષ્ટિએ જે અંધકાર ભાસે છે તે જ સવળી દૃષ્ટિએ પ્રકાશમાં પરિવર્તન પામે છે. પણ દૃષ્ટિ કેળવવી એ જ કપરું છે.'' સંકેત રૂપે કહીએ તો જ્ઞાનથી હરિના સત્‌ની ઓળખ થાય એ બને. પણ સત્‌નો સાચો આનંદ માણવાને તો રોમરોમમાં પ્રેમ પ્રસરવો જોઈએ. જ્યારે સાધક બધું જ ભૂલીને કેવળ પ્રેમમય બની જાય ત્યારે જ તે 'સત્' પરમાત્માનો દિવ્યપ્રકાશ પ્રાપ્ત કરીને સાચા બ્રહ્માનંદનો લહાવો લઈ શકે, અનુભવ પણ કરી શકે અને એવો પ્રેમમય પ્રભુમાં પ્રેમસ્વરૂપે ભળી જાય. આમ એ પરમતત્ત્વની પ્રાપ્તિ તો જ્ઞાનોત્તર ભક્તિથી જ થશે. જ્યારે પ્રેમભક્તિનો પ્રકાશ મળે ત્યારે જ્ઞાનોત્તર ભક્તિના પ્રભાવે અને હરિકૃપાએ સત્‌નો પ્રકાશ સ્વયં પામી શકાય. કારણ કે

**ભક્તિથી ચિત્તડું ખેંચાતાં હરિભણી,**
**વિષયૈષણા જાય નાસી !**
**વાસના વામતાં આપે હરિ ભાસે,**
**મરે મન દ્વૈત–વિલાસી !**

શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन्।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम्॥

''ૐ'' એવા એકાક્ષર બ્રહ્માનું ઉચ્ચારણ કરતાં મારું સ્મરણ કરતો જે દેહને ત્યજે છે તેને પરમગતિ પ્રાપ્ત થાય છે.''

આપણે અહીં

ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन्।

એટલા જ શબ્દોનો વિચાર કરીશું. એ 'ૐ' પરમતત્ત્વનું વૈદિક પ્રતીક છે.

''तस्य वाचकः प्रणवः''

એવું મહર્ષિ પતંજલિનું વચન છે. જે નિર્ગુણનિરાકાર બ્રહ્મ છે તેનું જ પ્રણવ એ મૂર્ત સ્વરૂપ છે. તે બ્રહ્મ જ છે. એ પ્રણવ - ૐ - એટલે જ પરમતત્ત્વની મૂર્તિ. મંદિરમાં જઈને આપણે શું જોઈએ છીએ ? પાષાણની પ્રતિમાને કે તેમાં રહેલા બ્રહ્મને ? જ્યાં સુધી પાષાણપ્રતિમા આપણી નજર આગળ છે ત્યાં સુધી તે આપણી વૃત્તિઓને એકાગ્ર કરવાનું કાર્ય કરે છે. જ્યારે એ પ્રતિમામાં રહેલા પરમતત્ત્વ તરફ આપણું ચિત્ત ચોંટે છે ત્યારે તેના આકાર તરફ આપણું લક્ષ રહેતું નથી. નિરાકાર બ્રહ્મમાં જ આપણું ચિત્ત લીન બની જાય છે. પ્રતીક એ તત્ત્વની પ્રાપ્તિ કરવાનું એક સાધન છે. તત્ત્વપ્રાપ્તિ પછી એ સાધન આપોઆપ જ જતું






રહે છે. એટલા પૂરતું જ સગુણસાકાર પ્રતીકનું મહત્ત્વ છે.

એ ચિત્તને ભક્તિભાવપૂર્વક હરિ તરફ ખેંચવાની જરૂર છે. જ્યાં સુધી ચિત્તમાં ભક્તિ નથી, ભક્તિભાવપૂર્વક જ્યાં સુધી હરિનાં દર્શન કરતા નથી ત્યાં સુધી ભલે ચિત્ત હરિમાં જાય તો પણ તેનો અર્થ નથી. ચિત્તને જો ભક્તિપુરઃસર હરિ તરફ ખેંચીએ તો જ હરિનો પ્રસાદ પામીએ. મીરાંએ શાલિગ્રામમાં પણ શ્રી કૃષ્ણનાં દર્શન કર્યાં, વિષના કટોરામાં પણ શ્રી કૃષ્ણનાં દર્શન કર્યાં અને રાણામાં પણ શ્રી કૃષ્ણનાં જ દર્શન કર્યાં. એમ કરીને સર્વવ્યાપક હરિ તરફ પોતાનું ચિત્ત ખેંચ્યું. પ્રહ્‌લાદે પાષાણમાં, કાષ્ટસ્તંભમાં અને સર્વત્ર હરિદર્શન કર્યાં. તેની એ બ્રહ્મદૃષ્ટિના પરિણામે નૃસિંહસ્વરૂપે બ્રહ્મ પ્રગટ્યા. આ છે બ્રહ્મદૃષ્ટિ. બ્રહ્મબુદ્ધિ અને ભક્તિ પુરઃસર ચિત્તને હરિ તરફ ખેંચવું.

એવું જ્યાં સુધી ન થાય ત્યાં સુધી 'ૐ'નું રટણ પણ કેવળ પોપટિયું જ છે. તેથી જ બ્રહ્મસ્વરૂપ સમજીને જ 'ૐ'નું રટણ કરવાનું શ્રી ભગવાને કહ્યું છે. કોઈ પણ પ્રતીક તરફ જ્યાં સુધી ભક્તિ અને ભાવભર્યું આકર્ષણ-બ્રહ્મસ્વરૂપ સમજીને થતું નથી ત્યાં સુધી તે નિરર્થક છે. જ્યારે ભક્તિ અને ભાવયુક્ત ચિત્ત હરિ તરફ એટલે કોઈ ને કોઈ રૂપમાં સઘળે વ્યાપેલા બ્રહ્મતત્ત્વ તરફ આકર્ષાય છે ત્યારે તેનું પરિણામ શું આવે છે ? શ્રી અવધૂત કહે છે :

"વિષયૈષણા જાય નાસી."

એ ચિત્તમાંથી વિષયોની એષણાનો નાશ થાય છે.

મનુષ્યનું મન હમેશાં વિષયો તરફ જ આકર્ષાય છે. એ તેનો સહજ સ્વભાવ છે. મનનો સહજ ધર્મ પણ એ જ છે. બાળકને બચપણમાં જે સંસ્કારોની છાપ પડે છે તે જ સંસ્કારો મોટપણે તેની ટેવ બની જાય છે એ સ્વાભાવિક છે. એ સત્ય અનુસાર સૂક્ષ્મ શરીરના આવરણને લીધે જીવને વિષયોનું આકર્ષણ હોવાથી જન્મ-જન્માંતરે પણ જીવ વિષયો તરફ આકર્ષાય છે. મન જીવની એ મમતાને પુષ્ટ કરતું રહે છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયો આપણે કાન, ચામડી, આંખ, જીભ અને નાક દ્વારા ભોગવીએ છીએ અને તેનો અનુભવ લઈએ છીએ. એ પાંચે પદાર્થો ઇન્દ્રિયગોચર છે. ઇન્દ્રિયોને તેથી તેનું સતત આકર્ષણ રહે છે. એ આકર્ષણ રહે ત્યાં સુધી એ બહિર્મુખ ઇન્દ્રિયો પ્રભુના પ્રકાશને-સત્‌ના તેજને ઝીલવાને તત્પર થતી નથી. તેને જ્યાં ત્યાં વિષયો જ જણાય છે. મેલું દર્પણ સૂર્યનું પ્રતિબિંબ ઝીલી શકતું નથી તેમ વિષયોની લોલુપતામાં રચીપચી રહેલું મન અને મનને આધીન રહેલી ઇન્દ્રિયો વિષયો સિવાય બીજું કાંઈ જોતી જ નથી. એ અનાત્મદૃષ્ટિ છે. જ્યારે ચિત્ત ભક્તિ તરફ આકર્ષાય છે ત્યારે એ ઇન્દ્રિયોને વિષયોની જે એષણા અથવા કામના છે તે પણ ચિત્તને અનુસરીને ભક્તિ તરફ આકર્ષાય છે. ચિત્તમાં જ્યારે

ભક્તિ જાગ્રત થાય છે ત્યારે જેમ લોહચુંબક લોહને આકર્ષે છે તેમ એ ભક્તિ ચિત્તને આકર્ષે છે. ત્યારે ચિત્તની સાથે સંકળાયેલાં ઇન્દ્રિયોની પ્રવૃત્તિ પણ વિષયો તરફ જતી થંભી જાય છે અને પ્રભુ પ્રત્યે વળેલી થાય છે. મન તો ગમે તેમ લલચાવે. બુદ્ધિ પણ મનની પાછળ ભલે જાય પણ મનના સંકલ્પ અને બુદ્ધિના વિવેકનું ચિંતન કરનાર ચિત્ત જો એ મન અને બુદ્ધિના મોકલેલા સંદેશાને ગણકાર્યા વિના જ પોતાની સ્વતંત્રતા જાહેર કરે. મન અને બુદ્ધિની સત્તાનો પ્રતિકાર કરી તેને સહકાર ન આપે, સદસદ્‌નો વિવેક કરીને ભક્તિ તરફ આકર્ષાય. ને વિષયોનો પ્રતિકાર કરે તો એ મન અને બુદ્ધિ પણ પછી ચિત્તની સરદારીનો સ્વીકાર કરીને તેની પાછળ ખેંચાય એ બનવાજોગ છે. અધિકારીઓ મહારાજા આગળ અનેકવિધ યોજનાઓ રજૂ કરે. તેમાં સારી અને નરસીનો ભેદ પણ બતાવે છતાંય મહારાજા જો પોતાનો સ્વતંત્ર વિચાર કરીને તેને અનુકૂળ ન થાય તો અધિકારીઓનું ગાડું આગળ ન ચાલે. તેમ મન અને બુદ્ધિની એ વિષયો તરફ ધસતી દોડને જો ચિત્તની મંજૂરી ન મળે તો ઇન્દ્રિયો વિષયોનો ઉપભોગ કરતી અટકી જાય. તેથી અહીં ચિત્તને જ ભક્તિ તરફ આકર્ષવાનો સંકેત કર્યો છે. ચિત્ત મન અને બુદ્ધિ કરતાં વધારે બળવાન છે એવો શ્રી અવધૂતે ગર્ભિત સંકેત કર્યો છે. ભક્તિનો રંગ જો ચિત્તને લાગે તો તેની પાછળ મન અને બુદ્ધિની વિષયવાસના અને કામના પણ નષ્ટ થાય અને નિર્વીર્ય બનેલાં એ મન અને બુદ્ધિ ચિત્તની પાછળ દોરાય. પરવશ બનેલાં એ મન અને બુદ્ધિ પણ પછી વિષયવાસનાના સંકલ્પ ન કરે કે તર્ક પણ ન કરે. સંકલ્પ વિહોણું મન અને તર્ક વિહોણી બુદ્ધિ પછી ચિત્તને શરણે આવે અને ચિત્ત સાથે જ હરિભક્તિમાં પોતાનો સૂર પૂરવા માંડે. એમ થાય ત્યારે બિચારી જડ ઇન્દ્રિયો જે કેવળ મન અને બુદ્ધિની દોરવાયેલી દોરાય છે તે પણ પોતાનું ચાંચલ્ય ત્યજીને ચિત્તની પાછળ જ ચાલે ને ? અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**“વાસના વામતાં આપે હરિ ભાસે,”**

શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते॥

“જે મનુષ્ય વિષયોપભોગ રહિત છે તે મનુષ્યના વિષયો વાસનાના અભાવે ટળી જાય છે. અને પરબ્રહ્મનો સાક્ષાત્કાર કર્યા પછી વાસના પણ દૂર થાય છે.”

વાસનાની જાળમાં જકડાયેલો જીવ હરિને નિહાળી શકતો નથી. જ્યાં વાસના છે ત્યાં હરિનો વાસ પણ નથી. વાસનાનો ક્ષય થાય એ જ હરિનો પ્રસાદ છે. હરિનો પ્રકાશ થતાં જ વાસનાનો ક્ષય થાય છે. વાસનાનો ક્ષય અને હરિનો પ્રકાશ સાથે સાથે જ થાય છે એમ માનીએ



તો અયોગ્ય નથી. તેથી જ શ્રી અવધૂતે કહ્યું તેમ વાસના વામી જાય છે--ક્ષીણ થઈ જાય છે—નષ્ટ થઈ જાય છે ત્યારે પ્રભુનો પ્રકાશ આપોઆપ જ ભાસે છે. વાસનાનો ક્ષય થતાં જ મનના સંકલ્પવિકલ્પ અને મરકટપણું આપોઆપ જ શમી જાય છે. દ્વૈતમાં વિલાસ કરતું એ મન મરી જાય છે. પ્રકાશમાં અંધકારનો આભાસ સરખોય રહેતો નથી. અગ્નિમાં તપાયેલા સુવર્ણમાં મલિનતાનો અંશ પણ રહેતો નથી. જ્યાં સુધી પ્રકાશ નથી ત્યાં સુધી અંધકારનું જ સામ્રાજ્ય રહે છે. પ્રભુપ્રસાદની પ્રાપ્તિ પછી સર્વત્ર સમબુદ્ધિ અને સમદર્શનના પરિણામે દ્વૈતનું અજ્ઞાનમય ભૂત જીવંત રહેતું નથી. એ દ્વૈત ટળતાં જ એક અદ્વૈત પરમતત્ત્વનો પ્રકાશ સર્વત્ર અનુભવાય છે. એ અદ્વૈતના અભેદ્ય કિલ્લામાં પછી મન જેવાં મગતરાં પ્રવેશ કરી શકતાં નથી. એ બધું થાય છે કેવળ

**"ભક્તિથી ચિતડું ખેંચાતાં હરિગમ."**

અને તેથી જ ભક્તિને મુક્તિ કરતાં શ્રેષ્ઠ ગણી છે. શ્રી અવધૂતનો જ નહીં પણ અનેક સંતમહંતોનો પણ એ જ નિર્ધાર છે. શ્રદ્ધા, નિષ્ઠા અને ભાવ એ ત્રિપુટીના પ્રભાવે પ્રગટેલા પ્રેમનું એ પરિણામ છે. જે ભક્ત છે તે મુક્તિની વાંછા કરતો નથી અને છતાંય મુક્તિ એના પગ તળાસતી દોડી આવે છે. પ્રેમસ્વરૂપ પરમાત્માના સતત સ્મરણ અને સાંનિધ્ય સિવાય સાચા ભક્તને બીજી વાંછા પણ નથી અને તેથી તે મુક્તિની પરવા કરતો નથી. સરિતા સમુદ્રમાં ભળે, પોતાના નામનિશાનનું વિસર્જન કરી સમુદ્રરૂપ બને પછી એ આત્મવિસર્જનનો આનંદ સરિતા ક્યારે માણે ? ભક્ત ભક્તિ કરે, અભેદભાવે ભગવાનથી ભિન્ન રહે અને ભગવાનના સાન્નિધ્યનો આનંદ માણે. ભગવાન ભક્તને આપવા માગે અને આપે તો પણ ભક્ત મુક્તિનો સ્વીકાર કરતો નથી. ભક્તિ કરીને જ પોતાનું જીવન સાચો ભક્ત સાર્થ માને. સરિતા સરિતા જ રહે, સાગર સાગર જ રહે છતાં સરિતાસ્વરૂપે સાગર સાથે અભિન્નભાવ કેળવી ભિન્નભાવે સાગર સાથેના અભિન્નભાવનો આનંદ માણે. એ બેમાં ઉત્તમ શું ? વ્યક્તિ વિસર્જન કરીને એકરૂપ થવું તે કે અભિન્નભાવે ભિન્ન રહીને અભિન્નતાનો આનંદ માણવો તે ? જેને જે રુચે તે ખરું ! અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"બાંધેય મનડું ને છોડેય મનડું,**
**"શાસ્ત્રે આ વાત ઉપદેશી !"**

**मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः।**

વેદવાક્ય સમા આ સૂત્રમાં મનની પ્રબળતાનો સંપૂર્ણ ભાવ સમાયો છે. બાંધનાર પણ મન છે, છોડાવનાર પણ મન છે. એ શી રીતે ? આપણે વિચાર કરીએ.

પરમાર્થદૃષ્ટિએ વિચાર કરતાં બંધનની કલ્પના પણ ભ્રામક છે અને






મુક્તિની કલ્પના પણ કેવળ ભ્રામક છે. જેને બંધનની ભ્રાન્તિ હોય તેને જ મુક્તિનું ઘેલું લાગે. જ્યાં સુધી અવિદ્યાના ક્ષેત્રમાં વિચરતા આત્મા જીવભાવથી ભાવિત રહે ત્યાં સુધી તેને મુક્તિની ભાવના રહે. સદ્વિદ્યાના ક્ષેત્રમાં પગલું માંડતાં જ તેની બંધનની ભ્રમણાનું નિરસન થાય ત્યારે તેણે મુક્તિ શોધવા જવું ન પડે. જ્યાં સુધી જીવાત્માને બંધ અને મોક્ષની ભ્રમણા છે ત્યાં સુધી તે પ્રકૃતિની પકડમાં છે. જેમ શરીરનાં જુદાં જુદાં અંગો છે તેમ પ્રકૃતિનાં પણ શ્રી ભગવાને આઠ અંગ કહ્યાં છે. તેમાં મન પણ પ્રકૃતિનું એક અંગ છે. પ્રકૃતિ એ અવિદ્યા અથવા અજ્ઞાન હોવાથી મન પણ અવિદ્યાનું એક અંગ છે. પ્રકૃતિ ગુણને આધીન છે. ગુણ વડે જ બંધનની ભ્રમણા છે. ભ્રમણા હોવા છતાંય જ્યાં સુધી જીવાત્મા પર અવિદ્યાનું વર્ચસ્વ છે, ત્યાં સુધી એ બંધન પણ સત્ય જણાય છે અને તેથી મુક્તિ માટે વલખાં મારવાં પડે છે.

એ મન બાંધે છે શી રીતે તે હવે આપણે જોઈએ. જીવના બંધન અને મુક્તિનું કારણ મન છે. મન અને બુદ્ધિ ગુણના વિકારો છે. મન અને બુદ્ધિ એક જ સ્વભાવનાં હોવાથી અને વિષયો પણ સમસ્વભાવનાં હોવાથી પરસ્પર ભેળાં થઈને મન અને બુદ્ધિ જે આકાર રહિત છે તે સ્થૂળ વિષયોનો સ્થૂળ ઇન્દ્રિયો દ્વારા ભોગ કરે છે. આત્મા ઇન્દ્રિયોના એ વિલાસને નિત્ય નિયમિત જોતો રહે છે. ત્યાં સુધી તે દ્રષ્ટા તરીકે એ વિષયો, તેને ભોગવનારી ઇન્દ્રિયો, મન અને બુદ્ધિથી અળગો જ રહે છે. એક મદિરા પીનારની સતત સોબતમાં રહેનારને જેમ ધીમેધીમે મદિરા પીવાનું મન થાય છે તેમ જીવાત્માને પણ ધીમેધીમે મન અને બુદ્ધિના એ વિષયવિલાસમાં સામેલ થવાનું મન થાય છે. અને તેથી તે મન અને બુદ્ધિની નજીક આવવાની ચેષ્ટા કરે છે. એ ચેષ્ટાના પરિણામે ક્રમશઃ તે મન અને બુદ્ધિનું અભિમાન કરતો થાય છે. ત્યારે મન અને બુદ્ધિ પણ, જેમ શિકારી પોતાના શિકારને ફંદામાં ફસાવે તેમ, જીવાત્માને પોતાના ફંદામાં ફસાવે છે. જેમ એક દારૂડિયો બીજા દારૂડિયાને દારૂની પ્યાલી આપે છે તેમ મન અને બુદ્ધિ એ જીવાત્માને વિષયોનો આનંદ માણવાને લલચાવે છે. અભ્યાસના કારણે જીવાત્મા તેના ફંદામાં ફસાઈ દ્રષ્ટાપણાનો ત્યાગ કરીને ભોક્તાપણાનું અભિમાન કરતો ભાસે છે. અહીં જ તે 'જીવ' કહેવાય છે. એવા જીવને મન અને બુદ્ધિ આ પ્રમાણે બંધનમાં નાખે છે. ખરું પૂછો તો જીવ તો આત્માનો અંશ છે અને તેથી આત્મા પેરે જ તે પણ નિત્ય, શુદ્ધ, બુદ્ધ અને મુક્ત છે. મદાલસાએ રડતા સુબાહુને કહ્યું :

शुद्धोऽसि बुद्धोऽसि...

તો પછી જે મુક્ત છે તેને બંધન શાં ? જીવની આસપાસ વીંટળાયેલી વાસના કિંવા લિંગદેહને કારણે જીવ પોતે બંધનમાં છે એમ ઉપર કહેલી પ્રણાલિકા પ્રમાણે માનતો થાય છે. તે માનેલા બંધનમાંથી મુક્ત થવાને






તે તલપાપડ બની જાય છે. મન જીવની એ અજ્ઞાનજનિત કલ્પનાને પુષ્ટિ આપે છે, તેને તેના સત્યસ્વરૂપથી વંચિત રાખે છે એટલે અંશે મન જીવના બંધનનું કારણ બને છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत्।
आत्मैव ह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः॥

"પોતે જ પોતાનો ઉદ્ધાર કરવો પણ પોતાની અધોગતિ કરવી નહીં, કારણકે પોતે જ પોતાનો બંધુ છે અને પોતે જ પોતાનો શત્રુ પણ છે."

જીવ જો મન અને બુદ્ધિનો દોરવ્યો નહીં દોરાતાં પોતે જ પોતાના દૃષ્ટાસ્વરૂપનું, પોતાના શુદ્ધ અને મુક્ત અભોક્તા અને અકર્તા સ્વરૂપનું એક વખત દર્શન કરે તો તે મનની પકડમાંથી છટકી જાય છે. જ્યારે પોતે જ પોતાનું સ્વરૂપ જુએ છે ત્યારે તેને મુક્તિની પણ ભાવના રહેતી નથી. સ્વસ્વરૂપનું દર્શન એ જ મુક્તિ છે.

બીજી રીતે આપણે વિચાર કરીએ તો મનની પોતાની સ્વતંત્ર સત્તા તો નથી જ. એ તો કેવળ જડ છે. માયાનું નચાવ્યું નાચે છે. માયાએ જીવને મનના હાથમાં સોંપ્યો છે એટલે તે જેમ નચાવે તેમ જીવ નાચતો રહે છે. મનના વિલાસનાં મુખ્ય સાધનો જે વિષયો છે તે તરફ મન જીવને ખેંચી જાય છે. જીવ વિષયોની મોહકતામાં ફસાય છે. જેમ બ્રહ્મચર્યનો કટ્ટર હિમાયતી પોતાના મિત્ર સાથે વેશ્યાને ત્યાં જતાં શીખે છે અને ધીમે ધીમે વેશ્યાનો સંગ કરતાં પણ શીખે છે તેમ જીવ એ વેશ્યા જેવા વિષયોના સંગમાં ફસાય છે. આત્માને તો વિષય સાથે કશું જ લેપન નથી. પણ આગળ કહ્યું તેમ અહંયુક્ત જીવની સાથે જ લેપન છે. અહંભાવ પ્રેરિત જીવ પોતે જ દેહ છે એમ માનીને દેહના એ વિષયવિલાસનો ભોક્તા બને છે. વિષયોની લોલુપતા રહે ત્યાં સુધી તેને પોતાનું શુદ્ધ સ્વરૂપ જાણવાનો અને જોવાનો અવકાશ રહેતો નથી. આત્માને એ અવદશાએ પહોંચાડનાર મન હોવાથી એ જીવનો શત્રુ છે અને જીવનો બંધનો દિન-પ્રતિદિન વધારતો જ રહે છે. એક જ પ્યાલી મદિરાનો પીનાર ધીમે ધીમે અઠંગ દારૂડિયો બની જેમ પોતાનું સર્વસ્વ વેડફી નાખે છે તેમ મનની પકડમાં એક જ વખત આવી જીવ ભાવે ભાવિત બનેલો આત્મા મન વિનાનું પોતાનું અસ્તિત્વ અસંભવિત છે એમ માની, અંતે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ભૂલી જઈ મન એ જ પોતાનું અસ્તિત્વ છે એમ માનતો થાય છે. પ્રારબ્ધ અને કર્મના વિષચક્ર સાથે પણ અહીં થોડો સંબંધ છે. જેમ જેમ અહંકારજનિત કર્મો કરીને "હું કર્મનો કર્તા છું, હું કર્મના ફળનો ભોક્તા છું" એવા કર્તૃત્વના અભિમાન સાથે જીવ કર્મ કરતો જાય તેમ તેમ તેનું પ્રારબ્ધ પણ સર્જાતું જાય. તેથી જીવ એ વિષયચક્રમાંથી મુક્ત થઈ શકતો નથી. જેમ મૂળનો નાશ થતાં વૃક્ષ આપોઆપ સુકાઈ જાય છે તેમ "અહં"નો નાશ થતાં જ જીવ પોતાનું

શુદ્ધસ્વરૂપ જોઈ શકે છે અને તેથી જ

> द्वा सुपर्णा सयुजा सखाया
> समानं वृक्षं परिषस्वजाते ।
> तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्य--
> नश्नन्नन्यो अभिचाकशीति ॥

"સદા પરસ્પર મળીને રહેનારા બે મિત્રો-સમાન નામવાળા સુવર્ણ-સુંદર ગતિવાળાં પક્ષી એક જ વૃક્ષનો આશ્રય કરીને રહે છે. તેમાંનો એક તેનાં સ્વાદિષ્ટ ફળને ભોગવે છે અને બીજો તેને ભોગવતો નથી પણ કેવળ જુએ છે." એવું શ્વેતાશ્વતર ઉપનિષદ્‌નું પ્રમાણ છે. આ રીતે મન જીવના બંધનનું કારણ છે.

મન એ જ જીવની મુક્તિનું સાધન પણ છે. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

## "છોડેય મનડું"

જે મનને નશ્વરતાનો ખ્યાલ હોય છે તે મન વિષયો તરફ આકર્ષાતું નથી. જીવને પણ જગતની નશ્વરતાનો બોધ કરીને તે દિશા તરફ લઈ જતું નથી. મન જો જીવને વિપરીત દિશામાં લઈ જાય તો જીવ વિષયોનો ત્યાગ કરતો થાય અને ત્યારે મન જીવની મુક્તિનું સાધન બને. મન તો બાળક જેવું છે. અથવા કોમળ વેલ જેવું છે. બાળક અને વેલને જેમ વાળીએ તેમ વળે છે. મનને વિપરીત દિશા તરફ વાળવાનું કાર્ય બુદ્ધિનું છે. બુદ્ધિ જો અહંતાના બોજસમાં સંજાવાને બદલે સ્વતંત્ર વિચાર કરતી થાય, મનમાં ઉઠેલા સંકલ્પવિકલ્પના પ્રવાહને અવરોધીને સત્ સંકલ્પ તરફ જ મનને વાળે તો જીવનું કામ સરળ અને સહેલું થઈ જાય અને ત્યારે પોતે મુક્ત છે એવું જીવને ભાન થાય. આ કારણે બુદ્ધિને કેળવવી અને સત્ પ્રેરણાને પ્રોત્સાહન આપવું એ જ બુદ્ધિનું કાર્ય છે. જીવને આત્મસ્વરૂપનું ભાન પણ એ વડે જ થાય છે. આ જ કારણે મનને શ્રી અવધૂતે મુક્તિદાતા પણ કહ્યું છે. આ રીતે પોતે જ પોતાનો શત્રુ પણ છે અને પોતે જ પોતાનો મિત્ર પણ છે. શત્રુ મારે છે. મિત્ર તારે છે. આસક્ત મન શત્રુ છે. વિરક્ત મન મિત્ર છે. અસ્તુ.

શ્રી અવધૂત આગળ ચાલતાં કહે છે :

## "હુદિયામાં ગંગા ને હુદિયામાં જમુના
## હુદિયામાં મોક્ષદા કાશી !"

ગંગા પાપવિનાશિની છે, જમુના પાપવિનાશિની છે અને કાશી મોક્ષદા છે. કાશીમાં જે મૃત્યુ પામે તેનો મોક્ષ થાય છે એવી માન્યતા છે. ગંગા, જમુના અને કાશી એ ત્રિવેણી માનવના હૃદયમાં જ છે એમ શ્રી અવધૂત કહે છે. માનવ હૃદયમાં આત્માનો વાસ છે તેથી જેમ દેવનું મંદિર પવિત્ર છે તેમ આત્માના નિવાસનું સ્થાન પણ પવિત્ર છે. એ






પવિત્ર સ્થાનમાં અપવિત્રતા પ્રવેશ કરી શકતી નથી અને તેથી જ કાશી, ગંગા અને યમુનાનો વાસ હૃદયમાં છે એમ શ્રી અવધૂતે કહ્યું છે. જેનું હૃદય શુદ્ધ છે તેને ગંગા-જમનાનાં સ્નાનની શી આવશ્યકતા છે ? 'મન ચંગા તો કથરોટમેં ગંગા.' એવી એક લોકોક્તિ પણ છે. જે કાંઈ કરવાનું છે તે કેવળ ચિત્તની શુદ્ધિ જ કરવાની છે. શરીરને સ્વચ્છ કર્યાથી તે થઈ શકતું નથી. ચિત્તશુદ્ધિ દ્વારા ચિત્તને નિર્મળ કરવા માટે ભક્તિ જેવી બીજી કોઈ મહામૂલી સાધના એકે નથી. શ્રી ભગવાને ઉદ્ધવને કહ્યું :

प्रायेण भक्तियोगेन सत्सङ्गेन विनोद्धव।
नोपायो विद्यते सम्यङ्‌ प्रायणं हि सतामहम्॥

"મારો એવો નિશ્ચય છે કે સત્સંગ અને ભક્તિયોગ એ બન્ને સાધનોનું એક સાથે જ અનુષ્ઠાન કરતા રહેવું જોઈએ. એ ઉભય સાધન સિવાય સંસારસાગરથી પાર થવાનો બીજો કોઈ ઉપાય નથી. સંતપુરુષો મને પોતાનો આશ્રય માને છે અને હું સર્વદા તેમની પાસે રહ્યો છું."

આગળ કહ્યું તેમ કર્મ, જ્ઞાન, યોગ આદિ બધાંય સાધનો ચિત્ત શુદ્ધિ અર્થે છે. તેની ખટપટમાં પડનાર સાધક પાર ઊતરી શકતો નથી. પાર ઊતરી શકશે કે કેમ તે પણ શંકાસ્પદ છે. ભક્તિને શરણે જનારને ભક્તિ ભગવાનનાં દ્વાર આગળ મૂકીને જ વિરામ પામે છે. શ્રી અવધૂતે આત્માનુભવ પછી જ ભક્તિને શ્રેષ્ઠ સાધન કહ્યું છે.

એ સાધનશિરોમણિ ભક્તિનો વિશ્વનાથ કોણ ? શ્રી અવધૂત કહે છે :

**આત્મા એ વિશ્વનાથ વિશ્વંભર;**
**અજર અમર અવિનાશી !**
**ભક્તિ વિભક્તિ-નાશિની સ્હે'જે**
**શેષે એ રંગ ઉદાસી !!**

અહીં શ્રી અવધૂતે એ ભક્તિના સ્વરૂપનો અંશતઃ ખ્યાલ આપ્યો છે. એ સાધનશિરોમણિનું સાધ્ય શું ? આત્મા એટલે પરમાત્મા. તે કેવો છે ? વિશ્વનો નાથ છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું તેમ

"अहमात्मा"

જે આત્મા સાધ્ય વસ્તુ છે તે જ વિશ્વનો નાથ છે, વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારનું કારણ છે. એ આત્મા અજર છે, અમર છે અને અવિનાશી છે. આત્મા અને પરમાત્મા અભિન્ન છે પણ ભિન્નતા એ પ્રકૃતિનાં આવરણ વડે સર્જાયેલો ભાસમાત્ર છે. સુવર્ણ અને આભૂષણ ભિન્ન નથી. સમુદ્ર અને તરંગ ભિન્ન નથી. વૈકારિક ભાસમાત્ર છે. એ આભાસ ટળી જતાં, એ વિકારનો લોપ થતાં સુવર્ણ અને આભૂષણ, તરંગ અને સમુદ્ર જેમ એક બની જાય છે તેમ જીવ પરમાત્માથી ભિન્ન છે એવી ભ્રમણાનો અંત આવતાં જીવશિવ એક જ છે. તે જ એ ભક્તિનો સાધ્ય દેવ છે. "હું બ્રહ્મ છું" એવો જ્યારે સાધકને બોધ થાય છે ત્યારે

તે બોધને દૃઢ કરવાને સદ્‌ગુરુ તેને ''તત્ત્વમસિ''નો બોધ આપે છે. એ બોધના પરિણામે સમસ્ત સર્જન બ્રહ્મરૂપ છે, હું પણ સર્જનનો અંશ છું અને તેથી બ્રહ્મ છું'', એવો નિશ્ચય થાય છે. પરમાત્માનો પ્રકાશ એ જ આત્માનો પ્રકાશ છે. તે પરમાત્મા ભક્તિ વડે પ્રાપ્ય છે. તેથી ''ભક્તિ વિભક્તિનાશિની'' છે એમ કહીને શ્રી અવધૂતે આત્મા અને પરમાત્માનું જુદાપણું દૂર કરનારી એ ભક્તિ છે એમ કહ્યું છે. આત્મા અને પરમાત્માનું ઐક્ય સધાય એટલે ભક્તિનું કાર્ય પૂર્ણ થાય છે. પછી ત્યાં ભિન્નતા જણાતી નથી. આત્મા અને પરમાત્માનું ઐક્ય સધાયા પછી જે અવસ્થા પ્રાપ્ત થાય છે તેનો જન્મ મરણ આદિ દ્વંદ્વોથી મુક્ત બનીને સાધક આનંદ માણે છે. ભક્તિનું એ ગૂઢ રહસ્ય સમજાવવાને શ્રી અવધૂતે અહીં પ્રયાસ કર્યો છે. વસ્તુતઃ મુક્ત હોવા છતાં બંધનની પ્રતીતિ કરતા જીવને બંધનમાંથી મુક્ત કરવા પ્રથમ તો ભક્ત અને ભગવાન એવી દ્વૈતાવસ્થા પ્રાપ્ત થાય છે. પછી ભક્તના ભગવાન એવું ભાન સર્જાય છે. અંતે ભક્ત અને ભગવાન એવા દ્વૈતમાંથી ભક્તભગવાન એવું અદ્વૈત પ્રકાશે છે ત્યારે જ ભક્તિનો સાચો આનંદ આવે છે. જીવનું એ જ જીવન સાર્થ છે. હનુમાને શ્રી રામને કહ્યું : ''દેહભાવે દાસ છું, જીવભાવે તારો જ અંશ છું, આત્મભાવે તારાથી અભિન્ન છું.'' જ્ઞાનોત્તર ભક્તિનું આ પરિણામ છે. એ અંતિમ અવસ્થા પણ ભક્ત ઉદાસ ભાવે એટલે અનાસક્ત ભાવે જ ભોગવે છે, અનુભવે છે. જ્યારે એવી પૂર્ણાવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે શ્રી ભગવાને ઉદ્ધવને કહ્યું તેમ,

न कुर्यान्न वदेत् किञ्चिन्न ध्यायेत् साध्वसाधु वा।
आत्मारामोऽनया वृत्त्या विचरेज्जडवन्मुनिः॥

જીવનમુક્ત પુરુષ ભલાં કે બૂરાં કાંઈ કામ કરતા નથી. ભલું કે બૂરું કાંઈ કહેતા નથી. વિચાર પણ કરતા નથી. વ્યવહારમાં પોતાની વૃત્તિઓ સમાન રાખીને આનંદમાં જ મગ્ન રહે છે. જાણે કોઈ મૂર્ખ હોય એમ જડવત્ વિચરતા રહે છે.'' આ છે પ્રભુના પરમ ભક્તની અવસ્થા. આ છે ભક્તિની મહત્તા અને એ જ છે શ્રી અવધૂતભાખી **''શેષે રંગ ઉદાસી''** ની આધ્યાત્મિક અવસ્થાની પરાકાષ્ઠા.








(૨૦)

(રામરસ એસો હૈ-એ એકતારાની ધૂન)

વહાંકી બાત ન્યારી હૈ મેરે ભાઈ;
જો જાને સો મૂક હો જાવે ! - ટેક

બોલે જો કદિ ઐસોહિ સમજે, અવર ન બૂઝે કાંઈ;
ગૂંગાને જ્યોં ઘેબર ખાઈ, ડકારમાત્ર દિખાઈ. - વહાંકી. (૧)

વીચિ સમુંદર ઊઠે પલમેં, આપ સમુંદર હોઈ;
કૌન કહે જો બીતી વાકો ? હોનેસે સમુઝાઈ. - વહાંકી. (૨)

ઘાયલકી ગત ભીરુ ન જાને, જાને ઘાયલ કોઈ,
વંઝા પ્રસવગતિ ક્યા જાને ? બોલત હાંસી આઈ !! - વહાંકી. (૩)

રુપૈયામેં કંઈ પૈસા પાઈ, પાઈ રુપૈયા ન હોઈ;
સાત રંગ સુરધનુ ચમકાઈ, રંગ ધનુષ ન ભાઈ ! - વહાંકી. (૪)

ૐ

કલ્પનાતીત પ્રભુનો દરબાર પણ કલ્પનાતીત છે. અને તેથી ત્યાંની વાતો પણ અનેરી છે એમ જ કહેવું પડે ને ? સ્વર્ગ, મૃત્યુ અને પાતાળનાં આપણે શાસ્ત્રોમાં વર્ણન વાંચીને કલ્પના કરી શકીએ. એક માણસે મુંબઈ જોયું જ ન હોય તેની આગળ જેણે મુંબઈ જોયું હોય તે વર્ણન કરે તો જ્યારે તે મુંબઈ જાતે જુએ ત્યારે એ વર્ણનમાં તેને રસ પડે. જેનું કશે જ વર્ણન વાંચ્યું ન હોય કે સાંભળ્યું પણ ન હોય તેનું શું ? જેની કલ્પના થાય તેનું વાણીથી કલ્પના અનુસાર વર્ણન કરી શકાય. પ્રભુની કે પ્રભુના સ્થાનની કલ્પના સરખીય કરવાની માનવીમાં શક્તિ નથી. માનવી તો વિષયોનો કીડો છે, એટલે કેવળ વિષયોની અને વિષયસુખની જ કલ્પના કરી શકે છે. પ્રભુ બુદ્ધિગમ્ય નથી. કલ્પના એ બુદ્ધિનું ક્ષેત્ર છે. પ્રભુ તર્કથી પણ આવરી શકાય એમ નથી અને તેથી બુદ્ધિ ત્યાં બે'ર મારી જાય છે, વાણીથી વર્ણવી શકાય એમ નથી. અને તેથી

યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સઃ।

એવા પરમાત્માના ધામનું પણ એવું જ સમજવું જોઈએ અને તેથી જ શ્રી અવધૂતે અહીં કહ્યું :

"વહાંકી બાત ન્યારી હૈ મેરે ભાઈ."

જે ત્યાં પહોંચ્યા છે તે એ ધામ જોઈને જ આભા બની જાય છે. બા'વરો બનેલો એ નથી બોલી શકતો કે નથી ઇશારે પણ એ સમજાવી શકતો. વાણી થંભી જાય છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનાં બધાં જ અડપલાં ક્યાં શમી જાય છે તેની એને સમજ સરખીય રહેતી નથી.

''न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम॥''

''તેને સૂર્ય, ચંદ્ર કે અગ્નિ પ્રકાશિત કરી શકતા નથી. જ્યાં જઈને જ્ઞાનીઓ સંસારમાં પાછા આવતા નથી, તે મારું શ્રેષ્ઠ ધામ છે.

ત્યાં ગયેલો પુનરાવર્તન પામતો નથી. મનુષ્યલોકમાં જન્મેલો તો એક જન્મ પૂરો કરીને ફરીથી ત્યાં જ જન્મે છે. સ્વર્ગમાં ગયેલો પણ

'ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं।
क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति॥'

''વિશાળ સ્વર્ગલોકને ભોગવી પુણ્ય ખૂટે છે ત્યારે તેઓ મનુષ્યલોક પામે છે.'' એ શ્રી ભગવાનની ઉક્તિને આધારે પુણ્યક્ષય થયા પછી પાછો તે મૃત્યુલોકમાં જન્મે છે. પાતાળમાં ગયેલો પણ પુનરાવર્તનને પામે છે. માત્ર એક પ્રભુના પરમધામમાં પહોંચીને પ્રભુમાં જ સમાઈ જનારો પુનરાવર્તન પામતો નથી. એ સ્થિતિમાં એવા અનિર્વચનીય પરમધામની આપણને ઝાંખી સરખીય કોણ કરાવે ?

ત્યાં જઈ શકે કોણ ? એ પ્રશ્નનો જવાબ આપવાની આપણી ગતિ નથી. મહારાજાના મહેલમાં જનારની લાયકાત તો મહારાજા જ નક્કી કરી શકે. એ લાયકાત જેનામાં ન હોય તે મહારાજાના મહેલમાં જવાને શક્તિમાન નથી. એ પરમધામમાં જવાનો કોને અધિકાર છે ? શી યોગ્યતાની ત્યાં જવાને આવશ્યકતા છે ? શ્રી ભગવાને પોતે જ એ પ્રશ્નનો ઉત્તર દીધો છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

निर्मानमोहा जितसङ्गदोषा
अध्यात्मनित्या विनिवृत्तकामाः।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञै
र्गच्छन्त्यमूढाः पदमव्ययं तत्॥

''માન અને મોહ વિનાના, આસક્તિના દોષોને જીતનારા, નિત્યનિરંતર આત્મતત્ત્વમાં જ રમણ કરનારા, જેમની કામનાઓ નિઃશેષ નિવૃત્ત થઈ ગઈ છે તેવાઓ, સુખ અને દુઃખ વગેરે શરીરનાં જે દ્વંદ્વો છે તેનાથી જે મુક્ત છે એટલે જેઓ દ્વંદ્વાતીત છે તે અમૂઢ એવા પ્રભુના અવ્યય પરમધામમાં જઈ શકે છે.'' પરમાત્માના એ પરમપદને અનુલક્ષીને જ શ્રી અવધૂતે અહીં કહ્યું :

**''વહાંકી બાત ન્યારી હૈ મેરે ભાઈ.''**

અરે ભાઈ, મારી કે તમારી ગતિ છે એ પરમધામમાં જવાની ? ત્યાં જવાની આપણી યોગ્યતા પણ ક્યાં છે ? પ્રભુનાં દ્વાર તો સર્જન સમસ્ત માટે મોકળાં છે. પ્રભુ તો તમને ભેટવાને હસ્તયુગલ પસારીને જો ઊભા ! છે હામ ત્યાં જઈ તેને ભેટવાની ? ના, નથી. ''મને તો સ્ત્રી જોઈએ, પુત્રપરિવાર જોઈએ, ધનભંડાર જોઈએ, રહેવાને મહેલાતો








જોઈએ, વૈભવવિલાસનાં સાધનો જોઈએ, કીર્તિનો મોહ છે, માન મળતાં ફુલાયો સમાતો નથી, અપમાન સાંખી શકતો નથી. પ્રભુ કોણ ? એ તો પાગલોની માનસિક નિર્બળતા ! કામનાઓ તો ડગલે ને પગલે અંતરમાં ભરેલી જ છે. જરા તાપ લાગે એટલે છત્રી જોઈએ. પગમાં રખે દાઝી જશે કરીને જોડા જોઈએ. શરદીમાં તો નીકળાય નહીં. શિયાળાની કડકડતી ટાઢમાં સાત ગોદડાં અને ગરમ વસ્રો જોઈએ, ભાતભાતનાં ભોજન જોઈએ, નિત્ય નવાં નવાં વસ્રો પહેરવા જોઈએ. તને શું નથી જોઈતું ? અને જવું છે પ્રભુનું ધામ જોવા ! વાહ ભાઈ !" પ્રભુએ તો કહ્યુ છે : "મારા ધામમાં આવનારને આટલી યોગ્યતા હોવી જોઈએ." પ્રભુની એ શરત પાળો તો ગમે ત્યાં જઈ શકો અને શરતની અવગણના કરો તો સંસારસાગરમાં ડૂબતા રહો, તરતા રહો અને અંતે જન્મમૃત્યુના ફેરા ફરતા રહો ! કોણ તમને કહે છે પ્રભુના ધામનાં દર્શન કરવા જાવ ? માણોને મોજ સંસારની ! પછી જોયું જશે !

જ્યારે પ્રભુની આજ્ઞા આપણે માથે ચઢાવીએ ત્યારે આપણે પ્રભુભાખી એ યોગ્યતા પ્રાપ્ત કરવી જોઈએ ને ? અધિકાર વિના પ્રાપ્ત થયેલી પદવી પણ પચવી મુશ્કેલ છે. પ્રથમ તો અધિકાર વિના પદવી પ્રાપ્ત થતી જ નથી. દૈવસંયોગે કદાચ પ્રાપ્ત થાય તો તે ચાર દિવસનાં ચાંદરણા જેવી જ છે. અધિકારીને પ્રાપ્ત થયેલો અધિકાર કાયમ રહે છે. પ્રભુએ વર્ણવેલી શરતો આપણે પૂર્ણ કરી શકીએ તો જ આપણે પરમધામની પ્રાપ્તિ કરી શકીએ. પણ આપણામાં એ શક્તિ જ ક્યાં છે ? આપણે તો માયાનાં રમકડાં. માયા જેમ નચાવે તેમ નાચનારાં. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"વહાંકી બાત ન્યારી હૈ મેરે ભાઈ;"

અને એ શબ્દો કોણ ઉચ્ચારી શકે ? માત્ર બે જ વ્યક્તિઓ એ શબ્દોચ્ચાર કરી શકે. જે ત્યાં પહોંચ્યો છે તે. કારણ કે એ પરમધામમાં પહોંચ્યા પછી ત્યાંનું વર્ણન કરવું એ તેની શક્તિની બહારની વાત છે. વર્ણન કરવું એ વાચારંભણ છે. વૈખરીનો પ્રયોગ થાય તે પહેલાં તો કેટલી બધી માનસિક ક્રિયાઓ થઈ જાય છે. જે ત્યાં પહોંચ્યો છે તેનું મન રહેતું જ નથી એટલે કોઈપણ માનસિક ક્રિયાઓ થતી જ નથી, અને તેથી ચારે પ્રકારની વાણી થંભી જાય છે. એટલે મુખમાંથી શબ્દ નીકળતો જ નથી. અને બીજો જે ત્યાં નથી પહોંચ્યો તે. તેણે તો નિરાશાજનક શબ્દમાં એટલું જ કહેવું પડે : "અરે ભાઈ, ત્યાંની વાત શેં થાય ?" એ તો અનેરી નગરી છે અને તેની વાત પણ અનેરી જ છે." આમ કહીને જ તેણે આત્મસંતોષ માનવો પડે.

સદ્ભાગ્યે પ્રભુભાખી શરત પૂરી થાય, યોગ્યતા મળે અને એ 'વહાં' પરમધામમાં આપણે પહોંચ્યા તો ત્યાં શું જોવાનું મળે ? હવાઈ જહાજમાં મુસાફરી કરવાની પરવાનગી મળે અને આપણે વિલાયત જઈએ, પણ





ત્યાં શું જોવાનું મળે ? તેવો જ આ પ્રશ્ન છે. એક ગામડિયો મુંબઈ જેવા મોટા શહેરમાં જાય, દિવસે ફરવા નીકળે, ઊંચી ઊંચી મેડીઓવાળી કોઈ પણ દિ નહીં જોયેલી એવી મહેલાતો જુએ. ઊંચે જોતાં જોતાં ગરદન દુખે અને માથાની પાઘડી પણ પડી જાય. મોટા મોટા રસ્તાઓ, મોટર, સાઈકલ, ઘોડાગાડીઓ જુએ. હજારો માણસોની અવરજવર જુએ. તરેહતરેહની દુકાનોમાં ચકિત કરી નાખે એવી ચીજ વસ્તુઓ જુએ. રાત્રે ફરવા નીકળે ત્યારે જાણે સૂર્યનો ઉદય થયો હોય તેમ અનેક પ્રકાશવાન દીવડાઓ જુએ. નાટક-સિનેમા જુએ. અને આમ જિંદગીમાં કોઈપણ વખત નહીં જોયેલાં દશ્યો જોઈ એ આભો જ બની જાય. તે ક્યાં છે  સ્વર્ગમાં કે મૃત્યુલોકમાં તેનુંય તેને ભાન ન રહે ! ત્યારે અંતે તે અધધધ... કરીને જ વિસ્મયમાં ગરકાવ બની જાય. આ માનવકૃત મોહક પદાર્થોના સંગ્રહસ્થાન જેવી એક નગરી એક ગમારને ગાંડોઘેલો કરે ત્યારે પરમધામની પરમપાવની સામગ્રીઓનું તો પૂછવું જ શું ?

પણ ત્યાં પહોંચેલો જુએ શું ? ત્યાં પહોંચનાર કેવો હોય તે તો આગળ કહ્યું જ છે. ત્યાં જગતનું વાતાવરણ નથી. જાગતિક પ્રપંચ ત્યાં નથી. જગતનો અંધકાર કે જગતનો ઉજાસ ત્યાં નથી. જાગતિક વૈભવવિલાસ પણ ત્યાં નથી. ત્યાં નથી ભૂખ કે નથી તૃષા. નથી સ્થૂળ, સૂક્ષ્મ કે કારણદેહ. નથી ત્રિગુણાત્મક માયાની જાળ કે નથી અહંતા અને મમતા. નથી સૂર્યનાં તેજ, કે નથી ચંદ્રનો પ્રકાશ, નથી તારાના ટમટમાટ, કે નથી અગ્નિની ઉષ્ણતા અને દાહકતા, નથી સ્વર્ગની સુંદરીઓ, કે નથી અમૃતના નિર્ઝર. પણ ઉપનિષદકારે કહ્યું તેમ

न तत्र सूर्यो भाति न चंद्र तारकं
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः।
तमेव भान्तमनुभाति सर्वम्
तस्य भासा सर्वमिदं विभाति॥

“ત્યાં નથી સૂર્યના પ્રકાશનો હિસાબ, કે નથી ત્યાં ચંદ્ર અને તારાના ઝગઝગાટનો પાડ. નથી વીજળીનો ગજવાટ. તો આ બિચારા ભૌતિક અગ્નિનો હિસાબ જ શો ? એ ઝળહળતા વિશ્વપ્રકાશમાં જ ઉપરનાં બધાં ભૌતિક તેજ ચમકે છે.” આ બધું વિશ્વ અસલ પ્રકાશથી મળેલા ઉછીના તેજથી જ ચમકે છે. અને તેથી એ બધું જેમાંથી ઝરણારૂપે ઝરતું રહે છે અને પ્રસરતું રહે છે તે એ બધાયનો અખંડસ્રોત ત્યાં જ છે. જેમ એક અખંડસ્રોતમાંથી અનેક સરિતાઓ અને નિર્ઝરો નીકળી પ્રસરે છે તેમ બ્રહ્મમાંથી જ એ બધાં નીકળે છે અને પ્રસરે છે. બ્રહ્મને પ્રકાશિત કરનાર કોઈ નથી પણ બ્રહ્મના પ્રકાશ વડે જ એ બધા પ્રકાશિત છે. તે અખંડસ્રોત કેવો ? શ્રી અવધૂતે કોક ઠેકાણે કહ્યું છે તેમ “જોવા જેવો, કહેવા જેવો નહીં.” ઉત્તર નથી. જોનારની જોવાની શક્તિ નથી. કહેનારને

વાણી નથી. કહી શકતો નથી. અને શ્રી ભગવાને અને ઉપનિષદકારે પણ સંકેત માત્રથી જ વર્ણન કર્યું છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**"જો જાને સો મૂક હો જાવે !"**

આગળ કહ્યું તેમ એ પરમધામને જાણે છે તેની વાચા બંધ થઈ જાય છે. તે કાંઈ બોલી શકતો નથી. વાણી જ્યાં સમાપ્ત થાય ત્યાં મૌન સિવાય બીજો આરો નથી. પણ એવો આત્મસ્થિત "વહાં" પરમધામમાં પહોંચેલો કોઈક વખત દેહભાનમાં આવી કાંઈક ગણગણાટ કરે છે. શ્રી અવધૂત કહે છે :

**"બોલે જો કદિ ઐસોહિ સમજે**
**અવર ન બૂઝે કાંઈ,"**

અને એવો ગણગણાટ તે કોઈ વખત કરે છે. કોઈક વખત તે જ્યારે એ પરમધામની વાત કરે છે ત્યારે તે પણ સાંકેતિક જ હોય છે અને તેથી જે તેના જ જેવો હોય તે જ એ ગણગણાટનો અર્થ સમજી શકે છે. બીજાઓની એવી સાંકેતિક વાત સમજવાની ગતિ પણ નથી. આત્માનંદમગ્ન પુરુષની વાણી પણ અવળી હોય છે. સંકેતમાત્ર હોય છે. જેમ ઉપનિષદકારોએ એ પરમધામની અને પરમતત્ત્વની સાંકેતિક ભાષામાં ઓળખ આપી છે. તેમ જ એવો સંત પણ એ ઓળખ માત્ર સૂચક શબ્દોમાં જ આપે છે. એ સૂચક શબ્દોનો અર્થ સમજવાની અને મર્મ કળવાની ગતિ સર્વસાધારણ મનુષ્યની હોતી નથી. જેમ દરિયાપારના દેશોની અવનવી વાતો ત્યાં નહીં ગયેલાઓ આગળ કોક કહે ત્યારે તેને સમજ પડતી નથી, તેમ પરમધામના વર્ણનની સાંકેતિક વાતો પણ બિનઅનુભવીને સમજાતી નથી એ કહેવાનું તાત્પર્ય છે. પણ એવા પરમાત્મદર્શી સંતોના મૌનમાં અને સાંકેતિક ગણગણાટમાં સમાયેલું રહસ્ય ગૂઢ છે એ વાત પણ નિર્વિવાદ છે. એના દૃષ્ટાંત તરીકે શ્રી અવધૂત કહે છે :

**"ગૂંગાને જ્યોં ઘેબર ખાઈ, ડકાર માત્ર દિખાઈ."**

જેની બોલવાની શક્તિ હણાઈ ગઈ છે એવો ગૂંગો મનુષ્ય મિષ્ટાન્ન જમે છે. આકંઠ તૃપ્ત થયા પછી તે ઓડકાર ખાઈને પોતાની તૃપ્તિનો બીજાને ખ્યાલ આપે છે પણ ભોજનનું વર્ણન કરી શકતો નથી. તે ભોજનથી તેને જે પ્રકારનો સંતોષ અને આનંદ થયો હોય તે વ્યક્ત કરવાને તેની પાસે વાણી નથી. તેની લાગણી વ્યક્ત કરવાને અન્ય સાધનના અભાવે તે માત્ર ઓડકાર ખાઈને જ તેની પરિતૃપ્તિનો ખ્યાલ બીજાને આપે છે. તે જ રીતે પરમધામનો અનુભવી પણ પોતાની આનંદાવસ્થાનો ખ્યાલ માત્ર આનંદથી જ આપે છે. અને એવો જ આનંદનો અનુભવ કરનાર અન્ય કેવળ આનંદતૃપ્ત જ તે કળી શકે છે. બીજાઓથી તે અવસ્થા જે કેવળ અનુભવગમ્ય છે તે કળી શકાતી નથી. જે આકંઠ જમ્યો હોય તે જ પોતાના





જેવા બીજા તૃપ્ત થયેલા મનુષ્યની તૃપ્તિના અનુભવની કલ્પના કરી શકે. અનુભવી આત્મદર્શીને પણ તેના જેવો જ બીજો ઓળખી શકે. અનુભવહીણાઓની તેને ઓળખવાની શક્તિ નથી. આત્મતૃપ્તની ઓળખ આત્મતૃપ્ત જ કરી શકે. બીજાઓ જેમણે પરમધામનો અનુભવ કર્યો નથી તે, એવા પરમધામને પ્રાપ્ત કરેલા સંતની ઓળખ પોતાની મર્યાદિત દૃષ્ટિ અને મર્યાદિત બુદ્ધિથી જ કરી શકે. પણ તેઓનું એ માપ વાસ્તવિક નથી. અમાપને માપવાનું માપ ભાગ્યે જ અનુભવ વિના પ્રાપ્ત કરી શકાય.

શ્રી અવધૂત હવે એવા પરમધામથી પરિચિત સંતોનો વિશેષ ખ્યાલ આપતાં કહે છે :

**વીચિ સમુંદર ઊઠે પલમેં, આપ સમુંદર હોઈ,**
**કૌન કહે જો બીતી વાકો ? હોનેસે સમુઝાઈ.**

સમુદ્રમાં તરંગમાળા ઊપજે છે અને જ્યાંથી ઊપજે છે ત્યાં જ તુરત સમાઈ જાય છે. જ્યારે સમુદ્રમાં તરંગો ઊછળતા હોય ત્યારે જોનારની દૃષ્ટિએ સમુદ્ર અને તરંગ ભિન્ન ભાસે છે. પણ તત્ત્વદૃષ્ટિએ જે નિહાળે છે તેની નજરમાં સમુદ્ર અને તરંગો ભિન્ન નથી. એ તરંગો સમુદ્રમાંથી જ ઉદ્ભવે છે અને તેમાં જ સમાઈ જાય છે. વસ્તુતઃ તરંગનું સમુદ્રથી ભિન્ન અસ્તિત્વ જ નથી. સમુદ્રના અભાવે તરંગનો ભાવ ક્યાં ? સમુદ્ર અને તરંગ જેવો જ જગત અને જગન્નિયંતાનો સંબંધ. જગતના જીવમાત્રનો ઉદ્ભવ પરમાત્મામાંથી જ થાય છે અને અંતે તે પરમતત્ત્વમાં જ સમાઈ જાય છે. જેમ કરોળિયો પોતાના અંગમાંથી જ તંતુ કાઢી તેનું જાળું રચે છે અને તે જાળું પોતે જ પોતાનામાં સમાવી દે છે. તેમ આ જગત પણ જ્યાંથી જન્મ્યું છે ત્યાં જ સમાઈ જવાનું છે. જેણે એ તત્ત્વ પચાવ્યું છે તેને આત્મા અને પરમાત્મા જુદા જણાતા નથી. અને તેથી તે એ ભાસમાન ભિન્નતાનો ભેદ કળીને, જેમ નામરૂપે ભિન્ન જણાતા તરંગ, તરંગ મટીને અમર્યાદિત સમુદ્ર બની જાય છે તેમ, આત્મા, આત્મા મટીને પરમાત્મા બની જાય છે. કેટલું સુંદર દૃષ્ટાંત છે ! સમુદ્રમાંથી સર્જાયેલો તરંગ સમુદ્રરૂપ બન્યા પછી ''હું તરંગ છું'' એમ કહેનાર કોણ રહે ? મીઠાની કાંકરી સમુદ્રમાં પડી સમુદ્ર બન્યા પછી ''હું મીઠાની કાંકરી છું'' એમ કોણ કહેશે ?''

શ્રી અવધૂત કહે છે :

**''કૌન કહે જો બીતી વાકો ?''**

તરંગ તરંગ નથી, મીઠાની કાંકરીનું ભિન્ન અસ્તિત્વ નથી. ત્યારે તેને શી વીતી તે કોણ જાણે ? અને કોણ કહે ? પરમધામમાં પહોંચ્યા પછી જે પુનઃ આવતો જ નથી ત્યારે પરમધામ ક્યાં છે ? ત્યાં શું છે ? વગેરે વાતો કોણ કહેશે ? પણ એ અવસ્થાનો જેને અનુભવ થાય તે જ સમજી શકે. તરંગને સમુદ્ર થતાં પહેલાં જે વિપત સહન કરવી પડે છે, જે યાતના






ભોગવવી પડે છે તે તો માત્ર તરંગ જ જાણે. બીજા એ વ્યથા શી રીતે અનુભવી શકે ? તે જ રીતે જે આત્મા પરમધામમાં પહોંચીને પરબ્રહ્મસ્વરૂપ બન્યો છે, તેમાં જ સમરસ બન્યો છે તેને એ સ્વરૂપની પ્રાપ્તિ થઈ તે પહેલાં કેવી યાતના ભોગવવી પડી છે તે બીજાઓ જાણી શકતા નથી. અને એ યાતનાઓ ભોગવીને આત્મસ્વરૂપ બનેલાઓ કહેવાને ભિન્ન રહેતા નથી. ત્યારે કોણ કહે એ વિપતની કથની ? મધદરિયેથી નીકળેલ સમુદ્રનું એક મોજું સમુદ્રના અનેક ખડકો સાથે અથડાતું કૂટાતું કોક જગ્યાએ છિન્નભિન્ન થતું કિનારે આવે અને પાછું વળી મધદરિયે પહોંચે અને એમ અનેક વેળા હડસેલા ખાતું કોક સમે સમુદ્રમાં એકરૂપ બની જાય, તેમ જીવ પણ અનેક જન્મ અને અનેક મરણની યાતનાઓ ભોગવતો ભોગવતો જ્યારે તેનું પ્રારબ્ધ નિઃશેષ પૂર્ણ થાય ત્યારે પરમધામમાં, પરમતત્વ સ્વરૂપમાં એકરસ બની જાય છે. જેમ અગ્નિમાંથી ભિન્ન પડેલો અગ્નિનો તણખો સમષ્ટિમાં વ્યાપ્ત અગ્નિતત્ત્વ સાથે એક બની જાય છે અને પોતાનું વ્યક્તિત્વ સમષ્ટિમાં ભેળવી દે છે, તેમ પરમાત્માથી જુદો પડેલો જીવ પણ તેમાં ભળી પોતાનું અજ્ઞાનજનિત વ્યક્તિત્વ તેમાં ભેળવી દે છે. પછી ''હું જીવ છું'' એમ કહેવાને તે ભિન્ન રહેતો નથી. એનો અર્થ એ નથી કે તેના દેહનું મૃત્યુ થાય છે અથવા શરીરત્યાગ વિના એ અવસ્થા પ્રાપ્ત થતી નથી. શરીર હોવા છતાંય એ અભિન્ન અવસ્થાનો આનંદ માણી શકાય છે. એવા જીવનમુક્ત આત્મસ્થિત સંતોનાં જ્વલંત દૃષ્ટાંતો જગત આગળ જમાનાઓથી જણાતાં આવ્યાં છે અને આજે પણ એવા પરમાનંદતૃપ્ત સંતો ભારતમાં નથી એમ નથી. ''હું સૂર્ય છું'' એવું સૂર્ય કોઈને કહેતો નથી તેમ એવા નિર્માનમોહ સંતો પોતાની ઓળખ આપતા નથી. એ તો જેમ સૂર્યના પ્રકાશ વડે આપણે એને સૂર્ય કહીએ છીએ તેમ એવા વિરલ સંતોના આત્મતેજની ઓરા જે ચોગમ પ્રસરે છે તે વડે જ આપણે સામાન્ય મનુષ્ય કરતાં એની વિલક્ષણતાના પરિણામે કળી શકીએ છીએ. એવા વિરલ સંતમાં રહેલી અગાધ શક્તિનો અનુભવ તો આપણે કરી જ શકતા નથી. એનામાં રહેલા અમોઘ આત્મબળનો પરિચય કરી શકતા નથી. અને એવા વિરલ સંતનાં તો દર્શન પણ દુર્લભ હોય છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

> ''કૌન કહેજો બીતી વાકો ?
> હોને સે સમુઝાઈ.''

આગળ કહ્યું તેમ એવો આત્માનંદમગ્ન સંત એ અવસ્થાને પ્રાપ્ત કરી પોતાને શી શી યાતનાઓ વેઠવી પડી તે કહેવા ઘરઘર ભટકતો નથી. એક માનવી આત્માનુસંધાનના માર્ગે પ્રગતિ કરતો થાય તેમ તેમ જાગતિક પ્રપંચ તરફ તેને દુર્લક્ષ થતું જાય છે. એટલે જાગતિક પ્રપંચ પ્રત્યે તે મૌન સેવતો થાય છે. અંતે એ કેવળ ''મૌની'' બની જાય છે. અને તેથી જ ''મેં આમ કર્યું, મેં તેમ કર્યું'' એવા આત્મશ્લાઘાના અહંતાયુક્ત શબ્દો એ ઉચ્ચારતો





નથી. પણ જ્યારે એવા જ કોઈ વિરલ જોનારને એવા સંતનાં દર્શન થાય છે ત્યારે એ બન્ને આપવીતી માત્ર મૌનથી જ કળી શકે છે. જેમ બે પરિચિત મિત્રો એકબીજાને જોતાં જ સ્મિતવદને એકબીજાને ઓળખી એ મૌનમાં જ પરસ્પર પરિચય કરી લે છે તેમ, એવા સંતોની પરસ્પર પિછાન પણ બીજાને સમજાતી નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**"હોનેસે સમુઝાઈ."**

એટલે કે એવી સ્થિતિ પ્રાપ્ત કરવાથી જ, તત્સ્વરૂપ થવાથી જ એનો ખ્યાલ આવી શકે. બીજો વાણીવિલાસ ત્યાં નકામો છે.

એ વિષય જ એવો છે કે એમાં વાતો કરે કશો જ અનુભવ થતો નથી. જે ક્ષેત્ર વાણીનું નથી તેને માટે વાચાવલંબન શા કામનું ? સાકરની વાતો કરે સાકરના સ્વાદનો અનુભવ થતો નથી. પરમધામની વાતો કરે પરમધામ મળતું નથી. ભૂખ્યો પકવાનોની વાતો કરે તેથી તેનું પેટ ભરાતું નથી. એ તો જ્યારે પેટ ભરીને અન્ન આરોગે ત્યારે જ એની ક્ષુધા તૃપ્ત થાય છે અને તેને તૃપ્તિનો ઓડકાર આવે છે. આત્મતૃપ્તિની પણ એવી જ વાત છે. જ્યાં સુધી ભગવાનચીંધ્યા માર્ગે જઈને ભગવાનભાખી શરતો આપણે પૂર્ણ કરી શકતા નથી ત્યાં સુધી આત્મતૃપ્તિના ઓડકાર આવતા નથી. આત્મતૃપ્તિ અને પરમ ધામનો પરિચય કેવળ અનુભવગમ્ય છે. અને તેથી જ શ્રી અવધૂતે બીજું દૃષ્ટાંત આપીને કહ્યું :

**"ઘાયલકી ગત ભીરુ ન જાને, જાને ઘાયલ કોઈ,"**

**"વંઝા પ્રસવગતિ ક્યા જાને ? બોલત હાંસી આઈ !"**

જે બીકણ છે, જે ઘરને ખૂણે જ ભરાઈ રહેતો હોય, અરે ! ફળિયામાં ચાર કૂતરાં લડતાં હોય તોય જે ઘરમાં ભરાઈ જતો હોય તે રણસંગ્રામમાં સામી છાતીએ શમશેરના કાતિલ ઘા ઝીલનાર શૂરવીરના ઘાની ગતિ શી રીતે જાણે ? કોઈ શૂરવીર રણસંગ્રામમાં ઊભો ઊભો કોઈ સૈનિકને શમશેરના ઘા વીરતાપૂર્વક ઝીલતો જુએ, શમશેરના ઘાને પણ ગણકાર્યા વિના દેહભાન ભૂલી શત્રુનો સંહાર કરતો જુએ તો તેનેય શૂર છૂટે અને તે પણ મરણિયો થઈ રણસંગ્રામમાં ઝંપલાવે ! પણ કાયર ! અરે ! જેને લાકડીના ઘા ઝીલવાની પણ હિંમત નથી, એટલું જ નહીં પણ બીજા પર પડતા પ્રહાર જોઈને જે ડરી જાય છે તે કાયર તો એ દૃશ્ય જોઈને જ ભયભીત બની દોટ મૂકે ! તેને બિચારાને એ શૂરતાની શી ખબર પડે ? જેને પ્રભુના પ્રેમની કટારના ઘા કાળજે લાગ્યા હોય તે જ એ ઘામાં રહેલો મીઠો, અમૃતથીયે અધિક મધુર આનંદ માણી શકે. જેને એ ઘા ન લાગ્યા હોય તે તો બિચારો કાયર જેવો દૂર ભાગે. એ જખમ ઝીલવા એ સાચો પુરુષાર્થ છે. એ જખમને ઝીલવામાં જે આનંદ છે તે એનો પ્રતિકાર કરવામાં નથી. પણ એ બધું કોને સારુ ? શૂરાને સારુ. અને તેથી જ કોઈ કવિએ કહ્યું :





"હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જો ને."

અને અહીં પણ શ્રી અવધૂતે એ જ ભાવ વ્યક્ત કર્યા છે. એ ઘાને ઝીલનાર, એ કારી ઘાનો આનંદ માણનાર, એ ઘા ઝીલીને અમર થનાર મીરાંએ પણ કહ્યું :

"ઘાયલકી ગત ઘાયલ જાને."

અહીં પણ શ્રી અવધૂતના

"હોને સે સમુઝાઈ"

એ જ વાક્યનું સ્મરણ થાય છે. જાવ, રણસંગ્રામમાં હામ ધરીને ઊભા રહો. વીર બનો અને વીરતાપૂર્વક સામાના ઘા ઝીલો ત્યારે જણાશે, અનુભવ થશે કે એ ઘા કેવા મીઠા છે. ભલે પ્રાણ જાય પણ તેની પાછળ જે અમરત્વનો આનંદ સમાયેલો છે તે પ્રાણ કરતાંય અમૂલ્ય છે. પ્રભુને પંથે પળો, પ્રભુને પામો યા ન પામો તોય પ્રભુને પંથે પળો. અને પ્રભુ તમારી સન્મુખ છે. પ્રભુ તમારામાં જ છે અને તેને પામીને અમર બનો. ત્યારે જ તમે

"વહાંકી બાત ન્યારી હૈ"

એ શબ્દનું ગાંભીર્ય અનુભવી શકશો. તમારું પાંડિત્ય, તમારું શાસ્ત્રીય જ્ઞાન અને તમારી લૌકિક પ્રસિદ્ધિ તમને પ્રભુને પંથે જતાં અવરોધે છે. તમારા આત્મલાભ આડે આવનારાં એ મહાન વિઘ્નો છે. તોડીફોડીને એ અંતરાયોને છિન્નભિન્ન કરી નાખો અને જુઓ, ''વહાલો'' ઊભો છે તમારાં દર્શન કરવા. ભગવાનને ભક્ત પોતાનાં કરતાંય પ્રિય છે એ વાતનું સ્મરણ રાખો. જરા સમાલજો. તમારું 'અહં' વળી તમને છેતરશે. સાવધ રહો !

અને શ્રી અવધૂતે બીજું દૃષ્ટાંત આપ્યું :

"વંઝા પ્રસવગતિ ક્યા જાને ?"

જેણે આત્મલાભ નથી કર્યો, જેણે એ પરમધામનાં દર્શન નથી કર્યાં, જે એ માર્ગનો જ અજાણ્યો છે તે કેવળ પુસ્તકિયા જ્ઞાન વડે જ આપણને અનેક વાતો કહેશે. પણ તેમાં કેટલું સાચું અને કેટલું કેવળ વાચારંભણ છે તે કોણ કહી શકે ? જેને અનુભવ હોય તે તુરત જ એ વાણીનો પ્રવાહ બંધ કરી શકે. બાકી તો બિચારા ભોળા માણસો કહેશે : ''વાહ મહારાજ, બહુ સારું કહ્યું.'' એ બહુ સારું ક્યાં સુધી ? જ્યાં સુધી આપણે સાચું જાણ્યું નથી ત્યાં સુધી. પ્રસવની વેદનાનું વર્ણન એક વંઝા સ્ત્રી કરે. પણ એ વેદના એ તેની આપવીતી છે ? અનુભવ વિનાની તેની પ્રસવવેદનાની વાતો જેને એ વેદનાનો અનુભવ હોય તેવી સ્ત્રી સાંભળશે તો તેની મશ્કરી કરશે. તેના અનુભવ વિનાનાં માત્ર કર્ણોપકર્ણ સાંભળેલાં એ પ્રસૂતિવેદનાનાં વર્ણન સાંભળીને તેને હસવું જ આવશે. પ્રસવપીડાનાં વર્ણન જે જનેતાને પ્રસવપીડાનો અનુભવ હોય તે યથાર્થ રીતે જાણી શકે અને કરી શકે. તેમ જેણે એ પરમધામનો અનુભવ કર્યો હોય તે

જ એનું સંકેતરૂપે વર્ણન ક્વચિત્ કરે. કેવળ શબ્દનો આડંબર એ વસ્તુસ્થિતિનું વર્ણન કરવાને સમર્થ નથી. શબ્દોમાં એ શક્તિ પણ ક્યાં છે ? અને શક્તિ હોય તો વેદો મૂંગા કેમ રહ્યા ? જેમ વંઝા સ્ત્રી પ્રસૂતિપીડાનું વર્ણન કરે તે રહસ્ય વિનાનું છે અને અનુભવી જનેતાને તે સાંભળીને હાંસી જ આવે, તેમ જ પોપટિયા પુસ્તકિયા જ્ઞાનવાળો વિદ્વાન ભગવદ્પ્રાપ્તિનું વર્ણન કરે તે સાંભળીને અનુભવીને હસવું જ આવે. અને તેથી જ અહીં શ્રી અવધૂતે કહ્યું, ''વંઝા સ્ત્રી જો પ્રસૂતિપીડાનું વર્ણન કરે તો તે હાસ્યને પાત્ર થાય.'' મૌન એ જ એ પરમધામનું સંપૂર્ણ વર્ણન છે. એ મૌન પણ કેવળ વૈખરીનું જ નહીં. એ તો આત્માનું મૌન છે. તેનો અનુભવ નિસર્ગના મૌનમાં જ થાય છે. મધરાતે નિર્જન વનમાં બેસો. આકાશમાં ટમટમતા તારલા તમને એનું વર્ણન કરશે. મંદમંદ પવનની લહરી સાંભળો, એ તમને એ વાતો કરશે. મધુર કલરવ કરતી સરિતાનો સાદ શ્રવણ કરો, અહીં તમને પ્રભુના પરમધામનો પરિચય થશે. પણ તન્મય બનો, અનુભવો અને જુઓ. વાણીથી અકથ્ય એ કલ્પનાતીતનું દર્શન તમને તેની વિભૂતિરૂપે સાકાર થયેલી પ્રકૃતિમાંથી મળશે. પ્રકૃતિને પડતી મૂકી, તેના પુરુષની વિભૂતિનાં દર્શન કરો અને વિભૂતિના વિભુને તમે પામશો. વંઝા સ્ત્રીના પ્રસૂતિવર્ણનસમા વાંઝિયાં વ્યાખ્યાનો કે હરિકથાઓ સાંભળે તમારું શું વળશે ? સમષ્ટિમાં વ્યક્તિને સમાવી દો અને તમે સમષ્ટિ બનશો. વ્યક્તિ રહીને સમષ્ટિનો આનંદ શી રીતે મળે ? સરિતા રહીને સાગરની મહત્તા કેમ પમાય ?

બીજું દૃષ્ટાંત : અનુભવની કસોટીએ કસાયેલાં શ્રી અવધૂતનાં સચોટ દૃષ્ટાંતો વસ્તુસ્થિતિનો પૂર્ણ ખ્યાલ આપવાને ખરેખર શક્તિશાળી છે. અહીં શ્રી અવધૂતે વ્યક્તિ અને સમષ્ટિનો ખ્યાલ આપવાને કહ્યું :

**''રુપૈયામેં કઈ પૈસા પાઈ, પાઈ રુપૈયા ન હોઈ.''**

એક રૂપિયાના ચોસઠ પૈસા, બે અધેલા, સોળ આના, આઠ બે આની અને એકસોબાણું પાઈ. એ બધા એક જ રૂપિયાના જુદા જુદા ભાગો છે. વ્યવહારમાં ચલણની સરળતા માટે એ બધાય ભાગો પાડ્યા છે. એ બધાય રૂપિયાના ભાગ છે. પણ તેમાંનો એક પણ ભાગ રૂપિયો નથી. એ ભાગોનો ઢગલો જોઈને પણ આખા રૂપિયાની કલ્પના નહીં આવે. વિવિધ ભાગોમાં રૂપિયાની જ સત્તા છે. એ બધા ભાગો રૂપિયાનાં જ અંગ છે છતાંય રૂપિયો એથી પર છે. રૂપિયાથી પર કે રૂપિયાથી બહાર એ પરચૂરણનું અસ્તિત્વ શક્ય નથી. જેની પાસે ગજવામાં રૂપિયો હશે તે જ એ પરચૂરણ મેળવી શકશે. પાઈ છે તે રૂપિયાનો એકસોબાણુમો ભાગ કહેવાશે. કોઈ બાળક પણ તેને રૂપિયો નહીં કહે. એ પાઈ છે તે જેમ રૂપિયાનો અંશ છે તેમ જીવ પણ પરમાત્માનો અંશ છે. એ વાત સ્વયં ભગવાને સ્વમુખે અર્જુનને કહી છે. એ વાત નિર્વિવાદ હોવા






છતાંય તેનામાં જ્યાં સુધી જીવભાવ છે ત્યાં સુધી તે પરમાત્માથી ભિન્ન છે એ પણ એટલું જ સત્ય જ છે. અનેકવિધ જીવો એક રૂપિયા જેવા પૂર્ણ પરમાત્મામાં સમાયેલા છે. જીવનો જીવભાવ જ્યારે ટળી જાય છે ત્યારે પોતાના સ્વરૂપમાં સમરસ બનીને પરમાત્મા બની જાય છે. રૂપિયો એ સમષ્ટિ છે. એ સમષ્ટિના અસ્તિત્વ વડે જ વ્યક્તિનું અસ્તિત્વ છે, અને તેથી જ વ્યક્તિ સમષ્ટિમાં સમાઈને પૂર્ણ રૂપે જ રહી શકે છે. ભિન્નતા એ પ્રકૃતિનું લક્ષણ છે. અભિન્નતા એ પુરુષનું લક્ષણ છે અને તેથી જ પ્રકૃતિ અંતે પુરુષમાં સમાઈને અભિન્ન બને છે.

અને એ જ રીતે મેઘધનુષ.

આપણે આકાશમાં ચોમાસાના દિવસમાં મેઘધનુષ જોઈએ છીએ. પ્રકૃતિની એ એક વિચિત્રતા છે. એ મેઘધનુષમાં આપણે સાત રંગ જોઈએ છીએ. સૂર્યનાં કિરણોમાં રહેલા સાત રંગનું પ્રતિબિંબ વાદળાંમાં રહેલા પાણી ઉપર પડે અને સૂર્યનાં કિરણના પ્રકાશ વડે તે પ્રકાશિત થાય ત્યારે એ આપણે જોઈ શકીએ. એ સાત રંગના ધનુષાકારના એકીકરણને આપણે મેઘધનુષ કહીએ છીએ. પણ તેમાંનો ગમે તે એક રંગ લઈએ કે સાતેયના સમૂહને ધનુષાકારે ગોઠવીએ તો તેને આપણે મેઘધનુષ કહેતા નથી. મેઘધનુષમાં સાત રંગ છે પણ સાત રંગ જુદા જુદા કે ભેગા જોવાથી મેઘધનુષની કલ્પના આવી શકતી નથી. તેને માટે તો અસલ મેઘધનુષ યથાર્થપણે જોવું ઘટે. તેવી જ રીતે વિશ્વ પરમાત્મામય છે છતાં વિશ્વભાવનો ત્યાગ કરી પરમાત્મભાવરૂપે વિશ્વમાં વસી રહેલા પરમાત્માનું દર્શન ન થાય ત્યાં સુધી એની કલ્પના આવે તેમ નથી.

અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"રંગ ધનુષ ન ભાઈ."

એ રીતે આ ઉપદેશનો સાર એટલો જ છે કે પરમતત્ત્વના પરમધામનો 'અનુભવી જ પરમધામમાં પ્રવેશ કરી, પરમતત્ત્વમાં સમરસ બની શકે. જેમ તરંગ સાગરમાં સમાય, જેમ પાઈ રૂપિયામાં સમાય તેમ ભિન્ન ભાસતું જગત અંતે એ પરમધામમાં જ લીન થાય છે. આત્મતત્ત્વનું સાચું રહસ્ય જાણી તેનાથી અભિન્ન બનીએ ત્યારે જ એ મૌનમાં પરિણામ પામે. ફાવે તેટલાં વર્ણનોથી એનો યથાર્થ ખ્યાલ આવી શકતો નથી. તેનો ખ્યાલ આવવા તદ્રૂપ બનવું જ રહ્યું. તદ્રૂપ બનેલો પણ તત્ત્વ સ્વરૂપથી જુદો પડી તેનું વર્ણન કરવા જાય તો તે વર્ણન લંગડું જ પડે. માટે જ શ્રી અવધૂતે કહ્યું :

"વહાંકી બાત ન્યારી હૈ મેરે ભાઈ."

એ પરમતત્ત્વના અનુભવની કહાણી કાંઈક ઓર જ છે. કહેવા જેવી નહીં પણ અનુભવવા જેવી છે.

(૨૧)

દુનિયા આ મનનું મટકું રે, પામર પ્રાણી !
નિદ્રાનું મોહક સ્વપ્નું રે, પામર પ્રાણી !–ટેક

મેં મેં કરતો હા ચાલ્યો; મુરખ મેંઢો જો કેવો !
તારે પણ એક દિ જાવું રે,–પામર પ્રાણી (૧)

આવ્યો તું ક્યાંથી જીવડા ? જાવું કે પંથ નિહારે ?
ભૂલ્યો હા અધવચ વાટે રે !–પામર પ્રાણી (૨)

મૃગજળ દેખી હરખાયો, દોડીને મૃગ પસ્તાયો;
પાણીનું બુંદ ન પાયો રે !–પામર પ્રાણી (૩)

એકે કરી ભૃંગ હણાયો, મૃગ મીન પતંગ જલાયો;
પાંચે સુખસમણું શાનું રે ?–પામર પ્રાણી (૪)

આકાશકુસુમની માળા, પહેરી વંધ્યાસુત વે'વા;
મ્હાલ્યો જઈ મનને ઘોડે રે !–પામર પ્રાણી (૫)

સંધ્યાના રંગ જેવા, સુખદુઃખ સંસારી તેવાં;
ભાવે ભજ હરિહર રંગા રે !–પામર પ્રાણી (૬)

શ્રી અવધૂતબાપ્નું આ સંસારનું એક ચિત્ર છે. દુનિયા એટલે સમુદ્રના તરંગ જેવો મનનો એક તરંગ. તરંગ કેટલો ક્ષણસાર છે ? ઉત્પન્ન થઈને તરત જ વિલીન થનાર એ તરંગ જેટલો અસાર છે તેટલી જ આ દુનિયા પણ અસાર છે. એ ખ્યાલ શ્રી અવધૂતે આ ગીતમાં આપ્યો છે. મનના અનેક સંકલ્પવિકલ્પો જેમ મનમાંથી ઉદ્ભવે છે અને મનમાં જ અસ્ત પામી જાય છે તેમ આ દુનિયા પણ મનનું એક કાલ્પનિક ચિત્ર છે. દીવાલ પર અંકિત કરેલા એક અગ્નિના ભડકામાં જેમ નથી ઉષ્ણતા, નથી દાઝકતા કે નથી પ્રકાશ; છતાં અજ્ઞાની તે ચિત્રને જોઈને તેનાથી દૂર નાસે છે, તેમ આ સંસાર પણ એક કલ્પનામાં ઊભું થયેલું દૃશ્ય છે. એટલું સુંદર, એટલું મોહક અને એટલું આકર્ષક એ દૃશ્ય છે કે, જેમ પતંગ દીપને જોઈને તેના પ્રકાશમાં અંજાઈ જાય છે અને તેના તરફ આકર્ષાઈ તેમાં પડી પ્રાણહીન બને છે તેમ, મનના મટકા જેવા આ સંસારમાં પ્રાણીમાત્ર - માનવ, પશુ, પંખી અને બધાં જ એની મોહકતા સુંદરતામાં આકર્ષાઈને, જેમ મુખ વિકાસીને પડેલા અજગરના મુખમાં અનેકવિધ જીવજંતુઓ જઈ પડે છે અને પ્રાણહીન બનીને અજગરનાં ભક્ષ્ય બને છે તેમ, અંતે કાળના મુખમાં ગ્રાસ બને છે. ''મન માન્યો સંસાર'' એમ કહેવાનું પણ એ જ કારણ છે. જેમ કરોળિયો પોતાના જ શરીરમાંથી તંતુ કાઢીને જાળું રચે છે અને તે જાળું તે જ કરોળિયો 





પાછું પોતે જ ગળી જાય છે, તેમ મન જગતને રચે છે અને મન જ જગતનો વિલય પણ કરે છે. જ્યાંથી ઊપજે છે તેમાં જ સમાઈ જતી આ દુનિયાનું વાસ્તવિક સ્વરૂપ જે દેખાય છે તે નથી, પણ જે નથી દેખાતું તે મન એ દુનિયાનું વાસ્તવિક સ્વરૂપ છે એમ કહેવું અયોગ્ય નથી. મનમાં જો જગતનું ભૂત ભરાયું ન હોય તો દુનિયા જેવું કાંઈ અસ્તિત્વમાં નથી. સંતોની સ્વાનુભવસિદ્ધ એ ઉક્તિ છે. દુનિયાનો વિનાશ કરવાને તેના મૂળ મનને મારવાનું સંતોએ અને શાસ્ત્રોએ તેથી જ સૂચન કર્યું છે. જ્યાં સુધી મન મરે નહીં ત્યાં સુધી દુનિયા મરતી નથી. જ્યાં સુધી મૂળ જીવે છે ત્યાં સુધી વૃક્ષ મરતું નથી. વૃક્ષને મારવાને જેમ મૂળને મારવાની જરૂર છે તેમ દુનિયાને મારવાને મનને મારવાની જરૂર છે. કબીરે કહ્યું :

આપ મુવે પિછે ડૂબ ગઈ દુનિયા.

જ્યાં સુધી 'હું' છે ત્યાં સુધી જ દુનિયા છે. 'હું' જતું રહે તો ક્યાં છે દુનિયા? એ 'હું' એટલે મન. વૃક્ષનું કારણ જેમ બીજ છે તેમ દુનિયાનું કારણ 'અહંકાર' છે. નિર્બીજ વૃક્ષનું જેમ અસ્તિત્વ નથી, તેમ નિરહંકાર દુનિયાનું પણ અસ્તિત્વ નથી. પરમતત્ત્વના ઈક્ષણના પરિણામે જે પ્રકૃતિનું સર્જન થયું છે તે પ્રકૃતિના સર્જનમાં શ્રી ભગવાનભાખી આઠ પ્રકારની પ્રકૃતિમાં મન અને અહંકારનો પણ સમાવેશ થાય છે. પ્રકૃતિના એ સર્જનમાં સૌ પ્રથમ અહંકાર છે. જેમ મુખ્ય પ્રાણના અપાન, સમાન, ઉદાન અને વ્યાન એવા ચાર ભેદ છે અને તે બધાયમાં મુખ્ય પ્રાણ અનુસ્યૂત છે તેમ એ અહંકારના પણ મન, બુદ્ધિ અને ચિત્ત એવા ત્રણ ભેદ છે. જેમ પુષ્પની માળામાં સૂતર અનુસ્યૂત છે તેમ અહંકાર પણ એ ત્રણેમાં અનુસ્યૂત છે. એ મૂળ અહંકારયુક્ત મન સંકલ્પવિકલ્પ કરે છે એટલે વિષયોનું મનન કરનાર 'મન' કહેવાયું. એ અહંકારયુક્ત બુદ્ધિ મનના એ સંકલ્પવિકલ્પનો વિવેક કરે છે. અહંકારયુક્ત ચિત્ત એ સંકલ્પવિકલ્પનું ચિંતન કરે છે. અંતે એ અહંકાર જ મન, બુદ્ધિ અને ચિત્તે મંજૂર રાખેલા સંકલ્પ-વિકલ્પને મૂર્તસ્વરૂપ આપવાને ઇન્દ્રિયોને આવશ્યક કર્મ અને ક્રિયાઓ કરવાની પ્રેરણા કરે છે. એટલું જ નહિ પણ સહાયક પણ બને છે. એ જ કારણે મન, બુદ્ધિ, ચિત્ત અને ઇન્દ્રિયોને જડ કહેવામાં આવે છે. અહંકાર પણ છે તો જડ, પણ 'જીવ' તેનો પ્રેરક છે. જીવની ચેતના વડે જ અહંકાર પણ ચેતનાયુક્ત બનીને મન, બુદ્ધિ અને ચિત્તને સાનુકૂળ બનીને કર્મ અને ક્રિયા કરવાની ઇન્દ્રિયોને પ્રેરણા કરે છે. જીવ એ બધાયની પાછળ બળરૂપે રહે છે અને જે જે કર્મો થાય છે તે તે બધાયનો પ્રેરક તરીકે એ રીતે કાર્ય કરે છે. જેમ કાષ્ટનાં પૂતળાંને નચાવનાર સૂત્રધારના હાથમાં બધાંય કાષ્ટનાં પૂતળાંની દોરી છે અને તેના દોરીસંચાર અનુસાર તે કઠપૂતળીઓ નૃત્ય કરે છે, અને

નૃત્ય કરાવનાર સૂત્રધાર જેમ પરોક્ષ છે તેમ તમામ માનસિક ક્રિયાઓનો પ્રેરક અને સંચારક જીવ છે. મન એ અહંકારથી ઊતરતા દરજ્જાનું અંતઃકરણ છે. પરમાત્મા પ્રકૃતિની ઓથે રહીને જેમ દુનિયાનો વ્યવહાર ચલાવે છે તેમ અહંકાર પણ મનને મોખરે રાખીને દુનિયાનો વહેવાર ચલાવે છે. અને તેથી જ શ્રી અવધૂતે






"દુનિયા આ મનનું મટકું રે..."

કહીને અહંકાર કરતાં દુનિયાના અસ્તિત્વ માટે મનને વધુ પ્રમાણમાં જવાબદાર લેખ્યું છે.

અહંકારનું અપરોક્ષ પરિણામ દુનિયા છે એ આપણે જોયું. મન પરોક્ષ રીતે તેનું સંચાલન કરે છે. મનને મારવા કરતાં એના સર્જક અહંકારનું મૃત્યુ સાધવાનો પ્રયોગ કરવો તેથી આવશ્યક છે. એ અહંનું મૃત્યુ થાય તો પછી તેનો પરિવાર જીવિત રહી શકતો નથી. અને રહે તો પણ તે નિર્જીવ જેવો બનીને મરવાને વાંકે જ જીવે છે.

શ્રી ભગવાને ઉદ્ધવને કહ્યું તેમ, મનની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્ત એવી ત્રણ અવસ્થા છે. ચતુષ્પાદ આત્મા એ ત્રણે અવસ્થામાં રહે છે અને એ ત્રણે અવસ્થાના વિકારોથી અલિપ્ત બનીને તુરીય અવસ્થામાં સ્વસ્વરૂપમાં પણ રહે છે. જાગ્રત અવસ્થામાં એ 'આત્મા' 'વિશ્વ' સંજ્ઞા ધારણ કરે છે અને મનને તેના વ્યવસાયમાં સહાયક બને છે. સ્વપ્નાવસ્થામાં તે જ આત્મા 'તૈજસ' સંજ્ઞા ધારણ કરીને મનને સ્વપ્નાવસ્થાના તેના વ્યવસાયમાં સહાયક બને છે. સુષુપ્ત અવસ્થામાં એ જ આત્મા 'પ્રાજ્ઞ' સંજ્ઞા પ્રાપ્ત કરીને મનની લીન અવસ્થામાં સહાય કરે છે. સુષુપ્તિ અવસ્થામાં મનનું લવલેશ પણ ચાંચલ્ય રહેતું નથી. અને તેથી એ અંતઃપ્રાજ્ઞ રહે છે અને તેથી જ ઊંઘમાંથી ઊઠનાર 'મને ખૂબ ઊંઘ આવી' એમ કહે છે. વિષયાંતર થાય છે પણ કહેવાનું તાત્પર્ય એ જ છે કે મન રાત્રે સુતા પછી એક સુંદર સ્વપ્નનો ક્ષણિક અનુભવ કરે છે. સ્વપ્ન એ જેમ મનની આંતરિક સૃષ્ટિ છે તેમ જાગ્રત અવસ્થા પણ મનની-બાહ્યજગતની એક મોહક સ્વપ્ન જેવી અવસ્થા છે અને તેથી મન તેમાં મશગૂલ થાય છે. જીવ તેમાં 'વિશ્વ' બનીને મનને સહાયક બને છે. સુષુપ્તિ અવસ્થામાં મન જેમ પોતાના સ્વરૂપમાં લીન બનીને ચાંચલ્ય રહિત બની જાય છે તેમ જાગ્રત અવસ્થામાં પણ જો મન પોતાના સ્વરૂપમાં લીન બનીને પોતાના ચાંચલ્યથી મુક્ત બની જાય તો આ દુનિયાનું અસ્તિત્વ રહેતું નથી. અને તેથી જ અહંકારના પ્રધાનમંત્રી મનને મારીને તે દ્વારા અહંકારને નિર્બળ અથવા મરણતોલ કરવાની શાસ્ત્રોએ ઘોષણા કરી છે. શ્રી અવધૂતભાખ્યા 'મનનાં મટકાં'ને પણ મિટાવી દેવાની શાસ્ત્રોએ અને સંત મહંતોએ સ્વાનુભવસિદ્ધ વાણી એ રીતે ઉચ્ચારી છે.



દુનિયા એ મનનું મટકું-તરંગ છે. મનનું સ્વપ્ન છે. પણ એ તરંગ

અથવા સ્વપ્ન-જાગ્રત સ્વપ્ન-એટલું મોહક છે કે જેમાં મન દ્વારા અધ્યાસને કારણે જીવ પોતાનું શુદ્ધ સ્વરૂપ વીસરી જાય છે. સ્વપ્નજગતમાં જેમ મનના રચેલા ભોગવિલાસમાં કિંવા જાદુગરના ખેલ જેવાં અનેક દૃશ્યોમાં જીવ નિમગ્ન થઈ જાય છે, એટલું જ નહીં પણ તદ્રૂપ બનીને સ્વપ્નમાં સુખનો, દુઃખનો, ભયનો અને એવા બીજા અનેક વિકારોનો અનુભવ કરે છે, તે જ રીતે જાગ્રત અવસ્થામાં પણ જીવ નિમગ્ન બની અથવા તદ્રૂપ બની જાય છે. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

**"નિદ્રાનું મોહક સ્વપ્નું રે..."**

નિદ્રામાં પડેલા મનુષ્યનું શરીર નિશ્ચેષ્ટ રહે છે પણ સૂક્ષ્મ શરીર જાગ્રત રહે છે. મન એ સૂક્ષ્મ શરીર દ્વારા સ્વપ્નનું સર્જન કરે છે. વસ્તુતઃ સ્વપ્નમાં કશું જ હોતું નથી છતાંય બધું જ છે એવો અનુભવ થાય છે. એ અનુભવ જેવો મોહક છે તેવો નથી, છતાં જણાતો આ જગતનો વ્યવહાર પણ મોહક છે. જીવભાવ પામેલો આત્મા તેથી જ મનનો દોરવ્યો તેમાં જકડાય છે અને તેથી જ "દુનિયા એ નિદ્રાના મોહક સ્વપ્ન જેવું મનનું મટકું છે" એવું શ્રી અવધૂત કહે છે.

અને એ કોને માટે ? પ્રાણીને માટે. કેવો પ્રાણી ? પામર. અને ખરેખર પ્રાણી પામર જ છે. જેણે દુનિયાને સ્વપ્નવત્ માની છે, જે એ સ્વપ્નવત્ સૃષ્ટિના મોહમાં જકડાયો નથી, જેણે માનવોચિત વિવેક અને જ્ઞાન દ્વારા દુનિયાના એ મોહને પાર કર્યો છે તે પામર નથી. પશુ પેરે આહાર, નિદ્રા, ભય અને મૈથુનના વિકારોને વશ બનીને પોતાનું જીવન વેડફી દેનાર માનવી ખરેખર પામર છે અને દયાને પાત્ર છે. માનવજગત સિવાય ઈતર પ્રાણીઓ તો પામર છે. બુદ્ધિના અભાવે બિચારા સારાસારનો વિવેક કરી શકતા નથી. અને તેથી સહજ ભાવને અનુસરીને એ વિકારોને વશ થાય છે. માનવીમાં તો બુદ્ધિ છે, સારાસારનો વિવેક કરવાની શક્તિ પણ છે. એવો વિવેક કરીને સદ્વસ્તુને સ્વીકારી અસદ્વસ્તુનો ત્યાગ કરવાની શક્તિ પણ છે. છતાંય કેવળ મોહને વશ બનેલો માનવી એ વિવેકબુદ્ધિના આદેશનો અંગિકાર કરતો નથી, અને તેથી જ તે પામર છે. પોતાનું સૂઝ્યું ન કરનાર, બીજાઓથી પ્રેરણા પામીને તેનો વિવેક કે વિચાર કર્યા વિના, તેનાં સારાં-માઠાં પરિણામની તુલના કર્યા વિના કેવળ પરાઈ બુદ્ધિએ જ ચાલનાર માનવી ખરેખર પામર છે. શાસ્ત્રોએ એને "જંતુ" પણ એ જ કારણે કહ્યો છે. શાસ્ત્રોક્ત એ ઉપમા ખરેખર યોગ્ય જ છે. 'જીવ' આત્માનો અંશ છે. આત્મામાં રહેલી મહત્તા પણ જીવમાં છે, છતાંય તે ભૂલી જનાર જીવ પામર જ છે. જંતુ જન્મે છે, જીવે છે અને મરે છે. એક કીટ પ્રારબ્ધવશ જીવી મૃત્યુ પામે છે તે ફરી જન્મ ધારણ કરવા માટે જ. જન્મમૃત્યુની એ ઘટમાળ જ્યાં સુધી આત્મતત્ત્વને પીછાન્યું નથી ત્યાં સુધી અવિશ્રાંત ચાલુ જ રહે છે. એ અવિશ્રાંત ફરતી ઘટમાળના

વૃત્તિઓનો ભેદ કરવાનો પુરુષાર્થ કરવાની જીવની શક્તિ છે, છતાં વિકારને વશ એ પુરુષાર્થ કરતો નથી-કરી શકતો નથી. તેથી પશુ તે પામર છે. અરે, માનવી તો ઈતર પ્રાણીજગત કરતાં પણ અદકો પામર છે. પશુ, પંખી આદિ ઈતર પ્રાણીઓના આહારવિહારના નૈસર્ગિક નિયમો છે, તેનું પશુ, પંખી આદિ સર્જન ભાગ્યે જ ઉલ્લંઘન કરે છે. મનુષ્યો તો શાસ્ત્રોની મર્યાદાનું ઉલ્લંઘન કરીને કેવળ વિકારવશ બની સ્વેચ્છાચારનો જ પોતાનું અણમોલ જીવન એળે ગાળે છે. નિદ્રા ઊડી જતાં અને જાગ્રત અવસ્થા પ્રાપ્ત થતાં જે સ્વપ્ન મોહક લાગતું હતું તે સ્વપ્ન પણ ઊડી જાય છે ત્યારે અસાર લાગે છે, તે જ રીતે જીવની મોહનિદ્રાનો જો મનુષ્ય ત્યાગ કરે તો સંસાર કેવળ મોહક સ્વપ્ન જ સમજાય. તેનો ત્યાગ એટલે સ્થૂળ ત્યાગ નહીં પણ સૂક્ષ્મ ત્યાગ કરવાથી જ અર્થ સરે. જીવન પણ સાર્થક થાય. પણ કોણ કરે એ ? જ્યાં સુધી વિવેકબુદ્ધિ સુષુપ્ત અવસ્થામાં છે ત્યાં સુધી તમોગુણ અને રજોગુણના બધાય વિકારોના પ્રાબલ્ય આગળ એ વિવેકબુદ્ધિ નિર્બળ બની જાય છે. જ્યાં સુધી સાત્ત્વિક ભાવનો ઉદય થતો નથી ત્યાં સુધી એ સાધ્ય નથી.

અને એ મોહ પણ કેવો ? દુનિયા એ ગાંજા તરંગ-મોહક સ્વપ્ન જેવો છે. એ સત્ય સમજાવવાને આટલો વિચાર કર્યા પછી સ્વપ્ન જેવું અસાર છે તેવો જ આ સંસારનો વ્યવહાર પણ અસાર છે એ વાત સમજાવવાને શ્રી અવધૂત દૃષ્ટાંત આપતાં કહે છે :

**મેં મેં કરતો હા ચાલ્યો, મૂરખ મેંઢો જો કેવો ?**

વજ્રકઠોર કાળજાના કસાઈની કાતિલ છરી ગરદન પર પડતાં એક જ વારે પોતાની ગરદન ધડથી જુદી થશે એ વાત જાણીને બિચારું મેંઢું એ કરપીણ કાળજાના કસાઈના પંજામાંથી છૂટવાને તરફડિયાં મારે છે. પણ કેમ છૂટે બળિયાના બંધનમાં બંધાયેલું બિચારું મેંઢું ? એ તો એની પાછળ પાછળ પરાણે પણ ઘસડાય જ છે. ચાલતાં ચાલતાં ડગલે ને પગલે પોતે મૃત્યુનો ગ્રાસ થવાને જરા ખુશ નથી એ વાતનો પોકાર કરતો એ મેંઢો "મેં મેં" કરીને કાલાવાલા કરે છે. પણ બહેરાને કાને અથડાયેલા અવાજની જેમ બહેરા મનુષ્ય ઉપર કશી જ અસર થતી નથી તેમ મેંઢાના એ કાલાવાલા અને કરુણ આક્રંદની કસાઈને કાળજે કશી જ અસર થતી નથી. કેમ થાય ? એને કાળજું જ નથી. એનામાં દયા જ નથી. અને અંતે કસાઈના તીક્ષ્ણ છરાના એક જ ઘાએ એનું માથું ધડથી જુદું પડે છે. એ પ્રાણહીન, નિશ્ચેષ્ટ બની જમીન પર પડી, મૃત્યુનો ગ્રાસ બને છે. જેવો એ કસાઈ વજ્રકઠોર કાળજાનો છે તેવો જ યમરાજ પણ. એના અંતરમાં દયાનું બુંદ સરખુંય નથી. અંત સમે સર્વ જીવની ગમે તેટલી આજીજી કે આક્રંદ છતાંય એનો કરપીણ હાથ જીવને દેહમાંથી આકર્ષીને લઈ જવાનો એ વાત નિશ્ચિત. કસાઈને ઘેર ગયેલો બકરો કસાઈના

સ્વાભાવિક ક્રૂર સ્વભાવની કલ્પના કરીને તેના ભયથી કંપાયમાન થાય છે. અને તેથી તેના ગળા પર કસાઈની કાતિલ છરી ફરવાની છે એમ સમજી આક્રંદ કરતાં મેં મેં કરે છે, છતાંય તે અંતે તો છરીનો ભોગ બને છે. તેમ માનવીનું પણ તેવું જ. તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"તારે પણ એક દિન જાવું રે..."

માનવીને મોહના પરિણામે "મારું મારું" કરવાની સ્વાભાવિક વૃત્તિ થાય છે. એ વૃત્તિનો વિવેક દ્વારા પ્રતિકાર કરવામાં ન આવે તો અહં અને મમત્વનાં બંધનો દિનપ્રતિદિન દૃઢ થતાં જાય છે અને એ વૃત્તિ તેને અંતકાળ પર્યંત સતાવે છે. અનેક મનુષ્યોને રોજરોજ મરતાં જોતો માનવી મોહવશ શું પોતાને અમર માને છે ? બીજાની કાયા જે માટીની બની છે તેના કરતાં પોતાની કાયા જુદી માટીની બની છે એમ માને છે ? ના, એમ તો નહીં પણ મોહ અને મમત્વ આગળ એની વિવેકબુદ્ધિનો પ્રકાશ એને જણાતો નથી. વિવેક તો એને સતત જાગ્રત કરે છે પણ ગાઢ નિદ્રામાં પડેલો માનવી જેમ સહસા જાગ્રત થતો નથી તેમ મોહનિદ્રામાં પડેલો જીવ પણ વિવેકબુદ્ધિના એ પ્રકાશની અવગણના કરીને 'હું અમર છું' એમ માનીને જ પોતાનો જાગતિક વ્યવહાર કરતો રહે છે, અને અંતકાળ પર્યંત એ મમત્વનો ત્યાગ કરતો નથી. સિકંદર સામ્રાટ બન્યો, અઢળક સંપત્તિનો સ્વામી બન્યો અને તેના ભોગ અર્થે તેને અમરત્વ પ્રાપ્ત કરવાની અભિલાષા જાગી. દેશવિદેશના અનેક ધન્વંતરિ જેવા વૈદ્યોને ભેળા કર્યા. કોઈએ હામ ભીડી નહીં. સિકંદર અમર બની શકે નહીં. અંતકાળે તેની અઢળક સમૃદ્ધિનો તેણે ઢગ વળાવ્યો અને કહ્યું, "ખાલી હાથે આવ્યો અને ખાલી હાથે ચાલ્યો." એવાં તો અનેક દૃષ્ટાંતો આપણે જોઈએ છીએ. માંધાતા જેવા ગયા. રાવણ જેવો ગયો. શરીરધારી કોણ અમર બન્યો ? હા, જેણે શરીરની મમતા તજી, જેણે શરીરને કેવળ પ્રારબ્ધભોગનું સાધન માન્યું, જેણે શરીરમાં રહેલા શરીરિનું દર્શન કર્યું તે શરીરે તો મર્યા પણ અમૃતત્વનો પ્રસાદ પામ્યો.

એવા મમતામાં મરતા જીવને શ્રી અવધૂત મેંઢાનું દૃષ્ટાંત આપીને કહે છે, "હે માનવી, તારે પણ એ મેંઢા પેરે એક દિન જવાનું છે. આ દેહ છોડવાનો જ છે. તારે પણ મેં મેં કરતાં, મારું અને તારું, એવી મમત્વની વાસના લઈને જવાનું છે. પરિણામે ફરીને જન્મ ધરીને એ જ "મેં મેં" કરવાનું છે. જ્યાં સુધી આત્મતત્ત્વ જાણીશ નહીં ત્યાં સુધી તારું પ્રારબ્ધ પૂરું થવાનું નથી અને જન્મમૃત્યુની ઘટમાળમાંથી તું છૂટવાનો નથી. માટે તું કોણ છે તેની શોધ કર અને અમર બન. એના પરિણામે તારે જવાનું જ નહીં રહે અને જો જવાનું જ નહીં રહે તો આવવાનું પણ નથી, એ વાત નિશ્ચિત છે. જે જાય છે તે જ આવે છે." અને વાત પણ સીધી જ છે. જીવ અને બ્રહ્મ એ બેની વચ્ચેનું જગત જો

ટળી જાય તો કોણ જીવ અને કોણ બ્રહ્મ ? સર્વ બ્રહ્મમય જ છે. જેણે મૃત્યુને ગાળ્યું તે જ અમર બન્યો. અને ત્યારે હે માનવી,

"તારે પણ એક દિન જાવું રે..."

એ વિચાર કરવાનો નહીં રહે.

પણ નહીં માને. માનવી માયાનું પૂતળું છે. માનવી વડે તો માયા પોતાનું અસ્તિત્વ ટકાવી રહી છે. એ માનવીને-પ્રાણીને પોતાની જાળમાંથી કેમ મુક્ત કરે ? માયાના એ વજ્રપાશમાંથી મુક્ત થવાનો માર્ગ પણ શ્રી અવધૂત બતાવે છે :

**"આવ્યો તું ક્યાંથી જીવડા ? જાવું કે પંથ તિહારે ?**
**ભૂલ્યો હા અધવચ વાટે રે..."**

શ્રી અવધૂતના એ પ્રશ્નનો આપણે વ્યવહારિક અને પારમાર્થિક એમ ઉભયદૃષ્ટિએ વિચાર કરીએ.

પ્રથમ તો 'હું કોણ ?' એ પ્રશ્નનો વિચાર કરીએ.

"એમાં વિચાર શું કરવો ? હું વિશ્વનાથ."

"ના, તું વિશ્વનાથ નથી. એ તો વ્યવહાર દૃષ્ટિએ તારાં માતા પિતાએ તારી ઓળખ આપવા તારું નામ પાડ્યું."

"ત્યારે શું હું વિશ્વનાથ નહીં ?"

"ના."

"ત્યારે હું કોણ ?" મને તો બધા વિશ્વનાથ કહીને જ બોલાવે છે."

"ના, તને કોઈ વિશ્વનાથ કહેતું નથી. આ શરીરને વિશ્વનાથ કહે છે."

"ત્યારે આ શરીર 'હું' એમ માનો ને !"

"ના, એ પણ ખોટું ! આ શરીર પણ વિશ્વનાથ નથી. એ શરીર તો તને રહેવાનું સ્થાન છે. જેમ મકાનમાં માણસો રહે છે તેમ તું પણ શરીરમાં રહે છે."

"ત્યારે હું આ શરીર પણ નહીં અને વિશ્વનાથ પણ હું નહીં ! ત્યારે હું કોણ ? તમે જ કહો ને !"

"જે નામ છે તે તું નથી. જે આકાર છે તે તું નથી. તું એ નામ અને આકારથી વેગળો છે."

"મને સમજાતું નથી."

"અલ્યા, તને તારી ઓળખ કોણ આપી શકે ? શું તું તને જ નથી ઓળખતો ? તું તારી જાતે જ શોધી જો તું કોણ તે. તારી ઓળખ બીજો કોણ આપશે ?"

શ્રી શંકરાચાર્યે હસ્તામલકને પણ આ જ પ્રશ્ન કર્યો.

**कस्त्वं शिशो कस्य कुतोऽसिगंता ।**
**किन्नाम ते त्वं कुत आगतोऽसि ॥**

"તું કોણ ? તું કોનો ? તું ક્યાં જવાનો અને તું ક્યાંથી આવ્યો ?





અને અજ્ઞાન-અબુધ જજ્ઞાતઃ શિશુએ જવાબ આપ્યો :

नाहं मनुष्यो नच देवयक्षो
न ब्राह्मणक्षत्रियवैश्यशूद्राः ।
न ब्रह्मचारि न गृही वनस्थो
भिक्षुर्न चाहं निजबोधरुपः ।

"હું મનુષ્ય નથી, દેવ નથી, યક્ષ નથી, નથી બ્રાહ્મણ નથી ક્ષત્રિય અને નથી વૈશ્ય કે શૂદ્ર. હું ગ્રહસ્થ નથી. બ્રહ્મચારી, વાનપ્રસ્થ કે સંન્યાસી પણ હું નથી. હું તો આત્મબોધરૂપ છું. શુદ્ધ બુદ્ધ, નિત્ય, મુક્ત, નિજાનંદ સ્વરૂપ ચૈતન્યમાત્ર હું છું."

બ્રહ્માજીને સનકાદિકે પ્રશ્ન કર્યો. બ્રહ્માજી ઉત્તર વાળી શક્યા નહીં. તેણે પરમાત્માનું ધ્યાન ધર્યું. હંસરૂપે પરમાત્મા પ્રગટ થયા. બ્રહ્માજી સાથે સનકાદિક તે સ્વરૂપનાં દર્શન કરવા ગયા. અને પ્રશ્ન કર્યો

"को भवान्"

શ્રી ભગવાને હંસ સ્વરૂપે ઉત્તર આપ્યો :

मनसा वचसा द्रष्ट्या गृह्यतेऽन्यैरपीन्द्रियैः ।
अहमेव न मत्तोऽन्यदिति बुध्यध्वं मञ्जसा ॥

"મન, વાણી, દૃષ્ટિ અને અન્ય ઇન્દ્રિયોથી જે જે ગ્રહણ થઈ શકે છે તે બધું જ હું છું. મારાથી ભિન્ન કશું જ નથી. તત્ત્વનો વિચાર કરીને એ સિદ્ધાંત આપ સમજો."

"તું કોણ !" એ પ્રશ્નનો ભગવાનભાખ્યો આ ઉત્તર છે. અહીં શ્રી ભગવાને ઇન્દ્રિયગ્રાહ્ય જે જે છે તે બધું જ પોતે છે એમ કહ્યું. હસ્તામલકે તો 'હું નિજબોધરૂપ આત્મતત્ત્વ છું" એમ કહ્યું. બરોબર છે. ઉભય ઉત્તરનો અર્થ તો ગર્ભિત રીતે એક જ છે. "एकाकि न रमते" એ પરમતત્ત્વના ઈક્ષણના પરિણામે અદ્વૈતમાં જે સ્ફૂર્તિ થઈ તેને જ વેદોએ માયા કહી અને તેને જ શાસ્ત્રોએ પ્રકૃતિ કહી. બન્ને શબ્દોનો અર્થ એક જ છે. એ માયા કિંવા પ્રકૃતિજનિત જે જે દૃશ્ય પદાર્થો છે, ઇન્દ્રિયગ્રાહ્ય પદાર્થો છે તે બધાય આકારવાન કિંવા આકારરહિત પદાર્થો પંચભૂતાત્મક છે. વ્યવહારદૃષ્ટિએ ભિન્ન જણાતા હોવા છતાંય પરમાર્થદૃષ્ટિએ અભિન્ન છે. એ માયા કેવળ પરમાત્માની સ્ફુરણા હોવાથી પરમાત્માથી અભિન્ન છે. એ ન્યાયે ભગવાનથી ભિન્ન કશું જ નથી. અને તેથી, 'તું કોણ' એ પ્રશ્ન પારમાર્થિક દૃષ્ટિએ થતો જ નથી. વેદના સિદ્ધાંત અનુસાર

तत्त्वमसि કિંવા अयमात्मा ब्रह्म।

એ જ એ પ્રશ્નનો સાચો ઉકેલ છે અને તેથી "તું બ્રહ્મ છે."

બીજો પ્રશ્ન છે "તું ક્યાંથી આવ્યો ?"



જીવ બ્રહ્મ છે એ સિદ્ધાંત શાસ્ત્રસંમત છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારના અધિષ્ઠાનરૂપે બ્રહ્મ છે અને તેથી મન સંકલ્પવિકલ્પ કરે છે,

બુદ્ધિ વિવેક કરે છે, ચિત્ત ચિંતન કરે છે અને અહંકાર હુંકાર કરે છે. એ બધાયનું બ્રહ્મથી જુદું અસ્તિત્વ નથી. બ્રહ્મની શક્તિ વડે જ એ પોતપોતાનું કાર્ય કરે છે પણ બ્રહ્મ એ બધાયથી અલિપ્ત છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધને ગ્રહણ કરનારી કાન, ત્વચા, આંખ, જીભ અને નાક આદિ ઇન્દ્રિયોનું અધિષ્ઠાન બ્રહ્મ છે. બ્રહ્મની શક્તિ વડે જ એ ઇન્દ્રિયો પોતપોતાના ધર્મ અદા કરે છે, છતાંય ઇન્દ્રિયોના એ ધર્મથી બ્રહ્મ અલિપ્ત છે. હાથ, પગ, ગુદા, ઉપસ્થ આદિ કર્મેન્દ્રિયોનું અધિષ્ઠાન પણ બ્રહ્મ છે. બ્રહ્મના તેજ વડે જ એ ઇન્દ્રિયો તેજાળી છે અને પોતે પોતપોતાની ફરજો અદા કરે છે. છતાંય બ્રહ્મ એ કર્મેન્દ્રિયોથી અલિપ્ત છે. પંચપ્રાણ વડે શરીર ચાલે છે. એ પ્રાણનું અધિષ્ઠાન આત્મા છે. આત્માની શક્તિ વડે જ એ પ્રાણ પ્રાણનક્રિયા દ્વારા શરીરનો નિર્વાહ ચલાવે છે. છતાંય આત્મા એ પ્રાણથી અલિપ્ત છે. આ રીતે સ્થૂળ શરીરનાં અંગપ્રત્યંગો અને સૂક્ષ્મ શરીરનાં અંગપ્રત્યંગો કેવળ બ્રહ્મની સત્તા વડે જ પોતાના ધર્મો અદા કરે છે. બ્રહ્મ એ બધાયનું અધિષ્ઠાન છે પણ બ્રહ્મનું અધિષ્ઠાન પોતે જ છે અને તેથી જ બ્રહ્મ અમર્યાદ છે. વેદ અને ઉપનિષદસંમત બ્રહ્મની આ શક્તિને કારણે જ એ અક્ષર બ્રહ્મ

एतदालम्बनं श्रेष्ठमेतदालम्बनं परम् ।
एतदालम्बनं ज्ञात्वा ब्रह्मलोके महीयते ॥

એવું કઠોપનિષદકારે કહ્યું છે. એ જ શ્રેષ્ઠ આલંબન છે. એ જ પરમ આલંબન છે અને એ આલંબનને જાણીને જ પુરુષ બ્રહ્મલોકમાં મહિમાવાન થાય છે.


આત્મા એ જ આ રીતે જ્યારે સર્વસ્વ છે ત્યારે જીવ પણ આત્મારહિત હોઈ શકે નહીં અને આત્માથી ભિન્ન પણ હોઈ શકે નહીં. અને તેથી જ આગળ કહ્યું તેમ,

"जीवो ब्रह्मैव ना परः"

એવું શ્રુતિએ ગાયું છે.

આ રીતે 'તું કોણ' એ પ્રશ્નના ઉત્તરમાં "હું આત્મા" એ નિશ્ચય થયો. જીવનું મૂળ સ્થાન તો પરમાત્મા છે. અગ્નિની ચિનગારી જેવા એ જીવો અગ્નિથી છૂટા પડી આમ તેમ ભટકતા અંતે તો એ પરમતત્ત્વમાં જ સમાય છે અને તેથી 'હે જીવ તું ક્યાંથી આવ્યો છે, તારું મૂળ સ્થાન કયું છે એનો જરા વિચાર કર.' એમ શ્રી અવધૂતે જીવને સંબોધીને કહ્યું. આપણે ઉપર જોયું તેમ જીવ ક્યાંથી આવ્યો અને ક્યાં જવાનો એ બન્ને વાતનો નિર્ણય તો જીવે જ કરવાનો છે. જ્યાંથી આવ્યો ત્યાં જવા માટેનો નિશ્ચય કરવા માટે જીવે પોતાનું શુદ્ધસ્વરૂપ ઓળખવું આવશ્યક છે. નાટકમાં એક પાત્ર રાજાનો પાઠ ભજવે છે ત્યારે તે રાજા છે એમ માનતો નથી. પ્રેક્ષકો આગળ તો પોતે રાજા છે એમ સમજીને










જ પોતાનું પાત્ર ભજવે છે પણ પોતે કોણ છે તે વીસરી જતો નથી. તેમ જીવે પણ જગતમાં પ્રારબ્ધવશાત્ આવી પોતે તો આત્મા છે અને પરમાત્માથી અભિન્ન છે; અને તેથી પ્રારબ્ધવશ તેને જે પાઠ ભજવવાનો મળ્યો છે તે ભજવીને પોતાના સત્યસ્વરૂપનો ખ્યાલ રાખી, નાટકી રાજા બનીને નિર્લેપ ભાવે પાઠ ભજવી પૂરો કરવાનો છે. પાઠ પૂરો થયે પુનઃ પોતાના અસલ સ્વરૂપનું જ લક્ષ રાખવાનું છે. જીવને જો આ વાતનું મૂળથી સ્મરણ રહે તો જગતની ઉપાધિ તેને લેપન કરતી નથી. પાણીમાં કમળ પેરે તે જગતમાં રહીને પોતાના પ્રારબ્ધના ભોગ ભોગવીને અંતે, પાણીમાંથી ઊપસેલો પરપોટો જેમ પાણીમાં જ મળી જાય છે તેમ પ્રભુથી ભિન્ન જણાતો જીવ પરમાત્માને પ્રાપ્ત થાય છે. પણ જીવને તેમ કરવું સૂઝતું નથી. માતાના ગર્ભમાંથી જે સંસ્કાર-શરીર લઈને જીવ બહાર આવે છે તે સંસ્કાર-શરીરના પરિણામે જીવ પોતાનું સ્વરૂપ વીસરી જાય છે, અને "હું જગત છું" એવી ભાવનાને સેવતો સ્વપ્નસમા આ સંસારને-જગતને સાચું માની તેમાં જ ભૂલો પડે છે. મમત્વના કારણે તે સુખ દુઃખ આદિ સહન કરતો, કર્મનાં ફળ ભોગવતો, જન્મોજન્મ ભવાટવીમાં ભટકતો રહે છે. માયા અને મોહના કારણે જીવ વિવેક ભૂલી જાય છે. 'સત્' વસ્તુનો વિચાર સરખોય કરતો નથી. અસત્ વસ્તુને સાચી માની તેમાં જ લોલુપ બની રહે છે. વિચાર દ્વારા અદ્વૈત વૃત્તિ કેળવી આચાર દ્વારા દ્વૈત ભાવના રાખવાથી, એટલે સમદર્શન રાખી અભેદ દૃષ્ટિ કેળવવાથી અને જેનીતેની સાથે વ્યવહારમાં યથાયોગ્ય વર્તન રાખીને જીવ આત્મોન્નતિ સાધી શકે છે.

આમ આપણે હું કોણ, ક્યાંથી આવ્યો અને ક્યાં જવાનો અને માર્ગમાં કેમ ભૂલો પડ્યો એ વાતનો વિચાર કર્યો. તાત્પર્ય જીવ આત્મા છે, ત્યાંથી જ આવ્યો છે અને ત્યાં જ જવાનો છે, પણ માર્ગમાં કર્મફળની મમતાને પોષીને પ્રારબ્ધની જાળમાં મોહવશ ભૂલો પડ્યો છે.

એ એક વાત થઈ. હવે વિષયોની મોહક પણ પ્રાણહર વૃત્તિ તરફ શ્રી અવધૂત આપણું ધ્યાન ખેંચે છે.

"મૃગજળ દેખી હરખાયો"

નિર્જળ પ્રદેશમાં જળ માટે તરફડિયાં મારતું તરસ્યું મૃગલું પ્રખર તાપમાં ક્ષિતિજ તરફ મીટ માંડે છે. ત્યાં તેને મનોહર નિર્મળ નીરનો સાગર જણાય છે. એ સાગરની મોહકતા અને જળપાન કરવાની લાલસાએ મૃગલું એ સાગર તરફ ફાળ મારતું ધસ્યું જાય છે. દોડી દોડીને થાક્યું તોય પાણી ના મળ્યું તે ના જ મળ્યું. અંતે તાપ, તરસ અને પરિશ્રમના ક્લેશે વ્યથિત મૃગલું પડ્યું અને પ્રાણ ગયા. એક બિંદુ પણ પાણી ના મળ્યું અને પ્રાણ ગયા. જીવનનો અંત આવ્યો! નથી તેનો ભાસ થવો એ મૃગજળ. આપણે તેને ઝાંઝવાનાં જળ કહીએ છીએ. રેતીના રણમાં





ઘણે ભાગે એ દૃશ્ય જોવાનું મળે છે. જોનારો ખરેખર મોહમાં ફસાય છે. સંસાર પણ કેવળ મૃગજળ જેવો જ છે. વસ્તુતઃ સંસાર જેવું કશું જ નથી. છતાંય અહંકારવશ જીવને તેનું અસ્તિત્વ પ્રતીત થાય છે અને તેથી તે મોહવશ સંસારની પાછળ પડે છે. ત્યાં તેની સુંદરતા નિહાળીને તેમાં મમત્વ સર્જાય છે. એ મમત્વને કારણે જીવ માર ખાય છે. એ યાતના સહન કરવા છતાંય જીવ શું પામે છે? તેને કશું જ મળતું નથી. જન્મમરણની યાતનામાંથી તે મુક્ત થતો નથી.

વિષયોના જેટલી મોહકતા બીજા કોઈમાં નથી. જે કાંઈ ઇન્દ્રિયગમ્ય છે તે કેવળ પાંચ વિષયોનાં અનેકવિધ રૂપાંતરો જ છે. એ કેટલાં મોહક અને એના ગર્ભમાં રહેલી ભીષણતા પણ કેટલી ભીષણ? જીવને એની મોહકતા આગળ એ ભીષણતાનું ભાન રહેતું નથી. વિષયો વિષ છે અને પ્રાણહર છે એટલો જ ખ્યાલ જો જીવને આવે તો જીવ કદીય તેની પાછળ જીવન વેડફી નહીં નાખે. પણ પ્રકાશમાં અંધ બનેલા ઘુવડ જેવો વિષયોની મોહકતાના પ્રકાશમાં અંધ બનેલો જીવ એ ખ્યાલ કદીયે કરતો નથી અને તેથી માત્ર મોહકતાનો માર ખાય છે. વિષયો પ્રારંભમાં મનનું માન્યું સુખ આપે છે પણ અંતે પ્રાણહર છે. સુખની એ મિથ્યા કલ્પનામાં જીવ શાશ્વત સત્યને ભૂલીને, વિષયોના ક્ષણિક સુખમાં લોલુપ બનીને, અંતે તેમાં જ સુખ શોધવા જતાં દુઃખદરિયામાં ડૂબી જાય છે. એ કેમ બને છે? શ્રી અવધૂતે કહ્યું :

**એકે કરી ભૃંગ હણાયો, મૃગ મીન પતંગ ઝલાયો;**
**પાંચે સુખસમણું શાનું રે?...**

વિષયો પાંચ - રૂપ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શ. તેને ભોગવનારી ઇન્દ્રિયો પણ પાંચ - આંખ, રસના, શ્રોત્ર, ઘ્રાણ અને ત્વચા. એક એક ઇન્દ્રિયનો એક એક વિષય. રૂપનો આનંદ આંખ દ્વારા ભોગવાય. આંખ તો જડ છે. પરમતત્ત્વની ચૈતન્યશક્તિ વડે એ જોઈ શકે છે. એનો સહજધર્મ કેવળ જોવાનો છે. એક પ્રાણી કે પદાર્થને કેવળ જોવાથી જ તેમાં મોહ ઉત્પન્ન થતો નથી. મોહ એ તો વિકાર છે. એ વિકાર ઉત્પન્ન કરનાર તો મન છે. જ્યાં સુધી આંખ દ્વારા એ રૂપનો આનંદ માણવાની મનની વૃત્તિ થતી નથી ત્યાં સુધી અભ્યાસિત જીવને એ રૂપનું દર્શન મોહ ઊપજાવતું નથી. પણ મનનો દોરવ્યો જીવ જ્યારે મનની આંખો વડે એ દૃશ્યને જુએ છે ત્યારે તેમાં વિકાર ઉત્પન્ન થાય છે. એ વિકૃતદૃષ્ટિના પરિણામે જ એ દૃશ્યમાં તેને મોહ ઉત્પન્ન થાય છે. જીવ ત્યારે મનને મોખરે કરી એ રૂપની પાછળ પડે છે. શ્રી અવધૂતે કહ્યું :

**એકે કરી ભૃંગ હણાયો,**

જુઓને હાથી કેટલો બળવાન છે ? મોટાં મોટાં વૃક્ષોને પણ નિર્મૂળ કરીને ઉખેડી નાખવાની એનામાં શક્તિ છે, છતાંય એક હાથણીના રૂપને

જોઈને એ બીજાનો બંદીવાન બને છે. હાથીને પકડનારાઓ જંગલમાં એક યુક્તિ રચે છે. એક મોટો ખાડો બનાવે છે. તેના ઉપર પાટિયાં વગેરે નાખીને ઉપર લીલોતરી ઉગાડે છે. તેના ઉપર કાષ્ટની વિશાળકાય હાથણીને ઊભી રાખે છે. હાથી બિચારો એ રૂપમાં ફસાઈને સ્વસ્થ ઊભેલી હાથણી પાસે આવે છે અને પોતાના જ બોજથી એ પાટિયાં તૂટી પડતાં એ ખાડામાં પડી પકડાઈ જાય છે. પછી એની શી વલે થાય છે તે તો આપણે જોઈએ જ છીએ. સ્વચ્છંદે વનમાં વિહાર કરતો એ હાથી બિચારો પરવક્ષ બનીને મહાવતના અંકુશના માર સહન કરતો, બીજાનું આપ્યું ભોજન કરતો ભાર વેંઢારે છે. રૂપનો મોહ એ સ્વાતંત્ર્યને શૃંખલા સમાન છે.

બીજા વિષયોનું પણ તેવું જ. બિચારો ભમરો પરિમલભોગી. ગમે તેવા કાષ્ટને પણ કોરવાની શક્તિ ભૃંગમાં છે. કમળપુષ્પની મધુર પરિમલને વશ બનીને કમળ જેવા કોમળ પુષ્પને કેવળ મોહવશ બનીને કોરવાની હિંમત કરતો નથી. પરાગના મોહમાં હામ હણાયેલો એ ભૃંગ પરિણામે પ્રાણ ગુમાવે છે. ઊડતો ઊડતો એક ભ્રમર સૂર્યના કિરણે પ્રફુલ્લ બનેલા કમળદલ પર જઈ બેઠો. તેની માદક પરિમલમાં મસ્ત બન્યો. ધીમે ધીમે સૂર્ય નમતો ગયો અને પદ્મ બીડાતું ગયું. હમણાં ઊડીશ, હમણાં ઊડીશ એમ વિચારતો એ ભૃંગ મીઠી સુગંધના ઘેનમાં ઊડી જ ન શક્યો. સૂર્યાસ્ત થતાં અંતે પદ્મ બીડાયું. બિચારો ભ્રમર કમળદલમાં કેદી બન્યો. વિચાર કર્યો : સૂર્યોદય સમયે કમલપુષ્પ વિકાસ પામશે અને હું ઊડીશ. પણ તેનું ભાવિ વિપરીત હતું. પ્રભાતમાં જ એક હાથી જળપાન કરવા આવ્યો અને તેના પગ નીચે એ કમળદળ ચગદાયું. બિચારા ભૃંગના પ્રાણ ઊડી ગયા. હા મોહ ! હા પરિમલ ! હા કમળ ! કરતો કરતો બિચારો ભ્રમર પ્રાણહીન બન્યો. અસ્તુ.

નાદઘેલું બિચારું મૃગલું. કેટલું ચતુર પ્રાણી છે એ? જરાય સરખો પગસંચાર થતાં જ છલંગ મારી નાસી જાય છે. છતાંય પારધીના વાદ્યના નાદમાં ગાંડુંઘેલું બનેલું મૃગલું નાદ શ્રવણ કરતાં કરતાં સ્તબ્ધ બની જાય છે. પરિણામે પારધી શરસંધાન કરી તેના પ્રાણ હરે છે.

મીનનું પણ તેવું જ. બિચારી માછલી સમુદ્રમાં સજાતીય ભક્ષ્યથી પેટ ભરતી રસનાના સ્વાદના મોહે મચ્છીમારની જાળમાં જકડાય છે અને પ્રાણ ગુમાવે છે.

રૂપઘેલા પતંગિયાનું પણ એવું જ. પ્રકાશને પામવા જતાં પ્રકાશઘેલું પતંગિયું પ્રાણ ગુમાવે છે.

આ બધાંય દૃશ્યો આપણે રોજ રોજ જોતા આવ્યા છીએ પણ તેની પાછળ રહેલું જ્ઞાન અને એ વિષયોની અસારતાનો આપણને કેવળ મોહાંધપણામાં ખ્યાલ આવતો નથી. અને તેથી આપણે પણ વિષયોનો ભોગ માણતાં માણતાં પ્રાણાર્પણ કરીએ છીએ. મરવું અને જન્મવું એ

જાણે માનવનો સ્વભાવ જ હોય અને તેમાં પરિવર્તન શક્ય જ નથી એમ સમજીને આપણે ગાડરિયા પ્રવાહને વળગી રહીએ છીએ પણ એ વાસ્તવિક નથી.

આમ એક-એક વિષયમાં તદ્રૂપ બનેલું પ્રાણી વિષયોની માદકતામાં લોલુપ બની પરિણામે પ્રાણાર્પણ કરે છે. શું એને મરવાનો મોહ છે? ના. ના. પણ એના મનથી માનેલા વિષયોના ઉપભોગનો આનંદ માણવાનો એને મોહ છે. એ આનંદ એને મોંઘો પડે છે. કેટલો મોંઘો? એ આનંદની કિંમત એ પ્રાણાર્પણ કરીને ચૂકવે છે. એ બલિદાન નથી. બલિદાનના આશયમાંથી એ જીવો પ્રાણાર્પણ કરતા નથી પણ એના પ્રાણ અનિચ્છાએ હરાય છે. અસ્તુ.

એ તો પ્રાણીઓ છે. આહાર, નિદ્રા, ભય અને મૈથુન જેનો સહજ સ્વભાવ છે અને એ સહજ સ્વભાવને આધીન બનીને એ વિષયો તરફ આકર્ષાય છે. એને સારાસારનો વિવેક નથી. વિવેક કરવાની બુદ્ધિ પણ નથી. બુદ્ધિના અભાવના પરિણામે એનો વિનાશ જ નિર્માયેલો છે. પણ હે જીવ, તારું શું ? તું તો વિવેકશીલ છે. બુદ્ધિશાળી છે. વિષયોની અસારતાનો વિવેક કરવાની તારામાં શક્તિ છે. વિષયોનો ભોગ, બળતામાં ઘી હોમતાં જેમ ભડકે બળે છે તેમ નિત્યનિરંતર વધતો જ જાય છે. એનો તને ખ્યાલ છે છતાંય પાંચે પાંચ વિષયોનો તું ભોક્તા બને છે. તને એ બધાય વિષયોનો મોહ છે. તને રૂપનો આનંદ જોઈએ. તને સ્પર્શનો આનંદ જોઈએ. તને નાદનો નાદ લાગ્યો છે. તને પરાગમાં તૃપ્તિ પામવાના કોડ જાગ્યા છે અને તારી રસના પણ અનેકવિધ ષડરસ ચાખીને તેમાં લોલુપ બની વારંવાર એ રસાસ્વાદનો અનુભવ કરવાને તલસે છે. તારી શી વલે થશે ? જ્યારે એક એક વિષય પ્રાણહર બને છે ત્યારે તારે તો પાંચેપાંચ વિષયોની મઝા માણવી છે. અલ્યા, જરા સમજ તો ખરો ! વિચાર તો કર. પ્રભુએ તને દુર્લભ માનવદેહ દીધો. બુદ્ધિ દીધી. વિવેક કરવાની શક્તિ દીધી તેનો જરા તો ઉપયોગ કર ! પ્રભુદત્ત એ પ્રસાદ પામીને પણ તું સદાસર્વદા નર્કના કુંડમાં કીડા પેરે શીદ આનંદ માણે છે ! જગત તો એક મહાન વિદ્યાલય છે. અનુભવની એ શાળામાં જે શીખવાનું છે. જે જાણવાનું છે અને જે સમજવાનું છે તે બીજે ક્યાંય મળે એમ નથી. એ વિશ્વવિદ્યાલયનો સાચો વિદ્યાર્થી બનશે તો તને એમાંથી ઊગરવાનો માર્ગ મળશે. શાળાઓમાં સાચી વિદ્યા શીખવા નહીં મળે. જે વિદ્યા શીખીને તું તારા સ્વરૂપને જાણી શકે તે વિદ્યા તને જગતનો વિચારયુક્ત અનુભવ શીખવશે. વિષયોની એ પ્રાણઘાતક માદકતા અને બીભત્સતા તરફ જરા તો ધ્યાન આપ. એની નશ્વરતા. એ વિષયાનંદની ક્ષણિકતા તરફ જરા તો લક્ષ આપ ! જરા તો જાગ્રત થા ! પ્રભુ વર દેવા ઊભા છે. તું તેનો છે. તને તેનો કરવા તે તત્પર છે. પ્રભુના એ





વરદાનને પાત્ર થવાને જરા તો યત્ન કર !'' પણ નહીં માને. એ જીવ કેવળ મનને આધીન છે એટલે નહીં માને. એને જો મનાવી શકે તો એનું મન જ. અને તેથી વિષયોની નશ્વરતાનું, તેની ભીષણતાનું અને તેની પ્રાણહર પ્રકૃતિનું ભાન તો મનને થવું જોઈએ. સંતોએ એ જ કારણે મનને મારવાનું કહ્યું છે. રૂપ પાછળ ઘેલા બનેલા સુરદાસે આંખો ફોડી. આંખ ફોડે શું વળે ? જન્માંધ મનુષ્યો પણ વિકારવશ જોયા છે. જીભ કાપીને જુદી કરો, કાન ફોડીને બધિર બનો, નાકમાં ડૂચા મારો, ચામડીને બહેરી બનાવો અને એમ કરીને બધીય ઇન્દ્રિયોને મરણતોલ બનાવો. પણ તેથી શું ? ઇન્દ્રિયો તો જડ છે. મનને આધીન છે. તાત્પર્ય એ છે કે જ્યાં સુધી વિકાર જતો નથી ત્યાં સુધી એ વિષયોની મોહકતા આગળ તેની ભીષણતાની કલ્પના આવતી નથી. એ ભાન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી મોહકતાની નિવૃત્તિ થતી નથી. મોહનિવૃત્તિ વિના જીવની મુક્તિ નથી અને જીવભાવના અભાવ વિના આત્મસ્વરૂપનું દર્શન નથી. સર્વ અનર્થનું કારણ મોહ છે. તેનો નાશ કરવો જરૂરનો છે. તેથી જ શ્રી અવધૂતે ગાયું :

**એકે કરી ભૃંગ હણાયો, મૃગ મીન પતંગ ઝલાયો;**
**પાંચે સુખસમણું શાનું રે ?..........**

એકેએક વિષયનું સુખ સ્વપ્નવત્ છે. જ્યાં પાંચ પાંચ વિષયના સુખની પાછળ માનવી પડ્યો છે ત્યાં તેને સુખનાં તો સ્વપ્ન પણ નહીં આવે પણ દુઃખના ડુંગરો જ ચઢવાના રહેશે અને તે પણ ક્ષણિક સુખની પ્રાપ્તિ અર્થે જ. સંકલ્પની સિદ્ધિ થાય ત્યારે માણસને ક્ષણિક સુખ થાય, પણ તે સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે તે જે જહેમત ઉઠાવે છે તેની તુલનામાં તો એ કહેવાતું સુખ પણ દુઃખમય જ છે. સુખને સ્વપ્નવત્ જાણ્યા પછી પણ માનવ જ્યારે તેની પાછળ પ્રાણાર્પણ કરે છે ત્યારે તે નરી ઘેલછા જ છે. તેથી જ વિષયસુખનો ત્યાગ કરવો આવશ્યક છે. એ ત્યાગ સ્થૂળ ભોગનો નહીં પણ તેમાં રહેલી આસક્તિનો કરવો ઘટે અને તેમ કરવા માટે વિષયો પ્રત્યે વૈરાગ્યવૃત્તિ કેળવવી ઘટે. તેમ કરીને એ વિષયોના અસ્તિત્વનો જ પ્રતિકાર કરવો ઘટે.

એ વિષયસુખનો આનંદ પણ કેવો ? શ્રી અવધૂત કહે છે :

**આકાશકુસુમની માળા, પહેરી વંધ્યાસુત વે'વા;**
**મ્હાલ્યો જઈ મનને ઘોડે રે !..........**

આકાશકુસુમ જોયું છે ? ક્યાંથી જુઓ ! જે નથી તે દૃષ્ટિગોચર પણ કેમ થાય ! પુષ્પ તો વૃક્ષને લાગે. શું આકાશ વૃક્ષ છે ? ના, એ તો કેવળ અવકાશ છે-પોલાણ છે. એ પોલાણમાં તે પુષ્પની આશા કેમ રખાય ! જે આકાશકુસુમ કેવળ કલ્પના જ છે તેનો સુમનહાર બનાવવો એ પણ શક્ય નથી. એક એ અશક્યતા છે. બીજી છે વંધ્યાસુતની. જેને સુત હોય

તે વંધ્યા કહેવાય ખરી ? અને જેને સુત નથી તે વંધ્યાને સુત હોય એ પણ શું કલ્પના જ નથી ? આકાશકુસુમ પેરે વંધ્યાસુતનું પણ અસ્તિત્વ નથી. આકાશકુસુમની માળા અને વંધ્યાસુત ઉભયનું અસ્તિત્વ નથી. ત્યારે તેનો વિવાહ પણ કેમ સંભવે ? અને એ વિવાહનો આનંદ માણવાને શું ? મનનો ઘોડો ! વાહ ! એ પણ ત્રીજી અશક્યતા છે. મનને ઘોડે સવાર થવું એટલે કલ્પનામાં ઊડવું. એ કલ્પના કેટલે અંશે સાકાર બની શકે ? અને તેથી જ જેમ આકાશકુસુમ શક્ય નથી, વંધ્યાસુત શક્ય નથી અને મનનો ઘોડો એ કેવળ કાલ્પનિક છે તેમ વિષયનું સુખ પણ કેવળ કલ્પના જ છે એવું શ્રી અવધૂતે અહીં કહ્યું છે. અને એવી કલ્પનાને વશ વર્તન કરી જીવન વેડફી દેવું એના જેવી બીજી કોઈ ઘેલછા હોઈ શકે ખરી ? સ્વપ્નમાં સમ્રાટ બનેલો જાગ્રત અવસ્થાનો ભિખારી જાગ્યા પછી "હું સમ્રાટ છું" કહે તો તેને પાગલ જ કહેવો પડે ને ?

અને અંતે શ્રી અવધૂત કહે છે :

**"સંધ્યાના રંગ જેવા, સુખદુઃખ સંસારી તેવાં;**
**ભાવે ભજ હરિહર રંગા રે......!"**

સંધ્યાના રંગ કોણે નથી જોયા ? સૂર્ય પશ્ચિમની ક્ષિતિજ પર પહોંચે. ધીમે ધીમે થાક્યા પથિક શો એ પંથ કાપતો ભાણ ધીમે ધીમે અદૃશ્ય થાય ત્યારે ક્ષિતિજ એટલે દૃષ્ટિમર્યાદા અને પૃથ્વીની જ્યાં સંધિ થતી જણાય ત્યાં, સમુદ્રમાં ડૂબતા માનવી જેવો, એ સૂર્ય ડૂબતો જણાય અને ડૂબી જાય ત્યારે પોતાના તે દિવસના સંભારણામાં અનેકવિધ રંગોનાં કિરણો પોતાની પાછળ મૂકતો જાય. કેટલા મોહક એ રંગો ! પ્રભુની પ્રકૃતિના પ્રતીકસમા સંધ્યાના એ રંગો ખરેખર માનવચિત્તને આકર્ષે છે તેમ વિષયો પણ માનવીને આકર્ષે છે. બનીઠનીને બારીએ બેઠેલી, વેશ્યાવૃત્તિએ પેટ ભરતી સ્ત્રી જેમ વાટે જતાઆવતાને અનેકવિધ અભિનય અને અંગમરોડ દ્વારા આકર્ષે છે તેમ એ વેશ્યાવૃત્તિ જેવા વિષયો માનવીને આકર્ષે છે અને પ્રકાશમાં ઝંપલાવતાં પતંગિયાં પેરે માનવી એ આકર્ષણમાં, લોહ જેમ ચુંબકથી આકર્ષાય છે તેમ તણાય છે. કામાંધને વેશ્યાનો સંગ સુખ આપે છે. પણ કેટલું ક્ષણિક છે એ સુખ ? અને તેની પાછળ કેટલો ક્ષોભ છે ? કોઈ કામાંધને એ પૂછશો તો તે તમને કહેશે. પણ છતાંય કામાંધ એ સુખની ક્ષણિકતા ભૂલીને ફરી ફરીને વેશ્યાનો સંગ કરે છે. તેમ માનવી પણ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધનું સુખ ક્ષણિક છે અને પરિણામે ચિત્તને ક્ષોભાવનારું છે એમ જાણવા છતાંય, એ ક્ષણિકસુખની પાછળ જીવનને છિન્નભિન્ન કરી નાખે છે, એ દુનિયામાં દરેકથી જોઈ શકાય છે.

સંધ્યાના રંગ ક્ષણિક કેમ ? એક એક પલક પડતી જાય તેમ તેમ એ રંગો પલટાતા જાય છે અને તેની પાછળ જ અંધકાર આવીને ઊભો

રહે છે. જેમ સંધ્યાના રંગ પળેપળે પલટાય છે તેમ વિષયો પણ પળેપળે નવા સ્વાંગ સજતા રહે છે. જેમ સંધ્યાના રંગ ઓસરતાં અંતે અંધકાર છે તેમ આ સંસારનાં સુખદુઃખ ક્ષણિક છે. કારણ કે તે સુખદુઃખ વિષયજન્ય છે. મનનુ માન્યું એ સુખ પણ ચિરસ્થાયી નથી અને મનનુ માન્યું એ દુઃખ પણ ચિરસ્થાયી નથી. એ અસ્થિર અને અશાશ્વત સુખનો મોહ તજીને શાશ્વત સુખની પ્રાપ્તિ અર્થે શ્રી અવધૂત 'હરિહર'નું ભજન કરવાની આપણને સૂચના આપે છે. જેણે જે માર્ગે એક વસ્તુની પ્રાપ્તિ કરી હોય તે બીજાને પણ તે વસ્તુની પ્રાપ્તિ અર્થે પોતે સ્વીકારેલા માર્ગે જવાનું જેમ સૂચન કરે છે, તેમ અહીં પણ શ્રી અવધૂત હરિહરનું અભેદભાવે ભજન કરીને વિષયોના ક્ષણિક સુખની ભ્રમણાથી મુક્ત બની, શાશ્વત સુખ પ્રાપ્ત કરવા આપણને પણ એ જ માર્ગ ચીંધે છે. સાચું પણ તે જ છે. સંતોની વિભૂતિ પરોપકાર અર્થે છે. આ સૂચન કરતાં બીજો પ્રશંસનીય પરોપકાર સંતો શો કરી શકે ? જ્ઞાન વિના અજ્ઞાન ટળતું નથી. અજ્ઞાન ટાળવા માટે સંતસંગની જરૂર છે. સંતસમાગમ સાધીને વૈરાગ્ય અને ત્યાગ દ્વારા મોહનો નાશ કરીને શાશ્વત પદ પ્રાપ્ત કરવાનું છે. તે કેવળ ભજનથી જ શક્ય છે એમ શ્રી અવધૂતે કહ્યું :

"ભાવે ભજ હરિહર રંગા રે."

અને એ પ્રભુનું ભજન કેવી રીતે કરવું ? ભાવે અંતરથી ભાવપૂર્વક કરેલું ભજન ભવપાર ઉતારે છે. દેખાદેખી કરેલું ભજન તો નાટકીય અભિનય છે.






જહાંપે દેખું વહાંપે સાહેબ, વો નંગાચંગા છિપા રહા હૈ !–ધ્રુ.
કિસીને ઉસકો ખંભેમેં માના, કિસીને મંદર મસ્જિદમેં જાના;
હૈ ઇશ્ક ઇસકા અચૂક ઠિકાના,
જહાં જિસને માના મના રહા હૈ !–જહાંપે. (૧)

ન કિસને ઉસકો નજરસે દેખા, ન કિસને ઉસકા કિયા હૈ લેખા;
હદેકા પરદા ઊઠા જો નેકા, મૈદાનમેં વો ખડા રહા હૈ !–જહાંપે. (૨)

કિસીકો લે લું કિસીકો છોડું, કહાંપે ઢૂંઢું કિધરકો મૂંડું ?
જહાંપે દૌડું વહાં વો યારૂ, અનાદિ હાજર હજૂર રહા હૈ !–જહાંપે. (૩)

વો પાસ દૂરા વો અંદર બ્હારા, ગગનમંડળમેં વો ખેલનહારા;
અચેતન ચેતન વો નૂર આલા,
સદા સભીમેં ચમક રહા હૈ !–જહાંપે. (૪)

ન નામ ઉસકા ન રૂપ ઉસકા, સભી ઉસીકે ન વો કિસીકા;
અનંતરૂપી વો રૂપ એકા, બેરૂપ રંગા સમા રહા હૈ !–જહાંપે. (૫)

❁ ❁ ❁

વ્યાપક વિભુના સર્વવ્યાપકત્વનો આ ગીતમાં શ્રી અવધૂતે સંકેત કર્યો છે. પરમાત્મા સર્વવ્યાપક છે પણ એ સત્ય સર્વસાધારણ મનુષ્યને પ્રતીત થતું નથી. સર્વસાધારણ મનુષ્યની બુદ્ધિ અને વૃત્તિ બહિર્મુખ છે. પરમાત્માએ પ્રાણીઓની જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો બહિર્મુખ બનાવી છે; એટલે અવ્યક્ત સ્વરૂપે સર્વ પ્રાણી અને પદાર્થોમાં આકાશ પ્રમાણે વ્યાપી રહેલા પરમાત્માની સર્વ પ્રાણીઓને પ્રતીતિ થતી નથી. પરમાત્મા સર્વવ્યાપક છે એ સત્ય સર્વ શાસ્ત્રોએ, શ્રુતિઓએ અને સ્મૃતિઓએ ગાયું છે. પરમાત્મા ક્યાં છે અને ક્યાં નથી એ પ્રશ્ન સાધકને મૂંઝવણમાંથી જ જન્મ્યો છે. સાધારણ રીતે અવ્યક્તની ઉપાસના કપરી છે. સંસારમાં રચ્યાપચ્યા રહેલા માનવી માટે અવ્યક્ત આત્માની ઉપાસના સુલભ નથી; અને તેથી અવ્યક્ત પરમાત્માની વ્યક્ત સ્વરૂપે ઉપાસના વધુ પ્રચાર પામી છે. વ્યક્ત પરમાત્માની ઉપાસના કરીને પણ ચિત્તને પારદર્શક, શુદ્ધ અને સ્થિર બનાવીને સાધકે અંતે તો અવ્યક્તની ઉપાસના તરફ જ વળવાનું છે. તેવા સાધક માટે અહીં શ્રી અવધૂતે તેની મૂંઝવણ નિવૃત્ત કરવાને

**"જહાંપે દેખું વહાંપે સાહેબ, વો નંગાચંગા છિપા રહા હૈ"**

એમ કહીને પરમતત્ત્વની વ્યાપકતાનો ખ્યાલ આપ્યો છે. વાયુ વ્યાપક છે. તેજ વ્યાપક છે. તેનો આપણે શબ્દ દ્વારા, સ્પર્શ દ્વારા અને રૂપ દ્વારા અનુભવ કરીએ છીએ. શું પરમાત્મા એ જ રીતે વ્યાપક છે ? જો હોય તો તેનો અનુભવ કેમ થતો નથી ? શબ્દ, સ્પર્શ અને રૂપનો જેમ અનુભવ થાય

છે તેમ પરમાત્માનો અનુભવ થતો નથી અને તેથી જ શ્રી અવધૂતે અહીં

"છિપા રહા હૈ"

એમ કહીને એ પરમતત્ત્વના અવ્યક્ત સ્વરૂપનો નિર્દેશ કર્યો છે.

જે વસ્તુ નજરે જણાતી નથી છતાં જેના અસ્તિત્વનો ઈન્કાર પણ કરી શકાતો નથી તે વસ્તુ છુપાયેલી છે એમ જ કહેવું પડે છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ અવ્યક્ત છે પણ છુપાયેલાં નથી, કારણ કે તેનો અનુભવ થઈ શકે છે. એ વિષયોનો અનુભવ બધા જ કરે છે તેથી તે અવ્યક્ત છતાં વ્યક્ત થાય છે. પરમતત્ત્વ અવ્યક્ત છે એટલું જ નહીં પણ વિષયો પ્રમાણે સર્વસાધારણને તેનો વ્યક્ત અનુભવ થતો નથી તેથી તે છુપાયેલું છે એમ શ્રી અવધૂતે કહ્યું છે. જેમ કાષ્ટમાં વહ્નિ છુપાયેલો છે તે નરી આંખે જણાતો નથી પણ મંથન દ્વારા વ્યક્ત કરી શકાય છે, તેમ એ પરમતત્ત્વ સર્વત્ર અવ્યક્તરૂપે રહેલું હોવા છતાં તે કાષ્ટના અગ્નિ પેરે બધે જણાતું નથી અને તેથી તેને મંથન કરીને તેનો અપરોક્ષ અનુભવ કરવો પડે છે. કાષ્ટમંથન એ અગ્નિ પ્રગટ કરવાનું જેમ એક સાધન છે તેમ અવ્યક્ત પરમતત્ત્વનો અનુભવ કરવાને પણ સાધનની આવશ્યકતા છે. અવ્યક્તની અવ્યક્ત ભાવે-નિર્ગુણ નિરાકાર સ્વરૂપે આત્મમંથન અથવા ઉપાસના કરવી એ જ એ સાધન છે. એ જ ઉપાસનાને આપણે બીજા શબ્દોમાં 'જ્ઞાનનિષ્ઠા' કહીશું. જેને માટે એ જ્ઞાનનિષ્ઠા સુલભ નથી તેને માટે અવ્યક્ત છતાં સગુણસાકાર પરમાત્માની ઉપાસના છે. તેને આપણે સરળતા માટે 'ભક્તિ' કહીશું.

અવ્યક્ત હોવાથી અવ્યક્તરૂપે પરમાત્મા કશું જ કરી શકતો નથી. જ્યાં સુધી શક્તિ સુષુપ્ત અવસ્થામાં રહે ત્યાં સુધી તે પોતાનો પ્રતાપ અને પ્રભાવ પ્રગટ કરી શકતી નથી. જ્યાં સુધી તે અગ્નિ કાષ્ટમાં રહે ત્યાં સુધી તે પોતાનો દાહક અને પ્રકાશક સ્વભાવ-પ્રભાવ પ્રગટ કરી શકતો નથી. પરમતત્ત્વની શક્તિને પ્રભાવિત બનાવવાને તેને પ્રગટ કરવી જરૂરની છે, તેમ અવ્યક્ત પરમાત્માનાં દર્શન-અપરોક્ષ અનુભવ-કરવાને પણ સાધનો દ્વારા તેને વ્યક્ત કરવાની આવશ્યકતા છે.

પરમાત્મા ક્યાં છે ? ક્યાં નથી ? પરમાત્મા ક્યાં છે એમ પૂછીને એ અપરિચ્છિન્નને પરિચ્છિન્ન બનાવવા જેવું છે. દૂધમાં જેમ અવ્યક્ત રૂપે ઘી રહેલું છે, કાષ્ટમાં જેમ અવ્યક્ત રૂપે અગ્નિ રહેલો છે તેમ વિરાટમાં પણ એ પરમાત્મા અવ્યક્ત રૂપે રહેલો છે. અવ્યક્તની-સત્‌ની સત્તાના અભાવે અસત્ વિરાટનું અસ્તિત્વ જ નથી. દીવાલ પર દોરેલા ચિત્રનું અધિષ્ઠાન જેમ દીવાલ છે તેમ આ વિરાટનું અધિષ્ઠાન પણ અવ્યક્ત છે. દીવાલની નિવૃત્તિ થતાં ચિત્રનું અસ્તિત્વ નથી તેમ આ અસત્ વિરાટમાંથી સત્‌ના અધિષ્ઠાનની નિવૃત્તિ થતાં એ અસત્ વિરાટ રહેલું નથી. અને ત્યારે એ પરમતત્ત્વ-સત્-અવ્યક્ત રૂપે રહે છે અને તેથી જ

"ईशावास्यमिदं सर्वं यत्किञ्च जगत्यां जगत्"

એ ઉપનિષદવાક્ય પરમાત્માના સર્વવ્યાપકત્વની પ્રતીતિ કરાવવાને પ્રમાણભૂત છે. તેથી જ શ્રી અવધૂતે ગાયું :

**"જહાંપે દેખું વહાંપે સાહેબ"......**

"હું જ્યાં જોઉં છું ત્યાં તે સાહેબ, પરમાત્મા જ અણુમેરુમાં પોતાના નગ્ન શુદ્ધ સ્વરૂપમાં નિર્વિકાર અવસ્થામાં વિરાજમાન છે." આત્મપ્રતીતિના આ શબ્દો છે. સર્વત્ર હોવા છતાં તે છૂપો છે. અને છૂપો છતાં પણ નંગોચંગો પ્રગટ છે. સામાન્ય મનુષ્ય એ સ્થિતિને કળી શકતો નથી. શ્રી અવધૂત જેવા કોઈ વિરલા જ એ ગુપ્ત ધનભંડારને પામીને અમૃતત્વને પ્રાપ્ત કરે છે. આવી વાણી ઉચ્ચારવાનો અધિકાર પણ એવા આત્મોપલબ્ધ મહાત્માને જ છે. એ પરમતત્ત્વના કેવળ એક જ અંશમાં આ વિશ્વની સ્થિતિ છે. અને તે જ પરમતત્ત્વ પ્રાણીમાત્રની હૃદયગુહામાં વિરાજમાન હોવા છતાં તે શરીરમાં નખશિખાંત વ્યાપ્ત છે એ પણ એટલું જ સત્ય છે. એ તત્ત્વ જો કેવળ હૃદયમાં જ ભંડારી રાખ્યું હોય તો શરીરના બીજા અવયવો અચેતન અને જડ જણાય, પણ તેમ નથી. શરીરનું એકેએક અણુ ચેતનવંત છે. એ ચેતન જડશરીરનું નથી પણ પરમતત્ત્વનું છે અને તેથી એ પરમતત્ત્વ હૃદયગુફામાં રહેલું હોવા છતાં સર્વત્ર વ્યાપ્ત છે એમ કહેવામાં ખોટું નથી. હૃદયગુફા તો એ પરમતત્ત્વને પ્રાપ્ત કરવાનું એક સ્થાન છે. ભગવાને પણ અર્જુનને કહ્યું :

विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ।

"હું મારા એક અંશ વડે આ સમગ્ર જગતને ધારણ કરી રહ્યો છું." સંસારનું સમગ્ર સંચાલન પરોક્ષ રીતે એ પરમતત્ત્વથી જ થાય છે એ આ કારણે નિઃશંક છે. અને તેથી જ કોઈ કવિએ કહ્યું :

**"ઈશની આજ્ઞા વિના નવ પાન પણ હાલી શકે."**

અનુભવસિદ્ધ વાણી જ એ સત્યનું પ્રતિપાદન કરી શકે છે. એ જ વાતના અનુમોદનમાં આપણને ઉપનિષદનું એક દૃષ્ટાંત મળે છે.

પરમાત્માની શક્તિ વિના કશું જ કાર્ય થતું નથી એ વસ્તુનું પ્રતિપાદન કરવાને ઉપનિષદની એક ગાથા અહીં અસ્થાને નહીં ગણાય.

દેવો અને દાનવોનું યુદ્ધ થયું. તેમાં દાનવોનો પરાજય થયો. એ પરાજય પોતે જ પોતાની શક્તિ વડે કર્યો છે એવો દેવોને પ્રમાદ થયો. એ પ્રમાદનો ભંગ કરવા પરમતત્ત્વે યક્ષનું સ્વરૂપ ધારણ કર્યું અને ઈન્દ્રપ્રમુખ દેવતાઓ આગળ પ્રગટ થયા. ઈન્દ્ર એ યક્ષને ઓળખી ન શક્યા. ત્યારે તેણે અગ્નિને આજ્ઞા આપી.

"આ યક્ષ કોણ છે તેની ભાળ કાઢો."

ઈન્દ્રની એ આજ્ઞાનું પાલન કરવા અગ્નિએ યક્ષ આગળ જઈ પૂછ્યું.

"આપ કોણ છો ?"

યક્ષે એ પ્રશ્નનો ઉત્તર નહીં આપતાં અગ્નિને પૂછ્યું :

''આપ કોણ છો ?''

''હું અગ્નિ છું'' અગ્નિએ જવાબ આપ્યો.

''આપનુ સામર્થ્ય શું ?'' યક્ષે પૂછ્યું.

''આ જે કાંઈ છે તેને બાળીને ભસ્મ કરવાની મારામાં શક્તિ છે.'' અગ્નિએ કહ્યું.

યક્ષે એક તણખલું તેની આગળ મૂક્યું અને

''એમ છે, તો આ એક તણખલું હું તમારી આગળ મૂકું છું. તેને બાળીને તમે ભસ્મ કરો.'' એમ કહ્યું.

''એમાં તે શી વાર !''

અને એમ કહીને અગ્નિએ પોતાનો પ્રભાવ પ્રગટાવ્યો પણ એ તણખલું ભસ્મ થયું નહીં. જ્યારે પોતાની સમગ્ર શક્તિનો પ્રયોગ કરવા છતાંય અગ્નિ એ તણખલાને બાળીને ભસ્મ ન કરી શક્યો ત્યારે તે માનભંગ થઈ યક્ષને નમસ્કાર કરીને પોતાને સ્થાને ગયો. અને

''હું એ યક્ષ કોણ છે તે જાણી શકતો નથી.'' એમ ઈન્દ્રને કહ્યું.

હવે વાયુનો વારો આવ્યો.

''હે માતરિશ્વા તમે જાવ અને એ યક્ષ કોણ છે તેનો તાગ કાઢો.'' ઈન્દ્રરાજાએ વાયુને કહ્યું.

''ઓહો ! એમાં તે શી વિસાત. હું હમણાં જ એ યક્ષનો તાગ કાઢી લાવું છું.'' વાયુએ કહ્યું.

અગ્નિદેવની દુર્દશા થઈ હતી છતાં વાયુ અભિમાનયુક્ત બનીને ફૂલેલી છાતી સાથે એ યક્ષ સમીપ ગયો.

''આપ કોણ ? વાયુએ યક્ષને પૂછ્યું.

યક્ષે પ્રત્યુત્તર ન આપતાં એ પ્રમાદી વાયુને પૂછ્યું :

''આપ કોણ ?''

''હું માતરિશ્વા.'' વાયુએ જવાબ આપ્યો.

''આપનું કાર્ય શું ?''

''આ જે કંઈ છે તેનું હું શોષણ કરું છું. તેને ઉડાવી દેવાનું મારામાં સામર્થ્ય છે.'' વાયુએ કહ્યું.

''વારુ, તો આ તણખલું છે તેને ઉડાવી દો.'' યક્ષે કહ્યું.

વાયુએ પોતાનો પ્રભાવ પ્રગટ કર્યો. સંપૂર્ણ વેગવાન બનીને તેણે તે તણખલાને ઉડાડી દેવાનો પુરુષાર્થ કર્યો. પણ અંતે નિષ્ફળ થયો ત્યારે ગર્વહીન બનીને તે પુનઃ ઈન્દ્ર પાસે આવ્યો અને

''એ યક્ષનો પાર હું પામી શકતો નથી.''

એવું કહ્યું. હવે આવ્યો ઈન્દ્રનો વારો. ઈન્દ્ર ત્યાં પહોંચ્યા ત્યારે યક્ષ અદૃશ્ય થયા અને અંતરિક્ષમાં ઊભા રહીને ઈન્દ્રને વિદ્યુતના એક

ચમકારારૂપે દર્શન આપ્યાં. અને

"હે દેવો, તમે નાહકના તમારા કહેવાતા પ્રભાવથી ફુલાઓ છો. વાસ્તવિક રીતે તો સર્વ પ્રભાવ માત્ર તમારા સર્વના અધિષ્ઠાનરૂપે રહેલા એ પરમપ્રકાશ પરમતત્ત્વનો જ છે." એવું કહ્યું. તાત્પર્ય એ છે કે પાંચ ભૂતો પોતપોતાને શક્તિશાળી લેખે છે પણ એ શક્તિ પરમતત્ત્વની છે. પરમતત્ત્વ જ્યારે પોતાની એ શક્તિ તત્ત્વમાંથી આકર્ષી લે છે ત્યારે એ તત્ત્વ ચેતનહીન મૃતશરીર જેવાં નિઃસત્ત્વ બની જાય છે. અને તેથી જ જે કંઈ સત્તા સ્ફૂર્તિ અને શક્તિનો જગતમાં સંચાર જણાય છે તે એ અધિષ્ઠાનરૂપ પરમતત્ત્વની સત્તા-સ્ફૂર્તિ છે એમ સિદ્ધ થાય છે. અને તેથી જ ઉપનિષદે પણ એજ વાતનું ગાન કર્યું છે.




ભા.- ૨

સૂર્ય ઊગે છે, આથમે છે અને જગતને પ્રકાશ આપી ક્રિયાવાન બનાવે છે. વાયુ વાય છે, મેઘ વરસે છે. એમ નિસર્ગની અનેકવિધ ક્રિયાઓ અનાદિકાળથી થતી આવી છે અને થાય છે. એ બધાનો કર્તા કોણ ? પંચતત્ત્વો તો જડ છે. એ જડ હોવાથી અસત્ છે. અસત્‌માં ચેતન નથી, સત્તા નથી અને સ્ફૂર્તિ પણ નથી અને તેથી આ વિરાટ વિશ્વના વહેવારનું સંચાલન કરવાને એ જડતત્ત્વ સમર્થ નથી. એ જડતત્ત્વમાં જે ચેતન સમાયેલું છે, અંશરૂપે જે પરમતત્ત્વ એ તત્ત્વોને ધારણ કરે છે, તે પરમતત્ત્વ જ એ પાંચ મહાન તત્ત્વોને પોતપોતાનાં નિર્મિત કાર્યો કરવાની પ્રેરણા, સત્તા અને સ્ફૂર્તિ આપીને પોતાની શક્તિ વડે એ કાર્ય કરાવે છે. પરંતુ તે નજરે પડતું નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**"વો નંગાચંગા છિપા રહા હૈ."**

પ્રકૃતિ એ પરમાત્માનું વિરાટ સ્વરૂપ છે. એ નિસર્ગ નગ્ન છે. એને કોઈ આવરણ નથી. શરીરને ઢાંકવાને જેમ આપણે અનેક પ્રકારનાં વસ્ત્રો પહેરીએ છીએ તેમ પ્રકૃતિને ઢાંકવા માટે વસ્ત્રની જરૂર નથી; કારણ કે એ તો એના શુદ્ધ સ્વરૂપમાં જ સર્વત્ર સમભાવે વ્યાપક છે. જેના વડે એ પ્રકૃતિ શક્તિશાળી છે તે પણ નિર્વિકાર, નિરાવરણ અને શુદ્ધસ્વરૂપ છે. એ દિગંબર પરમતત્ત્વની આ પ્રકૃતિ પણ દિગંબરસ્વરૂપ છે. તેથી પુરુષ અને પ્રકૃતિને તેના સત્યસ્વરૂપમાં જોવી એ આશયે જ શ્રી અવધૂતે એને "નંગા" અને "ચંગા"—નિર્વિકાર અને નિરાવરણ કહી છે. એ પુરુષ કે પરમતત્ત્વમાં આપણને વિકાર કે આવરણનો ભાસ થાય છે તે આપણી બુદ્ધિની ભ્રમણા છે. માતા બાળકને વસ્ત્રપરિધાન કરાવીને તેના શરીરને ઢાંકે છે. બાળકને તે આવરણની સ્પૃહા પણ નથી અને સમય આવે બાળક તે આવરણને કાઢી પણ નાંખે છે. અર્ભક જેવું જ એ પરમતત્ત્વ પણ નિરાવરણ અને શુદ્ધ છે. તેના ઉપર અવિદ્યામૂલક ભ્રામકબુદ્ધિથી આપણે આવરણનો અને વિકારોનો આરોપ કરીએ છીએ. વસ્તુતઃ તો એ પરમતત્ત્વ પરમશુદ્ધ છે, આવરણરહિત છે અને એ જ વાત શ્રી અવધૂતે અહીં

આપણને કહી છે. તાત્પર્ય એ છે કે એ પરમતત્ત્વ તેના શુદ્ધ સ્વરૂપમાં જ પ્રાપ્ત કરી શકાય છે. જ્યાં સુધી એ પરમતત્ત્વમાં આપણે વિકારોનો આરોપ કરીએ છીએ ત્યાં સુધી એ પરમતત્ત્વના શુદ્ધ, નિર્વિકાર, અદ્વૈત, અખંડ, સચ્ચિદાનંદ, પૂર્ણબ્રહ્મસ્વરૂપથી આપણે વંચિત રહીએ છીએ.

શ્રી અવધૂતની આ એક જ પંક્તિ ઉપર પરમાત્માના સર્વવ્યાપક, નિર્વિકાર અને શુદ્ધસ્વરૂપ ઉપર જ એક સ્વતંત્ર ગ્રંથ લખી શકાય પણ અહીં તેને સ્થાન નથી. આ તો માત્ર અંગુલીનિર્દેશ અર્થે જ કહ્યું છે.

શ્રી અવધૂત આગળ ચાલતાં કહે છે :

**"કિસીને ઉસકો ખંભેમેં માના."**

પરમાત્મા સર્વવ્યાપક છે એ સિદ્ધાંતને આપણે સ્વીકારી લઈએ ત્યારે તે ક્યાં નથી એ પ્રશ્ન જ ઉત્પન્ન થતો નથી. અણુ, મેરુ, તૃણ, કાષ્ટ, પહાડ, પાષાણ, પૃથ્વી આદિ વિરાટ સર્જન સમસ્તમાં તે ગુપ્તરૂપે સમાયેલો છે અને તેથી તે અવ્યક્ત છે. આપણે નરી આંખે જે નિહાળીએ છીએ તે પરમાત્મા નથી પણ પરમાત્માથી તે ભિન્ન પણ નથી.





**હિંદુ, મુસલમીન, પારસી, ખ્રિસ્તી કહો તો હમ હી હૈ;**
**ના જાત હૈ ના નાત હૈ, ના બાત હૈ, વહાં હમ હી હૈં !!**






**"આદમકો ખુદા મત કહો, આદમ ખુદા નહીં;**
**લેકિન ખુદાકે નૂરસે આદમ જુદા નહીં."**

કોઈક તત્ત્વજ્ઞાનીએ આ કેટલી અર્થગર્ભ વાણી ઉચ્ચારી છે ? સર્જન પરમાત્મા છે એમ ન કહો, સર્જન પરમાત્મા નથી પણ પરમાત્માના નૂરથી સર્જન ભિન્ન પણ નથી. 'નૂર' અને 'નૂરી' અભિન્ન છે. સૂર્ય અને સૂર્યનો પ્રકાશ અભિન્ન છે, તેમ 'નૂરી' વિના 'નૂર' નથી. જ્યાં નૂર છે ત્યાં નૂરીનો અભાવ નથી. તેથી જ આ વિરાટ પ્રકૃતિ એ પરમતત્ત્વનું 'નૂર' છે. એ પરમતત્ત્વ એ નૂરથી અભિન્ન છે અને તેથી જ્યાં જ્યાં પ્રકૃતિ છે, જ્યાં જ્યાં પ્રકૃતિનું કાર્ય છે ત્યાં ત્યાં એ પરમતત્ત્વનું તેજ પ્રકાશે છે એ પણ નિર્વિવાદ છે. જ્યાં પરમતત્ત્વનું તેજ પ્રકાશતું નથી ત્યાં અંધકાર છે. પ્રહ્‌લાદે પરમતત્ત્વને સ્તંભમાં જોયું તેમાં શી નવાઈ ? પરમતત્ત્વ સ્થંભમાં નથી એવો ભ્રમ તો અવિદ્યામૂલક ભ્રમણાને કારણે હિરણ્યકશિપુને થયો અને તેથી જ તેણે પ્રહ્‌લાદને પૂછ્યું :

"તારો પ્રભુ ક્યાં છે ?"

"તમારામાં, મારામાં અને આ સમસ્ત વિરાટમાં મારો રામ વિરાજે છે. રામ ક્યાં નથી ?" પ્રહ્‌લાદે જવાબ આપ્યો.

"જો એમ હોય તો તારો એ સર્વવ્યાપી રામ આ સ્તંભમાં પણ છે ને ?"

"હાજરાહજૂર છે."

પ્રહ્‌લાદનો એ દૃઢ વિશ્વાસ અને શ્રદ્ધાયુક્ત જવાબ સાંભળીને હિરણ્યકશિપુએ એ સ્થંભ પર શસ્ત્રપ્રહાર કર્યો અને ત્યાં તો વીજળી ચમકી, પ્રકાશ થયો અને એ પ્રકાશમાં નૃસિંહ ભગવાનનો આવિર્ભાવ થયો. પ્રહ્‌લાદની શ્રદ્ધા, પ્રહ્‌લાદનો વિશ્વાસ હોય તો સ્થંભમાં ભગવાન નૃસિંહરૂપે પ્રગટે અને દેખાય. આપણામાં છે એ અડગ શ્રદ્ધા ? છે એ અચળ વિશ્વાસ ? છે એ અનન્યતા ? પ્રહ્‌લાદને મન તો જનમાં, વનમાં સર્વત્ર પરમાત્માનું જ અસ્તિત્વ પ્રતીત થતું હતું. એના રામ એને મન તો થાંભલામાં પણ હતા અને અન્યત્ર સર્વત્ર વ્યાપક હતા. એ અવ્યક્તના ઉપાસક હતા અને તેથી

**"જહાંપે દેખું વહાંપે સાહેબ વો નંગાચંગા છિપા રહા હૈ."**

એ તત્ત્વનું પ્રહ્‌લાદને અપરોક્ષ જ્ઞાન હતું અને પ્રતીતિ પણ થઈ હતી. તેથી જ એણે હિરણ્યકશિપુને સ્તંભમાં પરમાત્માનાં દર્શન કરાવ્યાં.

"એ સ્તંભમાં પણ મારા વહાલાનો વાસ છે" એમ કહીને પરમાત્માને પ્રગટાવ્યા. પણ એ બ્રાહ્મીસ્થિતિ સર્વસાધારણ સાધકને પ્રાપ્ત થતી હોતી નથી; અને તેની ચિત્તશુદ્ધિ અર્થે અને બુદ્ધિની સ્થિરતા અર્થે સગુણસાકાર ઉપાસનાની પ્રથા ચાલુ થઈ છે. તેના પરિણામે અવ્યક્ત પરમાત્માનું ધ્યાન કરવાયોગ્ય મંદિર, મસ્જિદ આદિનાં પણ નિર્માણ થયાં





એમ કહેવું અયોગ્ય નથી. શું પરમાત્મા કેવળ મંદિરમાં કે મસ્જિદમાં જ છે ? બીજે નથી ? બીજનો ચંદ્રમા જોવાને જેમ વૃક્ષનો આધાર લેવો પડે છે તેમ અવ્યક્ત પરમાત્માના અપરોક્ષ જ્ઞાન અને અનુભવ માટે સર્વસાધારણ સાધકને માટે સગુણસાકાર ઉપાસનાનો આધાર લેવો પડે છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**"કિસીને મંદર મસ્જિદમે જાના."**

જેને સર્વત્ર પ્રભુની પ્રતીતિ થતી નથી, જેની જ્ઞાનનિષ્ઠા અને અદ્વૈતબુદ્ધિ સ્થિર થતી નથી તેને માટે મંદિર, પ્રતિમા આદિની પ્રથા પ્રચલિત થઈ, મંદિરો બાંધ્યાં, તેમાં પરમાત્માનાં ભિન્નભિન્ન સ્વરૂપોની કલ્પના કરીને તે સ્વરૂપોની પ્રતિમા પધરાવી. ત્યાં પ્રભુનું સ્થાન માનીને સૌએ પોતપોતાની રુચિ અનુસાર તે સ્વરૂપની પૂજા-ઉપાસના કરી. તુલસીદાસે પ્રારંભકાળમાં અયોધ્યામાં જ શ્રી રામને માન્યા પણ પછી તો 'જ્યાં રામ ત્યાં અયોધ્યા' એમ કહીને સમગ્ર વિશ્વમાં રામ વ્યાપક છે માટે સમગ્ર વિશ્વ અયોધ્યા છે એમ માનતા થયા. એ છે સગુણસાકાર વિરાટ ભગવાનની ઉપાસના. પરમાત્મા કેવળ મંદિરમાં જ નથી. તે તો વિરાજે છે સર્વના હૃદયમાં. પણ જેણે પરમાત્માને હૃદયમાં પ્રીછયા નથી તેને માટે મંદિર આદિ સાધનો છે. જ્યાં સુધી હૃદયમંદિરમાં વ્યાપ્ત પરમાત્માને પ્રીછયા નથી, ત્યાં સુધી એ સ્થૂળની ઉપાસનાનો અર્થ પણ નથી. મીરાંએ વ્રજમાં તેના ગિરિધારીલાલને માન્યા, નરસિંહે બાલસ્વરૂપમાં શ્રી કૃષ્ણની ઉપાસના કરી પણ એ બધાય ભક્તો સગુણસાકારની ઉપાસના કરતાં કરતાં અંતે તો નિર્ગુણનિરાકાર પરમતત્ત્વને જ પામ્યા. જ્યાં સુધી આત્મતત્ત્વ ચીન્યું નથી ત્યાં સુધી એ બધું વ્યર્થ છે એવા ભાવનું એક પદ નરસિંહે ગાયું છે.

**જ્યાં લગી આતમા—તત્ત્વ ચીન્યો નહીં,**
**ત્યાં લગી સાધના સર્વ જૂઠી.**

ભલે એ પાષાણપ્રતિમા હોય પણ એ પાષાણપ્રતિમામાં પણ ભક્તને તો પોતાના પરમાત્માનાં જ દર્શન થાય. અને તેથી જ વ્રજમાં શ્રી કૃષ્ણચંદ્રનાં દર્શન કરતાં તુલસીદાસજીએ કહ્યું :

**"તુલસી મસ્તક તબ નમે જબ ધનુષ બાણ લો હાથ."**

ઈષ્ટના એક જ સ્વરૂપમાં-અનેકમાં એકને અને એકમાં અનેકને જોવાની-અટલ નિષ્ઠાનું પરિણામ આ છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**"કિસીને મંદર મસ્જિદ મેં જાના."**

એ રીતે અભિરુચિ અનુસાર જેને જે સ્વરૂપમાં પરમતત્ત્વનાં દર્શન થયાં ત્યાં તેણે મંદિર બનાવ્યાં અને તે જ સ્વરૂપની ભક્તિનો પ્રચાર કર્યો. અને એ રીતે વ્યાપક મહાન વિભુની ઉપાસનાનાં ક્ષેત્ર સંકુચિત થયાં. અનેક પરસ્પર ઝઘડાળુ ધાર્મિક પંથો ઉદ્ભવ્યા અને પોતાની માન્યતા





પ્રમાણે બીજાને મનાવવાના દુરાગ્રહમાંથી ધર્મ અને ઈશ્વર વિષયક અનેક ઝઘડાઓ ઊભા થયા. કોઈ પ્રહ્લાદ જેવા પરમાત્માને સ્તંભમાં દેખે એમ માનીએ, કોઈ શ્રદ્ધાળુ ભાવિક ખ્રિસ્તીને વધસ્તંભ જોતાં જ ભગવાન ઈસુખ્રિસ્તનું સ્મરણ-દર્શન થાય, કોઈ મંદિરમાં, કોઈ મસ્જિદમાં, કોઈ દેવળમાં પ્રભુનો વાસ અનુભવે અને માને તેમાં કંઈ ખોટું નથી અને એ પ્રમાણિક માન્યતા ઉપર પ્રહાર કરવાની જરૂર પણ નથી, પણ જ્યારે તે તે ભક્ત કે એના કહેવાતા અનુયાયીઓ તે તે સ્થૂળ ચિહ્ન, સ્થાન કે સ્વરૂપમાં જ પ્રભુ રહેલો છે, અન્યત્ર નહીં એવું બીજા પાસે મનાવવા માટે પ્રયત્ન કરે છે ત્યારે એ અજ્ઞાનમૂલક સંકુચિતતા અને ધર્માંધતાના ઝઘડામાં જ પરિણમે છે એવું સૂચન

"જહાં જિસને માના મના રહા હૈ"

એ શબ્દોમાં રહેલું છે.

જ્ઞાનીની દૃષ્ટિ વિશાળ. તેને સમસ્ત વિરાટ વિશ્વમાં અદ્વૈતભાવે પ્રભુ જણાય. બીજાની દૃષ્ટિ સંકુચિત. તેને મંદિર, મસ્જિદ આદિમાં જ ભગવાન જણાય. વસ્તુતઃ તો જ્યાં અને જેવી જેવી ભાવના ત્યાં અને તેવું તેવું તેને માટે પ્રભુપ્રાકટ્ય ! પ્રભુએ તો કહ્યું જ છે :

नाहं वसामि वैकुंठे...

"હું વૈકુંઠમાં રહેતો નથી પણ મારા ભક્તો ભેળા મળી જ્યાં મારું ભજનકિર્તન કરે ત્યાં હું વસું છું." અને તેથી જ એ પરમતત્ત્વનું નિશ્ચિત સ્થાન બતાવતાં શ્રી અવધૂતે કહ્યું :

"હૈ ઈશ્ક ઈસકા અચૂક ઠિકાના."

પ્રેમ એ પરમાત્માનું અચૂક ઠેકાણું છે. પ્રેમ એ પ્રભુને પામવાનું અચૂક સાધન છે. જ્યાં પ્રેમ છે ત્યાં પરમાત્માનો વાસ છે. પણ એ પ્રેમ કેવો ? જ્યાં દેહની વાસના નથી, જ્યાં વૈભવવિલાસની અભિલાષા નથી, જ્યાં વિનિમયનો લોભ નથી, જ્યાં પ્રાપ્તિની કામના નથી, જ્યાં અપ્રાપ્તિની વિકળતા નથી, ક્ષોભ નથી, જ્યાં પ્રેમભાજન ભગવાન સિવાય બીજું કશું જ નથી અને જ્યાં અનન્યતા છે ત્યાં જ સાચો પ્રેમ છે. પ્રેમને ખાતર જ પ્રેમ છે એવો પ્રેમ જ પ્રભુનું અચૂક ઠેકાણું છે. વ્રજગોપી જેવો હેતુરહિત પ્રેમ જ્યાં હોય ત્યાં જ પ્રભુ પ્રગટે છે. પ્રભુને પામવાનું પ્રેમ એ જ સાધન છે. નિર્હેતુક પ્રેમથી જ પરમાત્મા વશ થાય છે. એ હેતુરહિત પ્રેમથી સર્વત્ર પરમાત્માને પેખી પરમાત્મભાવે સર્વને સુખ મળે એવાં કાર્ય કરવાથી, એવી પ્રભુની સેવા કરવાથી એ પરમતત્ત્વની પ્રાપ્તિ થાય છે. અને તો જ ગોપિકાએ પરમાત્મસ્વરૂપ શ્રી કૃષ્ણનું દુઃખ નિવારણ કરવાને પોતાની ચરણરજ નારદને આપવાની અનુમતિ આપી. શ્રીકૃષ્ણલીલાનું એ એક પરમ ઉત્કૃષ્ટ દૃષ્ટાંત છે. ગોપી પ્રેમનું એ એક પરમશ્રેષ્ઠ દર્શન છે. શ્રીકૃષ્ણનું સુખ એ જ ગોપીનું સુખ અને શ્રીકૃષ્ણનું દુઃખ એ જ

ગોપીનું દુઃખ. શ્રીકૃષ્ણે નારદની ભક્તિનું અભિમાન તોડવા એક લીલા રચી. પોતે બીમાર છે એવો ઢોંગ કર્યો. અનેક ઓષધોપચાર કર્યા પણ જ્યારે પત્તો ન લાગ્યો ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું :

"મારા આ વ્યાધિનો ઉપશમ કોઈ ભક્તની ચરણરજનું મારે માથે મર્દન કરવાથી થશે."

નારદ ત્રિલોકમાં ફર્યા પણ ભગવાન માટે ચરણરજ દેનાર કોઈ ભક્ત તત્પર ન થયો. નારદ નિરાશ થયા. શ્રીકૃષ્ણે કહ્યું :

"નારદ વ્રજમાં જાવ. ત્યાં તમને ચરણરજ મળશે."

નારદજી વ્રજમાં ગયા. ગોપીઓ નારદજીને વીંટળાઈ વળી. નારદજીએ કહ્યું :

"ભગવાનનાં વ્યાધિના ઉપશમ અર્થે ભક્તની ચરણરજ જોઈએ. તમે ભક્ત છો. આપશો ?"

શ્રીકૃષ્ણનું સુખ એ જ પોતાનું સુખ એવું મનસા, વાચા, કર્મણા, માનનાર એ ગોપીએ પાપ કે પુણ્યનો કશો જ બીજો વિચાર ન કર્યો. ચરણરજ આપ્યે ભલે પાપભાગી થવાય પણ તેથી જો શ્રીકૃષ્ણને સુખ થતું હોય તો ગોપીને મન એ પાપ પણ પુણ્ય જ હતું અને તેથી પ્રભુનાં સુખ આગળ ગોપી પાપભીરુ ન બની અને ચરણરજ આપી કૃતાર્થ થઈ. એ જ સાચો પ્રેમ છે. પ્રભુને પામવાનું શ્રી અવધૂતભાખ્યું એ જ સાચું સાધન-ધામ છે.

શ્રી અવધૂતે આ ભજનમાં પ્રથમથી જ નિર્ગુણ, નિરાકાર સર્વવ્યાપક અનંતરૂપે અરૂપી પરમતત્ત્વ કે પરમાત્માની વાત કરી છે. નિર્ગુણ નિરાકાર પરમતત્ત્વ દૃષ્ટિનો વિષય નથી, ચક્ષુ એને જોવાને સમર્થ નથી. જે પરમતત્ત્વ સર્વવ્યાપક છે, અપરિચ્છિન્ન છે તેને મંદિર કે મસ્જિદમાં-પ્રતિમામાં પરિચ્છિન્ન બનાવવું એ કેવળ અવિદ્યા છે. જે પરમાત્મા જ્યાં જોઈએ ત્યાં હાજરાહજૂર છે, જે પરમાત્મા સર્વ શક્તિમાન છે તે કેવા હશે એવો સ્વાભાવિક પ્રશ્ન થાય છે. પણ જ્યારે

"જહાં જિસને માના મના રહા હૈ."

એ શબ્દોનો આપણે વિચાર કરીએ ત્યારે એ વાતનું અંશતઃ સમાધાન થાય છે. એ પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રી અવધૂત કહે છે :

'ન કિસને ઉસકો નજરસે દેખા.'

એ પરમતત્ત્વને કોઈએ જોયું નથી. જેને અમુક પ્રકારનું મર્યાદિત રૂપ હોય તે ચક્ષુનો વિષય બને. પરમતત્ત્વ નામ, રૂપ કે આકાર રહિત હોવાથી તે ચક્ષુનો વિષય નથી અને તેથી તેને કોઈએ નજરે જોયું નથી એમ કહે તો તે કેવળ તેની ભ્રમણા છે. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

'ન કિસને ઉસકો નજરસે દેખા.'

યાજ્ઞવલ્કયે તેની પત્ની મૈત્રેયીને કહ્યું, 'આ આત્મા દ્રષ્ટવ્ય છે.'

અને ત્યાં પણ એ દર્શનનો વિષય નથી પણ સાક્ષાત્કાર દ્વારા અનુભવ કરવા યોગ્ય છે એવો એ 'દ્રષ્ટવ્ય' પદનો અર્થ કરવામાં આવ્યો છે. અને એ રીતે આત્મદર્શન કિંવા સાક્ષાત્કાર કેવળ બ્રહ્મનિષ્ઠ પરાવિદ્યાના ઉપાસકને થાય છે. પ્રાકૃત પ્રાણીઓની પ્રાકૃત નજરનો એ વિષય નથી. પણ જ્ઞાનીઓનાં અંતરનાં દિવ્યચક્ષુનો એ વિષય છે. તેથી એ પરમતત્ત્વને કોઈએ જોયું નથી એમ શ્રી અવધૂતે કહ્યું છે. અવ્યક્ત અને નિરાકાર પરમાત્માને કોણ જોઈ શકે ? સાકાર પ્રતિમાને જોઈ શકાય. દૃષ્ટિગોચર પદાર્થમાત્ર જોઈ શકાય પણ ચક્ષુ રૂપ સિવાય બીજાને જોઈ શકતાં નથી તેથી પરમતત્ત્વને ચક્ષુ જોઈ શકતાં નથી; અને તેથી એ પરમતત્ત્વનાં સ્થૂળદૃષ્ટિએ કોઈએ દર્શન કર્યાં નથી એ શ્રી અવધૂતની વાણી કેવળ શાસ્ત્રસંમત છે એટલું જ નહીં પણ અનુભવસિદ્ધ પણ છે. એનો તો કેવળ અનુભવ જ થઈ શકે છે. સાકર નજરે જોઈ શકાય પણ તેનો સ્વાદ તો કેવળ અનુભવગમ્ય જ છે. જે ઋષિ, મુનિ, સંત, મહાત્માઓએ એનો અનુભવ કર્યો છે, અપરોક્ષ સાક્ષાત્કાર કર્યો છે તેમણે પણ એ જ વાત કરી છે.





એ પરમતત્ત્વ દૃષ્ટિનો વિષય નથી. એટલું જ નહીં પણ એ વાણીનો પણ વિષય નથી. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

'ન કિસને ઉસકા કિયા હૈ લેખા.'

અને કોઈએ એનું વર્ણન પણ કર્યું નથી. જે નેત્રનો વિષય હોય તેનું જ વાણી દ્વારા યથાવત્ વર્ણન પણ કરી શકાય. હિમાલય કેવો છે ? એવા પ્રશ્નનો ઉત્તર જેણે હિમાલય જોયો હોય તે તેનું શબ્દ દ્વારા વર્ણન કરીને કહી શકે. અને તે પણ અધૂરું જ. જાતે હિમાલય જોયા વગર એનો યથાસ્થિત ખ્યાલ ન આવી શકે. જ્યારે સ્થૂળદર્શન કે વર્ણનની આ સ્થિતિ છે ત્યારે સૂક્ષ્મતમ એવા પરમતત્ત્વનાં દર્શન કે નિરૂપણ વિષે કહેવું જ શું ?

જે પરમતત્ત્વનું વર્ણન કરતાં વાણી થાકી જાય છે, થંભી જાય છે, મન પાછું પડે છે. એ પરમતત્ત્વનું વર્ણન કરતાં 'તે આવું નથી', 'તે આવું નથી' એમ કહીને નિષેધાત્મક વર્ણન જ જોવામાં આવે છે. અને તેથી જે અવ્યક્ત પરમતત્ત્વ કેવળ અનુભવગમ્ય છે તેનું નિશ્ચયાત્મક વર્ણન થવું સંભવિત જ નથી. તેથી જ વેદો પણ નિષેધાત્મક વર્ણન કરીને જ વિરામ પામે છે. પરમતત્ત્વ બુદ્ધિગમ્ય નથી, દૃષ્ટિગોચર નથી અને વાણીનો વિષય નથી. મનથી વિચારી શકાય એવું એ તત્ત્વ નથી, ઇન્દ્રિયો એનો પાર પામી શકતી નથી. પરંતુ એ બધા દ્વારા જે જ્ઞાન થાય છે તેથી અનિત્ય પ્રકૃતિમાં રહેલા એ નિત્ય પરમતત્ત્વનું પરોક્ષ જ્ઞાન થાય છે. એ પરોક્ષ જ્ઞાન દ્વારા થયેલા બોધનો અપરોક્ષ અનુભવ કરવાથી આત્મતત્ત્વનું સમ્યક્ જ્ઞાન થાય છે. અપરોક્ષ અનુભવ વિનાનું આત્મતત્ત્વનું વર્ણન કેવળ વાચારંભણ છે. એ કેવળ ધાન્યના કુસકા જેવું છે. અને તેથી જ કોઈએ એ તત્ત્વને નજરે

નિહાળ્યું નથી અને કોઈએ એ તત્ત્વનું યથાસ્થિત વર્ણન પણ કર્યું નથી. જેણે એ તત્ત્વને જોયું છે, જાણ્યું છે તે એ તત્ત્વ કેવું છે તે કહેવાને પણ સમર્થ નથી. એટલે જ એ પરમતત્ત્વ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, વાણી વગેરે કશાનો વિષય નથી, એવું અહીં શ્રી અવધૂતે કહ્યું છે.






પણ શ્રી અવધૂત કહે છે :

**“હદેકા પરદા ઊઠા જો નેકા, મૈદાનમેં વો ખડા રહા હૈ !”**

એ હૃદયનો પડદો શું ? પ્રશ્ન વિચારવા જેવો છે. જીવ અને શિવ એ બેની વચ્ચે એવો તે શો અંતરાય છે કે એક જ ગુહામાં રહેતા હોવા છતાં જીવ એ શિવને જોઈ શકતો નથી ? એ આવરણ માયાનું છે. માયા એટલે મિથ્યા. મિથ્યા છતાં પણ તે એટલું બધું વજ્ર સમું બંધન સર્જાવે છે કે તે મિથ્યા છે એમ માનવાને પણ કોઈ તૈયાર થતું નથી. નિષ્કામ કર્મ કરનાર તો કોક વિરલો જ મળે છે. તે નિષ્કામ કર્મ કરીને, અંતરના પડદાને ચીરીને, ચિત્તશુદ્ધિ કરીને, એ શિવતત્ત્વનાં દર્શન કરીને કૃતાર્થ થાય છે. સકામ કર્મ કરનારા બધા જ છે. એ સકામ કર્મ પણ એક જ જન્મનાં નથી પણ જન્મજન્માંતરનાં છે. સકામ કર્મોને કારણે ફલાસક્તિના થર ચિત્ત ઉપર ચોંટ્યા છે અને ચોંટ્યે જ જાય છે. તેનું પ્રારબ્ધ પણ તૈયાર થતું જ જાય છે. એ પ્રારબ્ધના ભોગ ભોગવવા માટે અનેક યોનિમાં જન્મ લેવા પડે છે. જન્મની સાથે મૃત્યુ પણ જકડાયેલું જ છે. દરેક જન્મે જે ક્રિયમાણ થાય છે તે સંચિતરૂપે ભેગાં થતાં જાય છે અને તેમાં ફલોન્મુખ સંચિત પ્રારબ્ધરૂપે ભોગવવાને જન્મ ધારણ કરવા પડે છે. આમ જન્મ, મૃત્યુ, કર્મ અને ફલની રહેંટમાળા ચાલ્યા જ કરે છે. તેના પરિણામે શુદ્ધ સ્ફટિક જેવા ચિત્ત ઉપર મલિનતાના થર જામતા જાય છે. કર્મજનિત સંસ્કારનો એ થર દિનપ્રતિદિન વધતો જાય છે. કર્મ અને તેના ફલમાં આસક્તિ હોવાને કારણે અહંતા અને મમતાના સંસ્કારો પણ અંતઃકરણ ઉપર આલેખાય છે. તેની અસર જીવ પર થાય છે. સાધારણ રીતે જે વસ્તુનું સ્મરણ થાય છે, જે વસ્તુ નજરે પડે છે, તેના સ્મરણ અને દર્શન અનુસાર સારા કિંવા માઠા સંસ્કાર અંતર પર રેખાતા રહે છે. તે અંતઃકરણ પર સ્થિર થતાં ચિત્ત શુદ્ધ રહેતું નથી. દર્પણમાં મુખ જોવાનું હોય તો તેના પર ચઢેલો માટીનો થર પાણી વડે ધોવા દર્પણને શુદ્ધ કરવાનું રહે છે. અંતઃકરણ પર સંસ્કારોના અને શુદ્ધ-અશુદ્ધ વાસનાઓના જે થર જામ્યા છે તેથી અંતઃકરણની શુદ્ધતાનો કાયમનો લોપ થતો નથી. સ્વચ્છ દીવાલ પર અનેક ચિત્રો અંકિત કર્યાં હોય તેથી દીવાલની સ્વચ્છતા જતી રહેતી નથી. એ ચિત્રોને ધોઈ નાખવાથી જેમ દીવાલ પોતાના શુદ્ધ સ્વરૂપમાં જણાય છે તેમ અંતઃકરણ ઉપર ચઢેલા એ થરને દૂર કરતાં જ, જેમ દર્પણ અથવા દીવાલ શુદ્ધ થતાં જ તેમાં પોતાના મુખનું પ્રતિબિંબ શુદ્ધ અને સ્પષ્ટ જોઈ શકાય છે તેમ, અંતઃકરણમાં

પણ હરિદર્શન થાય છે. હરિનો નિવાસ હૃદયમાં છે એ તો શાસ્ત્રસંમત છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

सर्वस्य चाहं हृदि संनिविष्टो...

'હું સર્વના હૃદયમાં અંતર્યામી રૂપે રહેલો છું.' છતાં એ અંતઃકરણ ઉપર જે આવરણ છે તે આવરણને કારણે જ જીવ શિવને જોવાને શક્તિમાન થતો નથી. કેવળ આવરણને જોઈને જ તેમાં મોહ અને મમતાયુક્ત બનીને રચ્યોપચ્યો રહે છે. એ આવરણની પાછળ રહેલા પરમતત્ત્વને જીવ જોઈ શકતો નથી. નાટકમાં જ્યાં સુધી પડદો ન ઊઘડે ત્યાં સુધી પ્રેક્ષકો નાટકનાં પાત્રોને જોઈ શકતા નથી, તેમ હૃદયની ઉપર આવેલો પડદો દૂર થતો નથી ત્યાં સુધી હૃદયસ્થ આત્માને જીવ જોઈ શકતો નથી. જીવ લોભાય છે આવરણનાં ફળ ચાખવાને. તેમાં રહેલી અહંતા અને મમતાના કારણે જીવ પોતાનું સત્યસ્વરૂપ ભૂલીને, 'હું દેહ છું', ''મારો સંસાર છે'' એમ માનીને તેમાં રચ્યોપચ્યો રહે છે; અને તેથી જ જીવ જન્મમરણના ફેરા ખાતો પરવારતો નથી અને પરમપદ પ્રાપ્ત કરીને સ્થિર થઈ શકતો નથી. હૃદયનો પડદો બરાબર ઉઠાવી લેવાનું સૂચન પણ તેથી જ શ્રીઅવધૂતે કર્યું છે. હૃદયનો એ પડદો જો સમ્યક્ રીતે ચીરાય, માયાનું આવરણ દૂર થાય, કર્મજનિત સંસ્કારો નિર્મૂળ થાય તો જીવને શિવનાં દર્શન થયા વિના રહેતાં નથી. ત્યારે જીવશિવનો ભેદ ટળી જાય છે. જ્યાં સુધી સાગર અને સરિતા ભિન્ન છે ત્યાં સુધી જ ભેદ છે. સાગરમાં ભળી જતાં તે સરિતા મટી જાય છે, સાગર બની જાય છે. હૃદયનો પડદો દૂર થતાં જીવ-શિવ એક જ સ્વરૂપ બની જાય છે અને ત્યારે જ

''મૈદાનમેં વો ખડા રહા હૈ !''

એ વાતની જીવને પ્રતીતિ થાય એ નિશ્ચિત છે. શિવ તો જીવને ભેટવાને હંમેશા બે હાથ પસારીને ઊભો જ છે. કારણ જીવ એ શિવનો જ અંશ છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

'ममैवांशो जीवलोके जीवभूतः सनातनः।'

જેમ જુદી જણાતી દીપકની બે જ્યોત સાથે કરીએ તો બે મટી એક જ જણાય છે તેમ હૃદયનો પડદો ચીરાતાં એ જીવ અને શિવ એક જ જણાય છે. જીવ અને શિવનો પછી ભેદ રહેતો નથી. હૃદયનો પડદો મિથ્યા છે. જે મિથ્યા છે તેનું અસ્તિત્વ નથી. અસ્તિત્વનો ભાસ કેવળ અજ્ઞાનતાને લીધે થાય છે. એ અજ્ઞાનના અંધકારની નિવૃત્તિ અર્થે, જેમ પાર્થિવ અંધકાર દૂર કરવા દીપકની જરૂર છે તેમ જ્ઞાનપ્રકાશની જરૂર છે. એ જ્ઞાનના પ્રકાશને ઝીલવા યોગ્ય થવાને ચિત્તની શુદ્ધિની જરૂર છે. એ ચિત્તશુદ્ધિ અર્થે નિષ્કામ કર્મ કરવાની જરૂર છે. ચિત્તશુદ્ધિ થાય એટલે ભાન તો ત્યાં છે જ. હાંડીમાં દીપક તો પ્રગટે જ છે પણ જ્યાં સુધી હાંડી પર મેશના પુટ વળેલા છે ત્યાં સુધી તેનો પ્રકાશ બહાર જણાતો નથી. એ પુટ ધોઈ






નાખતાં જ પ્રકાશ પ્રકાશિત થાય છે એમાં શંકા પણ નથી. પરમાત્મા તો નિત્ય, સ્વયંશુદ્ધ, સર્વવ્યાપક છે. એને શોધવાની જરૂર નથી. પણ કમળાવાળી જે આંખે જગત પીળું જણાય છે તે આંખને શુદ્ધ બનાવો. અને ત્યારે જગતની અસતતાનો લોપ થશે, સતસ્વરૂપ આત્માનાં દર્શન થશે. અરે ! દર્શન શું થશે, તમે જ એ આત્મા બની જશો. પડદો હટે તો મેદાન થાય અને મેદાન થાય તો જ તે મેદાનમાં ઊભેલો 'એ' પામી શકાય. પણ ભાઈ, એ મેદાન કરતાં કરતાં તો કંઇ યુગો વીતી જાય. કેટલા કાંકરા, કેટલા કાંટા, કેટલાં જાળાં પડ્યાં છે. તેને ટાળતાં ટાળતાં તો કેટલીય સાવરણીઓ ઘસાઈ જાય તોય પત્તો ન લાગે ! જો કોઈ સદ્‌ગુરુ મળી જાય, અરે, પૂર્વના પુણ્યપુંજ તપતા હોય અને કોઇ સદ્‌ગુરુની પ્રાપ્તિ થાય તો એક જ પલકમાં પડદો દૂર થઈ જાય. પડદો છે જ ક્યાં ? પડદાની તો કેવળ કલ્પના છે. એ કલ્પના નિવૃત્ત થાય એટલે પડદો નીકળી જાય. અને પડદો નીકળી ગયો એટલે, જેમ એક પ્રકાશમાં બીજો પ્રકાશ મળી જાય તેમ, જીવ શિવમાં મળી જાય. શુદ્ધ જળની સરિતામાં શુદ્ધ પાણીથી ભરેલો ઘડો રેડ્યા પછી એ ઘડાનું પાણી ભિન્ન રહે ખરું ? અસ્તુ.

એ પરમતત્ત્વ અવ્યક્ત છે, સર્વવ્યાપક છે, જ્યાં જુઓ ત્યાં હાજરાહજૂર છે. વાણીથી વર્ણવી શકાય એમ નથી. લેખિની એનો લેખ લખી શકે એમ નથી. પણ હૃદયનો પડદો ચીરાય તો એ પરમતત્ત્વ સર્વત્ર સર્વવ્યાપક છે એવો નિશ્ચળ બોધ થાય. આ પરીસ્થિતિની ખાતરી થયા પછી શ્રી અવધૂતને વિમાસણ થાય છે અને એ વિમાસણમાં જ શ્રી અવધૂત કહે છે :

**કિસીકો લે લું, કિસીકો છોડું !**
**કહાંપે ઢૂંઢું કિધર કો મૂંડું,**
**જહાંપે દૌડું વહાં વો યારૂ અનાદિ હાજર હજૂર રહા હૈ !**

કેટલી વિષમ અવસ્થા છે ! એક તરફ સગુણ-સાકાર ઉપાસના છે. બીજી તરફ નિર્ગુણ-નિરાકારની પ્રાપ્તિનો પ્રશ્ન છે. શું કરે ? કોઈ પણ સાધક એ અવસ્થામાં ત્રિશંકુની ગતિનો અનુભવ કરે એમાં નવાઈ નથી.

શ્રી અવધૂતના સાધનકાળમાં તેમને થતા હૃદયમંથનનું આ એક શબ્દચિત્ર છે એમ નથી લાગતું ? એક બાજુ સગુણસાકાર ઉપાસનાના સંસર્ગોચિત સંસ્કારો પ્રબળ છે. બીજી બાજુ શાસ્ત્રકૃપા અને ઈશકૃપાના પરિણામે વેદાંતપરિશીલન દ્વારા અદ્વૈત પરમાત્માનું પરોક્ષ જ્ઞાન છે. એક બાજુ સગુણસાકાર ઉપાસનાના સકામ અને નિષ્કામ એવા બે પ્રકારો છે. બીજી બાજુ નિર્ગુણનિરાકાર અદ્વૈત આત્માના જ્ઞાનસ્વરૂપનો એક જ નિઃશંક પ્રકાર છે. અદ્વૈત આત્માની અવ્યક્ત ભાવે થતી ઉપાસના કપરી. સગુણસાકારની ધ્યાન દ્વારા થતી ઉપાસના અવ્યક્તની ઉપાસનાની અપેક્ષાએ સરળ છે. ઉભયનું પરિણામ તો એક જ છે. એટલે ધ્યાનનિષ્ઠા

અને જ્ઞાનનિષ્ઠા એવાં બે સાધનોમાં કયું સાધન સ્વીકારવું એ પ્રશ્ન સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થાય છે. અને તેથી ચિત્ત દ્વિધા અનુભવે છે. સાધક નિશ્ચય કરી શકતો નથી. શ્રી અવધૂતે આ શબ્દો દ્વારા બરોબર આ જ અવસ્થા આલેખી છે. જ્યારે દ્વૈતભાવ હોય, દ્વિધાચિત્ત હોય ત્યારે સાધકની એવી જ સ્થિતિ થાય છે એ નિઃશંક છે.






સાધનકાળમાં સાધકનું ચિત્ત સ્થિર રહેતું નથી. બાળક આગળ પડેલાં અનેક રમકડાંમાં કયું લેવું અને કયું છોડવું એ બાળક નક્કી કરી શકતું નથી. અને તેથી એક લે છે તે મૂકી બીજું લે છે, અને એમ વારાફરતી જુદાં જુદાં રમકડાં લે છે પણ એકેમાં તેનું ચિત્ત ચોંટતું નથી. તેમ સાધન કાળમાં આજે રામનું ભજન, કાલે શ્રીકૃષ્ણનું ભજન; વળી દેવદેવીની ઉપાસનામાં સાધક મંડ્યો રહે. વળી ધૂન ચઢી તો નિર્ગુણ-નિરાકારની ઉપાસના કરવા લાગે. આમ સાધનકાળમાં સાધક સ્થિર થઈને બેસતો નથી. અને તેથી એવા સાધકની

**"કિસી કો લે લું"**

જેવી સ્થિતિ થાય છે એમ શ્રી અવધૂતે કહ્યું છે. રામને પ્રસન્ન કરું, શ્રી કૃષ્ણને પ્રસન્ન કરું, દેવદેવીને પ્રસન્ન કરું કે નિર્ગુણ નિરાકાર પરમતત્ત્વની પ્રાપ્તિ કરું ? આવા અનેક પ્રશ્નો તેની નજર આગળ ઊભા થાય છે.

પ્રસંગોપાત્ત શ્રી અવધૂતે કહ્યું : "કોઈને કૂવો ખોદવો હોય તો આજે અહીં પાંચ ફૂટ ખોદે, પાણી નહીં જણાય એટલે બીજે ખોદે, ત્યાં પાણી નહીં જણાય એટલે ત્રીજે ખોદે. પણ એમ વારંવાર સ્થળાંતર કરવાથી તેને પાણી કદી જ મળતું નથી. એક જ જગ્યાએ ધીરજ અને ખંત રાખી ખાડો ખોદનાર અંતે પાણી મેળવી શકે છે. તેમ પરમતત્ત્વને પ્રાપ્ત કરવાની જેને જિજ્ઞાસા હોય તેને માટે તો એક જ માર્ગ છે. પછી તે રુચિ અને અધિકાર ભેદને કારણે કર્મનિષ્ઠા હોય કે જ્ઞાનનિષ્ઠા હોય. જે નિષ્ઠાને સ્વીકારીને આરંભ કર્યો હોય તે જ નિષ્ઠાને વિચારપૂર્વક વળગી રહેવાથી જ અર્થની સિદ્ધિ થાય છે. સાચી વાત પણ એ જ છે. રોજરોજ દેવદેવીઓ અથવા પરમાત્માના ભિન્નભિન્ન અવતારોની આરાધના કરવાથી એકે સાકારસ્વરૂપમાં ભાવના કે શ્રદ્ધા સ્થિર થતી નથી. સ્થિર શ્રદ્ધા અને ભાવનાનાં અભાવે એકે સ્વરૂપની ઉપલબ્ધિ થતી નથી. સાધક મારગના પાણા જેવો અટવાતો જ રહે છે અને તેને શું કરવું અને શું ન કરવું તે સૂઝતું નથી. તેની બુદ્ધિ જ્યાં સુધી નિશ્ચયાત્મક થતી નથી ત્યાં સુધી તેનું જીવન એળે જાય છે. અનેક જગ્યાએ ફાંફાં મારતાં તે એકે સ્થળે સ્થિર થઈ શકતો નથી. સરિતાના જળમાં વહેતો પથ્થર જેમ સેવાળ જમાવી શકતો નથી તેમ જ દ્વિધાચિત્ત સાધક અર્થલાભ કરી શકતો નથી. 
સ્વરૂપભેદથી તત્ત્વભેદ થતો નથી એ વાતની પ્રતીતિ કરીને એક જ



સ્વરૂપમાં સ્થિરશ્રદ્ધા અને સ્થિરબુદ્ધિ રાખવાનું તેથી જ શ્રી અવધૂતે અહીં ગર્ભિત રીતે સૂચન કર્યું છે. અને તેથી ''કિસીકો લે લું'' એ વૃત્તિનો ત્યાગ કરીને અગર સગુણસાકાર સ્વરૂપમાં અભિરુચિ હોય તો. જેમ તુળસીદાસે શ્રીરામના એક જ સ્વરૂપને સર્વ સ્વરૂપોમાં જોયું, મીરાંએ જેમ શ્રીકૃષ્ણના એક જ સ્વરૂપને સર્વ સ્વરૂપોમાં જોયું તેમ, સાધકે પણ પોતાની અભિરુચિ અનુસાર એક જ સ્વરૂપમાં સર્વ સ્વરૂપને જોઈને તે જ સ્વરૂપમાં પોતાની બુદ્ધિ સ્થિર કરવી ઘટે. તેમ થશે તો ''કિસીકો લે લું''નો પ્રશ્ન જ રહેશે નહીં. એ સમસ્યા આપોઆપ જ ઉકલી જશે. સાધક અર્થસિદ્ધિ કરી શકશે. પછી કોને સ્વીકારવો અને કોનો ત્યાગ કરવો એ ગ્રહણ અને ત્યાગની બુદ્ધિની નિવૃત્તિ થશે. પછી સાધક જ્યાં જોશે ત્યાં, જે સ્વરૂપનું ધ્યાન ધરશે તે સ્વરૂપમાં તેને પોતાના જ ઇષ્ટનાં દર્શન થશે. ત્યારે શિવલિંગમાં, શ્રીરામના ચતુર્ભુજ સ્વરૂપમાં, મહાલક્ષ્મીમાં અને પ્રકૃતિમાત્રમાં તેને પોતાના ઇષ્ટનું સ્વરૂપ જણાશે. આમ થવાથી એક સ્વરૂપ પ્રત્યે રાગ અને બીજા પ્રત્યે દ્વેષ એવી દ્વૈતબુદ્ધિ પણ રહેશે નહીં. અને ત્યારે શ્રી અવધૂતના

**'કિસીકો લે લું, કિસીકો છોડું'**

એ બે પ્રશ્નોનો પ્રત્યુત્તર સહજ મળી જશે.

'જ્યાં સુધી એવું સ્વરૂપજ્ઞાન ન થાય, એવું સમદર્શન ન થાય, આકારભેદે સ્વરૂપભેદ માનવાની દ્વૈતબુદ્ધિ જ્યાં સુધી રહે, ત્યાં સુધી તો કોને પકડે અને કોને છોડે એ વિમાસણમાં એક જ સ્વરૂપમાં તે સ્થિર થઈ શકતો નથી. પરમાત્માને શોધવા તે નીકળી પડે છે. પછી તે પોતે જ પોતાને પૂછે છે :

**કહાંપે ઢૂંઢું, કિધર કો મૂંડું ?**

ક્યાં શોધું ? કઈ દિશામાં જાઉં ? એ વિચારો તેને આવે છે. એક તો સ્વરૂપમાં અસ્થિરબુદ્ધિ છે અને સ્વરૂપના વ્યાપકપણામાં પણ અસ્થિરબુદ્ધિ છે. તેથી તેની મૂંઝવણનો પાર રહેતો નથી અને તેથી એ અશાંતચિત્તયુક્ત સંશયાત્મા વિનાશને જ પંથે પરવરે છે.

સાધકની એવી વિકળ અવસ્થા જોઈને કોઈ તેને કહેશે : ''ભાઈ, મંદિરમાં ભગવાન છે ત્યાં જાવ.'' અને તે અંધશ્રધ્ધાળુ મંદિરમાં જશે. એ મંદિરમાં પણ જ્યાં સુધી તેને પ્રતિમામાં પાષાણની ભાવના રહેશે ત્યાં સુધી પ્રભુ ન મળે તે ન જ મળે. કોઈ કહેશે : ''ભાઈ, વનવગડે જાવ અને ત્યાં સંસાર પરિવારને પરહરીને પ્રભુ ભજન કરો. ત્યાં તમને પ્રભુ મળશે.'' અને તે સ્વાર્થાંધ વનવગડામાં જશે. શું ત્યાં તેને પ્રભુ મળશે ? અરે, રામ ભજો ! જ્યાં સુધી મનમાંથી એ સંસાર નથી ગયો ત્યાં સુધી ભગવાનનાં દર્શન કેમ થાય ?

પ્રસંગોપાત્ત એક સમે શ્રી અવધૂતે એક સાધકને કહ્યું, ''ભલે

એકાંતવાસ કરો પણ મન ઘેરે મૂકતા જાવ.'' કેટલો માર્મિક બોધ છે ! જ્યાં સુધી મનની નિવૃત્તિ ન થાય ત્યાં સુધી અરણ્ય અને ઘર સરખું જ છે. મન નિવૃત્ત થાય તો વન અને જન ઉભય સમાન છે. તેવા મનની સમાહિત અવસ્થાવાળા સાધકને 'કહાં પે ઢૂંઢું' એ પ્રશ્ન રહેતો જ નથી.






વનવગડે જશો કે પર્વતની ગુફામાં જશો તો પણ પ્રભુ ક્યાંય નહિ મળે. આમ સાધક રઝળતો રવડતો ઘડીકમાં એક પંથ, ઘડીકમાં બીજો પંથ એમ અટવાતો, ફાંફાં મારતો ભવાટવીમાં ભટકે છે તોય તેને ક્યાંય પત્તો લાગતો નથી. ક્યાંથી લાગે ? જે માતા પોતાની કેડમાં છોકરું છે છતાં છોકરાને શોધવા શહેરમાં નીકળે તે માતાને છોકરું ક્યાંથી મળે ? આમ ફાંફાં મારતો સાધક જ્યારે હતાશ થાય છે, થાકે છે, ત્યારે તે કિંકર્તવ્યમૂઢ બનીને શૂન્યવત્ બની જાય છે. એકે આરો હાથ લાગતો નથી. તેનું જીવનનાવ મઝધાર પડ્યું છે. બિચારો સાનભાન ભૂલીને મૂંઝાય છે. 'કોક તો માર્ગ બતાવો ?' કહીને તે સાચા ગુરુની અપેક્ષા રાખે છે. તેવા જ જિજ્ઞાસુ સાધકને શ્રી અવધૂત સ્વાનુભવસિદ્ધ આશ્વાસન આપતાં કહે છે :

**"જહાં પે દોડું વહાં વો યારુ અનાદિ હાજર હજૂર રહા હૈ !"**

લ્યો ભાઈ, આ તમારા પરમાત્માનું સ્થાન. કેવટ વિનાની નાવમાં સરિતાને પાર કરવાની ઈચ્છાવાળા પથિકને જ્યારે સરિતાના મધ્યમાં નાવડું ડગમગતું હોય, ખડક સાથે ટકરાતું હોય, જ્યારે પથિક અસહાય બને, અશરણ બને ત્યારે જ ભગવાન

**तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।**
**भवामि नचिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥**

એ પોતાનું અભયવચન પાળવાને આવીને ઊભા રહે છે. સાધક પથિકને પાર ઉતારે છે. તેવું જ શ્રી અવધૂતનું આ બોધવચન એવા સાધકને ઉગરવાને એક આધારરૂપ છે.

સાધક અવસ્થામાં અનેકવિધ પ્રયત્નો કરીને, અનેક પ્રકારે આત્મતત્ત્વને શોધવાનાં ફાંફાં મારીને અંતે સ્થિરબુદ્ધિયુક્ત બનેલા સાધકને પોતાનો એ પરમાત્મા જ્યાં તે જાય છે ત્યાં જણાય છે.

અહંતા, મમતા અને વાસનાનો ક્ષય થતાં મનની ચંચળતાનો અંત આવે છે, ચિત્તના મળ, વિક્ષેપ અને આવરણનો પણ ક્ષય થાય છે ત્યારે તેને પરમતત્ત્વના સર્વવ્યાપકત્વનું જ્ઞાન થાય છે. પછી તેનો પરમાત્મા વનમાં પણ નથી, જનમાં પણ નથી, મંદિરમાં પણ નથી અને પર્વતની ગુફામાં પણ નથી. તેનો પરમાત્મા એને પોતાનામાં અને સર્વમાં, અહીં અને બધે - સર્વત્ર દેખાય છે. એટલે નથી રહેતું કાંઈ લેવાનું કે નથી રહેતું કાંઈ છોડવાનું. નથી રહેતું કશે પ્રવૃત્ત થવાનું કે નિવૃત્ત થવાનું. જ્યાં ત્યાં એ એક જ સભર ભરેલો હોવાથી સાધક તન્મય થાય છે અને





સર્વત્ર એકાત્મ દ્રષ્ટિએ એને કે સ્વતઃને જોઈ સ્વાત્માનંદમાં રાચે છે. એ જ પરમાત્મા અપરિછિન્નરૂપે સર્જન સમસ્તમાં સમાન ભાવે રહેલો જણાય છે. ત્યારે તે વિશ્વવ્યાપક પરમતત્ત્વને તે બધે જ જુએ છે, અને ત્યારે તેને, 'હું જ્યાં દોડું છું ત્યાં તે પરમાત્મા, જેનો આદિ નથી, જેનો અંત નથી અને જેનો મધ્ય પણ નથી, તે હાજરાહજૂર જણાય છે. જેનો આદિ છે તેનો અંત પણ છે. આત્મા અનાદિ છે અને તેથી અનંત છે. એવા અનન્ત પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરીને સાધક અંતે શાંત થઈ જાય છે. પરમાત્મા સર્વવ્યાપક હોવાથી, તે ક્યાં નથી એ પ્રશ્નનો પણ ત્યારે તેને ઉત્તર મળી જાય છે.

પરમાત્મા સર્વત્ર છે. તેને શોધવાની જરૂર નથી. જેને શોધવા નીકળીએ તે સીમિત બની જાય છે. અને પરમાત્મા તો અસીમ છે. એટલે બધે જ છે. પછી શા સારુ તેને શોધવા ભટકો છો ? પણ એ બુદ્ધિ સ્થિર થતાં પહેલાં તો શ્રી અવધૂતે પણ સાધનકાળમાં પરિભ્રમણ કર્યું. દેહાધ્યાસને ટાળવાને, દેહાભિમાનને ખાળવાને અને દેહની અહંતા અને મમતાને સાધવાને એ સિદ્ધે સાધનકાળમાં તપશ્ચર્યા મિષે લોહીનું પાણી કર્યું ત્યારે જ પરોક્ષ શ્રુતિવચનનું અપરોક્ષ જ્ઞાન પ્રાપ્ત કરીને આ ઉત્તમ પંક્તિનું અહીં આલેખન કર્યું.

હૃદયના મળ, વિક્ષેપ અને આવરણનો પડદો દૂર થશે એટલે એ પરમતત્ત્વ જે અનાદિકાળથી હાજરાહજૂર છે તેની તુરત જ પ્રતીતિ થશે. જે કાંઈ સાધનો કરવાનાં છે તે કેવળ એ મળ, વિક્ષેપ અને આવરણને નિવૃત્ત કરી અંતઃકરણને શુદ્ધ કરવા માટે જ કરવાનાં છે. અંતઃકરણ તો શુદ્ધ જ છે. એનું શુદ્ધિકરણ કરવાનું રહેતું જ નથી. પણ એ શુદ્ધ અંતઃકરણ ઉપર અનાદિકાળના મલિનતાના સંસ્કારોનાં જે પડ ચઢેલાં છે તેનો નિઃશેષ ક્ષય કરવા માટે જ પુરુષાર્થ કરવાનો છે. સુવર્ણ સ્વભાવે શુદ્ધ જ છે પણ માટીના થર તેના પર જામેલા છે અને તેથી તેનું શુદ્ધ સ્વરૂપ ઢંકાયેલું છે. તેને કાઢી નાખવા માટે, જેમ સુવર્ણને અગ્નિમાં તપાવવું પડે છે અને ત્યારે એ મળરહિત સ્વસ્વરૂપે પ્રકાશિત થાય છે તેમ, હૃદયસ્થ પરમતત્ત્વ તો શુદ્ધ છે જ, તેને શુદ્ધ કરવાની જરૂર નથી. પણ એ કૂટસ્થ પરમતત્ત્વમાં આવરણરૂપે રહેલા અનાદિ સંસ્કારોરૂપ મળ, વિક્ષેપનો નિઃશેષ ક્ષય થતાં જ એ પરમતત્ત્વ પ્રકાશિત થાય છે. અને ત્યારે સ્થૂળ અને સૂક્ષ્મ શરીરાભિમાની ચિદાભાસરૂપ જીવ પોતાના આભાસથી મુક્ત શુદ્ધબુદ્ધ સ્વરૂપમાં સ્થિત થાય છે. જીવ એ તો એ કૂટસ્થ આત્માની ઉપાધિ છે. એ ઉપાધિમુક્ત કૂટસ્થ આત્મા સ્વરૂપમાંજ સ્થિત છે. વસ્તુતઃ તો 'શિવ' એક જ છે પણ ઉપાધિના કારણે 'જીવ' અને શિવ એવા ભેદ પડેલા છે. અહીં "અનાદિ" શબ્દનો અર્થ સૂચક છે. પરમતત્ત્વ આદિ અને અંત રહિત હોવાથી અનાદિ છે. જેનો આદિ છે તેનો અંત પણ છે અને તેથી

જગત આદિ અને અંતવાન હોવાથી તેનો વિનાશ છે. પરમાત્મા અનાદિ હોવાથી અવિનાશી છે. વિશ્વના આરંભકાળ પહેલાં પણ એ તત્ત્વ હતું અને વિશ્વના પ્રલય પછી પણ એ તત્ત્વ રહેશે. મધ્યમાં-વર્તમાનકાળમાં જેની જગતરૂપે અભિવ્યક્તિ થાય છે તે પણ એ અનાદિ પરમતત્ત્વના અંશરૂપે જ છે. એ પરમતત્ત્વ વડે જ વિશ્વની ઉત્પત્તિ છે, એના વડે જ વિશ્વનું પોષણ થાય છે અને એનામાં જ પ્રલયસમયે એ સમસ્ત સર્જનનો લય થશે. લય થશે ત્યારે એ સર્જન કેવળ સંસ્કારરૂપે એ પરમતત્ત્વમાં રહેશે. વિશ્વનો વિલય થશે તોપણ એ પરમતત્ત્વ તો સ્વસ્વરૂપમાં અવશેષ રહેશે જ. એટલે વિશ્વના અંત સાથે પરમતત્ત્વનો અંત થતો નથી. તેથી આગળ કહ્યું તેમ વિશ્વના પ્રારંભ પહેલાં જે તત્ત્વ હતું તે જ તેના અંત પછી પણ રહેશે. અને તેથી જ એ અનાદિ છે. એ અનાદિ તત્ત્વ ત્રિકાલાબાધિત હોવા છતાં ત્રણે કાળમાં હાજરાહજૂર છે અને તેથી જ અહીં શ્રી અવધૂતે






"અનાદિ હાજર હજૂર રહા હૈ"

કહીને પરમતત્ત્વનું અવિનાશીપણું અને 'સત્' સ્વરૂપ સિદ્ધ કર્યું છે.

એ પરમતત્ત્વ સદાસર્વદા પોતાના સત્ સ્વરૂપમાં સ્થિત હોવા છતાં માયાનો આશ્રય લઈને સર્જનના વહેવારમાં શક્તિરૂપે ઓતપ્રોત છે. પણ તે કેવળ દ્રષ્ટારૂપે જ રહે છે અને તેથી તે સાધકની પાસે જ છે. સાધકના હૃદયમાં જ તેનો નિવાસ છે. સાધકથી તે જરાય દૂર નથી. તેના અસ્તિત્વ વિના સાધકનું અસ્તિત્વ શક્ય જ નથી. અને તેથી તે "अस्ति" રૂપે સાધકના શરીરમાં નખશિખાંત વ્યાપ્ત છે. તેથી તે 'સત્' સ્વરૂપ છે. પણ સાધકને એ સૂઝતું નથી અને તેથી તે પરમતત્ત્વને શોધવા માટે પોતાના હૃદયને છોડીને બહાર ફાંફાં મારે છે. જ્યાં સુધી સાધક એ હૃદયસ્થ પરમતત્ત્વને પ્રીછતો નથી ત્યાં સુધી એ પરમતત્ત્વ પણ તેનાથી દૂર જ છે. અનન્યભાવે જે તેનું શરણ ગ્રહણ કરે છે તેને માટે તો તે આઠે ઘડી અને બારે પોર તેની પાસે જ છે. તેને એક ક્ષણ પણ વીલો મૂકતું નથી. એ વસ્તુ શ્રી અવધૂતે

"વો પાસ દૂરા"

એ શબ્દો દ્વારા અહીં વ્યક્ત કરી છે.

પણ જો તે પાસે જ છે તો જણાતો કેમ નથી ? નથી જણાતો કારણ કે જોવાની આંખોનો અભાવ છે. ચર્મચક્ષુ વડે તો પરમાત્માને જોઈ શકાતા નથી. એ ચક્ષુ તો બાહ્યરૂપને જોવાને જ સર્જાયેલાં છે. બાહ્ય પદાર્થોને જોવા એ જ એનું નિયતકર્મ છે. જે ચક્ષુ એ પરમતત્ત્વને જોવાને સમર્થ છે એ ચક્ષુઓ તો વિષયાકાર વૃત્તિઓને કારણે તેને જોવાને સમર્થ નથી. જે બુદ્ધિ વડે તત્ત્વનું ગ્રહણ કરી શકાય છે તે બુદ્ધિ તો વિષયાસક્ત છે. એ બુદ્ધિ જ્યારે સ્થિર થાય, બ્રહ્માકાર બને ત્યારે એ પરમતત્ત્વનું






ગ્રહણ કરી શકે. દર્શન તો ત્યારે પણ થતાં નથી. આપણું મુખ જોવાને જેમ આપણને દર્પણની જરૂર પડે છે તેમ પરમતત્ત્વને જોવાને પણ નિર્મળ જ્ઞાનચક્ષુની જરૂર છે. નિર્મળ એટલા માટે કે વિષયોનું જ્ઞાન એ મલિન છે-અજ્ઞાન છે. પરમાત્મદર્શન અર્થે વિષયવિમુખ નિર્મળ બુદ્ધિની જરૂર છે. એ જ્ઞાનચક્ષુરૂપ દર્પણ ક્યારે મળે ? સાધક જ્યારે અધિકારી બને ત્યારે. સાધકની દૃષ્ટિ જ્યાં સુધી પ્રભુને પોતાની બહાર જોવાનો પ્રયાસ કરે છે, જ્યાં સુધી વૃત્તિ અંતર્મુખ નથી ત્યાં સુધી તેને પરમાત્માનાં દર્શન થતાં નથી. અને તેથી પ્રભુ પોતાની પાસે જ, પોતાના જ હૃદયમાં હોવા છતાં પરમાત્મા તેને દૂર જણાય છે. સાધકનો દૃષ્ટિભેદ જ્યારે ટળી જાય છે, જ્યારે હૃદયનો પડદો દૂર થાય છે, સમગ્ર સંસાર પરમાત્માનું સ્વરૂપ છે એવો અનુભવ થાય છે, પરમાત્મા સાધકને પોતાની પાસે જ જણાય છે ત્યારે 'વો પાસ' એ સત્યનો પણ અનુભવ થાય છે. શ્રી અવધૂતના આ શબ્દો પણ શ્રુતિનો જ અનુવાદ છે. જ્યાં સુધી માયા છે, માયાનું આવરણ છે; કર્મ છે, કર્મનું પ્રારબ્ધ છે અને તે ક્ષીણ થયું નથી ત્યાં સુધી પરમાત્મા જીવથી દૂર છે અને દૂર જ રહેશે.

વળી એ જ પરમતત્ત્વ અંદર પણ છે અને બહાર પણ છે અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

"વો અંદર બહારા."

જ્યારે પરમતત્ત્વ સર્વવ્યાપક છે એ શ્રુતિસંમત સિદ્ધાંતનો સ્વીકાર કરીએ ત્યારે 'જેમ પિંડે તેમ બ્રહ્માંડે' એ ન્યાયે પિંડ-બ્રહ્માંડમાં એ પરમતત્ત્વ સમાયેલું છે એ સત્ય પણ સ્વીકારવું જ રહ્યું. પરમતત્ત્વના વ્યાપકત્વનું ખરું રહસ્ય પણ એ જ છે. જે પરમાત્માની શક્તિ વડે સમસ્ત બ્રહ્માંડનો વ્યવહાર ચાલે છે, જે પરમાત્મા સૂત્રધારરૂપે સમસ્ત સર્જનને પોતાની માયાથી યંત્રારૂઢ પ્રમાણે ભ્રમણ કરાવી રહ્યો છે તે જ પરમાત્મા માનવહૃદયમાં રહીને તેને પોતાની શક્તિ વડે નચાવી રહ્યો છે. જેમ આકાશ અંદર પણ છે અને બહાર પણ છે, તેમ પ્રભુ પણ અંદર અને બહાર વિરાજમાન છે. મહદાકાશમાં એક નાનકડો મઠ બાંધીએ તો મહદાકાશનો તેટલો ભાગ જેમ પરિચ્છિન્ન અવસ્થાને પ્રાપ્ત કરે છે તેમ એ હૃદયકાશમાં રહેલું પરમતત્ત્વ તેની ફરતે રહેલા આવરણને લીધે પરિચ્છિન્ન અવસ્થાને પ્રાપ્ત કરે છે. એ દીવાલરૂપ આવરણ દૂર થતાં જ, જેમ એ મઠાકાશ મહદાકાશ બની જાય છે તેમ, એ આવરણનો અંત આવતાં એ જ હૃદયાકાશમાં રહેલું પરમતત્ત્વ મહત્તત્ત્વ બની જાય છે. અને તેથી જે પરમતત્ત્વ બહાર છે તે જ પરમતત્ત્વ અંતરમાં પણ છે એવી પ્રતીતિ થાય છે. દૂધ એક જ હોવા છતાં ભિન્ન .ભિન્ન ઘટમાં ભરેલું હોવાથી ભિન્ન જણાય છે, તેમ પૃથક્ પૃથક્ શરીરોમાં રહેલું એ એક જ પરમતત્ત્વ આપણને ભેદદૃષ્ટિએ ભિન્ન છે એવો ભાસ થાય છે અને તેથી તે દૂર

છે એમ જણાય છે. વાસ્તવિક રીતે એ દૂર પણ નથી અને પાસે પણ નથી. માત્ર દૃષ્ટિભેદ છે, બુદ્ધિભેદ છે અને તેથી શ્રુતિએ પણ એ તત્ત્વ દૂરથી પણ દૂર અને નજીકથી પણ નજીક કહ્યું છે. પરમતત્ત્વ પોતાનું રુંધન સ્વીકારતું નથી. જે તેનું રુંધન કરે છે તેમાં પણ તે જ સમાયેલું છે, જ્યાં તેનું રુંધન થયેલું છે તેમાં પણ તે જ સમાયેલું છે. અને અનિરુદ્ધ અવસ્થામાં પણ એ જ પરમતત્ત્વ હાજર છે. આકાશને આંતરી શકાશે પણ પરમતત્ત્વને આંતરી શકાતું નથી. પરમતત્ત્વ આકાશના જેટલું જ સ્વચ્છ અને અનિરુદ્ધ હોવા છતાં માયિક દૃષ્ટિએ એ પાસે અને દૂર છે એવો કેવળ ભાસ થાય છે. એ પરમતત્ત્વ તો બધે એક જ સરખી રીતે રહેલું હોવાથી શ્રી અવધૂત કહે છે :

**'ગગનમંડલમેં વો ખેલનહારા.'**

અને એ રીતે એ પરમતત્ત્વનું સ્થાન પણ શ્રી અવધૂતે નિર્દિષ્ટ કર્યું છે. ગગનમંડળ એટલે આકાશ-અવકાશ. એ અવકાશ પરમાત્માથી પરિપૂર્ણ છે. જ્યાં વાયુનો પણ સંચાર નથી ત્યાં પણ એ તત્ત્વ રહેલું છે અને તે ગગનમંડળમાં રમી રહ્યું છે. ગગનમંડળમાં વાયુનો વિહાર મર્યાદિત છે. અમર્યાદ પરમતત્ત્વનો વિહાર પણ અમર્યાદ છે. અને તેથી ગગનમંડળસ્થ વાયુમંડળને ચીરીને પણ એ પરમતત્ત્વ વિહાર કરે છે એમ શ્રી અવધૂત કહે છે. એ પરમતત્ત્વનું સ્વરૂપ સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. સ્થૂળકાય હાથીના શરીરમાં એ પરમતત્ત્વ જેવું સૂક્ષ્મરૂપે રહેલું છે તેવું જ સૂક્ષ્મરૂપે એક કીડીની કાયામાં પણ રહેલું છે એ સત્યનો ઉલ્લેખ કરવા શ્રી અવધૂત કહે છે :

**'અચેતન ચેતન વો નૂર આલા.'**

સર્જન જડ પણ છે અને ચેતન પણ છે. એ ઉભય સજીવ છે એમાં પણ શક નથી. ઝાડ, પાન, પાષાણ આદિ સર્જન જડ છે. માનવ, પશુ, પક્ષી આદિ પ્રાણીઓ ચેતન સર્જન છે. એ અચેતન અને સચેતન સર્જનમાત્રમાં એ સર્વનો ચેતનદાતા પરમતત્ત્વ ચૈતન્યસ્વરૂપે સમાયેલો છે એમાં પણ શક નથી. ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ ત્રિગુણાત્મક અવસ્થા એ સર્જનને સરખી જ રીતે નિયંત્રિત કરે છે. એ ત્રણે ગુણોના ધર્મ એ ઉભય સર્જનને પોતાનામાં સમાવીને રહેલા છે. ઝાડ બીજમાંથી અંકુર કાઢીને મોટું થાય છે. પથ્થર નાની કણિકામાંથી મોટી શિલા બને છે અને નિસર્ગના એ જ નિયમાનુસાર વૃદ્ધિ અને ક્ષયના નિયમો એ અચેતન સર્જનને પણ પોતાને સ્વાધીન રાખે છે. પ્રાણી સર્જનને પણ એ જ વૃદ્ધિ અને ક્ષયનો ધર્મ લાગે છે. ગર્ભ ઊછરે છે, જન્મે છે; બાલ્ય, યુવા અને વૃદ્ધાવસ્થાનો અનુભવ કરે છે અને અંતે મરણને શરણ થાય છે. સર્જનનો એ ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો અબાધિત નિયમ છે. તેને અપવાદ નથી. એ નિયમ ઉપર કહ્યું તેમ સચર અને અચર સંસારસર્જનને લાગુ પડે





છે. પણ એ ઉભય અચેતન અને સચેતન સર્જનનું નૂર એ પરમતત્ત્વ છે. એ નૂર અવર્ણનીય છે અને તેથી અદ્વિતીય છે. એ પરમતત્ત્વ એ સર્જનસમસ્તમાં વ્યાપક હોવાથી તેની શક્તિ વડે જ એ નિસર્ગનો નિયમ અબાધિત અને અપવાદરહિત આજ સુધી ચાલ્યો આવે છે અને સર્જનના પ્રલય સુધી ચાલશે એ પણ નિઃશંક છે. એ પરમતત્ત્વ શક્તિરૂપે એ સમસ્ત સર્જનમાં વ્યાપીને, સ્વસત્તામાં એ સર્જનથી વિરક્ત સમસ્ત બ્રહ્માંડમાં કેવળ એક જ અંશમાત્રથી સમસ્ત બ્રહ્માંડને આવરી લઈને વ્યાપી રહેલું છે. અને તેથી તે 'આલા' પરમગહન છે એવું શ્રી અવધૂત કહે છે. એ જ કારણે એ પરમતત્ત્વ સર્વથી ન્યારું છે.

એ નૂર કેવું છે ?

**“સદા સભીમેં ચમક રહા હૈ !”**

**સદા સર્વમાં** ચમકી રહ્યું છે. વીજળીનો ચમકાર તો ક્ષણિક છે પણ **આત્મતત્ત્વના નૂરનો ચમકાર અનાદિ** છે. એ આત્મતત્ત્વ જો સર્વમાં ચમકાર ન ચમકાવે તો પ્રાણી અને પદાર્થ આદિ નામરૂપાત્મક સર્જનસમસ્ત પોતાનો નિર્વાહ શી રીતે કરી શકે ? જ્યાં એ તેજ નથી ત્યાં શી અવસ્થા છે ? એ પ્રશ્નનો વિચાર કરીએ.

જન્મ પહેલાં, જીવનકાળમાં અને મૃત્યુ પછી પણ એ જ તત્ત્વ અવશેષરૂપે રહે છે એમ આપણે આગળ જોયું છે. પરમતત્ત્વના, એ પરમતેજના પ્રકાશ વિના જડ શરીર ગતિશીલ થતું નથી. જડ સર્જન પણ ગતિશીલ બની શકતું નથી. પંચભૂતાત્મક શરીર જડત્વના કારણે પોતાથી પૃથક્ પણ પોતામાં રહેલી પરમતત્ત્વની શક્તિ વિના ગતિમાન થઈ શકતું નથી. પંચભૂત પોતાની શક્તિ વડે પૃથક્ પૃથક્ ભાવે ગતિવાન થઈ શકતાં નથી. એની પૃથક્ સત્તા કે સ્ફૂર્તિ જ નથી. શરીરની ઇન્દ્રિયો પણ જડ છે. જો ઇન્દ્રિયોમાં પોતાની શક્તિ હોય તો તે શક્તિના ચેતન દ્વારા શરીરથી ભિન્ન થયા પછી પણ તે પોતાનું કાર્ય કરી શકે. પણ તેમ થતું નથી એ આપણે જોઈએ છીએ. જીભને મુખગોલકમાંથી કાઢી બહાર મૂકીને જોઈશું તો કેવળ માંસપિંડ હોવાથી પડી રહેશે. હાથપગનું પણ તેમ જ. નેત્ર અને કાન પણ પોતાનું કર્તવ્ય બજાવી શકતાં નથી. જે ચેતનશકિત વડે એ સર્વ ઇન્દ્રિયો ક્રિયાશીલ છે, પોતાના ધર્મો બજાવે છે, તે ચેતનશકિત વિહોણી એ ઇન્દ્રિયો અથવા એ શરીર નિઃસત્વ છે. અને તેથી જ એ પરમતત્ત્વ સદાસર્વદા સર્વમાં ચમકી રહ્યું છે એમ કહ્યા વિના બીજી ગતિ નથી. એક નિષ્પ્રાણ શરીરનો જ આપણે દાખલો લઈએ. જ્યાં સુધી તેમાં શ્વાસ છે, જ્યાં સુધી તેમાં ચૈતન્ય છે, ત્યાં સુધી જ તે હલનચલન કરી શકે છે. ચેતન અદૃશ્ય થતાં જ પ્રાણવાયુની પ્રાણનક્રિયા અટકી જાય છે અને પ્રાણનક્રિયાના અભાવે એ શરીર નિશ્ચેષ્ટ મડદું બની પડ્યું રહે છે. જે શક્તિ વડે એ શરીર ચેતનવંતુ હતું તે શક્તિ હણાઈ





જતાં તે નિઃસત્વ બની જાય છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું તેમ એ પરમતત્ત્વ સદા સર્વમાં ચમકી રહ્યું છે અને તેથી તે ચિત્તસ્વરૂપે જગતમાં વ્યાપક છે.

આગળ ચાલતાં શ્રી અવધૂતે કહ્યું :

**"ન નામ ઉસકા."**

પરમતત્ત્વનું નામ નથી. નામ કેમ નથી ? પરમતત્ત્વ અનાદિ છે, અજર છે, અમર છે, અજન્મા છે. જે અજન્મા છે તેનું નામ ન હોઈ શકે. જેનું નામ છે તેનું રૂપ અને આકાર પણ છે. એ માયાનું કાર્ય છે. માયાનું સર્જનમાત્ર નાશવંત છે. એ માયાથી પર જે પુરુષ છે તે અવિનાશી છે. માયા અને તેનું કાર્ય ક્ષર છે. પરમતત્ત્વ અક્ષર છે અને તેથી તે નામરહિત છે. વળી,

**"ન રૂપ ઉસકા."**

તેને રૂપ પણ નથી. નામ અને રૂપનો સંબંધ આકાર સાથે છે. નામ, રૂપ અને આકારરહિત નિરાકાર બ્રહ્મને એ ઉપાધિ નથી અને તેથી તે પરમતત્ત્વ નામરૂપાદિ વિહોણું છે એમ શ્રી અવધૂતે કહ્યું છે. જેનું નામ નથી, જેનું રૂપ નથી, જેનો આકાર નથી તેની પ્રાપ્તિ પણ શી રીતે થાય ? શાસ્ત્રોએ કહ્યું છે કે એ અરૂપ, અનામી, પરમતત્ત્વની પ્રાપ્તિ થાય છે. સંસારના સંતોએ પણ એ વાતની શાખ પૂરી છે. હા, જેણે એ પરમતત્ત્વની પ્રાપ્તિ કરી છે, અનુભવગમ્ય એ તત્ત્વ જેણે જ્ઞાન દ્વારા હસ્તામલકવત્ પ્રાપ્ત કર્યું છે તે એ તત્વ કેવું છે તે કહી શકતા નથી, કારણ કે તે વાણીનો વિષય નથી. પ્રાપ્તિ કરી છે એ વાત તો સિદ્ધ જ છે. ક્ષર અને અક્ષરની પર એ પરમતત્ત્વને પામ્યા પછી સિદ્ધિનું-પ્રાપ્તિનું અભિમાન પણ ગળી જાય છે. એટલે એ પ્રાપ્તિનું જ્ઞાન જ તેને રહેતું ન હોવાથી તે કશું જ કહી શકતો નથી. કેવળ આનંદ સ્વરૂપે જ તેનો અનુભવ કરીને શાંત બની જાય છે. અને તેથી જ

**ન નામ ઉસકા, ન રૂપ ઉસકા,**
**સભી ઉસીકે, ન વો કિસીકા.**

એવું શ્રી અવધૂતે કહ્યું.

શ્રી ભગવાને પણ અર્જુનને કહ્યું

**मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः ॥**

"સર્વ ભૂતો મારામાં રહેલાં છે પણ હું તેમાં રહેલો નથી."

પોતાની માયાને સર્જાવી માયાને ઓથે રહી સમસ્ત સંસારનો વ્યવહાર ચલાવનાર એ કુશળ કારીગર કેટલો નિર્લેપ છે એ બતાવવાને અહીં શ્રી અવધૂતે આ વાત કહી છે. બધાય તેના છે પણ તે કોઈનો નથી.

વ્રજમાં શ્રીકૃષ્ણ અને ગોપિકાઓના પરસ્પર સંબંધની વાત તો કોઈથી અજાણી નથી. શ્રીકૃષ્ણપ્રેમમાં રાતદિવસ રત રહેતી ગોપીઓ

શ્રીકૃષ્ણને પોતાના જ માનતી. માનતી એટલું જ નહીં પણ તેનું અભિમાન પણ લેતી. અને શ્રીકૃષ્ણ તે બધીય ગોપીઓથી નિર્લેપ હતા. જ્યારે શ્રીકૃષ્ણ વ્રજને છોડી વૃંદાવન ગયા ત્યારે શ્રીકૃષ્ણને એ ગોપીઓનો લેશમાત્ર મોહ નહોતો. શ્રીકૃષ્ણ ગોપીઓને ભૂલ્યા હતા એવો એનો અર્થ નથી પણ શ્રીકૃષ્ણ અસંગવૃત્તિના આદર્શરૂપ હતા, આસક્તિરહિત હતા. ગોપિકાઓને શ્રીકૃષ્ણમાં આસક્તિ હતી અને તેથી જ શ્રીકૃષ્ણ અમારા છે એમ ગોપિકાઓ માનતી હતી. અહીં પણ એ જ સત્ય તરી આવે છે. માયાને મોખરે કરી પરમતત્ત્વમાંથી સર્જાયેલું સર્જન પરમતત્ત્વનું જ કહી શકાય. પરમતત્ત્વ વિના એ સર્જનને ઉત્પન્ન કરવાની શક્તિ બીજામાં નથી. પણ સર્જનહાર એ સર્જનમાં આસક્ત નથી. 'મારું સર્જન' એમ પરમતત્ત્વ કહેતું નથી અને જે મોહ અને મમત્વ પ્રાકૃત માનવીમાં જણાય છે તેનાથી એ પરમતત્ત્વ સર્વાંશે મુક્ત છે. જેમ એક પિતા "મારો સંસાર, મારાં સુત, દારા" વગેરે મમત્વપૂર્ણ શબ્દોનો ઉચ્ચાર કરે છે તેમ એ પરમતત્ત્વનું નથી. બધાય એનાથી જ ઉત્પન્ન થાય છે, કરોળિયાના જાળા પ્રમાણે એ સર્જનસમસ્ત જે સર્વશક્તિશાળી પરમતત્ત્વમાંથી સર્જાયું છે તેમાં જ તે શમી જવાનું હોવાથી, તે સર્જનને ભલે એમ હોય કે તે સર્જનહારનું છે પણ સર્જનહારને તે 'મારું' છે એવી આસક્તિ નથી. એટલે એ કોઈનાથી પરાધીન નથી. કોઈનાથી બંધાતો નથી. જેમ કરોળિયો પોતાના શરીરમાંથી ઉત્પન્ન કરેલી જાળથી વેગળો છે તેમ એ પરમતત્ત્વ પણ સર્જનથી ભિન્ન છે અને અનાસક્ત હોવાથી પોતાનું કોઈ છે એવો મમત્વપૂર્ણ ભાવ પરમતત્ત્વમાં આરોપી શકાતો નથી.

અને છતાંય જગતમાં જેટલાં નામ છે, જેટલાં રૂપ છે અને જેટલા આકાર છે તે બધાંય તેનાં જ છે. વાસ્તવિક રીતે તેને નામ, રૂપ કે આકાર નથી. એ રીતે એ અનંતરૂપી અને અનંતનામી હોવા છતાં એનું અસલ કોઈ એક મર્યાદિત નામ નથી. એ સ્વસ્વરૂપસ્થિત પરમતત્ત્વ રૂપ વિનાનું જ વિશ્વમાં સમાઈ રહેલું છે. શ્રી અવધૂતે

**અનંતરૂપી વો રૂપ એકા બેરૂપ ઈંગ્રા સમા રહા હૈ !**

એમ કહીને આ ગીત સમાપ્ત કર્યું છે.

આ સમગ્ર ભજન ઉપનિષદ, ગીતા અને શાસ્ત્રોના નિચોડરૂપ સ્વાનુભવના આધારે જ રચાયેલું છે. જે સત્ય છે તે સત્ય જ રહેવાનું છે અને કોઈપણ કાળે તેમાં લેશમાત્ર પણ ફેરફાર થવાનો નથી; એ અધ્યાત્મ તત્ત્વ અહીં શ્રી અવધૂતે અનુભવસિદ્ધ ભાષામાં આલેખ્યું છે. આત્માના સત્યસ્વરૂપનું સાધકને ભાન કરાવવાને એ પૂરતું છે.




(૨૩)

(રાગ-આશાવરી, તાલ-ત્રિતાલ)

ભણતર મોટું ભૂત, તપસી !– ટેક.

ગર્વ વધારે વિનય સંહારે, દેવ કહે સબ તૂત;
સહુથી અદકો આપ વખાણે, સંત કહે હડધૂત !–તપસી (૧)
તર્ક કુતર્ક ઉઠાવે કંઈ કંઈ, સ્વચ્છંદ માને પૂત;
સ્થિર ઠરે ના એક ઠેકાણે, કરે કૂદાકૂદ !–તપસી (૨)
અહં અહંની કરે ગર્જના, અન્ય કહે તે જૂઠ;
આપબુદ્ધિ સર્વજ્ઞ પ્રમાણે, બકે શાસ્ત્ર અખૂટ !–તપસી (૩)
કા-કા - શબ્દે હંસ હઠાવે, કરે મિથ્યા કૂટ;
જ્ઞાન જઈને ભાન જો આવે, રંગ લહે અવધૂત !–તપસી (૪)

અહીં શ્રી અવધૂતે ભણતરની ભૂતાવળનું પ્રદર્શન કર્યું છે. આજના જમાનામાં નિરક્ષરતા નિવારણ અર્થે જ્યારે ચારે દિશામાં પોકાર ઊઠે છે, જ્યારે ઘરઘર અક્ષરજ્ઞાન આપવાનો પ્રચાર થઈ રહ્યો છે ત્યારે શ્રી અવધૂત એ ભણતરને ભૂત કહીને તેની અવગણના કરે છે. અવધૂત પોતે સંસ્કૃતસાક્ષર છે, આંગ્લભાષામાં પ્રવીણ છે છતાંય જ્યારે આમ કહે છે ત્યારે તેમાં પણ કાંઈક રહસ્ય હોવું જોઈએ એમ લાગે છે. તેથી એનો પણ વિચાર કરવો ઘટે. શ્રી અવધૂત કહે છે : "હું ભણ્યો છું તે બધુંય ભૂલી જાઉં તો અભણ અવસ્થાનો અનેરો આનંદ આવે." આપણે શ્રી અવધૂતને ભણતર ઉપર આટલો અનાદર કેમ છે તે જોઈએ.

"सा विद्या या विमुक्तये"

"જે બંધનો અને વહેમોમાંથી મુક્ત કરે તે વિદ્યા"

શ્રી અવધૂતનાં બધાંય ગીતોમાં અધ્યાત્મભાવની જ પરિમલ પમરે છે. આ ગીતમાં પણ તેવી જ પરિમલ પમરે છે.

શાસ્ત્રોએ વિદ્યાના બે વિભાગ કર્યા છે. "પરાવિદ્યા" એટલે "બ્રહ્મવિદ્યા" અને "અપરાવિદ્યા" એટલે "લૌકિકવિદ્યા." જે વિદ્યા વડે જીવભાવથી છુટકારો થાય તે બ્રહ્મવિદ્યા. તે સિવાયની બીજી વિદ્યા બંધનનું કારણ સર્જાવે છે તેથી તેને અપરાવિદ્યા કહી છે. શ્રી અવધૂતે એવી અપરાવિદ્યાને અનર્થક ગણીને તે જીવનના પરમ સાધનમાં ગૌણ સ્થાને છે એ હેતુ વ્યક્ત કર્યો છે. નક્કર આધ્યાત્મિક જીવનની વાત બાજુએ મૂકીએ તો પણ આજના રોજિંદા પ્રત્યક્ષ વ્યવહારિક જીવનમાં પણ આજનું શાળા અને કૉલેજમાં અપાતું પુસ્તકિયા શિક્ષણ કેટલું કામમાં આવે છે ? સાચી વિદ્યા તો કેવળ અધ્યાત્મવિદ્યા છે અને તે તો ત્રણે કાળમાં સામાન્ય જ છે. અસ્તુ.





શ્રી અવધૂતે ભણતરને ભૂતની ઉપમા આપી છે. અને તે વાસ્તવિક પણ છે. ભૂત અનેક પ્રકારના ચાળાઓ કરે છે. જેને એ વળગે તેની પાસે ભિન્ન ભિન્ન પ્રકારની ચેષ્ટાઓ કરાવે છે. ઘડીક પાગલ પેઠે હસાવે છે, ઘડીક રડાવે છે, ઘડીક ધુણાવે છે, ઘડીક યદ્વાતદ્વા લવરી કરાવે છે અને એમ કરીને પોતાનું પોત પ્રકાશે છે. તે જ રીતે ભણેલો પણ અનેક પ્રકારનાં બુદ્ધિનાં વેવલાપણાં કરે છે. સત્યને મિથ્યા અને અસત્યને સત્ય ઠરાવવાના પ્રયોગો એ બુદ્ધિબળ વડે જ થાય છે. બુદ્ધિનું એ બળ ભણતર વડે જ આવે છે પણ એ ભણતરમાં આત્માની ભાષા નથી. એ ભણતરમાં કેવળ પ્રાપંચિક જીવનવ્યવહારની જ ભાષા છે. એ ભણતરથી જે બુદ્ધિનો વિકાસ થાય છે તે બુદ્ધિ પણ કેવળ રાજસ્ અને તામસ્ ગુણની જ પોષક હોવાથી આત્માના બંધનોને વધારે દૃઢ બનાવવામાં જ સહાયક નીવડે છે અને તેથી તે અનાદરને પાત્ર છે. ભણેલાઓમાં બુદ્ધિનો વિકાસ હોય છે કારણ કે ભણતર દ્વારા તેને વિવિધ વિષયોનું જ્ઞાન મળ્યું છે. બુદ્ધિ તો અભણમાં પણ હોય છે પણ તે બિડાયેલા કમળના જેવી અણવિકસિત હોય છે. કહેવાતો અભણ અટલ શ્રદ્ધાળુ અને ભાવિક હોય છે, જ્યારે કહેવાતો ભણેલો એ શ્રદ્ધા અને ભાવને બુદ્ધિને ત્રાજવે તોલીને માપ કાઢે છે. અભણ નિઃસંશય છે ત્યારે ભણેલો સંશયાત્મા છે અને તેથી કોઈ પણ વસ્તુની તુલના કરવામાં તેની શ્રદ્ધા જ આવશ્યક છે, ત્યાં બુદ્ધિની કે વિદ્યાની જરાય જરૂર નથી. બુદ્ધિનો ઉપયોગ કર્યા વિના જ કે પાંડિત્યના પ્રયોગો કર્યા વિના જ કેવળ ભાવ અને શ્રદ્ધા વડે જ જ્યાં અર્થ સરતો હોય ત્યાં એ બુદ્ધિ અને પાંડિત્યને શું કરવાનાં ? પરમાત્મપ્રાપ્તિને માર્ગે જનાર જ્યાં સુધી પોતાનાં બળ અને બુદ્ધિ પર મુસ્તાક છે ત્યાં સુધી તેનો પુરુષાર્થ નપુંસક છે. ભગવાન તો કેવળ એકદેશી ભાવ, અનન્ય ચિંતન અને શ્રદ્ધાથી જ પ્રાપ્ત કરી શકાય છે.

વ્રજની ગોપીઓને વશ બનેલા શ્રીકૃષ્ણની ગોપીવિરહની વેદના જોઈને જ્યારે વિદ્વાન ઉદ્ધવે શ્રીકૃષ્ણને પ્રશ્ન કર્યો ત્યારે શ્રીકૃષ્ણે ઉદ્ધવને ગોપીઓને મળવા વ્રજમાં મોકલ્યો શ્રીમદ્ ભાગવતમાં એ પ્રસંગ સુંદર રીતે વર્ણવ્યો છે. ઉદ્ધવ એ અભણ ગોપીઓની એકાંતિક અનન્યભક્તિ જોઈને ઝંખવાણો પડ્યો. અંતે વ્રજનું તૃણ થઈને પણ વ્રજમાં જન્મ લેવાની આકાંક્ષા કરી. ગોપીઓ છે અભણ, પણ ભાવ અને શ્રદ્ધાના અખૂટ ભંડાર સમી એમની આધ્યાત્મિક અવસ્થા છે. ભાવગમ્ય ભગવાનને પ્રાપ્ત કરવાને ભણતરની કે બુદ્ધિની જરૂર નથી. પણ એથી વિપરીત જ્યાં બુદ્ધિનો નકલી ચમકાર છે, જ્યાં પાયાવિહોણો તર્ક છે ત્યાંથી તો પ્રભુ સો વાર દૂર જ છે, અને તેથી જ માનવજન્મની સાર્થકતા સાધ્ય કરી શકાતી નથી. આ કારણે જ શ્રી અવધૂતે ભણતરને ભૂત કહ્યું છે.

એ ભણતરનું ભૂત જેને વળગ્યું હોય તેની ચેષ્ટાઓનું વર્ણન કરતાં






શ્રી અવધૂત કહે છે :

**ગર્વ વધારે વિનય સંહારે, દેવ કહે સબ તૂત;**
**સહુથી અદકો આપ વખાણે, સંત કહે હડધૂત !**

કહેવાતા ભણેલાને ભણતરનું અભિમાન વધે છે. વિવેકસંપન્ન વિદ્વાન વિરલ જ હોય છે, જ્યારે વિવેકહીન વિદ્વાનનો આજકાલ રાફડો ફાટ્યો છે. એ અભિમાનને કારણે વધેલા આસુરી ભાવને લઈને પોતે જ પોતાને બૃહસ્પતિ જેવો વિદ્વાન લેખીને ગર્વના ઘમંડમાં બીજાઓને પોતાના કરતાં તુચ્છ ગણીને અન્યજનોનો તિરસ્કાર કરનાર કહેવાતા વિદ્વાન ખરેખર દયાને પાત્ર છે. અહંકાર એ વિનયનો શત્રુ છે.

"विद्या ददाति विनयम्"

એ ચોકઠામાં બેસે એવા વિદ્વાનો તો ભાગ્યે જ મળે છે; અને તેથી અભિમાનને કારણે માનવીમાં જે કાંઈ વિનય છે તેનો પણ નાશ થાય છે. ખરી રીતે જોતાં વિદ્યા મનુષ્યને સદ્‌ગુણશીલ અને નમ્ર બનાવે છે. તે વિદ્યા જ તેનો ઉદ્ધાર કરે છે. સાચું પૂછો તો આજનું ભણતર તેના ઉત્તમ ગુણોનું પોષક નથી. અને

"सा विद्या या विमुक्तये"

એ શાસ્ત્રવચનને અનુરૂપ ભણતરના અભાવે અભિમાન જ વધે છે. જ્યાં અભિમાન છે ત્યાં વિનયને રહેવાનું સ્થાન નથી. એવો અવિવેકી અને અભિમાનથી ભરેલો ભણેલો ભગવાનને પણ એક ધતિંગ તરીકે જ વર્ણવે છે. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

"દેવ કહે સબ તૂત;"

ભગવાન તર્કસાધ્ય નથી. જ્યાં તર્ક સમાપ્ત થાય છે ત્યાં જ ભગવાનનું સ્થાન છે. ભણતરના પ્રભાવે જ્યાં સુધી ભગવાનને બુદ્ધિથી માપવાનો પ્રયત્ન થતો હોય ત્યાં સુધી, એ અમર્યાદ પ્રભુ એવા ભણેલાની બુદ્ધિમાં ઊતરવાનો સંભવ નથી અને તેથી એ કેવળ ધતિંગ છે એમ કહીને એવો ભણેલો પોતાના અભિમાનને જ પોષે છે. એવા ભણેલા ગર્વના ભંડાર કરતાં તો એક અભણ પણ સંસ્કારી અને નિરભિમાની શ્રેષ્ઠ છે. એ ભણેલો એટલેથી જ અટકતો નથી. ભણતરના અભિમાનને વશ પોતે જ પોતાની આત્મશ્લાઘા કરે છે. શ્રી અવધૂતે કહ્યું :

"સહુથી અદકો આપ વખાણે."

પોતાના કરતાં બીજા બધા ઊતરતી કોટિના છે એમ એ કહે છે. અને પ્રભુના લાડીલા અને પ્રભુના અવતાર સમા

"સંત કહે હડધૂત"

સંતોનો અનાદર કરે છે, એટલું જ નહીં પણ તેમને હડધૂત કરે છે અને તેમનો અનિચ્છનીય તિરસ્કાર કરે છે. એમનો અવિનય એટલેથી જ અટકતો નથી.






આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

તર્ક કુતર્ક ઉઠાવે કંઈ કંઈ, સ્વચ્છંદ માને પૂત;
સ્થિર ઠરે ના એક ઠેકાણે કરે કૂદાકૂદ !

આગળ કહ્યું તેમ ભણેલાને બુદ્ધિનું બળ અને તેના કારણે બુદ્ધિનું અભિમાન હોવાથી હોવાથી ભિન્નભિન્ન પ્રકારના તર્ક કરે છે. એ તર્ક ઘણીવાર કુતર્કમાં પણ પરિણામ પામે છે. બુદ્ધિ તો કોમળ વેલ જેવી છે. જેમ વાળો તેમ વળે એવી એ વેલને જે સાચો ભણેલો છે, જેની વિદ્યા મુક્તિદાતા છે તે એ જ બુદ્ધિ સાથે શ્રદ્ધા અને ભાવને રાખીને મુક્તિ પ્રાપ્ત કરે છે. વાણીનો ધારાપ્રવાહ અથવા કુશળતાપૂર્વક શાસ્ત્રની વ્યાખ્યા કરનાર વિદ્વાનની વિદ્વત્તા મુક્તિપ્રદાન કરી શકતી નથી. કેવળ સંસારના માયિક ભોગની જ પ્રાપ્તિ કરાવે છે અને તેથી જ

वाग्वैखरी शब्दझरी शास्त्रव्याख्यानकौशलम् ।
वैदुष्य विदुषां तद्वद् मुक्तये न तु मुक्तये ॥
(विवेक जुड़ामणि)

કેવળ બુદ્ધિવાદી ભણેલો એ જ વિદ્યારૂપી વેલને ઊભી તાડ જેવી વધવા દે છે. તેને તે શ્રદ્ધા અને ભાવનાના જળનું સિંચન કરતો નથી. તેથી તેની બુદ્ધિમાંથી, જેમ તાડમાંથી માદક રસ-તાડી નીકળે છે અને તેનું પાન માદકતા સર્જાવે છે તેમ, મનસ્વી તર્કકુતર્ક સર્જાવે છે. એવા કુતર્કને પરિણામે તે સ્વેચ્છાચારી બનતો જાય છે અને એ

"સ્વચ્છંદ માને પૂત"

તેના સ્વચ્છંદી વર્તનને જ પવિત્ર અને સાચું માનીને એની એ વાકપટુતામાં અને વિતંડાવાદમાં અંજાયેલા ભોળા મનુષ્યોને પણ સ્વેચ્છાચારી બનાવી દે છે. દારૂડિયાની સોબતમાં જેમ એક માણસ દારૂ પીતો થાય છે તેમ એવા સ્વચ્છંદી મનુષ્યના સહવાસમાં અને સંપર્કમાં આવવાથી બીજો મનુષ્ય પણ સ્વેચ્છાચારી બને એ સ્વાભાવિક છે. પોતાના એ પ્રમાદને કારણે એ કોઈ પણ જગ્યાએ

"સ્થિર ઠરે ના એક ઠેકાણે"

સ્થિર રહી શકતો નથી. એની બુદ્ધિ સ્થિર રહેતી નથી. એની વાણી સ્થિર રહેતી નથી અને વાણી અને વર્તનના સુમેળના અભાવે એ બીજાઓ ઉપર પોતાનો પ્રભાવ પણ પાડી શકતો નથી; અને તેથી જ્યાં એનું અભિમાન પોષાતું નથી ત્યાં એ ટકી શકતો નથી. જ્યાં એનો સ્વેચ્છાચાર અનાચાર લેખાય છે ત્યાં એ ટકી શકતો નથી અને તેથી જ મારગના પાણા જેવો એ ક્યાંયે જ સ્થિર થયા વિના

"કરે કૂદાકૂદ"



આજે અહીં કાલે બીજે એમ ભટક્યા જ કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે એવો કહેવાતો ભણેલો પણ સાચા અર્થમાં અભણ જેવો નથી





આ ભવ સુધારી શકતો કે નથી પરભવ સુધારી શકતો. પરમાત્માને ''ભૂત'' માનીને પરભવનું ભાથું બાંધ્યા વિના જ. જેમ એક માકડું એક ડાળેથી બીજી ડાળે અને બીજી ડાળેથી ત્રીજી ડાળે કૂદાકૂદ કરે છે અને ઠરીને બેસતું નથી તેમ, એવો ભણેલો છતાં ગણેલો નથી તે એક ક્ષણે એક વિચાર કરીને એક તર્ક ઉઠાવે છે અને બીજી જ ક્ષણે બીજો વિચાર કરીને બીજો તર્ક કરે છે અને એમ બુદ્ધિનો વ્યભિચાર કરીને જ પોતાનું જીવન પૂરું કરે છે. આ જ શ્રી અવધૂતભાખી એની 'કૂદાકૂદ' છે.

વાસ્તવિક રીતે તે પોતે કશું જ પ્રાપ્ત કરી શકતો નથી. જગતમાં દંભ લાંબો સમય ટકી શકતો નથી. જ્યારે એ દંભ છતો થાય છે અથવા એની અસ્થિરતાનું પ્રદર્શન થાય છે ત્યારે તે દંભીના બેહાલ થાય છે અને તેની પાસે કોઈ ઊભું પણ રહેતું નથી. એક વખતના તેના જ અનુયાયીઓ તેને લાતપાટુ કરે છે. સુમનમાળા આરોપનારાઓ જ તેને જૂતાંની માળા આરોપે છે અને ભૂંડે હાલે તેને હડસેલી કાઢે છે. જેને ભણતરનું ભૂતાવળ વળગ્યું છે તેની ગતિ ભૂતના જેવી જ થાય છે. બીજાઓનો તિરસ્કાર કરનાર પોતે જ તિરસ્કારને પાત્ર થાય છે. પ્રશ્ન માત્ર સમયનો જ છે.

આગળ ચાલતાં શ્રી અવધૂતે કહ્યું :

**''અહં અહંની કરે ગર્જના, અન્ય કહે તે જૂઠ;''**
**''આપ બુદ્ધિ સર્વજ્ઞ પ્રમાણે બકે શાસ્ત્ર અખૂટ !''**

ભણતરનું ભૂતાવળ જેને વળગ્યું છે તેનું અહંકાર એ સર્વશ્રેષ્ઠ લક્ષણ છે. એ અહંકારની મૂર્તિ હોય એમ જ પ્રતીત થાય છે. અને તેથી તે

**''અહં અહંની કરે ગર્જના''**

અહં અહંની ગર્જના કરે છે. ''મારા જેવો વિદ્વાન જગતમાં કોણ છે ? મારી સાથે વાદવિવાદ કરનાર હજી સુધી તો કોઈ જન્મ્યો નથી.'' અને એવાં અનેક અભિમાનભર્યાં વેણો ઉચ્ચારીને સમાજને પોતાના તરફ આકર્ષવાનાં ફાંફાં મારે છે. ભણતર હોય, બોલવાની છટા હોય, ભોળો સમાજ શ્રોતા હોય, રામાયણ, ભાગવત, ગીતા આદિ ગ્રંથોનો અભ્યાસ કર્યો હોય તો સમાજને તે સર્વપ્રથમ તો આકર્ષે છે, પણ સમાજ જ્યારે તેનું પોલ શોધી કાઢે છે ત્યારે તે જ સમાજ તેને અપમાનિત દશામાં હડસેલી પણ દે છે. અભિમાન લાંબું ટકી શકતું નથી. પથ્થર પર ચઢાવેલું ગોળનું પડ પાણી પડતાં ધોવાઈ જાય છે. અને પથ્થર જેમ પોતાના મૂળ સ્વરૂપમાં ઉઘાડો પડે છે તેમ એવો ભણેલો પણ જ્યારે તેનો પાર પામનાર કોઈ સામે આવીને ઊભો રહે ત્યારે ઠંડોગાર બની જાય છે. અરે, કાપો તો લોહી પણ ન નીકળે એવો બની જાય છે. તેનો દંભ ઉઘાડો પડે છે. એવા અભિમાનમાં મદિરા પીને મત્ત બનેલા માનવી જેવો એ ભણેલો

**''અન્ય કહે તે જૂઠ''**

બીજાઓ કહે તે જૂઠું છે અને પોતે જે કહે છે તે જ સાચું છે.





એવું પ્રતિપાદન કરીને, જગત આગળ પોતે જ સર્વશ્રેષ્ઠ છે એમ મનાવીને જગતને ઠગે છે. પોતાની બુદ્ધિ જ સાચી છે, પોતે જ સર્વજ્ઞ છે.

**"આપ બુદ્ધિ સર્વજ્ઞ પ્રમાણે"**

એમ કહે છે. "અરે, હું કહું તે જ સાચું. બીજાઓ શું કહેવાના છે ?" આ શબ્દો દ્વારા એનું અભિમાન તરી આવે છે. અને તેથી

**"બકે શાસ્ત્ર અખૂટ"**

તે શાસ્ત્રો અને બીજા ગ્રંથોનાં પ્રમાણ આપીને પોતાનો તર્ક સાચો છે, બીજાઓની બુદ્ધિ તો બહેર મારી ગઈ છે એમ કહીને પોતાની મહત્તા પોતે જ વધારે છે.

ભણતર ભલે હોય પણ તે નિર્મળ હોય, અભિમાનરહિત હોય તો આવું કશું જ થતું નથી. કારણ કે પૂર્ણ ઘટ કદી છલકાતો નથી. અધૂરો ઘડો જ છલકાય છે. અને શ્રી અવધૂતે આ ગીતમાં એ અધૂરા ઘડાની જ વાત કરી છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે:

**"કા-કા-શબ્દે હંસ હઠાવે, કરે મિથ્યા કૂટ;"**
**"જ્ઞાન જઈને ભાન જો આવે 'રંગ' લહે અવધૂત !!"**

એવા ભણેલાના વિતંડાવાદ આગળ સાચો વિદ્વાન નમ્ર બની જાય છે. "હંસ" એટલે પરમપદને પામેલો. એવા પરમપદને પામેલા હંસને તો વાચા હોતી જ નથી એટલે તે કદાપિ વિતંડાવાદ કરતો જ નથી. વાદમાં જ ઊતરતો નથી તો વિતંડાવાદ અને વાણીવિલાસનો પ્રશ્ન જ ક્યાં રહ્યો? તે તો એટલો નમ્ર અને વિનયી હોય છે કે તેને કોઈ અભણ, મૂર્ખ જેવા અપમાનજનિત શબ્દો કહે તો પણ તે કશું બોલતો નથી, તેની શાંતિમાં ભંગ થતો નથી. આવા અભણનો-એટલે ભણેલા પઢતમૂર્ખ-વિતંડાવાદ કાગડાના "કા-કા" શબ્દો જેવો અર્થહીન છે. કાગડાનાં ટોળાં ભેળાં થાય અને "કા-કા" કરે તો હંસ ત્યાંથી દૂર જતો રહે છે. ભણતર જેણે પચાવ્યું છે, જેણે ભણતરનો મર્મ જીવનમાં ઉતાર્યો છે, જેણે ભણતરમાંથી મુક્તિલાભ સાધ્યો છે, જેણે ભણતરના સદ્ગુણોને જીવનમાં અપનાવ્યા છે તે એવા કાગડા જેવા વિતંડાવાદીઓ અને ગર્વમાં ફુલાતાઓની સાથે વાતો કરવાને પણ રાજી હોતો નથી અને તેથી તેનો માર્ગ મોકળો કરી આપવાને ત્યાંથી દૂર ચાલ્યો જાય છે. એવો વિતંડાવાદ તો કેવળ

**"કરે મિથ્યા કૂટ"**

માથાકૂટ છે. તેનો કશો જ અર્થ નથી.

એવા ભણેલાને શ્રી અવધૂત કહે છે તેમ,

**"જ્ઞાન જઈને ભાન જો આવે 'રંગ' લહે અવધૂત."**

જો વિદ્યાનું અભિમાન જતું રહે અને જે જાણ્યું છે તેનો વિવેકપુરઃસર

વિચાર કરીને, જેમ હંસ પાણીને તરછોડીને દૂધને ગ્રહણ કરે છે તેમ, જો સાચું જ્ઞાન પ્રાપ્ત કરે તો જ્ઞાનનો સદુપયોગ થાય. જ્ઞાનનો એવો સદુપયોગ થાય તો અંતે શ્રી પરમાત્માનું-અવધૂતનું સ્વરૂપ જાણીને

"રંગ લહે અવધૂત"

પરમગતિને પામી શકે. ત્યારે જ તેની વિદ્યા સાર્થ ગણાય અને મુક્તિનું સાધન બને. ભણતર ખોટું નથી પણ એ ભણતરનો જે રીતે ઉપયોગ થાય છે તે ઇચ્છવાજોગ નથી એમ શ્રી અવધૂતે આ ભજન દ્વારા માર્મિક રીતે કહ્યું છે.








(૨૪)

(રાગ-તિલક કામોદ, તાલ-ત્રિતાલ)

(બન જા હરિદાસા હરિદાસા- એ રાહ)

યહ ઘર નહિ તેરા નહિ તેરા;
સમજ સમજ મન મેરા.—ટેક
ચીંટી કહે ઘર મેરા મેરા, મુસા કહે ઘર મેરા;
ખટમલ કહે ઘર મેરા મેરા, ઈંટમિટ્ટીકા ઢેરા.—યહ—(૧)
જટા બઢાયા મુંડ મુંડાયા, કહે મઠ મેરા મેરા;
ચેલાચાટી ગંજ જમાયા, સબ અંધેરે ઘેરા.—યહ—(૨)
તેરા તો ક્યૌં જાત અકેલા ? કહાં સુત બાંધવ ચેરા ?
દો દિન જગમેં કરત બસેરા, આખિર મરઘટ ડેરા!—યહ—(૩)
ચિડીયા ખેત ચુગાયા સારા, ભર ભર કષ્ટ ઉઠાયા;
દિવસ રૈન સબ ખેલ ગુમાયા, રંગ અંત પસ્તાયા ?—યહ—(૪)

* * *

મમતા માનવીને કેટલો માર મારે છે તેનો આ નાનકડા પણ રહસ્યપૂર્ણ ગીતમાં શ્રી અવધૂતે ચિતાર આપ્યો છે. ''ઘર'' શબ્દ તો સંકેત માત્ર છે. સંસારમાં રચીપચી રહેલા જીવને ઘરમાં કેટલું મમત્વ છે તેનું અહીં દર્શન કરાવ્યું છે.

એ ઘર તો ઈંટ અને માટીનો વ્યવસ્થિત ગોઠવેલો ઢગ છે. એ ઢગમાં મમતા કરનારા મનને શ્રી અવધૂત શિખામણ આપે છે.

**'હે મારા મન, તું સમજ, આ ઘર તારું નથી, તારું નથી.'**

વસ્તુતઃ મનુષ્યનું શું છે ? જે શરીરમાં અભિમાન રાખીએ છીએ, જે શરીરમાં મમત્વ ધારણ કરીએ છીએ અને જે શરીરને મારું મારું કહીએ છીએ તે શરીર નાશ થવાનું છે, તે કોઈનું થવાનું નથી. શરીરની અવધિ પૂરી થાય છે ત્યારે એ શરીરને છોડીને એ જ મન સૂક્ષ્મ-શરીરના સંઘાતને સાથે લઈને અન્ય શરીરમાં પ્રવેશ કરે છે. પણ જ્યાં સુધી મન એક શરીરમાં રહે છે ત્યાં સુધી તે તે જ શરીરનું અભિમાની બને છે અને તે જ શરીરને પોતાનું શરીર માનીને તેમાં મમત્વ રાખે છે. એ મમત્વથી જ અનર્થ સર્જાય છે. મનને એ શરીર નાશવંત છે એમ સમજાતું નથી અને તેથી એ નાશવંત શરીરનો મોહ જ મનુષ્યને એ શરીરમાં મમત્વ કરાવે છે. એ મોહ અને મમત્વને કારણે માનવી ''મારું મારું'' કરતો ફરે છે. ખરી રીતે તો આપણું કાંઈ જ નથી એ વૈરાગ્યપૂર્ણ જ્ઞાન થતાં સુધી તો બધું જ ''મારું'' છે એમ કહેવાનો મનુષ્યને અભ્યાસ પડ્યો હોય છે. એ અભ્યાસને કારણે ઘરમાં પણ મનુષ્યને મોહ અને મમત્વ થાય છે અને ત્યારે જ માનવી

"યહ ઘર મેરા મેરા...."

કહેતો થાય છે. ઘરમાં જે રહે તે એ ઘરને પોતાનું માને. એ ઘરમાં કોણ કોણ રહે છે? એ ઘર પર કેટલાનો અધિકાર છે? શ્રી અવધૂત કહે છે :

**"યહ ઘર નહિ તેરા નહિ તેરા;"**
**"સમજ સમજ મન મેરા."**

એ ઘરમાં કોણ કોણ રહે છે ? કીડી, માંકડ, ઉંદર, ચાંચડ અને એવાં જ બીજાં કેટલાંક પ્રાણીઓનો એ ઘરમાં વાસ છે.

કીડી કહે છે એ ઘર મારું છે, કારણ કે કીડી ઘરમાં રહે છે. ઉંદર પણ ઘરમાં વસે અને ઘર ઉપર પોતાનું સ્વામીત્વ હોવાનો દાવો કરે છે. માંકડ અને મચ્છર પણ ઘરમાં જ રહે છે અને તે પણ ઘર પોતાનું છે એમ કહે છે. અને ઘરમાં રહેનારા માનવી પણ તે ઘર પોતાનું છે એમ કહે છે. આમ જ્યારે ઘરમાં રહેનારા બધા જ "હું ઘરનો માલિક છું" એવું કહેતા થાય ત્યારે ઘરનો માલિક કોણ? વસ્તુતઃ તો એ ઈંટ અને માટીના વ્યવસ્થિત ગોઠવેલા આકારરૂપી ઘરને જ્યાંનું ત્યાં જ મૂકીને બધાય એક દિવસ ચાલ્યા જશે. નથી એ ઘર સાથે આવતું, નથી સગાંસંબંધીઓ સાથે આવતાં કે નથી ધનભંડાર સાથે આવતા. જે જ્યાં છે ત્યાં જ રહેવાનું છે. જે સાથે નથી આવવાનું તેનો મોહ કરવો મિથ્યા છે. તેમાં મમત્વ રાખીને વૃત્તિને કલુષિત કરવી એ વ્યર્થ છે. જ્યારે મનુષ્ય જન્મે છે ત્યારે તેની મૂઠી વળેલી હોય છે. તે પોતાનું પ્રારબ્ધ સાથે લઈને આવે છે. એ મૂઠીમાં કેવું પ્રારબ્ધ છે તે તે પોતે જ જાણતો નથી તો બીજા તો શી રીતે જાણી શકે ? અને જ્યારે મરે છે ત્યારે તે ઉઘાડે હાથે જાય છે. પ્રારબ્ધનો ક્ષય તે દેહનો ક્ષય. પ્રારબ્ધની પૂંજી પૂરી થતાં તે એક ક્ષણ પણ રહેતો નથી. કેવળ પ્રારબ્ધને ભોગવવા આવે છે અને પ્રારબ્ધ ભોગવીને જાય છે. "ત્યાં મારું શું?" એ મમત્વ શા સારુ ? શ્રી અવધૂત તેથી જ એવા મમત્વપૂર્ણ માનવીને કહે છે :

**"ચીંટી કહે ઘર મેરા મેરા, મુસા કહે ઘર મેરા;"**
**"ખટમલ કહે ઘર મેરા મેરા, ઈંટમિટ્ટીકા ઢેરા."**

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"જટા બઢાયા મુંડ મુંડાયા, કહે મઠ મેરા મેરા;"**

બાહ્ય આડંબર આત્મોપલબ્ધિમાં અવરોધક છે. ઘરબાર અને પુત્ર-પરિવારનો ત્યાગ કરી માથે જટા વધારીને ફરતા ભગવી કંથાધારી સાધુઓને સંબોધીને શ્રી અવધૂત અહીં કહે છે. એ જટા વધારે શું પરમાત્મા પ્રાપ્ત થાય છે ? જ્યાં સુધી એક પરિવારનો ત્યાગ કરી નવા પરિવારનો સ્વીકાર કરીને મહંત બનવાની વૃત્તિ છે ત્યાં સુધી તે ત્યાગી નથી. એક ઘરને છોડીને મઠરૂપી બીજું ઘર બનાવીને તેમાં આસક્ત બનેલો એ જટાધારી બાહ્ય સ્વાંગ ધરીને દિશા ભૂલે છે. પૂર્વમાં જવાને બદલે પશ્ચિમમાં

જાય છે. પ્રકાશને પ્રાપ્ત કરવાને બદલે દેહઅહંતા પાછળ પડી પડછાયાનો આધાર લે છે અને તેથી તે અંધકારમાં અથડાય છે.

બીજો એક વર્ગ સંન્યાસીનો છે. તે મુંડ મુંડાવીને, શિખાસૂત્રનો ત્યાગ કરીને, ભગવાં ધારણ કરીને, કેવળ બાહ્ય આડંબરયુક્ત બનીને સંન્યાસી બન્યાનો સંતોષ માને છે; એટલું જ નહીં પણ પોતાને સંન્યાસી કહેવરાવતા એ દંભીને જગત પણ સંન્યાસી કહે છે. તેનું અંતર કેવળ માયામાં આસક્ત હોવાથી તે પણ મઠ બાંધે છે, ચેલાઓ મુંડે છે અને એ ''મારો મઠ છે'' એમ કહીને મઠનું સ્વામીત્વ સ્વીકારીને મઠને પોતાનો કહેવામાં ભીંત ભૂલે છે. એ સાધુ નથી. સાધુના સ્વાંગમાં અસાધુ છે. એવા અસાધુઓ આત્મોદ્ધાર કરી શકતા નથી. કેવળ અજ્ઞાનરૂપી અંધકારમાં જ અથડાયા કરે છે. 'મમત્વ' અને 'મારું તારું' એ બંધનનું મૂળ અને અજ્ઞાનનું કારણ છે. જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી જ્ઞાનનો પ્રકાશ મળતો નથી. પરમાત્માનાં દર્શન થતાં નથી. જ્યાં સુધી અજ્ઞાનનો નિઃશેષ નાશ ન થાય ત્યાં સુધી જ્ઞાનની પ્રાપ્તિની આશા સેવવી એ આકાશકુસુમ પ્રાપ્ત કરવા બરાબર છે. અને તેથી જ મૂળમાં કુહાડી મારી એ અજ્ઞાનને નિવૃત્ત કરવાનો પુરુષાર્થ કરવો જરૂરનો છે. મઠ, ચેલાચેલી આદિ આત્મજ્ઞાનની પ્રાપ્તિમાં આડે આવનારાં છે. જ્યાં સુધી દેહનું અભિમાન છે, જ્યાં સુધી 'હું સંન્યાસી છું, મારો મઠ છે, મારા શિષ્યો છે,' એવું મમત્વપૂર્ણ અભિમાન છે ત્યાં સુધી જગત ભલે એવા મઠાધિપતિને સન્માન આપે, તેની ઓરામાં અંજાઈ તેની સેવા કરે પણ પરમાત્માને ત્યાં એ મઠાધિપતિની કોડીનીય કિંમત નથી. અને તેથી શ્રી અવધૂત પૂછે છે :

**"તેરા તો ક્યોં જાત અકેલા ? કહાં સુત બાંધવ ચેરા ?"**

મારું મારું કરનારા એ ગૃહસ્થને અને એ મઠાધીશોને શ્રી અવધૂત પૂછે છે : ''એ ઘર, એ મઠ, એ ચેલાચેલીઓ, એ સુત, બાંધવો અને પરિવાર તમારાં છે તો એ બધાંયને છોડીને તમે એકલા જ કેમ જાવ છો ? એ મઠ, ઘર આદિ કશું જ તમારી સાથે કેમ નથી આવતું ? પ્રાણપ્રયાણ સમયે તો આ શરીર જેને તમે તમારું કહો છો, જેમાં તમને મોહ અને મમતા છે તે પણ અહીં જ પડ્યું રહેવાનું છે. અને જનારો તો એકલો જ જાય છે. પછી એ ભેળો કરેલો માયાનો ભંડાર કોનો ?''

ખરી રીતે જોતાં અને આપણે જગતમાં રોજરોજ બનતું જોઈએ છીએ તેમ બધું જ્યાં છે ત્યાં જ રહેવાનું છે એવું પ્રતીત થાય છે. જીવ એકલો જ પોતાનાં કર્મ સાથે લઈને, મૃત્યુ સમયે જેવી તેની વાસના હોય તેવો દેહ પ્રાપ્ત કરવા ચાલ્યો જાય છે. સગાંસંબંધીઓ એ પ્રાણવિહોણા શરીરને બે દિવસ પણ જાળવી રાખતાં નથી. લાકડાના ઢગમાં એ શરીર ક્ષણમાં બળીને ખાખ થઈ જશે. વસ્તુસ્થિતિ આ હોવા છતાં પણ 'હું અમર છું' એમ માનનારા મૂઢ જનોનો જગતમાં તોટો નથી. અને તેથી

જ શ્રી અવધૂત કહે છે :

**"દો દિન જગમેં કરત બસેરા, આખિર મરઘટ ડેરા."**

જ્યાં સુધી શરીરની આવરદાની દોરી પૂરી ન થાય ત્યાં સુધી આ જગતમાં જીવીને જગતને જ્યાંનું ત્યાં મૂકીને જવાનું છે. તેનો અંતિમ વિસામો તો સ્મશાન છે પણ જીવનો વિસામો ક્યાં? શરીરમાંથી જે જાય છે તેનો વિસામો ક્યાં છે તે તો કેવળ વિધાતા જ જાણે છે. અને તેથી વિધાતાના બંધનમાંથી મુક્ત થવા જન્મમૃત્યુની નિવૃત્તિ અર્થે અવિદ્યાનો નિઃશેષ ક્ષય કરી જ્ઞાનારૂઢ થવાની જરૂર છે.

જન્મથી મૃત્યુ સુધીની અનેકવિધ ઘટનાઓનો સરવાળો કરતાં શ્રી અવધૂત કહે છે :

**ચિડીયા ખેત ચુગાયા સારા, મર મર કષ્ટ ઉઠાયા;**
**દિવસ રૈન સબ ખેલ ગુમાયા રંગ અંત પસ્તાયા.**

કિસાન રાતદિવસ તનતોડ મહેનત કરે છે. ખેતરમાં ધાન્ય વાવે છે અને તેને ઉછેરે છે. જ્યારે લણવાનો અવસર આવે છે ત્યારે, જેમ આખું ખેતર ચકલાં આદિ પંખીઓ ચણી જાય છે તેમ, મનુષ્ય પણ માયા અને મમત્વમાં જીવનભર લોહીનું પાણી કરી ધન પેદા કરે છે, પુત્રપરિવાર, દારા આદિમાં રચ્યોપચ્યો રહે છે અને એ માયિક આસક્તિને કારણે પ્રભુને ઓળખતો નથી, તેથી તે જન્મ-મરણનાં કષ્ટ ભોગવતો રહે છે. દિવસ અને રાત જીવનભર જગતની જંજાળની રમત રમતાં રમતાં મનુષ્ય પોતાનું જીવન પૂરું કરે છે અને જ્યારે અંત સમે જમડા આવી ઊભા રહે છે ત્યારે જીવને પસ્તાવો થાય છે. ત્યારે જ કાતર સ્વરે તે પોતાનાં કરેલાં કર્મોનું સ્મરણ કરીને રડે છે, પછાડા મારે છે અને પોતાની અંતિમ પળ બગાડે છે. નથી આ ભવ સુધારી શકતો, કે નથી પરભવનું ભાથું પણ બાંધી શકતો. જેને કારણે એ ઉભય ભવ બગડે છે તે પણ અંતે તો તેને લાત જ મારે છે અને અંતે જેવો આવ્યો તેવો જ કર્મબંધનના પુંજને લઈને આ ફાની દુનિયામાંથી કર્મનાં ફળ ચાખવા માટે બીજો જન્મ ધારણ કરે છે.

ઘર, દારા, સુત, સગાસંબંધી વગેરે જગતમાં કોઈ સાચું નથી. કેવળ સ્વાર્થને ખાતર ઋણાનુબંધને લઈને બધાં ભેગાં થાય છે અને ઋણ મુક્ત થતાં જ સૌ પોતપોતાના સ્થાને જવાનાં છે. મનુષ્યે તેથી 'હું કોણ છું' એ પ્રશ્ન પોતાની જાતને જ પૂછી પોતાની ઓળખ કરવાની છે. અને એ રીતે જ્ઞાન પ્રાપ્ત કરીને જન્મમરણથી મુક્ત થવાનું છે.

આખુંય ભજન અજ્ઞાનમૂલક દંભ, દર્પ, અભિમાન, મમતા અને મોહનો ત્યાગ કરી વૈરાગ્યવૃત્તિ સ્થિર કરવાનો માર્ગ બતાવે છે. અસ્તુ.






(૨૫)

(રાગ-મિશ્ર દેશ, તાલ-દાદરા)

તનકી સુધી ન જિસકો, જનકી કહાંસે પ્યારે !–ધ્રુ.
મીલા જો રાજ તો ક્યા ? ખોયા મકાન તો ક્યા ?
હુઆ હેરાન તો ક્યા ? માલૂમ કિસકો પ્યારે ?–તનકી. (૧)
કોઈ ફૂલોં ઉછાલે, યા જૂતિયોંસે મારે;
નિંદા સ્તુતિ સહા લે, બૈઠે હૈં મસ્ત પ્યારે ?–તનકી. (૨)
જબ લૌ ખુદાસે લાગી, અંતર દૃષ્ટિ જાગી;
દુહી સમૂલ ભાગી, ખુદમેં ખુદા નિહારે !–તનકી. (૩)
દુનિયાકી મ્હોબત જૂઠી, સહબત સબ ટૂટી;
નિઃસંગ ભંગ ઘૂટી, પીકે પડે હૈ પ્યારે !–તનકી. (૪)
ના મંદિરોમેં જાતે, ના મસ્જિદોં મનાતે;
સુરતીમેં મૂર્તિ ધ્યાતે, ઝગડે મિટાકે સારે !–તનકી. (૫)
સબ પાપ પૂન છોરા, નિજ રંગ સબ નિહારા;
કર્તાપના બિસારા, અબ મોહ શોક ક્યા રે !–તનકી. (૬)

આત્માનંદમાં મસ્ત બનેલા અવધૂતની અવસ્થાનું અહીં શ્રી અવધૂતે આછું વર્ણન કર્યું છે. સ્થૂળ શબ્દો દ્વારા એ આંતરિક અવસ્થાનો પૂરેપૂરો ખ્યાલ ન આવે એ સ્વાભાવિક છે કારણ કે શબ્દો એટલા શક્તિશાળી નથી; પણ એવા અવધૂતનો કાંઈક ઝાંખો ખ્યાલ આપણને આવે ખરો. જેને પોતાના દેહનું ભાન નથી તે આત્માનંદમાં અવિરતપણે તરબોળ બનેલા સંતને પોતાના દેહનું મમત્વ નથી અને તેથી તેને દેહની કાળજીયે હોતી નથી. એ કારણે તે દેહથી સર્વ રીતે મુક્ત હોય છે. એ દેહાતીતને જ્યારે પોતાના દેહ તરફ આટલું દુર્લક્ષ હોય છે ત્યારે જગતની તો તેને શી પડી હોય ? કોઈનું ગમે તેમ થાય તેની તેને શી સ્પૃહા ? એ જીવે છે જગતમાં જેમ બધા જીવે છે તેમ, પણ જગતથી વેગળો છે, અને તેથી એને જગતના મનુષ્યો સાથે કે જાગતિક પ્રપંચ સાથે કશો જ સંબંધ નથી. પાણીમાં રહેલું કમળ જેમ પાણીમાં રહેવા છતાં પાણીથી અળગું જ રહે છે તેમ એ અવધૂત પણ જગતમાં રહેતો હોવા છતાં જગતથી નિર્લેપ જ છે અને તેથી તેને જગતનું કે શરીરનું ભાન હોતું નથી.

જ્યાં સુધી કાયાની માયા છે ત્યાં સુધી જ મનમાન્યો સંસાર છે. ઇન્દ્રિયો બહિર્મુખ હોવાથી તે બહારના વિષયોને જુએ છે અને તેનું જ રટણ કરે છે. મન બહિર્મુખ હોવાથી તે વિષયો તરફ જ ઢળતું રહે છે.

તેને વિષયો સિવાય અન્યનું આકર્ષણ નથી. શ્રેય અને પ્રેયનો વિવેકપૂર્ણ વિચાર કરવાની તેનામાં વિષયાસક્તિને કારણે શક્તિ નથી. એ મન જ્યારે અંતર્મુખ બને છે ત્યારે તે બહારના વિષયો જોઈ શકતું નથી, તેથી તે વિષયો તરફ પગલાં પણ માંડી શકતું નથી. જ્યારે મન અંતર્મુખ થાય છે ત્યારે જ તેનામાં પ્રેય અને શ્રેયના ભેદનો વિચાર કરવાની વિવેકબુદ્ધિ આવે છે. ત્યારે તે પ્રેયને છોડીને શ્રેયને હાથ કરવાનો ઉદ્યમ કરતું થાય છે. અહીં શ્રી અવધૂત આપણને જે મહાત્માની વાતો કહે છે તેનું મન અંતર્મુખ પણ નથી અને બહિર્મુખ પણ નથી. અમન મહાત્માની એ વાત છે. મનને દેહ અને તેનાં કરણ સાથે નિકટનો સંબંધ છે. આત્મા તો અગ્નિનો ગોળો છે. તેના તરફ મીટ માંડવાની કે તેને સ્પર્શ કરવાની પણ મનની શક્તિ નથી. મન ગમે તેટલું બળવાન હોય, મન ગમે તેટલું પ્રમાથિ કે દૃઢ હોય પણ આત્માના ઓજસ આગળ એનાં એ બળ, પ્રમાદ અને દૃઢતા ઓગળી જાય છે. શરીર અને ઇન્દ્રિયસંઘાતનો આધાર લઈને વિષયો સાથે રમત રમતું મન જ્યારે આત્મતેજમાં, જેમ અગ્નિમાં સુવર્ણ ઓગળી જાય તેમ, ઓગળી જાય છે ત્યારે તે આત્મતેજથી ભિન્ન પોતાનું તેજ પ્રકાશિત કરી શકતું નથી અને તેથી જ તે 'મન' રહી શકતું નથી. મનની એવી અમન અવસ્થા જેણે સિદ્ધ કરી છે તે મહાત્માની આ વાત છે. તે મહાત્મા કેવો ?



ભા.- ૨

**"તનકી સુધિ ન જિસકો."**

જેને પોતાનું દેહભાન નથી. દેહભાન વિહોણા એ મહાત્માને

**"જનકી કહાં સે પ્યારે ?"**

જનનું એટલે જગતનું ભાન ક્યાંથી હોય ? એ દેહભાન જતું રહે, એ દેહનું વિસ્મરણ થાય એવી વિલક્ષણ અવસ્થા ક્યારે આવે ? પહેલાં દેહભાનનું વિસર્જન થાય અને પછી જ જનભાનનું વિસ્મરણ થાય. જરા વિસ્તાર થશે પણ આપણે થોડો વિચાર કરીએ.

દેહભાન એટલે શું ? આપણે એક મરેલા-પ્રાણ વિહોણા-શરીર પર દ્રષ્ટિપાત કરીએ. શું જણાશે ? એ નિશ્ચેષ્ટ અવસ્થામાં પડેલું જણાશે. એને હાથ છે, પગ છે, આંખ, કાન, નાક વગેરે શરીરની બધી જ ઇન્દ્રિયો છે પણ, એકેય ઇન્દ્રિય કોઈ પણ ચેષ્ટા કરી શકતી નથી. કારણ ? એમાં ચૈતન્ય નથી, એમાં પ્રાણ નથી, એમાં મન નથી, એમાં બુદ્ધિ નથી, અને એમાં ચેષ્ટા કરવાની શક્તિ નથી. પ્રેતસમું એ શરીર સ્વયંભૂ કોઈ પણ ચેષ્ટા કરી શકતું નથી એ વાત તો આમ નક્કી થઈ. ત્યારે શરીર જે ચેષ્ટા કરે છે, શરીરની ઇન્દ્રિયો જે ક્રિયાઓ કરે છે, શરીરની ઇન્દ્રિયોની એ ક્રિયાઓ કરવાને જ્યાંથી પ્રોત્સાહન-પ્રેરણા મળે છે તે કોણ ? આત્મતત્ત્વ તો શરીરમાં નખશિખાંત વ્યાપ્ત છે. પણ આત્મા તો નિષ્કર્મ છે અને નિષ્ક્રિય પણ છે. એ નિશ્ચેષ્ટ શરીરમાં પણ આત્મતત્ત્વ તો છે





જ પણ તે સ્વસ્વભાવમાં સ્થિત હોવાથી કાંઈ પણ ચેષ્ટા કે કર્મ કરતું નથી, કરી શકતું નથી. એ આત્મતત્ત્વમાંથી અચિંત્ય પ્રકારે પ્રસરતા તેજોવલયની ઓરા પ્રાણરૂપે સમસ્ત વિશ્વમાં વ્યાપક બનીને પાછી એ આત્મતત્ત્વમાં જ સમાઈ જાય છે. શરીરની ચેષ્ટા એ પ્રાણ દ્વારા થાય છે. પંચધા વિભક્ત એ મહાપ્રાણ જ શરીરમાત્રના સમસ્ત નિર્વાહનું એકમાત્ર સાધન છે. પ્રાણ શરીરમાંથી બહાર નીકળ્યા પછી જ્યારે અપાનરૂપે શરીરમાં પુનઃ પ્રવેશ કરતો નથી ત્યારે શરીર નિશ્ચેષ્ટ અને નિષ્ક્રિય બની જાય છે. ત્યારે તે શરીરનું મૃત્યુ થયું એમ કહેવાય છે. અસ્તુ. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારના કરણનો નિર્વાહ પણ એ પ્રાણને અવલંબીને જ થાય છે. એ પ્રાણ શરીરનાં ભિન્નભિન્ન કરણનાં ચક્રોને ગતિમાન કરવાનું એક સાધન છે. પણ એ પ્રાણની પ્રાણાપાન ક્રિયાને ગતિમાન કરનાર તો આત્મતત્ત્વનું સ્વયંભૂ ઓજસ છે; એ વાત આપણે સ્મરણમાં રાખવાની જરૂર છે.

શ્રી ભગવાને કહ્યું :

> सर्वस्य चाहं हृदि संन्निविष्टो
> मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।
> वेदैश्च सर्वैरहमेव वेद्यो
> वेदान्तकृद्वेदविदेव चाहम् ॥

"હું સર્વના હૃદયમાં અંતર્યામીરૂપે રહેલો છું. મારે લીધે સ્મૃતિ, જ્ઞાન અને તેનો અભાવ વિસ્મરણ તથા અજ્ઞાન થાય છે; સર્વ વેદો વડે જાણવા યોગ્ય હું જ છું તથા વેદાંતશાસ્ત્રનો કર્તા અને વેદોને જાણનારો હું જ છું."

હૃદયમાં રહેલ એ ભગવાનની શક્તિ વડે શક્તિશાળી બનેલો પ્રાણ શરીરની ક્રિયાઓનો જ નહીં પણ શરીરનો પણ નિર્વાહ કરે છે. એ શરીર જ્યારે જન્મે છે ત્યારે પ્રારબ્ધની સાથે જ જન્મે છે. પ્રારબ્ધ પૂર્ણ થતાં જ એ શરીરમાં પ્રાણ એક ક્ષણ પણ રહેતો નથી. અને જ્યારે એ શરીરમાંથી પ્રાણ નીકળી જાય છે ત્યારે મન, બુદ્ધિ આદિ સૂક્ષ્મ શરીર પણ તેની સાથે જ નીકળીને અન્ય શરીરમાં નવું પ્રારબ્ધ ભોગવવા માટે પ્રવેશ કરે છે. એ ક્રિયાને આપણે જીવનો ફરી જન્મ થયો એમ કહીએ છીએ. વસ્તુતઃ જીવનો જન્મ નથી અને જીવનું મૃત્યુ પણ નથી. અજ્ઞાનને કારણે આપણે એમ કહેતા થયા. અસ્તુ.

પંચમહાભૂતનું માળખું એટલે શરીર. એને આપણે સ્થૂળ શરીર કહીએ છીએ. એ સ્થૂળ શરીરમાં જ સૂક્ષ્મ શરીર રહેલું છે. કારણ શરીરનો વાસ પણ સ્થૂળ શરીરમાં જ છે. એ ત્રણે શરીરનો સંચાલક આત્મા છે. જેમ સૂર્યના પ્રકાશમાં થતાં અનેકવિધ શુભાશુભ કર્મો સાથે સૂર્યને સંબંધ નથી તેમ એ ત્રણે શરીરથી થતાં શુભાશુભ કર્મો સાથે આત્માને સંબંધ

નથી. એ ત્રણે શરીરના સહવાસને કારણે આત્માએ તેની સાથે એકાત્મતા અથવા તાદાત્મ્ય સાધ્યું છે. અને તેથી એ ત્રણે શરીર પોતે છે એમ માનીને આત્મા એ ત્રણે શરીરનાં કર્મોને પોતાના કર્મો લેખતો થયો છે. આ કારણે તેને એ ત્રણે શરીરમાં મમતા અને અહંતા ઉત્પન્ન થઈ છે અને તેથી આત્મામાં "હું દેહ છું" એવું જ મિથ્યાભાન થયું છે. તે "દેહભાન" છે. અને તેને અહીં શ્રી અવધૂતે

**"તનકી સુધી ન જિસકો"**

કહ્યું છે. જ્યારે હૃદયસ્થ પરમાત્મતત્ત્વ વિશ્વવ્યાપક આત્મતત્ત્વ સાથે સમરસ થઈ જાય છે, જ્યારે એ બેની વચ્ચે રહેલો અજ્ઞાનનો પડદો હટી જાય છે, ત્યારે

"सर्वं खल्विदं ब्रह्म"

ની સ્થિતિ સર્જાય છે અને તે સ્થિતિમાં આ શ્રી અવધૂતભાખ્યા મહાત્માને પોતાના ત્રિગુણાત્મક ત્રણે દેહનું ભાન રહેતું નથી. અને ત્યારે એને

**"જન કી સુધી કહાંસે ?"**

વાળી અવસ્થા પ્રાપ્ત થાય છે.

દેહભાનનું વિસ્મરણ થાય એટલે જગતભાનનું વિસ્મરણ પણ થવાનું જ. જ્યાં સુધી દેહનું ભાન છે ત્યાં સુધી જ જગતનું પણ ભાન છે. એવા દેહભાન અને જગતભાન ભૂલેલા એ મહાત્માની મનોદશાનો અહીં શ્રી અવધૂત થોડો ખ્યાલ આપે છે.

**મિલા જો રાજ તો ક્યા ? ખોયા મકાન તો ક્યા ?**
**હુવા હૈરાન તો ક્યા ? માલૂમ કિસકો પ્યારે ?**

"રાજ" એટલે અનેકવિધ ઐહિક સુખવૈભવ અને વિલાસનાં સાધન અને સામગ્રીયુક્ત જીવન તથા તેમાંથી પ્રાપ્ત થતો આનંદ. બીજી રીતે વિચાર કરીએ તો "રાજ" એટલે પૃથ્વીના શાસનનો ઐહિક અધિકાર અને તેની પ્રાપ્તિથી થતો આનંદ. ઉભય રીતે પ્રાપ્તિનો જે આનંદ થાય છે તે કોને થાય છે ? એ પ્રાપ્ત કરેલું વેડફાઈ જાય છે તેનો જે વિષાદ થાય છે, ગ્લાનિ થાય છે તે કોને ? આપણે જોયું કે સૂક્ષ્મ શરીરથી વીંટળાયેલા જીવને એ બધી ઉપાધિઓ છે. અહં વિનાના જીવને નથી હર્ષ કે નથી શોક, અને તેથી "રાજ" મળે તોય શું અને રાજ જાય તોય શું ? સુખ, વૈભવ અને અધિકારનો સીધો સંબંધ શરીર અને શરીરમાં રહેલી વિકૃત પ્રકૃતિ સાથે છે. શુદ્ધ અને અનીહ આત્માને એની સાથે કશો જ સંબંધ નથી. શ્રી ભગવાને કહ્યું :

दुखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वितरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥

"દુઃખમાં ઉદ્વેગરહિત મનવાળો, સુખોમાં નિઃસ્પૃહ થયેલો અને જેના રાગ, ભય તથા ક્રોધ ગયા હોય તે સ્થિતપ્રજ્ઞ મુનિ કહેવાય છે."






અહીં શ્રી અવધૂતે પણ એ જ તત્ત્વ ઉચ્ચાર્યું છે. સુખ જાય તો તેથી શું અને સુખ આવે તો તેથી શું ? જેની મનોગત બધીય કામનાઓનો ત્યાગ થયો છે અને જે પોતે જ પોતાનામાં સંતુષ્ટ છે તેને રાજ મળ્યાનો આનંદ પણ નથી અને રાજ ગયાનો વિષાદ પણ નથી. કારણ કે સુખની તેને સ્પૃહા નથી. તેનાં રાજ ગયાં કે મકાન લૂંટાણાં તેથી પણ તેને કશું દુઃખ થતું નથી, કારણ કે દુઃખથી તેનું મન ઉદ્વેગ પામતું નથી. આ નાનકડી પંક્તિમાં શ્રી અવધૂતે સ્થિતપ્રજ્ઞનાં બે મહત્ત્વનાં લક્ષણોનો જ ઉલ્લેખ કર્યો છે. પ્રાપ્ત અવસ્થાઓમાં એ મહાત્મા તો એકસરખો જ રહે છે કારણ કે એમાંનું કશુંય એ મહાત્માનું નથી. જેમાં મમત્વ નથી તેમાં આસક્તિ પણ નથી. અને જેમાં આસક્તિ નથી તે જાય કે રહે તેનો હર્ષ કે શોક પણ નથી. એ જ કારણે સુખદુઃખમાં જે સમાનભાવ ધારણ કરે છે તે ભક્ત ભગવાનને પ્રિય છે.

શીતોષ્ણસુખદુઃખેષુ સમઃ । અને સમદુઃખસુખઃ ।

એ ભગવાનભાખ્યાં ભક્તનાં લક્ષણ છે. જે કાંઈ છે તે બધું મમત્વપૂર્ણ જીવ સાથે સંબંધ ધરાવે છે. મમતારહિત અવધૂતને કાંઈ પણ લાગતું વળગતું નથી અને તેથી તે પોતાની અચળતામાં અસ્થિરતા અનુભવતો નથી. તેને મન તો સુખ અને દુઃખ સમાન છે. લાભ અને અલાભ પણ સમાન છે.-અવધૂતની એ આંતરિક અવસ્થાની કલ્પના સરખીય આપણા જેવા માયાની જંજાળમાં રચ્યાપચ્યા, મોહ અને મમતાનો પળેપળે માર ખાતા જીવોને કેમ આવી શકે ? ભાઈ, "અહં" પણ બે જ અક્ષરનું છે અને "મમ" પણ બે જ અક્ષરનું છે. "માયા"ના પણ બે જ અક્ષરો છે,-પણ એ બે અક્ષરોના ગર્ભમાં રહેલી અતુલ શક્તિએ તો અકથ્ય અનર્થ જ કરી મૂક્યો છે. ખરી રીતે જુઓ તો "મારું" કહે "મારું" થતું નથી. જે જ્યાં છે ત્યાં જ રહેવાનું છે. બાવા બનવાનું કોઈ કહેતું નથી. અંશતઃ પણ અનાસક્તભાવ કેળવી જુઓ તો ખરા, કેટલો આનંદ અને આત્મસંતોષ તમને થાય છે ! સ્થિતપ્રજ્ઞ કહો, ભક્ત કે ગુણાતીત કહો, એ બધાય છે તો મારાતમારા જેવા માનવીઓ જ ને ? મારામાં, તમારામાં કે એમનામાં બાહ્ય દૃષ્ટિએ તો કાંઈ તફાવત જણાતો નથી. આપણે આસક્ત છીએ, કામનાવાળા છીએ અને એ અનાસક્ત અને અકામી છે. આપણે પણ જીવીએ છીએ અને એ પણ જ્યાં સુધી આવરદા છે ત્યાં સુધી જીવે છે, પણ એ છે આલમનો બાદશાહ અને આપણે છીએ વિષયોના ગુલામ. કેટલો તફાવત ? અને શા સારુ ? અનાસક્તભાવે વૈરાગ્યયુક્ત જીવન જીવો અને જુઓ તો ખરા, તમે પણ જગતના બાદશાહ બનશો ! અસ્તુ.



જેને જાય તેનું દુઃખ નથી, આવે તેનું સુખ નથી કે આનંદ નથી તેણે હેરાન પણ શું થવાનું છે ? આપણી દૃષ્ટિએ તે હેરાન થાય એમ

જણાય તો પણ મમતારહિત એ અવધૂતને કશું જ લાગતું નથી. અરે, જેનામાં વિકાર જ નથી તેને એ વિકૃત લાગણીઓ શી રીતે અસર કરી શકે ? અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**હુઆ હૈરાન તો ક્યા ? માલૂમ કિસકો પ્યારે ?**






એ હેરાનગતિ કોને થાય છે ? એ લાભાલાભની અનુકૂળ પ્રતિકૂળ લાગણી કોને થાય છે ? શ્રી ભગવાને ઉદ્ધવને કહ્યું :

**शोकहर्षभयक्रोधलोभमोहस्पृहादयः ।**
**अहंकारस्य दृश्यंते जन्ममृत्युश्चनात्मनः ॥**

અહંકારને જ એ સ્પર્શે છે. શોક, હર્ષ, ભય, ક્રોધ, લોભ, મોહ, સ્પૃહા, જન્મ અને મૃત્યુનો ભોગ અહંકાર બને છે. આત્માને એની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ નથી. એ જ આત્મા જ્યારે દેહ, ઈન્દ્રિયો, પ્રાણ અને મનની સાથે ગાઢ પરિચયમાં આવી એ અનાત્મ વસ્તુમાં આત્મભાવ કરતો થાય છે ત્યારે જ તે "જીવ" કહેવાય છે. અને તેથી તે એ બધી વૃત્તિઓનો ભોગ બને છે. આ પ્રમાણે શ્રી અવધૂત કહે છે તેમ હેરાનગતિ આત્માને થતી નથી. અને તેથી

**હુઆ હૈરાન તો ક્યા ?**

એમ કહીને આત્માની નિ:સંગતાનો અહીં ખ્યાલ આપવામાં આવ્યો છે. જેને એ વિકારો સ્પર્શ કરી શકતા નથી તેને એ વિકારોની ઉત્પત્તિનો પણ ખ્યાલ આવતો નથી. એ લાગણીઓ મમત્વરહિત જીવને થતી નથી. મમત્વ જતાં એ "જીવ" રહેતો નથી. એ લાગણીઓને જે વશ થતો હશે તેને એ પ્રાકૃત વિકારો હેરાન કરતા હશે. આત્માને કશું જ માલૂમ પડતું નથી. એ વિકારોનો સંબંધ કેવળ જીવ સાથે જ છે એવો અહીં ગર્ભિત રીતે બોધ કર્યો છે. "મારું રાજ્ય, મારાં ઘરબાર, મને હર્ષ થયો, મને શોક થયો, હું દુ:ખી છું, હું સુખી છું, મને ભય લાગે છે," વગેરે જ્યાં જ્યાં "મને" છે ત્યાં ત્યાં છે. "મને" એટલે અહંકાર. અહંકારના લીધે જ "મારું તારું" થાય છે ને ! અહંકાર વિના મમત્વ નથી. જ્યાં સુધી એ અહંતા છે ત્યાં સુધી જ મમત્વનું પણ અસ્તિત્વ છે. અહંતા ખાખ થાય એટલે વિકારો પણ ખાખ બની જાય છે અને તેથી જ શ્રી અવધૂતે

**"માલૂમ કિસકો પ્યારે ?"**

કહીને આત્મતત્ત્વવિતને એ લાગણી કે વિકારોનું અને તેના પરિણામનું જ્ઞાન થતું જ નથી એમ ભારપૂર્વક કહ્યું છે. શ્રી ભગવાને પણ ઉદ્ધવને કહ્યું :

**तिष्ठन्तमासीनमुत व्रजन्तं**
**शयानमुक्षन्त मदन्तमन्नम् ॥**
**स्वभावमन्यत्किमपीहमान**
**मात्मान मात्मस्थमतिर्न वेद ॥**

"આત્મસ્વરૂપમાં સ્થિત થયેલાને શરીર ઊભું છે કે બેઠું છે, ચાલે છે કે સૂતેલું છે, મળમૂત્ર ત્યાગ કરે છે કે કેમ તેનો પણ ખ્યાલ હોતો નથી. કારણ કે તેની વૃત્તિ આત્મસ્વરૂપમાં-બ્રહ્માકાર બની રહેલી હોય છે."

સુખ પ્રાપ્ત થાય, ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય, જે હોય તેનો વિનાશ થાય અને દુઃખ થાય એ બધું જેની વૃત્તિઓ આત્મસ્થિત નથી હોતી તેને થાય છે. જેની વૃત્તિ આત્મસ્થિત-બ્રહ્માકાર-છે તેને એવી વિકૃત અવસ્થાનો ખ્યાલ જ રહેતો નથી. અને તેથી જ શ્રી અવધૂતે પૂછ્યું :

**"માલૂમ કિસકો પ્યારે ?"**

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"કોઈ ફૂલોં ઉછાલે, વા જૂતિયોંસે મારે;"**
**"નિંદા સ્તુતિ સહા લે, બૈઠે હૈં મસ્ત પ્યારે !"**

એવા મહાત્માઓની માનસિક અવસ્થાનો પણ અહીં કાંઈક ખ્યાલ આવે છે. સામાન્ય રીતે જેને માન અને મહત્તાની અભિલાષા છે, જેને લોકૈષણા છે તેને કોઈ માન આપે, "અહો ! પધારો પધારો." કહીને સત્કાર કરે અથવા ફૂલોના હારથી તેને વધાવી લે તો તેનાથી તે ફુલાઈ જાય છે. "મને માન મળ્યું", મને પુષ્પમાળા મળી" વગેરે અભિમાનયુક્ત શબ્દો તેના મુખમાંથી સરી પડે છે. એથી વિપરીત જ્યારે તેનો કોઈ અનાદર કરે છે, ગાળો ભાંડે છે અથવા વખોડે છે ત્યારે તેનું મોં ઊતરી જાય છે. તેની માનસિક અવસ્થામાં પરિવર્તન થઈ જાય છે. તેને જેમ પુષ્પોથી આનંદ થાય છે તેમ તેના પર જૂતાંનો માર પડે, તેના કંઠમાં પુષ્પમાળાને બદલે ઉપાનમાળા આરોપાય ત્યારે તેના એ અપમાનને પરિણામે તેના ક્રોધનો પાર રહેતો નથી. પુષ્પો મેળવી જેટલો તે ફુલાય છે તેના કરતાં જૂતાના હારથી તે અધિક દુઃખી થાય છે. ક્રોધનો અધિક અગ્નિ તેના અંતરને બાળે છે. ક્રોધવશ એ અપમાનનો બદલો લેવાને તે એકપગ થઈ જાય છે. અંતે પોતે પણ હેરાન થઈ જાય છે અને બીજાઓને પણ હેરાન કરે છે. ક્રોધી મનુષ્ય બીજા કરતાં પહેલાં પોતે જ પોતાના ક્રોધનું બલિદાન બને છે. શત્રુતા અને દ્વેષબુદ્ધિમાંથી વેરનો અગ્નિ ઝરે છે. ચકમક અને લોહનું ઘર્ષણ અગ્નિ જ ઉત્પન્ન કરે છે. સામો માણસ અપમાનભર્યા શબ્દોચ્ચાર કરે તેથી સાંભળનાર ક્રોધે ભરાય. પરિણામે દ્વેષનો અગ્નિ ઝરે છે. અને જેમ વાંસ વનમાં આપસ આપસ ઘસાઈ અગ્નિ પ્રદિપ્ત થતાં, વાંસનું વન બળીને ભસ્મ થઈ જાય છે તેમ, એ ઉભયનો અંત આવે છે. એમાં અમૃતની આશા શી રીતે રાખી શકાય? એ ઉભયમાંથી એક વ્યક્તિ જો ક્ષમાનો સહારો લે તો સામા મનુષ્ય ઉપર તેની અમૃત જેવી અસર થાય અને પરિણામે, જેમ વાંસનું જાળું બળીને ભસ્મ બન્યા પછી અગ્નિ પણ બળીને અદૃશ્ય થઈ જાય છે તેમ, એ ઉભયના અંતરમાંથી દ્વેષાગ્નિ સ્વયં અદૃશ્ય થઈ જાય છે. ક્ષમા એ દ્વેષનું મારણ છે. અહીં

શ્રી અવધૂત જે મહાત્માનું વર્ણન કરે છે તેની માનસિક સ્થિતિ સમતોલ હોવાથી તેને નથી ફૂલોના હારની કિંમત કે નથી જૂતાંના મારની કિંમત. એને મન એ માન અને અપમાન ઉભય સરખાં જ છે. જેમ પોતાના પડછાયાનું ગમે તે થાય, તેને જગત વંદે કે નિંદે તેના ઉપર પુષ્પો ચઢાવે કે જૂતાંનો માર મારે તેની તે મનુષ્યને પરવા હોતી નથી તેમ શરીરની પૂજા થાય કે તેનો અનાદર થાય તેની તેને સ્પૃહા નથી. આત્મદર્શી અવધૂતને શરીર સાથે કશો જ સંબંધ નથી. અને તેથી તેને એ માનાપમાનનું શૂળ કલેશ ઉપજાવી શકતું નથી.

ભક્ત અને ગુણાતીતના ગુણનું વર્ણન કરતાં શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः।

અને

मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः॥

"જેને માન અને અપમાન સમાન છે તે ભક્તિમાન મનુષ્ય મને પ્રિય છે. માન અને અપમાનમાં જે સમભાવ રાખે છે તે ગુણાતીત છે." એ જ વાત શ્રી અવધૂતે આપણને અહીં સાદી ભાષામાં સમજાવી છે.

### "નિંદા સ્તુતિ સહા લે"

નિંદા અને સ્તુતિ પણ માન અને અપમાનની બીજી બાજુ છે. જેની આપણે નિંદા કરીએ તેને માટે અંતરમાં અનાદર હોય છે એટલે તેનો તિરસ્કાર કે અપમાન કરવામાં આપણે હીણું માનતા નથી. જેને માટે આપણા અંતરમાં આદર છે, માન છે તેનાં વખત બેવખત વખાણ કરવામાં અને તેની પ્રસંગોપાત્ત સ્તુતિ કરવામાં ચૂકતા નથી. એ ભેદ તો આપણા અભિમાનથી ભર્યા-પડછાયાને જ પુરુષ માનનારા-અંતરમાં છે. જે આત્મદર્શી છે, જેને કાયાની માયા નથી તેને મન તો એ નિંદા અને સ્તુતિ સમાન છે. અને તેથી તે જેમ અપમાનથી ઉદ્વેગ પામતો નથી, માનસિક સમતુલા ગુમાવતો નથી તેમ માન મેળવી હરખાતો નથી કે અપમાનથી દ્વેષ કરતો નથી. નિંદાથી તેને ઉદ્વેગ થતો નથી કે સ્તુતિ શ્રવણ કર્યાથી તે હરખાઈ-ફુલાઈ જતો નથી. ઉભય રીતે તેના 'અહં'ને પ્રોત્સાહન મળતું નથી. અહંનો તેના અંતરમાં અભાવ જ હોય છે. શ્રી અવધૂતે "સહા લે" શબ્દ વાપરીને આપણને વિચાર કરતા કરી મૂક્યા છે. "સહન કરવું" એ ક્યાં તો નિર્બળતાનું લક્ષણ છે અથવા નિઃસંગતાનું લક્ષણ છે. એક બળવાન શત્રુ ગમે તેટલું અપમાન કરે અથવા ગમે તેટલી નિંદા કરે તો પણ નિર્બળ મનુષ્ય તેના મનથી ગમે તેટલો વિરોધ કરતો હોય, બળતો હોય, બદલો લેવાની તેની ગમે તેટલી પ્રબળ ઈચ્છા હોય તો પણ શક્તિના અભાવે તે તેનો વિરોધ કરી શકતો નથી. ઉદ્વેગનું કારણ મનનો વ્યાપાર છે. જે નિઃસંગ છે તેને મનનું અસ્તિત્વ જ નથી રહેતું





અને તેથી તેને કોઈ રીતે ઉદ્વેગ થતો નથી. માન, અપમાન, નિંદા, સ્તુતિ એ અવધૂતને મન સ્વભાવિક છે. એ ગુણનાં કાર્ય છે. જેને માનાપમાન કે નિંદાસ્તુતિની અંતર પર અસર નથી થતી તે ગુણાતીત છે અને તેથી

**तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।**
**गुणा गुणेषुवर्तन्त इति मत्वा न सज्जते ।**

"હે મહાબાહો, ગુણ અને કર્મવિભાગના તત્ત્વને જાણનારો તો "ગુણો ગુણોમાં વર્તે છે" એમ માની આસક્ત થતો નથી." એ શ્રી ભગવાનના શબ્દો અનુસાર તે સાચો ગુણાતીત હોવાથી ગુણનાં કાર્યો તેને અસર કરતાં નથી. માન, અપમાન, નિંદા કે સ્તુતિના પરિણામની પરસ્પર થતી વિરુદ્ધ અસર સૂક્ષ્મ શરીરને જ થાય છે. આત્માને તેની સાથે કશું જ લેપન નથી. અને તેથી જ મનુષ્યને જેટલી પોતાના પડછાયાની કિંમત છે તેટલી જ જ્ઞાનીને શરીરની કિંમત છે.

ગુણાતીતનાં લક્ષણો કહેતાં ભગવાને કહ્યું :

"तुल्य निंदात्मसंस्तुतिः"

અને ભક્તના લક્ષણનું વર્ણન કરતાં કહ્યું :

"तुल्य निंदास्तुतिः"

શ્રી ભગવાનનાં એ ઉભય વાક્યોનો અર્થ એક જ છે. ભક્ત કિંવા ગુણાતીતને મન નિંદા અને સ્તુતિ સમાન જ છે. જેને માન, અપમાન, નિંદા અને સ્તુતિ સમાન છે તે સાંભળતો હોવા છતાં બહેરો છે. બહેરા માણસને જેમ કોઈ પણ અવાજ સંભળાતો નથી અને તેથી કાંઈ પણ અસર થતી નથી તેમ એવા આત્મદર્શીને પણ કાંઈ પણ અસર થતી નથી. અને તેનું પરિણામ પણ શ્રી અવધૂતે કહ્યું જ છે અને તે છે :

**"બૈઠે હૈ મસ્ત પ્યારે ?"**

એ મસ્તી છે આત્માનંદની. અભેદભાવ વિના એ મસ્તી આવતી નથી. આગળ કહ્યું તેમ જ્યાં ગુણોનું વર્ચસ્વ છે ત્યાં જ ભેદવૃત્તિ છે. એ ભેદવૃત્તિ અને ગુણો કેવળ અહંકાર સુધીના સૂક્ષ્મ શરીરને જ સ્પર્શે છે. દીપકને સ્પર્શ કરતાં જ જેમ પતંગિયું ભસ્મ થઈ જાય છે તેમ આત્માને સ્પર્શ કરતાં જ એ ગુણો અને તેનાં કાર્ય ભસ્મ બની જાય છે. અને ત્યારે જ અહીં શ્રી અવધૂતે જે મસ્તીનો સંકેત કર્યો છે તે

**"બૈઠે હૈ મસ્ત પ્યારે !"**

નો આનંદ અને અનુભવ થાય છે. ભેદભાવનો અભાવ એ જ અભેદ. સુખ અને આનંદ એ એક જ અવસ્થાના ભેદ છે. સુખની પરાકાષ્ટા એટલે જ આનંદ. જ્યાં સુધી આત્મૈક્યતા પૂર્ણપણે સિદ્ધ થતી નથી ત્યાં સુધી તેમાં માનવી ઓતપ્રોત બની શકતો નથી. વિષયાનંદમાં પણ માણસ મસ્ત બની જાય છે પણ તે આનંદ માત્ર ક્ષણિક છે; એટલું જ નહીં પણ આદિમાં અને અંતે ક્ષોભક પણ છે. વિષયાનંદમાં આદિમાં ક્ષોભ

છે અને અંતમાં દુઃખ છે. આત્માનંદ શાશ્વત છે; એટલું જ નહીં પણ આદિમાં અને અંતમાં અક્ષુબ્ધ-શાંત અવસ્થાનો અનુભવ થાય છે. એ કારણે આત્માનંદ વિષયાનંદ કરતાં ઉત્કૃષ્ટ છે. આગળ કહ્યું તેમ જેને માન, અપમાન, નિંદા, સ્તુતિ સમાન છે તેને જ આત્માનંદની વાસ્તવિક મસ્તીનો અનુભવ છે. એ આનંદમાં દેહભાન ભૂલેલાને શ્રી અવધૂતે કહ્યું તેમ






**તનકી સુધી ન જિસકો, જનકી કહાંસે પ્યારે!**

ની અવસ્થા પ્રાપ્ત થાય છે. સાગરમાં મળેલા જળબિંદુનું જેમ સાગર સાથે ઐક્ય થતાં ભિન્નત્વ શક્ય નથી તેમ એ મહાત્મા તત્ત્વમાં તદ્રૂપ બની અભેદ થઈ જાય છે. એ અવસ્થા અકથ્ય છે. એ સ્થિતિ જેને પ્રાપ્ત થઈ છે તેનાં દર્શન કરીએ તો જ કાંઈક અંશે એનો ખ્યાલ આવે. આપણે તો શ્રી અવધૂતભાખ્યા શબ્દો વાંચીને જ ''મસ્તી''નો આનંદ માણવાનો છે. એ પ્રશાંત સાગરને કિનારે બેસીને જ સાગરની શાંતિનો અનુભવ લેવાનો છે. આપણે તો દીપકના પ્રકાશનો જ લાભ લેવાનો છે. દીપક થવા જતાં કદાચ પતંગિયાની દશા થાય તો નહીં ઘરના નહીં ગામના, ધોબીના કૂતરા જેવા બનીએ તો? અને તેથી સંતો કહે તેમ કરવાની સલાહ આપી છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**''જબ લૌ ખુદાસે લાગી, અંતરદૃષ્ટિ જાગી;**
**દુહી સમૂલ ભાગી, ખૂદમેં ખુદા નિહારે !''**

મદિરા પીધા વિના તેનું ઘેન ચઢતું નથી. આત્માનંદની પ્રાપ્તિ થાય તે પહેલાં આત્માની પ્રતીતિ થવી આવશ્યક છે. ભોજનનું માણ ચઢે તે પહેલાં ભોજન કરવું જેમ જરૂરનું છે તેમ આત્માનંદનો લહાવો માણીએ તે પહેલાં આપણે એ દિશામાં પુરુષાર્થ કરવો ઘટે. અને તે પુરુષાર્થ છે પરમાત્મા સાથેની લગની. લગની એટલે આત્મા અને પરમાત્માનું ઐક્ય. એ લગની જેને લાગી હોય છે તે પરમાત્મા સાથે તાદાત્મ્ય અનુભવીને તેમાં જ એકરૂપ બની જાય છે, ત્યારે તેને આત્મપ્રકાશ મળે છે. જીવની ફરતે ફરી વળેલું અજ્ઞાનનું મોજું, જેમ સમુદ્રમાંથી નીકળેલું મોજું આરે આવીને સમાઈ જાય છે તેમ, સમાઈ જાય છે. જ્યાં સુધી પ્રભુ તરફ જીવ આકર્ષાતો નથી, જ્યાં સુધી પ્રભુ પ્રત્યે પ્રીત થતી નથી, ત્યાં સુધી આત્માને અંતરદૃષ્ટિ થતી નથી. એ અંતરદૃષ્ટિ જાગ્રત કરવા માટે સાધન તરીકે શાસ્ત્રોએ શ્રવણ, કીર્તન, અર્ચન વગેરે નવધા ભક્તિનો પ્રબંધ કર્યો છે. એ નવધા ભક્તિના બધાય પ્રકારો પરમાત્મા સાથે ઉત્તરોત્તર નિકટ સંબંધ વધારતા જાય છે અને તેની પરિસમાપ્તિ ''આત્મનિવેદન''થી થાય છે. આત્મનિવેદન એટલે ''અભિન્ન ભાવે પરમતત્ત્વમાં સમર્પણ થવું.'' અને ત્યારે સમુદ્રના તરંગ જેવો એ માનવી સમુદ્રમાં જ સમાઈ જાય.

પોતાનું ભિન્નત્વ મિટાવી દઈ પ્રભુમાં જ સમરસ બની જાય છે. અને ત્યારે તેની અંતરદૃષ્ટિ જાગ્રત થાય છે. જ્યાં સુધી બાહ્યદૃષ્ટિ વડે જગતને જોવાની જીવની ટેવ જતી નથી ત્યાં સુધી એને જગતમાં મમત્વ રહે છે અને તેથી એની અંતરદૃષ્ટિ જાગ્રત થતી નથી. અંતરદૃષ્ટિનો ઉદય થયા પછી બાહ્યદૃષ્ટિની-સ્થૂલચક્ષુની પણ જરૂર રહેતી નથી. તેને જગત જણાતું નથી. એટલે એ અંધ છે. જગતને જગત તરીકે નહીં પણ બ્રહ્મ તરીકે જોનાર જ સાચો અંતરદૃષ્ટિવાન છે. અંતરદૃષ્ટિ એટલે દૃષ્ટિપરિવર્તન. પરમાત્મા સાથે એકતાર થવાનું પરિણામ અંતરદૃષ્ટિની પ્રાપ્તિ અથવા દૃષ્ટિપરિવર્તન છે. દૃષ્ટિપરિવર્તન થાય ત્યાં જો પ્રકાશ નહીં હોય તો ધોળે દિવસે ઘુવડને કાંઈ દેખાતું નથી તેમ જ થાય. પણ તેવું નથી. દૃષ્ટિપરિવર્તન થતાંની સાથે જ જ્ઞાનજ્યોત પ્રકાશે છે અને એ જ્ઞાનજ્યોતના પ્રકાશમાં તેને જગત જગત દેખાતું નથી પણ બ્રહ્મ જ દેખાય છે. વિષયો વિષયો રહેતા નથી પણ બ્રહ્મ જ બની જાય છે. સ્ત્રી સ્ત્રી રહેતી નથી પણ બ્રહ્મ જ બની જાય છે. ''હું'' હું રહેતો નથી પણ બ્રહ્મ જ બની જાય છે. અને ત્યારે ''જે કાંઈ છે તે બ્રહ્મ જ છે અને હું તેમાંનો જ અંશ હોવાથી બ્રહ્મ જ છું'' એવું જ્ઞાન થાય છે. એ પરોક્ષ જ્ઞાન સદ્‌ગુરુકૃપાએ જ્યારે અપરોક્ષ અનુભવમાં પરિણામ પામે છે ત્યારે ''તે હું છું'' ''સોઽહમ્'' એવી મહોર શ્રી ગુરુદેવ મારે છે. એમ થાય છે ત્યારે શ્રી અવધૂતે કહ્યું તેમ

**જબ લૌ ખુદાસે લાગી, અંતરદૃષ્ટિ જાગી;**

એ વાતનો સાધકને અનુભવ થાય છે અને ત્યારે

**''દુઈ સમૂલ ભાગી''**

ની દશા-અદ્વૈતભાવ-સાધક અનુભવે છે. ત્યારે ''युयं युयं वयंवयम्'' એવી દ્વૈતબુદ્ધિ ટળી જાય છે અને 'युयंवयंवयंयुयम्' ''હું તે તું અને તું તે હું'' એવી અદ્વૈતબુદ્ધિ નિશ્ચિત થાય છે. અને ત્યારે જ શ્રી અવધૂત કહે છે તેમ

**''બૈઠે હૈં મસ્ત પ્યારે!''**

એ વાતનો પ્રત્યક્ષ પરિચય થાય છે. બાકી વાતોમાં કાંઈ સાર નથી. એ દ્વૈતભાનનું નિરસન થાય છે ત્યારે એ દૃષ્ટિપરિવર્તન કિંવા અંતરદૃષ્ટિના ઉદયના પરિણામે જગતમાં પરમતત્ત્વ સિવાય અન્ય કશું જ જણાતું નથી. પ્રતીત પણ થતું નથી. અંતે તે પરમાત્માને પોતાનામાં જ અનુભવીને આનંદસાગરમાં ડૂબી જાય છે. જ્યાં સુધી જગત અને પરમાત્મા એવું દ્વૈતભાન છે ત્યાં સુધી પરમતત્ત્વનું સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત થતું નથી અને શ્રી અવધૂત કહે છે તેમ

**''બૈઠે હે મસ્ત પ્યારે!''**

એ અનુભવ થતો નથી. એ અવધૂતી મસ્તી આવતી નથી. શ્રી

ભગવાને અર્જુનને કહ્યું :

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥

મારામાં જગત અને જગતમાં મને જોનાર જ સાચો જોનાર છે અને તેનો કદી વિનાશ થતો નથી. જ્યારે પ્રભુ એટલે જગત અને જગત એટલે પ્રભુ એવો અપરોક્ષ અનુભવ થાય ત્યારે જ દ્વૈતનું નિકંદન થાય છે. અને તેથી જ શ્રી અવધૂતે



ભા.- ૨

"ખૂદમેં ખુદા નિહારે !"

એવું કહ્યું છે. પરમાત્મામાં જ પોતાને અને પોતાનામાં જ પરમાત્માને જોઈ પોતે પરમાત્મસ્વરૂપ બની જાય છે.

પણ એ "દુહી" શું છે? આપણે થોડો વિચાર કરીએ.

શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

मत्तः परतरं नान्यत्किञ्चिदस्ति धनञ्जय।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव॥

"મારા કરતાં અધિક એવું કાંઈ નથી, સૂતરમાં મણિ પરોવાયેલાં છે તેમ પ્રાણીમાત્ર મારામાં પરોવાયેલાં છે." એનો અર્થ એવો થયો કે ભગવાન કરતાં ઊતરતી કોટિનું પણ અતિશય શક્તિશાળી કોઈ તત્ત્વ છે. પણ ભગવાન જેમ અનિર્વચનીય છે તેમ એ તત્ત્વ પણ અનિર્વચનીય છે અને તેને જ ભગવાને "मम माया" કહીને સ્વીકારી લીધું છે. એ માયાનું મૂળ આપણને ઉપનિષદમાં મળે છે. ઐતરેયોપનિષદનો મંત્ર આપણને મદદ કરશે.

ॐ आत्मा वा इदमेक एवाग्र आसित् ।
नान्यत्किंचन मिषत्। स ईक्षत लोकान्नु सृजा इति ॥

"સર્વપ્રથમ તો આત્મા એક જ હતો. બીજું કાંઈ જ ન હતું. તેણે લોકોનું સર્જન કરવાનો સંકલ્પ કર્યો."

આત્માનું આ ઈક્ષણ અથવા સંકલ્પ એ જ માયાનું મૂળ છે અને એ જ દ્વૈત છે. શ્રી અવધૂતે જેને "દુહી" કહી છે તે પણ એ જ છે. એ ઈક્ષણના પરિણામે શ્રી ભગવાને કહ્યું તેમ

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥

"પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર એ અષ્ટધા વિભક્ત પ્રકૃતિ પરમાત્માની પ્રકૃતિ છે."

આપણે વિચાર કરીશું તો જણાશે કે આત્માના ઈક્ષણને મૂર્ત બનાવવાને આ પંચમહાભૂત, મન, બુદ્ધિ અને અહંકારની ઉત્પત્તિ પરમાત્મામાંથી થઈ છે. કરોળિયાનાં જાળાં પેરે પરમાત્મામાંથી ઉત્પન્ન થયેલ એ અષ્ટધા પ્રકૃતિના પરિણામે આ બ્રહ્માંડ એ ભૂતમાત્રની રચના

થઈ. તેમાં મન, બુદ્ધિ અને અહંકારના પ્રભાવે એ સર્જનમાં અહંતા અને મમતાનો પ્રવેશ થયો. એ અહંતાયુક્ત મમતાના પરિણામે ''હું અને તું'' ''મારું અને તારું'' એવો ભેદ પડ્યો અને તે પ્રભુની માયા કહેવાઈ. એ દ્વૈતનો જ આ બધો ઈન્દ્રજાળ જેવો તમાશો ઊભો થયો. જ્યારે સાચું જ્ઞાન થાય ત્યારે સર્વત્ર પરમાત્માનું જ દર્શન થવાથી એ દ્વૈતભાન ટળી જાય છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

**सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।**
**ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥**

ભગવાનના એ શબ્દો અનુસાર આત્મામાં સર્વને અને સર્વમાં આત્માને જે યોગયુક્ત છે તે જુએ છે અને તેથી એ સમદર્શનના પરિણામે તેને પારકા અને પોતિકાનો ભેદ રહેતો નથી. એ જ દ્વૈતનો નાશ છે. એ ઈશકૃપાએ અને ગુરુકૃપાએ સાધ્ય છે.

એ દ્વૈતની અને માયાની શાસ્ત્રોક્ત ભાંજગડમાં આપણે પડવાની જરૂર નથી. મીરાંએ ગાયું તેમ,

**''મેરે તો ગિરિધર ગોપાલ''**

એટલું એક જ સૂત્ર સ્વીકારીને જે કાંઈ છે તે કેવળ પ્રભુ જ છે એવો નિશ્ચય કરી, સર્વમાં પ્રભુદર્શન કરીને માયાનો પડદો ફાડી નાખવાની જરૂર છે. અને ત્યારે જ

**''ખૂદમેં ખુદા નિહારે!''**

એ શ્રી અવધૂતભાખી ઉક્તિનો મર્મ આપણે કળી શકીએ.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**દુનિયાકી મહોબત જૂઠી, સહબત સબ ટૂટી;**
**નિઃસંગ ભંગ ઘૂટી, પીકે પડે હૈં પ્યારે?**

''**एकोऽहम् बहूस्याम्**'' એ શ્રુતિવાક્યને અનુસરીને થયેલા આ સર્જન સમસ્તનો જ્યારે છેદ કરીએ ત્યારે અંતે ''**एकोऽहम्**'' રહી જાય છે અને ''**बहूस्याम्**'' ઊડી જાય છે. એ ''**बहूस्याम्**'' એ જ દ્વૈત છે, એ જ દુનિયા છે. જ્યારે મનુષ્ય જન્મે છે ત્યારે એ એકલો જ હોય છે. તેને માતા, પિતા, ભાઈ, બહેન કે બીજાં શરીરનાં સગાંઓનું જ્ઞાન સરખુંય હોતું નથી. ક્રમશઃ શરીરબુદ્ધિ સાથે એ પ્રપંચમાં તે ભળાય છે ત્યારે તેને ''મારું'' એવું જ્ઞાન થાય છે. અને એ ''મારાં''ની દુનિયામાં તે રચ્યોપચ્યો રહે છે. અંતે અવસાનકાળે પણ તે એકલો જ રહી જાય છે. અહીં પણ જેણે દ્વૈતનું નિકંદન કાઢ્યું છે તે ''**बहू**''માં હોવા છતાંય ''**एक**'' છે. અને તેથી જ શ્રી અવધૂતે

**''દુનિયાકી મહોબત જૂઠી''**

એવું કહ્યું છે. અને સાથે જ :

**''સહબત સબ ટૂટી''**






એમ પણ કહ્યું છે. આત્મદર્શન થાય છે ત્યારે દુનિયાની પ્રીતિ આપોઆપ જ અસાર જણાય છે અને તેથી મનની તે દુનિયા અને દુન્યવી પ્રીતિનો તે ત્યાગ કરે છે. ત્યાગ કરતો નથી પણ વૈરાગ્યના ઉદય સાથે એ ત્યાગ સ્વયં સધાય છે એમ કહીએ તો ખોટું નથી. જગત એટલે માયાનો વિકાર. એ વિકારવશ કોઈક સાથે મૈત્રી, કોઈક સાથે શત્રુતા વગેરે વિકૃત વૃત્તિઓ કેળવાય છે. જ્યારે જગતની પ્રીતિ છૂટી જાય છે ત્યારે અને પરમાત્મા સાથે પ્રીત બંધાય છે ત્યારે જગતના એ અસાર વિકારો પણ જતા રહે છે અને તેથી અંતરથી દુનિયાની સોબત પણ છૂટી જાય છે. એ જ કારણે શ્રી ભગવાને કહ્યું :

"एकाकि रमते बुधः"

દુનિયાની સોબત છૂટી જાય છે તેની સાથેસાથે જ દુન્યવી સંબંધમાં રહેલી અજ્ઞાનજનિત આસક્તિ પણ પૂર્ણવિરામ પામે છે. એમ જ્યારે જીવનો જીવભાવ ટળી જાય છે અને આત્મભાવમાં ઐક્ય સધાય છે ત્યારે આસક્તિના અભાવે કેવળ પરમાત્મા જ પરમ આશ્રય બની રહે છે. અને તેથી જ

"નિઃસંગ ભંગ ઘૂંટી"

એવું શ્રી અવધૂતે કહ્યું છે અને નિઃસંગ અવસ્થા પ્રાપ્ત કરવાનો સંકેત કર્યો છે. જ્યારે "નિઃસંગ ભંગ ઘૂંટી" હોય છે ત્યારે એટલે આસક્તિ રહિત અવસ્થાનું ઘેન જ્યારે ચઢે છે ત્યારે એ મહાત્મા મસ્ત દશામાં આનંદની પરાકાષ્ઠાએ પહોંચીને એકલો જ વિચરે છે. ભાંગ, ગાંજો, ચરસ, અફીણ, મદિરા આદિ અનેક માદક વસાણાંઓ તેના સેવન કરનારા ઉપર પોતાના સ્વભાવની સચોટ અસર કરે છે. તેના માદક સ્વભાવને લીધે તેનું સેવન કરનાર પોતાની જાતનું ભાન ભૂલી જાય છે. પણ પરમાત્મામાં લીન બનવાને જે માદક પીણાની જરૂર છે તે એ પીણું નથી. એ તો આસુરી લીનતા છે. એની માદકતા ક્ષણિક છે અને શરીરના વિકાર વધારનારી છે. શ્રી અવધૂતભાખી "નિઃસંગ ભંગ"ની તેનું સેવન કરનાર ઉપર શાશ્વત અસર થાય છે. તેના ઘેનમાં તે પરમાત્મા સાથે એકતાર બની જાય છે. જગતને ભૂલે છે. એ શાશ્વત અસરના પરિણામે તેની જાગ્રત પ્રવૃત્તિઓનું નિરસન થાય છે. તે સર્વારંભ પરિત્યાગી બને છે. શુભાશુભ પરિત્યાગી થાય છે. તેના વડે જે કાંઈ થાય છે તે કેવળ યંત્રવત્ થાય છે. અને તેથી જ શ્રી અવધૂતે અહીં

"પીકે પડે હૈં પ્યારે!"

એવું કહીને એ મહાત્માની આત્મરત, આત્મક્રીડ અવસ્થાનો ખ્યાલ આપ્યો છે. દારૂ પીને રસ્તાની ગટરોમાં પડી રહેનારા દારૂડિયાના જેવી આ મહાત્માની સ્થિતિનો અહીં ખ્યાલ કરવાની જરૂર નથી. પડ્યો રહે છે એનો અર્થ એ નિષ્ક્રિય નહીં પણ નિષ્કર્મ બની જાય છે એ છે. નિષ્કર્મ

બનવાનું કારણ છે એની નિષ્કામ અવસ્થા. જેને કામના છે તેને. કર્મમાં અને તેના પરિણામ માટે તેની ક્રિયામાં મોહ છે. આ અવધૂતને કામનાનો અભાવ હોવાથી ક્રિયા કે કર્મમાં મોહ નથી અને તેથી જ તે અનાસક્ત, નિઃસંગ છે એવો અહીં શ્રી અવધૂતે માર્મિક બોધ કર્યો છે. જ્યાં સુધી મમત્વ છે ત્યાં સુધી જ ભ્રમણા છે. મમત્વ જતાં જ એ ભ્રમણા ટળી જાય છે. મદિરાનું ઘેન ઊતરી જતાં જ મનુષ્ય જેમ સાવધ બની જાય છે તેમ પોતે પોતાનામાં જ સંતુષ્ટ બનીને રહે છે, અને જ્યારે એવી આત્મતૃપ્ત અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે તેને કશું જ કરવાનું રહેતું નથી.

આગળ ચાલતાં ઉપરના વિવેચનના અનુસંધાનમાં શ્રી અવધૂત કહે છે :

**"ના મંદિરોંમેં જાતે, ના મસ્જિદોં મનાતે;**
**સુરતીમેં મૂર્તિ ધ્યાતે, ઝઘડે મિટાકે સારે!"**

જિજ્ઞાસુ પ્રથમ આત્માનુરાગી બને છે અને પછી આત્મા બને છે. હિમાલયના શિખરે પહોંચવાની જિજ્ઞાસા થાય પછી ત્યાં ચઢવા માટે સાધન સરંજામ ભેગો કરીને ચઢવાનો પ્રારંભ થાય છે. ચઢતાં ચઢતાં માર્ગમાં આડી આવતી અનેક આપદાઓનો કુશળતાથી સામનો કરી, તેના પર વિજય મેળવી એ પ્રવાસી અંતે શિખરની ટોચ પર જઈ પોતાનું આસન જમાવે છે. પછી તેને ઉપર ચઢવાના સાધન-સરંજામની જરૂર નથી. પછી તેને માર્ગમાં આવતી આપત્તિઓનો સામનો કરવાનો રહેતો નથી, પણ પોતાના લક્ષ્યમાં જ સ્થિર થવાનું રહે છે. સાધકને જ્યાં સુધી સાધ્ય વસ્તુની પ્રાપ્તિ થઈ નથી ત્યાં સુધી તેની આત્માનુરાગી અવસ્થામાં મંદિર અને મસ્જિદની જરૂર છે. પણ જ્યારે ઈશ્વરાનુગામી બને ત્યારે તેને મસ્જિદ અને મંદિરની આવશ્યકતા નથી એમ લાગવા માંડે છે; અને જ્યારે તે આત્મા બની જાય છે, આત્મતત્ત્વનો અપરોક્ષ અનુભવ કરે છે ત્યારે તેને માટે મંદિર કે મસ્જિદ રહેતાં નથી. સાધન માત્ર પ્રારંભકાળમાં ચિત્તને એકાગ્ર અને સ્થિર કરવા માટે છે. ચિત્તની સ્થિરતાના પરિણામે ચિત્તનિરોધ થયા પછી એ સાધનોની જરૂર રહેતી નથી. એ જ ભાવ અહીં શ્રી અવધૂતે વર્ણવ્યો છે. શ્રી અવધૂતભાખ્યો આ અવધૂત આત્મસ્થિત જ નથી પણ તે સ્વયં આત્મા છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

"अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः"

તેમ તે પોતે જ પ્રાણીમાત્રમાં રહેલો આત્મા છે અને તેથી તેને આત્માના અનુસંધાન અર્થે મંદિર કે મસ્જિદમાં જવાનું રહેતું નથી. મંદિરમાં દેવદર્શન કે મસ્જિદમાં નમાઝ પઢવાની પણ રહેતી નથી. એને મન પોતાનો દેહ એનું મંદિર કે મસ્જિદ છે. એ દેહસ્થ દેહીપરમાત્માનું જ એ ધ્યાન ધરતો હોય છે. માત્ર મંદિરોની મૂર્તિમાં કે મસ્જિદમાં જ એને પરમાત્માનાં દર્શન થતાં નથી. એને મન તો વિશ્વસમગ્ર જ પરમાત્માનું વિરાટ મંદિર

છે અને તે વિરાટ વિશ્વમાં જ પરમાત્મા વ્યાપક છે. તેથી તે વ્યાપક પરમાત્માનું જ પોતે અખંડ ધ્યાન ધરતો રહે છે. જેની સંકુચિત દૃષ્ટિ એ રીતે વિશાળ બની જાય છે, જેના દ્વૈતભાવનું નિરસન થઈ જાય છે અને અદ્વૈતભાવ સ્થિર થઈ જાય છે તેને બાહ્ય ઉપકરણની આવશ્યકતા રહેતી નથી. ઈંટ અને ચૂનાના ઢગલા જેવા મંદિરમાં મૂકેલી મૂર્તિમાં જ પરમાત્મા રહે છે એવું માનનારા પરમાત્માના સર્વવ્યાપકત્વનો અનાદર કરે છે. મંદિરમાં જે પરમાત્મા છે તે જ પરમાત્મા સર્વવ્યાપક છે એમ માનનારાને મંદિરની આવશ્યકતા નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :




ભા.- ૨

"સુરતીમેં મૂર્તિ ધ્યાતે"

વિશ્વવ્યાપક પરમાત્માનું ધ્યાન ધરવાનું વિરાટ વિશ્વમંદિર છે. તેમાં રહેલા અદ્વૈત, નિર્ગુણ, નિરાકાર, અવ્યક્ત પરમાત્માનું ધ્યાન એ અવધૂત ધરે છે અને તેના પરિણામે તેને ભિન્નભિન્ન ધર્મના અને તેના પંથોના ઝઘડા સાથે કશો જ સંબંધ નથી. તે જ કારણે તે ધર્મને નામે પુજાતા પાખંડોથી અને પાખંડીઓથી વેગળો જ રહે છે. એવો અવધૂત મહાન વૈષ્ણવ છે, મહાન શૈવ છે, મહાન શાક્ત છે અને છતાંય એ બધાથી વેગળો કેવળ અદ્વૈતનો ઉપાસક છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अंह त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

અને એ જ વાત બીજા સ્વરૂપમાં શ્રી અવધૂતે અહીં આલેખી છે. ધર્મના ઝઘડાઓ, પંથની પ્રણાલિકાઓ અને મતમતાંતર સાધકને સાધ્ય વસ્તુથી ચળવીને બીજે જ માર્ગે લઈ જાય છે. એ ઝંઝટમાં સાધક ધોબીના કૂતરા જેવો બની જાય છે. નથી તેને આત્મોપલબ્ધિ થતી કે નથી તેના સાધનની શુદ્ધિ રહેતી. દ્વેષમાંથી જ ઝઘડા થાય છે. એ આત્મપ્રાપ્તિમાં મહાન બાધક છે. અસ્તુ.

શ્રી અવધૂત આગળ ચાલતાં કહે છે :

"સબ પાપ પૂન છોરા, નિજ રંગ સબ નિહારા;"
"કર્તાપના બિસારા, અબ મોહ શોક ક્યા રે !!"

પાપ અને પુણ્ય એ કર્તાપણાના અભિમાનમાંથી તરી આવતી એક ભ્રમણા છે. આત્માની સાથે ઐક્ય અનુભવનાર અપરોક્ષ જ્ઞાની જગતમાં આત્મા સિવાય ઈતરનું અસ્તિત્વ સ્વીકારતો જ નથી અને તેથી તેને પાપની કે પુણ્યની ભાવના કિંવા ભ્રમણા રહેતી નથી. પાપ અને પુણ્યની ભ્રમણા અંતરમાં ભીરુતાનો સંચાર કરે છે. "રખેને મને પાપ લાગશે તો ?" આવો પ્રશ્ન વારે વારે અંતરને વલોવતો રહે છે. જેને પુણ્યની ભાવના છે તેને જ પાપનો ભય હોય છે. પુણ્યની ભાવનાના અભાવે પાપનો ભય અંતરમાં સંચાર કરતો નથી. જેને પુણ્યની લાલસા છે તેને જ પાપ ભયાકુળ બનાવે છે. આત્મૈક્યતા પ્રાપ્ત કર્યા પછી પાપ પુણ્યની ભ્રમણાનું

અસ્તિત્વ જ ટળી જાય છે અને તે પુનઃ જાગ્રત થતું નથી, અને તેથી એ પાપ અને પુણ્યની ભાંજગડમાં પડતો નથી. જગતમાં સઘળે જ તે પોતાનાં સ્વરૂપ જુએ છે, પોતાની જ પ્રતિભા સઘળે વ્યાપેલી અનુભવે છે અને અંતે અહંતારહિત જે કર્મ તેનાથી થાય છે તે કર્મમાં કર્તાપણાનું અભિમાન રહેતું નથી. કેવળ સહજ ભાવે પ્રારબ્ધવશ કર્મ કરતો રહે છે. આસક્તિના અભાવે અનુકૂળ પરિસ્થિતિનો હર્ષ કે પ્રતિકૂળ પરિસ્થિતિનો શોક તેને થતો નથી. એ હર્ષ અને શોક થાય છે જગતના માનવીને, જેણે જગતમાં અને પ્રભુમાં ભેદ જોયો છે, જેણે "મારું" અને "તારું" એવું દ્વૈત અંતરમાં પોષ્યું છે અને અનુભવ્યું છે તેને જ બુદ્ધિના ગુણને કારણે થતા વિકારના પરિણામરૂપ એ હર્ષશોક અને સુખદુઃખ થાય છે. કર્તાપણાનું અભિમાન જતાં જ એ શોક પણ નથી, એ મોહ પણ નથી. ઈશાવાસ્યોપનિષદમાં

यस्मिन्सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः।
तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः॥

એવું કહ્યું છે. તેનો આ ભાવ છે.

સાધકને વૈરાગ્ય કેળવવાની આ ગીતમાં શ્રી અવધૂતે ચાવી બતાવી છે. આ અને બીજાં શ્રી અવધૂતના ભજનો "ગેય" છે. કાવ્ય તરીકેની તેની શ્રેષ્ઠતાનો વિચાર કોરે મૂકીએ અને "બોધગીત" તરીકે જ તેની શ્રેષ્ઠતાનો ખ્યાલ રાખીએ તો શાસ્ત્રોની ભુલભુલામણી જેવી મંત્રજાળમાંથી તારવેલું આ ગીત અંશતઃ પણ જો આચારમાં મુકાય તો જીવનમાં શાંતિનો અનુભવ થયા વિના નહીં રહે એ નિર્વિવાદ છે. અસ્તુ.

આ વિવેચન પછી શ્રી અવધૂતના જીવનમાં ડોકિયું કરશો તો આ ગીતમાં ગાયેલી અવધૂતની અવસ્થાનો તમને અનુભવ થયા વિના નહીં રહે. અસ્તુ.



(૨૬)

કરના થા સો કર લીના અબ ના કરના ના ભરના હૈ;
જો પાના થા સો પા લીના અબ ના પાના ના ખોના હૈ ધ્રુ.!
ના જાના હૈ ના આના હૈ, ના જીના હૈ ના મરના હૈ;
બસ આપ હિ મેં રમ રહના હૈ, જો આન પડે સો સહના હૈ ! કરના. (૧)
ના ચઢના હૈ ના પડના હૈ, ના રોના હૈ ના હસના હૈ;
બસ આપહિ હાસ્ય બના ફિર, ક્યોં કરનીકા બોજ ઉઠાના હૈ? કરના. (૨)
કિસ્મતસે આન મિલે સબ, ક્યોં નાહક જગ રિઝવાના હૈ;
મિથ્યા પંડત કાજી બન કર, ના લડના હૈ લડવાના હૈ!! કરના. (૩)
ના ધ્યાના હૈ, ના ગાના હૈ, બસ ધ્યેય મહીં મિલ જાના હૈ;
તન મંદર આતમ દેવ બના, ના પૂજના હૈ પૂજવાના હૈ! કરના. (૪)
ના કહના હૈ ના સુનના હૈ, ના લેના હૈ ના દેના હૈ;
બન પથ્થર પિંડ ભૂલાના હૈ, ભૂલા ભૂલાના ભૂલના હૈ! કરના. (૫)
ના જપના હૈ ના પઢના હૈ, બસ જાપ અજંપા હોના હૈ;
ના સોના હૈ ના જગના હૈ, બેફીકર મસ્ત પડ રહેના હૈ!! કરના. (૬)
સબ રંગ જગત બિસરાના હૈ, ઈત ઉત મન ના ભટકાના હૈ;
ના ડરના હૈ ના ભગના હૈ, બસ અચલ ઠામ થિર રહના હૈ! કરના. (૭)

* * *

જીવન્મુક્ત ધીર, ગંભીર, પ્રશાંત સમુદ્ર જેવો જ છે. સમુદ્રના અંતરમાં ઊર્મિ નથી. સમુદ્રની સપાટી પરની તરંગમાળા તેના અંતરની અચળ શાંતિને સ્પર્શ કરતી નથી, અવરોધ કરતી નથી. સમુદ્રની શાંતિમાં ક્ષોભ નથી. સપાટી ઉપર જણાતો ક્ષોભ અંતરના ઊંડાણને સ્પર્શ કરી શકતો નથી. આકંઠ પરિપૂર્ણ સમુદ્રમાં અનેક સરિતાઓનાં અને વર્ષાનાં પાણી ભલે આવે તોય તેની મર્યાદા અને શાંતિ અચળ રહે છે. પ્રશાંતચિત્ત જીવન્મુક્તને ક્ષોભ નથી, ચંચળતા નથી. તેની શાંતિ અચળ છે અને તેથી શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति।
स्थित्वास्यामन्तकालेऽपि ब्रह्म निर्वाणमृच्छति॥

જીવન્મુક્તની સાચી સ્થિતિનું વર્ણન તો જે જીવન્મુક્ત હોય તે જ કરી શકે. અહીં તો શ્રી અવધૂતે જીવન્મુક્તનાં લક્ષણોનો જે સંકેત કર્યો છે તેનો જ આપણે વિચાર કરીએ.

શ્રી અવધૂત કહે છે :

"કરના થા સો 'કર લીના અબ ના કરના ના ભરના હૈ;"

જીવતો છતાંય જીવભાવથી મુક્ત તે "જીવન્મુક્ત" મુક્તિ જીવતો

મળે છે. મૃત્યુ પછી મુક્તિ મળતી નથી. જીવન્મુક્ત શબ્દનો અર્થ જ એ છે. કર્મ કરીને, સંચિત અને ક્રિયમાણ કર્મોના બંધનથી મુક્ત બનીને, આત્મભાવમાં જ અખંડ રહેનારો તે જીવન્મુક્ત. આ શરીરથી થતાં નવાં ક્રિયમાણ કર્મોના અભાવે નવાં સંચિત અને પ્રારબ્ધ કર્મના થર વધતા નથી. જ્ઞાનાવસ્થા પ્રાપ્ત થવાથી સંચિતનો નિઃશેષ ક્ષય થાય છે અને પ્રારબ્ધને ભોગવીને તેનો નિઃશેષ ક્ષય થતાં બીજા ભોગ ભોગવવાના રહેતા નથી. અંતર ઉપર વાસના અને સંકલ્પના થર ચઢતા નથી અને તેથી પ્રારબ્ધ ક્ષીણ થતાં નવો જન્મ લેવાનો રહેતો નથી. અને તેથી તે જન્મમરણના વિષચક્રમાંથી મુક્ત થાય છે. જ્યાં સુધી પ્રારબ્ધના અવશેષ ભોગ અર્થે દેહની આવરદાની દોરી ટકે ત્યાં સુધી દેહ ટકાવી રાખી અંતે

न तस्य प्राणाःउत्क्रमन्ते ॥

એ શ્રુતિવાક્ય અનુસાર તે અહીં જ પરમતત્ત્વમાં લીન થઈ જાય છે. તેના પ્રાણ ક્યાંયે જતા નથી અને ક્યાંયેથી આવતા નથી.

"કરના થા સો કર લીના."

અને અહીં જ કર્મનો મૃત્યુઘંટ વાગ્યો છે. જ્યાં સુધી સાંખ્યબુદ્ધિ નથી, જ્ઞાનનિષ્ઠા નથી અને જ્ઞાનમાં પ્રતિષ્ઠા નથી, ત્યાં સુધી કર્મ એક સાધન છે. સાધ્યની સિદ્ધિ પછી સાધનની આવશ્યકતા નથી. સમુદ્ર પાર કર્યા પછી નૌકાની આવશ્યકતા નથી અને તેથી નૌકાને છોડવાની જ હોય. પણ કર્મ ક્યારે થાય? સંચિતકર્મ જ્યાં સુધી ભોગવવાને યોગ્ય ન બને ત્યાં સુધી તે પ્રારબ્ધકર્મ કહેવાતાં નથી. જ્યારે સંચિતકર્મનાં ફળ ભોગવવાનો અવસર આવે છે ત્યારે તે પ્રારબ્ધરૂપે પરિણામ પામે છે. તે પરિણામ પામેલા પ્રારબ્ધને ભોગવવાની ત્યારે વાસના ઉત્પન્ન થાય છે. તે વાસનાની પૂર્તિ અર્થે કામના થાય છે. કામનાની તૃપ્તિ અર્થે કર્મ કરવાની વૃત્તિ થાય છે અને કર્મની સિદ્ધિ અર્થે પુરુષાર્થ કરવાની વૃત્તિ થાય છે. તેની પ્રાપ્તિ અર્થે એટલે વાસનાની પૂર્તિ અર્થે ભિન્નભિન્ન યુક્તિ-પ્રયુક્તિઓની મનમાં યોજના યોજાય છે. તે યોજનાની સિદ્ધિ અર્થે ક્રિયાઓ થાય છે. આપણે એ ક્રિયાઓને કર્મ કહીએ છીએ. વાસનાના અભાવે કામના થતી નથી. કામનાના અભાવે કર્મ થતાં નથી. વાસના વિના સંકલ્પ નથી. સંકલ્પ એ મનનો સ્વભાવ છે. તેથી સંકલ્પના અભાવે કામના નથી. કામનાના અભાવે કામનાસિદ્ધિ અર્થે કર્મ કે ક્રિયા નથી. આમ કર્મના મૂળમાં રહેલી વાસનાનો જ્યાં મન સહિત અભાવ છે ત્યાં નિષ્કર્મ અવસ્થા પ્રાપ્ત થાય છે. જે જીવન્મુક્ત છે તેને જીવભાવ જ નથી અને તેથી નથી તેને વાસના કે નથી કામના. તેણે કશું જ કરવાનું નથી. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

"અબ ના કરના હૈ...."

જ્યારે કર્મ જ થતું નથી ત્યારે કર્મનાં ફળ પણ ભોગવવાનાં રહેતાં નથી. કર્મ હોય તો ફળ મળે. વૃક્ષ હોય તો ફળની આશા રાખી શકાય.

વૃક્ષના અભાવે ફળની આશા સેવવી એ આકાશકુસુમવત્ છે. જેમ વૃક્ષના અસ્તિત્વ વિના તેનાં ફળ ચાખવાને મળતાં નથી તેમ કર્મ કર્યા વિના તેના ભોગની પ્રાપ્તિ પણ થતી નથી. અને તેથી જીવભાવથી મુક્ત બનેલા જીવન્મુક્તને સકામ કે નિષ્કામ કર્તવ્યબુદ્ધિથી કોઈ પણ કર્મ કરવાની વૃત્તિ જ થતી નથી. કર્મમાં કર્તવ્યબુદ્ધિના અભાવે જીવન્મુક્તને વૃત્તિ ઉત્પન્ન થવી સંભવિત નથી. પરિણામે તેણે કર્મ કરવાનું નથી, ફળ ભોગવવાનું નથી અને નિત્ય આત્મદશામાં જ અખંડ રહેવાનું છે. છતાં શ્રી અવધૂત કોક વાર કહે છે તેમ, ''એ કાંઈ કરતો નથી એમ નથી. નિરહંભાવે સહજગત્યા જે આવી પડે તે ફલાસક્તિ રહિત કરે છે અને તેથી એ કર્મના સંસ્કાર એના અંતઃકરણ પર કોરાતા નથી અને નવું પ્રારબ્ધ બંધાતું નથી.''






પણ શ્રી અવધૂતે તો કહ્યું :

**કરના થા સો કર લીના, અબ ના કરના ના ભરના હૈ;**

એ અવસ્થા પ્રાપ્ત કર્યા પહેલાંની

**''કરના થા સો કર લીના''**

એ અવસ્થા છે. જ્યાં સુધી જીવન્મુક્ત અવસ્થા પ્રાપ્ત ન થાય, જ્યાં સુધી બ્રાહ્મી સ્થિતિ ન થાય ત્યાં સુધી એ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે તો કર્મ કરવાં પડે છે, એ શ્રી અવધૂતના આ શબ્દોનો પ્રતિઘોષ છે, અને તેથી એ

**''કરના થા સો કર લીના.''**

એ શબ્દો દ્વારા એ જીવન્મુક્ત અવસ્થા પ્રાપ્ત કરતાં પહેલાં શું કરવું પડે તેનો આછો ખ્યાલ આવવાની અહીં જરૂર છે.

કર્તવ્યશૂન્ય અવસ્થાના ચાર ભેદ છે. જ્ઞેયશૂન્ય અવસ્થા, હેયશૂન્ય અવસ્થા, પ્રાપ્યપ્રાપ્ત અવસ્થા અને ચિકિર્ષાશૂન્ય અવસ્થા.

જે કાંઈ જાણવાનું હતું તે જાણી લીધા પછી કશું જ જાણવાનું રહેતું નથી. જેટલાં ગુણમય દશ્યો છે તે બધાં જ પરિણામશીલ છે-દુઃખરૂપ છે; તેથી તે ત્યાજ્ય છે એવી દૃઢ વિવેકવૃત્તિ એ જ્ઞેયશૂન્ય અવસ્થા છે.

જેનો અભાવ કરવાનો હતો તેનો અભાવ કરી દીધો. એટલે દ્રષ્ટા, જીવ અને દશ્ય જગતના સંયોગનો અભાવ હેય હોવાથી ત્યજી દીધો અને હવે બીજા કોઈ અભાવ કરવા યોગ્ય શેષ રહેતા નથી. એ હેયશૂન્ય અવસ્થા છે.

જે કાંઈ પ્રાપ્ત કરવાનું હતું તે પ્રાપ્ત કરી લીધા પછી બીજું કાંઈ પણ પ્રાપ્ત કરવાનું રહેતું નથી. સમાધિ દ્વારા કેવળ અવસ્થા પ્રાપ્ત કર્યા પછી બીજી કોઈ અવસ્થા જ અવશેષ રહેતી નથી, એટલે કાંઈ પણ પ્રાપ્ત કરવાનું રહેતું નથી. એ છે પ્રાપ્યપ્રાપ્ત અવસ્થા.

જે કાંઈ કરવાનું હતું તે કરી લીધું. હવે કાંઈ કરવાનું રહેતું નથી. નિર્મળ અને અચળ વિવેકજ્ઞાન દ્વારા હેયનો ત્યાગ સિદ્ધ કર્યા પછી અને

ઉપાદેય પરમતત્ત્વની પ્રાપ્તિ કર્યા પછી એટલે, 'અલ્પ' જગતને શૂન્ય કરીને 'ભૂમા' પરમતત્ત્વને પ્રાપ્ત કર્યા પછી તેણે બીજું કાંઈ કરવાનું રહેતું નથી. એ છે ચિકિર્ષાશૂન્ય અવસ્થા.

જ્યારે ચિત્તના અધિકારમાં રહેલા ભોગ અને અપવર્ગની પ્રાપ્તિ થઈ જાય છે ત્યારે ચિત્તની આવશ્યકતા રહેતી નથી. ભોગનું ચિંતન પણ ચિત્ત કરે છે અને અપવર્ગ એટલે પરમાત્માનું ચિંતન પણ ચિત્ત કરે છે. એ ચિત્તના ચિંતન દ્વારા ભોગને ક્ષણભંગુર સમજીને તેનો ત્યાગ કરવાથી ચિત્તની વિડિયો તરફ જતી ચિંતનશક્તિનો ક્ષય થાય છે અને તે જ ચિત્ત પરમતત્ત્વનું ચિંતન કરતું થાય છે. એ ચિંતન દ્વારા જ્યારે ચિત્ત શુદ્ધ થાય છે ત્યારે પરમતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે. પરમતત્ત્વનો સાક્ષાત્કાર થયા પછી ચિત્તને તે તત્ત્વનું ચિંતન કરવાનું રહેતું નથી, એટલે તે દિશામાં ચિત્તની ચિંતનશક્તિ ક્ષીણ થઈ જાય છે. પરિણામે એ ઉભયનું ચિંતન કરતું ચિત્ત પણ શૂન્યવત્ બની જાય છે. ત્યારે ચિત્તની કૃતાર્થતા સિદ્ધ થાય છે. ચિત્તવિમુક્તિપ્રજ્ઞાનો એ એક પ્રકાર છે.

ચિત્ત ગુણોનું કારણ છે. અને તેથી જ્યારે ચિત્તની આવશ્યકતા જ નથી, ચિત્તને હવે કાંઈ પણ કાર્ય કરવાનું અવશેષ રહેતું જ નથી ત્યારે તે પોતાના કારણરૂપ ગુણમાં સમાહિત થાય છે. એ છે **"ગુણલીનતા."**

પુરુષ જ્યારે ગુણોથી અતીત થાય છે અને આત્મસ્વરૂપમાં સ્થિત થાય છે, અને જ્યારે તેને માટે કાંઈ અવશેષ રહેતું નથી ત્યારે તે **"આત્મસ્થિતિવાન"** કહેવાય છે.

યોગમાં આને "પ્રાન્તભૂમિપ્રજ્ઞા" એ સંજ્ઞા આપી છે. સાત ભૂમિકાઓ પ્રાપ્ત કરનાર યોગી જીવનમુક્ત છે. આ પ્રસંગનું વિવેચન પાતંજલ યોગદર્શનમાં વાચકને મળશે. અહીં તો સંકેતમાત્ર છે.

શ્રી અવધૂતે તો

**"કરના થા સો કર લીના"**

એટલું જ કહ્યું. પણ શ્રી અવધૂતે શું કર્યું તેનો ખ્યાલ આપણને આ વર્ણન ઉપરથી આવી શકે. અને તેથી જીવન્મુક્ત અવસ્થા પ્રાપ્ત કરવી કેટલી વિકટ છે તેનો પણ આપણે વિચાર કરીએ. એ સાત ભૂમિકાઓને પાર કરીને આત્મસ્થિત થવું એ બાળકની રમત નથી. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

**"અબ ના કરના ના ભરના"**

યોગસૂત્રની એ લમણાઝીકમાં પડવાનું આપણું ગજું નથી અને યોગસૂત્રની એ સાત ભૂમિકાઓ પ્રાપ્ત કરવાની આપણી શક્તિ પણ નથી. શ્રી અવધૂતને જાણવાની જેને જિજ્ઞાસા હોય, આમ અસંખ્ય માણસોના ટોળાં-ભણેલાં અને અભણ, જ્ઞાની અને અજ્ઞાની, સ્ત્રી અને પુરુષ તેની પાછળ કેમ પડે છે તે સમસ્યા ઉકેલવાની જો આપણને જિજ્ઞાસા થાય





તો તે જિજ્ઞાસા સંતોષવાને શ્રી અવધૂતના

**'કરના થા સો કર લીના'**

એટલા જ શબ્દો પૂરતા છે. અને તેથી આપણે હવે શ્રી અવધૂતની સૂક્ષ્મ અવસ્થાનો અંશતઃ પાર પામીને આગળ ચાલીએ. શ્રી અવધૂતના આ કથન અનુસાર આત્મસ્થિત-બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરનારને માટે કશું જ કરવાનું રહેતું નથી. અને તેથી જ શ્રી ભગવાને પણ અર્જુનને

**यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।**
**आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥**

"એ આત્મસંતુષ્ટ આત્માનંદમાં મસ્ત યોગીને કાંઈ કરવાનું બાકી રહેતું નથી. સહજ ભાવે એ કાંઈ કરે તે ભલે."

અને શ્રી અવધૂતના પણ એ જ શબ્દો છે.

**'અબ ના કરના ના ભરના હૈ.'**

કારણ કે કરવાનું હતું તે બધું કરી ચૂક્યા છે. પ્રાપ્ત કરવાનું હતું તે બધું જ પ્રાપ્ત કર્યું છે. જો કાંઈ પણ પ્રાપ્ત કરવાનું શેષ રહ્યું હોય તો તે પ્રાપ્ત કરવા માટે કાંઈ કરવું પડે. પણ પ્રાપ્તની પ્રાપ્તિ કર્યા પછી અકર્મ અવસ્થા પ્રાપ્ત થાય છે. અને તેવી અકર્મ અવસ્થા પ્રાપ્ત કરેલ વિરલ વિભૂતિ જ આ શબ્દોનો ઉચ્ચાર કરવાને પણ અધિકારી છે. એને કરવાનું નથી એટલે

**'ના ભરના હૈ''**

ભોગવવાનું પણ નથી.

જીવનનું ધ્યેય શું ? ધન પ્રાપ્તિ કરવી, પેટ ભરવું, સ્ત્રી, પુત્ર, પરિવાર આદિ પ્રાપ્ત કરવાં, લોકમાં કીર્તિ સંપાદન કરવી, માન અને મહત્તા પ્રાપ્ત કરવાં, એ માનવ જીવનનું પરમ લક્ષ્ય નથી. માનવ જીવનનું પરમ લક્ષ્ય તો આત્મતત્ત્વની પ્રાપ્તિ કરી, બ્રહ્મને જાણી બ્રહ્મ બનવું એ જ છે. અશાશ્વતની પ્રાપ્તિ કરનારો કદી શાશ્વત સુખનો આનંદ માણી શકતો નથી. કેમ કે સાચું સુખ મનુષ્યના અંતરાત્મામાં છે, બહાર નથી. દુન્યવી ભોગવિલાસોમાં તો શ્રી સમર્થ રામદાસ સ્વામીએ કહ્યું તેમ

**"सुख पाहतां जवा पाडें ॥ दुःख डोंगरा एवढें ॥"**

"સુખ જોઈએ તો જવના દાણા જેટલું ય નથી હોતું અને દુઃખ જોઈએ તો ડુંગર જેવડું હોય છે.

કેટલાક સૈકા પહેલાં સ્પેન દેશમાં મુસલમાનોનું રાજ્ય હતું. ત્યારે ત્રીજો અબ્દુલ રહમાન નામનો એક અતિ પરાક્રમી બાદશાહ થઈ ગયો. એક અત્યંત બલાઢ્ય એવા સામ્રાજ્યનો એ સમ્રાટ હતો. એણે લગભગ પચાસ વર્ષ રાજ્ય કર્યું. એનું સૈન્ય અને નૌકા કાફલો તે વખતના યુરોપમાં સર્વમાં વધુ શક્તિશાળી ગણાતાં હતાં. એની વાર્ષિક આવક લગભગ ૧૩૫ કરોડ રૂપિયાની હતી. એના જનાનખાનામાં ૬૩૨૧ અત્યંત સ્વરૂપસુંદર





સ્ત્રીઓ હતી. એને ૬૧૮ છોકરાં હતાં અને એની ખાનગી મિલકત દસ અબજ બાવીસ કરોડ રૂપિયા જેટલી હતી. આ બધા વૈભવનો એણે સતત પચાસ વર્ષો સુધી ઉપભોગ કર્યો. એના સુખમાં કોઈ પણ દૃષ્ટિએ કમી નહોતી.

એણે પોતાનું બધું આયુષ્ય સંપૂર્ણ સુખમાં વીતાવ્યું હશે એવું જ કોઈ પણ માણસ માની લે. પરંતુ તેમ નથી.

આ બાદશાહે પોતાના દિવસો કેવી રીતે જાય છે તેની રોજિંદી નોંધ રાખી હતી. અને તે ઉપરથી એને માલૂમ પડ્યું કે પચાસ વર્ષની એની કારકિર્દીમાં માત્ર ચૌદ દિવસ જ એના પૂર્ણ સુખમાં ગયા.

(કેસરી, રવિવાર તા.૨૩ જૂન ૧૯૫૭ માંથી ઉધ્ધૃત)

સાચી શાંતિ, સાચું સુખ અને સાચી તૃપ્તિ તો જ્યારે આત્મતત્ત્વની પ્રાપ્તિ થાય ત્યારે જ થઈ શકે છે. તે જેણે પ્રાપ્ત કર્યું છે તેને તે પ્રાપ્ત કર્યા પછી કશું જ કરવાનું રહેતું નથી. છતાં જો તે કાંઈ કરતો જણાય તો તે કેવળ લોકસંગ્રહ જ છે. તેણે પ્રમાદ રહિત નિષ્કામ ભાવે જનકલ્યાણ અર્થે કર્મ કરવાનાં છે. તેવાં કર્મથી વસ્તુતઃ તે કર્મ કરતો હોવા છતાં પણ અકર્મ અવસ્થામાં જ રહે છે એ પણ નિઃશંક છે. જીવન્મુક્ત જ્યારે માનવજીવનું એ પરમધ્યેય સિદ્ધ કરી લે છે ત્યારે એ ધ્યેય-પ્રાપ્તિ અર્થે તેણે પુરુષાર્થ કરવાનો રહેતો નથી; અને તેથી પણ અહીં શ્રી અવધૂતે કહ્યું તેમ

**"કરના થા સો કર લીના, અબ ના કરના ના ભરના હૈ!"**

એ જ સિદ્ધાંત વાસ્તવિક છે. આત્મતત્ત્વની પ્રાપ્તિ પછી તેણે કાંઈ પણ પ્રાપ્ત કરવાનું નથી. લાખ મળે કરોડ, કરોડ મળે દસ કરોડ અને એમ એ લોભવૃત્તિનો કદી અંત આવતો નથી. દૂધના પરિણામરૂપ માખણ મેળવ્યા પછી પુનઃ દૂધ પ્રાપ્ત કરવાનું રહેતું નથી, તેમ પુરુષાર્થના પરિણામરૂપ પરમાત્માની પ્રાપ્તિ કર્યા પછી અન્ય કાંઈ પણ પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ કરવાનો રહેતો નથી. આપ્તકામને કામના નથી અને એવું કર્મ કરીને આપ્તકામ બનેલાને શ્રી અવધૂત કહે છે તે પ્રમાણે

**"જો પાના થા સો પા લીના અબ ના પાના ના ખોના હૈ."**

કેટલી સુંદર સ્થિતિ છે ! કેટલો બધો આત્મસંતોષ છે ! દિવ્યશાંતિનું કેટલું બધું ઓજસ આ શબ્દોમાં નીતરે છે? કેટલી પરિતૃપ્ત અવસ્થાનું એ પ્રતીક છે? ભૂખ્યાને આકંઠ તૃપ્તની તૃપ્તિનો શો ખ્યાલ આવે? તરસ્યાને આકંઠ તૃપ્તની શાંતિનો શો ખ્યાલ આવે? અને આત્મતૃપ્ત બ્રહ્મવિદ્‌ની પરિતૃપ્તિનો, કર્મ અને તેનાં સંસ્કારજનિત જગતમાં અને જગતના પ્રપંચમાં રચીપચી રહેલા ક્ષુદ્ર જીવને કેમ ખ્યાલ આવે? સંસારના ક્ષણભંગુર પદાર્થોની પ્રાપ્તિ અર્થે કામના કરતા પુરુષોની કામનાઓ તૃપ્ત થાય તો પણ તેના લોભને થોભ નથી. તે સદા અસંતુષ્ટ અને અતૃપ્ત જ રહે

છે. પરમતત્ત્વની પ્રાપ્તિની કામનાવાળા પુરુષને પરમતત્ત્વની પ્રાપ્તિ થયા પછી નથી કામના રહેતી કે નથી લોભ રહેતો. તૃપ્તિની એ પરાકાષ્ટા છે. અંતિમ અવસ્થા છે. અને તેથી શ્રી ભગવાને કહ્યું :

एषा ब्राह्मि स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ॥
स्थित्वास्यामन्तकाऽलेपि ब्रह्म निर्वाणमृच्छति ॥

''આ બ્રાહ્મસ્થિતિ છે. એ પ્રાપ્ત કર્યા પછી તેમાંથી તે કદાપિ ચલિત થતો નથી, મોહિત થતો નથી. અંતકાળે પણ એ જ બ્રાહ્મી સ્થિતિમાં જ રહીને તે બ્રહ્મને પામે છે.''

ભગવાને પણ કેટલું સુંદર આશ્વાસન આપ્યું ! અને તેથી જ ભગવાનના એ સત્યવચનનું આલેખન કરીને શ્રી અવધૂતે કહ્યું

"ના જાના હૈ."

જે મળ્યું તે જવાનો ભય અને તેથી અભય બનીને જે મળ્યું છે તેમાં જ સમરસ બનવાનું આ કેટલું સુંદર, સચોટ અને ગંભીર સાધન છે? રાજા હાથ ઝાલશે તો કોક દિ એ હાથ તરછોડશે. પ્રભુ સહેજે હાથ ઝાલતો નથી અને ઝાલ્યા પછી છોડવાનું કે તરછોડવાનું તે શીખ્યો નથી. જેને 'મારો' કહ્યો તેને તે પોતાનામાં સમાવી દે છે અને તેથી જ પરમતત્ત્વની પ્રાપ્તિ કરનાર તેના વિનાશની ચિંતા રાખતો નથી. તેથી જ શ્રી અવધૂતે કહ્યું : ''જે પ્રાપ્ત કરવાનું હતું તે પ્રાપ્ત કર્યા પછી હવે નવું તો કાંઈ મેળવવાનું રહેતું નથી.'' કારણ કે શ્રી ભગવાને જ અર્જુનને કહ્યું છે :

यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते ॥

''જે સર્વોત્તમ સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી બીજું કાંઈ વધારે મેળવવાનું નથી, ને જેમાં સ્થિર થયા પછી મહાન એવા જણાતા દુન્યવી દુઃખથી એ યોગી ચલાયમાન થતો નથી.'' દુન્યવી સુખદુઃખો એની એ પરમ સ્થિતિમાંથી એને ચળાવી શકતાં નથી.

જેમ સમુદ્રમાં સમરસ બનેલી સરિતા પુનઃ સરિતા તરીકે વિભક્ત થઈ શકતી નથી તેમ આત્મભાવમાં સમરસ બનેલો સિદ્ધ એક વખત આત્મરસમાં સમરસ બન્યા પછી તેનાથી ભિન્ન થઈ શકતો નથી. અને સદાય અભિન્નભાવે આત્મામાં જ રહેલા એ સિદ્ધને પ્રાપ્તિના નાશનો ભય નથી. તેથી તે અભય બનીને પ્રાપ્તના રક્ષણની ચિંતાથી પણ મુક્ત બનીને શ્રી અવધૂત કહે છે તેમ :

"અબ ના પાના ના ખોના હૈ."

એવા આત્મસંતોષમાં જ બ્રહ્માનંદમગ્ન રહે છે.

જ્યાં સુધી વસ્તુની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી તે મળશે કે નહીં મળે એવી દ્વિધાવૃત્તિ રહે છે. પણ પ્રાપ્તની પ્રાપ્તિ થયા પછી ચિત્તમાંથી એ દ્વૈતવૃત્તિનો લોપ થાય છે, અને જે મળ્યું છે તેની રક્ષાનો ભય ઉત્પન્ન






થાય છે. જે મળ્યું તે રહેશે કે નહીં રહે એવી દ્વિધાવૃત્તિ ઉત્પન્ન થાય છે. અને તેથી પ્રાપ્તની રક્ષામાં ચિત્તની વૃત્તિ ગતિશીલ બને છે. જેને યોગ અને ક્ષેમની ચિંતા છે તે વિષયાભિમુખ મનુષ્યને એ નિયમ લાગે છે. જેનો યોગ સિદ્ધ થયો છે અને ક્ષેમની જેને ચિંતા નથી તેનો યોગ સ્વયં સુરક્ષિત છે. આત્મતત્ત્વની પ્રાપ્તિ પછી તેના રક્ષણની ચિંતા રહેતી નથી. કારણ કે તે પછી આત્મતત્ત્વ જ બની જાય છે.

''ब्रह्मविद् ब्रह्मैव भवति''

એ શ્રુતિવાક્ય મિથ્યા નથી. શાશ્વતનો વિનાશ નથી અને તેથી શ્રી અવધૂતને **"ના ખોના હૈ"** એવો દૃઢ વિશ્વાસ છે-આત્મનિશ્ચય છે. એ નિશ્ચયને સ્વયં ભગવાનનો આધાર પણ છે. એ રીતે અભય બનેલા શ્રી અવધૂતને પછી

**"ના જાના હૈ ના આના હૈ, ના જીના હૈ ના મરના હૈ."**

અહીં શ્રી અવધૂતે સંસારના વિષયકરૂપ જન્મ અને મૃત્યુનો સંકેત કર્યો છે. જન્મ અને મૃત્યુ એ સંસારનો સ્વભાવ છે. એ સ્વભાવમાં પરિવર્તન થવાનો સંભવ નથી. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।

''જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે અને જે મરે છે તેનો જન્મ પણ નિશ્ચિત છે.'' સર્જનના એ અટળ નિયમને ખાળવાની શક્તિ કેવળ એક જ વિરલ વ્યક્તિમાં છે અને તે છે જીવન્મુક્ત. તેને નથી જન્મ કે નથી મૃત્યુ. જન્મ અને મૃત્યુ એ વિનાશી દેહના-સર્જનના-ધર્મ છે. અજન્મ અને અમૃત્યુ એ અવિનાશી આત્માનું લક્ષણ છે. સરિતા સુકાશે, સાગર સુકાતો નથી. સરિતા જ્યાં સુધી સાગરથી ભિન્ન રહેશે ત્યાં સુધી તે સુકાશે, પણ પોતાના નામ, રૂપ અને આકારને નિઃશેષ કરીને જ્યારે તે સાગરમાં ભળી જશે ત્યારે તે પણ સુકાવાનો સંભવ નથી. જ્યાં સુધી માનવશરીર શરીરરૂપે નામ, રૂપ અને આકારવાન છે, જ્યાં સુધી તેને 'હું દેહ છું' એવો દેહાધ્યાસ છે, જ્યાં સુધી તેને દેહની અહંતા છે, 'હું છું' એવી તેની માન્યતા છે, જ્યાં સુધી તેને એ અહંતાના પરિણામે સ્ત્રી, પુત્ર, ધન, પરિવાર આદિની મમતા છે ત્યાં સુધી એ દેહધારી શરીર વિનાશી છે. પણ તે જ દેહમાં રહેલા દેહીને, તે જ દેહમાં રહેલા ક્ષેત્રજ્ઞને જાણીને જ્યારે તે દેહભાવમુક્ત-જીવભાવમુક્ત દેહી બની જાય છે ત્યારે તેને દેહ મરો કે જીવો તેની સાથે સંબંધ નથી. તે દેહવાન મટીને વિદેહી બની જાય છે અને તેથી તેને જન્મ નથી કે મૃત્યુ નથી. એને જીવવાનો આનંદ પણ નથી કે મૃત્યુનો વિષાદ પણ નથી. એ ઉભય શોક અને મોહ વિહોણા દેહીને દેહ સાથે તાદાત્મ્ય રહેતું નથી, અને તેથી દેહના પંચકોષાત્મક વિકારોથી તે અલિપ્ત છે. આપણને પ્રત્યેક પળે મૃત્યુનો ભય જેમ લટકતી તલવાર પેરે સતાવી રહ્યો છે તેમ મૃત્યુનો ભય એને નથી. એ નિર્ભય છે.

આત્મસ્થિતિમાં નિશ્ચળ સુમેરુ જેવા એ જીવન્મુક્તને ચળાવવાની એ મૃત્યુમાં પણ શક્તિ નથી. ન જ હોય કારણ કે મૃત્યુ-એ કાળ-એને આધીન છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

"कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो
लोकान्समाहर्तुमिह प्रवृत्तः ।"

"હું લોકોનો નાશ કરનાર કાળ છું. લોકોનો સંહાર કરવા અહીં તત્પર થયો છું." એવા કાળરૂપ ભગવાનમાં જે ભળ્યો છે તેને એ કાળ બાપડો શું કરી શકે? અને એ કાળથી ભિન્ન નથી, પરમતત્ત્વથી ભિન્ન નથી અને તેથી જે કાળ એને આજ્ઞાધીન છે તેનો ભય એને શા સારુ રહે? અને તેથી એને જન્મ અને મૃત્યુનો ભય નથી. એવા સિદ્ધને સંસારના આવાગમનનો સ્વભાવ પોતાની જાળમાં જકડી શકતો નથી, એટલું જ નહીં પણ જ્યાં સુધી શરીરનું પ્રારબ્ધ છે ત્યાં સુધી ભલે શરીર ટકે, પણ એ શરીર ટકે તેની પણ એને સ્પૃહા નથી અને છૂટી જાય તેની પણ એને લવલેશ દરકાર નથી. એ ઉભય રીતે મુક્ત છે. શ્રી અવધૂતે કહ્યું છે :

"એક અથવા અનેક રોગો એકી સાથે વા એકે એકે ભલે આવો. મને તેની જરા પણ ચિંતા નથી. મારો તો ઉભય રીતે વિજય જ છે. જો રોગ અથવા રોગો આવશે અને શરીરનું મૃત્યુ નહીં થાય તો કાળ હારી જશે. અગર જો શરીરનું મૃત્યુ થશે તો આવા એક પંચભૌતિક શરીરના વિનાશ માટે કાળદેવતા રોગનું આવડું મોટું સૈન્ય લઈને આવ્યા એમ કહેવાશે અને તેથી કાળનો વિજય એ પણ પરાજય જ છે." આમ શ્રી અવધૂત મૃત્યુ પ્રત્યે કેટલી નિઃસ્પૃહતાની નજરથી જુએ છે તે આપણે જોઈ શકીએ છીએ. તે જ રીતે અહીં પણ એટલી જ નિઃસ્પૃહતા શ્રી અવધૂતે વ્યકત કરી છે. એવી નિઃસ્પૃહતા આવવાનું કારણ? એ શરીર છે એવો એનો જે મોહ હતો તે નષ્ટ થતાં, એ શરીરમાં મોહજનિત જે મમત્વ હતું તેનો પણ નાશ થયો છે. મમત્વના અભાવે એ શરીર 'મારું શરીર છે' એવું એને જ્ઞાન નથી અને એ શરીર સાથે કશો જ સંબંધ નથી. શરીરનો એ મોહ અને શરીરમાં રહેલું એ મમત્વ તો કેવળ માયાને આધીન બનેલા મનના કારણે જ છે ને ? અને એને મન ક્યાં છે ? એ તો હવે મન નથી પણ જેના વડે મનન કરી શકે છે તે મનનો અધિપતિ બન્યો છે. રાજાને સેવકનો ભય ખરો ? મન વિનાના એ જીવન્મુક્તને દેહની કોડીની પણ કિંમત નથી અને તેથી આવાગમનનો અંત સાધીને, ચેતન છતાંય જડવત્ બનેલા એ જીવન્મુક્તને જીવન અને મરણ એ ઉભય અવસ્થા સમાન જ છે. સમત્વબુદ્ધિના પરિણામે જીવન અને મૃત્યુમાં એની અભેદબુદ્ધિ બનેલી છે, તેથી એને મૃત્યુનો ભય નથી. જીવનનો મોહ નથી છતાંય જ્યાં સુધી શરીરનું પ્રારબ્ધ છે ત્યાં સુધી આ શરીરમાં 'શરીરિ' ભાવે રહે છે. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :





**"ના જીના હૈ ના મરના હૈ"**

જીવે છે કોણ? અને મરે છે કોણ? આગળ કહ્યું તેમ શરીર. જીવવું અને મરવું એ શરીરના ધર્મ છે. આત્માનાં લક્ષણો તો એનાથી વિલક્ષણ છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥

"આત્મા કદી જન્મતો નથી, મરતો નથી. એ ઉત્પન્ન થતો નથી, ઉત્પન્ન થઈને રહેવાનો પણ નથી. આત્મા અજન્મા છે, નિત્ય છે, શાશ્વત અને પુરાતન છે. શરીર હણાય તો પણ તે હણાતો નથી, મરાતો નથી.

આત્મા અને દેહમાં આ વિલક્ષણતા છે. દેહીની એ વિલક્ષણતાનું જેને વિશુદ્ધ જ્ઞાન છે, જે વિલક્ષણ દેહીસ્વરૂપે દેહમાં રહે છે, તેને દેહ જીવે તેથી શું અને દેહ મરે તેથી શું? તેને મન તો ઉભય અવસ્થા એકસરખી જ છે. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

**"ના જીના હૈ ના મરના હૈ."**

જેના ક્લેશ અને કર્મનો સર્વથા નાશ થઈ જાય છે તેવા જીવન્મુક્તને જીવ્યાનો આનંદ અને મૃત્યુનો વિષાદ ક્યાં આડે આવે? પણ જ્યારે એને જીવવું પણ નથી અને મરવું પણ નથી-જીવન્મુક્તને જન્મ નથી, મૃત્યુ નથી. જન્મ-મૃત્યુનો તે વિચાર કરતો નથી ત્યારે શું કરશે? શ્રી અવધૂત કહે છે :

**"બસ આપહિમેં રમ રહેના હૈ."**

આત્માકાર બનેલી બુદ્ધિ અને વૃત્તિમાં વિષયો અને વિષયોનાં કાર્યરૂપ શરીર અને એ શરીરના ધર્મને રહેવાની જગ્યા નથી. અવકાશના અભાવે એ દેહબુદ્ધિનું અસ્તિત્વ જ રહેતું નથી. તેથી તેને શરીરનું શું થાય છે તેનું ભાન પણ નથી. એ દેહજ્ઞાનશૂન્ય જીવન્મુક્ત આત્મસ્થિતિમાં જ રહે છે. એ બ્રહ્માકાર વૃત્તિમાં કદી ખંડ પડતો જ નથી અને તેથી તેની બ્રહ્માવસ્થા અખંડ જ રહે છે. તે બ્રહ્મમાં જ મસ્ત બનીને રમતો રહે છે. એને સર્વ બ્રહ્મમય બની રહે છે. એ અપરોક્ષ આત્માનુભવ સ્થિર થતાં જ્યાં જ્યાં તેની નજર પડે ત્યાં ત્યાં તે બધે પોતાને જ જુએ છે. જૂજવાં રૂપમાં એકભાવે રહેલા પોતાને જોઈને એ પછી પોતાના આત્માનંદમાં જ રમણ કરતો રહે છે. પછી પુષ્પમાં પણ પોતે જ છે, વૃક્ષમાં અને પહાડ-પાષાણમાં પણ પોતે જ છે, મૃત્યુમાં પણ પોતે જ છે. અને જીવનમાં પણ પોતે જ છે એવું ભાસે છે. અને જ્યારે સર્વત્ર વ્યાપી રહેલો છે એવું તેને પ્રતીત થાય છે ત્યારે તેને જે આનંદનો ઊભરો આવે છે તે કેમે કરતાં શમતો નથી. અને એ જ આનંદમાં તે પોકારી ઊઠે છે : 'अहमात्मा !' બસ એ જ એના આનંદની પરિસીમા છે. એ જ એના આત્માનંદની પરાકાષ્ટા છે અને એ જ આત્માનંદમાં તે સદા સર્વદા વ્યક્તિત્વનો ત્યાગ

કરીને સમષ્ટિમાં અને સમષ્ટિને પેલે પાર પરબ્રહ્મમાં રહીને આનંદરૂપ બની જાય છે. અને ત્યારે પોતાના જ સત્-ચિત્ અને આનંદ સ્વરૂપ સ્વભાવને પ્રાપ્ત થયેલો એ જીવન્મુક્ત

**आत्मन्येवात्मना तुष्टः ।**

ની અવસ્થાનો અનુભવ કરે છે. અને તેમાં જ નખશિખાંત તરબોળ થઈ જાય છે.




ભા.- ૨

બ્રહ્મથી ભિન્ન થાય તો ભ્રમણા સર્જાય. જગત બ્રહ્મથી ભિન્ન છે એવું માનવું એ જ ભ્રમણા છે. જગત ભલે વ્યાવહારિક સત્ય હોય પણ વાસ્તવિક સત્ય તો કેવળ બ્રહ્મ જ છે. અને તેથી બ્રહ્મભાવે ભાવિત બનેલાને જગતનું અસ્તિત્વ જ જણાતું નથી. તે જગતને કેવળ ગુણના કાર્ય તરીકે જ જુએ છે. જગતને બ્રહ્મથી ભિન્ન જોવાને તેની પાસે દૃષ્ટિ નથી. તેને તો એક જ નેત્ર છે અને તે નેત્ર બધાને જ બ્રહ્મરૂપે જુએ છે. તે બ્રહ્મ પોતે જ છે અને તેથી તે પોતાનામાં જ તૃપ્ત બનીને રહે છે અને ત્યારે જ જ્ઞાનની પણ પરિસમાપ્તિ થાય છે. તો પછી...

**"જો આન પડે સો સહના હૈ !"**

એમ શ્રી અવધૂતે કેમ કહ્યું ? હા, એવું કહેવાનું પણ શ્રી અવધૂત પાસે કારણ છે. તે કારણ શાસ્ત્રસંમત પણ છે.

ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધ એ કર્મની ત્રણ ગતિ. આ જન્મે જે કર્મો થાય છે તે ક્રિયમાણ, ગતજન્મે થયેલાં કર્મો સંચિત કર્મ. એ સંચિત કર્મ જ્યારે પરિપક્વ થાય અને ફલોન્મુખ બને ત્યારે તે પ્રારબ્ધ કર્મ કહેવાય. જે જ્ઞાની છે, જે જીવન્મુક્ત છે તેનાં સંચિત અને ક્રિયમાણ કર્મો જ્ઞાનાગ્નિમાં દગ્ધ થઈને ભસ્મસાત્ બની જાય છે. જેમ પ્રજ્વલિત થયેલો અગ્નિ કાષ્ટને સંપૂર્ણપણે ભસ્મ કરે છે તેમ જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને સંપૂર્ણ રીતે ભસ્મ કરે છે. જ્ઞાનપ્રાપ્તિ પછી શરીરધર્મને અનુસરીને કિંવા લોકસંગ્રહાર્થે જે કર્મ થાય છે તે કર્મમાં ફલાસક્તિના અભાવે તે કર્મ શેકેલાં બીજ જેવાં હોય છે. તે ફળ આપવાને અસમર્થ હોય છે, તેથી તે બંધન ઉપજાવી શકતાં નથી. એટલે જ્ઞાનીને સંચિત અને ક્રિયમાણ કર્મોનો ભય રહેતો નથી. જ્યાં સુધી જીવન્મુક્તની દેહાવસ્થા છે ત્યાં સુધી પ્રારબ્ધ તો તેને પણ છોડતું નથી. શરીર એ કર્મમૂલક છે. જ્યાં સુધી પ્રારબ્ધ ભસ્મસાત્ થતું નથી ત્યાં સુધી શરીર છૂટતું નથી, પણ તે શરીર કેવળ પ્રારબ્ધ ક્ષીણ કરવા પૂરતું જ રહે છે. અને તેથી શરીરથી પર ન જોઈ શકનાર લોકદૃષ્ટિએ આત્મતૃપ્તને પણ પ્રારબ્ધ તો છે જ. સંચિત અને ક્રિયમાણ કર્મના અભાવે નવું પ્રારબ્ધ સર્જાતું નથી એ ખરું છે પણ જૂનું પ્રારબ્ધ જ્યાં સુધી રહે ત્યાં સુધી તો તે ભોગવવાનું રહે છે એ નિઃશંક છે. પણ એ પ્રારબ્ધ ભોગનાં સુખદુઃખાદિ એને સ્પર્શ કરતાં નથી; ને ફાવે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ એ અચળ આનંદમાં રહી શકે છે. અને તેથી જ જીવન્મુક્ત અવસ્થા





પછી પણ શરીર રહે ત્યાં સુધી પ્રારબ્ધ ક્ષીણ થતું ન હોવાથી પ્રારબ્ધવશ સુખ કે દુઃખ જે આવી પડે તે સહન કરે જ છૂટકો છે. સામાન્ય રીતે જ્યારે પ્રારબ્ધવશાત્ સંસારીને દુઃખ આવી પડે છે ત્યારે તે વણમાંગ્યા દુઃખને જોઈને અકળાઈ જાય છે, વિક્ષિપ્તચિત્ત બની જાય છે. શું થશે ? એ દુઃખ કેમ દૂર થશે ? આવા વિચારોથી તેનું ચિત્ત વ્યગ્ર બની જાય છે. જીવન્મુક્તને એવો વિષાદ થતો નથી. સુખ અને દુઃખ એ ઉભયમાં તેની સમાન વૃત્તિ છે. સુખ અને દુઃખને તેણે સમાન ગણ્યાં છે. મનની એ પ્રતિકૂળ અને અનુકૂળ લાગણીને તે વશ થતો નથી અને તેથી, જેમ દુઃખને જોઈને તે અકળાતો નથી કે વિકળ થતો નથી તેમ, સુખને જોઈને હરખાતો પણ નથી. સામાન્ય માણસને સુખ આવે છે ત્યારે આનંદ થાય છે. એ સુખનો આનંદ પણ ક્ષણિક છે. એ આનંદ વિકાર પણ છે. જીવન્મુક્ત જગતના બધાએ વિકાર, મનના સમસ્ત ધર્મોથી પર છે અને તેથી સુખમાં ઉન્માદ કે હર્ષરૂપી વિકાર તેને સ્પર્શ કરતો નથી. આનંદ કે વિષાદરહિત નિર્વિકાર અવસ્થામાં સુખ અને દુઃખમાં સમબુદ્ધિ રાખીને તે જીવન જીવે છે. જે આવી પડે તે ભોગવે છે. તેને મન દુઃખ દુઃખ નથી, સુખ સુખ નથી. તેની સ્થિર.બુદ્ધિમાં એ સુખદુઃખની વૃત્તિનું અસ્તિત્વ નથી. તેથી દેહના જેવા બીજા ધર્મો છે તેવા જ એ સુખદુઃખને દેહના ધર્મ માનીને દેહબુદ્ધિથી મુક્ત થયેલો જીવન્મુક્ત સુખદુઃખની સ્પૃહા કરતો નથી. 'ભોગવે છે' એમ કહેવું તેના કરતાં એ સુખ કે દુઃખની લાગણીની તેને અસર જ થતી નથી એમ કહેવું સયુક્તિક છે. જેમ પથ્થર પર હજારો ઘડા પાણી રેડવાથી પથ્થરને ટાઢ વાતી નથી, એ પોતાની સ્થિતિમાં જ અચળ રહે છે તેમ એ જીવન્મુક્ત પોતાની આત્મસ્થિતિમાં અચળ રહે છે. એ જ પથ્થરને અગ્નિમાં ભંડારવાથી તેને ઉષ્ણતાનો પણ અનુભવ થતો નથી. જ્યાં સુખ અને દુઃખની ભેદવૃત્તિ છે ત્યાં તેના હર્ષ અને વિષાદનું અસ્તિત્વ છે. અભેદવૃત્તિમાં ભેદભાવની શક્યતા નથી. જો વિકાર કે ભેદ હોય તો તે અભેદવૃત્તિ નથી, અને તેથી જીવન્મુક્તને પ્રારબ્ધવશ, પ્રયાસ કર્યા વિના અનાયાસ આવી પડેલી કોઈ પણ પરિસ્થિતિમાં રહેવાથી તેની અચળ સ્થિતિમાં કાંઈ પણ પરિવર્તન થતું નથી. જ્યાં મનોવૃત્તિ છે, જ્યાં ચાંચલ્ય છે ત્યાં એ વૃત્તિઓ પોતાનું પ્રાબલ્ય વ્યક્ત કરી શકે છે. જીવન્મુક્તને મન નથી. તેનું નિરુદ્ધ ચિત્ત કોરા કાગળ જેવું અથવા થીજાયેલા પાણી-બરફ-જેવું છે. અને તેથી તેને સહન કરવાનું નથી. પણ આકાશમાં જેમ વાદળાંઓ આવે છે અને જાય છે તેમ સુખ અને દુઃખ પણ આવે છે અને જાય છે એમ સમજીને તે પોતાનું જીવન ઉદ્વેગ રહિત પૂરું કરે છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :



"ના ચઢના હૈ ના પડના હૈ, ના રોના હૈ ના હસના હૈ;"

ચઢવું અને પડવું, રોવું અને હસવું એ તો જગતનો ધર્મ છે. જે

ચઢે છે તે જ પડે છે અને રડે છે તે જ હસે છે. એ સ્થિતિ તો આપણે રોજ અનુભવીએ છીએ અને નજરે પણ જોઈએ છીએ. ચઢી ચઢીને પડતા અને પડી પડીને ચઢતા અંતે પર્વતના શિખર પર જઈને સ્થિર રહેનારને પછી પડવાનો ભય રહેતો નથી. રડી રડીને હસતા અને હસી હસીને રડતાને અંતે જ્યારે હસવાનું જ મળે છે ત્યારે એ હાસ્યમાં રુદન પણ હાસ્ય જ બની જાય છે અને ત્યારે તેને રોવાનો ભય રહેતો નથી. શ્રી અવધૂત પેરે જગતમાં રહીને, જગતની સાથે રહીને, જગતનાં એ બંધનો જેણે તોડ્યાં છે તેને એ બંધનો ફરીને બાંધી શકતાં નથી. જગતમાં રહીને જગતથી વિરક્ત રહેવું એ તો કાજળની કોટડીમાં પ્રવેશ કરીને કાજળનો ડાઘ લાગ્યા વિના બહાર નીકળવા જેવું છે. જગતમાં રહીએ તો જગતના દોષોનો સંસર્ગ થાય અને સંસર્ગદોષથી તો કોઈ વિરલ જ બચે. જે બચે છે તે સદાય નિસ્સંગ રહે છે એ પણ એટલું જ સત્ય છે. જગતની વાત બાજુએ મૂકીએ તો પણ એ નિર્દ્વંદ્વ આત્મસ્થિતિ પ્રાપ્ત કરવી એ કાંઈ બચ્ચાંના ખેલ નથી. એ તો તાતી તલવાર પર ચાલવાનું છે, લોખંડના ચણા ચાવવાના છે. જેનામાં તીક્ષ્ણ ધારવાળી તલવાર પર પગ મૂકવાની હિંમત છે, પગ કપાશે નહીં એવો જેને આત્મવિશ્વાસ છે, દૃઢ શ્રદ્ધા છે તે જ એ આત્મવિશ્વાસ અને દૃઢ શ્રદ્ધાના બળે એ તીક્ષ્ણ તલવાર ઉપર ચાલીને પગ કપાયા વિના પાર ઊતરી શકે છે. એક વખત એ કસોટીમાં પાર ઊતર્યા પછી ફરીને તેણે તાતી તલવાર પર ચઢવાનું રહેતું નથી. આપણામાં 'ચઢે તે પડે' એવી એક કહેવત છે ને ? અને જેણે શિખરને પ્રાપ્ત કરવાનો સંકલ્પ કર્યો છે, દૃઢ નિશ્ચય કર્યો છે તે પર્વત પર ચઢતાં ચઢતાં પડે તેની તેને સ્પૃહા નથી. તેને તો માત્ર પર્વતનું શિખર જ જણાય છે અને ત્યાં પહોંચવામાં તેને કેટલીયે વાર પડવું પડે તેની તે ગણતરી સરખી પણ રાખતો નથી. જે આત્મપ્રાપ્તિને માર્ગે ચઢે છે તેને પડવાનો ભય છે જ. એ માર્ગમાં જેટલાં વિઘ્નો આવે છે તેટલાં વિઘ્નો સંસારની સમૃદ્ધિ પ્રાપ્ત કરવામાં નથી આવતાં. આત્મદર્શનની જ એક તમન્ના જેના ચિત્તમાં છે તે પડવાનો ભય રાખ્યા વિના જ નિર્ભયપણે પોતાનો માર્ગ કાપતો કાપતો આગળ ચાલ્યો જાય છે. પાછળ ફરીને તે ભયને જોતો નથી. અને ત્યારે તેનું સાધ્ય તે પ્રાપ્ત કરી શકે છે એમાં શંકા પણ નથી. જીવન્મુક્ત એટલે ચઢી ચઢીને પડતો અને પડી પડીને ચઢતો. ઘડીક પડતો, ઘડીક ચઢતો, એમ પોતાનો માર્ગ પૂરો કરીને અંતે ચઢીને પોતાના સાધ્ય શિખરને પ્રાપ્ત કરીને, સ્થાણુવત્ અચળ ઊભેલો એ સ્થિતપ્રજ્ઞ-જીવન્મુક્ત, વિજયનું હાસ્ય હસતો એ વિરલો, ચઢવું, પડવું અને રોવું એ ત્રણેને પાર કરીને કેવળ હાસ્યમાં જ નિવાસ કરે છે. અખંડ નિર્વિકાર હાસ્ય એ આત્મોપલબ્ધિની પરાકાષ્ઠા છે. આત્મસાક્ષાત્કારનું પરમ સ્વરૂપ છે. પછી તો એ હાસ્યમૂર્તિ નિત્યાનંદ પરિતૃપ્તને 'अहमात्मा'ની ભાવના








જ અખંડ જાગ્રત રહે છે. અને તેથી તે સર્જનમાત્રનો સમ્રાટ બનીને, તેની સત્તાનો પ્રતિકાર કરવાને અન્ય કોઈ નથી એમ લેખીને, એકમેવાદ્વિતીય બ્રહ્મ બનીને જ બ્રહ્માનંદમાં અખંડ હાસ્ય હસતો રહે છે. પછી તેને રોવાનું શું છે ? જેનો સંસાર વિરાટ છે તેને તો નિત્ય હાસ્ય જ છે, કારણ કે તેને સંસાર નથી. પરિચ્છિન્ન સંસારીને જ રોવાનું કે હસવાનું છે. દ્વૈત નથી ત્યાં ભય નથી. નિર્ભય દ્વૈતરહિતને રોવુંયે નથી અને હસવુંયે નથી. હાસ્ય અને રુદન એ બે વૃત્તિ છે અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**'બસ આપહિ હાસ્ય બના'**

તેમ એ તો અખંડ હાસ્યની મૂર્તિ જ બની રહે છે. પછી તેને રોવાનું શું ? આવાગમન ટળી ગયા પછી રુદનનું અસ્તિત્વ ક્યાં છે ? અને તેથી શ્રી અવધૂતે કહ્યું ''હાસ્ય બન્યા પછી નથી રોવું, નથી હસવું, નથી ચઢવું, નથી પડવું.'' ''બનીને હાસ્યની મૂર્તિ સદાયે હાસ્યમાં રહેવું.'' જ્યારે હાસ્ય-આનંદથી અતિરિક્ત કશું નથી અને તે હાસ્ય અથવા આનંદ જ્યારે પોતે જ બની જાય છે ત્યારે જગતનાં રુદન તેને માટે રુદન રહેતાં નથી. જગતનાં હાસ્ય તેને માટે હાસ્ય રહેતાં નથી. જગતનું ચઢવું અને પડવું એ પણ તેને માટે રહેતું નથી. અને એ બધાથી પર એ મૂર્તિમંત હાસ્યસ્વરૂપ બની જાય છે. જગતમાં જે હસે છે તે હસનારો એ હાસ્યનો ક્ષણિક આનંદ માણે છે, કારણ કે એ હાસ્યની પાછળ રુદન આવવાનું જ છે એ નિશ્ચિત છે. સુખ આવે છે, માનવીને હસાવે છે પણ એ સુખની પાછળ દુઃખનો અખંડ ઝરો વહે છે તે, એ માનવી સુખનું હાસ્ય હસતાં ભૂલી જાય છે. જે હાસ્ય છે તેને હાસ્યનો આનંદ ક્યાં છે ? હીરાને નિહાળીને હીરો હરખાતો નથી પણ ઝવેરી હરખાય છે, તેમ હાસ્યની જીવંત પ્રતિમા સમા એ જીવન્મુક્તના સાન્નિધ્યમાં દુઃખી સંસારી જીવો આશ્વાસન મેળવે છે, સમાધાન પામે છે. એવા હાસ્યસ્વરૂપ બનેલા જીવન્મુક્તને પોતાના આનંદ માટે બહારના કોઈ સાધનની જરૂર રહેતી નથી અને શ્રી અવધૂતે અન્યત્ર કહ્યું છે તેમ

**''આપ વિષે સમરસ થઈ સાધુ આપ વિષે નિત ખેલેરે.''**

જેવી એની સ્વાનંદમસ્ત દશા થાય છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**''બસ આપહિ હાસ્ય બના ફિર, ક્યોં કરનીકા બોજ ઉઠાના હૈ ?''**

કરણીનો ભાર કોણ વેંઢારે ? જે કરણી કરે તે. જેણે કરણી કરીને તેનું અંતિમફળ પ્રાપ્ત કર્યું છે તેને તે કરણીનો ભાર વેંઢારવાનો બાકી રહેતો નથી. એ ચઢ્યો, પડ્યો, રોયો, હસ્યો અને અંતે હાસ્ય બન્યો. તેને પછી એ હાસ્ય પ્રાપ્ત કર્યાનો ભાર માથે વહેવાનો ક્યાં રહ્યો ? અગ્નિ પ્રકટાવ્યા પછી માથે લાકડાનો ભારો લઈ ભટકવાનું ક્યાં રહ્યું ? ભલા

તમારા શરીરનો ભાર તમને લાગે છે ખરો ? ના. તેવું જ આ છે. પુષ્પનો ભાર વૃક્ષને લાગે, પુષ્પને લાગતો નથી. તેવું જ આ પણ સમજો ને ! કરણી છે કે નથી તેનું જેને ભાન નથી તે કર્તૃત્વના અહંકારનો બોજો શાને વહે ? જેને કરણીમાં આસક્તિ હોય, જેને કરણીના ફળની આશા હોય, તેને તે કરણીનો ભાર વહેવો પડે. આપણે સેવા કરીએ પણ સેવાનો જો આપણને ગર્વ થાય તો અભિમાનવશ આપણે ફુલાઈ જઈએ. ચાર માણસ આગળ કહેતા ફરીએ : 'હું સેવા કરું છું', તો નીચે પડીએ. અને એ સેવાના અહંકારના ભાર નીચે કચરાઈ મરીએ. પણ જે મૂકભાવે યથાપ્રાપ્ત સેવા કરે અને સેવાને ખાતર જ અહંકાર કે ફલાસક્તિ રહિત સેવા કરે તેને એ સેવાનો ભાર લાગે ખરો ? ના, અહીં પણ તેવું જ સમજોને ! બોજની પાછળ અહંતા છે. ''હું કર્મ કરું છું'' એવો કર્તૃત્વાહંકાર અને ફલાસક્તિ જ કર્મનો ભાર છે. અહંતા વિનાના કર્મનો બોજ કર્મ કરનારને લાગતો નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**''ફિર ક્યોં કરનીકા બોજ ઉઠાના હૈ.''**

જીવન્મુક્તને હું અમુક છું એવું ભાન જ નથી. જ્યારે જ્ઞાનાવસ્થાનું પણ વિસ્મરણ થઈ જાય ત્યારે જ જ્ઞાનસ્વરૂપ બનીને ખરો આનંદ-બ્રહ્માનંદ કિંવા આત્માનંદ પ્રાપ્ત કરાય છે. અને એ આનંદ દૃઢ થતાં એવો જીવન્મુક્ત આનંદસ્વરૂપ બની જાય છે. કેવળ આનંદ-હાસ્ય જ બની જાય છે. એટલે તેને એ આત્માનંદનું પણ પૃથક્ સ્મરણ રહેતું નથી.

પ્રથમ જાય છે દેહભાન, પછી જાય છે આત્મભાન અને પછી ટળે છે એ આત્મભાન ટળ્યાનું પણ ભાન. એવી અજ્ઞાન અવસ્થામાં જ સાચી જ્ઞાનાવસ્થા છે. એ સર્વવિસ્મૃત આનંદાવસ્થા જ કૈવલ્યાવસ્થા છે. ત્યારે જ એ સાચો જીવન્મુક્ત બને છે. જ્યાં સુધી જ્ઞાનાવસ્થાનું ભાન છે ત્યાં સુધી જીવન્મુક્તિનો આભાસ છે. જ્યારે જ્ઞાનસ્વરૂપ બને છે ત્યારે તે જીવન્મુક્ત બને છે. સાચો જીવન્મુક્ત જડભરત જેવો જડ જણાય છે પણ તે સંપૂર્ણ ચૈતન્યનો સ્રોત છે. અને તેથી જ તેને પોતાની અભેદાવસ્થાનું પણ જ્ઞાન રહેતું નથી. એ અવસ્થા કેવળ અનુભવજન્ય છે. ગમે તેટલાં પોથાં વાંચીએ કે વિચાર કરીએ તો પણ એ અવસ્થાની કલ્પના સરખીય થઈ શકે એમ નથી. જ્યારે જ્ઞાનનું ભાન જ નથી ત્યારે તે જ્ઞાનનો ભાર વેંઢારવાનો ક્યાં રહે ? જ્યાંસુધી માથાં પર પાંચશેરની પોટલી છે ત્યાં સુધી ચિત્ત એ પોટલીમાં જ રહે છે. જ્યારે કોઈ એ પોટલી ઉતારી લે છે, ત્યારે એ ભારનું જ્ઞાન પણ પોટલીની સાથે જ જતું રહે છે. અભેદજ્ઞાનનું અક્ષરજ્ઞાન આપનારા ઘણાય ગ્રંથો છે પણ તેના અક્ષર-મંકોડાને ઉકેલવાથી તેનો પરિપૂર્ણ ખ્યાલ ભાગ્યે જ આવે.

હાસ્ય બન્યા, કરણીનો ભાર વેંઢારવાનો રહ્યો નહીં છતાંય આગળ કહ્યું તેમ કર્મ-ક્રિયમાણ અને સંચિત-ગયાં પણ પ્રારબ્ધ અવશેષ રહ્યું અને





તેના પરિણામે શરીર પણ રહ્યું. તેથી તે પ્રારબ્ધકર્મને અનુલક્ષીને શ્રી અવધૂત કહે છે :

**"કિસ્મતસે આન મિલે સબ, ક્યોં નાહક જગકો રિઝવાના હૈ."**

શ્રી અવધૂતે એક પ્રસંગે કહ્યું હતું : "અસલ ફકીરી એટલે સંપૂર્ણ ત્યાગ. જેણે કોક જન્મે રાજા થઈને વૈભવ વિલાસનો કોક કાળે અનુભવ લીધેલો જ નથી તેની ભોગલાલસા સહસા શમતી નથી અને તેથી જ એ સાચો ફકીર બની શકતો નથી. જેને ચપટી ધૂળની પણ અંતરમાં જરૂર જણાય છે તે અસલ ફકીર નથી. કામનાનો સંપૂર્ણ અભાવ એટલે જ ફકીરી."

જગતને રીઝવવાનો જે પ્રયત્ન કરે છે તે જગત પાસેથી કંઈક મેળવવાની આશા રાખે છે. જેને જગત પાસેથી કાંઈ પ્રાપ્ત કરવું છે તે જ જગતની ખુશામત કરતો ફરે છે. સ્વાર્થ વિના બીજાની ભાટાઈ કરવાનો કોઈ પણ પ્રયત્ન કરતું નથી. અરે, એક કૂતરું પણ પૂંછડું પટપટાવે છે તે બટકું રોટલાની આશાએ !

સંત જાણ્યેઅજાણ્યે પણ જગતને રીઝવવાનો પ્રયત્ન કરતો નથી. જે આપ્તકામ છે તે શા સારુ બીજાને રીઝવે ? બીજાની ખુશામત શા સારુ કરે ? આપણને ધનની લાલસા છે, માનની અભિલાષા છે, અને તેથી આપણે જગતને શ્વાનવત્ રીઝવવાનો પ્રયત્ન કરીએ છીએ. જે પ્રારબ્ધથી દેહ ઉત્પન્ન થયો છે તે જ પ્રારબ્ધ એને પોષવાનું છે એ વાત સંત જાણે છે. અને પોષણ વગર કદાચ શરીર પડી જાય તો પણ દેહભાવથી પર હોવાથી તેની એને પરવા નથી. તો એ કોઈની આગળ શા સારુ પેટ બતાવે કે જીભ નચાવે ? અને જેણે પ્રભુ પરખ્યા છે, જેના ઉપર પ્રભુની પૂર્ણ કૃપા છે, જે પ્રભુથી અતિરિક્ત પોતાના અસ્તિત્વનો જ સ્વીકાર કરતો નથી તો તે જગતને ખુશ કરવાની ખટપટમાં શા સારુ જ પડે ? એને જો કોઈને પણ રીઝવવાના હોય તો પ્રભુને છોડી બીજાને શા સારુ રીઝવે ? પ્રભુને રીઝવે તો પ્રભુ મળે. પ્રભુપ્રાપ્તિથી સંસારનો અને જન્મમૃત્યુનો નાશ થઈ જાય. એ શાશ્વત ફળ પ્રાપ્ત કરવાને બદલે અશાશ્વત ફળ પ્રાપ્ત કરવા માટે તે જગતને શા સારુ રીઝવે ? અને જગત રીઝે તો પણ એ શું આપી દેવાનું ? બેચાર ઠીકરાં કે ચપટી લોટ ! તેથી શું દળદર ફીટવાનું ? જગતને કોણ રીઝવે ? જેને પ્રભુની પ્રતીતિ ન થઈ હોય, જેને પ્રભુમાં વિશ્વાસની ઊણપ હોય, જે અંશતઃ પણ પુરુષાર્થની અહંતાને પોષતો હોય તે સ્વાર્થસાધુ જ પોતાનો સ્વાર્થ સાધવા માટે પ્રભુને રીઝવવાને બદલે જગતને રીઝવે કે જગતની ખુશામત કરે. તે પણ પોતાનો સ્વાર્થ સંતોષાય ત્યાં સુધી જ. સંત-જીવન્મુક્તને શો સ્વાર્થ છે ? અરે, જેને બટકું રોટલાની કે એક ચીંદરડીની પણ અપેક્ષા નથી. એવો નિરપેક્ષ પૂર્ણકામ જીવન્મુક્ત જગતનો નચાવ્યો શા સારુ નાચે ? જેણે કેવળ પ્રભુના નામ પર જ પોતાના

સર્વસ્વનો ત્યાગ કર્યો છે, પોતાને સર્વભાવે પ્રભુનાં ચરણોમાં અર્પણ કરી દીધું છે તે નિઃસ્વાર્થ અને નિષ્કામ સંતને કોઈને રીઝવવાની કે કોઈની ખુશામત કરવાની રહેતી જ નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"કિસ્મતસે આન મિલે સબ"






સામાન્ય વ્યવહારની વાત કરીએ તો પણ એક શેઠને ત્યાં નિમક-હલાલીપૂર્વક કોઈ નોકરી કરતો હોય, પોતાના શેઠને જ અનન્યભાવે ભજતો હોય તો તે શેઠ પોતાના એ નોકરનું સર્વસ્વ સંભાળે છે. તો આ તો બ્રહ્માંડાધીશનું દાસત્વ છે. એક વખત આપણે એ પ્રભુના થયા, એક વખત આપણે એને સર્વસ્વ અર્પણ કર્યું અને તેનું અનન્યશરણ સ્વીકાર્યું તો પછી બીજાનું શરણ શા સારુ સ્વીકારવું ઘટે ? જરૂર માત્ર ભાવ અને દૃઢ વિશ્વાસની છે. પ્રભુને સર્વસ્વ અર્પણ કરવામાં ગુમાવવા જેવું તો કાંઈ જ નથી. સર્વસ્વમાં કેવળ મનથી જ વૈરાગ્યપૂર્ણ આસક્તિનો ત્યાગ કરવાનો છે. પ્રભુને અર્પણ કરીને ત્યાગપૂર્વક જે કાંઈ ભોગવવાનું હોય તે કેવળ પ્રભુના પ્રસાદરૂપે જ ભોગવવાનું છે. ગુમાવવાનું તો કશું જ નથી, અને લાભ છે એ તો નિશ્ચિત છે.

શ્રી અવધૂત આગળ એક વખત એક બાળક ગયો અને કહ્યું :

"બાપજી, આપને તો ખૂબ આનંદ છે અને અમે તો અહીંતહીં ફાંફાં મારીએ છીએ તો પણ સ્વપ્નમાંય આનંદ નથી દેખાતો. આજે આ નથી અને કાલે તે નથી, એમ જેની-તેની ઊણપ ને દુઃખ જ ભોગવવું પડે છે. મારા બાપને ખૂબ પૈસા મળે તેમ કરો તો અમે પણ લહેર કરીએ."

શ્રી અવધૂતે કહ્યું :

"ભાઈ, મારી પાસે કશું જ નથી. જે કાંઈ હતું તે બધું જ મેં ભગવાનને આપી દીધું છે. ભગવાન આપે છે તે ખાઉં છું. તારા બાપને કહે કે તે પણ બધું ભગવાનને આપી દે એટલે ભગવાન તમને કશા વગર નહીં રાખે." તાત્પર્ય એ છે કે, ત્યાગ વિના શાંતિ નથી. જ્યાં ત્યાગ નથી ત્યાં અશાંતિ અને અભાવના કલેશ સિવાય કશું જ નથી. પ્રારબ્ધવશ જ્યારે બધું જ આવી મળે છે ત્યારે એ વિશ્વાસ રાખીને પ્રભુને ભરોસે બેઠેલાને કશાની ઊણપ રહેતી નથી. અને તેથી તેણે પ્રાપ્તિ અર્થે જગતને રીઝવવાની જરૂર નથી. એ જ ભાવ શ્રી અવધૂતે અહીં વ્યક્ત કર્યો છે. જગતની ખુશામત કરવાથી, જગતને રીઝવવાથી કદાચ પ્રાપ્તિ થશે પણ એ અશાશ્વતની પ્રાપ્તિમાં શાંતિ નહીં મળે. એ પ્રાપ્ત થયેલું ધન, વૈભવ પણ ક્યાં સુધી ટકશે ? આજે છે, કાલે જતું રહેશે અને પાછા હાથ ઘસતા થઈ જશો. શા માટે એવા ક્ષણિક પ્રાપ્તિના મોહમાં તમારી ઉન્નત જાતને જગત આગળ હલકી પાડો છો ? આદર્શ હમેશાં ઉચ્ચ હોવો જરૂરનો છે. બે દિવસ ભૂખે કડાકા કાઢશો તો મૃત્યુ નહીં

આવે. ફાટેલાં કપડાં પહેરશો તો લાજ નહીં લાગે પણ ભીખ માંગીને પેટ ભરશો તો જ્યાં ત્યાં ફટફટ થશો, પ્રભુ પરનો વિશ્વાસ ચલિત થશે અને છતાંય પ્રારબ્ધમાં નહીં હોય તો સગા બાપને બારણે જઈને યાચના કરશો તો તે પણ નહીં આપે ! અને તેથી જ પ્રારબ્ધને અનુકૂળ બનીને પરમાત્મામાં દૃઢ વિશ્વાસ અને અચળ શ્રદ્ધા રાખવાનું શ્રી અવધૂતે અહીં સૂચન કર્યું છે.

જ્યારે જીવન્મુક્ત અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે સર્વ પરમાત્મસ્વરૂપ ભાસે છે. જગત પણ પરમાત્મસ્વરૂપ છે અને પોતે પણ તે જ છે એવી પ્રતીતિ થાય છે. જ્યાં ત્યાં તેને નામ, રૂપ અને આકાર જણાય છે. તે બધાં પ્રભુનાં જ નામ, રૂપ અને આકાર છે એવી તેની દૃઢ ભાવના થાય છે. પોતે બ્રહ્મ બન્યા છતાંય એ બ્રહ્મ બન્યાનું તેને અભિમાન નથી. પોતે બ્રહ્મને જાણનાર થયો છે છતાં તેને એ જ્ઞાનનું પણ સ્મરણ નથી. એવી એ વિસ્મરણ અવસ્થામાં એને જગતના પ્રપંચ સાથે કશો જ સંબંધ નથી. જગતમાં દેહરૂપે રહેલો હોવા છતાંય જગતથી અને જાગતિક પદાર્થોથી તે પર છે અને તેથી તેણે જગતને રીઝવવાનું રહેતું નથી. તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**"ક્યોં નાહક જગ રિઝવાના હૈ."**

અને જગત રીઝે કે ખીજે તેની એને શી પરવા ? જ્યારે એ જગતને રીઝવવાની લમણાઝીકમાં પડ્યા વિના પોતાની સમાહિત આત્માકાર વૃત્તિમાં જ નિમગ્ન રહે છે ત્યારે

**"મિથ્યા પંડત કાજી બન કર, ના લડના હૈ લડવાના હૈ !!"**

એ વૃત્તિ જાગે છે.

સાચો પંડિત એટલે બ્રહ્મને જાણનાર, બ્રહ્મવિદ્યાનો ઉપાસક. પણ અહીં કેવળ વિદ્વાન-પોથાંપંડિત એ અર્થમાં જ 'પંડિત' શબ્દનો પ્રયોગ થયો છે. કેવળ વિદ્વાન બનીને પોતાની વિદ્વત્તાનું વર્ચસ્વ સમાજમાં જમાવવાની સાચા જ્ઞાનીને વૃત્તિ જ રહેતી નથી. કેવળ શબ્દજ્ઞાન પ્રાપ્ત કરીને વિદ્વાન બનેલાઓને વિદ્યાનું અભિમાન હોવાથી 'હું વિદ્વાન, બીજાઓ મૂર્ખ' એવી ભાવના અંતરમાં જાગ્રત રહે છે. વળી એ ભાવનાને પોષનારા ચાર માણસો પણ તેને મળી રહે છે. તેના પ્રતિસ્પર્ધી પણ તેના એ અભિમાનનું ખંડન કરવા માટે પોતાનો પક્ષ જમાવે છે અને આમ પક્ષાપક્ષીના પરિણામે ટંટોફિસાદ થવાનો સંભવ છે. એવા કહેવાતા પઢતમૂર્ખ બનીને પક્ષાપક્ષના ઝઘડાઓમાં પડવાની જીવન્મુક્તને વૃત્તિ થતી નથી. તે નથી વાદ કરતો, નથી વિવાદમાં ઊતરતો; નથી પોતાને વિદ્વાન કહેવરાવતો કે નથી પોતાની પ્રસિદ્ધિ માટે પણ કાંઈ પ્રયત્ન કરતો. પ્રસિદ્ધિની ઇચ્છા વિના પ્રયત્ન થતો નથી. એ જીવન્મુક્ત મનના વિકારોથી પર હોવાથી લોકૈષણા તેને સ્પર્શ કરી શકતી નથી. અને તેથી તે કોઈના

પણ ટંટાફિસાદમાં પડતો નથી. નથી કોઈની સ્તુતિ કરતો કે નથી કોઈની નિંદા કરતો; અને છતાંય એ ખરો વિદ્વાન છે. ખરો પંડિત છે. પંડાને પ્રાપ્ત કરીને પંડિત બનેલા એ જીવન્મુક્તની પંડિતાઈ કેવળ મૌનમાં જ છે. એને વૈખરીના વિલાસનો મોહ નથી. એને રાગદ્વેષ હોય તો ઝઘડા થાય ને ? એ કોની સાથે રાગ કરે ? એ કોનો દ્વેષ કરે ? એનો શત્રુ કોણ ? એનો મિત્ર કોણ ? એને મન તો સર્વ પોતે જ છે. પછી ક્યાં રહી લડવાની વાત ? જગતના અનેકવિધ ક્લેશનું કારણ એવા કહેવાતા પંડિતો અને કજિયાના મૂળરૂપે રહેલા ચૌદશિયાઓ-પારકાની પટલાઈ કરનારાઓ છે. જગતનો કારભાર કરવાની કે જગતના ઝઘડાઓમાં કાજી બનીને ભાગ લેવાની વૃત્તિ જ જીવન્મુક્તના અંતરમાં જાગ્રત થતી નથી. એવી વૃત્તિનો જ જ્યાં અભાવ છે, જ્યાં કેવળ એક જ બ્રહ્માકાર વૃત્તિ છે ત્યાં જગતના પ્રપંચ કેમ રહી શકે ? અને તેથી જ એવો જીવન્મુક્ત એવા જાગતિક પ્રપંચ કે ઝઘડાઓથી મુક્ત સદા આત્માનંદમાં રમતો રહે છે. નથી તેને કોઈ પક્ષ, નથી તે કોઈનો પક્ષી; નથી તે પટેલ, નથી તેને કોઈની પટલાઈ. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું : "હુન્યવી પંડિત કે કાજી બનીને લડવુંયે નથી અને બીજાઓને લડાવવાયે નથી." જ્યાં સુધી પરમાત્મસ્થિતિ પ્રાપ્ત થતી નથી ત્યાં સુધી જ વૃત્તિઓ બહાર ભટકતી રહે છે. પરમાત્મસ્થિતિ પ્રાપ્ત થતાં જ એ બધી વૃત્તિઓ એ પરમતત્ત્વમાં સમાહિત થાય છે. અને જ્ઞાન દ્વારા સમાહિત થયેલી વૃત્તિઓ એક વખત સમાહિત થયા પછી, જેમ માખી મધના કુંડામાં ચોંટ્યા પછી પાછી વિષ્ટા પર જતી નથી તેમ, વિષયોમાં જતી નથી. અને ત્યારે જગતના મિથ્યા પ્રપંચોમાં જીવન્મુક્તની ગતિ પણ રહેતી નથી.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"ના ધ્યાના હૈ ના ગાના હૈ, બસ ધ્યેય મહીં મિલ જાના હૈ"**

ત્યારે શું જીવન્મુક્તને ધ્યાન કરવાનું હોતું નથી ? ધ્યાતાને ધ્યેયની પ્રાપ્તિ અર્થે ધ્યાન કરવાનું રહે છે. ધ્યેયની પ્રાપ્તિ થતાં જ ધ્યાતા અને ધ્યાન એ ધ્યેયમાં એકરૂપ બની જાય છે. એટલે ધ્યાન કોનું ધરે ? ધ્યાતા, ધ્યાન અને ધ્યેયનું એકીકરણ થતાં જ ધ્યાતા અને ધ્યાનની નિવૃત્તિ થાય છે અને શેષરૂપે કેવળ ધ્યેય જ રહે છે. જ્યાં સુધી સરિતા પાર કરવાની છે ત્યાં સુધી જ નૌકાની જરૂર છે. સરિતા પાર કર્યા પછી નૌકાની ગરજ રહેતી નથી. ધ્યેયપ્રાપ્તિ પછી ધ્યાનને સ્થાન નથી. ધ્યેય સ્વયં બન્યા પછી તે કોનું ધ્યાન કરે ? પરદેશમાં રહેતા પતિનું તેની પત્ની ધ્યાન કરે છે. પણ એ પરોક્ષ પતિ જ્યારે અપરોક્ષ થાય છે, પત્ની આગળ આવીને ઊભો રહે છે ત્યારે જેમ પત્નીનું ધ્યાન છૂટી જાય છે. તેમ જે બ્રહ્મવિદ્ છે તે સ્વયં બ્રહ્મ જ બની જાય છે. જીવન્મુક્ત દશા એટલે બ્રહ્મમાં સમરસ એકાકાર અવસ્થા. એ અવસ્થા પ્રાપ્ત કર્યા પછી તેને માટે કોઈ પણ





બીજી ચેષ્ટાઓ અવશેષ રહેતી નથી. અને તેથી એવા જીવન્મુક્તને કોઈનું પણ ધ્યાન ધરવાનું રહેતું નથી. તરસ્યો હોય તેને પાણીની વાંછના થાય, ભૂખ્યો હોય તેને ભોજનની રુચિ થાય. જેની ભૂખ અને તરસ મટી ગઈ હોય તે ભોજન કે પાણીની અપેક્ષા રાખે ખરો ? જીવન્મુક્તને નથી પ્રભુ પ્રાપ્તિની ભૂખ કે નથી પ્રભુપ્રાપ્તિની તૃષા. પછી તે શા સારુ બ્રહ્મચિંતન કરે ? એ ચિંતન અને એ ધ્યાન તો જે અતૃપ્ત છે તેને માટે છે. જ્યાં સુધી ધ્યાતા અને ધ્યેય, ભક્ત અને ભગવાન એવો ભેદ રહે, ઉભય ભિન્ન છે એવી ભાવના રહે ત્યાં સુધી જ ધ્યાતાએ ધ્યેયનું ધ્યાન ધરવાનું રહે છે. અભિન્નતામાં ભિન્નતાનો ભાવ નથી. જ્યારે ધ્યાન દ્વારા ધ્યાતા ધ્યેય બની જાય છે ત્યારે તેને ધ્યેયનું ધ્યાન ધરવાનું રહેતું નથી. કીટનું ધ્યાન ભ્રમરીમાં રહેવાથી જેમ કીટ ભ્રમરી બની જાય છે તેમ ધ્યેય બનેલા જીવને પછી એ આત્માનું ધ્યાન કરવાનું રહેતું નથી. એ સત્યને અહીં શ્રી અવધૂતે

"ના ધ્યાના હૈ."

એ સૂત્રમાં મૂર્તિમંત કર્યું છે. આત્માનુભવની એ વાતની કોને સમજ પડે ? ભ્રમરીનું ધ્યાન ધરીને ભ્રમરી બનેલા કીટને કીટ અવસ્થાનું જેમ ભાન રહેતું નથી તેમ આત્મસ્થિતને જીવઅવસ્થાનું ભાન રહેતું નથી. જ્યાં સુધી જીવનો જીવભાવ છે, દેહઅહંતા છે ત્યાં સુધી જ ધ્યાન આદિ સાધનોની આવશ્યકતા છે. સાધ્યની પ્રાપ્તિ પછી, જીવભાવની નિવૃત્તિ પછી શું કામનું ? આગ બુઝાયા પછી પાણીની કે બંબાની શી જરૂર ? એ જ ન્યાયે જો ધ્યાન ધરવાનું અવશેષ ન રહેતું હોય તો પછી

"ના ગાના હૈ"

એ સૂત્ર જ ફલિત થાય છે. કોણ કોનાં ગુણગાન કરે ?

પરિમલનો પિપાસુ, રસાસ્વાદનો લોભી ભ્રમર પુષ્પ ઉપર ગુંજારવ કરે પુષ્પને રીઝવવા. ગુંજારવ કરીને, ભ્રમણ કરીને અંતે તે પુષ્પ ઉપર સ્થિર થાય છે. રસાસ્વાદ અને પરિમલથી પરિતૃપ્ત થએલો ભ્રમર ગુંજારવ કરતો નથી અને પુષ્પમાં જ એકરૂપ બને છે. પછી તે પુષ્પથી ભિન્ન થવાની અને એ પરમાનંદથી વંચિત થવાની ભાવના સરખીય સેવતો નથી. આત્મસ્થિત પણ એ ભ્રમર પેરે આત્માનંદનો આસ્વાદ લઈને પરિતૃપ્ત થાય છે. પછી તેને ગુંજારવ કરવાનો અવકાશ ક્યારે મળે છે ? જ્યાં સુધી વિભક્તિ છે ત્યાં સુધી જ એ ગુંજારવ છે. સંયોગ થતાં જ એ વિભક્તિ કે ભિન્નતા રહેતી નથી અને ત્યારે વાણીનો એ ગુંજારવ પણ નિવૃત્ત થઈ જાય છે. ભક્ત ભગવાનને ક્યાં સુધી ભજે ? ભગવાનના ગુણાનુવાદ પણ ક્યાં સુધી કરે ? જ્યાં સુધી ભક્ત ભગવાનથી ભિન્ન છે ત્યાં સુધી. જ્યાં સુધી પોતે ભગવાનથી ભિન્ન છે એમ ભક્તને ભાવના છે ત્યાં સુધી ભક્તિ કરતાં કરતાં, જ્યારે ભક્ત ભગવાનથી અભિન્ન છે

એવી ભાવના દૃઢ બને છે, ભક્ત તે જ ભગવાન, ભગવાન તે જ ભક્ત એવું અદ્વૈત જ્યારે સિદ્ધ થાય છે ત્યારે ભગવાનનાં ગુણગાન કરવાનો ભક્તને ક્યાં અવકાશ રહે છે ? મીઠાની કાંકરી સાગરમાં એકરૂપ બન્યા પછી 'હું મીઠાની કાંકરી છું' એમ કહેવાને સાગરથી વિભક્ત રહેશે ખરી ? ગાનાર ગેયમાં એકરસ બન્યા પછી પૃથક્ રૂપે ગાન કરતો નથી. તમે તમારી સ્તુતિ કરો છો ખરા ? એ તો આત્મશ્લાઘા કહેવાય. સ્તુતિ તો તમારાથી જે ભિન્ન હોય તે કરે ! તમે તમારાથી ભિન્ન છો ? ના. ત્યારે તમે કોની સ્તુતિ કરશો ? ભક્ત અને ભગવાન શરીરે ભલે ભિન્ન હોય પણ તત્ત્વભાવે એક જ છે. હનુમાને શ્રી રામને કહ્યું, ''આત્મભાવે તો જે તમે છો તે જ હું છું.'' અને શ્રી ભગવાને અર્જુનને કહ્યું, ''વૃષ્ણીવંશમાં હું જે વાસુદેવ છું, તે જ પાંડવવંશમાં હું અર્જુન છું.'' કેટલી સુંદર સ્થિતિ છે ! કેટલો સુંદર અભેદભાવ છે ! ત્રિલોકના નાથરૂપે જે ચરાચર જગતમાં વ્યાપક છે તે જ જણ જણમાં, રૂપ રૂપમાં, પણ અભેદભાવે વ્યાપક છે. પછી કોણ કોનું ગાન કરે ? અને ગુણગાન કરીને રીઝવે પણ કોને ? અને રીઝાય પણ કોણ ? એ જ સત્યનું શ્રી અવધૂતે

**''ના ગાના હૈ.''**

એ સૂત્રમાં પ્રતિપાદન કર્યું છે.

નથી ધ્યાન કરવું, નથી ગાન કરવું. ત્યારે શું કરવું છે એ તો કહો ? જગત તમને જુએ છે પ્રકૃતિની એક કણિકારૂપે. તમે પ્રકૃતિમાં છો છતાં પ્રકૃતિથી ભિન્ન ભાસો છો. શ્રી અવધૂત કહે છે :

**''બસ ધ્યેય મહીં મિલ જાના હૈ.''**

નથી ગાવું, નથી ધ્યાવું. પણ જેનું ગાન કરીએ છીએ, જેનું ધ્યાન ધરીએ છીએ તે ધ્યેયમાં જ મળી જવું છે. એ છે તમન્ના. ત્યારે શું જીવન્મુક્તિ પ્રાપ્ત કરનાર ધ્યેયમાં મળેલો નથી ? શ્રી અવધૂત જ્યારે

**''ધ્યેય મહીં મિલ જાના હૈ''**

એવું કહે છે ત્યારે આ પ્રશ્ન થાય છે. જગતની દૃષ્ટિ દેહારૂઢ છે. જીવન્મુક્તની દૃષ્ટિ બ્રહ્મારૂઢ છે. જીવન્મુક્તને જગત પોતાનાથી-બ્રહ્મથી ભિન્ન ભાસતું નથી. પણ જગતને બ્રહ્મ પોતાનાથી ભિન્ન ભાસે છે. જેવા જગતના લોકો તેવો જ એ જીવન્મુક્ત પણ બ્રહ્મથી ભિન્ન છે એમ દેહારૂઢાવસ્થાસ્થિત જગતના લોકોને ભાસે છે. તે ભ્રમના નિવારણ અર્થે અહીં શ્રી અવધૂતે જીવન્મુક્તની અંતિમ તમન્નાનો ઉલ્લેખ કર્યો છે. જેમ જગના લોકોને વિષયાકાર બનવું છે તેમ બ્રહ્મોપાસકને બ્રહ્માકાર બનવું છે. દેહબુદ્ધિ અને બ્રહ્મબુદ્ધિ સાથે સાથે રહી શકતાં નથી. દેહબુદ્ધિની નિવૃત્તિ કરીને બ્રહ્મબુદ્ધિને જ સ્થિર કરવાનો અહીં શ્રી અવધૂતે સંકેત કર્યો છે. જ્યારે ધ્યેયમાં મળી જવાની નિશ્ચયાત્મક બુદ્ધિ થાય, અડગ વૃત્તિ થાય ત્યારે જ એ ધ્યેયરૂપ બની શકે છે. અને તેથી જીવન્મુક્ત

ગાન કે ધ્યાન કર્યા વિના એક જ બુદ્ધિને અનુસરીને જીવન્મુક્તિ સાધ્ય કરી શકે છે એવું શ્રી અવધૂત અહીં કહે છે. જ્યાં સુધી લક્ષની પ્રાપ્તિનો દૃઢ નિશ્ચય થતો નથી ત્યાં સુધી તે સંકલ્પને સિદ્ધ કરવાના પ્રયત્નમાં પ્રવૃત્તિ થતી નથી. એવો દૃઢ સંકલ્પ કરીને તે સિદ્ધ કરવાને આમરણાંત પ્રયત્ન કરવાનો જ અહીં આદેશ કરવામાં આવ્યો છે. અને એ સંકલ્પ જ સિદ્ધિને વરે છે. અને તેથી જીવન્મુક્ત અવસ્થા પ્રાપ્ત થયા પહેલાનાં પગથિયાં તરીકે એક દૃઢ અને અફર સંકલ્પનો અહીં શ્રી અવધૂતે સંકેત કર્યો છે. અસ્તુ, જ્યારે એ સંકલ્પ દૃઢ બને છે, તે સંકલ્પની સિદ્ધિ અર્થે જ્યારે પ્રયત્ન કરવાનો પ્રારંભ થાય છે ત્યારે કંઈક સાધનની આવશ્યકતા છે. શ્રી અવધૂત એ સાધનરૂપે

**"તન મંદર આતમ દેવ બના"**

એમ કહે છે.

જે ધ્યેયમાં મળી જવાની જીવન્મુક્તની તમન્ના છે તે ધ્યેય કયું છે ? એ સ્વાભાવિક પ્રશ્ન સાધકને થાય છે. જેમ મંદિરમાં મૂર્તિ છે, તેમાં આપણી દેવની ભાવના છે, તેમ આ શરીર એ આત્મદેવનું મંદિર છે. આત્મતત્ત્વની પ્રાપ્તિનું આ શરીર એક સાધન છે. જેમ આપણે રહેવા માટે મકાનની જરૂર છે તેમ ઘટઘટમાં રહેલા આત્માને રહેવાને શરીર એ એક ઘર-મંદિર છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું,

**अहमात्मा गुडाकेश सर्व भूताशयस्थितः ।**

"હે અર્જુન, હું આત્મા છું. પ્રાણીમાત્રના શરીરનો આશ્રય કરીને રહેલો છું." શરીરરૂપી મંદિરમાં બુદ્ધિરૂપી ગુફામાં રહેલો એ આત્મા પ્રાણીમાત્રમાં એક જ સરખો વ્યાપ્ત છે. એ પરમતત્ત્વનો અંશ છે. અને જગત એના એક અંશ માત્રમાં જ રહેલું છે. હાથીમાં આત્મા મોટો નથી, કીડીમાં આત્મા નાનો નથી. આકાર શરીરના છે, આત્માના નથી. એ તો જડચેતન સર્જનમાત્રમાં એક જ સરખો વ્યાપ્ત છે. જીવન્મુક્ત સંતને એ બધે જ જણાય છે. આપણને એ દેખાતો નથી. એ દૃષ્ટિભેદ મટાડવા અને બધે જ પરમતત્ત્વને જોવાની દૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે જે પ્રયત્ન કરવાનો છે તે તેનું સાધન છે. એવું સાધન કરતાં કરતાં જ્યારે આપણે આપણા જ શરીરમાં હૃદયગુફામાં રહેલા એ આત્મતત્ત્વને જોવાની શક્તિ પ્રાપ્ત કરીએ ત્યારે શ્રી અવધૂતના આ વાક્યની સત્યતાની પ્રતીતિ આપણને થાય. પરોક્ષને પરોક્ષ કરીએ ત્યારે શરીરરૂપી મંદિરમાં રહેલા પરોક્ષ આત્મદેવ ને પણ અપરોક્ષ કરી શકીએ. પરમાત્મા તો સદાસર્વદા અપરોક્ષ જ છે પણ આપણી વૃત્તિ વિષયાકાર હોવાથી બહિર્મુખ છે અને તે કારણે આપણે પરમાત્માને પરોક્ષ માનીએ છીએ. શ્રી અવધૂતે કહ્યું, "કૂવામાંથી આપણે શું કાઢીએ છીએ ? પાણી કે માટી ? આપણે માટી કાઢીએ છીએ, કાદવ કચરો કાઢીએ છીએ ત્યારે પાણી આપણને અપરોક્ષ થાય





છે. છતાં આપણે પાણી નીકળ્યું એમ કહીએ છીએ.'' તે જ રીતે પરમાત્મા તો આ શરીરરૂપી મંદિરમાં અપરોક્ષ છે. પણ જેમ પાણીના ઉપર પૃથ્વીનાં પડો છે તેમ, અનાદિકાળથી તેના ઉપર આવેલા કર્મજન્ય સંસ્કારોરૂપી આવરણ દૂર કરો એટલે પરમાત્મા અપરોક્ષ જ છે. પાણીને કાઢવાનું રહેતું નથી. પણ પાણી ઉપરની માટીને કાઢવાનો પુરુષાર્થ કરવાનો છે. પરમાત્મા તો નિત્યપ્રાપ્ત છે. તેને પ્રાપ્ત કરવાને શો પુરુષાર્થ કરવાનો છે ? અસ્તુ. બીજું એક દૃષ્ટાંત આપતાં શ્રી અવધૂતે કહ્યું : ''નર્મદાનો પ્રવાહ તો બધે જ પથરાયેલો છે. કોઈક જગ્યાએ તે વ્યક્ત છે અને કોઈક જગ્યાએ તે અવ્યક્ત છે. જ્યાં અવ્યક્ત છે ત્યાં તેને વ્યક્ત કરવા માટે આપણે પ્રયત્ન કરવો પડે છે. તેમ પરમાત્મા તો બધે જ પથરાયેલો છે પણ તે અવ્યક્ત છે. એ અવ્યક્તને વ્યક્ત કરવા માટે દૃષ્ટિકોણ બદલવો પડે. એ પરિવર્તન થાય તો પરમાત્મા ક્યાં નથી એ કહેવું મુશ્કેલ છે.''

આ દેહરૂપી મંદિરમાં આત્મારૂપી દેવ બિરાજે છે. તેને ઓળખ્યા પછી તેની પૃથક્ ભાવે પૂજા કરવાની રહેતી નથી. ભિન્ન ભિન્ન આકારે, ભિન્ન ભિન્ન રૂપે અને ભિન્ન ભિન્ન નામે અભિવ્યક્ત થતા સર્જનમાં આત્મા તો એક જ છે અને અખંડિત છે. આત્મામાં ખંડ પડશે તો તે પરિચ્છિન્ન થશે. પરિચ્છિન્ન હમેશાં વિનાશી છે. આત્મા અવિનાશી હોવાથી અપરિચ્છિન્ન છે. તે તનરૂપી નામ, રૂપ અને આકારમાત્રમાં દેવરૂપે બિરાજમાન છે, એવો નિશ્ચય કરીને એ શરીરની પૂજા કરવાની નથી પણ એ શરીરમાં રહેલા દેહભાવવિમુક્ત શરીરિની પૂજા કરવાની છે. મંદિરની પૂજા કર્યાથી દેવ રીઝાતા નથી અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

"ના પૂજના હૈ પૂજવાના હૈ."

દેહરૂપી મંદિરમાં આત્મદેવ બિરાજે છે. તેને ઓળખ્યા પછી આમ તેમ મંદિરોમાં દોડવાનું અને સ્થૂળ પૂજાપાઠના આડંબરો રચવાનું રહેતું નથી. જેણે આત્મસ્વરૂપ પ્રભુને પરખ્યા છે તેને મન તો બધાયમાં પોતાનો વહાલો વિરાજે છે. જડ, ચેતન, નામ, રૂપ અને આકારધારી બધા જ એ આત્મદેવનાં મંદિર છે. જીવન્મુક્ત એવા મંદિરની પૂજા કરતા નથી. અને મંદિર-શરીરની તેને સ્પૃહા પણ નથી. પરમાત્મસ્વરૂપે એ મંદિરમાં રહેલી અવ્યક્તમૂર્તિની તો મનોમન પૂજા જ કરી શકાય ! તેને લૌકિક ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્યની જરૂર નથી. જે દેવળમાનાં દેવને પીછાણ્યા વિના કેવળ દેવળની જ પૂજા કરે છે તે પૂજાનો ગમે તેવો સંભાર ભેળો કરે અને અર્પણ કરે પણ તેથી દેવ રીઝાતા નથી. પરમતત્ત્વને પામેલો આત્મજ્ઞાની જીવન્મુક્ત જ્યારે સર્વમાં જ આત્મભાવે પોતાનું સ્વરૂપ જુએ છે ત્યારે અને સર્વને પોતાનામાં જુએ છે ત્યારે કોણ કોની પૂજા કરે ? કોણ કોની પૂજા કરાવે ? જે બીજાઓની પૂજા કરે છે તે આત્મતત્ત્વના સમ્યક્ જ્ઞાનથી વંચિત છે. અને તેથી તે દેવળની જ પૂજા કરે છે, દેવની

પૂજા કરતો નથી. દેવળની પૂજા કરે શું વળશે ? પથ્થર પૂજે પ્રભુ પ્રાપ્ત થતા નથી. પણ પથ્થરમાં રહેલા પ્રભુને પૂજવાથી એ પથ્થર પણ પ્રભુરૂપે તમને પ્રાપ્ત થાય છે. તેથી જ પ્રહ્‌લાદને સ્તંભમાં પ્રભુ જણાયા. બાહ્યોપચાર સ્થૂળને માટે છે. એ સ્થૂળમાં પણ સૂક્ષ્મરૂપે પરમતત્ત્વ સમાયેલું છે એવા જ્ઞાન સાથે સ્થૂળનું પૂજન કરીએ તો જ તે સફળ બને.

આમ શરીરરૂપી મંદિરમાં આત્મદેવસ્વરૂપે બિરાજેલાને પછી શું કરવાનું રહે ? શું સાંભળવાનું રહે ? જ્યારે પોતે જ આત્મસ્વરૂપે બધે વ્યાપેલો છે એવો અનુભવ થાય છે ત્યારે એને કોઈને કંઈ કહેવાનું રહેતું નથી. કોઈને કંઈ કહેવાની કે કોઈની પાસે કંઈ શ્રવણ કરવાની વૃત્તિજ ઊઠતી નથી. કોઈની પાસેથી કંઈ લેવાની અપેક્ષા નથી અને પાસે કંઈ હોવાનો અહંકાર ન હોવાથી કોઈને કંઈ આપવાની પણ વૃત્તિ ઊઠતી નથી. સહજભાવે જે કંઈ થાય તે બધું જ એ કરે છે. છતાં અજ્ઞાનીની માફક એનું ચિત્ત ક્ષણે ક્ષણે ઊર્મિલ નથી બનતું અને તેથી એ હમેશાં સ્વસ્થ, શાંત અને નિશ્ચેષ્ટવત્ બની રહે છે. અને એ જ વાત શ્રી અવધૂત નીચે કહે છે.

**"ના કહના હૈ ના સુનના હૈ, ના લેના હૈ ના દેના હૈ;"**
**"બન પથ્થર પિંડ ભૂલાના હૈ, ભૂલા ભૂલાના ભૂલના હૈ !"**

વાહ ભાઈ, આ તો નવી જ વાત આવી. બોલવું નથી, સાંભળવું નથી. આપવું નથી, લેવું નથી. ત્યારે શરીરનિર્વાહ કેમ ચાલે ? શરીરને પથ્થર જેવું નિશ્ચેષ્ટ બનાવીને એ શરીરનું પણ વિસ્મરણ કરવું છે અને પછી એ શરીરના વિસ્મરણનું જે ભાન છે તે પણ ભૂલવું છે; અને એ ભૂલ્યા છે તેનું પણ વિસ્મરણ કરવું છે. વાહ, મહારાજ વાહ ! આ તો આપે નવી જ વાત કરી. જીવિત છે, દેહમાં આત્મા-ચૈતન્ય છે, સ્મૃતિ છે, હાથ છે, પગ છે, મુખ છે, કાન છે. પછી એ બધાનો ભાવ હોવા છતાં એવું તે કેમ બને ? વિચાર કરીએ. શ્રી અવધૂતભાખી એ સ્થિતિ શક્ય છે ખરી ? જીવનમાં એ પ્રાપ્ત થાય ખરું ? આત્માનુભવી શ્રી અવધૂતે એ સાધ્ય કર્યું હશે ત્યારે જ કહેતા હશે ને ? એ તો આંતરિક-માનસિક અવસ્થા છે. એનો જોનારને કેમ ખ્યાલ આવે ? ચક્ષુગોલકમાં રહેલી દૃષ્ટિનું કામ તો માત્ર બાહ્ય પદાર્થોના રૂપ અને આકાર જોવાનું જ છે. શ્રોત્રગોલકમાં રહેલી શ્રવણશક્તિનું કામ તો માત્ર બાહ્ય શુભાશુભ શબ્દોને સાંભળવાનું જ છે. શરીર હોવા છતાં એ ઉભય ઇન્દ્રિયોનો વહેવાર સ્તબ્ધ કેમ થઈ શકે ? અને હાથ હોવા છતાં તેની લેણદેણની, આપવાની અને લેવાની ક્રિયાઓ પણ કેમ નિવૃત્ત થઈ શકે ? ચેતન હોવા છતાં શરીર પણ પાષાણ સમાન નિષ્ક્રિય, નિશ્ચેષ્ટ કેમ બની શકે ? અને સ્મરણશક્તિ હોવા છતાં એ વિસ્મરણની પરાકાષ્ઠા શી રીતે સિદ્ધ કરી શકાય ? ગુરુદેવ, આ તો મહાન સમસ્યા છે. કેમ ઊકલે ? આપણે પણ થોડો વિચાર તો કરીએ.

જ્યારે શ્રી અવધૂતે આપણને વિચાર કરતા કર્યા છે અને વિચાર કર્યા વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી ત્યારે આપણે પણ વિચાર કરીએ. પણ જો નિરભિમાનપણે વિચાર કરશો, પ્રમાદરહિત જિજ્ઞાસા તૃપ્ત કરવા વિચાર કરશો તો ગુરુદેવ પરોક્ષ રીતે તમારી આ શંકાઓનું સમાધાન કરશે પરંતુ એ સમસ્યાઓ "હું ઉકેલીશ." એવું અભિમાન રાખશો તો દિ નહીં વળે. અસ્તુ.






શ્રી અવધૂતે કહ્યું :

**"ના કરના હૈ."**

વાણીવિલાસ ક્યાં સુધી ? જ્ઞાનનું અભિમાન હોય અને સામે દ્વૈતની પ્રતીતિ હોય ત્યાંસુધી વાણીવિલાસનું પટાંગણ મોકળું છે. જેને જ્ઞાનનું અભિમાન નથી, 'હું કંઈ જાણું છું' એવી અહંતા નથી, તેને વાચારંભણ નથી. જીવન્મુક્ત તો જ્ઞાન અને વિજ્ઞાનનું વિસ્મરણ સાધીને, વ્યક્તિત્વનો સમષ્ટિમાં લોપ કરીને, પ્રારબ્ધવશ શરીર રહે ત્યાં સુધી શરીરની સ્પૃહા કર્યા વિના જગતમાં ટકે છે. જગતમાં જગતની સાથે હોવા છતાંય તે જગતથી, જાગતિક પ્રપંચથી સદા નિર્લેપ છે. એટલે તેને ન તો શુભ કે ન તો અશુભ – કશું જ બોલવાનું નથી. જીવન્મુક્ત પાસે જે છે તે ઝીલવાની જગતમાં શક્તિ નથી. જગતને જે જોઈએ છે તેનો જીવન્મુક્ત પાસે અભાવ છે. એટલે ઉભય રીતે જીવન્મુક્તને કશું જ કહેવાનું રહેતું નથી. જીવન્મુક્ત મુનિ છે. એ મુનિના મૌનમાંથી જે મળે છે તે ઝીલવાની જે જિજ્ઞાસુને ઇચ્છા હોય તે જિજ્ઞાસુ તો એવા વિરલ મુનિ હાથ ચઢે એટલે તેના સાન્નિધ્યમાં વાણી અને વિચારનું મૌન સાધીને બેસીને પોતાના બધાય સંશયો અને શંકાનું સમાધાન મેળવી શકે છે. અને તેથી જ

गुरोऽस्तु मौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः ॥

એવું ભગવાન શંકરાચાર્યે કહ્યું છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**"ના કરના હૈ."**

અને એને દેહાધ્યાસ ક્યાં છે ? જેને દેહભાન નથી તે તો નિસર્ગમાં કેવળ મૌનમાં જ આનંદ માણે છે. એટલે એ આનંદનો ભંગ કરીને જગતને ઉપદેશ દેવાનું કેમ પરવડે ? ઉપદેશક બનીને, ઉપદેશ દેવાની-જગતને સુધારવાની-એને વૃત્તિ જ થતી નથી. એ વૃત્તિ ક્યારે થાય ? જ્યારે એ દેહભાનમાં આવે અને જગતના પામર પ્રાણીઓ કરતાં પોતે કંઈ વિશિષ્ટ છે એવી અહંતા એનામાં જાગ્રત થાય ત્યારે બીજાઓને સુધારવા માટે એ ઉપદેશ કરે. એ અહંતા જેની ગળી ગઈ છે, જેને મન જગત સર્વ પોતાનું જ સ્વરૂપ છે તે કોને કહે અને શું કહે ? તમે તમારી જાતને કશું કહી શકો છો ખરા ? એ જ રીતે એ જીવન્મુક્ત પણ બીજાને દેખતો નહીં હોવાથી કશું જ કહેતો નથી. શ્રી અવધૂત કોક વાર કહે છે : "સૂર્ય કોઈ પણ ઠેકાણે ક્યારેય પણ અંધકાર દેખતો હોય તો એને દૂર કરવાનો પ્રયત્ન





કરે ને ! દુનિયાની દૃષ્ટિએ અંધકાર દેખાય અને તે સૂર્ય દૂર કરે છે એવી ભાષા એ વાપરે તો ભલે. પણ સૂર્યને તો એની કશી જ ખબર પડતી નથી. તેમ જ જ્ઞાનીને સ્વપ્નમાંયે દ્વૈત કે અજ્ઞાન જણાતું નથી, એટલે કોને શું કહે ?'' તેથી જ એ મૌન સેવે છે. એ મૌન કેવળ વાણીનું જ હોય તો એને આપણે દંભ કહીએ. બોલવાની વૃત્તિ હોય છતાં ય તેને દબાવી રાખીને જે ન બોલે તેને આપણે દંભી કહીએ. પણ જ્યાં વાસનાનો ક્ષય થયો છે, ત્યાં જ એ મન, વાણી અને કર્મનું મૌન સિદ્ધ થાય છે, અને ત્યારે જ કશું બોલવાની વૃત્તિ થતી નથી. અને તેથી પણ એ કંઈ કહેતો નથી. એનો અર્થ એવો નથી કે એ મૂંગો છે કે અક્ષર પણ મોઢા વાટે કાઢતો નથી. માત્ર એની જીભ બોલવા માટે સળવળતી નથી. જેવી વાણી આપણને છે તેવી જ વાણી એને પણ છે. એ બોલી શકે છે. એનું બોલવાનું ક્વચિત્ થાય છે પણ તે ઝીલવાની પણ આપણામાં શક્તિ નથી. આપણું ગજું પણ નથી. એકડિયાં ભણનારને આપણે કાદંબરીનો પાઠ કરાવીએ તો કેમ કરશે ? તેમ જે જગતમાં રચીપચી રહેલા છે, જેને જગત પોતાનું સર્વસ્વ છે, તેને એવા જીવન્મુક્તની વાણી પાચન કરવી તો મુશ્કેલ છે જ, પણ સાંભળીને કાનને પવિત્ર કરવા એ પણ સહેલું નથી. તેથી શબ્દપાંડિત્ય કરીને સમયનો એ વ્યર્થ અપવ્યય કરતો નથી. એની બ્રાહ્મી સ્થિતિમાંથી એને આંખ ઊંચી કરવાનીયે ફુરસદ નથી. તેથી જ એ નહિવત્ બોલે છે, અને તે પણ સહજ ભાવે. વળી પરમતત્ત્વ વાણીનો વિષય પણ નથી. વાચારંભણ કરવાથી એ પ્રાપ્ત થતું નથી, અને જે જાણે છે તે મૌન સેવે છે. જે નથી જાણતો તે જ વાચારંભણ કરે છે, પોતાના શબ્દજ્ઞાનનું સમાજ સમક્ષ પ્રદર્શન કરે છે અને પોતાના અજ્ઞાનનો જ આશ્રય લે છે. ''હું બ્રહ્મને જાણું છું'', એવું કહેનારો વાસ્તવિક બ્રહ્મને જાણતો નથી. ''હું નથી જાણતો'', એમ કહેનારો પણ એ પરમતત્ત્વને જાણતો નથી. ''હું જાણું છું અને નથી પણ જાણતો'', એમ કહેનારો એ પરમતત્ત્વને અંશતઃ જાણે છે. પણ જે બ્રહ્મ વિષે કેવળ મૌન જ સેવે છે, તે જ વાસ્તવિક રીતે પરમતત્ત્વને પામ્યો છે એવો સંતોનો અનુભવ છે. અને તેથી જ જીવન્મુક્તને કશું જ કહેવાનું નથી.

**''કથા સુણી સુણી ફૂટ્યા કાન તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન''**

એવું અનુભવી વેદાંતી કવિ અખાજીનું વચન અક્ષરશઃ સત્ય છે. અને તે જ સિદ્ધાંતનું અહીં શ્રી અવધૂતે પ્રતિપાદન કરતાં કહ્યું :

**''ના સુનના હૈ.''**

અને એ જીવન્મુક્તને હવે સાંભળવાનું પણ શું બાકી રહ્યું છે ? શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।
तदा गन्तासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥

"તારી બુદ્ધિ મોહ કલિલનો ત્યાગ કરશે ત્યારે આજ સુધી તેં જે કંઈ સાંભળ્યું છે અને તને જે કંઈ સાંભળવા જેવું લાગે છે તે બધા તરફ તને ઉપરતિ થશે."

અપરાવિદ્યા-વેદ અને ષટશાસ્ત્ર-ના શ્રવણથી કર્મસિદ્ધિ કરી શકાય છે. કર્મજન્ય ફળો અશાશ્વત છે. જે જીવન્મુક્ત છે તેની બુદ્ધિ મોહરૂપી મેલથી મુક્ત છે. જ્યાં સુધી મોહનો મળ છે ત્યાં સુધી જીવન્મુક્તિ સાધવી કિંવા સ્થિતપ્રજ્ઞ અવસ્થા પ્રાપ્ત કરવી એ આકાશકુસુમની માળા પહેરવા જેવું છે. જ્યારે મોહરૂપી મેલથી બુદ્ધિ મુક્ત થાય છે ત્યારે તે સૂર્યના પ્રકાશ સમ પ્રકાશિત આત્મતત્ત્વમાં સ્થિર થાય છે. પછી તેને મોહાંધકાર કે અવિદ્યાનો સ્પર્શ સરખો પણ થતો નથી અને જે સાંભળ્યું હોય તેના પ્રતિ પણ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. હવે એ જીવન્મુક્તને કંઈ સાંભળવાનું અવશેષ રહેતું નથી. જેની તૃષા શમી ગઈ છે તેને કંઈ પાન કરવાની ઇચ્છા કેમ થાય ? જ્યારે કહેનાર અને શ્રવણ કરનાર એમ ઉભય વ્યક્તિ હોય ત્યારે જ બીજાને શ્રવણ કરાવવા માટે કંઈક બોલવું પડે અથવા બીજો જે કહે તે શ્રવણ કરવું પડે. જ્યારે એ વ્યક્તિના ભેદની નિવૃત્તિ થઈ જાય છે ત્યારે, કહેનાર અને શ્રવણ કરનાર જ્યારે એક જ સ્વરૂપ છે ત્યારે અને તે અખંડાનંદ બ્રહ્મસ્વરૂપ છે એવી પ્રતીતિ થાય છે ત્યારે કોણ કોને કહે ? કોણ કોને સાંભળે ? અને પરાવિદ્યા તો સાંભળવાનો વિષય પણ નથી. તે કેવળ મનન અને નિદિધ્યાસનનો જ વિષય છે. એ મનન અને નિદિધ્યાસન કરીને જેણે દૂધમાંથી માખણ પ્રાપ્ત કર્યું છે તે તેમાં જ મસ્ત બની જાય છે. એટલે તેને કર્ણ હોવા છતાંય તે બધિર છે. જીવન્મુક્ત અવસ્થાનો જેને ઝાંખો પણ ખ્યાલ છે તે એ વસ્તુને સમજી શકે છે અને તેથી એને કંઈ કહેવાની કે કંઈ સાંભળવાની ઊર્મિ ઊઠતી નથી. શ્રવણના સારરૂપ તત્ત્વને પ્રાપ્ત કર્યા પછી, એટલું જ નહીં પણ એ તત્ત્વને બુદ્ધિ દ્વારા સ્થિર કરીને તેનો અનુભવ કર્યા પછી તેને શું સાંભળવાનું રહે ? ભોજન કર્યા પછી એ ભોજ્ય પદાર્થોનાં તત્ત્વો બનીને શરીરમાં અણુઅણુમાં પ્રસરી ગયા પછી એ ભોજ્ય પદાર્થ ભિન્ન થઈ શકતો નથી. તેમ જેણે પરાવિદ્યા દ્વારા પરમતત્ત્વને પ્રાપ્ત કરીને, પોતાની બુદ્ધિમાં સ્થિર કરીને સ્વરૂપજ્ઞાનમાં સ્થિતિ કરી છે તે એ સ્વરૂપજ્ઞાનથી કદી પણ જુદો પડી શકતો નથી. અને તેથી જ્યાં સુધી સ્વરૂપજ્ઞાનમાં સ્થિરતા નથી, સ્થિતિ નથી, ત્યાં સુધી જ એ શ્રવણ, મનન અને નિદિધ્યાસનની જરૂર રહે છે. અર્થ સર્યા પછી જે સાધન દ્વારા અર્થ સિદ્ધ થયો હોય તે સાધનોની ગરજ રહેતી નથી. આત્મતત્ત્વમાં સમરસ બનેલા એ જીવન્મુક્તને, જેણે આત્માને પૂર્ણ રીતે જાણ્યો છે, અરે, જે બ્રહ્મને જાણીને બ્રહ્મ બન્યો છે તેને હવે શું સાંભળવાનું બાકી રહે ? શાસ્ત્રોના નવનીતરૂપ આત્મતત્ત્વને જેણે પોતાનું નિવાસસ્થાન બનાવ્યું છે તેને હવે શું સાંભળવાનું રહે ? ઘરમાં શું છે તે ઘરમાં રહેનાર

જાણે કે પરાયો અને અણજાણ માણસ જાણે ? જે બોલનાર છે તે પરાયા અણજાણ મનુષ્ય જેવો છે. અને તેથી ઘરના ખૂણાની તે જે વાતો કહેશે તે કેવળ વાચારંભણ અને તર્ક અને બુદ્ધિનો વિલાસ જ હશે. તે અપૂર્ણ હશે છતાં બુદ્ધિચાતુર્યથી સમાજને આકર્ષશે. પણ જે ઘરનો માલિક છે તેને તે વક્તૃત્વનું આકર્ષણ નહીં થાય.






नायमात्मा प्रवचनेन लभ्यो
न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्य-
स्तस्यैष आत्मा विवृणुते तनुँस्वाम् ॥

એ શ્રુતિવાક્ય પણ શ્રી અવધૂતના

"ના સુનના હૈ."

એ સિદ્ધાંતનું જ પ્રતિપાદન કરે છે. જેને સંસારના પદાર્થોમાં પ્રીતિ છે તે ભલે શ્રવણ કરે. એ બોલવું અને સાંભળવું એ ઉભયની પાછળ અહંતા રહેલી છે. અહંતારહિત જીવન્મુક્ત એ ઉભયથી પર છે. જ્યાં બુદ્ધિનો પાર નથી લાગતો ત્યાં જ આત્મતત્ત્વનો વાસ છે. અને તેથી જીવન્મુક્તને ન તો કંઈ કહેવું છે કે ન તો કંઈ સાંભળવું. પણ

"બન પથ્થર પિંડ ભૂલાના હૈ"

પથ્થરના જેવી નિશ્ચેષ્ટ અને નિષ્ક્રિય સ્થિતિ પ્રાપ્ત કરીને શરીરનું ભાન ભૂલવું છે.

શું પથ્થર જડ છે ? જગતની દૃષ્ટિએ એ જડ જણાય છે. કારણ કે જગતની દૃષ્ટિ વિષયાભિમુખ છે. જીવન્મુક્તની દૃષ્ટિએ એ પૂર્ણ ચૈતન્યથી સભર ભરેલો છે અને તેથી જ એ પાષાણને માયાના વિકારો નથી. પથ્થર બનવાનું શ્રી અવધૂત કેમ કહે છે ? સંતના શબ્દો મિથ્યા નથી. એ શબ્દમાં પણ ગહન ગાંભીર્ય ભરેલું છે.

પથ્થર જડ છે, પણ કોની દૃષ્ટિએ ? જેને સત્‌ની સત્તાથી જગતની સત્તા ભિન્ન જણાય છે એવા જાગતિક દૃષ્ટિવાળા ભેદબુદ્ધિવાનને એ પથ્થર જડ જણાય છે. જ્ઞાનીને સત્‌ની સત્તા વિના બીજી કોઈ સત્તાનું જ્ઞાન નથી અને કલ્પના પણ નથી. સત્‌થી અતિરિક્ત કશાનું પણ અસ્તિત્વ જ નથી. એટલે જેની પ્રજ્ઞા સ્થિર છે તેને જ એ પથ્થર પરમતત્ત્વના ચૈતન્યથી સભર ભરેલો જણાય છે. જેને જોવાની દૃષ્ટિ છે તેને માટે એ પથ્થર સત્‌ છે, ચિત્‌ છે અને આનંદસ્વરૂપ છે. અને તેથી શ્રી અવધૂત એ સત્‌, ચિત્‌ અને આનંદસ્વરૂપ પરબ્રહ્મના પ્રતીકરૂપ પાષાણ બનવાની અભિલાષા સેવે છે. જે પોતાને એ સચ્ચિદાનંદસ્વરૂપ પરમતત્ત્વથી ભિન્ન માને છે તેને માટે જગત છે, જગતનાં દ્વંદ્વો છે, જગતનો પ્રપંચ છે; અને પરિણામે જન્મ અને મૃત્યુ પણ તેની પાછળ પડેલાં જ છે. સચર જગતમાં જેટલે અંશે પરમતત્ત્વ સભર ભરેલું છે તેટલે જ અંશે એ જડ






જગતમાં પણ એ તત્ત્વ સભર છે. વિજ્ઞાનશાસ્ત્ર દ્વારા વૈજ્ઞાનિકોએ એ વાતની ખાતરી કરી છે. ભલે એ પથ્થર છે, જડ છે પણ માયાયુક્ત ચેતન કરતાં શ્રેષ્ઠ છે. જેની પાષાણદૃષ્ટિ છે તેની દૃષ્ટિએ એ ઉત્તમ નથી. પણ જેની પરમાત્મદૃષ્ટિ છે તેની દૃષ્ટિએ એ ઉત્તમ છે. મારા અને તમારા કરતાં પણ એ ઉત્તમ છે. એ પથ્થર મારો અને તમારો ગુરુ છે. એ આપણને બોધ આપે છે. શું બોધ આપે છે તેની કલ્પના તો કરો ! પરમતત્ત્વ નિષ્ક્રિય છે, નિષ્કામ છે, નિઃસંકલ્પ છે, નિર્વિકાર છે અને તેથી એ જડ પાષાણવત્ પડ્યું રહે છે. એને એના પિંડના પોષણની કાળજી નથી. એને એના પિંડના ક્ષયની કાળજી નથી. તમારામાં એ નિષ્ક્રિયતા, નિષ્કામતા, નિઃસંકલ્પતા અને નિર્વિકારતા છે ખરી ? તમે તમારી જાતને જ પ્રશ્ન કરો. તમે તો કામનાના ગુલામ છો. વાસનાની ફાંસી તમારે ગળે ભેરવાયેલી છે. કામનાની પૂર્તિ અર્થે તમે સક્રિય છો. તમારી કામનાની પૂર્તિ અર્થે તમે અનેક શુભાશુભ સંકલ્પ કરો છો અને વિકાર તો તમારામાં ભારોભાર ભર્યો જ છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયોના તો તમે વિના મૂલ્યે વેચાયેલા દાસ છો ! અરે, પથ્થર કરતાં તમે કઈ રીતે શ્રેષ્ઠ છો એ તો કહો ? અવ્યક્ત પરમતત્ત્વ એ પાષાણમાં અવ્યક્ત છે અને તેથી જ પરમતત્ત્વની એ નિષ્કામતા, નિષ્કર્મતા, નિઃસંકલ્પતા આદિ ગુણો એ પાષાણમાં છે. એ પરમતત્ત્વ જ્યારે વ્યક્ત કરવામાં આવે ત્યારે જ તે ક્રિયાયુક્ત, કર્મયુક્ત, સંકલ્પયુક્ત અને વિકારયુક્ત બને છે. અવ્યક્ત પરમતત્ત્વના વ્યક્તસ્વરૂપ દ્વારા જ જગતનું અને જાગતિક પ્રપંચનું નિર્માણ થયું છે અને થતું રહેશે. એ છે ભગવાનની માયા. એ માયાને કોઈ તર્યું નથી અને તરશે પણ નહીં. કેવળ પ્રભુપ્રસાદે જે વિરલો એ માયાને તરશે તે એ માયાધીશને તત્ત્વતઃ જાણીને તેમાં પ્રવેશ કરશે અને ત્યારે તે સ્વયં માયાધીશ બનશે. તેથી અહીં શ્રી અવધૂતે પાષાણનો જડસ્વરૂપે ઉલ્લેખ કર્યો નથી પણ એ પાષાણમાં રહેલા અવ્યક્ત પરમતત્ત્વના ગુણોને અનુલક્ષીને અહીં ઉલ્લેખ કર્યો છે.

જ્યાં સુધી એ પાષાણ કણિકા છે ત્યાં સુધી એ કણિકારૂપે અહીંથી તહીં પાણીના પ્રવાહમાં રઝળતો રહે છે. એ પ્રવાહમાં જ્યાં ત્યાં ઘસડાય છે. પણ એ જ કણિકા જ્યારે પાષાણ બને છે ત્યારે તેને તેની અચળ સ્થિતિમાંથી ડગાવવાને કોઈ સમર્થ નથી. એ પાષાણ નિર્દ્વંદ્વ છે. પ્રચંડ સૂર્યના પ્રખર તાપથી એને દુઃખ થતું નથી. બારે મેઘ વરસે તોય એને દુઃખ થતું નથી. શિયાળાની કકડતી ટાઢમાં પણ એ અવિચળ રહે છે. પ્રચંડ ઝંઝાવાત પણ એને ડગાવી શકતો નથી. નથી એને સુખની કલ્પના કે નથી એને દુઃખનો વિકાર. એ સુખદુઃખ, તાપ, ટાઢ આદિ વિકારોથી નિર્દ્વંદ્વ બનીને સ્થાણુવત્ અચળ પડી રહે છે. ક્ષુધા અને તૃષાના પરિતાપે એ વલખાં મારતો નથી. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જેવા છ

મહાન શત્રુઓ એની નિશ્ચળતામાંથી એને ડગાવી શકતા નથી. એ ધૈર્યની મૂર્તિને વિચલિત કરવાને કોઈપણ પ્રલોભન શક્તિશાળી નથી અને તેથી એ પાષાણ જીવનમુક્ત છે. સ્વરૂપે પાષાણ છતાં તાત્ત્વિક દૃષ્ટિએ પરમાત્મા છે, પરમતત્ત્વ છે. એ પાષાણને પરમતત્ત્વ કહેવાની જેનામાં શક્તિ હોય, એ પાષાણને પરમતત્ત્વ લેખવાની જેનામાં સ્થિર બુદ્ધિ હોય તેને માટે જ એ પરમતત્ત્વ છે. મારે માટે અને તમારે માટે તો એ પથ્થર જ છે. આપણે એને પથ્થરની દૃષ્ટિએ જોઈએ છીએ. આપણી આંખ કમળાના રોગે પીળી બની છે તેથી આપણે જગતને પીળું જોઈએ છીએ. શ્રી અવધૂતની આંખો નિરાવરણ સ્ફટિક જેવી સ્વચ્છ છે અને તેથી તે એ પાષાણને પણ પરમાત્મારૂપે જ જુએ છે. આપણે પરમાત્માને આપણાથી ભિન્ન માનીએ છીએ, જ્યારે શ્રી અવધૂત એ પરમાત્માને અભિન્ન ભાવે જુએ છે. અને તેથી જ એ પાષાણ જેવા જડ બનીને પિંડને વિસારે પાડવાનું કહેવામાં શ્રી અવધૂતનો આશય ગૂઢ છે. ધોબી એ જ પાષાણ પર કપડાં પછાડીને ધૂએ છે. મૂર્તિકાર એ જ પાષાણને ટાંકણાં વડે કોરી કોરીને તેમાંથી પોતાની કલ્પના અનુસાર રામ, કૃષ્ણ આદિની અનેક મૂર્તિઓ ઘડે છે. મહેલાતોમાં એ જ પાષાણનો ઉપયોગ થાય છે. અને છતાંય એ એના ધૈર્યમાં અને તત્ત્વમાં જેટલો અચળ છે તેટલો જ જીવન્મુક્ત પણ પોતાની સ્વરૂપસ્થિતિમાં અચલિત રહે છે. ધૈર્યયુક્ત અને અચલિત અવસ્થામાં જે આનંદ છે તેનો અનુભવ તો જે જીવન્મુક્ત છે તે જ પથ્થર બનીને, શ્રી અવધૂતના શબ્દોમાં ''નિર્દ્વંદ્વ પથ્થર ભાવ કેળવીને'' માણે છે. જીવન્મુક્ત થવા માટે એ પથ્થર એક આદર્શ છે. પથ્થર ભલે પથ્થર રહે પણ સાધકને માટે તો એક મહાન ગુરુની ગરજ સારે છે. પથ્થર જે રીતે પોતાની સ્થૂળ કાયાનું ભાન ભૂલે છે અને પરમતત્ત્વમાં જ નિવાસ કરે છે તેમ જીવન્મુક્ત પણ પોતાના આ સ્થૂળ દેહનું જ નહીં પણ સૂક્ષ્મ અને કારણ દેહનું પણ ભાન ભૂલીને એ ત્રણે દેહથી પર પોતે અદ્વિતીય, અખંડ, સચ્ચિદાનંદઘનસ્વરૂપ છે એવું અનુભવીને, દેહના દ્વંદ્વોનું વિસ્મરણ કરીને, પથ્થર જેવો જડવત્ રહેતો જ જગતને જણાય છે. વિજ્ઞાનશાસ્ત્રના અભ્યાસીઓને એ પાષાણ અનેકવિધ ક્રિયાઓથી અને તત્ત્વોથી ભરેલો જણાય છે. તે જ રીતે જડતામાં રચીપચી રહેલા અવિદ્યાયુક્ત સંસારને એ જીવન્મુક્ત પાષાણ જેવો જણાય છે. પણ જેણે જગતની એ અવિદ્યા અને જાગતિક પ્રપંચનો બુદ્ધિપૂર્વક વિવેક અને વૈરાગ્યયુક્ત ત્યાગ સાધ્યો છે તેવાને તો એ જીવન્મુક્ત ખરેખર તત્ત્વસ્વરૂપ છે એમ જણાય છે. એના જેવો તત્ત્વસ્વરૂપ જે હોય તેને જ એની સાચી ઓળખ થાય. આપણા ભાગ્યમાં તો એવા જીવનમુક્તનાં દર્શન કરવાનો એ લેખ વિધિએ નિર્માણ કર્યો નથી તો તેની એ તાત્ત્વિક અવસ્થાનું જ્ઞાન પ્રાપ્ત કરવાની તો વાત જ શી ? આપણે એ જીવન્મુક્તની જડભરત

અવસ્થાની કલ્પના કરવાને પણ યોગ્ય નથી અને આપણને એ અધિકાર પણ નથી. કેવળ પથ્થર જ નહીં પણ પ્રાણીસર્જન સિવાય ઈતર નિસર્ગનું આપણે નિરીક્ષણ કરીએ તો પથ્થરની એ જડ અવસ્થા લગભગ બધે જ જોવાની મળશે. નિસર્ગમાં નૈસર્ગિક રીતે ક્ષોભરહિત રહેવું એ જ જગતની જડતાનું વિસ્મરણ કરીને જીવવાનું સાચું જીવન છે. પથ્થર થઈ શકશો ? જરા પ્રયાસ તો કરો ! અભ્યાસ અને વૈરાગ્યથી એ વાત મુશ્કેલ નથી. પણ આપણે અભ્યાસ કરીએ છીએ તે માયાનો અને વૈરાગ્ય સાધીએ છીએ તે માયાપતિનો. માયાપતિનો અભ્યાસ અને પ્રપંચનો વૈરાગ્ય તમને જીવન્મુક્ત બનાવશે. માયાપતિ પ્રત્યે વૈરાગ્ય અને જગતનો અભ્યાસ અને અનુરાગ તમને જીવન મરણના વિષચક્રમાંથી જન્મ જન્માંતરે પણ મુક્ત નહીં થવા દે એ નિશ્ચે માનજો.

અને જ્યારે એવી પાષાણ અવસ્થાને પ્રાપ્ત કરશો ત્યારે ? શ્રી અવધૂત કહે છે :

"ભૂલા ભૂલાના ભૂલના હૈ."

વાહ, અહીં પણ ભાષાનો ચમત્કાર જ નથી પણ ભાવ પણ ચમત્કારિક છે. વિસ્મરણની એ પરમ અવસ્થા છે, પરાકાષ્ઠા છે. તુરીયાતીત અવસ્થાનું એ પરમ લક્ષણ શ્રી અવધૂતે અહીં આ ત્રણ શબ્દોમાં સંપૂર્ણપણે આલેખ્યું છે. જડભરત અથવા જીવન્મુક્ત અવસ્થા પ્રાપ્ત કરવાની આ એક મહાન ચાવી છે, યુક્તિ છે. જો એ સમસ્યા ઊકલે તો, જો એ વિસ્મરણ અવસ્થા પ્રાપ્ત થાય તો પથ્થરમાં અને જીવન્મુક્તમાં શો ભેદ રહે ? પથ્થરને 'હું પથ્થર છું' એવું સ્મરણ નથી. જીવન્મુક્તને 'હું જીવન્મુક્ત છું, એવું સ્મરણ નથી. અને તેથી શ્રી અવધૂતે કહ્યું : જે ભૂલવાનું છે તે ભૂલી જઈને એ ભૂલી ગયાનું પણ જે જ્ઞાન છે તેને પણ ભૂલી જઈને, ભૂલ્યાનું અને ભૂલ્યાના જ્ઞાનનું સંસ્કારરૂપે અજાણતાં પણ રહેલું જે જ્ઞાન છે તે પણ ભૂલીને કેવળ વિસ્મરણ અવસ્થા પ્રાપ્ત કરવાની છે. વાહ મહારાજ ! ભગવાને ત્રણ ડગલે ત્રિભુવનને આવરી લીધું તેમ તમેય આ ત્રણ શબ્દોમાં દેહજ્ઞાન, આત્મજ્ઞાન અને એ દેહ અને આત્માના જ્ઞાનનું પણ જે જ્ઞાન છે તેને ભુલાવી દેવાની-વિસ્મૃત કરવાની ચાવી આપી દીધી છે. પણ એ થાય શી રીતે ?

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ દેહની અવસ્થાઓ છે. દેહની એ અવસ્થાઓ આત્માને સ્પર્શ કરતી નથી. આત્મા એ અવસ્થાનો વિષય પણ નથી. જાગ્રત અવસ્થામાં સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાનું જ્ઞાન હોતું નથી. સ્વપ્નાવસ્થામાં જાગ્રત અને સુષુપ્તિ અવસ્થાનું જ્ઞાન રહેતું નથી. અને સુષુપ્તિ અવસ્થામાં જાગ્રત અવસ્થાનું, સ્વપ્નાવસ્થાનું અને સુષુપ્તિ અવસ્થાનું એ અવસ્થાત્રયનું જ્ઞાન રહેતું નથી. આત્મા તે સમયે પરમતત્ત્વમાં લીન થાય છે. પણ તે લીન અવસ્થા તમોગુણપ્રધાન હોવાથી

તેને આપણે 'તુરીય' અવસ્થા કહેતા નથી. જાગ્રત અવસ્થામાં આપણને જાગતિક પ્રપંચનું જ્ઞાન હોવાથી જાગતિક પ્રપંચનો અનુભવ કરીએ છીએ. સ્વપ્નાવસ્થામાં આપણને જાગ્રત અવસ્થાનું જ્ઞાન રહેતું નથી પણ સ્વપ્નજગતનું દર્શન કરીએ છીએ અને સ્વપ્નનો અનુભવ કરીએ છીએ. સુષુપ્તિ અવસ્થામાં એ ઉભય અવસ્થાનું જ્ઞાન રહેતું નથી અને તેથી એ ઉભય અવસ્થા પૈકી એકે અવસ્થાનું દર્શન કે અનુભવ આપણને થતો નથી. જેમ સુષુપ્તિ અવસ્થામાં જાગ્રત અને સ્વપ્નાવસ્થાનું સંપૂર્ણ વિસ્મરણ થાય છે તેમ જ જાગ્રત અવસ્થામાં પણ સુષુપ્તિ અવસ્થાનો જ અનુભવ કરવાથી જાગ્રત અને સ્વપ્નપ્રપંચનું જાગ્રત અવસ્થામાં પણ વિસ્મરણ કરી શકાય એ સંભવિત છે. જ્યારે દેહની એ ત્રણે અવસ્થાનું જાગ્રત અવસ્થામાં સંપૂર્ણપણે વિસ્મરણ થાય, એ ત્રણે અવસ્થાઓની નિઃશેષ નિવૃત્તિ થાય ત્યારે જ 'તુરીય' અવસ્થા પ્રાપ્ત થાય છે. એ 'તુરીય' અવસ્થા પ્રાપ્ત થયા પછી તેનું પણ વિસ્મરણ થાય ત્યારે જ વિસ્મરણની પરાકાષ્ટાએ પહોંચી શકાય. કેટલું કપરું ? દેહ છે ત્યાં સુધી એ શક્ય છે ખરું ? હશે તો જ શ્રી અવધૂતે કહ્યું છે. કેવળ વાણીવિલાસ કરવાનો શ્રી અવધૂતનો સ્વભાવ નથી. અરે, જે શબ્દો પણ તોલી તોલીને જ બોલે છે તેને આવો વાણીવિલાસ કરવાનો સમય પણ ક્યાં છે ? આપણે એ જ વાતનો જરા વધુ વિચાર કરીએ.

શું એ વિસ્મરણ અવસ્થા સંભવિત છે ? હોય તો કેવી રીતે ?

અવિદ્યાયુક્ત જીવને ગતજન્મનું કશું જ જ્ઞાન હોતું નથી. જે રીતે અવિદ્યાયુક્તને ગતજન્મનું જ્ઞાન હોતું નથી તે જ રીતે બ્રહ્મવિદ્યાયુક્ત થઈને અંતે જીવિત હોવા છતાં પણ પોતે દેહ નથી, દેહના પ્રપંચ સાથે પોતાને કશો જ સંબંધ નથી, પણ પોતે કેવળ બ્રહ્મ છે એ જ્ઞાન દૃઢ કરવાનું છે. એ જ્ઞાન દૃઢ કર્યા પછી જેમ સુષુપ્તિ કાળમાં પોતે કોણ છે તેનું પણ જ્ઞાન રહેતું નથી, તે જ રીતે જાગ્રત અવસ્થામાં પણ પોતે બ્રહ્મ છે એ જ્ઞાનનું પણ વિસ્મરણ કરીને કેવળ નિઃસંકલ્પ, નિષ્ક્રિય અને નિર્વિકાર જ્ઞાનાજ્ઞાન રહિત બ્રહ્મ બનીને રહેવાનું છે. અને એ જ શ્રી અવધૂતભાખી

"ભૂલા ભૂલાના ભૂલના હૈ"

ની અવસ્થા છે.

જીવન્મુક્તાવસ્થા તો કેવળ પરમાત્માની કૃપા વડે જ પ્રાપ્ત થાય છે. "પ્રાપ્ત કરી શકાય છે" એ કહેવું પણ વ્યાજબી નથી, પ્રાપ્ત થાય છે એમ કહેવું વધારે યુક્તિસંગત છે. એ અવસ્થા અર્થે પરમાત્માની કૃપા થાય એ હેતુએ પાત્રતા પ્રાપ્ત કરવી જરૂરની છે. અને બ્રહ્મ તો સ્વયંસિદ્ધ છે. તેને પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થની જરૂર નથી. પણ પાત્રતાની પ્રાપ્તિ અર્થે પુરુષાર્થ કરતાં કરતાં કોક સુભગ ઘડીએ એ પાત્રતાની પૂર્ણતા થતાં જ પરમાત્માની અહેતુકી કૃપા ઊતરે છે.

એ પાત્રતા, પરમાત્માની કૃપાને પાત્ર થવા માટે પહેલાં તો સાધન કરવાની જરૂર છે.

જીવ બ્રહ્મ જ છે એવું વેદવચન મિથ્યા તો નથી જ. પણ બ્રહ્મને 'જીવ' સંજ્ઞા કેમ પ્રાપ્ત થઈ તેનો થોડો વિચાર કરીએ તો અસ્થાને નથી. અનાદિ કાળથી ચાલી આવેલી કર્મપરંપરાને કારણે અંતરમાં વાસનાનો ઉદય થાય છે. એ વાસનાની સિદ્ધિ અર્થે સંકલ્પ થાય છે, સંકલ્પની સિદ્ધિ અર્થે કામના થાય છે અને કામનાની સિદ્ધિ અર્થે કર્મક્રિયા થાય છે. એ કર્મનું ફળ ચાખવાની ઈચ્છા થવાથી, એ ઈચ્છાની એક જાળ ફેલાઈ અને તેના આવરણમાં સૂક્ષ્મ શરીર સાથે સંબંધ રાખનાર આત્માનો પ્રવેશ થયો. તેના કારણે પોતાનું શુદ્ધ સ્વરૂપ વિસ્મૃત થયું અને પોતે 'જે નથી તે છે' એવી ભ્રમણા જાગ્રત થઈ. એ કાર્ય માયાનું છે. જે નથી તે બતાવવું એ જ માયા. એ ભ્રમણાને કારણે આત્માને દેહમાં આસક્તિ થઈ, ''હું આત્મા છું'' એ વાત ભૂલીને 'હું દેહ છું' એમ આત્મા માનતો થયો. પરિણામે તેનામાં અનાત્મમાં આત્મભાવ આવતાં જ તે આત્મા 'જીવ' કહેવાયો. દેહનાં સુખદુઃખ આદિ દ્વંદ્વો પોતાનાં જ છે એમ જીવ માનતો થયો અને પછી જેમાં આત્મીયતા આવી તેનો વિસ્તાર પણ દિનપ્રતિદિન વધતો ગયો. મમત્વ વધતાં આ મારું અને આ પરાયું એવી ભાવના થઈ. 'મારા'માં રાગ અને 'પરાયા'માં દ્વેષબુદ્ધિ ઉત્પન્ન થઈ. અને તેથી જ અભેદમાં ભેદબુદ્ધિના કારણે એ જીવને દેહની અને આત્મીયની સુખાકારી અર્થે આવશ્યક જાગતિક પદાર્થોમાં મમત્વ વધતું ગયું. એ 'મારાં' 'તારાં'ની ભાવના જેમ જેમ દૃઢ થતી ગઈ તેમ તેમ જે 'મારાં' માન્યાં તે દેહનાં સગાંઓમાં અથવા સંપત્તિમાં મમત્વ વધ્યું અને તેના વિયોગે દુઃખની લાગણી અને સંયોગે સુખની લાગણીનો અનુભવ થતો ગયો. અને એ સુખદુઃખની લાગણી સમય જતાં ઘનીભૂત થવા લાગી. આમ 'હું દેહ છું' એ ભ્રમણાએ આત્માને પોતાની જાળમાં સંપૂર્ણપણે જકડી લીધો. 'આત્મા દેહ છે' એ ભ્રમણાની જ્યાં સુધી નિઃશેષ નિવૃત્તિ ન થાય ત્યાં સુધી એ દેહાત્મબુદ્ધિની નિવૃત્તિ થતી નથી. એટલે આત્મા શુદ્ધ, બુદ્ધ, મુક્ત, નિત્ય, નિરંજન, નિર્વિકાર છે એ ભાવના દૃઢ કરીને, દેહને અને આત્માને કશો જ સંબંધ નથી એ ભાવ નિશ્ચયાત્મક કરવો જરૂરનો છે. જેમ શરીરને રહેવાને મકાનની આવશ્યકતા છે તેમ આત્માને રહેવાને શરીરરૂપી ઘરની જરૂર છે. ઘરમાં રહેનારો જેમ ઘર નથી, તેમ દેહમાં રહેનારો દેહ નથી એ ભાવના દૃઢ થવી જોઈએ. અને ત્યારે તેને શરીરના વિકારો અને શરીરના સંબંધીઓ સાથે કશો જ સંબંધ નથી એ જ્ઞાન થશે. જેમ જેમ દેહમાંથી અને દેહના સંબંધીઓમાંથી આસક્તિનો લય થતો જશે અને મમત્વ ઘટતું જશે તેમ તેમ તેની વૈરાગ્યબુદ્ધિ દૃઢ થતી જશે. પણ એ તો માયાના ખેલ છે. અને એ માયા તો જ્યારે ભગવાનની મહેર થશે ત્યારે

જ ટળશે. અને ત્યારે શ્રી ભગવાને અર્જુનને કહ્યું તેમ

मामेव ये प्रपद्यंते मायामेतां तरन्ति ते ॥

એવી સ્થિતિ પ્રાપ્ત થશે.

પ્રભુની કૃપા થશે ત્યારે જીવનું 'હું દેહ છું' એવું અજ્ઞાન નિવૃત્ત થશે અને 'હું દેહી-આત્મા છું' એવું જ્ઞાન પ્રાપ્ત થશે. અને ત્યારે અનાત્મમાં આત્મબુદ્ધિ અને તેને અનુસરતા દેહના સંબંધોમાં રહેલા મમત્વનો ક્ષય થતો જશે. એ વૈરાગ્ય તાત્કાલિક સિદ્ધ કરી શકાતો નથી. જીવને સાચી પરિસ્થિતિનું ભાન કરાવવાથી એ સિદ્ધ થઈ શકે છે.

આત્મા અજર, અમર, નિજબોધરૂપ, જ્ઞાનસ્વરૂપ છે; જ્યારે દેહ અસાર અને નાશવંત છે. એ પ્રમાણે દેહ અને આત્મામાં રહેલી વિલક્ષણતાનો જ્ઞાન દ્વારા વિચાર કરીને અનુભવસિદ્ધ કરતાં કરતાં જ્યારે 'વસ્તુ' દૃઢ થાય છે ત્યારે જીવને પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. એ આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને જીવ પોતાના દેહાધ્યાસથી અને જીવભાવથી મુક્ત બને છે. જીવભાવમુક્ત આત્મા પછી જેમ સુવર્ણના અલંકારો, નામ અને આકારની દૃષ્ટિ નિવૃત્ત થતાં જ, સુવર્ણરૂપે ઝળહળે છે તેમ સ્વસ્વરૂપમાં સમરસ બની જાય છે અને ત્યારે 'अहं ब्रह्मास्मि' એ વૃત્તિ સ્થિર થાય છે. જ્યાં સુધી 'હું બ્રહ્મ છું' એ વાતનું પણ જ્ઞાન રહે ત્યાં સુધી 'અહંતા' સૂક્ષ્મરૂપે રહેલી છે અને તે પોતાનું કાર્ય કરે છે. અને તેથી 'अहं ब्रह्मास्मि' એ જ્ઞાનની પણ વિસ્મૃતિ થવાની જરૂર છે. આત્મબુદ્ધિ અર્થે પણ એ વિસ્મૃતિ આવશ્યક છે. શ્રી અવધૂતે અહીં એ વિસ્મૃતિને અનુલક્ષીને જ એ વાત કહી છે. પ્રથમ દેહને ભૂલવો, દેહના જ્ઞાનને ભૂલવું, પછી 'હું બ્રહ્મ છું' એ જ્ઞાનને ભૂલવું અને દેહાતીત અને જ્ઞાનાતીત થઈને એ ઉભયને પણ ભૂલીને, કેવળ સહજભાવે આત્મામાં જ વિશ્રાંત રહેવું એ આ વાક્યનો આશય છે. જ્યાં સુધી જ્ઞાનનું, જ્ઞાનાવસ્થાનું સ્મરણ છે ત્યાં સુધી તે સ્મરણમાં રહેલી સૂક્ષ્માતિસૂક્ષ્મ અહંતા કોઈ વખત અનર્થકારક બને છે. પણ એ બધું જ ભૂલી જવાય એ કેમ બને ? અલ્યા, આપણે જાણતા હોઈએ તે તે કેમ ભુલાય ! એ વિસ્મરણ અવસ્થા કેવળ અનુભવગમ્ય છે. દેહ ભૂલો, આત્મભાવનું વિસ્મરણ કરો અને પછી એ વિસ્મરણનું જે જ્ઞાન છે તે જ્ઞાનનું પણ વિસ્મરણ સિદ્ધ કરો. અને જ્યારે એ વિસ્મરણની પરાકાષ્ઠાએ તમે પહોંચશો ત્યારે તમે કોણ, એવો પણ પ્રશ્ન ઊઠતો નથી. જીવન્મુક્ત બ્રહ્મસ્વરૂપ બ્રહ્મવિદ્‌ને પણ એ પ્રશ્ન ઊઠતો નથી. જ્યારે એ અવસ્થા સિદ્ધ થશે ત્યારે વસ્તુતઃ એ જ ખરી જ્ઞાનાવસ્થા કહેવાશે. તેમાં જ આત્માનંદની મસ્તી રહેશે. કેવળ જડભાવ ધારણ કરીને અવશેષ જીવન પૂરું કરવાનું શ્રી અવધૂતે તેથી જ અહીં સૂચન કર્યું છે. જ્ઞાનાવસ્થાનું ભાન એ પણ એક બંધન છે. પૂર્ણાવસ્થા પ્રાપ્ત કરવા માટે એ બંધન પણ રહેવું ન જોઈએ.

કહેવાનું રહ્યું નથી, શ્રવણ કરવાનું રહ્યું નથી, પથ્થર બનીને શરીરને ભૂલ્યા અને એ બધું ભૂલ્યા તેનું જ્ઞાન પણ ભૂલ્યા. પછી શું રહ્યું ? એ જ જીવન્મુક્તિ છે અને તેથી શ્રી અવધૂત કહે છે :

**ના જપના હૈ ના પઢના હૈ, બસ જાપ અજંપા હોના હૈ;**
**ના સોના હૈ ના જગના હૈ, બેફીકર મસ્ત પડ રહના હૈ !!**

જપ, તપ, અધ્યયન, શ્રવણ, મનન, નિદિધ્યાસન, એ સાધનસંઘાત પરબ્રહ્મની પ્રાપ્તિ અર્થે નથી. સ્વતઃસિદ્ધ, નિત્યપ્રાપ્ત પરમતત્ત્વની પ્રાપ્તિ કરવાનો પ્રયત્ન પણ કરવાનો નથી. સાધનમાત્ર કેવળ ચિત્તશુદ્ધિ અર્થે જ છે. સ્વરૂપાનુભવની આડે આવતાં આવરણો દૂર કરવા માટે જ છે. ચિત્તશુદ્ધ થતાં જ, જેમ દર્પણમાં મુખ જોઈ શકાય છે તેમ, આત્મદર્શન થતાં વિલંબ લાગતો નથી. શાસ્ત્રકારોએ તેથી ચિત્તવૃત્તિનિરોધને જ યોગ કહ્યો છે. જીવન્મુક્તનું ચિત્ત પારદર્શક-નિર્મળ છે. એટલે તેને ચિત્તશુદ્ધિ અર્થે કોઈ પણ પ્રયત્ન કરવાનો રહેતો નથી. જ્યાં સુધી જીવન્મુક્તાવસ્થા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કેવળ ચિત્તશુદ્ધિ અર્થે સાધનોનો આચાર કરીને તેણે પોતાનું ચિત્ત પારદર્શક બનાવવાનું છે. આત્મોપલબ્ધિ કરી લીધા પછી હવે તેને અન્ય કશું જ પ્રાપ્ત કરવાનું નથી, એટલે એ શા સારુ જાગ્રત પ્રયત્નપૂર્વક જપ-તપ કરે ? શા સારુ વેદાધ્યયન કરે ? વેદ, વેદાંત, શાસ્ત્ર આદિનું મૂર્તિમંત જે સ્વરૂપ છે તે જીવન્મુક્ત શા સારુ એ ઝંઝટમાં પડે ? જ્યાં જ્ઞાન અપૂર્ણ છે ત્યાં તે પૂર્ણ કરવા માટે ભણવાનું અને અધ્યયન અભ્યાસ કરવાનો રહે છે. એ અધ્યયન અને અભ્યાસના પરિણામરૂપ જ્યારે પૂર્ણ જ્ઞાનાવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે શેષ અધ્યયન કે અભ્યાસ કરવાનો રહેતો નથી. તેથી જ જીવન્મુક્ત એટલે જ્ઞાનની પૂર્ણાવસ્થા. સૂર્યના કિરણ દ્વારા જેમ પ્રકાશ જગતમાં વિસ્તાર પામે છે તેમ જ્યાંથી જ્ઞાન જગતમાં ફેલાય છે તે જ્ઞાનના નિર્ઝરને બીજું જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત કરવાનું રહે છે ? જે જ્ઞાનના ભંડારરૂપ ગણાય છે તે તો એ જીવન્મુક્ત સ્વયં છે. પછી નવું જ્ઞાન શું રહે છે કે જે એને પ્રાપ્ત કરવાનું હોય ! અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**ના જપના હૈ, ના પઢના હૈ,**

જપ, તપ અને અધ્યયનની પૂર્ણાહુતિનું પરિણામ પ્રાપ્ત કર્યા પછી તેની પુનરાવૃત્તિ કરવાની રહેતી નથી.

શ્રી અવધૂતનું એ કથન હેતુ પુરઃસર છે. આગળ એ હેતુનું દર્શન કરાવતાં શ્રી અવધૂત કહે છે :

**"બસ જાપ અજંપા હોના હૈ;"**

એ અજંપા જાપ શું ? સ્વાભાવિક રીતે જ શ્વાસોચ્છ્વાસ ચાલે છે. પ્રાણ એ શરીરનો આધાર છે. અને જ્યાં સુધી એ પ્રાણ શરીરમાં છે. ત્યાં સુધી એ શ્વાસોચ્છ્વાસની ક્રિયા સતત ચાલવાની છે. જ્યારે પ્રાણ

નહીં ત્યારે એ ક્રિયા પણ નહીં અને શરીર પણ નહીં.

શ્વાસોચ્છ્વાસની એ ક્રિયામાં 'સોઽહં હંસઃ' એવો અવિરત જાપ સ્વાભાવિક રીતે જ થતો રહે છે. સાધક અવસ્થામાં શ્રી અવધૂતને એ અજંપા જાપની પ્રતીતિ થયેલી હોવાથી અહીં શ્રી અવધૂતે

**"જાપ અજંપા હોના હૈ"**

એમ કહ્યું છે. "જાપ અજંપા કરના હૈ" એવું જો કહ્યું હોત તો કર્તૃત્વનું અભિમાન તેમાં અંશરૂપે જણાત, પણ "હોના હૈ" શબ્દનો પ્રયોગ વિલક્ષણ છે. જીવન્મુક્તને એવા જપ કરવાના હોતા નથી. જે શરીરધર્મને અનુસરીને નૈસર્ગિક રીતે થતું હોય, તેનો અવરોધ કરવાની પણ એનામાં વૃત્તિ જાગ્રત થતી નથી. અને તેથી સહજભાવે જે થતું હોય તે ભલે થાય એવા ભાવે જ અહીં "હોના હૈ" એવો શબ્દપ્રયોગ થયો છે. તાત્પર્ય એ છે કે એ "સોઽહં હંસઃ"નો જાપ સ્વાભાવિક રીતે જ થવાનો છે. તેને સિદ્ધ કરવા માટે જીવન્મુક્ત સંતે કાંઈ પણ પ્રયાસ કરવાનો નથી.

જ્યાં સુધી શરીર પર ગુણની અવસ્થા રહે છે ત્યાં સુધી એ ગુણનો પ્રભાવ પણ શરીર પર પડે છે અને તેના પરિણામે શરીર જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાને પણ વશ થાય છે. જ્યારે ગુણાતીત અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે શરીર ગુણના વિકારોથી મુક્ત થાય છે. અને તેથી એ શરીરની ત્રણ અવસ્થાઓ સ્વાભાવિક રીતે જ નિવૃત્ત થઈ જાય છે. જીવન્મુક્ત કેવળ 'તુરીય' અવસ્થામાં સ્થિત હોવાથી તે જાગ્રત પણ નથી, ઊંઘતો પણ નથી અને સ્વપ્નાવસ્થાનો પણ અનુભવ લેતો નથી. અને તેથી તે કેવળ જડભરત જેવો જ્યાં બેઠો ત્યાં બેઠો, સૂતો ત્યાં સૂતો અને ચાલવા લાગે તો ચાલ્યા કરે, એવી અવસ્થા ભોગવે છે. નથી તેને ચાલવાનો પરિશ્રમ, નથી તેને બેસવાનો કંટાળો કે નથી તેને સુવાની જિજ્ઞાસા. આપણે તેને ઊંઘતો જોઈએ કે જાગતો જોઈએ, બેઠો જોઈએ કે સૂતો જોઈએ પણ એ બધી જ અવસ્થામાં તે અહર્નિશ આત્માવસ્થામાં જ રહે છે. અને તેથી શ્રી અવધૂતે

**"ના સોના હૈ ના જગના હૈ"**

એમ કહીને જીવન્મુક્તની આત્માનુસંધાનપૂર્વક આત્માવસ્થા તરફ સંકેત કર્યો છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ દેહનાધર્મ છે. જીવન્મુક્ત દેહાતીત હોવાથી, દેહના ધર્મ તેની આત્માવસ્થામાં અવરોધરૂપ થતા નથી. અને તેથી જ ફિકર વિનાનો તે મસ્ત અવસ્થામાં જ પડી રહે છે. તેને ભૂખ નથી, તરસ નથી, ટાઢ નથી, તડકો નથી, વરસાદની તેને પરવા નથી. એ પંચકોષાતીત જીવન્મુક્ત આપણને જીવતો જણાય છે અને આપણે કહીશું "બિચારો ઉઘાડો પડ્યો છે, ટાઢ વાતી હશે, તડકો લાગતો હશે, ભૂખ તરસ પણ લાગતાં હશે." પણ એ આપણી દેહબુદ્ધિનો પડઘો છે. એ જીવન્મુક્ત ચિંતારહિત છે. આ ચરણોમાં શ્રી અવધૂતે એ આત્મરતની

અવસ્થાની ઝાંખી કરાવી છે. જે બેફિકર છે, જેને કશાયની ચિંતા નથી તે જ આત્માની સાચી મસ્તીમાં આનંદમગ્ન રહે છે. જ્યાં સુધી જીવ જગત સાથે જકડાયેલો છે ત્યાં સુધી તે ફિકરમાં જ હોય છે. જીવભાવ ટળી જતાં અને આત્મભાવ પ્રાપ્ત થતાં તેની જગતની અને પોતાની જાતની બધીય ચિંતા ટળી જાય છે. પછી તો દેહના મમત્વના અભાવે તેને કાળની પણ ચિંતા રહેતી નથી. તો બીજી ફિકરની તો વાત જ શી કરવી ?

જીવન્મુક્તનાં આટલાં લક્ષણો દ્વારા શ્રી અવધૂતે આપણને જીવન્મુક્તની અવસ્થાનો આછો ખ્યાલ આપ્યો છે. હવે છેવટે જીવન્મુક્તની ખરી અવસ્થાનો ખ્યાલ આપવાને શ્રી અવધૂત કહે છે :

**સબ રંગ જગત બિસરાના હૈ ઈત ઉત મન ના ભટકાના હૈ;**
**ના ડરના હૈ, ના ભગના હૈ, બસ અચલ ઠામ થિર રહના હૈ !!**

જગતના બધાય રંગો ભૂલીને મનને આમતેમ ભટકાવ્યા વગર, પ્રાપ્ત પરિસ્થિતિને આનંદથી ભેટીને, કોઈ પણ પ્રકારના ભયને કારણે ભડકીને નાસી ગયા વિના, એક જ અચળ ઠામમાં સ્થિર થઈને રહેવાનું છે એમ શ્રી અવધૂત કહે છે.

જનકવિદેહીનું જીવન ઈતિહાસને પાને અંકિત છે. વશિષ્ઠ આદિ બ્રહ્મનિષ્ઠ મહાત્માઓનાં દૃષ્ટાંતો આપણી નજર આગળ તરવરે છે. એ બધાં શું રાજપાટ, ઘરબાર આદિનો ત્યાગ કરીને પર્વતની ગુફામાં ભરાયા હતા ? ના, પણ એ બધા જગતના બધા રંગો ભૂલીને જગતમાં રહીને, જગતનો વ્યવહાર જળકમળવત્ કરતા હતા અને છતાંય એ જીવન્મુક્ત હતા. આંખો જગતને જોશે પણ તેને જગત બ્રહ્મરૂપે જણાશે. કાનો શબ્દને શ્રવણ કરશે પણ તે શબ્દમાં તેને બ્રહ્મનાદ સંભળાશે. વાયુ ત્વચાને સ્પર્શ કરશે પણ તે સ્પર્શ પાર્થિવ નહીં હોય, દિવ્ય હશે. નાસિકા નૈસર્ગિક સુગંધી લેશે પણ એ સુગંધ કે દુર્ગંધથી એના ચિત્તમાં વિકાર ઉત્પન્ન નહીં થાય. તે ભોજન લેશે પણ એની વૃત્તિ સ્વાદમાં નહીં હોય. એની વૃત્તિ તો બ્રહ્મમાં જ સંલગ્ન હશે ! પરમાત્મા જળમાં રસરૂપે છે. ચંદ્ર સૂર્યાદિ જાગતિક જ્યોતિઓનો પ્રકાશ એ જ સ્વયંજ્યોતિ પરમાત્માના પ્રકાશથી પ્રકાશિત છે. પૃથ્વીમાં એ જ પરમાત્મા ગંધરૂપે રહેલો છે. આમ એ પંચભૂતાત્મક જગતમાં પરમાત્મા સર્વવ્યાપક છે, એ ભાવનાએ જગતના જાગતિક પ્રપંચમાં જાગતિક દૃષ્ટિની નિવૃત્તિ કરીને, કેવળ બ્રહ્મદૃષ્ટિ કરવાનો અહીં અનુરોધ કરવામાં આવ્યો છે. અને તેથી આગળ કહ્યું તેમ દેહભાન ભૂલીને દેવભાન પ્રાપ્ત કરવાનું છે, અને એ દેહ અને દેવભાન ભૂલીને અંતે કેવળ વિસ્મરણ કે, શ્રી અવધૂત કોક વાર કહે છે તેમ, સ્મરણ સ્મરણાતીત, સહજ સ્મરણ અવસ્થામાં જ જીવન વિતાવવાનું છે. એ છે જીવન્મુક્તિનું રહસ્ય ! જીવન્મુક્ત પથ્થર નથી, પથ્થર જેવો છે. જીવન્મુક્ત મડદું નથી, મડદા જેવો છે. એટલે જ જીવન્મુક્ત બ્રહ્મ છે.

જગત એટલે માયા. જે નથી તે ભાસે તે માયા. જગતના જે અટપટા પ્રાપંચિક ખેલો છે તે જગતના અનેકવિધ રંગો છે. જેમ ઉષાના કે સંધ્યાના રંગો પ્રત્યેક પળે પરિવર્તન પામે છે તેમ એ જગતના અનેકવિધ અસ્થિર રંગો પણ પળપળ પલટાય છે. અને અંતે એક દિવસ પ્રલયકાળે એ જગતનો અંત આવશે ત્યારે એ જગત જે કેવળ માયાનું સર્જન છે તેનો પણ અંત આવશે. એવા અંતવાન જગતનો મોહ શો ? સ્વપ્નાવસ્થામાં જણાતા ભિન્નભિન્ન પદાર્થો, દશ્યો અને અનુભવો જાગ્રત અવસ્થામાં અદશ્ય થાય છે અને શોધ્યા પણ જડતા નથી. તેમ આ જગત સ્વપ્ન સમાન મિથ્યા છે, કેવળ ઝાંઝવાના જળ જેવું છે એવું જ્યારે સત્યભાન થાય છે ત્યારે, જેમ એ મૃગજળ દૃષ્ટિગોચર થતું નથી તેમ, જગત પણ જગતરૂપે ગોચર થતું નથી અને માત્ર અવ્યક્ત આત્માની અતકર્ય શક્તિનાં જ દર્શન થાય છે. પછી એ અતકર્ય શક્તિનો પણ લોપ થાય છે. અને અંતે તો કેવળ પરમતત્ત્વ, જેનો આદિ, અંત કે મધ્ય નથી તે જ સત્ સ્વરૂપે રહે છે. એ જ સત્ મધ્યમાં જગતરૂપે ભાસે છે. જીવન્મુક્તની અંતિમ સ્થિતિ પણ એ જ સત્ સ્વરૂપમાં છે. એ સ્થિતિ મૃત્યુ પછી પ્રાપ્ત થતી નથી પણ જીવતાં જીવત જ એ સ્થિતિ પ્રાપ્ત થાય છે. એ આત્મરત, આત્મક્રીડ અવસ્થા જ્યાં સુધી જગતના રંગોનું જ્ઞાન છે ત્યાં સુધી પ્રાપ્ત થતી નથી. જગતને ભૂલશો ત્યારે ભગવાન પ્રાપ્ત થશે. અને તેથી જ જગતના બધાય રંગોનું વિસ્મરણ કરવાનું શ્રી અવધૂત કહે છે.

જગતના એ રંગો જીવને બતાવનાર તો મન છે. એ મન જ જો ધારે તો જીવને બ્રહ્મસ્થિત કરે અને ધારે તો નર્કમાં નાખે. જ્યાં સુધી મન ઇન્દ્રિયો સાથે રહીને વિષયોમાં ભટકતું રહે છે અને સાથે જીવને પણ ભટકાવે છે ત્યાં સુધી જીવ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી અને મનનો દોરવ્યો જાગતિક પ્રપંચને 'મારો પ્રપંચ' માનીને રાગદ્વેષયુક્ત સમય વ્યતીત કરે છે. જ્યાં સુધી મન પોતાની અનાદિ કાળથી ચાલતી આવેલી અવિદ્યામૂલક ચેષ્ટાઓ કરતું રહે છે ત્યાં સુધી જીવને જગતનું વિસ્મરણ થતું નથી. અને તેથી અહીં એ ભટકતા મનને સ્થિર કરવાનો આદેશ કર્યો છે. એ મન જ્યારે વિષયોને ભૂલીને પરમતત્ત્વમાં લીન બની જશે ત્યારે જ પોતાના સંકલ્પવિકલ્પ અને વિષયોના ગ્રહણત્યાગના ધર્મને ભૂલીને એ ધર્મથી મુક્ત બનીને પરમતત્ત્વમાં સ્થિર થશે. મનનું ચાંચલ્ય જ્યારે જતું રહે છે ત્યારે તે નિશ્ચેષ્ટ મરણતોલ બનીને રહે છે. પ્રાણ વિનાનું પ્રેત જો ચેષ્ટા કરી શકે તો મન ચેષ્ટા કરી શકે. જ્યારે મન પોતાના ધર્મને ભૂલીને આત્મામાં લીન થશે ત્યારે તેના સહચારીઓ, ઇન્દ્રિયો અને તે ઇન્દ્રિયોના ગોચરરૂપ વિષયો પણ એ મનની પાછળ બ્રહ્મમાં લીન બનશે. જો આમ નર્કગામી મન, ઇન્દ્રિયો અને વિષયો આત્મામાં રત થશે તો પછી જેના કારણે જીવ જન્મજન્માંતરનાં વિષચક્ર ભોગવે છે તેને કોનો ભય રહેશે ?

ભય ક્યાં સુધી રહે ? જ્યાં સુધી મનમાં જગત છે, જાગતિક પ્રપંચ છે, હું દેહ છું એવું જીવને અહં છે અને તેના કારણે મમત્વ છે ત્યાં સુધી જ ભયને રહેવાનું એ સલામત સ્થાન છે. ભયને પોષનારાં એ તત્ત્વો જતાં રહેશે તેની પાછળ ભય પણ બીજું કોઈ સુરક્ષિત સ્થાન શોધવા જતો રહેશે. માયાના પાશથી મુક્ત બનેલા જીવને ભય નથી. જ્યાં સુધી આત્મરક્ષણની ભાવના અંતરમાં ઘર કરી બેઠી છે ત્યાં સુધી જ બીજાનો ભય રહે છે. પણ જ્યારે પોતે જ આત્મા બને છે અને પોતે જ જ્યારે સર્વસ્થિત છે ત્યારે પોતાનો ભય પોતાને લાગતો નથી. જ્યારે દ્વૈતની નિવૃત્તિ થાય છે, આત્મભાવે અદ્વૈતસ્વરૂપે જીવ જ્યારે આત્મતત્ત્વમાં સમરસ બની જાય છે ત્યારે જ્યાં અન્ય કોઈ નથી ત્યાં ભય શાનો ? અને કોનો ? અને જો ભય નથી તો ભયમુક્ત થવાને પીઠ ફેરવવાની પણ રહેતી નથી. સૈનિક રણસંગ્રામમાં લડતો લડતો જ્યારે આત્મરક્ષણ માટે એકેય આરો તેને ન સૂઝે ત્યારે અને પરાજય નિશ્ચિત હોય ત્યારે પોતાની જાતના રક્ષણાર્થે પીછેહઠ કરે છે. પણ અહીં તો તેવો કોઈ ભય રહેતો જ નથી. હોય તો તે માત્ર કાલ્પનિક જ છે. અને તેથી ભયયુક્ત બનીને નાસી છૂટવાનું રહેતું નથી. અને નાસીને જશે પણ ક્યાં ? કાળ તો જન્મથી જ તેની પાછળ પડ્યો છે ! પણ જ્યારે એ કાળસ્વરૂપ, કાળનો પણ કાળ બનશે ત્યારે એ કાળ પણ તેની સામે નજર નાખી નહીં શકે ! જીવન્મુક્ત જગતને પોતાનામાં જ જુએ છે અને પોતે જ જગતમાં છે એવી ભાવનાથી જ પ્રારબ્ધવશ જીવે છે. તેને કાળનો પણ ભય નથી. એ પરમાત્મસ્વરૂપની આજ્ઞાને એ કાળ પણ આધીન છે. અને તેથી એ અભય, અકાળ બનેલાને ક્યાંય જવાનું રહેતું નથી. અને છેવટે તો જે સ્થિતિમાં એ જીવન્મુક્ત છે તે સ્થિતિમાં હિમાચળવત્ સ્થિર રહેવાનો છે; રહે છે. જગતનો અંત આવશે, જગત ચલાયમાન છે અને ચલિત થશે પણ આત્મા અચળ છે, સ્થાણુવત્ છે અને તેવો જ આત્મસ્થિત એ જીવન્મુક્ત પણ અચળ છે, સ્થાણુવત્ છે. એને વિચલિત કરવાને કોઈ શક્તિમાન નથી.







પણ એ બધું ક્યારે બને ? આત્મતત્ત્વ સાથે સમરસ બનીને બ્રહ્મને જાણીને બ્રહ્મ બનેલાને પોતે બ્રહ્મ છે એવા જ્ઞાનનું પણ વિસ્મરણ થાય ત્યારે એ અવસ્થા સિદ્ધ થાય.

જીવન્મુક્તનું આ શબ્દચિત્ર શ્રી અવધૂતની કલમનું એક અનોખું ચિત્ર છે. એમાં એકેએક ચરણ શ્રુતિ, સ્મૃતિ અને અનુભવસંમત છે. કેવળ વાણીવિલાસમાં રાચનારને એનું રહસ્ય નહીં સમજાય. સ્વાનુભવના અર્ક સમા એ ગીતનો દરેક શબ્દ સહૃદય વિચારી ગાનારને ઊંડો વિચાર કરતો કરી દેશે એમાં શંકા નથી. અને એનો યથાર્થ ખ્યાલ તો એવા જ કોઈ વિરલ જીવન્મુક્તને જોવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય ત્યારે જ આવી શકે !!

(૨૭)

(રાગ - ગઝલ. તાલ દાદરો.)

તમારે ને હમારે ના કશો સંબંધ છે મૂળે;
મળ્યા વચ્ચે પડ્યા છૂટા, નદીના કાષ્ઠસમ પૂરે ! (૧)
રમ્યા કંઈ દિન ભલે ભેગા, બધી એ સ્થૂળની લીલા;
પળ્યા પંથે વિવિધ તોયે, બધા છે બ્રહ્મના ચીલા ! (૨)
ઉતારી સ્થૂળના વાઘા, મળીશું કો દિ એકાંતે;
હસીશું રાચી અન્યોન્યે, નિહાળી ફૂલ દ્રગ્-દ્વૈતે ! (૩)
બરફ-ટુકડો વહ્યો જળમાં, જનારાને જુદો ભાસે;
કઠણ-મૃદુ ભેદ દૃષ્ટિમાં, વિચારે ભિન્નતા નાસે ! (૪)
પરસ્પર શા બખેડા આ, અહં-ની ગર્જના ઘેલી !
અહં-ત્વં-થી નિરાળી છે, સનાતન સ્વાત્મની કેડી ! (૫)
બધા મન-દૃષ્ટિ-ના વાંધા, અનન્તે સાન્તતા ન્હોયે;
દિસે તે ના તથા અંતે, ન તત્ત્વે ખંડ ક્ષણ હોયે ! (૬)
મળે માટી મહીં માટી, ચિતે ચૈતન્ય ના જૂદું !
વિલોકી ઐક્ય સદ્-રંગે રમે અવધૂત એકાદું !! (૭)
દિસે કીકી મહીં કાળું, ન તોયે એહ અંધારૂં;
જુઓ નીળું બધે તોએ, સદા છે વ્યોમ એ ન્યારૂં ! (૮)
રહો હરદમ હકીકીમાં, મિજાઝી મોત બહુરંગી !
સખુન છેલ્લો, ન બસ આગળ ! રહેવું મૌન એકાંગી !! (૯)

શ્રી અવધૂતે

**"તમારે ને હમારે ના કશો સંબંધ છે મૂળે."**

એ એક જ પંક્તિમાં સર્વ શાસ્ત્રોનો નિચોડ, જે આત્માની અસંગતા છે તેનું ભાન કરાવ્યું છે. શ્રી અવધૂત પાસે જનારો ભાવિક "બાપજી મારા છે" એમ માને છે, જ્યારે વસ્તુતઃ "બાપજી કોઈના નથી અને બધાના જ છે", એવું શ્રી અવધૂત કહે છે. "બાપજી મારા છે." એમ માનનારો શ્રી અવધૂત સાથેના પોતાના સ્થૂળ સંબંધને જ અનુસરે છે. જ્યારે શ્રી અવધૂત સર્વ સાથે આત્મભાવે વર્તે છે. એટલે તેને "આ મારું" "આ તારું" એવો ભાવ લેશમાત્ર નથી.

સગપણ કોનું ? શરીરનું કે આત્માનું ? જો સગપણ શરીરનું હોય તો તેથી આત્માને શું ? "હું" કહેનારો જ્યાં સુધી "મારું" માનતો નથી ત્યાં સુધી "હું" ને "મારું" સાથે સગપણ નથી. "હું"માં રહેલું મમત્વ જ "મારું"નું સર્જન કરે છે. અને તે મમત્વથી જ "મારું" અને "તારું" એવી ભેદવૃત્તિ અંતઃકરણમાં ઉત્પન્ન થાય છે. વસ્તુતઃ "મારું" પણ નથી

અને "તારું" પણ નથી. જે કાંઈ છે તે કેવળ આત્મા છે. એક જ આત્મા સર્વત્ર છે, એક જ આત્માની સત્તા અને સ્ફૂર્તિ વડે સઘળો વ્યવહાર છે. એ વ્યવહાર જ્યારે અસંગભાવે થાય છે ત્યારે અંતઃકરણ ઉપર વ્યવહારના સંસ્કાર રેખાતા નથી અને તેથી એ વ્યવહારથી આત્મા સદાસર્વદા મુક્ત રહે છે. "હું" પરમતત્ત્વ છે અને "મારું" જડ છે. "હું"માં અસંગ ભાવ છે, "મારું"માં આસક્તિ અને મમત્વ છે. એક "ભૂમા" છે, બીજું "અલ્પ છે. "ભૂમા" ને "અલ્પ" સાથે સગપણ સંભવતું નથી. ચેતન ચેતનમાં મળે છે અને જડ ચેતનથી ભિન્ન થઈ જાય છે. જડમાં ચેતનની ચેતના નથી ત્યારે ચેતન સ્વયં ચૈતન્યસ્વરૂપ છે. જડને ચેતનનો આધાર છે જ્યારે ચેતન સ્વયં નિરાધાર હોવા છતાંય સર્વાધાર છે. જે સર્વાધાર છે તેને અન્ય આધાર આવશ્યક નથી. જડમાં ચૈતન્ય તો છે જ. કારણ કે પરમતત્ત્વ સર્વવ્યાપક હોવાથી, જેવું સચર પ્રાણીસર્જનમાં સમાયેલું છે તેવું જ જડસર્જનમાં પણ સમાયેલું છે. જડમાં જે ચૈતન્ય સ્વરૂપે પરમતત્ત્વ સમાયેલું છે, તે સુષુપ્ત અવસ્થામાં છે. એટલે જડને ઓળખતું નથી. જડ જ્યારે ચેતનને ઓળખતું થાય ત્યારે તે ચેતન ફરતે વિકારનું આવરણ ઊભું થાય. વસ્તુતઃ શરીર અને આત્મા એક બીજાથી ભિન્ન છે, એટલું જ નહીં પણ શરીરને આત્મા સાથે કશો જ સંબંધ નથી. અને તેથી શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य... ...

"નિત્ય, અવિનાશી અને અપ્રમેય શરીરધારી આત્માનાં આ શરીરો નાશવંત છે."

શરીરમાં શરીરિની સ્ફૂર્તિના કારણે તે ચેતનવંતુ છે. બ્રહ્મ જ્યાં સુધી નિઃસંકલ્પ અવસ્થામાં રહે છે ત્યાં સુધી તે નિશ્ચળ છે. અને જ્યારે ક્ષણિક સંકલ્પ અવસ્થાનો સ્વીકાર કરે છે ત્યારે તે સંકલ્પ માયાના સ્વરૂપે, પ્રકૃતિના સ્વરૂપે, પ્રકાશિત બને છે. એ માયા અથવા સંકલ્પના પ્રકાશ વડે સર્જનની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે. સૂર્યનો ઉદય થાય છે ત્યારે સૂર્ય વડે નહીં પણ સૂર્યના પ્રકાશ વડે જેમ સઘળો વ્યવહાર થાય છે, અને જેમ સૂર્ય એ વ્યવહારનો કેવળ સાક્ષી અથવા દ્રષ્ટા બનીને જ રહે છે, તેમ પુરુષના એ સંકલ્પના પ્રકાશ વડે જ સર્જનનો વ્યવહાર ચાલે છે. જેમ એક નાનકડા તરંગમાંથી જ વિશાળ તરંગો લહેરાય છે તેમ બ્રહ્મના એ નાનકડા સંકલ્પમાંથી વિરાટ સર્જન બ્રહ્માંડને આવરી લે છે. અને પરિણામે જેમ તરંગ કિનારે આવી અદૃશ્ય થાય છે તેમ એ વિરાટ સર્જન અંતે 'આરા' સ્વરૂપ બ્રહ્મમાં જ વિલીન થાય છે.

આપણે જોયું કે શરીર-સર્જનમાત્ર આત્માની શક્તિ વડે જ ચેતનવંતુ છે. પણ આત્મા પ્રકૃતિરૂપે એ શક્તિસંચાર કરીને તે શક્તિનો ઉપયોગ

કરવાનું શરીરને-સર્જનને સોંપીને દૂર રહ્યો રહ્યો, પોતાની દૈવી શક્તિનો કેવો ઉપયોગ થાય છે તે જોવામાં જ આનંદ માણે છે. એટલે આત્મા સાક્ષી અથવા કેવળ દ્રષ્ટા છે અને એવા આત્મભાવે જ અહીં શ્રી અવધૂતે કહ્યું છે કે શરીરને અને શરીરિને સંબંધ નથી. પણ એ સંબંધ જે વ્યવહારમાં જણાય છે તે કેવળ શરીર અને શરીરનો સંબંધ છે. અને તે સંબંધ શરીરના અંત સાથે જ સમાપ્ત થવાનો છે. અને તેથી જ એ સંબંધ સાચો સંબંધ નથી. પ્રાણીમાત્રમાં-સર્જનમાત્રમાં રહેલો શરીરિ તો મૂળ એક જ પરમાત્માનો અંશ છે. એ પરમતત્ત્વનો અંશ પરમતત્ત્વ પ્રમાણે જ નિર્વિકાર છે પણ તેની ફરતે સૂક્ષ્મશરીર સ્વરૂપે રહેલાં મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર આદિ સોળ તત્ત્વો જ એ આત્મામાં ''અહં'' ભાવ ઉત્પન્ન કરે છે. તે અહંયુક્ત આત્મા જીવ કહેવાય છે. તે જીવ જ આ ''મારું'' અને આ ''તારું'' એવું કહેતો થાય છે. અને ત્યારે જ શરીર સાથે શરીરનું સગપણ જોડાય છે. અને તેથી જ એ સંબંધ આત્માનો આત્મા સાથે સંબંધ નથી પણ શરીરનો શરીર સાથે સંબંધ છે. જેમ અગ્નિની ચિનગારી અને અગ્નિનો ઢગ તાત્ત્વિક દૃષ્ટિએ એક જ છે, તેમ એક શરીરમાં રહેલો આત્માનો અંશ અને સર્વવ્યાપક આત્મા તાત્ત્વિક દૃષ્ટિએ તો એક જ છે. એટલે એ ખંડાત્મક જણાતા છતાંયે અખંડ આત્માનો પરસ્પર સંબંધ હોવાનો સંભવ નથી. જળ અને જળશીકર જેમ એક જ છે તેમ અંશ અને અંશી એક જ છે. અંશના અને અંશીના ધર્મ પણ એક જ છે. જો ભિન્ન હોય તો ભેળાં મળે. અભિન્ન ને ભેળા મળવાનું રહેતું નથી. અને તેથી જે પ્રત્યાત્મા છે તે જ સર્વાત્મા છે. અને જે સર્વાત્મા છે તે જ વિશ્વાત્મા છે. ઉપર કહ્યું તેમ નામ રૂપ અને આકારધારી સર્જનમાં પૃથક્ પૃથક્ રહેલા એ અંશીમાં પૃથકત્વ નથી. જો નામ, રૂપ અને આકારના પૃથકત્વનો બુદ્ધિમાંથી લોપ થઈ જાય તો અને સરવાળે એક જ આત્મા રહી જાય તો

**"હમારે ને તમારે ના કશો સંબંધ છે મૂળે."**

એ શ્રી અવધૂતનું વાક્ય કેવળ આત્મદૃષ્ટિએ જ લખાયું છે એમ કહેવું યોગ્ય છે.

ઉપર કહ્યું તેમ એક આકારમાં રહેલા આત્માને બીજા આકારમાં રહેલા પોતાના જ સ્વરૂપની સાથે સંબંધ જોડવાનો રહેતો નથી. સંબંધ તો કેવળ શરીરને શરીર સાથે જોડવાનો રહે છે. એ શરીર તો ક્ષણિક છે. ખાખ થવાનું છે. એટલે શરીરનો શરીર સાથેનો સંબંધ પણ સાચો નથી. અને તેથી આ પંક્તિ દ્વારા શ્રી અવધૂતે આપણને તાત્ત્વિક દૃષ્ટિએ જ સર્જન તરફ જોતાં શીખવાનો, તાત્ત્વિક દૃષ્ટિએ જ સર્જનનો વિચાર કરવાનો અને તાત્ત્વિક દૃષ્ટિએ જ જીવન જીવવાનો બોધ આપ્યો છે. એ દૃષ્ટિએ જ્યારે આપણે વિચાર કરીએ તો કોણ કોનો પુત્ર છે ? કોણ

કોની માતા છે ? કોણ કોની પત્ની છે ? અને તેથી જ જગતમાં કોઈ કોઈનું નથી પણ કેવળ સ્વાર્થનું જ એ કારણ છે. યાજ્ઞવલ્કયે મૈત્રેયીને જાગતિક સંબંધની નશ્વરતાનો ખ્યાલ આપતાં અંતે કહ્યું :

''आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति।''

''પોતાના સ્વાર્થના કારણે જ બધું પ્રિય જણાય છે.'' એ સ્વાર્થને તિલાંજલિ આપો અને નિર્હેતુક ભાવે સર્જનને જુઓ તો તમને પ્રિય કે અપ્રિય કશું જ જણાશે નહીં. જ્યાં સુધી ભેદવૃત્તિ ઉત્પન્ન થતી નથી ત્યાં સુધી સંબંધ શોધવાનો રહેતો નથી. જ્યારે ભેદવૃત્તિ ઉત્પન્ન થાય છે ત્યારે આત્મા આત્મભાવને-પોતાના સ્વરૂપને ભુલીને જીવભાવને અજાણતાં જ સ્વીકારે છે. જીવભાવ વિના ભેદવૃત્તિ નથી. આ જન્મે પિતાપુત્ર ભાવે, અથવા પતિપત્ની ભાવે ભેળાં મળ્યાં તે આગલે જન્મે કોણ હતાં અને જન્માંતરે કોણ હશે તે કોઈ જાણતું નથી. એટલે ભૂતકાળ અને ભવિષ્યકાળથી અજ્ઞાત એવા આપણે વર્તમાન કાળમાં, મિત્ર છીએ, પિતા છીએ, પત્ની છીએ, પુત્ર છીએ વગેરે જે માનીએ છીએ તે કેવળ અજ્ઞાન છે. એ માન્યતા પણ શરીરને કારણે જ છે. આત્મા અલિંગ છે. શરીર લિંગધારી છે. શરીર છૂટી જશે ત્યારે કોણ કોનું થશે ? અરે ! ચાર જણ ભેળા મળી એ શરીરનો અગ્નિસંસ્કાર કરશે અને કાળના વહેણમાં વીસરી પણ જશે. એટલે જ શરીરનો સંબંધ સાચો નથી. અને આત્મા તો

''एकधा बहुधा भाति''

જે એક જ હોવા છતાં અનેક જણાય છે. એટલે તેને તો કોઈ સાથે કશો સંબંધ રાખવાનો સંભવ જ નથી. જ્યાં અન્યનો અભાવ છે ત્યાં કોણ કોની સાથે સંબંધ રાખે ? અને જ્યાં અન્યની અભિવ્યક્તિ છે ત્યાં અન્યનો અન્ય સાથે જણાતો સંબંધ અશાશ્વત છે. એટલે જ અહીં શ્રી અવધૂતે ''મૂળે'' એ શબ્દનો રહસ્યપૂર્ણ પ્રયોગ કર્યો છે. શરીરના સંબંધની નશ્વરતાનો જ્ઞાનપૂર્વક ખ્યાલ કરીને એવા નાશવંત, આજે છે અને કાલે નથી, એવા સંબંધનો મોહ કરવો એ પણ કેવળ અજ્ઞાનતા જ છે. જન્મજન્માંતરના ઋણાનુબંધે દેહભાવે ભેળા થયેલા આપણે કોણ ?

શ્રી અવધૂત એ પ્રશ્નનો જ ઉત્તર આપે છે.

**''મળ્યા વચ્ચે પડ્યા છૂટા, નદીના કાષ્ઠ સમ પૂરે !''**

આદિની પૂર્વે જે પરમતત્ત્વ સત્સ્વરૂપે હતું તે જ પરમતત્ત્વ અન્ત ને અંતે પણ સત્સ્વરૂપે જ રહેવાનું છે. મધ્યમાં આ જે જણાય છે તે કેવળ મૃગજળ જેવો મિથ્યાભાસ છે. છતાંયે તે મિથ્યાભાસને સાચો માનીને મનુષ્યમાત્ર મૃગલાં પેરે સત્‌ને ભૂલીને અસત્‌માં જ ઓતપ્રોત બને છે. જેમ સરિતાના વહેણમાં ચારે બાજુએથી પાણીના પ્રવાહો આવે ત્યારે પ્રચંડ પૂરમાં અનેક કાષ્ઠ ચારે બાજુથી તણાઈને આવે. એ પૂરમાં વહેતાં વહેતાં ભિન્ન કાષ્ઠો કોકવેળા ભેળાં થઈ જાય અને બીજી જ ક્ષણે પાણીના



વહેણમાં જુદાં પણ પડી જાય. તેવો છે આ સંસાર ! કાળના એ વહેણમાં આ શરીર સાથે બીજા શરીરનો વર્તમાનમાં ભેટો થાય છે. કાળના વહેણમાં તણાતાં તણાતાં મૃત્યુ, બીજી કોઈક આકસ્મિક પરિસ્થિતિએ ભેળાં મળેલાં શરીરોને, વિખૂટાં પાડે છે. કોઈ ક્યાં જાય છે, કોઈ ક્યાં તણાય છે અને ત્યારે કોણ ક્યાં ગયું તે પણ કોઈ જાણતું નથી. આજનો પિતા કાલે શું હશે, આજની માતા કાલે શું હશે, આજનો પુત્ર, આજનાં સગાંઓ, મિત્રો અને ઇતર સમૂહ કાલે શું હશે તે કોઈ જાણતું નથી. અને અજ્ઞાનના અંધકારમાં એ બધાં જ ભટકતાં આ ''મારું'' આ ''તારું'' કરતાં કરતાં મૃત્યુને શરણે થાય છે. દૃષ્ટાંત આપીને વાતો તો ભલે કરીએ પણ એ વિરાગ દૃષ્ટિ જીવનમાં ઉતારવી કહીએ છીએ તેટલી સહેલી નથી. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

''अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना॥''

''હે ભારત, ભૂતો આદિમાં અપ્રકટ, મધ્યમાં પ્રકટ અને અંતે અપ્રકટ જ હોય છે. તેમાં શોક શો ?'' ભૂતકાળનો પટ સમુદ્ર જેવો અને તેથીયે વધુ વિશાળ છે. ભવિષ્ય ! એ ભવિષ્યકાળના પટની કલ્પના સરખીયે થઈ શકતી નથી. અને એ બેની વચ્ચેનો વર્તમાનકાળ કેટલો ક્ષણિક છે ? સરિતામાં વહી જતું પાણી જે જણાય છે તે બધું પાણી જ છે. અને તે સરિતાનું જ પાણી છે. પણ જે પાણી આ ક્ષણે જોયું તે જ પાણી તમે બીજી ક્ષણે જોઈ શકતા નથી. જે જોયું તે તો વહી ગયું અને નવું પાણી જણાયું.

હરેક પળે એ પાણી તો બદલાતું જ જાય છે. પ્રવાહ જ્યાં સુધી ચાલે ત્યાં સુધી એકનું એક જ પાણી આપણે જોતા નથી. તેમ માનવજીવનની પળપળ વીતતી જાય છે, ભૂતકાળ બનતી જાય છે અને ભવિષ્યમાં પ્રવેશતી જાય છે. એ ભૂતકાળ અને ભવિષ્યકાળ બેની વચ્ચેની ક્ષણિક અવસ્થા છે તે જ વર્તમાન અવસ્થા છે. વર્તમાન તો એક પલક વીતી એટલે ગયો. ભૂતકાળમાં તેનું પરિવર્તન થયું. એમ પ્રત્યેક પળે ભૂતકાળનો પટ વિસ્તૃત થતો જાય છે. ભવિષ્યનો પટ ટૂંકો થતો જાય છે અને અંતે આયુષ્યની અંતિમ પળ આવતાં સાથે વહેતાં કાષ્ઠ જેમ જુદાં પડે તેમ શરીર શરીરથી જુદાં પડે છે, કાળના મુખમાં ગ્રાસ બની અદૃશ્ય થાય છે. એક જ વૃક્ષ પર સમી સાંજે અનેક વિવિધ પક્ષીઓ આકાશમાં ઊડતાં ઊડતાં આવી વિશ્રાંતિ માટે ભેળાં મળે છે, કલરવ કરે છે, અને રાત્રિ વિશ્રાંતિમાં વિતાવી, પ્રભાત થતાં પોતપોતાના સ્વૈરવિહાર અર્થે ઊડી જાય છે. તેમાં કોણ કોનું સંબંધી ? કોઈ નહિ. સંસાર તો એક ધર્મશાળા જેવો છે. ભિન્ન ભિન્ન દેશના પ્રવાસીઓ પર્યટન કરતા વિશ્રાંતિ અર્થે ધર્મશાળામાં રાત્રિ ગાળે છે. પોતપોતાનું કાર્ય પૂર્ણ

કરી પ્રાતઃકાળ થતાં જ વિખૂટા પડે છે. એવા પ્રવાસીઓને કોઈની સાથે સંબંધ ભાગ્યે જ થાય અને થાય તો તે પણ કેટલો ક્ષણિક ? તેવો આ સંસારનો મેળો છે. કર્મજનિત સંસ્કાર અને પ્રારબ્ધના યોગે જન્મેલા અનેકવિધ જીવો જગતમાં ઋણાનુબંધે ભેળા મળે અને સૌ સૌનો સમય પૂરો થતાં ઊડી જાય અને તેથી જ જીવને જીવ સાથે પણ સંબંધ નથી અને શરીરને શરીર સાથે જણાતો સગપણ કિંવા મૈત્રીનો સંબંધ પણ ક્ષણિક છે, સ્વાર્થ પૂરતો છે. ઋણાનુબંધ પૂરો થતાં એ સંબંધ પણ પૂરો થશે. આગળ કહ્યું તેમ પાણીના પૂરમાં તણાતાં લાકડાંઓ ઘડીક ભેળાં થાય અને ઘડીકમાં જુદા પડે અને સૌ સૌને માર્ગે વહી જાય છે. તેવો આપણો સંસારનો સંબંધ છે, એવો શ્રી અવધૂતે અહીં બોધ આપ્યો છે.

અસત્‌નો ભાવ-અસ્તિત્વ નથી અને સત્‌નો અભાવ-વિનાશ નથી. એ શ્રી ભગવાનભાખ્યા સૂત્રનો આપણે વિચાર કરીને શ્રી અવધૂતભાખી ઉપલી બે પંક્તિઓને જોઈએ તો એક જ સિદ્ધાંત આપણી સમક્ષ મૂર્ત થાય છે. આત્મા નિત્ય છે, સર્જન અનિત્ય છે. નિત્યનો અનિત્ય સાથેનો સંબંધ શક્ય નથી.

જે સંબંધ જણાય છે તે કેવળ ભાસ છે, મૃગજળ જેવો છે. જે ભાસ છે તે વિકાર છે. નિર્વિકાર આત્મા સાથે એ વિકારને કશો જ સંબંધ નથી. છતાંયે અજ્ઞાનના કારણે મનુષ્યો અસત્‌ને સત્‌ માનીને તેમાં મમત્વ કરે છે. એ મમત્વ મોહયુક્ત છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે એ મમત્વ થાય છે તે આત્મા પ્રતિ છે કે દેહ પ્રતિ ?

શ્રી અવધૂત એ પ્રશ્નનો જ ઉત્તર આપતાં કહે છે :

**"રમ્યા કંઈ દિન ભલે ભેગા, બધીએ સ્થૂળની લીલા."**

આગળ આપણે કાષ્ઠનું દૃષ્ટાંત જોયું. બે કાષ્ઠને કોઈ ભેળાં કરવા જતું નથી. બે પંખીને કોઈ ભેળાં બેસાડતા નથી. બે પથિક ભેળા કરવાને કોઈ સાધનાભૂત બનતું નથી. એ જે કાંઈ બને છે તે અનાયાસે જ બની જાય છે. ભારતનો એક પ્રવાસી સમુદ્ર પારના પ્રદેશોમાં અભ્યાસ અર્થે કિંવા વ્યાપાર અર્થે કે ગમે તે હેતુથી જાય. ત્યાંના નિવાસ દરમિયાન કોઈ રમણી સાથે તેને પરિચય થાય અને તે પરિચય લગ્નમાં પરિણમે. કહો એ કેમ બન્યું ? આપણામાં કહેવત છે : "ક્યાં લંકાની લાડી અને ક્યાં ઘોઘાનો વર !" અસંભવિત સંભવિત બન્યું એ આપણે જોતા આવ્યા છીએ. કહો એ કેમ બને છે ? કોણ એ ઘટનાની યોજના કરે છે ? અનાયાસ બનેલી એ કલ્પનાતીત ઘટનાઓનો વિચાર કરીએ ત્યારે જ આપણને પ્રારબ્ધ જેવી કોઈક શક્તિનો સ્વીકાર કર્યા વિના ચાલતું નથી. અને એવા પ્રારબ્ધને લીધે જ હું અને તમે ભેળાં મળ્યાં છીએ એમ કહેવાને કશોય વાંધો નથી. ભેળા મળ્યા, કંઈક દિવસો સાથે વિતાવ્યા એ ખરું, પણ ભેળું કોણ મળ્યું ? શું આત્મા આત્માની સાથે ભેળો મળ્યો ? શું શરીર

શરીર સાથે ભેળું મળ્યું ? ના, આત્મા ભેગો થતો નથી, કારણ કે એ અભિન્ન છે. શરીર ભેળાં થતાં નથી, કારણ કે તે જડ છે. આત્માની ફરતે અહંનું આવરણ છે. એ અહં મોહનો સર્જક છે. એ મોહયુક્ત અહંના કારણે મનને જ્યાં રુચિકર જણાયું ત્યાં તેની સાથે તેણે મૈત્રી જોડી, આમોદ પ્રમોદ કર્યો અને રુચિકર ન જણાતાં તેનાથી વિખૂટા પડ્યા. મનના એ વિલાસને જીવે પોતાનો ગણ્યો અને તેથી જીવ તેમાં મોહિત બન્યો. જીવને તેથી બંધન થયું. શ્રી અવધૂતે

"રમ્યા કંઈ દિન ભલે ભેળા."

એ શબ્દોમાં "કંઈ દિન" એ એક શરત મૂકી છે. એક વખત ભેળા મળેલા કાયમ ભેળા રહેતા નથી. કેટલો સમય ભેળા રહેવાશે તે પણ એ ભેળા મળેલા જાણતા નથી. છતાં ભેળા મળીને અણચિંતવ્યા જ વિખૂટા પડે છે. અને તેથી "કંઈ દિન" કહીને એ સંયોગની મર્યાદા તરફ લક્ષ ખેંચવામાં આવ્યું છે. વસ્તુમાત્રને મર્યાદા છે. અમર્યાદ તો કેવળ પરમતત્ત્વ છે. ભેળા મળ્યા અને લીલા કરી, પણ એ લીલા કોની ? શ્રી અવધૂત કહે છે.

"બધી એ સ્થૂળની લીલા."

આપણે આગળ જોયું તેમ સંસારનો પરિવાર, સંસારનાં સુખદુઃખ, સંસારનો વૈભવવિલાસ, સંસારના ધનભંડાર એ બધુંય ઋણાનુબંધે ભેળું મળે, ભેળું રહે અને પ્રારબ્ધવશાત્ આનંદ કરે ! પણ એ આનંદ કેવળ સ્થૂળનો છે. શરીરનો શરીર સાથેનો એ આનંદ છે. એ ક્ષણિક આનંદથી મન થોડો વખત પ્રફુલ્લિત બને છે એ ખરું છતાંય એ આનંદ ચિરસ્થાયી નથી એવો દરેકનો અનુભવ છે. એ બધીએ લીલા સ્થૂળની છે. સ્થૂળની એ લીલા સાથે આત્માને શો સંબંધ ? વેદ, ઉપનિષદ આદિ ગ્રંથોએ આત્માનાં સ્વરૂપનું સાંકેતિક વર્ણન કર્યું છે. તેમાં આત્માને અસંગ આદિ વિશેષણોથી ઓળખાવ્યો છે. એ આત્માના સ્વરૂપનો નિર્દેશ કરતાં શ્વેતાશ્વતરોપનિષદમાં

एको देवः सर्वभूतेषु गूढः
सर्वव्यापि सर्वभूतान्तरात्मा ।
कर्माध्यक्षः सर्वभूताधिवासः
साक्षी चेता केवलो निर्गुणश्च ॥

"સમસ્ત પ્રાણીઓમાં રહેલો દેવ એક જ છે. તે સર્વવ્યાપક છે. ભૂતમાત્રનો અંતરાત્મા છે. કર્મોનો અધિષ્ઠાતા છે. પ્રાણીમાત્રમાં વસનારો, બધાયનો સાક્ષી, સર્વને ચેતનત્વ પ્રદાન કરનારો, શુદ્ધ અને નિર્ગુણ છે." એ પ્રમાણે કહ્યું છે. એટલે સ્થૂળના સમસ્ત વ્યવહાર સાથે એ સૂક્ષ્મ આત્માને કશો જ સંબંધ નથી. એ કેવળ ચેતનદાતા અને સાક્ષીસ્વરૂપે હોવાથી, એ સ્થૂળની લીલાના પરિણામે જીવભાવયુક્ત પ્રાણીને એ લીલા-વ્યવહારમાં જે શુભાશુભ લાગણી થાય છે, કાર્યના પરિણામે જે સુખદુઃખ આદિ વિકારો

થાય છે, તેની સાથે એ સૂક્ષ્મ આત્માને કશી જ લેવાદેવા નથી અને તેથી લોકદૃષ્ટિએ થોડા દિવસ સાથે રહ્યા હોઈએ તો તે બધું જ શરીરને અનુસરે છે. આત્મા ઉપર તેનાથી કશું પરિણામ થતું નથી. જે ભેગું થાય છે તે છૂટું પડવાને જ સર્જાયેલું છે. જ્યારે જીવનકાળમાં ભેળા મળ્યા છીએ ત્યારે અંતકાળે છૂટા પડવાના જ છીએ અને તેથી સ્થૂળ શરીર દ્વારા જે જે કાર્યો પ્રારબ્ધવશાત્ થવાને નિર્માણ થયાં હોય તે પૂર્ણ થતાં, પ્રારબ્ધ ક્ષીણ થતાં એટલે એ સ્થૂળની લીલા પૂરી થતાં, ભેળાં મળેલાં છૂટાં પડવાનાં જ છે. અને તેથી શ્રી અવધૂત કહે છે :

**પળ્યા પંથે વિવિધ તોયે, બધા છે બ્રહ્મના ચીલા ?**

આપણે આગળ જોયું તેમ આત્મા તો એ લીલાઓનો કેવળ દ્રષ્ટા જ છે. જે માત્ર જોનાર જ છે. તેને તે દૃશ્યમાં શી તન્મયતા ? દૃષ્ટિના એ દૃશ્યમાં જ્યાં સુધી આત્મીયતાનો વિકાર પ્રવેશ કરતો નથી ત્યાં સુધી એ દૃશ્ય દ્રષ્ટાને માટે તો કેવળ નાટકી દેખાવ જ છે. એકમાં અનેકત્વ એ જ સ્થૂળની લીલા છે. એ જ વિકાર છે. અનાત્મમાં આત્મભાવ એ જ એ સ્થૂળની લીલા છે. અનેકમાં એકત્વ એ જ સાચું દૃશ્ય છે. એ જ સાચો આનંદ છે. એમાં જ આત્માની અદ્વૈતભાવના રહેલી છે. માટીને ભૂલીને તેના ઘટમાં અથવા સુવર્ણને ભૂલીને તેના અનેકવિધ અલંકારોમાં રાચવું એ વિકાર છે. દૃષ્ટિભ્રમ છે. પણ એ અનેક ઘાટોમાં માટીને અથવા અનેક અલંકારોમાં કેવળ સુવર્ણને જોવું એ જ સાચી દૃષ્ટિ છે. માટીના અભાવે જેમ ઘટ નથી, સુવર્ણના અભાવે જેમ અલંકાર નથી, તેમ આત્માના અભાવે જગત પણ નથી. છતાંય જેમ ઘટના અભાવે માટી છે અને અલંકારના અભાવે પણ સુવર્ણનું અસ્તિત્વ તો છે જ, તેમ જગતના અભાવે પણ આત્માનું અસ્તિત્વ તો છે જ. અક્ષર પરમતત્ત્વનું તે જ અનાદિત્વ છે. એ અવિકારી અવસ્થા છે અને શાશ્વત આનંદ છે. અને તેથી સ્થૂળની લીલામાં સૂક્ષ્મનો આનંદ આવતો નથી એમ અહીં શ્રી અવધૂતે સૂચવ્યું છે. એના જ અનુસંધાનમાં સ્થૂળનું પરિણામ શું ? સ્થૂળની એ લીલાનો અંત ક્યાં ? એ પ્રશ્નનો જ ઉત્તર જાણે શ્રી અવધૂત આપતા હોય તેમ

**"પળ્યા પંથે વિવિધ તોયે....."**

સ્થૂળની લીલાની સમાપ્તિ પછી એ સ્થૂળ, સ્થૂળમાં મળી જવાનું છે. જે સ્થૂળ પંચ મહાભૂતોમાંથી એ આકારોનું નિર્માણ થયું છે તે જ મહાભૂતમાં એ સ્થૂળ આકાર મળી જવાના છે. અને તેમાં રહેલો જીવ કર્માનુસાર ભિન્નભિન્ન માર્ગે જવાનો છે. પણ એ માર્ગ ભિન્ન હોવા છતાંયે અંતે તો

**"બધા છે બ્રહ્મના ચીલા."**

કેવળ બ્રહ્મના પરમ સ્થાનમાં લઈ જનારા જ એ રસ્તાઓ છે. આ

પંક્તિ થોડો વિચાર માંગી લે છે. સ્થૂળનાં સૂક્ષ્મ સાથે એકતા નથી. સૂક્ષ્મ સાથે એકતા થાય છે. પણ સૂક્ષ્મજીવ જ્યાં સુધી વિકારયુક્ત હોય ત્યાં સુધી વિકારરહિત પરમશુદ્ધ, નિર્વિકાર, સૂક્ષ્માતિસૂક્ષ્મ બ્રહ્મ સાથે તેની એકતા થતી નથી. જ્યાં સુધી આત્માનું અજ્ઞાનજનિત આવરણ દૂર થતું નથી ત્યાં સુધી તે જીવભાવયુક્ત હોવાથી તેની પરમગતિ થતી નથી. અને તેથી તેણે પ્રારબ્ધના ભોગ અર્થે અનેક જન્મો લેવાના જ હોય છે. મહાપ્રલય સમયે પણ જીવભાવયુક્ત આત્મા બ્રહ્મમાં ભલે લીન થાય પણ કર્મના સંસ્કારો સાથે લીન થતો હોવાથી તેને પુનર્જન્મ લેવાનો જ રહે છે. જ્યારે એ અજ્ઞાનનું આવરણ દૂર થાય છે ત્યારે જ આત્મા પોતાના સ્વરૂપમાં લીન થાય છે. તાત્પર્ય એ છે કે બ્રહ્મને પામવાના જે બધા માર્ગો છે તે ભિન્ન ભિન્ન હોવા છતાંય અંતે તો, જેમ જુદી જુદી દિશામાંથી અને જુદા જુદા સ્થળોએથી નીકળતી સરિતા અંતે તો સાગરને જ મળવાની છે તેમ, જીવમાત્ર કાળે કરીને શુદ્ધ બનીને પરમતત્ત્વમાં જ ભળી જવાનો છે.

પરમપદને પામવાનો એક જ માર્ગ નથી, અનેક માર્ગો છે. પણ એ બધા માર્ગો દ્વારા અંતે તો એક જ સ્થાનમાં જવાનું છે. અને બધાયનું જાણે કે અજાણે પણ ગન્તવ્યસ્થાન તો એક જ છે. કોઈ ગાડામાં મુસાફરી કરે, કોઈ ટ્રેઈનમાં મુસાફરી કરે, કોઈને હવાઈ જહાજમાં જવું હોય, કોઈને પગપાળા જવું હોય—એમ મુંબઈ પહોંચવા માટે સાધનો પણ અનેક છે અને માર્ગો પણ અનેક છે. કોઈ એક સાધન વડે એક માર્ગે જાય, કોઈ બીજા સાધન વડે બીજા માર્ગે જાય પણ અંતે જુદા જુદા માર્ગો દ્વારા અને જુદાં જુદાં સાધનો વડે સર્વે પહોંચશે તો એક જ સ્થાનમાં. કોઈ આજે પહોંચશે, કોઈ કાલે પહોંચશે. અને કોઈ વરસ દિવસે પહોંચશે. પરમધામને પામવાને અભિરુચિ અને અધિકારના ભેદને કારણે કર્મ, ઉપાસના, જ્ઞાન, ભક્તિ વગેરે અનેક માર્ગો શાસ્ત્રોએ નક્કી કર્યા છે. તેના તરફ શ્રી અવધૂતે સંકેત કર્યો છે. જેને જે માર્ગ અને સાધન અનુકૂળ આવ્યું તે માર્ગે અને તે સાધન દ્વારા જીવ આવ્યો ત્યાંથી અને જ્યાંથી વિખૂટો પડ્યો ત્યાં જ જઈ તેમાં જ મળવાનો છે એ સત્ય છે. હા, સાધનની શિથિલતા અથવા માર્ગની વિકટતાના કારણે વહેલા મોડા થવાય એ બનવા જોગ છે; અથવા કોઈ અધવચ્ચે અટકી પડે એ બનવા જોગ છે. કોઈ એક જ જન્મે પરમતત્ત્વની પ્રાપ્તિ કરી શકે, કોઈને અનેક જન્મો વીતે, પણ અંતે તો પોતાના સ્થાનમાં તે પહોંચશે એ નિર્વિવાદ છે. શ્રી ચૈતન્ય મહાપ્રભુને એક ભક્તે પ્રશ્ન કર્યો,

"પ્રભો, મારી મુક્તિ ક્યારે થશે ?"

શ્રી ચૈતન્ય મહાપ્રભુએ વિચાર કરી જવાબ આપ્યો : બીજા પચીસ જન્મ જશે પછી તારી મુક્તિ થશે. આટલા ઉપરથી જ તે ભક્તને આનંદનો અતિરેક થયો અને તે નાચવાકૂદવા લાગ્યો. પચીસ જન્મે પણ મુક્તિ

મળશે એ જેવું તેવું સાન્ત્વન નહોતું. તાત્પર્ય એ છે કે કર્મ અને પ્રારબ્ધની શૃંખલામાંથી મુક્ત થયેલો જીવ શિવપદને પામશે એ નિર્વિવાદ છે. પણ એ કર્મ અને પ્રારબ્ધની શૃંખલા ક્યારે છૂટે એ પ્રશ્ન સ્વાભાવિક થાય છે. તેનો જ ઉત્તર આપતાં શ્રી અવધૂત કહે છે :

**"ઉતારી સ્થૂળના વાઘા, મળીશું કો'દિ એકાંતે;**
**હસીશું રાચી અન્યોન્યે, નિહાળી ફૂલ દ્રગ્-દ્વૈતે !!"**

સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એવા ત્રણ દેહ. સ્થૂળદેહમાં રહીને સ્થૂળ સૂક્ષ્મ અને કારણદેહને ચેતનવંતુ બનાવતો આત્મા એ ત્રણે દેહનો કેવળ દ્રષ્ટા અથવા સાક્ષી છે. એ ત્રણે દેહના પાંચ કોશ – અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય. એ પાંચે કોશથી અને સૂક્ષ્મ તથા કારણદેહથી જકડાયેલો જીવ એ આવરણથી છૂટી શકતો નથી. એ દેહીને એ દેહના આવરણને ચીરીને બહાર નીકળવાનો માર્ગ જડતો નથી. અને તેથી આત્મા સ્વયં નિર્વિકાર અને શુદ્ધ હોવા છતાંય આવરણના કારણે વિકારવાન જણાય છે. તેને જ "જીવભાવ" કહેવામાં આવે છે. જેમ રાહુ કે કેતુથી ગ્રસિત સૂર્ય કિંવા ચંદ્ર પોતાનો પ્રકાશ પાડી શકતા નથી અથવા પડતો પ્રકાશ મલિન જણાય છે, તેમ એ આવરણથી વીંટળાયેલા આત્માનો પ્રકાશ પડતો નથી, કિંવા તે પ્રકાશ મલિન બની જાય છે. આ સંસાર આત્માનો નથી પણ એ આવરણયુક્ત આત્મા જેને "જીવ" સંજ્ઞા પ્રાપ્ત થઈ છે તેનો છે. એ જીવ જ્યારે "અહં"નો પોકાર કરતો થાય છે ત્યારે 'મારો સંસાર' કરીને તેમાં લુબ્ધ બને છે. એ જ સ્થૂળના વાઘા છે. અને સ્થૂળના એ અહંજનિત વાઘાને ઉતાર્યા વિના આત્મભાવ અથવા દિગંબર અવસ્થા અથવા આત્માનું સત્યસ્વરૂપ પ્રગટ થતું નથી. એ સ્થૂળના વાઘા જ્યારે ઊતરી જાય ત્યારે જ આત્મા સ્વયંપ્રકાશ, નિરભ્ર આકાશમાં પ્રકાશિત થતા સૂર્ય પેરે પ્રકાશે છે. સ્થૂળના વાઘા ઉતારવા એટલે માયાની ભ્રમણા નિઃશેષ કરવી. જ્યાં સુધી માયા છે ત્યાં સુધી જીવ એ પ્રપંચમાં જ રચીપચી રહેલો હોવાથી સૂક્ષ્મનું દર્શન કરી શકતો નથી. જ્યારે આત્મદર્શનથી ઊજળા બનેલા, દ્વૈતભાવને ભૂલીને અદ્વૈતના આનંદસાગરમાં નખશિખાંત તરબોળ બનેલા, આત્મભાવે એક હોવા છતાં દેહભાવે ભિન્ન જણાતા આત્મદર્શી પુરુષો ભેગા થાય છે ત્યારે શું બને છે ? એવો પ્રસંગ જીવનમાં વિરલ હોય છે. શ્રી અવધૂત કહે છે તેમ

**"મળીશું કો'દિ એકાંતે;"**

અભિન્ન આત્મા અગ્નિના સ્ફુલિંગ પેરે વિરાટ અગ્નિમાં મળીને જેમ એક જ સ્વરૂપ બની જાય છે તેમ, શુદ્ધ આત્મા પરમાત્મામાં ભળી જાય છે. ત્યાં 'હું', 'તું', 'તે'ના ભેદ નથી. એ હું, તું, તે,ની ત્રિપુટીનું ભાન જતું રહે છે. અને જે 'હું' છું તે જ 'તું' છે અને જે 'તું' છે તે જ 'તે' છે એવું ભાન થાય છે. અને અંતે હું, તું અને તે એક જ





છે, એવું સમ્યક્ જ્ઞાન થાય છે. ત્યારે શ્રી અવધૂત કહે છે તેવું 'એકાંત મિલન' થાય છે. અહીં એકાંત શબ્દ અર્થસૂચક છે. એ એકાંત લૌકિક એકાંત નથી. એ આધ્યાત્મિક એકાંતનો ભાવ પણ ઘણો ગૂઢ છે. જે એક જ છે, અદ્વિતીય છે અને જેમાં સર્વનો અંત સમાયેલો છે તે પરમતત્ત્વ તે જ વાસ્તવિક એકાંત છે. અને ઉપર કહ્યા તેવા આત્મદર્શી મહાપુરુષો એવા એકાંતમાં મળે છે. એ ભિન્નભાવે કોઈને જોતા નથી પણ આત્મભાવે સર્વને જુએ છે. શ્રી અવધૂત કહે છે તેમ જ્યારે સ્થૂળના વાઘા ઊતરી જાય છે ત્યારે સર્વનું એકાંતમિલન થાય છે. જેણે સ્થૂળના વાઘા ઉતાર્યા છે, જેને જગત કેવળ ''ભાસ'' માત્ર જ છે અને જે આત્મપ્રકાશ પામ્યા છે, તે જ્યારે ભેળા મળે છે ત્યારે પરસ્પર શું કરે છે તેનો ઝાંખો ખ્યાલ આપતાં શ્રી અવધૂત કહે છે :

"હસીશું રાચી અન્યોન્યે, નિહાળી ફૂલ દગ્-દ્વૈતે."

એ હાસ્ય, એ આનંદ, લૌકિક હાસ્ય કે આનંદ નથી. એ દિવ્ય હાસ્ય છે. એ બ્રહ્મનો આનંદ છે. એવા હાસ્ય અને આનંદમાં એવા અદ્વૈતદર્શી પુરુષો મગ્ન બને છે. જગતનો કોલાહલ તેમને સ્પર્શ કરી શકતો નથી. જગતના કોલાહલમાં રહેવા છતાંય તેમના એ પરમાનંદયુક્ત હાસ્યમાં અંશમાત્ર પણ ક્ષતિ થતી નથી. અને તેથી તેમને સર્વત્ર એકાંત પરમાત્માનાં જ દર્શન થાય છે. દ્વૈતદૃષ્ટિ છે ત્યાં સુધી દોષદૃષ્ટિ છે. પણ દોષ ટળી જતાં એ જ દ્વૈતદૃષ્ટિ માત્ર જોવાની જ દૃષ્ટિ રહે છે. એ દૃષ્ટિમાં રહેલા મનના વિકારોનો સ્થૂળ અભાવ થઈ જતાં દ્વૈતના વિકારો એ આત્મદર્શીને અસર કરી શકતા નથી અને તેથી એ વિકારો તરફ તે કેવળ નિર્વિકાર ભાવે જ જુએ છે. નાટકનું દૃશ્ય આપણે જોઈએ અને જેમ વિકાર ઉત્પન્ન થતો નથી તેમ અદ્વૈતભાવમાં રહેલાઓને જગતનાં સર્વ પ્રકારનાં દૃશ્યોમાં પણ પરમતત્ત્વની લીલાનો જ ભાવ જણાતો-અનુભવાતો હોવાથી તે વિકારમાં પણ તે નિર્વિકાર અવસ્થાનો જ અનુભવ કરે છે. જગતની મૂર્ખતા તરફ એ હસે છે અને તેમાં જ એ રાચે છે.

સ્થૂળના વાઘા ઉતારીને એટલે જે દૃશ્ય જગત છે તેમાં રહેલી દ્વૈતબુદ્ધિનો નિઃશેષ ક્ષય કરીને એકાંતમાં મળવાનું શ્રી અવધૂત કહે છે. એ સ્થૂળના વાઘા એટલે શું તેનો અર્થાવબોધ કરતાં શ્રી અવધૂત કહે છે, ''તત્ત્વ એક જ છે પણ તે નામ, આકાર અને રૂપના કારણે ભિન્ન જણાય છે.'' જે તત્ત્વદર્શી છે તે નામ રૂપ અને આકારમાં રહેલા અવિભક્ત આત્મતત્ત્વને જ જુએ છે. વિકારયુક્ત દૃષ્ટિવાળાને એ નામ, રૂપ અને આકારની ઓથે રહેલા આકાર જ જણાય છે.

જેવી રીતે આંખમાં ફૂલું પડે તેથી દૃષ્ટિ કલુષિત થાય અને દૃશ્યનું નિર્મળ-અવ્યંગ દર્શન થઈ શકે નહિ અને એ ફૂલાનો નાશ થતાં, દૃષ્ટિને પોતાની મૂળ નિર્મળતા પ્રાપ્ત થાય છે અને એ યથાસ્થિતપણે દૃશ્યને જોઈ

શકે છે, તેમ જ જ્યાં સુધી માનસિક દૃષ્ટિમાં દ્વૈતરૂપી ફૂલું કાયમ હોય છે ત્યાં સુધી દૃશ્યની ઓથે રહેલા દ્રષ્ટાનું સમ્યક્ દર્શન થતું નથી. પણ જ્યારે એ દ્વૈત-અજ્ઞાનરૂપી ફૂલું અદ્વૈત-જ્ઞાનાગ્નિથી ઓગળી જાય છે ત્યારે સર્વત્ર રહેલા એ એકાદ્વૈત પરમતત્ત્વનું સમ્યક્ દર્શન કે સાક્ષાત્કાર થાય છે.

"બરફ-ટુકડો વહ્યો જળમાં, જનારાને જુદો ભાસે;
કઠણ મૃદુ-ભેદ દૃષ્ટિમાં, વિચારે ભિન્નતા નાસે."

આત્માની અદ્વૈતતા પુરવાર કરવાને કેટલું સુંદર દૃષ્ટાંત છે ! પાણીના પ્રવાહમાં બરફનો ટુકડો વહી જાય છે. રસ્તે જનારને-ઉપલક દૃષ્ટિવાળાને તે પાણીથી જુદો જણાય છે. તત્ત્વરૂપે જળસ્વરૂપે બંને એક જ છે. બરફ અને વરાળ તેનાં જ વિકૃતસ્વરૂપો છે. જે આત્મદર્શી છે તે બરફમાં અને વરાળમાં કેવળ જળતત્ત્વનાં જ દર્શન કરે છે. ત્યારે પ્રાકૃત મનુષ્ય "આ તો બરફ છે," "આ તો પાણી છે," "આ તો વરાળ છે" એમ કહીને ભેદદૃષ્ટિથી જુએ છે. વરાળ પાણી અને બરફ એક જ પાણીનાં ત્રણ સ્વરૂપો છે. વરાળમાં પણ અપતત્ત્વ ભારોભાર ભરેલું છે, બરફમાં પણ અપતત્ત્વ ભરેલું છે, અને પાણીમાં પણ એ જ અપતત્ત્વ રહેલું છે. અપતત્ત્વ ઉષ્ણતાના કારણે વરાળમાં પરિણામ પામે છે. શીતળતાના કારણે તે ઘન બનીને બરફ કહેવાય છે. જે માણસ જુએ છે તે પ્રવાહી પાણીના ઘન આકારને બરફ કહેશે અને વાયુમાં વહી જતી એ જ જળની સૂક્ષ્મતાને વરાળ કહેશે. પૃથ્વી પર વહેતા અપતત્ત્વને પાણી કહેશે. એ જ પાણીના પ્રવાહમાં પાણીનું જ રૂપાંતર બનેલી ઘન આકૃતિને કોઈ જોશે તો તેને બરફ કહેશે અને પાણીથી ભિન્ન કહેશે કારણ કે તેની દૃષ્ટિમાં ભેદ છે. કોઈ યથાર્થદર્શી પાણીમાં વહેતા બરફને જોશે તો તેને પણ તે પાણી જ કહેશે કારણ કે તેની દૃષ્ટિમાં ભેદ નથી.

બરફ કઠણ છે, પાણી મૃદુ છે. પાષાણ કઠણ છે, રૂ મૃદુ છે. એ રીતે મૃદુતા અને કઠણપણાનો ભેદ જે અનુભવાય છે તે કેવળ મન અને દૃષ્ટિના જ વિકારો છે. એ દૃષ્ટિનો ભેદ જ્યારે તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરીએ છીએ ત્યારે મટી જાય છે. અને તેથી જ શ્રી અવધૂત કહે છે :

"કઠણ-મૃદુ ભેદ દૃષ્ટિમાં, વિચારે ભિન્નતા નાસે."

સુવર્ણ અને અલંકાર, માટી અને ઘટ વગેરેમાં જે દેખીતો ભેદ છે તે કેવળ દૃષ્ટિનો ભેદ છે. અને જ્યારે તત્ત્વદૃષ્ટિએ આપણે વિચાર કરીએ ત્યારે, જેમ તરંગ, સમુદ્ર અને પરપોટા એક જ છે તેમ, બરફ અને પાણી પણ એક જ છે. સુવર્ણ અને અલંકાર, માટી અને ઘટ એક જ છે. એમાં કશો જ ભેદ નથી. એ દ્વૈતભાવ ટાળવા માટે વિચાર આવશ્યક છે અને તેથી જ

"વિચારે ભિન્નતા નાસે"



એવા શબ્દો શ્રી અવધૂતે કહ્યા છે. તત્ત્વનો વિચાર કરીએ તો આત્મા

એક જ છે, અવિભાજ્ય છે અને ભિન્નભિન્ન નામ, રૂપ અને આકારમાં તે એક જ સરખો રહેલો છે, છતાં આપણે ભેદદૃષ્ટિના કારણે એ આત્માને ભિન્નભિન્ન માનીએ છીએ. બરફ, પાણી અને વરાળમાં પણ પાણીતત્ત્વ તો એક જ છે. પણ આકૃતિભેદના કારણે આપણે તેને ભિન્ન માનીએ છીએ. એ ભિન્નતાની ભેદદૃષ્ટિ એ જ અદ્વૈતમાં દ્વૈતબુદ્ધિ છે. અને એ દ્વૈતબુદ્ધિના નિસ્તાર અર્થે જ શાસ્ત્રોએ વિચાર કરવાની યુક્તિની શોધ કરી છે. જે પ્રાણી કે પદાર્થ તરફ આપણી દૃષ્ટિ જાય તે પ્રાણી કે પદાર્થના બાહ્ય સ્વરૂપનું છેદન કરીને તેના તત્ત્વ સ્વરૂપનું જો આપણે નિરીક્ષણ કરીશું તો તમામ પ્રાણી અને પદાર્થમાં જ નહીં પણ સર્જનમાત્રમાં આપણને એક જ આત્મા, જેમ બરફ અને વરાળમાં પાણી ઓતપ્રોત છે તેમ, ઓતપ્રોત અનુભવાશે. અને ત્યારે દ્વૈતમાં આપણી અદ્વૈતબુદ્ધિ થશે. આપણું લક્ષ તત્ત્વ તરફ જતું નથી પણ કેવળ આકાર તરફ જ જાય છે અને તેથી આકારને જોઈને આપણે તેનાં ભિન્નભિન્ન નામો આપીએ છીએ અને તેમાં દ્વૈતબુદ્ધિ ઉત્પન્ન કરીએ છીએ. એ ભેદદૃષ્ટિના નિસ્તાર અર્થે જ ઉપર કહ્યું તેમ તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરતાં શીખવું જરૂરનું છે. આકાશ સર્વત્ર વ્યાપક છે. ઘડામાં પણ આકાશ છે અને ઘડાની બહાર પણ એ જ આકાશ છે. એ ઘટ ભાંગી નાંખીએ તો શું આકાશ ભાંગી જાય છે ? મકાનમાં પણ આકાશ છે અને મકાનની બહાર પણ આકાશ છે. શું મકાન તૂટી પડતાં આકાશ તૂટી પડશે ખરું ? ના, એ આકાશ તો કોઈપણ અવસ્થામાં એક જ સરખું રહેવાનું છે અને અવિચ્છિન્નપણે મહદાકાશમાં મળી જ જવાનું છે. બરફ જોનારને જે જુદો જણાય છે તે ગરમી લાગતાં પીગળી જઈને પાણીમાં મળી પાણી બની જશે. વરાળ જે પાણીથી જુદી જણાય છે તે પણ શીતળતાના સ્પર્શથી પુનઃ પાણી જ બની જશે. તેમ જે જે આત્મા ભિન્ન જણાય છે તે તે આત્મા તેના આવરણનો નાશ થતાં અભિન્નભાવે પરમાત્મામાં મળી જવાના છે. અને તેથી જ શ્રી અવધૂતે આગળ કહ્યું તેમ "સ્થૂળના વાઘા ઉતારીને કોઈ દિ એકાંતે મળીશું ત્યારે બ્રહ્માનંદમાં રાચીશું." સાધક માટે આવા પ્રકારની વિચારપરંપરા આવશ્યક છે એમ શ્રી અવધૂતે અહીં સૂચન કર્યું છે. સમદર્શનનો શ્રી અવધૂતભાખ્યો આ સિદ્ધાંત શાસ્ત્રસંમત છે એ કહેવાની જરૂર નથી. શ્રી ભગવાને પણ અર્જુનને કહ્યું :

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः॥

પંડિતો, વિદ્યાવિનયયુક્ત બ્રાહ્મણમાં, ગાયમાં, હાથીમાં, કૂતરામાં તથા ચાંડાળમાં પણ સમાન દૃષ્ટિવાળા હોય છે. તાત્પર્ય એ છે કે જે પંડિત છે, જેણે બ્રહ્મને જાણ્યું છે તેવા બ્રહ્મવિદ્ પુરુષ ભેદદૃષ્ટિથી પર છે અને બધે જ આત્મદૃષ્ટિવાન હોવાથી આત્માતિરિક્ત કશું જ જોતા નથી. અને તેથી જ તેમની દૃષ્ટિ "वासुदेवः सर्वमिति" થઈ ગયેલી હોવાથી ત્યાં

ભેદબુદ્ધિને સ્થાન નથી.

જ્યારે આવી અભેદ દષ્ટિ થાય છે ત્યારે જગતનો કોલાહલ આપોઆપ શમી જાય છે. જે કાંઈ કોલાહલ છે તે માત્ર ભેદબુદ્ધિનું પરિણામ છે, એ વાત સમજાવતાં આગળ શ્રી અવધૂત કહે છે :




ભા.- ૨

**"પરસ્પર શા બખેડા આ, અહં-ની ગર્જના ઘેલી !"**
**"અહં-ત્વં-થી નિરાળી છે, સનાતન સ્વાત્મની કેડી !"**

આપણે આગળ જોયું કે પરમતત્ત્વ એક જ છે. અવિભાજ્ય અને અખંડ છે. તેમાં ખંડ જેવું કશું જ નથી. એ જ પરમતત્ત્વના ઈક્ષણના પરિણામે પ્રકૃતિ અને તેના પરિણામે આ વિરાટનું સર્જન થયું છે. સર્જનમાં એ પરમતત્ત્વ અણુપરમાણુથી માંડી સર્વત્ર ઓતપ્રોત રહેલું હોવાથી એ પરમતત્ત્વમાં સર્વ સમાયેલું છે. અને સર્વમાં પરમતત્ત્વ સમાયેલું છે. આ અદ્વૈતવાદ છે અને એ જ સાચું જ્ઞાન છે. છતાં શ્રી અવધૂત પૂછે છે :

"પરસ્પર શા બખેડા આ ?"

આજકાલના જ નહીં પણ સર્જનજૂના આ બધાય બખેડા અને ટંટા શા સારુ ? તેનું કારણ પણ શ્રી અવધૂતે આપ્યું છે. અને તે છે

"અહં"ની ગર્જના ઘેલી."

જો અહંકાર ન હોય અને એ અહંકારજનિત "મારું" અને "તારું" ન હોય તો આ બખેડાનો સંભવ નથી. પ્રકૃતિએ "અહં"નું સર્જન કરીને જ જગતને ચગડોળે ચઢાવ્યું છે. એ બખેડા શું છે ? આપણે થોડો વિચાર કરીએ.

'સ્પષ્ટવક્તા સદા સુખી છે.' એવો એક સિદ્ધાંત છે. એ સિદ્ધાંત શ્રી અવધૂતે પોતાના જીવનમાં ઉતાર્યો છે. અને તેથી જ જે સાચું છે તેને તેના સાચા સ્વરૂપમાં કહેતાં શ્રી અવધૂત અચકાતા નથી અને તેથી તે સાચા સુખી છે. અહીં શ્રી અવધૂતે પણ જગતમાં જણાતા અનેકવિધ બખેડાઓને "અહં"ની ગર્જના ગણીને સત્ય વાતનો ઉલ્લેખ કરેલો જણાય છે. જે સાચા અર્થમાં આત્મદર્શી છે, જે સાચા અર્થમાં અભેદદર્શી છે તેને કોઈ પંથ નથી, કોઈ ધર્મ નથી, કોઈ વર્ણ નથી, કોઈ આશ્રમ નથી. અને છતાંય તે બધાય પંથ, ધર્મ, આશ્રમ કે વર્ણથી વેગળો નથી. તે એ બધુંયે હોવા છતાં એ બધાથી પર છે. શ્રી અવધૂતે એક વખત કહ્યું : "મારે કોઈ આશ્રમ નથી. હું બધાય આશ્રમથી પર છું છતાંય બધાય આશ્રમો મારા જ આશ્રમો છે. મારે કોઈ વર્ણ નથી. હું બધીય વર્ણોથી પર છું છતાંય બધીય વર્ણ મારી વર્ણ છે. મને કોઈ ધર્મ નથી. હું ધર્મમાત્રથી પર છું છતાંય બધા ધર્મો મારા જ ધર્મો છે. મારે કોઈ જાતિ નથી. હું બધીય જાતિથી પર છું છતાંય બધી જાતિ મારી છે." શ્રી અવધૂતના આ શબ્દોને દેહ સાથે સંબંધ નથી. આત્મા સાથે સંબંધ છે. એ આત્માની ભાષા છે. આત્માની ભાષામાં "અહં"નો સંપૂર્ણ અભાવ છે. શ્રી ભગવાને

પણ કહ્યું :

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः।
तस्य कर्तारमपि मां विद्धयकर्तारमव्ययम्॥





"ગુણો અને કર્મોના વિભાગ પ્રમાણે મેં ચાર વર્ણો સર્જ્યા છે. તેનો કર્તા એવા મને તું અકર્તા અને અવિકારી જાણ." શ્રી ભગવાને આ પંક્તિઓમાં કર્તા હોવા છતાં અકર્તા અને અવિકારી તરીકે પોતાને વર્ણવ્યા છે. એ આત્માની ભાષા છે. આત્મા ગુણ અને કર્મથી મુક્ત હોવાથી કર્મ કરતો છતાં અકર્તા છે. ગુણ એ વિકાર છે. આત્મા અવિકારી હોવાથી તેનામાં ગુણનો અભાવ છે. અને તેથી આત્મા અવિકારી છે. આ રીતે જ્યારે આપણે શ્રી અવધૂતના આ કથનનો વિચાર કરીએ ત્યારે

**"પરસ્પર શા બખેડા આ અહંની ગર્જના ઘેલી."**

એ પંક્તિનો અર્થ આપણે સ્પષ્ટ સમજી શકીએ.

ભિન્ન ભિન્ન વર્ણ, આશ્રમ, ધર્મ, ભાષા, વેશ, પ્રાંત વગેરેની અહંતાને કારણે જ મનુષ્યોમાં એક પ્રકારની ઘેલછા ઘર કરી બેસે છે. એ ઘેલછા કેવળ અહંકારનું પરિણામ છે. અસલ વાત એ છે કે જ્યાં મૂળ વસ્તુનું એટલે આત્મતત્ત્વનું અજ્ઞાન છે ત્યાં જ એ બખેડાઓ જણાય છે અને પોતાનો પ્રભાવ પાડે છે. જો મતમતાંતરોની અહંતાને તિલાંજલિ આપીને મૂળ તત્ત્વ ઉપર જ ભિન્ન ભિન્ન ધર્મના પ્રતિસ્પર્ધીઓ એકમત થાય તો કોઈ પણ પ્રકારનો ઝઘડો થવાનો સંભવ નથી. વેદો અને ઉપનિષદોએ એક જ સત્ય ગાયું છે અને તે છે : "આત્મા એક જ છે અને તે જ સર્વવ્યાપક છે." જ્યારે "આ જે કાંઈ છે તે બધું જ બ્રહ્મ છે" એવા ઉપનિષદ્‌ના વાક્યમાં અને, આ આત્મા બ્રહ્મ છે, એ સત્યમાં આપણે સંપૂર્ણ વિશ્વાસ મૂકીએ ત્યારે, આત્મા-બ્રહ્મથી અતિરિક્ત કશું જ નથી અને તેથી જે આત્માના સાક્ષાત્કાર અર્થે ભિન્ન ભિન્ન ધર્મો અને પ્રણાલિકાઓની આચાર્યોએ યોજના કરી છે, તે આત્મોપલબ્ધિમાં આ બધા ટંટાફિસાદ શા સારુ થતા હશે તે બુદ્ધિમાં ઊતરી શકતું નથી. તેનો ઉકેલ શ્રી અવધૂતે અહીં કાઢ્યો છે અને તે છે "અહંની ગર્જના." હાથી તો એક જ છે. ચાર અંધ મનુષ્યો ભેગા મળ્યા અને હાથીના જુદા જુદા અવયવોને સ્પર્શ કરીને તેમણે હાથીના બાહ્ય કલેવરનો પરિચય કર્યો. એકે કહ્યું : હાથી સૂપડા જેવો છે, કારણ કે તેણે હાથીના કાનનો સ્પર્શ કર્યો. બીજાએ કહ્યું : હાથી થાંભલા જેવો છે, કારણ કે તેણે હાથીના પગનો સ્પર્શ કર્યો. એકે કહ્યું : હાથી કોઠી જેવો છે, કારણકે તેણે હાથીના પેટનો સ્પર્શ કર્યો. એ જ રીતે હાથી એક જ હોવા છતાં ચાર અંધની ભિન્ન ભિન્ન કલ્પના થઈ અને પોતપોતાની કલ્પના અહંતાપૂર્વક સત્ય ઠરાવવાને એ ચારે અંધજનોમાં પરસ્પર બખેડો થયો. દુન્યવી ઝઘડાઓના સંબંધમાં પણ કાંઈક એવું જ છે. ભિન્નભિન્ન મતવાદીઓએ પોતાનું કહેવું સત્ય છે અને બીજાનું કહેવું

વાસ્તવિક નથી એવી અહંતાપૂર્વક ગર્જના કરી પોતાનું કથન સત્ય ઠરાવવાને અનેકવિધ બુદ્ધિપૂર્વકની યોજનાઓ કરી, તર્કવિતર્ક કરી, કુશળતાપૂર્વક પોતપોતાના વિધવિધ વાડાઓ બાંધી લીધા. આમ ભિન્નભિન્ન મતના માનવીઓએ બંધાયેલા વાડાઓના કારણે પરસ્પર ''હું સાચો, તું ખોટો'' એવી ગર્જના કરવા માંડી અને તેમાંથી જ અનેક ધાર્મિક, સામાજિક, આર્થિક, રાજકીય વગેરે ઝઘડાઓ ઊભા કર્યા. સાધારણ રીતે મનુષ્યમાં અહંતાના કારણે એક એવી ખોટી ટેવ ઘર ઘાલી બેઠી છે કે દરેક મનુષ્ય પોતે જે કહે છે તે જ ખરું અને બીજાઓ કહે છે તે વાજબી નથી, એવો દુરાગ્રહ રાખીને પોતાનો ''કક્કો'' ખરો કરાવવાની આ અહંતા છે. એ અહંતાના કારણે જ આ બધો જગતનો કોલાહલ પણ સૌને આવરી રહ્યો છે. જો એમાંથી ''હું કહું તે જ ખરું'' એવો દુરાગ્રહ જતો રહે ને બીજાની દૃષ્ટિમાં પણ સત્યની શક્યતા હોઈ શકે એવી સર્વ પ્રત્યે સહાનુભૂતિની દૃષ્ટિ કેળવાય ને વૃત્તિ જાગે તો એ બધાય ઝઘડાનો એક જ ક્ષણમાં અંત આવી જાય. ઘઉંનો આટો તો એક જ છે. તેને અનેક રીતે કેળવીને કુશળ પાકશાસ્ત્રીઓ અનેકવિધ પકવાન્નો બનાવે છે, તે જેમ મૂળ વસ્તુ ઘઉંથી ભિન્ન નથી પણ માત્ર કેળવણીના પરિણામે જુદા દેખાય છે, તેમ મૂળ તત્ત્વ એક જ છે. તેને કલ્પનાની સરાણ પર ચઢાવીને ભિન્ન ભિન્નરૂપે તેનું જ પ્રદર્શન કરવામાં આવ્યું છે. જે સારગ્રાહી બુદ્ધિવાન છે તે એ બાહ્યસ્વરૂપને એટલે દ્વૈતને જોવાનું છોડી દઈ તેના મૂળ સ્વરૂપ તરફ જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે અને તેટલે અંશે તે નિરભિમાની છે. અને તેથી જ ઉપર કહ્યું તેમ સાચો આત્મદર્શી એ બધાય બખેડાઓથી પર છે. એ અભિમાનના જે ઝઘડાઓ છે તે ''હું'' અને ''તું''ના ઝઘડાઓ છે. અને એ બન્ને સર્વનામોથી ''તે'' નિરાળો છે. જે સાચો યોગી છે, જે સાચો સંન્યાસી છે તે પ્રાણીમાત્રનાં નામ, રૂપ અને આકારને જોતો નથી પણ એ નામ, રૂપ અને આકારમાં રહેલા નિરાકાર આત્માને જુએ છે અને તેથી તે સદા પરમતત્ત્વમાં જ સ્થિર રહે છે. તેને મન ''હું'' નથી, ''તું'' નથી અને જે છે તે કેવળ ''તે'' છે અને તે ''તે'' પોતે જ છે. અને તે પોતે જ સર્વમાં વ્યાપક હોવાથી પોતાનાથી કશું જ ભિન્ન નથી એવી તેની સમ્યક્ દૃષ્ટિ થયેલી હોવાથી, તેને બધે અભેદ જ જણાય છે. એટલું જ નહીં પણ બાહ્ય દૃષ્ટિએ જણાતી ભિન્નતા પણ એ અભિન્નની જ કેવળ લીલા જણાય છે. જે પ્રાકૃત છે તે એ લીલામાં ફસાય છે અને જે આત્મદર્શી છે તેને એ લીલા લલચાવી શકતી નથી. અને તેથી એ ''અહં''ની ગર્જનાનો અંત લાવવો હોય તો શ્રી ભગવાને કહ્યું તેમ સર્વમાં પોતાને અને પોતાનામાં સર્વને જોવાની જરૂર છે. એમ થશે તો 'અહં' અને 'त्वं'નું અસ્તિત્વ પણ નિર્મૂળ થઈ જશે. કારણ કે એ પરમતત્ત્વ ''અહં'' અને ''त्वं''થી નિરાળું છે.

"હું" પ્રત્યક્ષ છે. "ત્વં" પ્રત્યક્ષ છે. "તે" એટલે પરમતત્ત્વ પરોક્ષ છે. "હું" કહેનાર જ્યાં સુધી અહંકારની જાળમાં જકડાયેલો છે ત્યાં સુધી તે "તું"ને જુએ છે. દ્વૈતદૃષ્ટિ એ અહંકારનું પરિણામ છે. અહંકાર ઓગળી જાય એટલે 'હું'કાર પણ લુપ્ત થઈ જાય. 'હું'કાર જાય ત્યારે દ્વૈતદૃષ્ટિના અભાવે 'ત્વં' કિંવા 'તું' રહેતું નથી. એટલે 'અહં' અને 'ત્વં'નું એક જ સ્વરૂપ રહે છે. એટલે અહંને ત્વંમાં ઓગાળી દઈને પછી એ ઉભય, 'તત્' એટલે 'તે'ની શોધમાં નીકળે છે. 'તે'ની શોધ માટેનો જે માર્ગ છે તે જ્યાં સુધી અહંકાર અને ત્વંકાર છે ત્યાં સુધી સૂઝતો નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું:

**"અહં-ત્વંથી નિરાળી છે સનાતન સ્વાત્મની કેડી."**

"સ્વાત્મ"ને શોધવાની જે કેડી છે તે 'અહં' અને 'ત્વં'થી નિરાળી છે. એ કેડી સનાતન છે. જ્યારે 'અહં' અને 'ત્વં'ની કેડી છે તે પ્રાકૃત છે. અહંકાર વિનાનો સાધક જ્યાં જ્યાં તેની દૃષ્ટિ કરે ત્યાં ત્યાં પરમાત્માનું જ સ્વરૂપ જુએ છે. એટલે જેને અહંકારવૃત્તિ વડે તે પોતાનાથી ભિન્ન 'તું' કહેતો હતો તે પણ તેની નજરમાં પરમાત્માનું સ્વરૂપ જ જણાય છે. હવે રહે છે 'હું' અને 'તે'નો ભેદ. 'હું'નો લય 'તું'માં થવાથી 'તે'નો ભેદ આપોઆપ જ ઊકલી જાય છે. तत्त्वमसि એ વેદવાક્યનો જ્યારે સાધક આશ્રય લે છે ત્યારે તેને એ 'તે' પણ પોતાનામાં જ જણાય છે. પોતે જ 'તે' છે એવી પ્રતીતિ થાય છે. અને ત્યારે તે "अहंब्रह्मास्मि"ની ગર્જના કરતો થાય છે. આમ હું, તું અને તેની ત્રિવેણીનો મેળ સધાય એટલે પછી હું અને તું જતાં રહે અને કેવળ 'તે'નું જ અસ્તિત્વ, 'તે'ની જ સત્તા અને સ્ફૂર્તિનો જ પરિચય થવા માંડે અને ત્યારે "अहंब्रह्मास्मि"ની ગર્જના પણ નિરર્થક થઈ જાય અને પછી "अयमात्मा ब्रह्म" એવો એક અનુભવ નિરભિમાન અવસ્થામાં જાગ્રત રહે. જ્યારે આ આત્મા બ્રહ્મ છે એવી પ્રતીતિ થાય ત્યારે આત્મા ક્યાં નથી? એ પ્રશ્ન પણ ઉપસ્થિત થાય. પરિણામે જ્યારે આત્માથી ભિન્ન કોઈ પણ સત્તાનું અસ્તિત્વ જ જણાતું નથી ત્યારે જ્યાં ત્યાં બધે જ આત્મા વિલસે છે. જે કાંઈ છે તે કેવળ આત્માનો જ વિલાસ છે, આત્માથી અતિરિક્ત કશું જ નથી અને તે આત્મા તે હું જ છું, એવો અનુભવ થાય છે. ત્યારે પરમતત્ત્વ સાથે અભિન્ન બનેલો એ સાધક પરમાનંદમાં મગ્ન બનીને મૂંગો બની જાય છે.

એ જ સાક્ષાત્કાર છે, એ જ આત્મદર્શન છે, અને એ જ મુક્તિ છે. જે કહો તે એ જ છે. શ્રી અવધૂત પણ આ પંક્તિઓમાં આ જ વાતનો સંકેત કરે છે. 'સનાતન સ્વાત્મની કેડી' આ જ છે. 'હું' અને 'તું' ને 'તે'માં ઓગાળી દઈ પોતે 'તે' સ્વરૂપ બની જવાથી જગતના દ્વૈતના ઝઘડાઓ ટળી જાય છે અને સનાતન સ્વાત્મનો પાર પણ પામી

શકાય છે. શ્રી અવધૂતની નાની સરખી વાતમાં કેટલું ગૂઢ રહસ્ય રહેલું છે તે હવે સમજી શકાશે. સંતોની વાણીનું એ જ મહત્ત્વ છે. ટૂંકી પણ અનુભવસિદ્ધ વાણી શ્રોતાના અંતરમાં આરપાર પેસીને ધારેલું પરિણામ આણે છે. જેમ રામનું બાણ લક્ષ્યને વીંધ્યા વિના પાછું ફરતું નથી તેમ સંતની વાણી શ્રોતાના અંતરને વીંધ્યા વિના પાછી ફરતી નથી. 'હું' અને 'તું'ની વચ્ચે રહેલી અહંકારની એ સૂક્ષ્માતિસૂક્ષ્મ દીવાલને ભેદો એટલે 'હું' અને 'તું' ભેગાં મળશે. જીવ અને શિવની વચ્ચે રહેલું માયાનું સૂક્ષ્માતિસૂક્ષ્મ આવરણ ભેદો એટલે જીવ અને શિવ ભેળાં મળી જશે. અને પછી દ્વૈત ટળતાં પરમતત્ત્વની સ્વાત્મની કેડી આપોઆપ જ નજરે પડશે. અંધકાર જશે પ્રકાશ થતાં. પ્રકાશને પચાવનાર કદી અંધકારમાં પણ અંધકારનો ભોગ બનતો નથી. જ્ઞાનદીપક પ્રગટ્યા પછી તે બૂઝાતો જ નથી. અહંકાર જે કેવળ અજ્ઞાનજનિત અંધકારરૂપ છે તેનો નિસ્તાર કરો જ્ઞાનદીપ પ્રગટાવવાની જરૂર નથી. જ્ઞાનદીપ તો સૂર્ય જેવો છે. તે સદા પ્રગટેલો જ છે. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત સનાતન સ્વાત્મની કેડીમાં અહંકાર અંતરાયરૂપ શા કારણે છે તેનું સ્પષ્ટીકરણ કરતાં કહે છે :

**'બધા મન-દૃષ્ટિના વાંધા અનન્તે સાન્તતા ન્હોયે;'**
**દિસે તે ના તથા અંતે, ન તત્વે ખંડ ક્ષણ હોયે.'**

શ્રી અવધૂતે કહ્યું, જગતનો પ્રપંચમાત્ર દૃષ્ટિ અને મનનું જ સર્જન છે. મન અને દૃષ્ટિના અભાવે પ્રપંચ નથી અને પ્રાપંચિક વાંધાઓ પણ નથી. 'દૃષ્ટિ'ના બે અર્થ. એક તો જોવાની શક્તિ અને બીજી 'વિચારસરણી.' એકનો સંબંધ નેત્ર સાથે છે, બીજાનો સંબંધ અંતઃકરણ સાથે છે. વસ્તુતઃ જેવી વિચારસરણી તેવી જ દૃશ્યની મન પર અસર. વિચારસરણી મુખ્યત્વે ગુણને આભારી છે. એ ઉભય, જોવાની અને વિચારસરણીમાં મન તો પરોવાયેલું જ છે. મન વિના દૃશ્ય પણ નથી અને મન વિના વિચાર પણ નથી. મન વગર જોઈ પણ શકાતું નથી અને મન વિના વિચાર પણ કરી શકાતો નથી. અર્થાત્ દૃશ્યનું દર્શન અને દૃશ્યનો કે અદૃશ્યનો વિચાર મન વિના અસંભવિત છે. જોવામાં શું કે વિચાર કરવામાં શું, જ્યાં સુધી તદાકારવૃત્તિ થતી નથી ત્યાં સુધી તે દૃશ્યનું કિંવા વિચારનું અંતઃકરણ ઉપર કાંઈ પણ પરિણામ થતું નથી. અને દૃશ્ય કિંવા વિચારના સંસ્કારો અંતઃકરણ પર સ્થાયી થતા નથી. મન વિના એ તદાકારવૃત્તિ સંભવિત નથી. એટલે મન અને દૃષ્ટિ એ જ આ જગતરૂપી ઊહાપોહનું મુખ્ય કારણ છે.

સમુદ્ર જેમ તરંગમાળાનો અખૂટ ભંડાર છે તેમ મન પણ સંકલ્પનો અખૂટ ભંડાર છે. ''મનઃકર્મમયમ્'' કહીને શ્રી ભગવાને મનને ''કર્મ સંસ્કારપુંજ'' એવી પણ સંજ્ઞા આપી છે. કર્મનો જન્મ પણ સંકલ્પમાંથી

જ થાય છે. એટલે કર્મથી બંધાયેલાં પ્રારબ્ધનાં પરિણામ પ્રાપ્ત થતાં કર્મના ભોગનો પુંજ પણ મન જ છે. શ્રી અવધૂતે પણ ક્યાંક કહ્યું છે :

"મન બાંધે મન છોડવે, રચ્યું મને આ સર્વ;
'નાનાનેહ' કથે શ્રુતિ એક અનેકે શર્વ."

એકમાં અનેકત્વની ભાવના એ પણ મનનું જ કરતૂક છે. મન નિર્મળ તો નથી જ. મન સ્વતંત્ર પણ નથી. મન તો કર્મના પ્રારબ્ધને વશ છે અને બુદ્ધિ પણ કર્મને જ અનુસરનારી હોવાથી જે જે સંકલ્પો થાય છે તે પણ કર્માનુસારિણી બુદ્ધિ પ્રમાણે જ થાય છે. એટલે મન મર્યાદિત છે અને પરતંત્ર પણ છે. અને તેથી જ તેની ચંચળતા પણ છે. જે અસીમ છે, સ્વતંત્ર છે, તે નિશ્ચળ છે. અને તેવું તો માત્ર આત્મતત્ત્વ જ છે એમ કહેવામાં જરાય શંકા નથી. જીવને જગતમાં અને જાગતિક પ્રપંચમાં જે અહંતા, મમતા અને તેના પરિણામે થતા હર્ષ કિંવા આનંદનો અનુભવ થાય છે તે પણ મનના કારણે જ થાય છે. મનની મર્યાદા આ જગત પૂરતી, આ જગતના વિષયો પૂરતી અને તેમાં રહેલી આસક્તિ પૂરતી જ છે. એ જ મનની ક્ષિતિજ. એ ક્ષિતિજ એટલે જ પ્રારબ્ધ. પ્રારબ્ધાનુરૂપ તે જ વસ્તુઓ મનની દૃષ્ટિ આગળ હંમેશાં તરવરતી હોવાથી તેની પહોંચ એ વિષયોથી પર જઈ શકતી નથી. અને તેથી જ પરમ તત્ત્વ એ મનનો વિષય નથી. મનથી તેનું યથાર્થ મનન થઈ શકતું નથી એવું ઉપનિષદકારે ગાયું છે. જે વસ્તુ નજર આગળ ન હોય તે વસ્તુનો વિચાર કરવાનું પણ બની શકતું નથી અને તેથી મન પરમતત્ત્વનો વિચાર કરી શકતું નથી. મનનો દૃષ્ટિકોણ બદલાય, મનની વિચારસરણીનું જો પરિવર્તન થાય તો મન અને દૃષ્ટિના બધાય વાંધાઓ ટળી જાય એ શક્ય છે. દૃષ્ટિ મનને આધીન હોવાથી શાસ્ત્રકારોએ મૂળ મનને મારવાનું જ કહ્યું છે. અને તેથી અવધૂતે પણ અન્યત્ર કહ્યું છે :

"મનને મારી રે, જે મરે, ફરી ફરી મરવું જાય,
એ વિણ મુક્તિ રે ના મળે, છો કરે કોટિ ઉપાય."

અને તેથી જ શ્રી ભગવાને પણ અર્જુનને

संकल्पप्रभवान्कामांस्त्यक्त्वा सर्वानशेषतः।
मनसैवेन्द्रियग्रामं विनियम्य समन्ततः॥
शनैः शनैरुपरमेद्बुद्ध्या धृतिगृहीतया।
आत्मसंस्थं मनः कृत्वा न किञ्चिदपिचिन्तयेत्॥

"સંકલ્પથી ઉત્પન્ન થયેલી સર્વ કામનાઓને સંપૂર્ણપણે ત્યજી મન વડે જ ઇંદ્રિયોના સમૂહને સર્વ તરફથી વશ કરી, ધીરજથી વશ કરેલી બુદ્ધિ વડે ધીમેધીમે વિષયોથી અટકવું અને મનને આત્મામાં સારી રીતે સ્થિર કરી કંઈ પણ ચિંતન કરવું નહીં." એ રીતે મન અને દૃષ્ટિના બધા વાંધાઓમાંથી મુક્ત થવાનો સચોટ ઉપાય બતાવ્યો છે. એ રીતે

જ્યારે મન પ્રશાંત થાય છે ત્યારે રજોગુણ પણ શાંત થાય છે. અને ત્યારે મન આત્મતત્ત્વમાં પ્રવેશ કરે છે.

આપણે આગળ જોયું તેમ, પ્રપંચમાત્ર ગુણમૂલક છે. જેનામાં સત્ત્વ પ્રધાન છે-તે સાધુપુરુષની દૃષ્ટિ અને વિચાર પણ સાધુ છે. જેનામાં રજસ્ પ્રધાન છે તેની દૃષ્ટિ અને વિચાર પણ રાજસી છે અને જેનામાં તમસ્ પ્રધાન છે તેની દૃષ્ટિ અને વિચાર પણ તામસી છે. અને તેથી મન અને દૃષ્ટિના વિકારોથી મુક્ત થવા માટે ગુણોની પકડમાંથી મુક્ત થવાની જરૂર છે. રજોગુણ દ્વારા તમસ્‌ને, સત્ત્વગુણ દ્વારા રજસ્‌ને અને તમસ્‌ને દબાવીને પછી સત્ત્વગુણની પકડમાંથી પણ જે છટકે છે તે જ સાચો સુખી છે. તે જ પરમતત્ત્વને પામે છે.






આપણે આગળ જોયું તેમ મન મર્યાદિત છે. પરમતત્ત્વ અનંત છે. તેથી એ અન્તવાન મનનું ગજું એ પરમતત્ત્વને પામવાનું નથી. જગત અંતવાન છે, ક્ષર છે. પરમતત્ત્વ અનન્ત અને અક્ષર છે. એટલે જગતને જોનારો જગતમાં ઓતપ્રોત રહેલા જગતના અધિષ્ઠાન પરમાત્માને જોવાને શક્તિમાન નથી. જ્યાં સુધી સાન્ત જગત તેની નજર આગળ અથવા વિચારમાં રમ્યા કરે છે ત્યાં સુધી તે જગતનો વિચાર છોડીને જગતના અધિષ્ઠાનરૂપ પરમાત્માનો વિચાર કરી શકતો નથી. અનંતનો અંત નથી. અનંતને પામવા પહેલાં અંતનો અંત આણવો ઘટે. જ્યારે અંતનો અંત આવે ત્યારે તેને અનન્તને શોધવાની જિજ્ઞાસા થાય. પણ જ્યારે અંતનો અંત આવે ત્યારે તેને અનંતને શોધવાની પણ જરૂર નથી. અનંત તો સ્વયં છે જ. દૃષ્ટિમાંથી એટલે બ્રાહ્ય દૃષ્ટિમાંથી અને અંતર દૃષ્ટિમાંથી એટલે વિચારસરણીમાંથી જગતને તિલાંજલિ આપો અને પછી જુઓ ત્યાં જ તમારો અનંત ઊભો છે. અરે, તમે જ તમને અનંતરૂપે જણાશો. એ અનંત તમારાથી દૂર નથી.. એ તો ઊભો છે હાથ પસારી તમને તેની બાથમાં લેવા! તમને ભેટવા તો તે ઉત્સુક છે! તમારો ઉદ્ધાર કરનાર, તમને પોતાનામાં સમાવી દેનાર અને હું અને તું નો ભેદ ટાળનાર એ અનંત ક્યાં શોધવો પડે એમ છે? જગતનો વિચાર કરવાની દૃષ્ટિ, જગતને જોવાની દૃષ્ટિ જ્યારે સૃષ્ટિની ઉપેક્ષા કરતી થાય અને એ સૃષ્ટિમાં રહેલા અનંતની જ અપેક્ષા કરતી થાય ત્યારે જ તમારો પત્તો લાગે એમ છે. એ પરિણામ લાવવામાં વિઘાતક કેવળ મન અને દૃષ્ટિ છે. એ મન અને દૃષ્ટિનો દૃષ્ટિભેદ ટાળીને એ તરફ અંધના જેવી ઉપેક્ષા સેવીને આગળ વધો, એટલે એ જગતના અને મનના અંધકાર-પાર્થિવથીયે પર અંધકારમાંથી જ તમને પરમતત્ત્વનો પરમપ્રકાશ-જ્યાં સૂર્ય અને ચંદ્રના પ્રકાશ પણ ઝંખવાણા બને છે તે પ્રકાશ પ્રાપ્ત થશે. તમે પ્રકાશને પામીને પ્રકાશમય બની જશો. ના, પ્રકાશ જ બની જશો. પણ એ ક્યારે થાય? 

સાન્ત કોણ? જેનો અંત છે તે. અંત કોનો? જે જન્મે છે તેનો.

જન્મ કોનો? આત્માનો કે શરીરનો? આત્મા અજન્મા છે. જીવ એ આત્મા જ છે. તેનામાં અહંતાનો વિકાર આરોપિત થયેલો હોવાથી જીવ ભાવયુક્ત છે. જેમ આત્મા અજન્મા છે તેમ જીવ પણ અજન્મા છે. એટલે આત્માનો જન્મ નથી. જન્મે છે તે શરીર, અને મરે છે તે પણ શરીર. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः
अनाशिनोऽप्रमेयस्य.......

"નિત્ય, અવિનાશી અને અપ્રમેય શરીરધારી (આત્મા)નાં આ શરીરો નાશવંત છે." અને એની સાથે જ આત્માની નિત્યતાનું વિવેચન કરતાં શ્રી ભગવાને કહ્યું:

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे॥

"આ આત્મા કદી જન્મતો કે મરતો નથી. અથવા પ્રથમ ઉત્પન્ન થઈને પછી હોનાર હોય એમ પણ નથી. આ અજન્મા, નિત્ય, સનાતન અને પુરાતન છે. તેથી આત્મા શરીર મરાય છતાં મરાતો નથી." આમ એ આત્મા અજન્મા છે અને અમર છે. શરીર જન્મધર્મા છે અને તેથી મરણધર્મા છે અને તેથી સાન્ત છે. સાન્ત શરીર એટલું શું? મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, ઈન્દ્રિયો એ સૂક્ષ્મશરીર. પંચભૂતાત્મક સ્થૂળશરીર અને કારણશરીર. એનો શરીર સંજ્ઞામાં સમાવેશ થાય છે. એ સંજ્ઞાયુક્ત શરીર મરણધર્મા છે. શ્રી અવધૂતે પણ કહ્યું છે:

स्थूलं मृषा मृषा सूक्ष्मं मृषा कारणमेव च।
तत्परं च परं ब्रह्म कार्यकारणवर्जितम्॥

"સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહ મૃષા છે, તેનાથી જે કાર્યકારણવર્જિત પરબ્રહ્મ છે તે જ સત્ય છે."

આ રીતે આપણે સાન્ત અને અનંતનો વિચાર કર્યો. એ રીતે શ્રી અવધૂતે કહ્યું તેમ અનંતનો પાર પામવાને એ સાન્ત સમર્થ નથી. એવો જે અનંત છે તેમાં કોઈ દિવસ પણ સાન્તતા આવતી નથી.

શ્રી અવધૂતે આગળ કહ્યું:

**"દીસે તે ના તથા અંતે, ન તત્ત્વે ખંડ ક્ષણ હોયે!"**

આ જે જણાય છે તે અનંત નથી. છતાં એ જે દૃશ્ય છે તે એ અનંતથી ભિન્ન પણ નથી. કારણકે અનંતની શક્તિ વડે જ એ સાન્ત દૃશ્યજગત અને સાન્ત શરીર શક્તિશાળી છે. આજે તો જે જણાય છે તે સત્ય છે એવી ભૂલભરેલી માન્યતાને મોખરે રાખીને જ આપણે જીવન વિતાવીએ છીએ અને તેથી જ આપણે પરમતત્ત્વના પ્રશાંત સ્વરૂપને પામવાને બદલે સાન્ત જગતની અશાંતિનો અનુભવ કરી રહ્યા છીએ. એ જણાય છે તે પરમતત્ત્વ નથી એવો જ્યારે અનુભવ થાય ત્યારે જે

જણાય છે તેનું ત્રણે કાળમાં અસ્તિત્વ નહોતું એવી આપણને પ્રતીતિ થાય. જે નથી તેનો આદિ પણ નથી, અંત પણ નથી અને મધ્ય પણ નથી એવી જ્યારે આપણી અનુભવસિદ્ધ પ્રતીતિ થાય ત્યારે જે જણાય છે તેના કરતાં પરમતત્ત્વ કાંઈક વિલક્ષણ છે એવું આપણે માનવું પડે. અને તેથી જ શ્રી ભગવાને ઉદ્ધવને કહ્યું :

न यत् पुरस्तादुत यन्न पश्चा-
न्मध्येच तन्न व्यपदेशमात्रम्।
भूत प्रसिद्धं च परेण यद् यत्
तदेव तत् स्यादिति मे मनीषा॥

"ઉત્પત્તિ પહેલાં જે નહોતું અને પ્રલયની પછી પણ જે રહેવાનું નથી તે વચમાં પણ નથી એમ સમજવું જોઈએ. એ કેવળ કલ્પના-નામમાત્ર જ છે. જે પદાર્થ જેનાથી બને છે અને જેના વડે પ્રકાશિત થાય છે તે જ તેનું વાસ્તવિક સ્વરૂપ છે એમ સમજવું જોઈએ. તે જ તેની પરમાર્થ સત્તા છે એવો મારો દૃઢ નિશ્ચય છે." શ્રી ભગવાનનાં આ વચન અનુસાર જગત નથી, જે જણાય છે તે કેવળ કલ્પના છે અને તેથી તેનું અસ્તિત્વ પણ માત્ર કલ્પનામાં જ છે. આ રીતે આપણે વિચાર કરીએ તો જે જણાય છે તે નથી એવું શ્રી અવધૂતનું વચન શાસ્ત્રસંમત છે એમ કહેવામાં શી હાનિ? '

પણ એ વાત સહેજે ગળે ઊતરે એવી નથી. શ્રી ભગવાન એનો પણ ઉપાય આપણને બતાવે છે. શ્રી ભગવાને ઉદ્ધવને કહ્યું:

अविद्यमानोऽप्यवभासते यो
वैकारिको राजससर्ग एषः।
ब्रह्म स्वयंज्योतिरतो विभाति
ब्रह्मेन्द्रियार्थात्मविकारचित्रम्॥

"આ જે રાજસ્ સૃષ્ટિ છે તે વિકારમયી છે. તે નથી છતાં જણાય છે. તે સ્વયંપ્રકાશ બ્રહ્મ છે. તેથી ઇન્દ્રિયો, વિષય, મન અને પંચભૂત વગેરે જેટલાં ચિત્રવિચિત્ર નામરૂપ છે તે તમામ રૂપમાં બ્રહ્મ જ પ્રતીત થાય છે."

આપણી દ્વૈતદૃષ્ટિ છે. આપણે જગતને બ્રહ્મથી ભિન્ન જોતાં શીખ્યા છીએ. અને તેથી બ્રહ્મ અને જગત એવી આપણી ભેદદૃષ્ટિ છે. એ ભેદદૃષ્ટિના નિસ્તાર અર્થે શ્રી ભગવાનભાખી આ ચાવી છે. જગતને ભલે જુઓ પણ બ્રહ્મથી ભિન્ન જગતરૂપે નહીં પણ બ્રહ્મરૂપે જ જુઓ. મન, બુદ્ધિ, ઇન્દ્રિયો, વિષયો આદિ જે કાંઈ જણાય છે તેને બ્રહ્મથી પૃથક્ અનુભવવાને બદલે બ્રહ્મરૂપે જ અનુભવો તો બ્રહ્મ અને જગતનો એ રાજસ્ અને વિકારયુક્ત ભેદ ટળી જશે. અને ત્યારે શ્રી ભગવાને કહ્યું તેમ સર્વ બ્રહ્મસ્વરૂપ જ ભાસશે અને ત્યારે તમે પણ બ્રહ્મ જ બની જશો






અને તમારી શંકાનું પણ નિવારણ થશે.

પણ એ ક્યારે બને? તમે જ્યારે અંધ બનો ત્યારે. આંખ વિનાના થઈને જુઓ ત્યારે. જોતાં શીખો ત્યારે. અને તે ક્યારે બની શકે? આંખમાં જ્યારે રાજસ્ વિકારનો પ્રવેશ ન થાય ત્યારે, આંખની શક્તિ પર મન પોતાનું આધિપત્ય ચલાવતું થંભી જાય ત્યારે મન જ્યારે વિચારો ઉપરનો પોતાનો કાબૂ ઉઠાવી લે ત્યારે. અને સત્તાનો મોહ કોને નથી? જ્યાં સુધી પ્રબળ શત્રુઓ આવીને નિર્બળને મારી હઠાવે નહીં ત્યાં સુધી એક નાનામાં નાનું પ્રાણી પણ પોતાની સત્તા ઉપર ઝઝૂમે છે. તેની એ મર્યાદા ઉપર વિજય પ્રાપ્ત કરવાને જ્યાં સુધી મનના કરતાં વધારે બળવાન, વધારે દૃઢ અને વધારે પ્રમાથિ તત્ત્વની શક્તિ તમે સંપાદન ન કરો ત્યાં સુધી એ મન તમને જંપીને બેસવા નહીં દે. અને ત્યાં સુધી ભગવાનભાખી બ્રહ્મદૃષ્ટિ તમને પ્રાપ્ત નહીં થાય અને તમને જે કાંઈ જણાય છે તે બ્રહ્મ છે એવું નહીં જણાય. અને તેથી મનની એ શક્તિને નિર્મૂળ કરવાને પણ શ્રી ભગવાને સુંદર ઉપાયની યોજના કરી છે. શ્રી ભગવાને ઉદ્ધવને કહ્યું : "શ્રવણ, મનન અને નિદિધ્યાસન સાથે સ્વાનુભૂતિ એ બ્રહ્મવિચારનાં-બ્રહ્મદૃષ્ટિ પ્રાપ્ત કરવાનાં સાધનો છે. તેમાં પણ આત્મજ્ઞાની ગુરુદેવની સહાયતાની જરૂર છે. તેમની સહાયતાથી વિચાર કરીને દેહાદિ અનાત્મ પદાર્થોનો નિષેધ કરવાથી અને આત્મવિષયક સંદેહોને છિન્નભિન્ન કરીને આનંદસ્વરૂપ આત્મામાં જ મગ્ન બનીને, સર્વપ્રકારની વિષય વાસનાઓથી મુક્ત થઈ જવાય છે."

ઉપર કહ્યું તેમ અનાત્મ પદાર્થોનો નિષેધ કરીને જ બ્રહ્મપદાર્થની પ્રાપ્તિ કરવાની હોવાથી એ અનાત્મ પદાર્થોનો નિષેધ કરવાની પ્રણાલિકાનો પણ શ્રી ભગવાને ઉલ્લેખ કર્યો છે અને તે છે :

"શરીર પૃથ્વીનો વિકાર હોવાથી આત્મા નથી. ઇન્દ્રિયો અને તેના અધિષ્ઠાતા દેવતાઓ પણ આત્મા નથી. એનું ધારણ-પોષણ, જેમ શરીરનું ધારણ-પોષણ અન્નથી થાય છે તેમ, અન્નથી જ થાય છે. બુદ્ધિ, ચિત્ત, અહંકાર, આકાશ, પૃથ્વી, શબ્દાદિ વિષયો અને ગુણોની સામ્યાવસ્થારૂપ પ્રકૃતિ પણ આત્મા નથી, કારણ કે એ બધાંય દૃશ્ય છે, જડ અને અનાત્મ છે.

આમ જ્યારે દૃશ્ય પદાર્થને અનાત્મ ગણીને તે બ્રહ્મ નથી એમ આપણે ઉપર કહ્યા વિજ્ઞાન દ્વારા વૃત્તિમાં સ્થિર કરીએ ત્યારે બ્રહ્મબુદ્ધિ અથવા બ્રહ્મદૃષ્ટિનો અંશતઃ અધિકાર આવે. એ બ્રહ્મદૃષ્ટિનો અધિકાર પ્રાપ્ત કર્યા પછી જે બ્રહ્મ નથી તેમાં રહેલા મમત્વ અને અહંતાનો આપણે નિષેધ કરવો ઘટે. તે કેવળ વૈરાગ્યથી બની શકે. મન જ્યારે વિષયોથી ઉપરામ થાય ત્યારે તે અમન બને અને તેથી મન અને દૃષ્ટિના વાંધાઓ ટળી જાય અને જે દિસે છે તે બ્રહ્મ નથી પણ કેવળ બ્રહ્મમાં એનો આરોપ કરવામાં આવ્યો છે એમ આપણી બુદ્ધિમાં દૃઢ થાય. એવો નિશ્ચય કરવાને

વૈરાગ્ય સાથે વિવેક અને ઉપર કહ્યું તેમ વિચારની આરાધના કરવાની છે. અને ત્યારે જ જે દિસે છે તે બ્રહ્મ નથી એવો અનુભવ થાય. અહંતા, મમતા અને મોહના કારણે અનાત્મમાં જે આત્મબુદ્ધિ થઈ છે તે ટળી જાય. દૃશ્યને જોવાની દૃષ્ટિમાં પરિવર્તન થાય ત્યારે જ આપણે ઉપર કહ્યું તેમ અંધ બનીને જગતને જોઈએ, જગતને ભૂલીને બ્રહ્મને જગતમાં જોઈએ અને પછી જગત અને બ્રહ્મનો ભેદ ભાંગી જતાં અભેદભાવે દૃશ્યાદૃશ્ય સમસ્ત કેવળ એક અને અખંડ બ્રહ્મ છે એવું અનુભવીને શાંત બનીએ. અને ત્યારે જ પરમતત્ત્વને પામીએ. એ તત્ત્વ કેવું હશે ?






શ્રી અવધૂતે કહ્યું :

**"ન તત્ત્વે ખંડ ક્ષણ હોયે."**

આત્મા અખંડ છે. અવિભાજ્ય છે. એ અખંડ તત્ત્વમાં એક ક્ષણ પણ ખંડ સંભવિત નથી. શ્રુતિમાતા આપણને એમ જ સધિયારો આપે છે.

**ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते।**
**पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते॥**

તે પરબ્રહ્મ પૂર્ણ છે અને આ કાર્યબ્રહ્મ પણ પૂર્ણ છે. કારણ કે પૂર્ણમાંથી પૂર્ણ નીકળે છે. અને પૂર્ણમાંથી પૂર્ણ કાઢી લઈએ તો પણ પૂર્ણ જ અવશેષ રહે છે.

શિલાને આકાર છે. શિલાને નામ અને રૂપ છે. નામ, રૂપ, અને આકારવાન દૃશ્યજગત અર્થાત્ કાર્યબ્રહ્મનું બાહ્ય કલેવર ભલે જેમ શિલાના ખંડ પાડી શકાય છે તેમ ખંડાત્મક હોય પણ તેમાં રહેલું બ્રહ્મ અખંડ છે. કારણ કે બ્રહ્મનું નામ નથી, બ્રહ્મને આકાર નથી, બ્રહ્મનાં રૂપ નથી અને તેથી બ્રહ્મમાં ખંડ પડવાનો સંભવ નથી.

સાકરની શિલામાંથી એક કણિકા ખરી પડી. સાકરની શિલા જેટલી માધુર્યપૂર્ણ છે તેટલી જ તે કણિકા પણ માધુર્યપૂર્ણ છે. અગ્નિની રાશિમાંથી એક ચિનગારી પડી. અગ્નિરાશિની જેટલી સત્તા છે, જેટલી શક્તિ છે તેટલી જ તે ચિનગારીની પણ સત્તા અને શક્તિ છે. સાકરની કણિકા પણ સાકર છે, અગ્નિસ્ફુલિંગ પણ જેમ અગ્નિથી ભિન્ન નથી તેમ પૂર્ણ બ્રહ્મથી સર્જાયેલું આ કાર્યબ્રહ્મ પણ પૂર્ણ બ્રહ્મથી અભિન્ન છે. આપણે અહીં બાહ્ય કલેવરની વાત કરતા નથી. આપણે તો તત્ત્વને તાત્ત્વિક દૃષ્ટિએ જોવાની અને વિચારવાની વાત કરીએ છીએ. કોઈની પણ સત્તા અને શક્તિમાં ભેદ નથી કે ભિન્નતા નથી. પૂર્ણ બ્રહ્મમાંથી ખરી પડેલું વિશ્વ પણ પૂર્ણ છે. એટલે તે બ્રહ્મ પૂર્ણ છે અને આ જગત પણ પૂર્ણ છે. એ પૂર્ણ બ્રહ્મ વડે જ આ પૂર્ણ જગત છે. પૂર્ણમાં કશું જ ન્યૂનાધિક થતું નથી. જે ન્યૂનાધિકપણું જણાય છે, તે કેવળ દૃષ્ટિ અને બુદ્ધિનો વિકાર છે. બુદ્ધિ અને દૃષ્ટિમાંથી ઉપર કહ્યું તેમ એ વિકારનો નિષેધ કરીએ તો પૂર્ણ પૂર્ણ જ રહે છે. આ છે અખંડની અખંડતા.

પરમતત્ત્વ મહાનમાં મહાન હિમાચળથીયે મહાન છે અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ એક અણુથીયે સૂક્ષ્મ છે એવા ઉપનિષદ વચનનો આશય એક જ છે. તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં સર્વત્ર ઓતપ્રોત પરમતત્ત્વ અખંડ અને અવિભાજ્ય સમરસ રહેલું છે. સૂક્ષ્મ પદાર્થમાં આત્માની શક્તિ સૂક્ષ્મ નથી તેમ મહાન પદાર્થમાં આત્માની શક્તિ મહાન નથી. એ શક્તિ અખંડ છે. અખંડમાં ખંડ પાડવાની કે અખંડની અજોડ શક્તિમાં ન્યૂનાધિક કરવાની કોઈની શક્તિ નથી.

પરમતત્ત્વ અક્ષર છે એમ કહેવાનું પણ એ જ કારણ છે. તે તો સદાસર્વદા એક જ સરખી અવસ્થામાં આદિની પૂર્વે અને અંતની પછી પણ અસ્તિત્વમાં રહેવાનું જ છે. કઠોપનિષદકારે એ આત્માનું સ્વરૂપ વર્ણવતાં

अणोरणीयान्महतो महीया–
नात्मास्य जन्तोर्निहितो गुहायाम्।

એ પ્રમાણે કહ્યું છે. સંસારમાં જે કાંઈ પરિમાણવાળા પદાર્થો છે તે બધાય એ નિત્યસ્વરૂપ આત્મા વડે જ આત્મવાન છે. આત્માથી ભિન્ન થતાં જ તે સત્તા અને શક્તિશૂન્ય થઈ જાય છે. એ આત્મા અશરીર હોવા છતાં અનિત્યમાં નિત્યસ્વરૂપે રહે છે. અને એ રીતે આત્મામાં ખંડનો સંભવ નથી, અને એક ક્ષણ પણ તે ખંડિત થઈ શકતો નથી એવું શ્રી અવધૂતનું વચન સર્વથા શાસ્ત્રસંમત છે. અસ્તુ.

આગળ ચાલતાં એ જ વાતને દૃષ્ટાંત દ્વારા સમજાવતાં શ્રી અવધૂત કહે છે:

**"મળે માટી મહીં માટી, ચિતે ચૈતન્ય ના જુદું!"**
**"વિલોકી ઐક્ય સદ્-રંગે, રમે અવધૂત એકાદું!!"**

આપણે આગળ તત્ત્વનો વિચાર કર્યો. બાહ્ય કલેવર તત્ત્વથી ભિન્ન છે. જેમ પશુને રહેવાને ગભાણ છે, પક્ષીને રહેવાને માળા છે, તેમ આત્માને રહેવાને શરીર છે. શરીરમાં રહીને આત્મા શરીરના કણરજકણમાં પોતાનું ચેતન પ્રસારે છે અને તે ચેતન વડે શરીર-બાહ્યકલેવર ચેતનવંતુ જણાય છે. જે ચેતન જણાય છે તે બાહ્યકલેવરનું સ્વતંત્ર ચેતન નથી. જેમ વસવાટ વિનાનું મકાન ભલે તે સાત માળની સુશોભિત મહેલાત હોય પણ ખાવા ધાય છે તેમ આત્મા વિનાનું શરીર-આત્માના પ્રકટ ચૈતન્ય વિનાનું શરીર પ્રેત સમું જણાય છે અને ખાવા ધાય છે. જેમ મકાન છો અને માટીનું બનેલું છે તેમ આ શરીર પણ પંચભૂતાત્મક માટીનું જ બનેલું છે અને અંતે તે

**"મળે માટી મહીં માટી."**

એ અવધૂત વેણ અનુસાર માટીમાં જ મળી જવાનું છે. ચિત ચૈતન્યથી ભિન્ન નથી. ચૈતન્યના-બ્રહ્મના ત્રણ સ્વભાવ છે : સત્, ચિત

અને આનંદ. સત્સ્વરૂપ છે એટલે તેનું અસ્તિત્વ ત્રિકાળબાધિત છે. ચિત્સ્વરૂપ છે એટલે તેના વડે ચેતન મળે છે અને ચિત્તથી તેનું સતત ચિંતન થાય છે. આનંદસ્વરૂપ છે એટલે જ જગત આનંદ વિના જીવી શકતું નથી. અને તેથી એ સચ્ચિદાનંદસ્વરૂપ પરમતત્ત્વ 'ચિત્‌થી ભિન્ન નથી એમ અહીં કહ્યું છે. જેમ માટીમાં માટી મળી જાય છે તેમ ચિત્સ્વરૂપ પરમાત્મામાં મળી જાય છે. જેમ જળમાં જળ ભળી જતાં ભિન્ન જણાતું નથી, જેમ દૂધમાં દૂધ મળી જતાં એકરસ બની જાય છે તેમ ચિત્ ચૈતન્યમાં ભળી જતાં ભિન્ન જણાતું નથી. અને રહેતું પણ નથી. એ ચિત્ત વડે જ ચૈતન્યને પણ જાણી શકાય છે. અસ્તિ, ભાતિ, અને પ્રીતિ એવું પણ પરમતત્ત્વના સ્વરૂપનું ક્યાંક વર્ણન જોવામાં આવે છે. સત્, ચિત્ અને આનંદમાં અને અસ્તિ, ભાતિ અને પ્રીતિમાં કશો જ ફરક નથી. ભાવ ફેર નથી, શબ્દ ફેર છે. બન્નેનો અર્થ તો એક જ છે. અસ્તિ છે તે જ સત્ છે, જે ભાતિ છે તે જ ચિત્ છે, અને જે પ્રીતિ છે તે જ આનંદ છે. પણ એ બધાયને જણાતું નથી અને બધાયના અનુભવમાં પણ એ આવતું નથી. તેનું કારણ એક જ છે કે આપણી દૃષ્ટિ કેવળ બાહ્ય કલેવરને જોવામાં અને એ અનાત્મ બાહ્ય કલેવરમાં જ પ્રીતિયુક્ત બનીને આસક્ત થવાને ટેવાયેલી છે. કેવળ ઘટને જ જોનારને કુંભારની કલ્પના આવવાનો સંભવ નથી, તેમ કેવળ સર્જનને જ જોનારને પરમતત્ત્વનો ખ્યાલ આવવાની શક્યતા નથી. તેથી જ શ્રી અવધૂતે

**"વિલોકી ઐકચ સદ્-રંગે, રમે અવધૂત એકાદું!!"**

એમ કહ્યું છે.

એ રીતે અભેદભાવે જોતાં તો કોક વિરલ અવધૂતને જ આવડે છે. જેની દૃષ્ટિમાંથી દ્વૈત ટળી ગયું છે તેને જ જગતમાં જગદીશ્વર અને જગદીશ્વરમાં જગત જણાય છે. કોરી નજરે તો દૂધ દૂધ જ જણાય છે. પણ દૂધમાં સારરૂપે રહેલા ઘીને જોવાને જેમ દૃષ્ટિ કેળવવી પડે છે તેમ કોરી નજરે જણાતા જગતમાં રહેલા જગદીશ્વરને જોવાને પણ દૃષ્ટિ કેળવવી પડે છે. દૂધમાંથી દહીં બનાવી તેનું મંથન કરી, તેમાંથી નીકળેલા માખણને તાવણે તાવીને ઘી મેળવી શકાય છે. તેમ જગતને જોવાની કોરી નજરનું મંથન કરીને, તેના જુદા વિકારમાત્રને કાઢી નાખીને જ્યારે આપણે જોઈ શકીએ ત્યારે જગતની જગ્યાએ જગતના અધિષ્ઠાનરૂપ પરમતત્ત્વને જોવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય. પણ એ બધાને જ ફળતું નથી. જેમ ઘીનું સ્વરૂપ પ્રાપ્ત થાય તે પહેલાં એ દૂધની અનેકવિધ વિડંબનાઓ થાય છે તેમ જગતને જગદીશ્વરનું સ્વરૂપ જોવાની દૃષ્ટિ પ્રાપ્ત કરતાં પહેલાં અને જોતાં પહેલાં અનેકવિધ શારીરિક અને માનસિક મંથનો અને વિડંબનાઓ વેઠવી પડે છે. એ બધાંના ગજાં નથી, અને તેથી જ શ્રી અવધૂત કહે છે કે એવી ભેદ દૃષ્ટિને પાર કરી અભેદ દૃષ્ટિએ પરમતત્ત્વને વિલોકી શકે

એવો કોક જ હોય છે. અને તેથી જ શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः॥

"હજારો મનુષ્યોમાં કોક જ સિદ્ધિ માટે યત્ન કરે છે. અને યત્ન કરતા સિદ્ધોમાં પણ કોઈક જ મને સત્યસ્વરૂપે જાણે છે." એવો જે પરમતત્ત્વને તાત્ત્વિક દૃષ્ટિએ જાણનાર છે તે જ સાચો અવધૂત છે. અને તેથી જ અહીં શ્રી અવધૂતે "અવધૂત" શબ્દનો પ્રયોગ સહેતુક કર્યો છે. અવધૂત અવસ્થા એ સર્વશ્રેષ્ઠ અવસ્થા છે. અને એને પામનાર શ્રી અવધૂતે ગાયું છે તેમ

**"લાખો મેં કોઈ બિરલો હિ ઐસો હૈ."**

આમ આપણે જોયું કે પરમાત્મા તો સઘળે સભર ભરેલો છે. તેને જોવાની દૃષ્ટિના અભાવે આપણે અહંતા અને મમતાના માર્યા, જેમ કમળાનો વ્યાધિ જેને હોય તે જગતને પીળું દેખે તેમ, જગતને જગદાધારથી ભિન્ન જોઈને અનેકવિધ ક્લેશનો અનુભવ કરીએ છીએ. એ ભેદદૃષ્ટિને કારણે જ જન્મ અને મરણના આંટા ખાવા પડે છે. અને તેથી જ એ ભેદદૃષ્ટિ ટાળવાનો આ ગીતના ગર્ભમાં બોધ છે. આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"દિસે કીકી મહીં કાળું, ન તોએ એહ અધારું;
જુઓ નીળું બધે તોયે, સદા એ વ્યોમ છે ન્યારું !"**

આંખમાં જેને આપણે "કીકી" કહીએ છીએ તે રંગે કાળી જણાય છે. કાળાશ એ સાધારણ રીતે અંધકારનું દ્યોતક છે છતાંય એ કીકી તો પ્રકાશ પામવાનું સાધન છે. એ કીકી વડે જ સૂર્યનો પ્રકાશ ઝીલીને આપણે બધાંય કાર્યો કરી શકીએ છીએ. જેને કીકી નથી તેને કશું જ જણાતું નથી. એ પ્રકાશને જોવાનું જે સાધન છે તે તો એ કીકીથી પણ નિરાળું છે. એ જ ન્યાયે અંધકારમય જગત એટલે અજ્ઞાનમય જગતથી પરમતત્ત્વ જે કેવળ પ્રકાશમય છે તે તદ્દન નિરાળું છે. આકાશમાં આપણે જે નીલિમા જોઈએ છીએ તે નીલિમા આકાશની નથી, પણ જેમ કેવળ દૃષ્ટિનો વિકાર છે તેમ જગત પણ એક વિકાર છે. જેમ આકાશ નીલિમાથી ભિન્ન છે તેમ પરમતત્ત્વ પણ જગતથી ભિન્ન છે. જેમ આકાશ નિર્લેપ છે તેમ પરમતત્ત્વ પણ નિર્લેપ છે. અવકાશમાં જેમ ધૂળ, કચરો આદિ ઊડે છે તે આકાશને સ્પર્શ કરતાં નથી તેમ જાગતિક વિકારો પણ પરમતત્ત્વને સ્પર્શ કરતા નથી. પ્રાણીમાત્ર એટલે જગત પરમાત્મામાં રહેલું છે પણ પરમાત્મા તેમાં રહેલો હોવા છતાંય ન રહેલા જેવો જ છે. તાત્પર્ય એ છે કે પરમાત્માની શક્તિ વડે જગત જીવે છે, જન્મે છે, અને મરે છે. એ ઉત્પત્તિ સ્થિતિ અને લય કેવળ સર્જનના માયાજનિત વિકારો છે. ગુણના ક્ષોભનું પરિણામ છે. એ ગુણના ક્ષોભ સાથે પરમાત્મ તત્ત્વને

કશો સંબંધ નથી કારણ કે ગુણો માયાના છે. પરમાત્મા ગુણાતીત છે. આગળ કહ્યું તેમ જેમ આકાશમાં જણાતી નીલિમા આકાશ નથી અને તેની સાથે આકાશને લેપન નથી તેમ પરમતત્ત્વમાં જણાતા જગત સાથે પરમતત્ત્વને સંબંધ નથી. એટલે જેવું વર્ણના વિકાર વિનાનું આકાશ નિર્લેપ છે તેવું જ એ પરમતત્ત્વ સર્વમાં વ્યાપ્ત હોવા છતાં સર્વથી નિર્લેપ છે.


અને અંતે શ્રી અવધૂત બોધ આપે છે :

**"રહો હરદમ હકીકીમાં મિજાઝી મોત બહુ રંગી!"**
**સખુન છેલ્લો, ન બસ આગળ! રહેવું મૌન એકાંગી!"**

છેલ્લું વચન શ્રી અવધૂતે કહ્યું

**"રહો હરદમ હકીકીમાં"**

સદા સર્વદા પ્રભુપ્રેમમાં મસ્ત રહો, પ્રભુપ્રેમ એ જ પરમ આનંદ છે. જગત જે અંતવાન છે, મૃત્યુને આધીન છે, તે બહુરંગી છે. તેના બધાય રંગોને તજી દઈને કેવળ આત્માનંદમાં રહેવું એ જ સાચો પુરુષાર્થ છે. આત્માનંદનું અંતિમ પરિણામ મૌન છે. બધાયમાં હોવા છતાંય એકાંગી રહેવું એ જ સાચો પુરુષાર્થ છે. અને તે મૌન પ્રાપ્ત કરવું એ જ જીવનનું પરમ ધ્યેય છે. એ મૌન વાણીનું નથી પણ વૃત્તિનું છે. જ્યારે વૃત્તિઓનું ચાંચલ્ય શમી જાય છે, ત્યારે પ્રશાંતચિત્ત એ અવધૂત મૌનમાં જ મસ્ત રહે છે. જન્મદાતા પિતાને જે પુત્ર જાણતો નથી તે પુત્ર પુત્ર કહેવરાવવાને લાયક નથી, તેમ જે પોતાનું સ્વરૂપ જાણતો નથી તે મનુષ્ય મનુષ્ય કહેવરાવવાને યોગ્ય નથી.



## (૨૮)

(રાગ દેશ, તાલ-કહેરવા)

એક અગોચર બ્રહ્મ પ્રકાશે, ઘટઘટમાં અવિનાશીજી;
સત્ય નિરંજન નિષ્ક્રિય નિર્મલ, એ વિણ સર્વ વિનાશીજી.–ટેક

કર્ણ વિના સહુ શબ્દ સૂણે જે, નેન વિના જગ ભાળેજી;
એ જાણ્યા વિણ સુખ નવ પામે, મૂરખ મન કો કાળેજી–એક. (૧)

છોડી તંદુલ તુષને વળગે, તૃપ્તિ તે કેમ થાશેજી?
ચેતન છોડી જડને ભજતાં, ભવભીતિ કયમ જાશેજી?–એક. (૨)

મન બુદ્ધિ છે ચાકર જેના, કરતા હરિહર સેવાજી;
તે વિશ્વંભર નયને નીરખે, આપ દિગંબર દેવાજી–એક. (૩)

પઢતાં પઢતાં પંડિત પડીયા, સુખ પામ્યા સત્સંગીજી;
અંગવસ્ત્ર રંગે રંગારા, રાજ કરે દિલરંગીજી–એક. (૪)

સિંચત સિંચત માળી મરતા, સુખ પામે ભોરંગાજી;
ન્હાતાં ન્હાતાં મરે દેડકાં, મન ચંગા ઘટ ગંગાજી!–એક. (૫)

ગુરુગમ કુંચી દ્વાર બંધ છે, તાળું વિરલો ખોલેજી;
ધન દાટયું મંદિર–શિખરે, પણ હાથ ન આવે કોયેજી.–એક. (૬)

ૐ

બ્રહ્મ એક છે. અગોચર છે. પ્રકાશસ્વરૂપ છે. અવિનાશી છે. તે જ બ્રહ્મ ઘટઘટમાં પ્રકાશે છે. એ પ્રકાશ આગળ પ્રકાશમાત્ર ઝાંખો પડે છે. સૂર્ય, ચંદ્ર, અગ્નિ, તારા આદિ પ્રકાશના વાહકો એ અખંડ પ્રકાશસ્વરૂપ બ્રહ્મનો પ્રકાશ પામીને જ જગતને પ્રકાશિત કરે છે. બ્રહ્મને પ્રકાશિત કરવાની કોઈની જ શક્તિ નથી. બ્રહ્મ સ્વયંપ્રકાશ છે. એવો પ્રકાશમય બ્રહ્મ એક જ છે.

"ॐ आत्मा वा इदमेक एवाग्र आसीत्"

એ શ્રુતિવાકય આત્માનું એકત્વ પ્રતિપાદન કરવાને પૂરતું છે. એ આત્મા અદ્વિતીય છે. તેની સાથે સરખાવી શકાય યા તેની ઉપમા આપી શકાય એવું બીજું કશું જ નથી. અને તેથી તે એક છે, અદ્વિતીય છે. એ આત્મા-બ્રહ્મ કેવું છે? અગોચર. ગો એટલે ઇન્દ્રિયો, ઇન્દ્રિયો જેનો પાર પામવાને સમર્થ નથી તે અગોચર. પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય તદુપરાંત મન, બુદ્ધિ ચિત્ત અને અહંકાર. એ ચૌદ તત્ત્વો વડે શરીરનો અને સર્જનનો વહેવાર ચાલે છે અને નભે છે. એ બધાંય કેવળ સાધનો છે. એ સાધનોને શક્તિસંપન્ન કરનાર પરમશક્તિ તે 'બ્રહ્મ' છે, છતાંય એ ઇન્દ્રિયો તેને જાણતી નથી. વાણી જેને પ્રકાશિત કરી શકતી નથી પણ વાણી જેનાથી પ્રકાશિત થાય છે તે બ્રહ્મ છે. મન જેનું મનન કરી

શકતું નથી પણ જેના વડે મનન કરે છે તે બ્રહ્મ છે. જેને કોઈ કાનથી શ્રવણ કરી શકતું નથી પણ કાન જેના વડે શ્રવણ કરી શકે છે તે બ્રહ્મ છે જે નાકનો વિષય નથી, પણ નાક જેના વડે પોતાના વિષયોનું ગ્રહણ કરે છે તે બ્રહ્મ છે. અને એ રીતે સર્વ જ્ઞાનેન્દ્રિયોનો જે વિષય નથી પરંતુ જેના વડે એ જ્ઞાનેન્દ્રિયો શક્તિસંપન્ન છે તે બ્રહ્મ છે. અને તેથી એવા બ્રહ્મને 'અગોચર' કહેવામાં આવ્યું છે.






એ બ્રહ્મ અવિનાશી છે. જે વસ્તુ વિદિત થઈ શકે છે તે અલ્પ છે, મરણશીલ છે અને દુઃખમય હોવાથી ત્યાજ્ય છે. જે અવિનાશી છે તે 'ભૂમા' છે, અવિદિત છે અને તેથી તે ઉપાદેય છે. જે જન્મે છે તે જ મરે છે. જે જન્મતો નથી તે મરતો પણ નથી અને તેથી તે અવિનાશી છે. બ્રહ્મ અજન્મા છે અને તેથી તે અમર છે. સંસાર જન્મે છે અને તેથી તે મરે છે. તેથી જ સંસારને વૃક્ષની ઉપમા આપી છે. અવિનાશીનો વિનાશ કલ્પી શકાતો નથી.

એ બ્રહ્મ ઘટઘટમાં પ્રકાશે છે. ઘટઘટમાં વિરાજમાન છે. પ્રાણીમાત્રમાં જે ચૈતન્યશક્તિ છે તે એ બ્રહ્મની શક્તિ છે. એ શક્તિ વડે પ્રાણીમાત્ર જીવે છે અને એ શક્તિ વડે જ પ્રાણીમાત્ર પોતાના વ્યવહાર કુશળતાથી કરી શકે છે. એ શક્તિ વિનાનો નામરૂપાત્મક આકાર કેવળ મડદા જેવો નિશ્ચેષ્ટ છે. ઘટઘટવ્યાપી એ પરમતત્ત્વ સંસારમાં શક્તિસંચાર કરી રહ્યું છે અને તેથી જ તે તે જ સ્વરૂપે ઘટઘટમાં પ્રકાશે છે.

આગળ ચાલતાં બ્રહ્મનું સ્વરૂપ વર્ણવતાં સંકેતરૂપે શ્રી અવધૂત કહે છે :

**"સત્ય નિરંજન નિષ્ક્રિય નિર્મલ એ વિણ સર્વ વિનાશીજી."**

બ્રહ્મનું યથાસ્થિત વર્ણન શક્ય જ નથી કારણ કે એ વાણીનો વિષય નથી. વાણી જ્યાં થંભી જાય છે ત્યાં જ પરમતત્ત્વનાં દર્શન થાય છે. વાણીનું ક્ષેત્ર એ જ કારણે બ્રહ્મને આવરી શકતું નથી. વેદ, ઉપનિષદ્ આદિમાં બ્રહ્મનું સંકેતરૂપે જે વર્ણન આવે છે તે કેવળ 'બ્રહ્મ' અથવા 'પરમતત્ત્વ' સંજ્ઞિત પરતત્ત્વના વિશેષણ કિંવા ગુણરૂપે જ આવે છે. કારણકે

"यस्यामतं तस्यमतं मतंयस्य न वेदसः
अविज्ञातं विजानतां विज्ञातमविजानताम्॥"

એ શ્રુતિવાક્ય અનુસાર જે માને છે કે એણે બ્રહ્મને નથી જાણ્યું તે એને યથાર્થ જાણે છે અને જે માને છે કે એણે બ્રહ્મને જાણ્યું છે તે એને સાચે જ જાણતો નથી. જ્ઞાનેન્દ્રિયોથી જાણવા જતાં એ જાણે કે દૂર દૂર જતું જાય છે અને કર્મેન્દ્રિયથી પકડવાનો પ્રયાસ કરતાં એની પકડમાંથી તે જોતજોતામાં છટકી જાય છે. આમ જ્ઞાનેન્દ્રિયો કે કર્મેન્દ્રિયોની ત્યાં પહોંચ નથી. મનની ત્યાં દોડ નથી, વાણી એને વર્ણવવા જતાં પાંગળી પડે છે, છતાં અહીં શ્રી અવધૂતે એ પરમતત્ત્વનું વર્ણન કરવાનો જે પ્રયત્ન

કર્યો છે તે કેવળ સંકેતરૂપે એ પરમતત્ત્વના ચિંતન માટે દિશાસૂચન મળે તે માટે જ છે.

એ પરમતત્ત્વ ''સત્ય'' છે. જે આદિની પૂર્વે અને અંતની પછી પણ અવશેષ રૂપે રહે છે અને મધ્યમાં પણ જે ભાસે છે તે ''સત્'' છે. એ જ બ્રહ્મ છે, પરમતત્ત્વ છે. 'સત્' એટલે 'હોવું'. જે હતું, જે છે અને જે રહેશે તે 'સત્.' ત્રિકાલાબાધિત એ 'સત્ય'નો કોઈ પણ સમે લય થતો નથી. સ્વસ્વરૂપમાં એક જ સરખી રીતે રહે છે તે 'સત્.' એ 'સત્' ક્ષીણતા પામતું નથી, વૃદ્ધિ પામતું નથી અને વૃદ્ધિ અને ક્ષયરહિત એ સત્‌નો કદી અભાવ થતો નથી. એથી અતિરિક્ત જે 'અસત્' છે તેનો ક્ષય છે, વૃદ્ધિ છે અને વિનાશ પણ છે.

એ પરમતત્ત્વ નિરંજન છે. અંજનરહિત તે નિરંજન. અંજન એટલે વિકાર. પરમતત્ત્વ વિકારરહિત હોવાથી નિરંજન છે. વિકારો માયાના ગુણો છે. પરમતત્ત્વ માયાધીશ છે. માયાના ગુણો તેથી તેને સ્પર્શ કરી શકતા નથી અને તેથી તે નિરંજન છે.

એ પરમતત્ત્વ નિષ્ક્રિય છે. ક્રિયા એ પ્રકૃતિનો ધર્મ છે. પરમતત્ત્વ પ્રકૃતિથી પર છે. તેથી પ્રકૃતિના ધર્મ તેને સ્પર્શ કરી શકતા નથી. એ પરમતત્ત્વ નિષ્ક્રિય છે કારણ કે તે નિષ્કર્મ છે. જ્યાં સંકલ્પવિકલ્પ છે ત્યાં જ કર્મ પણ છે અને ક્રિયા પણ છે. જ્યાં કામના છે ત્યાં જ સંકલ્પ અને વિકલ્પ પણ છે. પરમતત્ત્વ અકામ છે અને તેથી તે સંકલ્પવિકલ્પ રહિત છે. સંકલ્પવિકલ્પના અભાવે નિષ્ક્રિય છે. બ્રહ્મને કર્મ નથી કે ક્રિયા નથી અને તેથી તેને અહીં નિષ્ક્રિય કહેવામાં આવ્યું છે.

એ પરમતત્ત્વ નિર્મળ છે. મળ, વિક્ષેપ અને આવરણ એ ચિત્તના વિકારો છે. પરમતત્ત્વમાં એ ત્રણેનો અભાવ છે તેથી તે નિર્મળ છે. જ્યાં કર્મ અને પ્રારબ્ધ છે ત્યાં જ એ ચિત્તના મળનો પ્રભાવ હોય છે. આગળ કહ્યું તેમ પરમતત્ત્વને કર્મ કે પ્રારબ્ધ નથી અને તેથી ત્યાં મળનો સંભવ નથી. આકાશ નિર્મળ છે. તેમાં કોઈ પણ પ્રકારનાં આભલાં નથી. બ્રહ્મ પણ તેવું જ કોઈ પણ પ્રકારનાં આભલાં રહિત નિરભ્ર શુભ્ર આકાશ સમાન સ્વચ્છ છે. પરમતત્ત્વની એ નિર્મળતામાં મલિનતા પ્રવેશ કરે એ સંભવિત નથી. આકાશમાં બધું જ સમાય છે છતાં આકાશની નિર્મળતાનો લોપ થતો નથી. તે જ રીતે બ્રહ્મમાં સર્વ સમાયેલું હોવા છતાં બ્રહ્મની નિર્મળતાનો લોપ થતો નથી. આકાશમાં વાદળાંઓ જેમ આગંતુક છે, આવે છે અને જાય છે તેથી આકાશનું કાંઈ બનતું કે બગડતું નથી, તેમ માયાના આવરણથી આચ્છાદિત જણાતા એ માયાધીશ પણ માયાના એ આવરણથી અસ્પૃષ્ટ છે અને તેથી તેની નિર્મળતામાં લવલેશ પણ મલિનતા આવતી નથી. અહીં તેને તેથી જ 'નિર્મળ' કહેવામાં આવ્યું છે.

પરમતત્ત્વ અવિનાશી છે એમ પ્રથમ કહ્યું છે. પરમતત્ત્વ સિવાયનું

બધું જ વિનાશી છે અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

**'એ વિણ સર્વ વિનાશીજી.'**

આત્મા અજ છે, નિત્ય છે, શાશ્વત છે, પુરાણ છે અને તે વિનાશી શરીરમાં રહેતો હોવા છતાં વિનાશી નથી એવું શ્રી ભગવાને કહ્યું છે. આ શરીર છે તે વિનાશી–અન્તવાન છે. પરમતત્ત્વ અનન્ત છે. અનન્ત છે માટે તે અવિનાશી છે. જેની ઉત્પત્તિ છે તેનો નાશ છે. આત્માની ઉત્પત્તિ નથી અને તેથી તેનો વિનાશ નથી. એક પરમતત્ત્વ જ અવિનાશી છે. એ સિવાય બીજું જે કાંઈ ગોચર છે તે બધુંય વિનાશી છે. જગત નશ્વર છે. બ્રહ્મ શાશ્વત છે. એ બ્રહ્મ પોતાની માયાની ઓથે રહીને એ નશ્વર જગતને ઉત્પન્ન કરીને, તેનું પોષણ કરીને અંતે તેનો પોતાનામાં જ લય કરે છે. ઉપનિષદકારો કરોળિયાના જાળાનું દૃષ્ટાંત આપે છે. જાળું વિનાશી છે, કરોળિયો અવિનાશી છે એમ કહે છે. જાળું એટલે જગત. કરોળિયો એટલે બ્રહ્મ. જગતનો સર્જનહાર છે અને તેથી તે નશ્વર છે. બ્રહ્મનો સર્જનહાર નથી અને તેથી તે શાશ્વત છે. બ્રહ્મ સ્વયંભૂ છે અને તેથી તે અવિનાશી છે. જ્યાં જ્યાં આકાર છે, રૂપ અને ગુણ છે ત્યાં ત્યાં વિનાશ ડોકિયું કરે છે. પરમતત્ત્વ નિરાકાર, નિર્ગુણ અને અરૂપ છે તેથી તે અવિનાશી છે. જે સત્ છે તે અવિનાશી છે. જે અસત્ છે તે વિનાશી છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ અને તેને જાણનારી અને તેનો અનુભવ કરનારી ઇન્દ્રિયો વિનાશી છે પણ એ ઇન્દ્રિયોને શક્તિ પ્રદાન કરનાર સત્ અવિનાશી છે. શરીર વિનાશી છે પણ તેમાં રહીને શરીરને ચેતન આપનાર શરીરિ અવિનાશી છે. સર્જન વિનાશી છે પણ તેનો સર્જનહાર અવિનાશી છે. જે અવિનાશી છે તે 'ભૂમા' છે. જે વિનાશી છે તે 'અલ્પ' છે. તાત્પર્ય એ છે કે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, ઇન્દ્રિયો આદિથી જેનું જ્ઞાન થાય છે તે સર્વ વિનાશી છે. એ બધાય જેનું ગ્રહણ કરવાને અશક્ત છે તે પરમતત્ત્વ આત્મા કે બ્રહ્મ અવિનાશી છે.

આગળ ચાલતાં એ જ અવિનાશી પરમતત્ત્વનું વિશદ વર્ણન કરતાં શ્રી અવધૂત કહે છે :

**"કર્ણ વિના સહુ શબ્દ સુણે જે, નેન વિના સહુ ભાળેજી,**
**એ જાણ્યા વિણ સુખ નવ પામે, મૂરખ મન કો કાળેજી."**

**"કર્ણ વિના સહુ શબ્દ સુણે જે,"**

શબ્દો તો સહેલા છે પણ અર્થ ગંભીર છે. શબ્દ એ આકાશનો ગુણ છે. તેને ગ્રહણ કરવાની શક્તિ કેવળ કાનમાં છે. કાન વિના બીજી કોઈ પણ ઇન્દ્રિય શબ્દને સાંભળી શકતી નથી. શ્રી અવધૂત કહે છે, પરમતત્ત્વ કાન વિના જ બધું સાંભળે છે. શરીરની રચના તો એવી છે કે, જેટલા વિષયો છે તેટલાને ગ્રહણ કરવાને એક એક ઇન્દ્રિયની વ્યવસ્થા કરવામાં આવી છે. આંખ, કાન, નાક, રસના અને ત્વચા એ પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા



એ પાંચ વિષયોનો, મનનો સહકાર મેળવીને જીવ ઉપભોગ કરે છે. પરમતત્ત્વને કાન નથી અને છતાંય તે બધા જ શબ્દો સાંભળે છે, કારણ કે બધા જ શબ્દો સાંભળવાની તે કાનની શક્તિ એની જ છે. આપણે આગળ જોયું તેમ આકાશના શબ્દગુણને ઝીલવાનું સાધન કાન છે. એ કાન તો જડ છે. એ ગોલકને પોતાની શક્તિ જેવું કશું જ નથી. પરંતુ શરીરમાં રહેલ પરમતત્ત્વ જ એ કાનને શ્રવણ કરવાની શક્તિ આપે છે. એ ઉછીની લીધેલી શક્તિ વડે જ કાનના ગોલકમાં પડેલા શબ્દનાં આંદોલનો જીવ સુધી પહોંચે છે. મન તેને ઝીલીને તેના સારા નરસા ભેદ પાડે છે, તેના અનુકૂળ-પ્રતિકૂળ પડઘા પાડે છે. જીવ તેને સ્વીકારીને તેનાં પરિણામ પણ ભોગવે છે. પરમતત્ત્વને કાન નથી. તે તો તેજઃપુંજ નિરાકાર છે. અવયવો તો આકાર સાથે જકડાયેલા છે. નિરાકારને અવયવ હોવાનો સંભવ નથી. શબ્દનું ઉગમસ્થાન તો એ પરમતત્ત્વ જ છે અને તેથી એ શબ્દ સાંભળી શકે એમાં નવાઈ નથી. તમે જે બોલો છો તે તમે સાંભળો છો ખરા ને ? પંચમહાભૂત અને તેના પાંચ ગુણોનો પસારો એ પરમતત્ત્વને જ આભારી છે. આગળ શ્રી અવધૂતે કહ્યું તેમ, બીજી રીતે એ જ પરમતત્ત્વ ઘટઘટમાં પ્રકાશિત હોવાથી પ્રત્યેક શરીરના કાન પણ એ જ પરમતત્ત્વના કાન છે અને તેથી તે તે કાન દ્વારા બધાય શબ્દો પરમતત્ત્વ જ શ્રવણ કરે છે એમ કહેવું યોગ્ય છે.

એ જ રીતે

**'નેન વિના સહુ ભાળેજી.'**

આંખ વિના એ બધું જ જોઈ શકે છે. અગ્નિનો ગુણ તે જ છે. પ્રકાશપુંજ સ્વરૂપ પરમતત્ત્વના ઈક્ષણમાંથી જ એ અગ્નિની ઉત્પત્તિ થઈ છે. તેજના કારણે જ આંખ દ્વારા રૂપ જોઈ શકાય છે. એ જ પરમતત્ત્વ આંખમાં જોવાની શક્તિનો સંચાર કરે છે. બાકી જેમ કર્ણ તેમ આંખ પણ એક જડ ગોલક છે. ઉછીની મળેલી જોવાની શક્તિ વડે ઈન્દ્રિયગમ્ય ભિન્નભિન્ન સ્વરૂપોને મનુષ્ય જોઈ શકે છે. ફેર માત્ર એટલો જ છે કે એ જ સ્વરૂપ એ જ આંખમાં રહેલું પરમતત્ત્વ જુએ છે પણ તેમાં તે આસક્ત થતું નથી, જ્યારે માનવી એ જ રૂપને જોઈને તેમાં આસક્ત બની જાય છે. રૂપલોભી જીવ આંખો વડે જે રૂપ જુએ છે તેમાં અનુકૂળ રૂપને નિહાળીને તેમાં મોહાંધ બની જાય છે.

એ જ રીતે આગળ કહ્યું તેમ, નાક, ત્વચા અને રસના પણ સ્વયં જડ છે પણ પરમતત્ત્વની ચૈતન્યશક્તિ પામીને ચેતનવંત બની વિષયોનો અનુભવ અને ઉપભોગ કરે છે. બધાંયનું મૂળકારણ કેવળ પરમતત્ત્વ છે. અહીં માત્ર બે જ ઈન્દ્રિઓનો નિર્દેશ કર્યો છે. એ જ સત્ય બધીય ઈન્દ્રિયોને લાગુ પડે છે. ઉપનિષદકારે પરમતત્ત્વને અશ્રોત્ર, અચક્ષુ, અઘ્રાણ, અસ્પર્શ આદિ વિશેષણો આપીને તેની અનિર્વાચ્યતાનો બોધ કર્યો છે. મનુષ્ય પોતે





કાંઈ જ કરવાને શક્તિમાન નથી. પરાઈ શક્તિથી દોરાઈને કર્મ કરે છે એ વાત જ્યારે આપણા મનમાં ઠસી જાય ત્યારે જે જે કર્મ અને ક્રિયાઓ થાય છે તે તે કર્મ અને ક્રિયાઓમાં રહેલી અહંતા - મમતાનો જ નહીં પણ કર્તૃત્વ અને ભોક્તૃત્વનો પ્રમાદ પણ ટળી જાય છે. એ અભિમાન જાય છે ત્યારે સર્વના અધિષ્ઠાન રૂપે કેવળ બ્રહ્મ જ પ્રતીત થાય છે. કર્મ અને ક્રિયાનો સંચાલક પણ એ જ પરમતત્ત્વને જાણીને મનુષ્ય સુખી થાય છે. અથવા બ્રહ્મને ઓથે રહેલી બ્રહ્મની શક્તિરૂપ પ્રકૃતિ વડે જ, મનુષ્ય નિમિત્તમાત્ર બનીને જ કર્મ કરે છે એવી પ્રતીતિ થાય છે ત્યારે જ મનુષ્યને સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને તેથી

**"એ જાણ્યા વિણ સુખ નવ પામે, મુરખ મન કો કાળેજી."**

એવું શ્રી અવધૂતે કહ્યું છે.

'એ' એટલે પરમતત્ત્વ. એ પરમતત્ત્વને જાણીને જ મનુષ્ય ખરું સુખ પ્રાપ્ત કરી શકે છે. અશબ્દ, અસ્પર્શ, અરૂપ, અગંધ, અરસ અને છતાંય એ બધાં જ જેનામાંથી—જેના સંકલ્પ માત્રથી જ—સર્જાય છે તેને જાણીને જ મનુષ્ય જન્મ મરણના મુખમાંથી મુક્ત બની શાશ્વતપદની અને શાશ્વતસુખની પ્રાપ્તિ કરી શકે છે. મન મૂરખ છે કારણ કે તે અહંકારમાં મસ્ત છે. મન મૂરખ છે કારણ કે તે પોતાના પિતાને ઓળખતું નથી. મન મૂરખ છે કારણ કે તે કેવળ વિષયોમાં જ આનંદ માણે છે. એ વિષયો જ્યારે મનમાંથી નિવૃત્ત થાય છે ત્યારે તેને જે સુખ અને શાંતિ મળે છે તેની તુલના થઈ શકતી નથી.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"છોડી તંદુલ તુષને વળગે, તૃપ્તિ તે કેમ થાશે જી !**
**ચેતન છોડી જડને ભજતાં ભવભીતિ ક્યમ જાશેજી !"**

જે મનુષ્ય છોતરાંનો સંગ્રહ કરે છે અને ચોખાને ફેંકી દે છે તેની ક્ષુધા કો કાળે પણ શાંત થતી નથી. તે સદા ભૂખ્યો જ રહે છે. એ જ ન્યાયે કેવળ પરમાત્માને જાણ્યા વિના બીજાઓને જાણનાર સાધક પોતાની જ્ઞાનક્ષુધા કોઈ દિવસ શમાવી શકતો નથી. નિર્ગુણ નિરાકાર પરમતત્ત્વ એ તંદુલ સમાન છે. અને ઈતર વૃક્ષ-પાષાણાદિ દેખીતાં દેવતો ભાતનાં છોડાં જેવાં છે. પરમ શાંતિ પ્રદાન કરવાનો સંપૂર્ણ અધિકાર તો કેવળ પરમતત્ત્વમાં જ છે. એ પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ થતાં જ પરમ શાંતિ પ્રાપ્ત થાય છે, જ્યારે અન્ય ક્ષુદ્ર દેવતોની પાછળ ભમનાર સદાય ભૂખ્યો જ રહે છે. માનવજીવનનું ચરમ ધ્યેય કેવળ આત્મસ્વરૂપને જાણીને, આત્મસ્વરૂપ બનવું એ જ છે અને તે અર્થે ક્ષુદ્ર દેવતાઓનું આરાધન કે જડત્વ દૃષ્ટિથી પ્રતિમાદિનું પૂજન બેકામિયાબ છે. ચિત્તની એકાગ્રતા સાધી એમાં દિવ્યભાવ જગાડવા પૂરતું એ ભલે ઉપયોગી હોય પણ અંતે તો દૃષ્ટિ એથી પર ઉઠાવી સચરાચરમાં વ્યાપેલા પરમતત્ત્વ





સાથે તાદાત્મ્ય સાધ્યા વિના કાયમી શાંતિ નથી. જ્યાં સુધી પ્રતિમાપૂજા કેવળ પ્રતિમાપૂજા જ રહે છે અને એ જડ પ્રતીકના અધિષ્ઠાનરૂપ ચૈતન્યઘન પરમતત્ત્વનો સાક્ષાત્કાર થતો નથી ત્યાં સુધી આત્મતૃપ્તિ કે આત્માનંદ દૂર જ રહે છે. આંખ સામે જડ પ્રતીક ભલે રહે પણ ચિત્તમાંથી એની સ્થૂળતા અને જડતા દૂર થઈ ચિત્ત એ ચિદ્દઘન સાથે એકરસ ન થાય ત્યાં સુધી શાશ્વત શાંતિ કે સુખ પ્રાપ્ત થતાં નથી અને અનેકવિધ ભવવિડંબણાઓનો પાર આવતો નથી. અને તેથી જ એક અનંત, સત્, ચિત્, આનંદસ્વરૂપ પરબ્રહ્મ પરમતત્ત્વને છોડીને જે અન્ય વસ્તુઓ પાછળ સુખને માટે દોડી મરે છે તેની સ્થિતિ ચોખા ફેંકી દઈ ક્ષુધાનિવૃત્તિ અર્થે કુશકાને વળગી રહેનારના જેવી દયાજનક થાય છે. કુશકા તો ભૂખશાંતિ કરવાને બદલે ઊલટું પેટમાં અકળામણ ઉત્પન્ન કરે છે અને અનેક વ્યાધિઓને નોતરે છે. બકરું કાઢવાનો અવળો પ્રયત્ન કરતાં બકરું તો નીકળતું નથી જ પણ અઢારે અંગે વાંકું ઊંટ પેસી પરિસ્થિતિ પહેલાં કરતાં વિકટ બનાવે છે.

એ જ વાતના સમર્થનમાં શ્રી અવધૂત કહે છે :

**"ચેતન છોડી જડને ભજતાં, ભવભીતિ ક્યમ જાશેજી ?"**

જગત જડ છે. પરમતત્ત્વ ચેતન છે. જર, જમીન અને જોરુ એ જડ જગતના ત્રણ આધાર સ્તંભો છે. એ ત્રણ આધારસ્તંભોને જડતાપૂર્વક વળગી રહીને જે કેવળ તેમાં જ રચ્યોપચ્યો રહે છે તેના જન્મમરણના ફેરા કદી છૂટતા નથી. જર, જમીન અને જોરુ એ ભીતિનાં સ્થાન છે. એ ભીતિનાં સ્થાનને આશ્રયે રહેનારા કદી પણ નિર્ભય બની શકતા નથી. પરમતત્ત્વ કેવળ નિર્ભય. નિર્ભેળ અને નિર્મળ છે. એ પરમતત્ત્વની અપેક્ષાએ જડ જગત ભયરૂપ છે. ચેતનસ્વરૂપ પરમતત્ત્વ વિહોણું જડજગત નિર્વીર્ય છે. જગતમાં જે કાંઈ જાણવાનું છે તે જગતની જડતા નથી પણ એ જગતમાં રહેલું ચેતન છે. નામ, રૂપ અને આકારયુક્ત જગત સાચું જગત નથી અને તેથી તે જડ છે. પણ એ જડ જગતમાં, એ જડ જગતના વ્યવહારમાં, જે પરમતત્ત્વની શક્તિ વડે ચેતન જણાય છે તે ચેતન પરમતત્ત્વને જાણવું એ જ જગતની સાચી પિછાન છે. એ જગત એટલે પ્રકૃતિની ઓથે રહેલું નામ, રૂપ અને આકારવિહોણું પરમતત્ત્વ. એને પીછવું એ જ જગતનું સાચું જ્ઞાન છે. તે જાણ્યાથી જગત આપોઆપ જાણી શકાય છે. જગતને જ જાણનારો જન્મમરણનો ભાગી બને છે. પરમતત્ત્વને જાણનારો જન્મ અને મૃત્યુના ભયથી મોકળો થઈ નિર્ભયપણે જગતમાં વિચરે છે. જગતમાં રહીને, જગતની સાથે રહીને પણ જગતની જડતાથી મુક્ત રહીને, એ પરમતત્ત્વના ચેતનમાં ભળીને પરમતત્ત્વ જ બની જાય છે. જગતને જગતરૂપે જ જાણવાથી અશાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. જગતનું સુખ ક્ષણિક છે. કારણ કે તે સદા એકરસ રહેતું નથી.

આકાશમાં આવતાં વાદળાં જેમ આવે છે અને વિખેરાય છે તેમ એ સુખ પણ આવે છે અને વિખેરાય છે ત્યારે તેનું નામનિશાન પણ રહેતું નથી. જ્યારે જાગતિક સુખ જતું રહે છે ત્યારે તે તેની પાછળ દુઃખનાં કાળાં વાદળાં મૂકતું જાય છે. પરમતત્ત્વને જાણવાથી શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે અને એ શાશ્વત સુખમાં દુઃખની ભ્રાંતિ સરખી પણ કદી થતી નથી. અને તેથી એ જડજગતની પાછળ ભમવાનું છોડી, ચેતનપરમાત્માને ભજવાનો અહીં શ્રી અવધૂતે સંકેત કર્યો છે. ભૂતપ્રેતાદિક દૈવતોની ઉપાસનાનો સંકેત પણ આ વીંટીઓના ગર્ભમાં રહેલો છે.






સકામવૃત્તિવાળાંઓ પોતાની કામનાની પૂર્તિઅર્થે પૃથક્ પૃથક્ દૈવતોને ભજે છે. કદાચ એક કામના પૂરી થાય તો બીજી અનેક કામનાઓ આગળ ઊભી જ છે. અને તેમાં ને તેમાં અટવાતાં માણસ દુઃખમાંથી ડોકિયું ઉપર કાઢી શકતો જ નથી. માટે એ કામનાઓની પૂર્તિ માટે અનેક ક્ષુદ્ર દૈવતોની પાછળ દોડવાનું છોડી એ બધાના અધિષ્ઠાન–મૂળ શક્તિસ્રોત એ પરમ પરમાત્માની ઉપાસના કરવી જ શ્રેયસ્કર છે. શ્રી અવધૂત ઘણી વાર કહે છે : ''જેમ રાજા રીઝે તો દિવાનથી ચપરાશી સુધીના બધા જ અધિકારીઓ તમને સલામ ભરશે ને અનુકૂળ થશે. તેમ જ સર્વ સત્તાધીશ એ પરમાત્માની સેવા કરી તેને પ્રસન્ન કરશો તો બીજાં બધાં જ દૈવતો અનુકૂળ થશે.''

ભવભયની નિવૃત્તિ અર્થે તો કેવળ એક પરમતત્ત્વની જ ઉપાસના આવશ્યક છે. અહીં શ્રી અવધૂતે જડને તજવાનો આદેશ આપ્યો નથી પણ જડને ભજવાનો જગતમાં જે પ્રઘાત પડ્યો છે, તેમાં જ સર્વસ્વ માનીને જડને ભજતાં, ચેતનને ભૂલવાનો જગતનો જ સ્વભાવ પડ્યો છે તે સ્વભાવના પરિવર્તનની આવશ્યકતા ઉપર જ ભાર મૂક્યો છે. જડભાવના ત્યાગની જરૂર છે. જ્યાં સુધી વ્યવહાર છે ત્યાં સુધી જડજગતની પણ આવશ્યકતા છે. જ્યાં સુધી શરીર છે, શરીરના ધર્મ છે ત્યાં સુધી પણ જડજગતની જરૂર છે. પણ તે અર્થે એ જડજગતમાં તદ્રૂપતા કે તન્મયતાપૂર્વક આસક્તિ રહે અને એ આસક્તિ અને મોહમમતામાં ચેતનને વિસારી મુકાય એ હાનિકારક છે. માયા અને માયાધીશ એ બે ભિન્ન હોવા છતાં આગળ કહ્યું તેમ માયા જેને આધારે છે, જડજગત જેને આધારે ચેતનવંતુ છે અને ક્રિયાશીલ જણાય છે તેને અભિન્નભાવે જોવાની અને અભિન્નભાવે જીવનપ્રવાહ વહેતો રાખવાની જરૂર છે. કેવળ માયાને જ ભજવાથી માયાધીશની પ્રાપ્તિ નથી થતી પણ માયાધીશને ભજવાથી માયાની પ્રાપ્તિ થાય છે છતાં માયાનો દોર ચાલી શકતો નથી. અને તેથી માયાને ભજવાને બદલે માયાધીશને ભજીને, માયાધીશની જ માયા, માયાધીશમાં જ એકરૂપ બનેલી, માયાધીશથી અભિન્ન છે એમ સમજીને તેને પણ ચેતનનું પ્રતિબિંબ માનીને જ જીવન જીવતો, જગતની જડતામાંથી





મુક્ત બનીને ચેતનમાં ભળી જાય છે. અને ત્યારે તેનો જન્મમરણનો ભય નિવૃત્ત થાય છે. પછી તો ભયની ભ્રાંતિ જ રહેતી નથી. માયાનું મૃત્યુ છે. માયાધીશ અમર છે. માયાધીશને આશરે રહેનારો, માયાધીશને શરણે જનારો કદી મૃત્યુ પામતો નથી. અને તે જ મૃત્યુને તરીને અમૃતત્ત્વને પ્રાપ્ત કરી લે છે. 'હું' અને 'તું'નો ભેદ પણ ત્યારે રહેતો નથી. તે પરમતત્ત્વ જ બની જાય છે. ડાળાંપાંખડાંને છોડીને તેથી જ કેવળ થડને જ પકડવાનો અહીં આદેશ કરવામાં આવ્યો છે.

શ્રી ભગવાને અર્જુનને કહ્યું.

'अव्यक्ताद् व्यक्तय: सर्वा: प्रभवन्त्यहरागमे ।
रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्त संज्ञके ॥'

"અવ્યક્તમાંથી જ દિવસનો ઉદય થતાં વ્યક્ત ઉત્પન્ન થાય છે અને રાત્રી થતાં તે પુનઃ તે જ અવ્યક્તમાં સમાઈ જાય છે."

વ્યક્ત એ જડ જગત છે અને અવ્યક્ત એ પરમતત્ત્વ ચેતન છે. અવ્યક્તમાંથી ઉત્પન્ન થયેલું એ વ્યક્ત પણ ચેતનના અંશ વડે જ ચેતનવંતું છે છતાં તે જડ છે. અને તેથી તે જડમાં રહીને એ જડના આધારસ્થંભને જાણવાનો અહીં બોધ છે.

એ આધારસ્તંભ કેવો છે તેનું વર્ણન કરતાં શ્રી અવધૂત કહે છે :

**"મન બુદ્ધિ છે ચાકર જેના, કરતા હરિહર સેવાજી;"**
**"તે વિશ્વંભર નયને નિરખે આપ દિગંબર દેવાજી."**

પરમતત્ત્વ વિનાનું સર્જન પાંગળું છે. પરમતત્ત્વની શક્તિ વડે જ સર્જનમાં ક્રિયાશક્તિનો સંચાર થાય છે. એ ક્રિયાશક્તિનાં સાધન છે મન અને બુદ્ધિ. મન અને બુદ્ધિ સાથે ચિત્ત અને અહંકારનું એકીકરણ થાય છે ત્યારે જ તે અંતઃકરણ કહેવાય છે. એ અંતઃકરણની ક્રિયા જ બહાર સ્થૂળ ક્રિયાના સ્વરૂપે દ્રષ્ટિગોચર થાય છે. એ મન, બુદ્ધિ આદિ સૂક્ષ્મ શરીરનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ સૂક્ષ્મ શરીરને રહેવાનું સ્થૂળ શરીર એ સાધન છે. સ્થૂળ શરીરમાં રહીને એ સૂક્ષ્મ શરીર જ કર્મ અને ક્રિયાઓ કરે છે. કર્મ અને પ્રારબ્ધનું એક વિષચક્ર છે. કર્મ વિના પ્રારબ્ધ નથી અને પ્રારબ્ધ વિના કર્મ નથી. મનુષ્યને અધિકાર છે કેવળ કર્મ કરવાનો અને ફળદાતા છે ભગવાન. મન અને બુદ્ધિ એ પ્રારબ્ધને અનુસરે છે અને પરસ્પર સહાયક બને છે અને તેથી જ ફળદાતા ભગવાનનાં એ ચાકર છે. મન અને બુદ્ધિ તો જડ છે. સંકલ્પ કરવાની કે નિર્ણય કરવાની તેમની શક્તિ નથી; પણ કર્મને અનુરૂપ પરમાત્મા જે ફળ આપે તે પરિપક્વ કર્મના પ્રારબ્ધરૂપે નિર્માણ થયેલા ફળરૂપી ભોગને અનુકૂળ સંકલ્પ મન વડે થાય છે. તે સંકલ્પનો નિશ્ચય બુદ્ધિ વડે થાય છે. પણ મૂળમાં જોઈશું તો એ શક્તિ કે સત્તા મન કે બુદ્ધિની નથી. ફળદાતા ભગવાન મન અને બુદ્ધિની ક્રિયાશક્તિના સંચાલક છે.

અને તેથી જ અહીં મન અને બુદ્ધિને પરમાત્માના ચાકર કહ્યા છે. ઉપનિષદમાં પણ જેની શક્તિ વડે મન મનન કરે છે તે પરમાત્મા છે, જેની શક્તિ વડે બુદ્ધિ નિર્ણય કરે છે તે પરમાત્મા છે વગેરે વાતો કહીને મન અને બુદ્ધિ સ્વયં શક્તિમાન નથી, પણ કોઈકની શક્તિ વડે શક્તિમાન છે એ સિદ્ધ કર્યું છે. તેથી પણ મન અને બુદ્ધિ ઈશના આજ્ઞાધારી સેવકો છે એમ કહેવું શું ખોટું છે ? મન અને બુદ્ધિ સ્વતંત્ર નથી એ સત્ય અહીં શ્રી અવધૂતે મન અને બુદ્ધને 'ચાકર' કહીને સિદ્ધ કર્યું છે.

"કરતા હરિહર સેવાજી."

જેવું મન અને બુદ્ધિનું, તેવું જ હરિ એટલે વિષ્ણુ અને હર એટલે શંકરનું. હરિ અને હર એ પરમાત્માની સેવા કરે છે એમ શ્રી અવધૂતે કહ્યું છે. સર્જનના ત્રણ ગુણ : ઉત્પત્તિ, સ્થિતિ અને લય. એ ત્રણ ગુણને શાસ્ત્રોમાં ત્રણ શક્તિરૂપે વર્ણવ્યા છે. 'બ્રહ્મા' એટલે બ્રાહ્મી શક્તિ. તે ઉત્પત્તિનું જ કાર્ય કરી શકે છે. 'વિષ્ણુ' એટલે વૈષ્ણવી શક્તિ. તે કેવળ પ્રજાનું એટલે સર્જનનું પોષણ જ કરે છે. 'હર' એટલે સંહારક શક્તિ-શૈવીશક્તિ કહેવાય છે. તે કેવળ સંહારનું જ કાર્ય કરી શકે છે. એ બધી શક્તિઓ એક જ પરમાત્માની શક્તિ છે. એ ત્રણે ગુણોના એકીકરણને શાસ્ત્રોમાં ત્રિગુણાત્મક માયા કહેવામાં આવી છે. એ માયાની ઓથે રહીને માયાપતિ, તરણા ઓથે ડુંગર પ્રમાણે, એ શક્તિઓનું જ સહજ ભાવે સંચાલન કરે છે અને તેથી તે પણ મન અને બુદ્ધિ જેવા જ પરમાત્માના સેવક છે. અહીં 'હરિહર' શબ્દોથી બીજા પ્રચલિત દેવદેવીઓનો પણ સંકેત છે. એ સર્વ એક જ પરમાત્માને વશવર્તી છે. એની શક્તિથી જ પોતપોતાનું નિયોજિત કાર્ય કરે છે. કહેવાનો આશય એ છે કે એક જ પરમાત્મા જૂજવે રૂપે અને જૂજવી શક્તિરૂપે મૂર્તસર્જનનું સંચાલન કરી રહ્યો છે. અને તેથી જ તે વિશ્વંભર છે એમ કહેતાં શ્રી અવધૂતે કહ્યું :

"તે વિશ્વંભર નયને નિરખે"

એવી ત્રિગુણાત્મક શક્તિના સ્વામી વિશ્વંભરને નજરે જોવાની વાત કરી છે. અહીં 'ક્ષર' અને 'અક્ષર'થી પર 'પુરુષોત્તમ' પ્રતિ શ્રી અવધૂતે અંગુલીનિર્દેશ કર્યો છે. ગીતામાં શ્રી ભગવાને ગાયેલા પુરુષોત્તમ-પરમાત્માને અનુલક્ષીને તેનાં દર્શન કરનાર, તે જેવો આવરણ રહિત છે તેવો જ આવરણ રહિત બની જાય છે એમ શ્રી અવધૂત કહે છે. એવા વિશ્વંભરને નયને નિરખવા એટલે જ આત્મદર્શન કરવું. જ્યાં સુધી અજ્ઞાનનું આવરણ રહે ત્યાં સુધી એ વિશ્વંભરના દર્શન થતાં નથી. અને જ્યારે અજ્ઞાનનું આવરણ ટળી જાય છે ત્યારે વિશ્વંભરનાં અલગ દર્શન કરવાનાં રહેતાં નથી. એ અંદર-બહાર સર્વત્ર સમરસ પરમતત્ત્વનો અનુભવ કરવો એ જ તેનું દર્શન છે. પરમાત્માનું સત્યસ્વરૂપ જે ત્રિગુણાત્મક માયાથી પર છે તેને જાણીને, અનુભવીને, તેમાં પોતાનો અભિન્ન ભાવે લય કરીને,






જે આત્મસ્થિતિ પ્રાપ્ત કરે છે તે તેના જ જેવો દિગંબર એટલે આવરણ રહિત એટલે માયા અને અજ્ઞાનના આવરણથી મુક્ત કેવળ પરમતત્ત્વ જ બની જાય છે. એ સિદ્ધાંત શ્રી અવધૂતે અહીં પ્રતિપાદિત કર્યો છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની શક્તિઓ તો મર્યાદિત છે. અને તેથી પોતપોતાનાં કાર્યક્ષેત્રમાં જ તેઓ પોતાની શક્તિને અનુરૂપ કાર્ય કરી શકે છે. પણ આગળ કહ્યું તેમ જે પરમતત્ત્વની શક્તિ વડે એ ત્રણે શક્તિઓ કાર્યક્ષમ બને છે તે પરમતત્ત્વ અસીમ શક્તિશાળી છે અને તેથી જ મૂળશક્તિના અખંડ અને અખૂટ સ્રોત, જેને આપણે પરમાત્મા કહીએ છીએ તેના વડે હોવાથી, એ સર્વશ્રેષ્ઠ પરમતત્ત્વને જાણનાર તેના જેવો જ-તદ્રૂપ જ બની જાય છે. અને તેથી જ

"આપ દિગંબર હેવાજી"

એવું શ્રી અવધૂતે કહ્યું છે. મર્યાદિત શક્તિને જાણ્યાથી અમર્યાદને જાણી શકાતો નથી. પણ મર્યાદિત શક્તિને એક સાધન બનાવીને અમર્યાદને અનુભવ્યા પછી મર્યાદિત શક્તિનું કામ પણ રહેતું નથી. પ્રભુને જાણનારને પ્રભુની માયાને વળગી રહેવાનું શું પ્રયોજન ? સાધ્યની પ્રાપ્તિ અર્થેજ સાધન છે. સાધ્યની પ્રાપ્તિ પછી સાધનની શી જરૂર ?

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

"પઢતાં પઢતાં પંડિત પડીયા, સુખ પામ્યા સત્સંગીજી,"
"અંગવસ્ત્ર રંગે રંગારા, રાજ કરે દિલ રંગીજી."

'પંડા' એટલે બ્રહ્મને જાણવાની વિદ્યા-બ્રહ્મવિદ્યા. એ વિદ્યાને કેવળ જાણનાર જ નહીં પણ જાણીને તેનો અપરોક્ષ અનુભવ કરનાર તે પંડિત. શાસ્ત્રોનું શબ્દજ્ઞાન પ્રાપ્ત કરવાથી જ મનુષ્ય શબ્દના ખરા અર્થમાં પંડિત કહેવાતો નથી. શબ્દજ્ઞાનવાળા પંડિત તો જ્ઞાનના અભિમાનમાં અધોગતિ પામે છે. એ પંડિત સમડી જેવો છે. ભલે અસાધારણ વિદ્યાવાન હોય, અસાધારણ વૈખરીને બળે તે સમાજને આંજી નાંખે; પણ જેમ સમડી આકાશમાં ઊડતી હોય છતાં તેની નજર જમીન પર પડેલા માંસના ગોળા પર જ હોય છે તેમ એવા પંડિતોની નજર પરમાત્મા પ્રત્યે હોતી નથી પણ કામિની, કાંચન અને કીર્તિ પ્રત્યે હોય છે. તેથી તે સાચાં પંડિત નથી. અને તેથી જ શ્રી અવધૂતે

'પઢતાં પઢતાં પંડિત પડીયા'

એમ કહીને એવા કહેવાતા પંડિતોની અંતિમ અવસ્થાનો ખ્યાલ આપ્યો છે. એવા પંડિતો નથી તો પોતે પરમ શાંતિ કે સમાધાન પામી શકતા કે નથી બીજાનુંય કાંઈ રાંધી શકતા. અને તેથી એવા કેવળ શબ્દજ્ઞાનવાળા કહેવાતા પંડિતો ભણી ભણીને માનવજીવનનું ઉચ્ચ ધ્યેય પ્રાપ્ત કરવાને બદલે ધન અને કીર્તિની લાલસામાં જીવન વેડફી મારી અધઃપતન નોતરે છે અને જન્મ મરણના ભમ્મરમાં ઊંડા અને ઊંડા તણાતા

જાય છે. એમનું ગૃહજીવન પણ ઘણી વાર ક્લેશમય બને છે અને ઘરમાં કે બહાર કોઈ પણ ઠેકાણે શાંતિ પ્રાપ્ત થતી નથી.

ત્યારે શું આત્મદર્શન માટે પાંડિત્ય જરૂરનું નથી ? હા. આત્મોદ્ધાર માટે પાંડિત્ય જરૂરનું નથી. વેદની, ઉપનિષદની કે ખટશાસ્ત્રોની વ્યાખ્યા કરવાથી અને તેમ કરીને 'अहंब्रह्मास्मि' કહીને ગલીએ ગલીએ ભટકનારો બ્રહ્મ નથી પણ ભરમમાં ભટકાયેલો છે. અને તેનો એ ભરમ ભાંગવાને તો સત્સંગની જ જરૂર છે. અને તેથી જ શ્રી અવધૂત કહે છે :

"સુખ પામ્યા સત્સંગીજી"

આત્મદર્શન કિંવા અપરોક્ષ આત્માનુભવની યોગ્યતા પ્રાપ્ત કરવાને પ્રથમ તો મુમુક્ષાની જરૂર છે. એ જિજ્ઞાસા જાગ્રત કરવા માટે શ્રવણની જરૂર છે. પાત્રતા વિનાનું કે જિજ્ઞાસા વિનાનું શ્રવણ, બાળકને બળતું લાકડું આપવા જેવું છે. જ્યારે પાત્રતા અને જિજ્ઞાસા પ્રાપ્ત થાય ત્યારે શાસ્ત્ર શ્રવણ કરવા માટે સંતના સમાગમની જરૂર છે. શાસ્ત્રો તો ઘેરઘેર પડ્યાં છે. આજકાલના જમાનામાં તત્ત્વજ્ઞાનના પુસ્તકોની ખોટ નથી. પણ પુસ્તક વાંચ્યે તત્ત્વજ્ઞાન થતું નથી. તત્ત્વજ્ઞાન કિંવા આત્મદર્શન માટે તો તત્ત્વનિષ્ઠ અથવા આત્મદ્રષ્ટા સંત પાસે જ તત્ત્વશ્રવણ કરવું જરૂરનું છે. અને તેથી જ સંતોને જંગમ બ્રહ્મજ્ઞાન કહીને તેનું બહુમાન કરવામાં આવ્યું છે. શ્રવણ, મનન અને નિદિધ્યાસન દ્વારા આત્મજ્ઞાન સુલભ થાય છે. એ શ્રવણ ગમે તેવા વાણીવિલાસી પુસ્તકિયા કે ઉપલકિયા વિદ્વાન પાસે કરવાથી કશું જ વળતું નથી. વિદ્વત્તા કરતાં સત્સંગનું મહત્ત્વ અધિક છે. જે સંત હોય, સત્સ્વરૂપને પામેલો હોય તેનો સંગ કરવો. એટલે જ શ્રી અવધૂતના શબ્દોમાં 'સંસર્ગ કે સહવાસ' એ જ સાચો સત્સંગ છે. ફાવે તેવું શ્રવણ કરવું એ સાચો સત્સંગ નથી પણ સત્સંગાભાસ છે, સત્સંગની ભ્રાંતિ છે અને એવી સત્સંગની ભ્રમજાળ પ્રત્યે કટાક્ષ કરતાં જ પરમ સંત શ્રી અખાજીએ

'કથા સુણી સુણી ફૂટ્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન'

એવું કહ્યું છે. એવા સંતો કાંઈ વાટે ને ઘાટે મળતા નથી. પૂર્વનાં પુણ્ય હોય તો જ એવા વિરલ સંતનો સમાગમ થાય છે. અને એવા સમાગમ કે સત્સંગને પરિણામે જ શાશ્વત સુખ અને શાંતિ પ્રાપ્ત થાય છે. જે અધ્યાત્મસાધનથી સંપન્ન છે તે સાચો સાધુ છે. એવા સાધનસંપન્ન સંતની ઓળખ થવી પણ સહેલી નથી. અને તેથી ગમે તેની સભામાં કે પ્રવચનમાં જઈને ગમે તેનાં વ્યાખ્યાનો સાંભળવા કરતાં તો સદ્‌ગ્રંથોનું સેવન કરવું એ શ્રેષ્ઠ છે. ભણ્યા કરતા ગણ્યા કુશળ હોય છે. ભણેલાને ભણતરનું અભિમાન મારે છે. જેણે ભણતર પચાવ્યું છે, જેને આત્માનુભવ થયો છે, તેનો સંગ ઉદ્ધારક છે, તારક છે. અને તેથી જ શ્રી અવધૂતે અહીં ભણતર કરતાં સત્સંગની કિંમત અદકી આંકી છે. સત્સંગનો મહિમા

તો જ્યાં ત્યાં ગવાયો છે. પણ એવા મહિમાવાન સંતનો જ તોટો પડ્યો છે. પરિણામ એ છે કે આત્મનિષ્ઠા સ્થિર કરવાને જે સત્સંગની જરૂર છે તે સત્સંગ સંતનો જ હોવો જરૂરનો છે. જેની આત્મનિષ્ઠા સ્થિર છે તે જ શ્રોતાઓમાં આત્મશાંતિ રેડી શકે છે. જિજ્ઞાસાને દૃઢ કરવાને જેની જિજ્ઞાસા તૃપ્ત થઈ હોય તેવા પાસે જ જવું જોઈએ. તો જ તેના સુખની ઝાંખી આપણે કરી શકીએ અને તેવું સુખ આપણે પણ પ્રાપ્ત કરી શકીએ. સંસારનું સુખ એ સાચું સુખ નથી. એ તો ક્ષણિક સુખ છે અને અંતે દુઃખનું કારણ બને છે. આત્મસુખ એ જ સાચું સુખ છે. તે સાચું સુખ સત્સંગથી પ્રાપ્ત થાય છે અને તેનાથી કદી પણ દુઃખમાં પડાતું નથી પણ આત્મોદ્ધાર કરીને જન્મમરણના ફેરામાંથી મુક્ત થવાય છે.

અનેકવિધ રંગોથી વસ્ત્રોને રંગવાની કુશળતાવાળો રંગારો કેવળ વસ્ત્રોને રંગી જાણે છે. રંગનું વૈવિધ્ય અને રંગની કળાની કુશળતાનો મહિમા જ તેને જ્ઞાત હોય છે. વસ્ત્રના રંગમાં રહેલી રમણીયતા અને રમણીયતાના ગર્ભમાં રહેલો આનંદ તો જે તે રંગેલાં વસ્ત્રો પહેરી જાણે છે અને તેમાં તન્મય બનેલો હોય તે જ જાણે છે. એ રંગનો અનુભવ અને આનંદ જે દિલથી રંગાયેલો છે તે ભોગવે છે. જેણે એ રંગનું વિજ્ઞાન જાણ્યું છે, એ રંગનો મર્મ જે કળ્યો છે તેને જ એ વિવિધ રંગનો આનંદ પ્રાપ્ત થાય છે. જે ઘણું ભણેલો છે, જે ઘણો વાક્પટુ છે, જે વાણીદ્વારા બીજાઓનું મન રંજન કરવાની કળામાં નિપુણ છે તે કેવળ બીજાનાં મનરંજન કરીને જ-બીજાનાં માત્ર વસ્ત્ર રંગીનેજ-તૃપ્તિ માણે છે પણ તેનું યથાર્થ રહસ્ય જાણતા નથી. જે સંત છે તેણે એ પરમતત્ત્વનો મર્મ જાણ્યો છે, અનુભવ્યો છે અને તેથી તેવા સંતના સમાગમમાં સાચું રહસ્ય જાણવાનું અને અનુભવવાનું મળે છે. અને ત્યારે જ અંતઃકરણ ઉપર તેની ઊંડી છાપ પણ પડે છે. પરમતત્ત્વના ગૂઢ રહસ્યના રંગની એ છાપથી જેનું અંતર રંગાયું છે તે દિલરંગી જ ખરો આનંદ ભોગવે છે. જે પોતે રંગાયો છે તે જ બીજાને રંગી શકે છે. રંગારો તો પોતાનો ધંધો કરી જાણે, પણ તે રંગને પસંદ કરનાર તો તે રંગની મહત્તા પોતે જ માણી શકે. જે કેવળ પોથીપંડિત છે તે પોતાના અને બીજાના કેવળ બહિર અંગને જ શણગારી શકે. એ રંગ ક્ષણિક હોવાથી શાશ્વત સુખ કે આનંદ આપી શકતા નથી. પણ જેણે પોતાનું દિલ રંગી નાખ્યું છે પોતાના અંતરંગને આત્મશ્રીથી સુશોભિત કર્યું છે. એટલે કે જેનો જ્ઞાનાનુભવ શ્રી અવધૂત કહે છે તેમ ''હોઠમાં નહીં પણ હૈયામાં ઊંડો ઊતર્યો છે'' તે જ પોતા પર અને વિશ્વ પર રાજ કરી શકે છે. શાશ્વત શાંતિ અને સૌખ્ય માણી શકે છે. અને તેવા સત્પુરુષોના સમાગમમાં આવેલા નિષ્ઠાવાન ભક્તોને પણ તેનો સ્વાદ ચાખવા મળે છે. અને તેથી જ સત્સંગનો આટલો મહિમા છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"સિંચત સિંચત માળી મરતા, સુખ પામે ભોરંગાજી;"**
**"ન્હાતાં ન્હાતાં મરે દેડકાં, મનચંગા ઘટ ગંગાજી !"**

બગીચાનો બાગવાન ભાતભાતનાં ફૂલોનાં ઝાડો વાવે છે, તેની બરદાસ કરે છે, તેને ખાતર કરે છે, પાણી સિંચે છે અને મહેનત કરીને તેને ઉછેરે છે. તેના એ પરિશ્રમનું ફળ ચાખવાનું તેના ભાગ્યમાં નથી. એ પુષ્પના છોડ જ્યારે તે લચી પડે છે ત્યારે તો ભ્રમર જ અહીંથી તહીં એક પુષ્પ પરથી બીજા પુષ્પ પર ઊડીને તે પુષ્પની સુવાસનો જ નહીં પણ તેમાં રહેલા માધુર્યનો પણ આસ્વાદ લે છે. એ પુષ્પનો આસ્વાદ લેવાનું માળીનું ગજું નથી. એને તો આટલું બધું વૈતરું કરવા છતાં એનું પેટિયું જ મળી રહે છે. એના વૈતરાનો સાચો આનંદ તો ભમરાઓ કે ભ્રમરવૃત્તિ-મર્મજ્ઞ સહેલાણીઓ જ માણી શકે છે. તે જ રીતે પરમતત્ત્વનો પરમોત્કૃષ્ટ, શાશ્વત આનંદ કેવળ પંડિતો એટલે શબ્દજ્ઞાનમાં રાચનારા વિદ્વાનોની પહોંચની બહાર છે. એ આનંદ તો જે સારગ્રાહી આત્મનિષ્ઠ સંત છે તે જ માણે છે. એ આનંદ અને એ આત્મસુખ વાગ્-ઉદ્યાનની બાહ્ય શોભામાં રાચનાર માટે નથી.

વળી દેડકાંઓ તો પાણીમાં સ્નાન કર્યા જ કરે છે અને સ્નાન કરી કરીને મરે છે તોય તેની મુક્તિ થતી નથી. સ્નાન એ તેમને મન સ્વાભાવિક છે. તેથી સ્નાનનો મહિમા તેમને સમજાતો નથી. અને તેથી જીવનભર પાણીમાં તરબોળ રહેલાં દેડકાં જેવાં જન્મે છે તેવાં જ મૃત્યુ પામે છે. જો કેવળ બાહ્ય સ્નાનથી જ ઉદ્ધાર થતો હોય તો ઘણાંય જળચર પ્રાણીઓ જે જન્મે છે, જીવે છે અને મરે છે પણ પાણીમાં જ તેમનો ઉદ્ધાર થવો જોઈએ. પણ તેમ થતું નથી. કેવળ બાહ્ય સ્નાનથી મુક્તિ નથી એ વાત સિદ્ધ કરવાને એ પૂરતું છે. મનુષ્ય ભલે તીર્થમાં જાય, ગંગા, યમુના, સરસ્વતી, નર્મદા આદિ પુરાણ પ્રસિદ્ધ પવિત્ર સરિતાઓમાં ખોળિયું બોળે પણ એ સ્નાન અંતરાત્મા સુધી પહોંચ્યું ન હોય, બાહ્ય સ્નાન સાથે વિવેક વૈરાગ્યાદિથી એના અંતરનો મેલ ન ધોવાયો હોય, ત્યાં સુધી એ સ્નાનની કિંમત પણ પથ્થરને પાણીમાં ઝબકોળી બહાર કાઢવા જેટલી જ રહે. અને તેથી જ શ્રી અવધૂત કહે છે :

**'મન ચંગા ઘટ ગંગાજી.'**

જો મન શુદ્ધ હોય તો ગંગા ઘટમાં જ છે. અંતરમાં જ એ પાવનકારી ગંગાનો પ્રવાહ છે. જેનું મન શુદ્ધ છે તેને બાહ્ય ગંગાસ્નાનની જરૂર નથી. કોઈ ગંગાજી જેવા પવિત્ર તીર્થમાં ડૂબકાં માર્યા જ કરે અને ચપટી ચોખા કે પૈસા મૂકી દેવદર્શન કર્યા જ કરે પણ કૃપણના ધનની માફક અંદરનો મેલ સંઘર્યે જ રાખે, બલકે "હું ગંગાસ્નાન કરી આવ્યો છું" એવા ખોટા ખ્યાલથી અહંકારાદિ મેલ વધાર્યે જ જાય અને લોકેષણા






માટે ગંગાપૂજનાદિ વ્યાવહારિક ડોળ કરી દંભ પોષ્યે જ જાય તો એવા તીર્થસ્નાનથી કાંઈ જ પારમાર્થિક લાભ થતો નથી. સર્વથા અંતર્નિષ્ઠા કેવળ બાહ્યાચાર કરતાં અનેક ગણી શ્રેષ્ઠ છે એ જ કહેવાનો અહીં આશય છે. "અમારું મન સારું છે, અમારે ગંગાજીમાં નાહીને શું કરવું છે ? અમે તો મુક્ત જ છીએ." એવો નાસ્તિકવત્ મિથ્યા પ્રલાપ કરી આત્મવંચના અને જગદ્‌વંચના કરનારનો અહીં બચાવ નથી. એવી પ્રમાદ વૃત્તિને પોષનારને તો આધ્યાત્મિક ક્ષેત્રમાં સ્થાન જ નથી એ કહેવાની અહીં જરૂર નથી.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"ગુરુગમ કુંચી દ્વાર બંધ છે, તાળું વિરલો ખોલેજી;"**
**"ધન દાટ્યું મંદિર-શિખરે પણ હાથ ન આવે કોયેજી."**

જેમ કાન વિના સાંભળી શકાતું નથી, આંખ વિના જોઈ શકાતું નથી, નાક વિના સૂંઘી શકાતું નથી, તેમ ગુરુ વિના સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત કરી શકાતું નથી. પોથી વાંચીને ભલે પંડિત બને, પણ બ્રહ્મવિદ્યાનો મર્મ ગુરુ વિના પ્રાપ્ત કરી શકાતો નથી. અને તેથી એ જ્ઞાન "ગુરુગમ્ય" કહ્યું છે. પરોક્ષજ્ઞાન તો પુસ્તક વાંચ્યાથી થશે. બ્રહ્મસત્ય છે, જગત મિથ્યા છે એવી બૌધિક પ્રતીતિ પણ થશે, પણ એનો અનુભવ, એનું વિજ્ઞાન તો જેણે એ જ્ઞાનનો અપરોક્ષ અનુભવ કર્યો હશે તેના અનુગ્રહ વડે જ થશે. બદરીનારાયણ જવું હોય, જનાર અજાણ્યો હોય તેને જેમ ભોમિયાની જરૂર છે તેમ પરમતત્ત્વને પામવા માટે પણ પરમતત્ત્વને જેણે જાણ્યું હોય, બ્રહ્મ જાણીને જે બ્રહ્મ બન્યો હોય તેવા ભોમિયાની જરૂર રહે છે. તે ભોમિયો તે જ શ્રી ગુરુદેવ છે. અનેકવિધ પુસ્તકો વાંચીને જન્મજન્માંતરે ફાંફાં મારીને પણ જે તત્ત્વ પામી શકાતું નથી, તે તત્ત્વ ગુરુની કૃપાથી-કૃપાકટાક્ષથી કેવળ એક જ ક્ષણમાં પ્રાપ્ત કરી શકાય છે. અને તેથી જ દ્વાર બંધ છે અને તેના તાળાની કુંચી ગુરુ પાસે છે એમ કહીને પરમતત્ત્વની પ્રાપ્તિ ગુરુકૃપા ઉપર જ નિર્ભર છે એવું સૂચન કર્યું છે. 'હું બ્રહ્મ-પ્રાપ્તિ કરીશ, હું આત્મદર્શન કરીશ.' એમ કહેનારો કોઈ દિવસ આત્મદ્રષ્ટા બની શકતો નથી એ નિર્વિવાદ છે. ઘણી વાર શ્રી અવધૂત કહે છે : "તત્ત્વજ્ઞાન સમજવું સહેલું છે, સાંભળવું પણ સહેલું છે પણ તેને જીવનમાં ઉતારવું, તેનો અપરોક્ષ અનુભવ કરવો એ જ કપરું છે." સંતોનાં વેણ સાંભળ્યે આરો નથી. એ શ્રવણ કરતાં કરતાં જ્યારે એ શ્રવણનો મર્મ જાણવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, ચિત્તની વૃત્તિ વાચ્યાર્થ તરફથી લક્ષ્યાર્થ તરફ વળવા માંડે છે ત્યારે જ સંતોની કૃપા થાય છે. સંતની કૃપા વિના ઈશ્વરનાં દર્શન દુર્લભ છે. સંતની કૃપા થતાં જ એ પરમાત્મા ક્યાં દૂર છે ? એ વહાલો તો હાજરાહજૂર છે. માત્ર પડદો ઉઘાડવો જોઈએ. મનનો એ પડદો કેવળ ગુરુકૃપાએ જ ઊઘડે છે. ગુરુકૃપા પ્રાપ્ત કરવી મુશ્કેલ છે, કારણ કે ગુરુ





શિષ્યને પોતાની કૃપાનું પાત્ર બનાવે તે પહેલાં તેની આકરી કસોટી કરે છે. સુવર્ણને ચમકાટ મળે અને તેનું પોતાનું પોત પ્રકાશે તે પહેલાં તેની કેટલીયે વાર અગ્નિપરીક્ષા થાય છે અને તેમાંથી પાર ઊતરવું પડે છે. જ્યારે ગુરુની એ આકરી કસોટીમાંથી શિષ્ય પાર ઊતરે છે ત્યારે ગુરુકૃપા દૂર પણ નથી. ગુરુકૃપા થાય ત્યારે ગુરુશિષ્યનો ભેદ પણ રહેતો નથી. ગુરુશિષ્ય એકરૂપ બની જાય છે. શિષ્યના ભવભવની નિવૃત્તિ થાય છે. ગુરુકૃપા થવી મુશ્કેલ છે. સદ્‌ભાગ્યે થાય તો તેને સાચવવી એ તેથીય વિકટ છે: પ્રમાદ થતાં બધુંય કર્યું કરાવ્યું એળે જાય છે. રાત બધી દળીને કોડિયામાં ઓસારવા જેવું થાય છે. તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**'તાળું વિરલો ખોલેજી.'**

પણ એવા વિરલ ગુરુ તો લાખ કરોડે કોક જ મળે. બાકી ગુરુ પણ કેવા ? અને શિષ્ય પણ કેવા ? કલ્પના કરી લેજો.

એ ગુરુગમ કેવી છે તેનું એક સુંદર દૃષ્ટાંત શ્રી અવધૂત આપે છે. અહીં પણ 'ગુરુગમ' વાતો જ છે.

**'ધન દાટ્યું મંદિર શિખરે.'**

એક શ્રીમંત પિતા પોતાના પુત્રો માટે લખલૂટ સંપત્તિ પાછળ મૂકી મરણ પામ્યા. આયતું ધન કોને પચ્યું છે ? વગર મહેનતે પ્રાપ્ત થયેલું એ ધન છોકરાઓએ આડે રસ્તે ચઢી મોજશોખ, વ્યસનબાજી અને સટ્ટાખોરીમાં ગુમાવી દીધું, અને ખૂબ કંગાળ હાલતમાં આવી પડ્યા ત્યારે જૂના કાગળો ફેંદવા માંડ્યા. તેમાં એક ચોપડાના ખૂણામાં ઝીણા અક્ષરે લખેલું એક લખાણ મળી આવ્યું :

"આપણે બંધાવેલા અમુક મહાદેવના મંદિરના શિખરમાં અમુક મહિનાની અમુક તિથિએ અમુક વાગે સૂર્ય આકાશમાં અમુક ઘડીએ ચઢ્યો હતો ત્યારે એક લાખ સોના મહોરો દાટી મૂકી છે. વિકટ પ્રસંગ આવે ત્યારે સાવચેતીથી તે કાઢી લઈ બુદ્ધિપૂર્વક તેનો ઉપયોગ કરવો."

આવું લખાણ મળી આવતાં જ છોકરાઓના હર્ષનો પાર ન રહ્યો. મોટો ભાઈ તો રાતોરાત લોભનો માર્યો બધું જ એકલાએ હજમ કરી દેવાની વૃત્તિથી મંદિરના શિખર પર ચઢી ગયો. ધીમે રહીને તે શિખર બધુંય કોતરી જોયું પણ એક ફૂટી બદામ પણ મળી આવી નહિ. બીજાઓએ એને શિખર પરથી ઊતરતો જોયેલો. સવારે શિખર કોરેલું જોયું. મોટાને પૂછતાં એણે કાંઈ ન મળ્યું એવું વીલે મોઢે કહ્યું; પણ કોણ માને ? ઘરમાં વઢવાડ પેઠી. જે થોડી ઘણી સુખશાંતિ હતી તે પણ ચાલી ગઈ. એક દિવસ વંટોળિયો આવ્યો અને એ શિખર પણ ભોંય ભેગું થઈ ગયું. મિથ્યા લેખ લખ્યા બદલ કોઈ બાપને ગાળો દેવા માંડ્યો, કોઈ મોટાભાઈની બદદાનતની વાતો કરવા લાગ્યો. પણ સૌથી નાનો છોકરો હતો તે બુદ્ધિશાળી હતો. તેણે અંદર અંદર લઢતા પોતાના ભાઈઓને શાંત પાડ્યા

અને પોતાના પિતાની ઓળખાણના એક અતિ શાણા શ્રીમંત સન્મિત્ર પાસે જઈ પોતાની બધી દુઃખદ કહાણી કહી. પેલા શેઠે કહ્યું :

"ભાઈ, તમારા પિતા તો સારા માણસ હતા. તે મિથ્યાલેખ ન લખે. મને એ લખાણ જોવા દો."

છોકરાઓએ શેઠને એ લખાણ બતાવ્યું અને શેઠની સૂચના મુજબ પોતાની ગાંઠના પૈસા ખરચી મંદિરના એ જ જૂના પ્લાન પ્રમાણે એ તૂટી ગયેલું શિખર કુશળ કારીગર પાસે પહેલાંના જેવું તૈયાર કરાવ્યું. પછીથી લેખમાં લખ્યા પ્રમાણે તે મહિનાની તે તિથિના તે સમયે તે શિખરનો પડછાયો જે ઠેકાણે પડે ત્યાં ખોદી જોયું. તેમ કરતા છોકરાંઓને એ દાટેલી લાખ સોનામહોરો લેખ પ્રમાણે અકબંધ મળી આવી જે જોઈ એમના હર્ષનો પાર ન રહ્યો. અને પોતાના પિતાના એ શેઠ પ્રત્યે કૃતજ્ઞતા બતાવી, પિતાને દીધેલા દોષ માટે પશ્ચાત્તાપ કરી, સાવધાનીથી તે પૈસાથી પ્રામાણિક વેપાર-ઉદ્યોગ કરી સુખી થયા.

અહીંયાં શિખરનો માત્ર સ્થૂળ વાચ્યાર્થ લેવાથી છોકરાઓને નિરાશા સાંપડેલી. પણ પેલા વિચારી શેઠે શબ્દનો ઊંડો વિચાર કરી એના લક્ષ્યાર્થમાં ચિત્ત પરોવ્યું અને ગૂંચ ઉકેલી.

આવી જ રીતે કોઈ

"शाब्दे परेच निष्णातः"

શાસ્ત્ર અને અનુભવમાં પૂરો સદ્‌ગુરુ પૂર્વપુણ્યે સાંપડે ત્યારે જ શાસ્ત્રનું રહસ્ય અને અંતરની ગૂંચ ઉકલે છે અને આત્મધનની પ્રાપ્તિ-આત્માનુભવ થાય છે. માત્ર વાતોમાં રમનારને કે સ્વયંબુદ્ધિથી આધ્યાત્મિક ગ્રંથોને પંથે પળનારને આત્માનંદની પ્રાપ્તિ થતી નથી કે સ્વરૂપાનુભવનો છાંટોય મળતો નથી.

આ સમગ્ર ગીતનું રહસ્ય તાત્ત્વિક દૃષ્ટિએ મનન કરીએ તો પરમતત્ત્વ એક જ છે, સર્વ આનંદનું મૂળ એ જ પરમાત્મતત્ત્વ છે અને સદ્‌ગુરુએ ચીંધેલા માર્ગે જવાથી જ એની પ્રાપ્તિ થાય છે, એટલું જ છે.



(૨૯)

(રાગ આસાવરી, તાલ-ત્રિતાલ)

આ ગયા મુકામ અસલી, બાબા !
આ ગયા મુકામ અસલી....ધ્રુવ.

આવન જાવન મિટા અંધેરા, ગયા ઉજેરા નકલી;
કરમધરમકા મિટા ભરમ સબ, પૂરી ફકીરી પા લી. – બાબા. (૧)

ફિકર કિધરકી રહી ન આખર, આતમજ્યોત દિખાઈ;
જીવ પતંગા રહા ન જુદા, જલ કર શિવતા પાઈ ! – બાબા (૨)

બ્રહ્મનગરમેં કિયા નિવાસા, ચરખે આઠ ચલાઈ;
કોઈ સોઈ તાના બાના, નિર્ગુણ સાલ બુનાઈ !! – બાબા (૩)

જીનામરના સુખદુઃખ ભોના, ગરમી શરદી ભગાઈ;
પાર પરકે બૈઠે અબતો, મુરદા હોકર ભાઈ ! – બાબા (૪)

બિના નૈન સબ દિખે તમાસા, ખિલકત ખાખ રમાઈ;
માયા કુત્તિ પૂંછ હિલાવે, આપમેં આપ સમાઈ ! – બાબા (૫)

નાચરંગ હોતા હૈ હરદમ, બાજે કંઈક બજાઈ;
નાચત નાચત થકી ગોપિયાં, જોગનીંદ છવાઈ !! – બાબા (૬)

દિનરૈનાંકા રહા ન ભાસા, નૂરહિ નૂર ઝલાઈ;
દેખે બિરલા રંગ-લારકા, મુખસે કહા ન જાઈ !! – બાબા (૭)

■

શર્વરીના અંધકારપટને હળવો કરવા સૂર્યોદય થાય તે પહેલાં ઉષાનાં આછાં અજવાળાં આભને ઉજાળે છે. તેમ પ્રારબ્ધભોગ પૂરો થવાનો સમય નજીક આવતો જાય, ત્યારે જ્ઞાનની ઉષાનાં આછાં અજવાળાં અંતરને ઉજાળે છે. એ અંતરમાં રહેલો જીવ એ અજવાળાને જોઈને, ઘરભૂલ્યો વિચાર કરે છે : "મારે ઘર નથી ? હું શા સારુ મારગના પા'ણા સમો અહીંથી તહીં ભટકું છું ? શું મને વિશ્રાંતિ નહીં મળે ?" જીવના આ વિચારનું પરિપક્વ પરિણામ શ્રી અવધૂતે આ ગીતમાં ગાયું છે. "વહાંકી બાત ન્યારી હૈ" એ ગીતમાં શ્રી અવધૂતે પરમધામનું શબ્દચિત્ર ચીતર્યું છે. અહીં પણ એ જ પરમધામને "અસલી મુકામ" તરીકે ઓળખાવ્યો છે. પણ એ પરમધામ અથવા અસલી મુકામે પહોંચ્યા પછી ત્યાં પહોંચનારની શી સ્થિતિ થાય છે તેનો ખ્યાલ અહીં આપવામાં આવ્યો છે.

શ્રી અવધૂત કહે છે :

"આ ગયા મુકામ અસલી..."

જીવનો અંતિમ વિશ્રામ ક્યાં ? જ્યાંથી એ આવ્યો ત્યાં જ્યારે એ પહોંચે ત્યારે ત્યાં. અને જીવ એ તો બ્રહ્મનો અંશ છે. કર્મના બંધનથી

બંધાયેલો એ જીવ, જેમ પાણીના શીકર પાણીથી જુદાં પડતાં દેખાય તેમ, બ્રહ્મથી જુદો પડી કર્મના ભોગ ભોગવતો ભવાટવીમાં ભટકે છે. જ્યારે કર્મના બંધનરૂપ પ્રારબ્ધના ભોગ ભોગવીને તેનાથી તે મુક્ત થાય છે, ત્યારે તે પોતાના મૂળસ્વરૂપ સાથે સમરસ બની જાય છે. અને એ જ જીવનો અસલ મુકામ છે. અંતિમ વિશ્રામનું એ ધામ છે. ''દુનિયાનો છેડો ઘર'' એવી એક પ્રચલિત કહેવત પણ છે. મનુષ્ય ગમે ત્યાં ફરે, મુસાફરી કરે, પણ અંતે તો તે ઘેર આવીને જ વિશ્રાંતિનો શ્વાસ લે છે. મુસાફરી ગમે તેટલી સુખાવહ હોય તોય તેને કશે ગોઠતું નથી અને વારે વારે ઘર યાદ આવે છે તેમ, જીવ પણ જ્યારે લક્ષચોરાસી યોનીઓમાં ભટકતો હોય છે ત્યારે પણ તેને પોતાનું ઘર તો યાદ આવે જ છે. પણ મુસાફરીના સુખમાં કોઈક વખત તે ઘરને ભૂલે પણ છે. આમ ભટકતો જીવ જ્યારે કોક જન્મે તેનું પ્રારબ્ધ ક્ષીણ થાય, કર્મનાં બંધનો પૂરેપૂરાં છૂટી જાય ત્યારે બ્રહ્મમાં, પોતાના અસલ સ્વરૂપમાં લીન બની જાય છે, અને ત્યારે જ તે પૂર્ણ વિશ્રાંતિનો સુખદ શ્વાસ લઈ શકે છે. જે જીવન્મુક્ત છે તે દેહ હોવા છતાંય એ અસલી મુકામે પહોંચેલો છે અને અસલી મુકામનો આનંદ માણે જ છે. જ્યાં સુધી પ્રારબ્ધ સર્વાંશે ક્ષીણ થયું નથી ત્યાં સુધી દેહ રહે છે પણ એ દેહના દ્વંદ્વથી અતીત રહે છે; અને તેથી જ દેહમાં રહેવા છતાં દેહથી વિલક્ષણ સ્થિતિનો અનુભવ કરે છે.



**''આઝાદ આત્મારામ હૈં, આનંદસાગર અટપટા;''**
**''નગુરા પિછાને ક્યા ઉસે ? રંગ દેખ વહીં ડટા !!''**

અસલી મુકામે જ્યારે જીવ પહોંચે ત્યારે શું થાય ? એ પ્રશ્નનો શ્રી અવધૂત પ્રત્યુત્તર આપે છે.

**"આવન જાવન મિટા અંધેરા, ગયા ઉજેરા નકલી."**

જીવનો જ્યારે જીવભાવ ટળી જાય છે ત્યારે તે પોતાના સ્વરૂપમાં શિવભાવે સ્થિર થાય છે. અને ત્યારે તે આત્મસ્વરૂપમાં સમરસ બની જાય છે. એ અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે તે દેહમાં રહે તોય દેહનાં કર્મો તેને બંધન ઉપજાવી શકતાં નથી. જેમ સાગરમાં સૂર્યનું પ્રતિબિંબ પડે તે સૂર્યને ભીંજવી શકતું નથી તેમ દેહથી થતાં નિઃસંકલ્પ કર્મો એવા જીવભાવથી મુક્ત આત્માને બાંધી શકતાં નથી. મીઠાની પૂતળી જેમ સાગરમાં મળી, સાગરમાં ઓગળી, સાગરરૂપ બનીને પુનઃ પોતાનું 'પૂતળી'નું સ્વરૂપ ધારણ કરી શકતી નથી તેમ શિવભાવે ભાવિત જીવ પણ પરમતત્ત્વમાં લીન બની પોતાના જીવભાવનો પુનઃ અંગિકાર કરી શકતો નથી. અને તેથી તે જન્મમરણનો ભાર પણ વેંઢારતો નથી. આગળ કહ્યું છે તેમ જન્મ અને મૃત્યુ તો કેવળ પ્રારબ્ધને વશ છે. જેનું પ્રારબ્ધ નથી તેને જન્મ પણ નથી અને મૃત્યુ પણ નથી. જ્યાં સુધી જીવ જન્મ અને મૃત્યુનો ભાર વેંઢારે છે ત્યાં સુધી તેને અસલી મુકામ મળ્યો છે એમ સાધારણ રીતે કહી શકાય નહીં. એ ભાર અનેક જન્મે વેંઢાર્યા પછી કોક જન્મે જ્યારે જીવને સાચું જ્ઞાન થાય ત્યારે આત્મસ્થિતિના સમ્યક વિચાર તેને આવે; અને તે આત્મસ્થિતિ પ્રાપ્ત કરીને જન્મમરણનો ભાર હળવો કરી શકે. કોક પુણ્યાત્માનો એ જન્મ અંતિમ હોય છે ત્યારે તેને જન્મ્યા પછી અને પંચત્વ પામ્યા પહેલાં પણ જીવનમુક્તિ અથવા વિદેહમુક્તિ પ્રાપ્ત થાય છે. અને ત્યારે શ્રી અવધૂતે કહ્યું તેમ "આવન જાવન" મટી જાય છે અને પછી પુનર્જન્મ થતો નથી.

જન્મ અને મૃત્યુ ક્યાં સુધી રહે છે ? જ્યાં સુધી પ્રારબ્ધ સંચિત છે ત્યાં સુધી. જન્મે જન્મે થતાં ક્રિયમાણ કર્મોના સંચયને પરિણામે પ્રારબ્ધનો સંચય વધતો જાય છે અને તેથી જન્મ અને મૃત્યુનું વિષચક્ર પણ વિસ્તૃત થતું જ જાય છે. જ્યારે સંચિત કર્મો પ્રારબ્ધમાં પરિવર્તન પામે, નવાં ક્રિયમાણ કર્મો સંચિત કર્મ તરીકે પરિણામ પામતાં અટકે અને એ રીતે જ્યારે નવું પ્રારબ્ધ ભેગુ ન થાય ત્યારે સંચિત પ્રારબ્ધ ક્ષીણ થતાં જન્મ મરણનો અંત આવે. કચરો નાખવાનો એક કૂવો છે તેમાં એક બાજુથી કચરો નાખતા જઈએ અને બીજી બાજુથી કચરો કાઢતા જઈએ તો એ કૂવામાં કચરો કદી ઘટતો નથી. પણ જૂનો કચરો કાઢી લઈએ અને નવો કચરો નાખવાનો બંધ કરીએ તો કૂવો ખાલી થઈ જાય છે, તેમ જીવ અવસ્થામાં પ્રારબ્ધ ભોગવવાં પડે તે ભોગવીને જો નવાં સકામ કર્મો ન થાય તો, જૂનું પ્રારબ્ધ સ્વયં ક્ષીણ થઈ જાય અને જન્મમરણ ટળી જાય. હાથનાં કર્યાં જ હૈયે વાગે છે. જો હાથ કાંઈ ન કરે તો

હેયે પણ કશું વાગવાનું નથી. અસંગ ભાવે કરેલાં કર્મથી પ્રારબ્ધ બંધાતું નથી. જ્યાં સુધી અજ્ઞાનરૂપી અંધકારથી અંતરનો ઉજાશ ઢંકાયેલો છે ત્યાં સુધી જન્મ મરણના ચક્કરમાં, કુંભારના ચાક ઉપર બેઠેલી માખી જેમ અનિચ્છાએ પણ ફર્યા કરે છે તેમ, જીવ પણ ફરે છે અને કર્મનાં ફળ અનિચ્છાએ પણ ભોગવ્યા કરે છે.

શ્રી ભગવાને જીવમાત્રને તાત્ત્વિક સધિયારો આપ્યો છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

अव्यक्ताद्व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे ।
रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके ॥

''દિવસ આવતાં સૃષ્ટિના પ્રારંભકાળમાં વ્યક્તિઓ અવ્યક્તથી ઉત્પન્ન થાય છે અને રાત્રી આવતાં પ્રલયકાળે તે જ અવ્યક્તમાં લય પામે છે.'' તાત્પર્ય એ છે કે જ્યાંથી જીવ આવ્યો છે ત્યાં અંતે તો જવાનો છે. પણ જેમ એક રોગી જન્મીને મૃત્યુપર્યંત રોગોનો પ્રતિકાર કર્યા વિના જ રોગની પીડાથી રીબાતો અંતે મૃત્યુ પામે છે તેમ, આપણે પણ શ્રી ભગવાને કહ્યું તેમ એ અવ્યક્તમાંથી જ આવ્યા છીએ અને અવ્યક્તમાં જ જવાના છીએ. આપણે આવીએ છીએ ત્યારે કર્મજનિત સંસ્કારનો થર લઈને આવીએ છીએ અને એ થરને ધોઈ નાખીને અંતરને સ્વચ્છ કરવાનો પ્રયાસ કર્યા વિના એ જૂના થર ઉપર નવાં કર્મજનિત સંસ્કારોના થર ચઢાવતા જઈએ છીએ. તેથી જ આપણે જન્મમરણના ફેરા ખાઈએ છીએ અને અજ્ઞાનના અંધકારનો જ અનુભવ કરીએ છીએ. એ અજ્ઞાનના અંધકારમાંથી જ જો આપણે પ્રકાશ પામવો હોય તો કર્મજનિત સંસ્કારોના જૂના થરને ધોઈ નાખવાની અને નવા થરને અંતર ઉપર જામતા અટકાવવાની જરૂર છે. અને તેથી નવાં કર્મ કરતાં અટકીને જૂનાં કર્મનાં પ્રારબ્ધ ભોગવતાં ભોગવતાં એ પરમ પ્રકાશને પામવાનો પુરુષાર્થ કરવાની જરૂર છે. આગળ રોગીનું દૃષ્ટાંત આપ્યું તેને જ આપણે જરા લંબાવીએ. એ જ રોગી જો પોતાના રોગનો પ્રતિકાર કરવાને કોઈ ધન્વંતરિ પાસે જાય, પોતાના રોગનું નિદાન કરાવે અને તેના ઔષધોપચાર કરે તો રોગથી રીબાતો બચે અને યથાકાળે સુખથી પંચત્વ પામે. એ જ અંધકારની અહીં શ્રી અવધૂતે વાત કરી છે. પ્રકાશ આવે છે અંધકારને ટાળવાને. પ્રકૃતિ એ અંધકાર છે. પ્રકાશ પરમાત્મા છે. પ્રકૃતિનો અંધકાર પરમાત્માના પ્રકાશ વડે જ ઉચ્છેદી શકાય છે. અને તેથી જ શ્રી ભગવાને સમગ્ર ગીતામાં અર્જુનને

''योगस्थः कुरु कर्माणि संगंत्यक्त्वा धनंजय।''

X X X X

''तस्मात् सर्वेषु कालेषु मामनुस्मर युध्य च।''

એમ કહીને પ્રકાશ તરફ જ સદાસર્વદા લક્ષ રાખીને અસંગ ભાવે

કર્મ કરવાની સલાહ આપી છે. આપણે મૂળવસ્તુ ઉપર આવીએ. શ્રી અવધૂતે કહ્યું તેમ આવનજાવનનો જે અંધકાર છે તે અસલ મુકામ આવે ત્યારે મટી જાય છે. શિવસ્વરૂપને પ્રાપ્ત થયેલો જીવ, માયાના અંધકાર એટલે અજ્ઞાનથી મુક્ત બને છે. માયાના બંધનોથી મુક્ત એ જીવ પછી એ અંધકારનાં-અજ્ઞાનનાં દર્શન સરખાંયે કરતો નથી. કારણ કે જેમ પાણીમાં પાણી ભળી જાય, પ્રકાશમાં પ્રકાશ ભળી જાય, તેમ પ્રકાશમય જીવ જ્યારે પ્રકાશમય આત્મા સાથે ઐક્ય સાધે ત્યારે જીવશિવનો ભેદ રહેતો નથી અને એકબીજાથી અભિન્ન બની જાય છે. અને એટલે જ શ્રી અવધૂતે કહ્યું તેમ.....

"આવન જાવન મિટા અંધેરા....."

અને પછી જ્યારે ખરા પ્રકાશનો જીવને અનુભવ થાય છે ત્યારે નકલી અજવાળું એટલે માયાનો જે નકલી ચળકાટ છે તેની ઓરામાં પણ જીવ અંજાતો નથી. એ નકલી અજવાળું શું ? શ્રી અવધૂતે અજ્ઞાનને જ 'નકલી ઉજેરા' કેમ કહ્યું ? એ પણ થોડા વિચારનો વિષય બને છે. હીરો અને કાચ બન્ને પાસે પાસે મૂક્યા. અંધકારમાં હીરો ચળક્યો પણ કાચ અંધકારમાં અંધકાર સાથે ભળી ગયો. કાચ પરપ્રકાશક છે તેમ જગત પરપ્રકાશક છે. હીરો સ્વપ્રકાશક છે તેમ પરમાત્મા સ્વપ્રકાશક છે. કાચનો પ્રકાશ પરાવલંબી છે અને તેથી નકલી છે. હીરાનો પ્રકાશ સ્વાવલંબી છે અને તેથી અસલી છે. અને તેથી જ શ્રી અવધૂતે.....

ગયા ઉજેરા નકલી

એવું કહ્યું.

'हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम्'

હિરણ્મય પાત્ર વડે સત્યનું મુખ ઢંકાયેલું છે. ઉપનિષદના એ વેણનો આપણે વિચાર કરીએ એટલે આપણે 'નકલી ઉજેરા' શું તે સમજી શકીશું.

'સત્ય' એટલે 'બ્રહ્મ' અને તે આદિત્ય વર્ણ છે. અને 'તમ' એટલે ગાઢ અંધકાર. એટલે 'બ્રહ્મ' એટલે ગાઢ અંધકાર-તમથી પર કેવળ પ્રકાશ જ છે. પણ એ પ્રકાશપુંજ પરમાત્મા સુવર્ણને ઢાંકણે ઢંકાયેલો છે. એટલે માયાને ઓથે રહેલો છે. સુવર્ણનો ચળકાટ કિંવા પ્રકાશ આંખને આંજી દે છે અને મોહક જણાય છે, તેમ એ માયાનો અંધકારમય છતાં મોહકપ્રકાશ પણ જીવને પોતાના પ્રકાશ વડે-પોતાના પ્રભાવ વડે, જેમ દીપકનો પ્રકાશ પતંગને આકર્ષે છે તેમ, આકર્ષણ કરે છે. માયાનો એ મોહકપ્રકાશ એટલે વિશ્વ અને વિષયો તરફ જીવની અભિરુચિ. મન સહિત બહિર્મુખ ઇંદ્રિયો પરમાત્માની માયાની ઓથે રહેલા સત્યસ્વરૂપને અને તેના પ્રકાશને પામી શકતી નથી, પણ માયાના એ અંધકારમય પ્રકાશરૂપ વિષયોને જ જુએ છે અને તેના નકલી ઉજાસમાં જ અંજાઈ જાય છે. માટીના આવરણથી ઢંકાયેલો હીરો જેમ એ આવરણ દૂર થાય ત્યારે જ પોતાનો સ્વપ્રકાશ





પ્રગટાવી શકે છે તેમ જીવભાવે ભાવિત આત્મા પણ માયાના આવરણથી ઢંકાઈને, મલિન બનેલા દર્પણમાં જેમ મુખ જોઈ શકાતું નથી તેમ, પોતાના પ્રભાવને પ્રગટાવી શકતો નથી. બ્રહ્મ અને માયાનું પણ તેવું જ છે. બ્રહ્મ સ્વપ્રકાશ છે. માયા પરપ્રકાશ છે એટલે બ્રહ્મના પ્રકાશે પ્રકાશિત છે. જીવ અને બ્રહ્મની વચ્ચે એ માયાનો અંતરાય દર્પણ ઉપરના મલિન થર જેવો છે. જીવને બ્રહ્મના પ્રકાશનો અનુભવ નથી અને તેથી માયાના પ્રકાશને જ બ્રહ્મનો પ્રકાશ માનીને તેની ઓરામાં જીવ અંજાઈ જાય છે. એટલે તેને બ્રહ્મનું અથવા માયાના પ્રકાશની ઓથમાં રહેલા બ્રહ્મના પ્રકાશનું જ્ઞાન થતું નથી. માયાનો એ પ્રકાશ, આગળ કહ્યું તેમ, કાચના પ્રકાશ જેવો નકલી છે. અને અહીં શ્રી અવધૂતે કહ્યું તેમ જીવને જ્યારે 'સત્'ના પ્રકાશનો અનુભવ થાય ત્યારે એ **'ગયા ઉજેરા નકલી'** એ વાતનો અનુભવ કરી શકે. જીવ જ્યારે બ્રહ્મમાં લીન બની જાય ત્યારે 'સત્'ના પ્રકાશને પામી ઝાંઝવાંના જળ જેવા અજવાળાનો તેનો ભ્રમ દૂર થાય છે. જીવ ભ્રમરહિત બને છે ત્યારે જ તેનું આત્મૈક્ય પૂર્ણ થાય છે.

આત્મા સાથે એકાકાર બનેલો જીવ પછી આત્મા જ બની જાય છે. જીવાત્મા અને પરમાત્મા એ બે શબ્દોમાંથી 'જીવ' અને 'પર' એ બે શબ્દોનો છેદ કરીએ તો બન્નેમાં કેવળ 'આત્મા' રહે છે. મહાદાકાશ અને ઘટાકાશ એ બેમાંથી 'મહદ' અને 'ઘટ' એ બે શબ્દોનો છેદ કરીએ તો કેવળ આકાશ રહે છે. ત્યાં ભેદ જેવું કશું જ નથી, તેમ જીવાત્મા અને પરમાત્મામાં દેખાતા ભેદના કારણનો છેદ કરીએ તો સર્વત્ર આત્મા જ શેષ રહે છે. એવી સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી શ્રી અવધૂત કહે છે તેમ

**"કરમધરમકા મિટા ભરમ સબ,"**

એટલે આત્મસ્થિતને પછી કર્મ અને ધર્મ કેવળ ભ્રમણા જ લાગે છે.

કર્મ અને ધર્મની મર્યાદા ક્યાં સુધી ? દર્પણની મલિનતા દૂર કર્યા પછી એ મલિનતા દૂર કરવા માટે પાણી વગેરે જે સાધનોનો ઉપયોગ કર્યો હોય તે સાધનોની આવશ્યકતા રહે ખરી ? મલિન દર્પણ સ્વચ્છ બન્યા પછી તેમાં મુખ જોવા માટે કોઈ વધુ પુરુષાર્થની જરૂર ખરી ? ચિત્તને કોરા કાગળ જેવું સ્વચ્છ કર્યા પછી તેને સ્વચ્છ કરવાની જરૂર ખરી ? અગ્નિના બે તણખા પરસ્પર ભેળા થયા પછી તે છૂટા પડશે ખરા ? જુદા જણાશે ખરા ? આ બધાય પ્રશ્નોનો એક જ જવાબ છે 'ના'.

કર્મ કર્યાથી કે ધર્મનો બાહ્યોપચાર કર્યાથી આત્મસાક્ષાત્કાર થતો નથી.

**नोत्पद्यते विना ज्ञानं विचारेणान्यसाधनैः।**



વિચાર વિના અન્ય કોઈ પણ સાધનથી જ્ઞાનનો ઉદય થતો નથી. અને તેથી કર્મ કે ધર્મનો બાહ્ય આચારમાત્ર જ્ઞાન પ્રાપ્ત કરવામાં સહાયક

નથી પણ એ સાધનો આત્મસાક્ષાત્કારનો માર્ગ સાધકને માટે સરળ બનાવી આપે છે. અને તેટલા જ હેતુ અર્થે કર્માચરણ કે ધર્માચરણ આવશ્યક છે. સમ્યક્ જ્ઞાન વિના આત્મોપલબ્ધિ થતી નથી. સમ્યક્ જ્ઞાન એટલે સાચું જ્ઞાન. સમ્યક્ જ્ઞાન કેવળ જ્ઞાનપ્રાપ્તિથી એટલે વેદવેદાંત કે ઉપનિષદોના શબ્દજ્ઞાનથી થતું નથી પણ એ શબ્દજ્ઞાન દ્વારા બુદ્ધિનો જે વિકાસ થાય છે તેને વિચાર દ્વારા અનુભવની સરાણ પર ચઢાવીને, એ શબ્દજ્ઞાનના ગર્ભમાં રહેલો મર્મ છે તે કળી શકાય. પછી ગુરુ અને ગુરુકૃપા દ્વારા એ સમ્યક્ જ્ઞાનનો અનુભવ એટલે વિજ્ઞાન પ્રાપ્ત થાય, ત્યારે જ આત્મસાક્ષાત્કાર થાય એવો શાસ્ત્રોનો નિચોડ છે. અને તેથી જ્ઞાનપ્રાપ્તિ અર્થે વાચન કરતાં વિચારને વધુ આવશ્યક લેખવામાં આવે છે.



મળ, વિક્ષેપ અને આવરણ એ ચિત્તના ઉપર ચઢેલા મેલના થર છે. એ થરને દૂર કરવાના ઉપાય તરીકે કર્મ, ઉપાસના અને જ્ઞાન એમ ત્રણ સાધનોની શાસ્ત્રોએ વ્યવસ્થા કરી છે. અને તેથી કર્મ સાધકને કેટલે અંશે સહાયક બને છે તે જોઈએ. કર્મ, ઉપાસના અને જ્ઞાન આત્મસાક્ષાત્કારમાં સહાયક બને છે કે કેમ ? અને જો બનતાં હોય તો કેટલી હદ સુધી તેનો પણ વિચાર કરવો ઘટે.

આપણે આગળ જોયું છે કે,

वाग्वैखरी शब्दझरी शास्त्रव्याख्यानकौशलम् ।
वैदुष्यं विदुषां तद्वद् भुक्तये न तु मुक्तये ॥

એ શ્લોકનું તાત્પર્ય એટલું જ છે કે વાણી દ્વારા શ્રોતાઓને મુગ્ધ કરી દે એવા ધારાપ્રવાહ ભાષણો અને શાસ્ત્રોની વ્યાખ્યા કરવામાં કુશળતા પ્રાપ્ત કર્યાથી કે વિદ્વતા પ્રાપ્ત કરીને વિદ્વાન લેખાયાથી મુક્તિ મળતી નથી પણ તે કેવળ ભક્તિના સાધનરૂપ બને છે. અને તેથી એ લક્ષણોવાળી વિદ્યા દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન આત્મસાક્ષાત્કારના માર્ગમાં સહાયક બનવાને બદલે અહંકારવર્ધક હોવાથી અવરોધક બને છે. વિદ્વત્તા શ્રમસાધ્ય છે અને જ્ઞાન કૃપાસાધ્ય છે. કૃપાસાધ્ય જ્ઞાનને પ્રાપ્ત કરવા માટે અધિકારી બનવું પડે છે. એ અધિકાર ચિત્ત શુદ્ધ થવાથી મળે છે. એ ચિત્તશુદ્ધિ અર્થે જ કર્મ અને ઉપાસનાની જરૂર છે. પણ એ કર્મ અને ઉપાસનાનો કેવળ કૃત્રિમ આચાર ચિત્તશુદ્ધિમાં સહાયક થતો નથી. એ આચારમાં પણ જ્યાં સુધી વિચારનું બળ રહે નહીં ત્યાં સુધી આચાર કરનાર પણ કોરા પથ્થર જેવો જ રહે છે. જેમ પાષાણ ઉપર સંખ્યાબંધ ઘડાઓથી પાણી રેડીએ તો પણ તે પાણીની એ પાષાણને જરાય અસર થતી નથી, તેમ કેવળ આચાર કરવાથી જ ચિત્તશુદ્ધિ થતી નથી; પણ વિચારપૂર્વક આચાર થાય તો જ ચિત્તશુદ્ધિમાં સહાયક બને છે. અને તેથી કર્મ, ઉપાસના કે જ્ઞાનની પ્રણાલિકાઓમાં પણ તેના આચાર સાથે તેના પરિણામના વિચારની આવશ્યકતા છે. જેમ સુવર્ણ ઉપર ચઢેલા મેલના થરને દૂર કરવા માટે તેને અગ્નિમાં તપાવવો પડે છે

તેમ, અથવા દર્પણ પર ચઢેલા મેલના થરને કાઢી નાખવા માટે અને દર્પણને સ્વચ્છ કરવા માટે પાણીનો ઉપયોગ કરવો પડે છે તેમ, જન્મજન્માંતરના ચિત્ત ઉપર કર્મજન્ય સંસ્કારોના જે થર ચઢેલા છે તે થરને સ્વચ્છ કરીને ચિત્તને શુદ્ધ કરવા માટે શાસ્ત્રોએ કર્મનું વિધાન કરેલું છે. કર્મ કેવળ ચિત્તશુદ્ધિ અર્થે થાય ત્યારે જ કર્મ કરવાથી ચિત્ત શુદ્ધ થાય છે એમ કહી શકાય. જો કર્મમાં પણ કામના રહી જાય તો એ કર્મ ચિત્ત શુદ્ધ કરવામાં નિષ્ફળ નીવડે છે, એટલું જ નહીં પણ કામનાજન્મય કર્મ ચિત્ત ઉપર નવો મલિન થર ચઢાવતું જાય છે; અને તેથી જ જેમ કાંટો કાંટે કાઢી શકાય છે તેમ કામ્ય કર્મનો ત્યાગ કરીને નિત્યનૈમિત્તિક કર્મો નિષ્કામભાવે કરવાથી જ કર્મના બંધનોથી મુક્ત થવાનું શાસ્ત્રોએ સૂચવ્યું છે.

ચિત્તશુદ્ધિમાં મળ, વિક્ષેપ અને આવરણ એ ત્રણ અવરોધક છે એમ શાસ્ત્રોએ કહ્યું છે. પૂર્વ જન્મનાં પાપકર્મોના પરિણામરૂપ ચિત્તની અશુદ્ધતા એટલે મળ. મનની ચંચળતા-વિષયો તરફ જવાની મનની પ્રવૃત્તિ એટલે વિક્ષેપ. સત્યજ્ઞાનના ઉપર એ મળ અને વિક્ષેપના કારણે આવેલો અજ્ઞાનનો પડદો એટલે 'આવરણ'. કર્મ કરીને મળનો નાશ કરવાનું, ઉપાસના કરીને વિક્ષેપનો નાશ કરવાનું અને જ્ઞાન પ્રાપ્ત કરીને અજ્ઞાનના આવરણનો નાશ કરવાનું શાસ્ત્રોએ કહ્યું છે.

જન્મજન્માંતરના કર્મજન્ય સંસ્કારો દ્વારા જામેલો મળ ચિત્તને મલિન બનાવે છે. આપણે શરીરનો વિચાર કરીએ તો શરીરસુખાકારી માટે મળશુદ્ધિ આવશ્યક છે. એ મળશુદ્ધિના અભાવે શરીરમાં અનેક પ્રકારના વિકારો પેદા થાય છે અને શરીર અસ્વસ્થ રહે છે. કર્મજન્ય જન્મજન્માંતરના સંસ્કારોને કારણે તે જ રીતે ચિત્ત અસ્વસ્થ રહે છે અને તેથી તે ધ્યેયનિષ્ઠ બની શકતું નથી અને જ્યાં ત્યાં ભટકતું ફરે છે. જેમ મળથી વિક્ષિપ્ત બનેલો એક રોગી સદાય બેચેન રહે છે અને મળની નિવૃત્તિ અર્થે વૈદ્યો અને ડાક્ટરોને ત્યાં ફરતો ફરે છે તેમ માનસિક મળથી વિક્ષિપ્ત બનેલો માનવી પણ અસ્વસ્થ રહે છે. મળની નિવૃત્તિ અર્થે જેમ રેચક ઔષધની જરૂર છે તેમ ચિત્તના મળની નિવૃત્તિ અર્થે વિશુદ્ધ કર્મની આવશ્યકતા છે. એ કર્મ કરતાં કરતાં જ્યારે ચિત્ત સ્વસ્થ થવા આવે છે ત્યારે તેની ચંચળતા દૂર કરવા માટે ઉપાસનાનો બીજો પ્રયોગ છે. ઉપાસના કરતાં કરતાં જ્યારે ઈશકૃપા થાય ત્યારે કોઈ સદ્ગુરુદ્વારા તેને જ્ઞાન પ્રાપ્ત થાય છે અને ત્યારે તેનું અજ્ઞાન દૂર થાય છે અને જ્ઞાનની જ્યોતિમાં આત્મદર્શન થાય છે.

જ્ઞાન એટલે શું તેનો પણ આપણે થોડો વિચાર કરીએ. શ્રી રામચંદ્રજીએ કહ્યું :

बुद्धिप्राणमनोदेहाहंकृतिभ्यो विलक्षणः।
चिदात्माहं नित्यशुद्धो बुद्ध एवेति निश्चयम्॥

येन ज्ञानेन संवेत्ते तज्ज्ञानं निश्चितं च मे।
विज्ञानं च तदेवैतत् साक्षादनुभवेद् यदा॥

''હું નિત્ય છું, બુદ્ધ છું, શુદ્ધ છું. ચૈતન્યસ્વરૂપ આત્મા છું અને બુદ્ધિ, પ્રાણ, મન, શરીર અને અહંકારથી વિલક્ષણ છું એવું જે સાધન દ્વારા નિશ્ચિત થાય તે સાધન જ્ઞાનનું સ્વરૂપ છે. આ વિલક્ષણતાનો જ્યારે અનુભવ થાય છે, એ વાત જ્યારે જીવનમાં ઊતરે છે, ત્યારે તે વિજ્ઞાન કહેવાય છે.''






આત્માની પ્રકૃતિથી વિલક્ષણ અવસ્થાનો જ્યારે જ્ઞાન અને વિજ્ઞાનની આ વ્યાખ્યા અનુસાર સાધકને અનુભવ થાય છે, જ્યારે એ અનુભવને સાધક જીવનમાં આચારમાં મૂકે છે ત્યારે તે સાચો જ્ઞાની બને છે. આમ ઉપાસના અને જ્ઞાન દ્વારા આત્માનું સત્યસ્વરૂપ સમજી શકાય છે, અનુભવી શકાય છે. એ અનુભવ કર્યા પછી કર્મ, ધર્મ અને ઉપાસનાની મર્યાદા પૂરી થાય છે. પછી નથી કર્મની જરૂર, પછી નથી ધર્મની જરૂર કે નથી જ્ઞાનની જરૂર. જ્ઞાનીને જ્ઞાનની ઉણપ હોતી નથી. સૂર્યને પ્રકાશની ઉણપ હોતી નથી.

અહીં ધર્મ એટલે શાસ્ત્રે કથેલી અનેકવિધ આચારવ્યવસ્થા. આત્મતત્ત્વની પ્રાપ્તિ અર્થે જે વ્યવસ્થિત જીવનની જરૂર છે તે જ ધર્મ. ધર્મની શાસ્ત્રીય વ્યાખ્યા કરીને પાનાં ભરવાની જરૂર નથી. ઉપાસનાનું પણ તેવું જ છે. ઉપાસના એટલે રોજની ટેવ પ્રમાણે દેવમંદિરમાં બેસી અથવા ઘરને આંગણે પાણી, ચંદન, પુષ્પ વગેરેથી દેવનું પૂજન કરવું એટલું જ નથી. ઉપાસનાનો અર્થ જ દેવ અને ગુરુની સન્મુખ શિષ્યભાવે બેસી, તેમાં તન્મય બની, પરમતત્ત્વનું ધ્યાન કરવું તે છે. એ રીતની ઉપાસના જ ફળદાયી બને છે. દેવને કેવળ પાણી, ચંદન, પુષ્પ આદિ ઉપચારો અર્પણ કરીએ ત્યારે હાથના એ વિધિ સાથે ચિત્તનું ઐક્ય ન હોય અને ચિત્ત માયામાં ચગડોળે ચઢ્યું હોય તો તે સાચી ઉપાસના નથી. એ વિધિની સાથે ચિત્ત પણ એ વિધિમાં જ પરોવાયું હોય અને તે રીતે કાર્યમાં તન્મયતા સિદ્ધ થાય ત્યારે તે ઉપાસના ચિત્તનો વિક્ષેપ દૂર કરવાને સમર્થ બને. એ જ રીતે આગળ કહ્યું તેમ જ્ઞાન પણ કેવળ શબ્દજ્ઞાન નથી. શબ્દના જ્ઞાનથી જ જો અર્થ સરતો હોય તો આજના જમાનામાં જ્ઞાનનાં અનેક પુસ્તકો સુલભ છે અને તે વાંચીને બધા જ આત્મજ્ઞાની બની શકે. પણ તેમ નથી. પુસ્તકિયા જ્ઞાન દ્વારા પરમાત્મશક્તિ સંબંધે જે કાંઈ જાણવાનું મળ્યું હોય તેનો અનુભવ લેવો એ જ સાચું જ્ઞાન છે. તેવા જ્ઞાન દ્વારા જ ચિત્તની શુદ્ધિ થાય છે. એવું જ્ઞાન તો ગુરુના અભાવે પ્રાપ્ત થવું સંભવિત નથી અને તેથી જ શાસ્ત્રોએ ગુરુનો મહિમા ગાયો છે. આમ કર્મ, ઉપાસના અને જ્ઞાન એ ચિત્તશુદ્ધિનાં સાધનો છે. જ્યાં સુધી ચિત્તશુદ્ધિ થતી નથી ત્યાં સુધી અપરોક્ષ અનુભવ શક્ય જ






નથી. ચિત્તશુદ્ધિ પછી અપરોક્ષ અનુભવ અર્થે ગુરુકૃપાની આવશ્યકતા છે. જ્યારે સાધકનું શુદ્ધ ચિત્ત ગુરુની કૃપાને ઝીલવાને પાત્ર બને છે ત્યારે તેણે ગુરુને શોધવાની પણ જરૂર રહેતી નથી. ગુરુ તેને ઘર આંગણે આવીને જ તેને અપરોક્ષ અનુભવ કરાવે છે. અને તેથી શ્રી અવધૂત ઘણીવાર કહે છે : "સાચા અર્થમાં શિષ્ય બનો, શિષ્યની યોગ્યતા પ્રાપ્ત કરો, શિષ્યભાવ કેળવો. પાકા શિષ્ય બનશો ત્યારે તમારે ગુરુને શોધવા જવું નહીં પડે. તમારે આંગણે આવી સદ્‌ગુરુ તમારો હાથ ઝાલી આત્મોપલબ્ધિ કરાવી દેશે." યદુ અવધૂતના સંવાદનો પણ એ જ સાર છે. પાષાણથી માંડી કીડી સુધીના ચરઅચર સંસારના પ્રત્યેક પદાર્થને ગુરુભાવે નિહાળી શિષ્યભાવે તેનો સાર ગ્રહણ કરવો એ જ સાચો શિષ્યભાવ છે. અસ્તુ.

કર્મની અને ધર્મની મીમાંસા કરવાનો અહીં અવકાશ નથી. કોક સ્થળે કરીશું. આત્મસાક્ષાત્કાર થતાં આગળ કહ્યું તેમ કર્મધર્મની ભ્રમણા ટળી જાય છે. કર્મધર્મનું ક્ષેત્ર પણ ત્યારે જ પૂરું થાય છે. આત્મદર્શન વિનાનો સાધક અધૂરો જ છે. આત્મસાક્ષાત્કાર થતાં જ ભિન્ન અભિન્નમાં ભળી જાય છે, અભિન્ન બને છે. તેને કર્મ પણ નથી રહેતાં અને ધર્મ ધર્મ પણ નથી રહેતો, એટલું જ નહીં પણ તે પોતે જ કર્મ અને ધર્મનું સ્વરૂપ બની જાય છે. જેની પ્રાપ્તિ અર્થે સાધક સાધન કરે છે તેની પ્રાપ્તિ થયા પછી તે સાધક રહેતો જ નથી. સાધન, સાધક અને સાધ્ય એ ત્રિપુટીનો સાધ્યમાં જ લોપ થઈ જાય છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**'કરમધરમકા મિટા ભરમ સબ.'**

જ્યારે આત્મસાક્ષાત્કાર થાય છે ત્યારે એ કર્મ અને ધર્મ કેવળ ભ્રમણા જેવાં જ ભાસે છે. સ્વપ્નમાં ભિખારી બનેલા સમ્રાટને જાગ્રત થતાં જેમ ભિખારીઅવસ્થા ભ્રમણામૂલક જણાય છે તેમ અનુભવસિદ્ધ જ્ઞાન સાધ્ય કરીને આત્મતત્ત્વથી અભિન્ન બનેલા સાધકને પણ એ કર્મ અને ધર્મ ભ્રમણામૂલક જ જણાય છે. જગત અને બ્રહ્મમાં અભિન્નભાવ થતાં તેને બ્રહ્મમાં જગત અને જગતમાં બ્રહ્મ ભાસે છે.

પણ એનો અર્થ એવો નથી કે આત્મસ્થિત એદી બની જાય છે. શ્રી અવધૂતે એક વખત એક પ્રતિષ્ઠિત વ્યક્તિને કહ્યું : "બ્રહ્મને જાણીને બ્રહ્મ બનેલાને કર્મ કે ધર્મ નથી અને તેણે કશું જ કરવાનું રહેતું નથી એ બરાબર છે, પણ બ્રહ્મસ્વરૂપ બનેલો કશું કરતો નથી એમ કહેવું એ વાજબી નથી." શ્રી ભગવાને અર્જુનને કહ્યું, "મારે કંઈ પણ કર્મ કરવાનું નથી છતાંય હું કર્મ કરું છું. કેમ ? મારા આચાર જોઈને લોકો પણ એ પ્રમાણે કરે એ અર્થે લોકસંગ્રહાર્થે હું કર્મ કરું છું." જીવન્મુક્તને માટે પણ શ્રી ભગવાનના એ શબ્દો અક્ષરશઃ બંધબેસતા છે. જીવન્મુક્ત કશું જ કરતો નહીં હોવા છતાંય બધું જ લોકસંગ્રહાર્થે કરે છે. મહાન પુરુષોના આચાર બીજાઓને માટે આદર્શ બને છે. મહાન પુરુષોના વિચાર

બીજાઓને માટે શાસ્ત્રો બને છે અને તેથી બ્રહ્મસ્વરૂપ મહાન પુરુષોને કશું જ કરવાનું રહેતું નથી. છતાંય લોકસંગ્રહાર્થે તે સહજ ભાવે કર્મ કરે છે, ધર્મના આચાર પણ કરે છે અને તેમ કરીને જગતને પ્રેરણા આપે છે. પણ એ કર્મ અને ધર્મનાં બંધનોથી તે મોકળો હોય છે.






રાત્રીનો અંધકાર ટળી જતાં સૂર્યના પ્રકાશમાં જેમ અંધકાર નથી તેમ આત્મસ્વરૂપને પ્રાપ્ત કર્યા પછી એ કર્મ અને ધર્મની ભ્રમણા જ્યારે ટળી જાય ત્યારે તેને કશી જ ફિકર રહેતી નથી. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

**"પૂરી ફકીરી પા લી."**

સાધક આત્મદર્શન કરીને ફકીર બની જાય છે. ફકીર એટલે ? ફિકરની ફાકી કરે તે ફકીર. અને ફિકર ક્યાં સુધી ? જ્યાં સુધી દ્વૈત છે ત્યાં સુધી. 'બ્રહ્મ' અને 'જગત' એ દ્વૈતનો જ્યાં સુધી ભ્રમ છે ત્યાં સુધી જ જીવ એ ભ્રમણામાં દ્વિધાચિત્ત રહે છે અને એ જ એની ફિકર છે. સંસારીને તો ઘણીય ચિંતા છે પણ પરમાર્થને માર્ગે જનારા સાધકને તો માત્ર બ્રહ્મદર્શનની જ ચિંતા હોય છે. અને એ ચિંતા ટળી જાય ત્યારે એ પૂરો ફકીર બની જાય છે. માયાની જાળમાં જકડાયેલો જીવ, "હું દેહ છું" એમ માનીને દેહને અનુસરતી બધી જ ચિંતામાં સદોદિત મશગૂલ રહે છે. એ ચિંતામાં જ એનું ચિત્ત પરોવાયેલું હોવાથી પોતાનું શુદ્ધ સ્વરૂપ શોધવાનો પણ તેને અવકાશ મળતો નથી, એટલું જ નહીં પણ તેને ઇચ્છા પણ થતી નથી. અને એટલે અંશે તે પોતાનું પશુવત્ જીવન ગાળતો ફરે છે અને એ ચિંતામાં જ - દેહનાં સુખની ચિંતામાં જ તે આત્મસુખથી વંચિત, જીવન વેડફી નાખે છે.

પણ શ્રી અવધૂતભાખ્યો આ ફકીર એટલે ? ચૌદ બ્રહ્માંડનો એ સમ્રાટ ! શ્રી અવધૂતે કહ્યું છે પણ ખરું

**"ચૌદ બ્રહ્માંડ મેરી ઝોલી મેં."**

અને એ સમ્રાટનો આનંદ એટલે ? આનંદ એનાથી ભિન્ન નથી. એ સ્વયં આનંદનો અવતાર છે. ના, મૂર્તિમંત આનંદ જ છે.

એવા ફકીર બનવાની વાત તો બાજુએ રહી પણ પૂર્વનાં પુણ્યનો સંચય હોય તો જ એવા ફકીરનાં દર્શન પણ કરવાનાં મળે ! જેને પૂરી લંગોટી નથી છતાં કશાની પરવા નથી, જેને ઓઢવાને પૂરી ચાદર નથી છતાંય ચાદરની ચિંતા નથી, જેને રહેવાને ભાગીતૂટી ઝૂંપડીયે નથી છતાંય જેને એ ઝૂંપડીનો વિચાર સરખોય આવતો નથી, જેને સૂવાને ભાગીતૂટી ખાટ પણ નથી છતાંય જેને તેની સ્પૃહા નથી, જેને ખાવાને ચપટી ચોખા સરખા પણ નથી છતાંય જેને પેટ ભરવાનો ઉદ્વેગ નથી, અરે, જેની કને કફન માટે કોડી સરખી પણ નથી છતાંય જેને કફનની કાળજી નથી, જેને નથી વૈભવ કે નથી વિલાસ છતાય એ વૈભવવિલાસની જેને ઇચ્છા નથી, તે ફકીર છે. આમ આપણને જે જે વસ્તુઓ વિના ચાલતું નથી,





જેને માટે આપણે પ્રત્યેક પળે કાળજી કરીએ છીએ અને જેનો સંગ્રહ કરીએ છીએ અને મોજ માણીએ છીએ તે શરીરસુખનાં તમામ સાધનોનો સંપૂર્ણ અભાવ હોવા છતાંયે એ અભાવનો જેના અંતરમાં લેશમાત્ર પણ રંજ નથી, અરે, 'રંજ' એટલે શું તેનું જ જેને ભાન નથી અને પ્રત્યેક અવસ્થામાં જેને કેવળ આનંદ સિવાય બીજી ભાવના જ નથી તે ખરો આનંદનો અવતાર છે. અને એ જ શ્રી અવધૂતભાખ્યો ફકીર છે. જેને ચપટી ધૂળની પણ જરૂર છે તે ફકીર નથી. જેને અંશમાત્ર પણ કામના છે તે કામનાનો દાસ છે. અને કામનાની પૂર્તિ અર્થે પ્રભુ તરફ મીટ માંડવાને બદલે તેણે જગત તરફ દૃષ્ટિ કરવી પડે છે. એ રીતે આશાનો એ દાસ જગતનો દાસ બને છે. સાચા ફકીરના અંતરમાં જગતનો અભાવ છે, જગન્નાથનો ભાવ છે. અને તેથી જગતને જેની જરૂર છે તે બધી જ સમૃદ્ધિનો વણમાંગ્યો એની આગળ ઢગ વળે છે; છતાંય તેમાંની એકે વસ્તુનો એ સ્વીકાર કરતો નથી. જેમ બાળક આગળ મૂકેલી ગમે તેવી મૂલ્યવાન વસ્તુ પણ તે વેરણછેરણ કરીને પોતાની પાસે રાખતો નથી તેમ એ અસલ ફકીર પણ આપવામાં જ આનંદ માણે છે. અને તેથી "મને જોઈશે" એવો ભાવ હૈયે રાખીને કોડી સરખી પણ પોતાની પાસે રાખતો નથી. જે નથી માંગતો તેની પાસે વણવાંછી જગતની સમૃદ્ધિ ભેળી થાય છે. જે માંગે છે, તે હંમેશાં તેને માટે તલસે છે, છતાંય સદા અતૃપ્ત જ રહે છે અને તેથી મારામાં, તમારામાં અને એ મસ્તફકીરમાં એટલો જ ફેર છે. જેને જોઈએ છે તેને મળતું નથી. જેને નથી જોઈતું તેને મળે છે છતાં, તે તેનો પોતાને માટે ઉપયોગ કરતો નથી. જેમ સૂર્ય પોતાનો પ્રકાશ કોઈ પણ જાતની ભાવના વિના ચોગરદમ વેરતો જ રહે છે તેમ એ સાચો ફકીર એ વણમાંગે આવતી સમૃદ્ધિને વેરતો જ રહે છે. એનો એ ત્યાગ જ એને જગદ્વંદ્ય બનાવે છે. જગતના સમ્રાટના તેજાળા મુકુટ પણ એના ચરણોમાં નમે. એવા એ તાજ વિનાના સમ્રાટ શા ફકીર આગળ જગતના કોટ્યાધીશો ભિખારીવત્ ઊભા રહે છે. માયાના એ દાસો એ માયાપતિ પાસે માયાની ભેટ ધરે અને વધારે માયાની વાંછા કરે ! ભાઈ, એની પાસે પહેરવાને પૂરી લંગોટી નથી. એ તમને શું આપશે ? એની પાસે જે છે તે તમને ખપતું નથી. એની પાસે જે નથી તે એ તમને ક્યાંથી દેશે ? ના, તમે ભૂલો છો ! એની પાસે કશુંય ન હોવા છતાં એને કશાયની મણા નથી. એક શબ્દ નીકળતાં જ લાખો અને કરોડોનો ઢગ વળે એ ફકીર આગળ, પણ એના મુખમાંથી એ શબ્દ જ નીકળતો નથી.' અને છતાંય એ લખલૂટ ખર્ચ કરે છે. પોતાને માટે નહીં હોં, પરાયા કાજે. અને તેથી જ એમાંની એકે કોડી એને ખપતી નથી. એ શું ઓછો ચમત્કાર છે ? ચમત્કાર આકાશમાંથી ટપકતા નથી. ચમત્કાર જોવાની પણ દૃષ્ટિ જોઈએ. આપણી સંકુચિત દૃષ્ટિ માટીની

સાકર બનાવનારને કે પાણીનું દૂધ બનાવનારને ચમત્કારી મહાપુરુષ તરીકે લેખશે. અરે, રસ્તે જનારો જાદુગર પણ પેટ ભરવા એવા ચમત્કાર તો કરશે, પણ ત્યાં એ ચમત્કાર પાછળ તમારી પાસે દ્રવ્ય કઢાવવાની આશા હશે ! અસલ ફકીર તો એકલો અટૂલો અરણ્યમાં વસે, છતાંય જગત એનું કુટુંબ હશે. એ જગતનો દાસ નહીં બને. અરે, પ્રભુ પાસે પણ એ માગણવૃત્તિથી નહીં જાય. જગત એનું દાસ બનશે, માતા પેરે પ્રભુ એની સેવા શુશ્રૂષા કરશે. સાચા ફકીરની આ છે ફકીરી કે બાદશાહી ! જેને પોતાની પણ ચિંતા નથી તેની જ પ્રભુને ચિંતા છે. શ્રી અવધૂતે કહ્યું : "બાળકને પોતાની ચિંતા નથી. માતા બાળકની બધી જ ચિંતા રાખે છે અને બાળકની સેવાશુશ્રૂષા કરીને તેમાં જ આનંદ માને છે. એ સેવાશુશ્રૂષાની બાળકને ઇચ્છા પણ નથી અને તેનો આનંદ પણ નથી. એટલે એ માતાને ખોળે નિશ્ચિંત છે. બાળક બનતાં આવડે તો માતાની શુશ્રૂષાનો લાભ મળે. માતાને આનંદ માણવાનો અવસર મળે. આ અભિમાન નથી. એ છે ભક્તિની ખુમારી. એ ખુમારીમાં ભક્ત ભગવાનમય બન્યા પછી, શ્રી ભગવાનને જ તેની કાળજી હોય છે. તેને લંગોટીની પરવા નથી અને મહેલાતોની પણ પરવા નથી. એવી ફકીરી મળે તો ભગવાનનો પાડ. એવી ફકીરી મળે તો ભગવાનની પૂર્ણકૃપા થઈ એમ જ લેખવું રહ્યું !

સ્વામી રામતીર્થે કહ્યું છે કે :

**"સિરપે આકાશ કા મંડલ હૈ, ધરતી પે સુહાની મખમલ હૈ,**
**શબ કો તારોં કી સભા બાબા!"**

\+ + + +

**ધનદોલત આની જાની હૈ,**
**"યહ દુનિયા રામ કહાની હૈ,"**
**યહ આલમ આલમ ફાની હૈ,**
**"બાકી હૈ જીતે ખુદા બાબા !"**

અને શ્રી અવધૂતે પણ કોક ઠેકાણે સુંદર ગાયું છે :

**"ધરતી કા તો કિયા સિંહાસન છત બાદલ તરુ ફૈલા,"**
**મારુત મંદા ચમર ડુલાવે,**
**"બૈઠે બાદશાહ રંગ !"**

\+ + + +

**"અજબ દિખાયે ભઈ મતવાલી,**
**પિયા કે દિદા પાયે !"**

જે સિદ્ધિઓ પ્રાપ્ત કરવા પાછળ યોગીઓ દેહનું પાણી કરે છે તે સિદ્ધિઓ એની મોલ વિનાની દાસી બને અને એની આગળ નૃત્ય કરે. વૈભવહીન એ ફકીરના વૈભવ આગળ ઇંદ્રના સ્વર્ગના વૈભવ પણ

તરણાસમ જણાય. એવા એ ફકીરને શી તથા જગતની ? અરે, કાળ પણ જેનાથી કંપે, જેની આજ્ઞા શિરોધાર્ય કરવાને કરબદ્ધ ઊભો રહે, પંચભૂત પણ જ્યાં નૃત્ય કરે, ત્યાં બ્રહ્માનીએ શી વાત ? પણ ક્યાં સુધી લખવું ? લખતાં લહિયો થાકે એ ફકીરનું વર્ણન કરતાં. અને એવી પૂરી ફકીરી મળી હોય ત્યાં શી મણા રહે ? પણ એ બધાયનું કારણ ? નિઃસ્વાર્થ બાળક જેવો વિશુદ્ધ ભાવ, સંપૂર્ણ સંતોષ અને પ્રકૃતિની નશ્વરતાનું સભર ભાન. જ્યાં સુધી જીવનમાં સંતોષનું સામ્રાજ્ય નહીં સ્થપાય, જ્યાં સુધી નિઃસ્વાર્થ વૃત્તિ ન થાય અને જ્યાં સુધી પ્રકૃતિની નશ્વરતાનું સમ્યક્ જ્ઞાન ન થાય ત્યાં સુધી જીવનમાં ઉત્તાપ જ રહે. સંતોષ એ જ સાચો ચિંતામણી, સંતોષ એ જ સાચું કલ્પતરુ અને સંતોષ એ જ જીવનસર્વસ્વ. એ ફકીર એટલે પૂર્ણ વૈરાગ્ય અને અખંડ ત્યાગનો અવતાર ! જેને પૂરી ફકીરી મળી ગઈ છે તેને દેહના અસ્તિત્વનું ભાન સંભવિત નથી. એનો અર્થ એવો નથી કે તેનું પંચત્વ થાય છે. ના. એ જીવતો જ રહે છે. આપણા જેવું જ હલનચલન પણ કરતો રહે છે, પણ એને દેહાધ્યાસ નથી, હું શરીર છું એવું એને ભાન નથી, હું આત્મા છું એવું પણ એને ભાન નથી અને ભાનની અભાન અવસ્થામાં સહજભાવે આત્મભાવમાં જીવતો એ ફકીર શતકોટિ વંદનને પાત્ર છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એવા ત્રણ દેહ જે ગુણમય છે તેનો અધ્યાસ ટળી જતાં જ એ શરીરધારી હોવા છતાંય અશરીરી ભાવે જ દેહમાં રહે છે. જીવતો છતાંય જીવભાવથી મુક્ત એ જીવન્મુક્ત છે. દુઃખદર્દ અને અન્ય વિકારોથી એ વિકારી એટલે વ્યાકુળ બનતો નથી. ઉનાળો, શિયાળો, ચોમાસું બધું જ એને મન સરખું છે. રાત, દિવસ, અંધકાર, પ્રકાશ, સુખદુઃખ આદિ પરિવર્તનશીલ વિકારોનો પણ ત્યાં અભાવ જ હોય છે. એ તો છે મસ્ત નિજાનંદમાં ! આત્મોપલબ્ધિના જ્ઞાનનો પણ જ્યાં અભાવ છે ત્યાં જ સાચા આત્માનંદનું સ્થાન છે. એ સ્થાન પ્રાપ્ત કરી એ ફકીર પ્રારબ્ધ ચલાવે તેમ શરીરને ચાલવા દે છે અને અંતે પ્રારબ્ધ ક્ષીણ થતાં પણ એ મૃત્યુ પામતો નથી. અનેક જન્મથી વિખૂટો પડેલો એનો આત્મા અહીંને અહીં જ, જેમ બાળક માતાની ગોદમાં લપાઈ જાય છે તેમ, પરમતત્ત્વમાં સમાઈ જાય છે.

એવા પૂરા ફકીર બનશો ? જુઓ તો ખરા ! અંશતઃ પણ ફકીર બનવાની ચેષ્ટા તો કરો ! કેટલો આનંદ આવે છે ! અનુભવ તો કરો. અરે, સાધન સામગ્રીના ઢગ ખડકાયા હોય, છતાંયે તેમાંથી એક કણી સરખીય ચાખવાની ઇચ્છા ન થાય એ કંઈ નાની સૂની સિદ્ધિ છે ? લોકો લાડુ ખાતા હોય ત્યારે ખીચડી સરખીયે ખાવાની વૃત્તિ ન થાય એ કાંઈ જેવો તેવો સંયમ છે ? રૂપરૂપના અંબાર સમી અપ્સરા સામે ઊભી હોય અને તેમના તરફ દૃષ્ટિપાત કરવાને પણ આંખ ઊંચી ન થાય એ વૃત્તિ સહેજે કેળવાતી નથી. એ જ રીતે અન્ય વિષયોની ભોગવૃત્તિ પ્રતિ



નિઃસ્પૃહતાની વૃત્તિ સ્થિર કરવી એ અસલ ફકીરની જ સિદ્ધિ હોઈ શકે. સાધનના અભાવે તો બધા જ ત્યાગી કહેવરાવે છે પણ સાધનની વિપુલતા હોવા છતાંય જ્યારે ત્યાગ અને વૈરાગ્યનો પૂર્ણ અનુભવ કરે ત્યારે જ તે પૂરો ફકીર બને. પણ એ નહીં બને. એ તો અવધૂત જેવો કોક-વિરલ જ ગુરુકૃપાએ કરી શકે અને જગત એ જોઈ શકે. છતાં જગત જ્યાં સુધી એમાં મન પરોવે નહીં ત્યાં સુધી જાગતિક પ્રપંચથી દૂર થઈ શકે નહીં. જ્યાં સુધી માયાના અંધકારે તમને આવરી લીધા છે ત્યાં સુધી તમે અવધૂત નહીં બની શકો. તમે તો ઘુવડ જેવા જન્મ્યા છો અને ઘુવડ જેવા જ મરશો. સૂર્યનો એ પ્રકાશ તમને નહીં ગમે. અને તેથી જ ભવભવના ફેરા ફરશો ! તમારામાં એક ફાટેલી ચીંદરડી પણ ફાડવાની વૃત્તિ નથી ત્યારે અવધૂતે તો

**'ફાડી દુશાલા ભરજરી, શતખંડ કંથા શિર ધરી,'**
**'ઊભા દિગંબર ચોકમાં, તેથી તમારું શું ગયું ?'**

એ કરી બતાવ્યું છે. અને તેથી જ જગત આજે એને પૂજે છે. પૂજે છે કારણ કે એને પુજાવાની અભિલાષા નથી. તમે એને પૂજો એ એને ગમતુંયે નથી. ફકીરને વળી પૂજન શાં ? અર્ચન શાં ? એ તો તમે તમારી વૃત્તિને સંતોષવા કરો છો. તેનો જો કોઈ આનંદ મળતો હોય તો તે તમે માણો છો. શ્રી અવધૂતનું એ શરીર પણ ફકીર છે અને મન પણ ફકીર છે. માત્ર શરીરનો ફકીર એ તો સ્વાંગ છે. મનનો ફકીર જ સાચો ફકીર છે કારણ કે એને મન નથી. મરેલા મનને વાસના નથી. વાસનાનો ક્ષય એ જ સાચી ફકીરી છે. સાચી ફકીરી એ જ ખલ્કની અમીરી છે. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**'ફિકર કિધરકી રહી ન આખર, આતમજ્યોત દિખાઈ;'**
**'જીવ પતંગા રહા ન જુદા, જલકર શિવતા પાઈ !'**

અસલ "પૂરી ફકીરી પાલી" એ વાક્યના ગર્ભમાં રહેલા ફકીરીના મર્મનો શ્રી અવધૂતે આ પંક્તિમાં ઘટસ્ફોટ કર્યો છે. 'અસલ ફકીરી' પ્રાપ્ત થતાં જે પરિણામ આવે છે તેનું સ્પષ્ટીકરણ કર્યું છે.

ફકીર અને અસલ ફકીર બન્યા પછી ક્યાંયની ફિકર તો રહેતી જ નથી. જ્યાં સુધી ચિત્ત ચિંતામગ્ન રહે છે ત્યાં સુધી તે ફકીર નથી. અને ચિંતારહિત ફકીર સ્વાંગ ધરે કે ન ધરે તોપણ તે ફકીર જ છે. જનકવિદેહી પાકો ફકીર જ હતો ને ? અનેકવિધ વૈભવવિલાસમાં વસેલો એ ફકીર બધાંય આકર્ષણને પાર કરી કેવળ જળકમળવત્ જીવન જીવતો ઇતિહાસને પાને આજે પણ અમર છે. અને બુદ્ધ-સિદ્ધાર્થ પણ પૂરો ફકીર જ હતો ! રાજ્યવૈભવમાં ઊછરેલો એ દિવ્ય આત્મા બધાયને લાત મારી એક જ રાત્રે વૈરાગ્યની દેદિપ્યમાન જ્યોતિનું દર્શન પામી, એકલો અટૂલો, મમત્વહીન,






રતિ સમી યશોધરાનો અને રાહુલ સમા અર્ભકનો ત્યાગ કરીને મહાલયમાંથી ચાલી નીકળ્યો, વનવગડે ભટક્યો અને અંતે જગતમાં અમર બન્યો. પણ એ બને છે ક્યારે ? જ્યારે ફિકર નામે ટળી જાય છે ત્યારે. અરે, કાળની પણ કાળજે ચિંતા રહેતી નથી ત્યારે જ પૂરી ફકીરી મળે છે. અને એ ચિંતા-ફિકર ટળે છે ક્યારે ? આત્મદર્શન થાય છે ત્યારે. અને આત્મદર્શન ક્યારે થાય ? ચિત્તશુદ્ધિ વિના આત્મદર્શન નથી. જ્ઞાન વિના ચિત્તશુદ્ધિ નથી. અજ્ઞાનના અભાવ વિના જ્ઞાન નથી. અને 'હું દેહ છું' એવો અનાત્મદેહમાં આત્મભાવ જ્યાં સુધી નિવૃત્ત થતો નથી ત્યાં સુધી અજ્ઞાનનો અભાવ સાધ્ય કરી શકાતો નથી. એ અનાત્મભાવની નિવૃત્તિ અર્થે દેહ એટલે શું તેનો વિચાર આવશ્યક છે. દેહ એટલે 'કૃમી.' શરીર જ્યારે માતાના ગર્ભમાંથી બહાર આવે છે ત્યારે તે કીડા જેવું હોય છે. એ જ દેહના અંગપ્રત્યંગો મળથી ભરેલા છે. આંખ, નાક, કાન, મુખ, ઉદર, ગુહ્ય વગેરે બધે જ મળ ભરેલો છે અને તેથી તે વિષ્ટાનું સ્થાન છે અને તેથી શાસ્ત્રમાં એને 'વિટ્' કહ્યું છે. અંતે જ્યારે શરીરનું મૃત્યુ થાય છે ત્યારે તેને ભસ્મ કરવામાં આવે છે અને તેથી એ શરીરની કૃમી, વિટ્, ભસ્મ એવી ત્રણ અવસ્થા કહી છે. એવા પરિવર્તનશીલ શરીરમાં રહેલો આત્મભાવ જ જીવભાવે અનેકવિધ બંધન સર્જાવે છે, અને તેથી એ અનાત્મમાં રહેલો આત્મભાવ નિવૃત્ત કરવાની જરૂર છે. એ જ્યારે નિવૃત્ત થાય છે ત્યારે

**ફિકર કિધરકી રહી ન આખર**

એ સ્થિતિ પ્રાપ્ત થાય છે. કારણ કે

**'આતમ જ્યોત દિખાઈ'**

એને બધે આત્મતેજનાં દર્શન થાય છે. એ તેજમાં દેહાદિ અનાત્મ વસ્તુના અંધકારના સ્મરણને સ્થાન જ નથી; એટલે એના ચિત્તમાંથી અનાત્મવિષયાધ્યાસમાત્ર ટળી ગયેલો હોય છે. એટલે એને પ્રાપ્તિ અપ્રાપ્તિમાં ફિકર જેવું કાંઈ રહેતું નથી અને ચિત્ત તદ્દન નિશ્ચિંત ચિત્સ્વરૂપ થઈ જાય છે. અને એ કેવળ આનંદમગ્ન અવસ્થામાં નિષ્કંપ દ્રષ્ટારૂપે કાળ નિર્ગમન કરે છે.

આત્મદર્શન કિંવા અપરોક્ષ અનુભવ જ્યારે થાય છે ત્યારે કેવી અવસ્થા થાય છે એ તો કેવળ અનુભવે જ કળી શકાય. એ સત્ય શ્રીઅવધૂતે દૃષ્ટાંત દ્વારા આપણને સમજાવવાનો પ્રયાસ કર્યો છે. એ દૃષ્ટાંત છે.:

**"જીવ પતંગા રહા ન જુદા, જલકર શિવતા પાઈ !"**

જીવને અહીં પતંગની ઉપમા આપી છે. પતંગિયું અનેક પુષ્પો પર ભટકતું ઊડે છે, તેમ જીવ પણ અનેક વિષયો પ્રાપ્ત કરવા માટે અહીં તહીં ફાંફાં મારે છે. જ્યાં સુધી પતંગિયું દીપકનો પ્રકાશ જોતું નથી ત્યાં સુધી તે પોતાનું પુષ્પે પુષ્પે ભમવાનું ભૂલતું નથી; તેમ જીવ પણ જ્યાં સુધી પરમતત્ત્વના દર્શન કરતો નથી ત્યાં સુધી પોતાનો જીવભાવ વિસારી

શકતો નથી, વિષયોના સુખથી વિમુખ બની શકતો નથી. પતંગિયું ફરતું ફરતું દીપકના પ્રકાશનો આસ્વાદ લેવા માટે દીપકની ફરતે ફરે છે; તેમ જીવને પણ જ્યારે પરોક્ષજ્ઞાન થાય છે ત્યારે તેની વિષયો તરફની અભિરુચિ ક્રમશઃ ઓછી થતી જાય છે અને તેટલે અંશે તે આત્મદર્શન માટે આતુર થાય છે અને વિષયો પ્રત્યે વિરાગયુક્ત ત્યાગની ભાવના કેળવે છે. એમ કરીને જેમ જેમ તે વિષયોથી દૂર થતો જાય છે તેમ તેમ તે આત્મસાક્ષાત્કાર તરફ પગલાં માંડતો જાય છે. પતંગિયું એ દીપકની ફરતે ફરતાં ફરતાં દીપકરૂપ બનવા માટે દીપકમાં ઝંપલાવે છે. દીપકના પ્રકાશથી પતંગિયાને સંતોષ થતો નથી, તેમ જીવને કેવળ પરોક્ષ જ્ઞાનથી એટલે દૂરથી એ જ્ઞાનપ્રકાશના દર્શનમાત્રથી સંતોષ થતો નથી. અને તેથી, જેમ પતંગિયું દીપકમાં ઝંપલાવી પોતાના સ્થૂળદેહનું બલિદાન આપી, ભસ્મિભૂત બની, આત્મતત્ત્વ સાથે મળી પ્રકાશમય-દીપકમય બની જાય છે, તેમ તે જીવ પોતાનો જીવભાવ ભૂલીને શિવતત્ત્વમાં સમરસ બની જાય છે. વ્યક્તિનો લય સમષ્ટિમાં થતાં વ્યકિત અને સમષ્ટિ અભિન્ન બની જાય છે. તેમ જીવ પણ શિવમાં સમાઈને શિવ બની જાય છે. એ છે આત્મદર્શન કિંવા સાક્ષાત્કાર. એ શિવપદની પ્રાપ્તિ થતાં જીવ અભિન્નભાવે ક્યાં જાય છે? શ્રી અવધૂત કહે છે:

**"બ્રહ્મનગરમેં કિયા નિવાસા, ચરખે આઠ ચલાઈ;"**
**"કોહં સોહં તાના બાના, નિર્ગુણ શાલ બુનાઈ."**

બ્રહ્મનગરમાં. એ બ્રહ્મનગર ક્યાં? જેમ સંસારમાં અનેક નગરો છે તેમ એવું કોઈ નગર છે ખરું? ના. એ બ્રહ્મનગર શોધવા બહાર જવાની જરૂર નથી. એ બ્રહ્મનગર કાશી, મથુરા, બદરીનારાયણ કે બીજે કશે નથી. એ બ્રહ્મનગર તો આ પંચભૂતના શરીરમાં જ રહેલું છે. અરે, એમ તે કાંઈ બને? હા, બને. નાનકડા શરીરમાંયે બ્રહ્મનગર છે. સ્વપ્નમાં શું જુઓ છો? હાથી, ઘોડા, પર્વત, નદી અને એવા બીજા અનેક પદાર્થો, દૃષ્ટિગોચર થાય છે. મોટાં મોટાં શહેર, મોટા મોટા મહાલયો જણાય છે. એ બધું શું બહારથી આવે છે? ના. ત્યારે શું એ સ્વપ્નનો દ્રષ્ટા બહાર જઈને એ બધું અનુભવે છે? ના. ત્યારે? જેમ બુદ્ધિજન્ય પરંપરાગત સંસ્કારો અંતરમાં જ મૂર્તસ્વરૂપ ધારણ કરે છે તેમ નાનકડા શરીરમાં હૃદય જેવી એક અંગુષ્ઠમાત્ર ગુફા છે તેમાં જ એ બ્રહ્મનગર છે. હૃદય કેટલું નાનું? કેવળ અંગુષ્ઠમાત્ર અને તેમાં એ બ્રહ્મનગર? આશ્ચર્ય જેવું છે! હા આશ્ચર્ય તો છે પણ કોને માટે? જીવાત્માને માટે. જે શિવાત્મા છે તેને માટે તો એ સત્ય જ છે. સ્વપ્નાવસ્થામાં જણાતાં અનેક પ્રકારનાં દૃશ્યોનું અસ્તિત્વ નથી છતાંય સ્વપ્નદ્રષ્ટા સ્વપ્નાવસ્થામાં તેને સત્યવત્ માને છે. આત્મદર્શીઓએ એ અંગુષ્ઠમાત્ર બ્રહ્મનગરની પ્રતીતિ પોતાના અંતઃકરણ દ્વારા હૃદયગુહામાં જ કરી છે અને એ અનુભવજન્ય સત્યનો



પ્રતિકાર કરવાની મારા તમારા જેવાની હિંમત ન હોય.

''નાનકડું છે એ બ્રહ્મનગર!''

''કેટલું નાનકડું એ બ્રહ્મનગર?''

''અરે ચપટી ચોખા પણ ન સમાય એટલું નાનકડું.''

''છતાંય એ બ્રહ્મનગરમાં ચૌદ બ્રહ્માંડનો સમાવેશ?

''હા, ચૌદ બ્રહ્માંડ એમાં સમાય.''

''કેવળ એ ગપ્પાં મારો છો તમે તો!'' શું ચૌદ બ્રહ્માંડ એમાં સમાય? અરે એક બ્રહ્માંડ શું પણ એક ગામડું પણ એમાં કેમ સમાય?

''ભાઈ, એ ગપાં નથી. નાનકડા પીપળાના બીજમાં કેવડું મોટું અશ્વત્થ વૃક્ષ સમાયું છે? એક રાઈના દાણાથીએ ઝીણા એ બીજમાંથી આવડું મોટું વૃક્ષ ઉત્પન્ન થાય છે એ શું આશ્ચર્ય નથી? આ પણ તેવું જ એક આશ્ચર્ય છે. કેવળ વિચારનો અને અનુભવનો વિષય છે. એ બ્રહ્મનગરમાં ચૌદ બ્રહ્માંડ તો શું અનંત બ્રહ્માંડ સમાયા હોવા છતાં ત્યાં હજીય અવકાશ છે. અને તેથી એ અવકાશમાં જ જે આવે છે તે સમાય છે. અને એ રીતે એ નાનકડું બ્રહ્મનગર કેવળ હૃદયમાં જ રહીને સમસ્ત વિશ્વને આવરી લઈને, વિશ્વની અંદર અને બહાર પણ રહેલું જ છે.''

''શું ત્યાં જીવાત્મા જઈ શકતો નથી?''

''ના, જીવાત્મા પણ તેમાં જ છે! પણ જીવાત્માને એ બ્રહ્મનગરનું ભાન નથી. જ્યારે એ જીવાત્માને બ્રહ્મનું જ્ઞાન થાય છે ત્યારે તે બ્રહ્મને જાણીને બ્રહ્મના નગરમાં પ્રવેશ કરે છે. અને તેથી શ્રી અવધૂતે બ્રહ્મનગરમાં નિવાસ કરવાની વાત અહીં કરી છે.''

બ્રહ્મ નગરમાં-સ્વસ્વરૂપમાં નિવાસ કરીને પણ એ નિવૃત્ત નથી બનતો. ત્યાં પણ એણે પોતાના સ્વરૂપને દૃઢ કરવાને કાંઈક ઉદ્યોગ તો કર્યો જ છે. અને એ ઉદ્યોગ છે

**'ચરખા આઠ ચલાઈ.'**

એ આઠ ચરખા એટલે શું? સંતોની કૂટવાણી સમજવી કપરી તો છે પણ તે સમજવાનો પ્રયાસ કરીએ.

શ્રી ભગવાને અર્જુનને આઠ પ્રકૃતિની વાત ગીતામાં કહી છે.

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥

પ્રકૃતિના આઠ ભેદ. પંચમહાભૂત, મન, બુદ્ધિ અને અહંકાર. શ્રી અવધૂત કહે છે, 'બ્રહ્મનગરમાં નિવાસ કરીને આત્માએ આઠ ચરખા ચલાવ્યા. આ આઠ પ્રકારની પ્રકૃતિના પૃથક્ પૃથક્ ધર્મો અને ગુણો. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ અનુક્રમે આકાશ, વાયુ, તેજ, અપ અને પૃથ્વીના ગુણો. સંકલ્પવિકલ્પ એ મનનો, સારાસારનો વિવેક એ બુદ્ધિનો અને મમત્વ એ અહંકારનો ગુણ અથવા ધર્મ. આ આઠ પ્રકારના

ગુણધર્મોવાળી પ્રકૃતિનો આત્મતત્ત્વમાં લય થાય છે. એ પ્રકૃતિ જ્યાંથી ઊપની છે ત્યાં જ સમાઈ જાય છે. જ્યાં સુધી એ પ્રકૃતિ ભિન્નરૂપે ભાસે છે ત્યાં સુધી એ દ્વૈતભાવને કારણે જીવને, પોતે જ એ પ્રકૃતિનો સર્જનહાર છે, આત્મા છે એવું જ્ઞાન થતું નથી. અને તેથી'હું' અને 'પ્રકૃતિ' એવા દ્વૈતભાનમાં જીવ રહે છે. જ્યારે જીવનો એ જીવભાવ ટળી જાય છે ત્યારે તેને આત્મદર્શન થાય છે. જીવ એ અષ્ટધા પ્રકૃતિ સાથે જ ત્યારે આત્મતત્ત્વમાં સમરસ બની જાય છે. અને ત્યારે પોતે પ્રકૃતિથી ભિન્ન નથી પણ પ્રકૃતિનો પણ પોતે જ સર્જક છે એમ જીવને ભાન થાય છે. એ આઠ તત્ત્વો જ આ વિશ્વરૂપ શરીરનું અને વ્યક્તિરૂપ શરીરનું સંચાલન કરનારા છે. અને તેથી તેને શ્રી અવધૂતે 'આઠ ચરખા' કહ્યા છે.

વસ્ત્રમાં લંબાઈનો તાંતણો 'તાણો' કહેવાય અને પહોળાઈનો તાંતણો 'વાણો' કહેવાય. એ તાણામાં જ્યારે વાણો વણાય અને તાણાની સાથે જ એકરૂપ બની જાય ત્યારે વસ્ત્ર તૈયાર થાય. વાણારૂપે પણ સૂતર છે અને તાણારૂપે પણ સૂતરનો તાંતણો જ છે. એ ઐક્યભાવે જ્યારે એકત્ર થાય છે અથવા એક બીજામાં ઓતપ્રોત બની જાય છે ત્યારે એ વાણો પણ નથી રહેતો અને તાણો પણ નથી રહેતો, પણ વસ્ત્રની સંજ્ઞા પામે છે. તે જ રીતે આઠ પ્રકૃતિના તાણામાં જ્યારે વાણારૂપે આત્મતત્ત્વ વણાઈ જાય છે ત્યારે આઠ પ્રકૃતિમાં આત્મભાવ રાખીને 'सोऽहम्' કહેનારો જીવ 'कोऽहम्' બનીને એ જડપ્રકૃતિરૂપ જગતને પોતાના ચૈતન્ય વડે ચેતનવંતુ બનાવીને વાણારૂપે પ્રકૃતિથી અભિન્ન બનીને વિશ્વરૂપ વસ્ત્રરૂપે ભાસમાન થાય છે. અને તેથી જ શ્રી અવધૂતે 'कोऽहम्'-'सोऽहम्' વાણાતાણાની ચાદર બનાવી એમ કહ્યું છે.

એ ચાદર પણ નિર્ગુણ ચાદર છે. ભેદવૃત્તિ એ ગુણનું કાર્ય છે. અભેદભાવ એ નિર્ગુણવૃત્તિ છે. જ્યાં સુધી ભેદ છે ત્યાં સુધી ગુણના કાર્યના પરિણામે 'હું કોણ?' એવી શંકા રહે છે. શિવતા પ્રાપ્ત થતાં જ એ શંકાનું સમાધાન થઈ જાય છે. ભાવાર્થ એ છે કે આઠ પ્રકૃતિ ભિન્ન હોવાના પરિણામે 'હું કોણ' એ પ્રશ્ન ઊભો થાય છે. સ્વાભાવિક રીતે જ જીવને પોતાનું સ્વરૂપ જાણવાની જ્યારે જિજ્ઞાસા થાય છે ત્યારે તે પોતે જ પોતાને પ્રશ્ન પૂછે છે : 'હું કોણ?' એ પ્રશ્નનો પ્રત્યુત્તર મેળવવા માટે પોતે જ પોતાની એ જિજ્ઞાસાનો વિસ્તાર કરીને 'આ શરીર હું છું?' એવો તેને પ્રથમ વિચાર આવે છે. ગુણના પ્રભાવે જાગ્રત રહેતી અહંતાના કારણે અનાત્મમાં આત્મભાવ જાગ્રત થાય છે અને તેથી 'હું દેહ છું' એમ માનીને તેમાં જ મમતા રાખતો જીવ, જીવભાવે શરીર પોતે જ છે એમ માને છે. જરા બુદ્ધિનો ઉપયોગ કરે છે, જરા વિવેક અને વિચાર કરે છે ત્યારે ''શરીર જડ છે અને હું તો ચૈતન્ય છું.'' એમ તેને લાગે છે અને ત્યારે 'હું શરીર નથી' એવો જીવનો નિર્ધાર

થાય છે. શરીર એટલે પાંચ તત્ત્વોનો શંભુમેળો. એ પાંચ તત્ત્વોમાંથી જ આ શરીર બન્યું છે અને તેના વડે જ એ પોષાય છે. જીવ એકેએકે એ પાંચે તત્ત્વોનો વિચાર કરે છે. 'શું પૃથ્વી હું છું?' ના. એ તો જડ છે. પૃથ્વીની જડતા જેવી જડતા મારામાં નથી. 'હું ચેતન છું.' 'ત્યારે આકાશ, વાયુ, જળ તેજ એ બધું પૃથક્ પૃથક્ ભાવે હું છું? ના.' અને કોઈક શક્તિ વડે સંચાલિત એ પ્રત્યેક તત્ત્વ પોતપોતાના કર્મધર્મ કરતાં જીવને જણાય છે. એટલે એ પાંચે તત્ત્વમાંનું પોતે એકે તત્ત્વ નથી એવી તેને પ્રતીતિ થાય છે. અને શરીર પણ પાંચ તત્ત્વનું બનેલું હોવાથી શરીર પણ પોતે નથી એવો પણ નિશ્ચય થાય છે.

પછી શરીરમાં રહેલા મન તરફ જીવ ઢળે છે. ''શું મન હું છું?''ના. એ મન તો જડ છે, વિકારી છે અને કોઈક શક્તિ વડે એ શક્તિશાળી છે. બુદ્ધિ પણ હું નથી. અહંકાર પણ હું નથી. મન, બુદ્ધિ અને અહંકાર પોતપોતાના કર્મધર્મ પરપ્રકાશ પ્રાપ્ત કરીને કરે છે. મન સંકલ્પ-વિકલ્પ કરે છે, બુદ્ધિ સારાસારનો વિવેક કરે છે અને અહંકાર મોહ અને મમત્વને પ્રેરિત કરીને તેની ઓથમાં રહે છે.'' એ આઠ પ્રકૃતિ અને તેમનાં કાર્યો પોતે નથી એવો જીવને જ્યારે સહારો મળે છે, ત્યારે પુનઃ 'હું કોણ?' એ જ પ્રશ્ન જીવ આગળ ઊઠે છે. થાક્યા જીવની જિજ્ઞાસા તૃપ્ત થતી નથી. અને અકળાયેલો જીવ નિરાધાર-મૂઢ બનીને પ્રકાશની આશાએ પરમાત્માનું ચિંતન કરે છે. આર્દ્રભાવે એકાગ્ર વૃત્તિથી કરેલી એ પ્રાર્થના અફળ જતી નથી. અંતે એનો અજ્ઞાનનો પડદો સરી પડે છે. ત્યારે તેનો જ મિત્ર, તેની સાથે જ હૃદયગુફામાં રહેલો શિવ તેને કહે છે : 'तत्त्वमसि' - તે તું છે. ''મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર જે કાંઈ છે તે તું જ છે.'' જિજ્ઞાસાને પરિતૃપ્ત કરનારો એ મંજુલ સ્વર જ્યારે જીવ સાંભળે છે, જ્યારે એ અણચિંતવ્યા સંભળાયેલા ધ્વનિ પાછળ જીવ આકર્ષાય છે અને 'तत्त्वमसि'-ની ખોજ કરતાં કરતાં, શ્રી ભગવાને અર્જુનના પ્રશ્નના પ્રત્યુત્તરમાં કહ્યું તેમ 'अहमात्मा' એવું ભાન કોક સુભગ ઘડીએ જીવને થાય છે. એ ભાવના ભાવાવેશમાં આવીને 'अहमात्मा' ની ખોજ કરતો કરતો જીવ આનંદના અતિરેકથી નાચતો કૂદતો દેહભાન ભૂલીને બ્રહ્મભાવમાં પ્રવેશ કરે છે. ત્યારે તેના જીવભાવની પરિસમાપ્તિ થતાં જ, પોતાના હૃદયમાં જ તેને આત્મદર્શન થાય છે. પરિણામે આનંદાવસ્થામાં જ જીવ ગુંજે છે ''सोऽहम् सोऽहम्.'' એ રીતે જીવને 'कोऽहम्' નો ઉકેલ सोऽहम ની પ્રાપ્તિમાં થાય છે. જીવ પોતાના શુદ્ધસ્વરૂપનું પોતાનામાં જ દર્શન કરીને, 'कोऽहम्' ભૂલીને 'सोऽहम्' કહેતો થાય છે. આત્મદર્શન એટલે પોતાનું દર્શન. પોતે કોણ છે તેનું અપરોક્ષજ્ઞાન. પછી તો એ જીવ જીવ રહેતો નથી. પોતે જ પોતાને ઓળખીને શિવસ્વરૂપે જ્યારે દૃષ્ટિ ફેરવે છે ત્યારે જ્યાં ત્યાં પોતે જ પોતાને જુએ છે. અને ત્યારે જ એના શોક અને મોહની નિવૃત્તિ થાય

છે. અને ત્યારે જ એ આત્મવિત્ તરી જાય છે. એ અષ્ટધા પ્રકૃતિ પણ પોતાની શક્તિ વડે જ શક્તિશાળી છે એવી તેને પ્રતીતિ થાય છે. આ બ્રહ્માંડ એ આઠ પ્રકારની પ્રકૃતિનો જ વિસ્તાર છે અને તેની ઓથમાં તેનો સંચાલક પણ પોતે જ રહેલો છે એવું જાણીને શ્રી અવધૂતભાખી 'कोऽहम् सोऽहम्'ના વાણાતાણાની નિર્ગુણ ચાદર 'निःस्त्रैगुण्य' બનીને, પોતાના શુદ્ધસ્વરૂપને પ્રાપ્ત પોતાની સર્વવ્યાપકતાની પ્રતીતિ કરીને

'चिदानंदरुपः शिवोऽहं शिवोऽहम् ।'

ની ગર્જના કરતો આત્મજ્ઞાનની મસ્તીમાં મસ્ત બની જાય છે. એ 'कोऽहम्'–सोऽहम्' ના વાણાતાણામાંથી જે તત્ત્વ પ્રાપ્ત થાય છે તે નિર્ગુણ બ્રહ્મની ચાદર. 'सोऽहम् सोऽहम्' રટતો રટતો જીવ પછી પ્રકૃતિના ફંદામાંથી મુક્ત બનીને, જીવભાવે જે પ્રકૃતિનો પોતે દાસ હતો તે જ પ્રકૃતિને શિવભાવે પોતાની દાસી બનાવી, પોતાનામાં જ સમાવી મૂર્તિમાન આત્માનંદ બની જાય છે.






જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી રાગદ્વેષ છે. જ્યાં સુધી માયા છે ત્યાંસુધી અજ્ઞાન છે. જ્યાં સુધી રાગદ્વેષ છે ત્યાં સુધી કર્મ છે. જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી શરીર છે. જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી દુઃખ છે અને જ્યાં સુધી દુઃખ છે ત્યાં સુધી શાંતિના અભાવે સુખ નથી. અસુખી જગતમાંથી મુક્ત થવાને કેવળ જ્ઞાનદીપ પ્રજવાળવાની જરૂર છે. એ જ્ઞાનદીપ પ્રગટે એટલે માયા અને અજ્ઞાન જેવા ઘુવડો આંખ મીંચીને ખૂણે બેસી જાય છે. અજ્ઞાન એટલે 'कोऽहम्.', જ્ઞાન એટલે 'सोऽहम.''

બીજી રીતે એ આઠ ચરખાનો વિચાર કરીએ તો, જીવને જ્યારે પોતાના શુદ્ધ સ્વરૂપની ક્ષણિક ઝાંખી થાય છે ત્યારે તેના અંતરમાં હર્ષ, રૂદન, કંપ, આદિ આઠ સાત્ત્વિક ભાવોનો ઉદય થાય છે. એ સાત્ત્વિક ભાવના ઉદય સાથે જ તેના દેહભાનનું વિસર્જન થાય છે. એ ભાવો સ્થાયી નથી. ક્ષણિક આનંદ પ્રાપ્ત કરી પાછો જીવ જીવભાવે દેહભાવમાં પ્રવેશ કરીને સાત્ત્વિક ભાવને ભૂલી જાય છે. જ્યાં સુધી એવા સાત્ત્વિક ભાવમાં એની માનસિક સ્થિતિ રહે ત્યાં સુધી તે પરમાનંદતૃપ્ત, નિર્ગુણસ્વરૂપમાં જ મસ્ત બની જાય છે. પણ એ તો વાયુની લહરી જેવા ભાવો છે. છતાંય એ ભાવોનો વારંવાર પરિપોષ થવાથી, માણસનો સત્ત્વભાવ દ્દઢ થાય છે. અને ભગવાને ગીતામાં કહ્યું તેમ,

''सत्त्वात्संजायते ज्ञानम्''

''હૃદયમાં સત્ત્વભાવ વૃદ્ધિંગત અને સ્થિર થવાથી જ્ઞાનનો ઉદય થાય છે.'' ધીમે ધીમે એ જ્ઞાન દૃઢ થતાં સાધક ભાવાતીત થઈ નિત્યસત્ત્વસ્થ સ્વરૂપાનુભૂતિ પામી નિજાનંદમાં મસ્ત રહે છે. એટલે સ્વરૂપાવસ્થિતિ પરિપક્વ થવામાં એટલે જ નિર્ગુણસાળમાં દેહભાવ વિલીન કરવામાં અષ્ટ સાત્ત્વિકભાવોના આઠ ચરખાનું અનુવર્તન સહાયક બને છે એવો પણ






અહીં સંકેત છે.

હજીય એક પ્રકારનો વિચાર કરીએ. યોગને માર્ગે આત્મદર્શનની અભિલાષા સેવતા સાધકોને યમનિયમાદિ આઠ સાધનો સાધ્ય કરીને, સમાધિ પ્રાપ્ત કરીને, ચિત્ત બ્રહ્મતત્ત્વમાં સમાહિત કરવું પડે છે. જ્યારે ચિત્ત સમાહિત થાય છે એટલે કે ચિત્તની શુદ્ધિ થાય છે, ત્યારે તે કેવળ બ્રહ્મતત્ત્વમાં જ એકાત્મતા સાધ્ય કરે છે. એ સમાહિત અવસ્થા પ્રાપ્ત કર્યા પછી તે પુનઃ અસમાહિત થતો નથી. જ્યારે નિર્ગુણ બની જાય છે ત્યારે તેને કશો જ અવરોધ આવતો નથી અને બ્રહ્મવિદ્ બનીને બ્રહ્મસ્વરૂપ થઈ જાય છે. અહીં શ્રી અવધૂતે જે આઠ ચરખા ચલાવીને નિર્ગુણ ચાદર વણવાની વાતનો ઉલ્લેખ કર્યો છે તે કદાચ એ પણ હોઈ શકે. ગમે તે રીતે આપણે એ આઠ ચરખાનો વિચાર કરીએ તો બધાયનું પરિણામ એક જ આવે છે. નિર્ગુણ અવસ્થા પ્રાપ્ત કર્યા પછી સમાહિત ચિત્તમાં ગુણના વિકારો પ્રવેશ કરી શકતા નથી અને તેથી "કોઽહમ્—સોઽહમ" નો પ્રશ્ન અવશેષ રહેતો નથી અને જીવ અને બ્રહ્મની એકતા સાધીને સાધક નિર્ગુણ અવસ્થામાં સદાસર્વદા આત્માનંદમગ્ન રહે છે. અસ્તુ

એ નિર્ગુણ ચાદર બનાવી તેનું પરિણામ શું આવ્યું ? શ્રી અવધૂત હવે આપણને તે કહે છે.

"જીનામરના સુખદુઃખ ભી ના, ગરમી સરદી ભગાઈ;"

"પાર પરાકે બૈઠે અબ તો, મુરદા હોકર ભાઈ !"

અમૂર્ત અને અક્ષર આત્મતત્ત્વમાં એકરસ બનેલો એ જીવ હવે જીવ રહ્યો નથી. અને જીવભાવના અભાવે એને જન્મ કે મરણ પણ અવશેષ રહેતું નથી. જન્મ અને મરણની ઉપાધિ તો શરીરને લાગેલી છે. શરીરના અભિમાની એ જીવને જ્યારે શરીરનું અભિમાન રહેતું નથી ત્યારે તે શરીરી હોવા છતાં પણ, વસ્ત્ર ઉતારી નાખ્યા પછી શરીરને અને વસ્ત્રને જેમ સંબંધ રહેતો નથી તેમ, જીવભાવના અભાવે એ શરીરિને શરીર સાથે તાદાત્મ્ય રહેતું નથી. પરમતત્ત્વમાં સમરસ બનેલો એ જીવ હવે જીવની સંજ્ઞાથી મુક્ત બનીને બ્રહ્મસંજ્ઞિત બની, જેમ પરમતત્ત્વ સર્વ વ્યાપક છે તેમ, પરમતત્ત્વમાં એકરૂપ બનેલો એ જીવ પણ વ્યષ્ટિ ભાવનો ત્યાગ કરી, સમષ્ટિરૂપ બની, સર્વ વ્યાપક બની જાય છે. જેમ વસ્ત્ર શરીરનું આવરણ છે તેમ જીવભાવ આત્માનું આવરણ છે. પ્રારબ્ધભોગ સંપૂર્ણપણે વિલીન બનેલો હોવાથી તેને પ્રારબ્ધ ભોગવવા માટે ફરીને કોઈ પણ શરીરમાં પ્રવેશ કરવાનું રહેતું નથી. જેને જન્મ નથી તેને મરણનો સંભવ નથી. અને તેથી અહીં શ્રી અવધૂતે

"જીના મરના.... ભગાઈ"



એમ કહીને જન્મમરણનો અંત આવ્યાની વાતનો ઉલ્લેખ કર્યો છે. જન્મ અને મરણ ક્યાં સુધી રહે છે? આગળ આપણે જોયું છે કે જ્યાં

સુધી પ્રારબ્ધ છે ત્યાં સુધી જ જન્મ અને મરણ રહે છે. પ્રારબ્ધના અભાવે જન્મમરણ રહેતાં નથી.

શ્રી અવધૂતે બીજી વાત કહી

"સુખદુઃખ ભો ના"

એ સુખદુઃખ તો કેવળ અનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિનાં માનસિક પરિણામો જ છે. વસ્તુતઃ સુખ પણ નથી અને દુઃખ પણ નથી. ગુણધર્મને કારણે અને શારીરિક મમત્વના કારણે એ સુખ અને દુઃખની લાગણી અનુભવાય છે. જેને ગુણના વિકારો અવશેષ રહ્યા નથી તેને એ સુખદુઃખના વિકારો પણ રહેતા નથી. અને વિકારો તો મનના માન્યા છે ને? મન ન હોય તો એ વિકારો પણ નથી. શરીરને એક વ્રણ થાય છે અને તે વ્રણની વ્યથા પણ થાય છે. એ વ્યથાનો અનુભવ શરીરના અભિમાની જીવને સૂક્ષ્મ શરીર દ્વારા થાય છે. પણ જ્યારે ઉપર કહ્યું તેમ જીવને શરીરનું અભિમાન જ રહેતું નથી ત્યારે એ વ્રણથી થતી પીડાનો અનુભવ તેને થતો નથી અને તેથી એ પીડાજનિત દુઃખ પણ તેને થતું નથી. એ જ રીતે સુખ પણ એક પ્રકારનો માનસિક વિકાર છે. તેનો આનંદ પણ જીવ સૂક્ષ્મ શરીર દ્વારા જ ભોગવે છે. જ્યારે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરનું અસ્તિત્વ જ ટળી જાય છે ત્યારે એ સુખ અને દુઃખ કોને થાય? અને તેથી જે જીવન્મુક્ત છે, જેને શરીરના અસ્તિત્વની સ્પૃહા નથી, તેને સુખદુઃખના વિકારો પણ રહેતા નથી. આગળ કહ્યું તેમ સુખ અને દુઃખ પણ ગુણના જ વિકારો છે. જીવ આત્મતત્ત્વમાં ભળી જઈ આત્મા જેવો જ જ્યારે ગુણાતીત બની જાય છે ત્યારે ગુણને કારણે જે વિકારો ઉદ્‌ભવે છે તે વિકારોનું ત્યાં અસ્તિત્વ રહેતું નથી. અને તેથી ઉપર કહ્યું તેમ પ્રતિકૂળ કે અનુકૂળ માનસિક પરિસ્થિતિની કલ્પના સરખી પણ એને આવતી નથી, એટલે સુખદુઃખની ભ્રામકવૃત્તિઓ પણ જાય છે. જેને આવું સુખદુઃખાતીત સાચું સુખ મળ્યું છે, જે સ્વયં સુખસ્વરૂપ બન્યો છે તેને આગંતુક સુખની કલ્પના સરખીયે આવતી નથી. જ્યારે પોતે જ સુખરૂપ છે ત્યારે સુખને શોધવા ક્યાં જાય ? કોણ શોધવા જાય? પ્રકાશ પ્રકાશને શોધવા જતો નથી. તમે તમને શોધવા નીકળતા નથી. સુખ 'હું સુખ છું' એમ કોઈને કહેતું નથી. અને સુખનો જેને અનુભવ થાય છે તે જ્યારે સુખસ્વરૂપ બની જાય છે ત્યારે એ સુખ અને દુઃખનો અનુભવ લેવાવાળો ભિન્ન કોઈ અસ્તિત્વમાં રહેતો નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું તેમ

"સુખ દુઃખ ભો ના... ભગાઈ"

જેવી સ્વાત્મસુખસ્વરૂપ અવસ્થા પ્રાપ્ત થાય છે.

શ્રી અવધૂતે ત્રીજી વાત કહી :

"ગરમી શરદી.... ભગાઈ"

ગરમી અને શરદી પ્રતિ અંગુલીનિર્દેશ કરીને શ્રી અવધૂતે સમસ્ત દ્વંદ્વોની વાત કહી છે. એ દ્વંદ્વોની દોડ પણ ક્યાં સુધી? જ્યાં સુધી મન વિકૃત છે અને જીવ ગુણના ધર્મ અને વિકારોને વશ છે ત્યાં સુધી. વસ્તુતઃ એ વિકારો માયાના છે. અજ્ઞાનને કારણે કેવળ ભાસે છે. અને તેથી તે મૃગજળ જેવા છે. જે માયાને પાર કરીને બેઠો છે તેને એ માયાના વિકારો અસર કરી શકતા નથી. જીવન્મુક્તને માયા અને ગુણ સાથે લેપન નથી. એટલે કોઈ પણ દ્વંદ્વ તેની નિર્દ્વંદ્વ-અખંડ અવસ્થાનો ભંગ કરી શકતું નથી અને અંતરાયરૂપ બનતું નથી. એવો જીવન્મુક્ત ઉનાળાના પ્રખર તાપમાં જેટલી શાંતિનો અનુભવ કરે છે તેટલી જ શાંતિનો અનુભવ શિયાળાની કડકડતી ટાઢમાં પણ કરે છે. અરે, એને એ શરદી કે ગરમીનો અનુભવ કરવાનો જ રહેતો નથી. કારણ કે જે મનને એ અનુભવો થાય છે તે મન જ એનું મરી ગયેલું હોય છે; આત્મસ્વરૂપમાં લીન થયેલું હોય છે. એને દેહ હોવા છતાં એ વિદેહી છે. અને તેથી જ ગરમી શરદી વગેરે દેહ પર થતા વિકારો એ દેહભાવથી પર આત્મસ્થિત યોગીને કંપાવતા નથી. આત્મસ્વરૂપમાં નથી શરદી કે નથી ગરમી કે નથી કોઈ અન્ય દ્વંદ્વાનુભૂતિ. અને તેથી એ શારીરિક અવસ્થાભેદ એના આત્મસ્વરૂપને ભેદી શકતો નથી. અને તેથી એવા જીવન્મુક્તની વાસ્તવિક અવસ્થાનો ખ્યાલ આપતાં શ્રી અવધૂતે

**"પાર પરાકે બૈઠે અબતો"**

એમ કહ્યું છે.

શરીર રહેવા છતાંય ગયા જેવું રહ્યું, ગુણના વિકાર ગયા, દ્વંદ્વોની માનસિક અસર ગઈ, સ્થૂળ-સૂક્ષ્મ અને કારણદેહની ઉપાધિ ટળી, જીવનો જીવભાવ ઊડી ગયો અને બ્રહ્મનગરમાં વાસ કરીને નિર્ગુણ ચાદર ઓઢી, બ્રહ્મતાદાત્મ્ય સાધી બ્રહ્માનંદમાં મસ્ત બન્યા. પછી શું રહ્યું ? અને તેથી જ **'અબતો'** શબ્દપ્રયોગ કરીને કશું જ અવશેષ રહ્યું નથી એવો ભાવ શ્રી અવધૂતે વ્યક્ત કર્યો છે. રહીસહી વાણીની ઉપાધિ રહી એમ કદાચ શંકા જાય તો તેનું પણ અહીં શ્રી અવધૂતે સમાધાન કરવાને કહ્યું :

**'પાર પરા કે બૈઠે....'**

'પરા' સુધી વાણીનો પ્રદેશ છે. એ પ્રદેશને ઉલ્લંઘીને જ્યારે જીવ આગળ જાય છે ત્યારે તે 'પરાતીત' બનીને, જ્યાં વાણી થંભી જાય છે, જ્યાં મનની દોડ ચાલતી નથી ત્યાં પહોંચીને તદ્રૂપ-તે જ બની જાય છે. એટલે સ્થૂળ, સૂક્ષ્મ કોઈ પણ જાતની વ્યાવહારિક વાણી એ સ્થિતિનો ખ્યાલ આપી શકે એમ નથી. એ સ્થિતિનો અનુભવ ત્યાં પહોંચીને જ કરવાનો રહ્યો.

પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી દ્વારા આપણે બોલીએ છીએ, વ્યવહાર ચલાવીએ છીએ. મધ્યમા એ પશ્યંતી અને વૈખરીની વચમાંની સ્થિતિ છે. એમાં અસ્પષ્ટ ધ્વનિ પણ નથી, માત્ર માનસિક પ્રકાશ-સ્પંદન

છે. એથી ઉપરની તે પરા. ત્યાં વાણીના મૂળ મૂક સ્ફુરણનો જ અનુભવ થાય છે. એ પરા, પશ્યંતી, મધ્યમાનો વ્યક્ત ધ્વનિ નથી. પણ એ ત્રણેની ઉત્તરોત્તર અવસ્થા અંતે વૈખરીમાં પરિણામ પામે છે. એ ચારે પ્રકારની વાણીમાં ઉત્તરોત્તર સૂક્ષ્મ સ્પંદન છે. જીવન્મુક્ત એ ચારે વાણીને પાર કરીને કેવળ નિસ્પંદ-મૌન અવસ્થામાં જ રહે છે અને તેથી પરા વાણીને પણ પાર કરીને નિઃસ્પંદ અવસ્થાનો અહીં શ્રી અવધૂતે ઉલ્લેખ કર્યો છે. એ ચારે વાણીનું ક્ષેત્ર મન આવરી લે છે. પરા વાણી સુધી તો મન પહોંચે છે પણ તેની આગળ મનની દોડ નથી. જીવન્મુક્તની મનઅવસ્થા રહેતી નથી. મન વિનાના એ જીવન્મુક્તનું સ્થાન એ પરા વાણીને પેલે પાર છે. જ્યાં નથી નાદ, નથી સ્પંદન કે નથી મન. એ કેવળ આનંદ અવસ્થા છે. એ અવસ્થા તો કેવળ અનુભવગમ્ય છે. તેનું શું વર્ણન થાય? કોણ વર્ણન કરે? ન તો વાણીથી વર્ણન થાય, ન તો મનથી કલ્પના થાય. કલ્પનાતીત એ અવસ્થાની કલ્પના કોણ કરે? અને કલ્પના કરવી એ તો મનનો ધર્મ છે. પણ જ્યાં મન જઈ શકતું નથી ત્યાં એની કલ્પના પણ કેમ સંભવે? અને જ્યારે એવી પરાથી પર અવસ્થાનો જે અનુભવ કરતો હોય તે પણ તેનું વર્ણન કેમ કરી શકે? અરે જ્યાં વાચાની પહોંચ જ નથી ત્યાં વર્ણન કેમ સંભવે? અને તેથી જ એવી પરાતીત અવસ્થાનો અનુભવ કરનાર નિશ્ચેષ્ટ બની જાય છે, નિષ્ક્રિય બની જાય છે અને તેથી તે ચૈતન્યઘન હોવા છતાંય અચેતન શો જણાય છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

'મુરદા હોકર ભાઈ.'

મડદાને ચેતન નથી તેથી તે નિષ્ક્રિય પણ છે અને નિશ્ચેષ્ટ પણ છે. મડદાને જેમ કોઈ પણ પ્રકારની ચેષ્ટા નથી, ક્રિયા નથી, ભાવ નથી, કલ્પના નથી, દ્વંદ્વ નથી તેમજ આ પરાથી પર આત્માને પણ એ બધાયનો અભાવ છે. માયા ઉપાધિરહિત બ્રહ્મતત્ત્વ જેમ ચેષ્ટાવિહીન છે, તેમ એ બ્રહ્મલીન પણ વલખાંહીન મડદા જેવો છે અને તેથી જ શ્રી ભગવાને ઉદ્ધવને કહ્યું :

तिष्ठन्तमासीनमुत व्रजन्तं शयानमुक्षन्तमदन्तमन्नम् ।
स्वभावमन्यत् किमपीहमानमात्मानमात्मस्थमतिर्न वेद ॥

"જે પુરુષ આત્મસ્વરૂપમાં સ્થિત થયેલો છે તે શરીરથી ઊભો છે કે બેઠો છે, ચાલે છે કે સૂઈ રહ્યો છે, મળમૂત્ર ત્યાગ કરી રહ્યો છે કે ભોજન કરી રહ્યો છે અથવા બીજું કાંઈ સ્વાભાવિક કર્મ કરી રહ્યો છે કે કેમ તેનું તેને ભાન રહેતું નથી. કારણ કે તેની વૃત્તિ આત્મસ્વરૂપસ્થિત બ્રહ્માકાર રહે છે."

આમ નિર્ગુણચાદર વણી બ્રહ્મનગરમાં વસનારની અવસ્થાનો અનુભવગમ્ય ખ્યાલ શ્રી અવધૂતે આપણને આપ્યો. એ માત્ર ખ્યાલ જ છે. જ્યાં સુધી આપણે એ પરિસ્થિતિનો અનુભવ ન કરીએ ત્યાં સુધી,

જેમ ગળપણ ખાધા વિના તેના સ્વાદનો ખ્યાલ પૂર્ણ રીતે આપણને આવતો નથી તેમ, આપણને ખ્યાલ આવતો નથી.

એ મુડદા જેવો છે, મડદું નથી. એ અચેતન જેવો છે, અચેત નથી. એ નિષ્ક્રિય જેવો છે, નિષ્ક્રિય નથી – એ ભાવ સમજાવીને ચૈતન્યઘનનો પ્રભાવ આપણને સમજાવવાને શ્રી અવધૂત કહે છે :

**"બિના નૈન સબ દિખે તમાસા, ખિલકત ખાખ રમાઈ;"**
**"માયા કુત્તી પૂંછ હિલાવે, આપમે આપ સમાઈ !"**

લ્યો, આ તો શ્રી અવધૂતે નવી જ વાત કહી! આંખ વિના તે કોઈ જોઈ શકતું હશે? આપણો અનુભવ તો કહે છે કે આંધળો જોઈ ન શકે! જેને આંખ નથી તે 'આંધળો.' અને શ્રી અવધૂત કહે છે,

**'બિના નૈન સબ દિખે તમાસા'**

કેવી વાત! ભાઈ અવધૂતની ગત અવધૂત જ જાણે! આપણા જેવા પામર એ વાતમાં માથું મારીએ તો મૂર્ખ ઠરીએ! પણ આપણે જરા વિચાર કરીએ.

આંખ એ તો શરીરનું એક અંગ છે. જગતને જોવાને પરમાત્માએ પ્રાણીમાત્રના શરીરમાં આંખની વ્યવસ્થા રાખી છે. એ આંખ વડે જ આપણે આપણી જાતને અને જગતને જોઈ શકીએ છીએ. જ્યાં જ્યાં આકાર છે ત્યાં ત્યાં આંખ સંભવે છે. જ્યાં આકાર નથી ત્યાં આંખો નથી. અને પરમતત્ત્વ નિરાકાર છે, અમૂર્ત છે, અશરીર છે એટલે તેને આંખો ન હોય એ સંભવિત છે. અને તેથી **'બિના નૈન'** એ શ્રી અવધૂતનું કથન અસ્થાને તો નથી જ. પણ આંખ વિનાનો જોઈ શી રીતે શકે? અને શ્રુતિમાતા શ્રી અવધૂતની વહારે ધાયાં. માતાએ સંતાનની લાજ રાખવી એમાં માતાનું ભૂષણ. અને તેથી જ શ્રુતિ ભગવતીએ કહ્યું :

**अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षु,**
**स श्रृणोत्यकर्णः ।**

અને એટલે જ પરમતત્ત્વની સત્તા વડે સર્જનને જોઈ શકાય છે. જ્યારે મનુષ્યનો જીવભાવ ટળી જાય છે અને તે પરમતત્ત્વમાં સમાહિત થઈ જાય છે, ત્યારે તે પરમતત્ત્વથી ભિન્ન રહેતો નથી. પરમતત્ત્વ સાથેની સામ્યાવસ્થાને કારણે માનવોચિત થતી તમામ ક્રિયાઓ તે તે અંગના તાદાત્મ્ય વિના જ તેનાથી થાય છે એવો ભાવ છે. મનુષ્યમાં જ નહીં પણ પ્રાણીમાત્રમાં પરમતત્ત્વનો પ્રવેશ છે એટલું જ નહીં પણ પ્રાણીમાત્રના અંતરમાં તેમજ બહાર, પણ તે જ પરમતત્ત્વનો પ્રભાવ પ્રગટી રહ્યો છે. અને તેથી એ પરમત્ત્વના પ્રભાવ દ્વારા જ પ્રાણીમાત્ર સ્થૂળ જગતને જોઈ શકે છે. મન, બુદ્ધિ ચિત્ત અને અહંકારનાં કરણ, જ્ઞાનેન્દ્રિયોનાં કરણ, કર્મેન્દ્રિયોનાં કરણ, પ્રાણની પ્રાણનક્રિયા આદિ એ પરમતત્ત્વની શક્તિને જ આભારી છે. અને તેથી શાસ્ત્રોમાં પણ તેને **'સહસ્રાક્ષઃ'** કહીને વર્ણવેલ

છે. પ્રાણીમાત્રના નેત્રમાં જે જોવાની શક્તિ છે તે એ પરમતત્ત્વની શક્તિ છે એમ કહેવાનું પણ એ જ કારણ છે. અને તેથી જ બાહ્ય દૃષ્ટિએ પ્રાણીમાત્ર જુએ છે એમ કહેવાશે, પણ ખરી રીતે તો એ ચક્ષુગોલક દ્વારા પરમતત્ત્વ જ જુએ છે એમ કહેવું અયોગ્ય નથી. અને તેથી નિરાકારને અવયવનો અભાવ હોવા છતાં તે બધું જ જોઈ શકે છે એ ભાવને અનુસરીને જ શ્રી અવધૂતે

**'બિના નૈન સબ દિખે તમાસા'**

એવું કહ્યું છે. એને નેત્રમાં અહંભાવ નથી, અને તેથી એ દેખતો છતાં આંધળા જેવો છે, અથવા આંધળો છતાં દેખતો છે. જગતનો ખેલ એના ચિદ્‌વિલાસ વિના બીજું કાંઈ જ નથી. અને તેથી એને દ્વૈત દ્રષ્ટિએ કાંઈ જ જોવાનું રહેતું નથી. કેવળ નિરપેક્ષ દ્રષ્ટાવત્ તે બધું નિહાળે છે કે બધું તેનામાં દેખાય છે કે સમાય છે.

જગતને તમાસો કહેવાનું પણ પ્રયોજન છે. જગત એ ખરેખર તમાસો જ છે. જેમ જાદુગર પોતાનો તમાસો કરીને સંકેલી લે છે તેમ પોતાના સ્પંદનના પ્રભાવે માયાઉપાધિને કારણે આ જગતરૂપ જે તમાસો તેણે રચ્યો છે તે, કિંવા માયાનો પસારો કર્યો છે તે બધો તે જ પોતાની શક્તિ વડે પ્રલયકાળે સંકેલી લે છે. જેમ કરોળિયો પોતાના શરીરમાંથી તંતુ કાઢીને તેનું પોતાની ફરતે જાળું રચે છે અને પાછો પોતે જ તે જાળાંને સંકેલી પોતાનામાં સમાવી દે છે, તેમ પરમતત્ત્વ પણ એકના અનેક થવાના પોતાના સંકલ્પરૂપ સ્પંદન દ્વારા માયાને સર્જીને માયા દ્વારા જગતને રચે છે અને જગતને પોતાનામાં સમાવી દે છે. એ પરમાત્મા જેવો જાદુગર બીજો કોઈ નથી. એના તમાસા જેવો બીજો તમાસો પણ નથી. પરમતત્ત્વને જ શાસ્ત્રોએ જગતનું ઉપાદાન અને નિમિત્ત કારણ માન્યું છે. અને તેથી આ જગતરૂપી તમાસાનો કર્તા પણ તે જ છે, હર્તા પણ તે જ છે અને સામગ્રી પણ તે જ છે.

જ્યારે એવી આત્મરત અવસ્થા જીવને પ્રાપ્ત થાય છે ત્યારે તે જીવ મલિન સત્ત્વગુણની ઉપાધિથી મુક્ત બની જાય છે. અને તેથી કામના, ઇચ્છા આદિ જે મલિન સત્ત્વના ધર્મ છે તેનાથી તે મુક્ત બની જાય છે. ત્યારે તે સત્, ચિત્, આનંદસ્વરૂપે કેવળ જગતનો દ્રષ્ટા કિંવા સાક્ષીરૂપે જ રહે છે. અને તેથી મનરચિત માયાના મંડાણનો આનંદ માણવાની જીવની કુટેવ છે તે ટળી જાય છે. અહંતા અને મમતા એ મનના સોબતીઓ છે. ૧ પણ નિરાશ બની જાય છે અને પોતાના ઉપદ્રવો કરતા અટકી જાય છે.

શ્રી અવધૂતે કહ્યું :

**'ખિલકત ખાખ રમાઈ.'**

સમસ્ત જડચેતન સર્જનનો સમાવેશ ખિલકતમાં થાય છે. એ ખિલકત એટલે માયાનું સર્વકરણ. જ્યારે જીવ માયાપતિના અંકમાં આનંદમગ્ન





બની જાય છે ત્યારે તેને માયા સ્પર્શ કરી શકતી નથી. અને તેથી માયાના બધાય ઉપદ્રવોનો પણ અસ્ત થાય છે. જે ચાહે છે તેને ચાહના થાય છે. પણ જે ચાહતો જ નથી તેની ચાહના ગુલામ બને છે. માયાના વિકારોથી મુક્ત જીવ નિરીહ બની જાય છે. એટલે માયાનું સમસ્ત મંડાણ તેને ભસ્મસાત્ લાગે છે. અને તેથી માયા જે એક વખત સર્વ સત્તાધીશ હતી, જેણે જીવને જીવભાવના ચક્રમાં સપડાવ્યો હતો, તે માયા પોતાના પાશને ઢીલો કરીને જીવને મુક્ત બનાવી લાચાર અવસ્થા અનુભવે છે. જે માયાએ પરમતત્ત્વને પોતાનાં ઓથામાં છુપાવી રાખ્યું હતું તે માયા હવે પોતાનો પડછાયો પણ પરમતત્ત્વ ઉપર પાડી શકતી નથી. બિંબ પ્રતિબિંબથી ઢંકાતું નથી તેમ માયા પરમાત્માને ઢાંકી શકતી નથી. અને તેથી પાળેલી કૂતરી જેમ બટકું રોટલો જોઈને પૂંછડું હલાવે છે તેમ એ પરમતત્ત્વના પ્રભાવથી બનેલા જીવને જોઈને તેને આધીન બની જાય છે. એટલે પોતાનો પ્રભાવ પાડી શકતી નથી. તેથી માયા પણ પરમતત્ત્વસિદ્ધ સંતની સમક્ષ નાચતી ફરે છે અને પોતાનું બળ બતાવી શકતી નથી. અને એ નિઃસત્ત્વ માયા તરફ આત્મરત નજર પણ નાખતો નથી. આજ સુધી જીવભાવ જાગ્રત હોવાથી, માયા જેને નચાવતી હતી તે જ માયા જીવનો જીવભાવ ગળી જતાં અને શિવભાવ સતેજ થતાં તેની નચાવી નાચે છે. પૂંછડી હલાવતી કૂતરીની માફક તેને વશ વર્તે છે. અને આમ દ્વૈતભાવ નિઃશેષ થતાં એ સ્વાત્મસ્વરૂપને પ્રાપ્ત થયેલ જીવન્મુક્ત પોતે પોતાનામાં સમાઈ જઈ, સમરસ થઈ સ્વાનંદમાં મસ્ત રહે છે. અને તેથી જ શ્રી અવધૂતે

"આપે આપ સમાઈ"

એવું કહ્યું છે. અર્થ એ છે કે જ્યારે સર્વાવસ્થાતીત સાધકને આત્મદર્શન થાય છે ત્યારે તે આત્માથી અભિન્ન બની જાય છે. ભિન્નત્વનું જ્ઞાન ટળી જતાં તે આત્મા વિશ્વાત્મામાં જ ઓતપ્રોત બનીને વિશ્વાત્મા જ બની જાય છે. ત્યારે તેને સર્વત્ર પોતાના સિવાય ઈતરના ભિન્ન અસ્તિત્વનું જ્ઞાન રહેતું નથી. અને તેથી તે પોતે જ બધામાં અને બધાને પોતાનામાં જોઈને એ આત્મક્રીડ, આત્મતૃપ્ત, આત્મરત યોગી અખંડાનંદ અવસ્થામાં ડોલે છે. શ્રી ભગવાને પણ કહ્યું : 'મને સર્વમાં અને સર્વને મારામાં માનીને મારામય જગતને જોનારો મહાત્મા મળવો દુર્લભ છે.' શ્રી અવધૂતભાખ્યા અસલી મુકામે પહોંચેલો જીવ પણ અંતે એવો દુર્લભ મહાત્મા બની જાય છે એ નિઃશંક છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**નાચ રંગ હોતા હૈ હરદમ, બાજે કંઈક બજાઈ,**
**નાચત નાચત થકી ગોપિયાં, જોગ નિંદ છવાઈ.'**

આમ જ્યારે સમસ્ત સંસાર ભગવન્મય કે સ્વાત્મમય બની જાય

છે એવી પ્રતીતિ થાય છે ત્યારે તે મહાત્માના આનંદની શી મજા? એવી આનંદમય અવસ્થાને અનુલક્ષીને જ શ્રી અવધૂતે અહીં

"નાચરંગ હોતા હૈ હરદમ"

એમ કહ્યું છે. લૌકિક દૃષ્ટિએ લૌકિક આનંદના અવસરે જ આનંદ આપનારા નાચરંગ, ગાનતાન આદિ થતાં આપણે અનુભવીએ છીએ. આ નાચરંગ તેવો લૌકિક નાચરંગ નથી. તેવો ક્ષણિક નથી. આ નાચરંગ અલૌકિક છે, શાશ્વત છે. લૌકિક નાચરંગ જોનારાને જ્યારે એ નાચરંગ વિષયાકાર ક્ષણિક આનંદ આપે છે ત્યારે આ નાચરંગ અલૌકિક હોવાથી તેમાં વિષયોનો વિકાર નથી અને તેનો આનંદ પણ અખંડ અને અલૌકિક છે. અવધૂતભાખ્યા આ નાચરંગમાં લૌકિક નર્તિકા નથી, લૌકિક નૃત્ય નથી, અને લૌકિક વાજાંઓ પણ વાગતાં નથી. આ તો છે અલૌકિક નૃત્ય અને તેનું પટાંગણ છે અંતર. એ વાદ્યોનો નાદ પણ અંતરમાંથી જ ઉદ્‌ભવે છે. શ્રી અવધૂત સમર્થ યોગી છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. અને આવાં અલૌકિક નૃત્ય એણે અનુભવ્યાં છે અને અલૌકિક વાદ્યના નાદ એણે શ્રવણ કર્યા છે એમ કહેવું પણ અસ્થાને નથી. અનુભવ વિના આવી ઝીણી વાતો કહેવી શક્ય નથી. પૂછી જોજો કોઈ યોગસાધનાને પંથે પળતા સાધકને, એ વાદ્યોના મંજુલ રવનો આનંદ અને એ અલૌકિક નૃત્ય કરનારી નર્તિકાઓના નૂપુરનાં ઝંકારની મીઠી મઝા ! એવા યોગીને જ્યારે એ વાદ્યોના નાદમાંથી અંતે એક જ અનાહત એકરસ નાદ શ્રવણ કરવાનો મળે ત્યારે તે નાદના આનંદમાં આત્મનુસંધાન પૂર્ણ થાય.

આમ એના અંતરમાં તો અખંડ નાચરંગ અને ગાનતાનનો આનંદ વહ્યા જ કરે છે પણ બહાર સૃષ્ટિના દરેક વહેવાર ને કૂજનગૂંજન કે ધમપછાડામાંય એને એ જ આનંદનો અનુભવ થયા કરે છે. અને તેથી એને નથી કશાથી ક્ષોભ કે મોહ; નથી શોક કે ચિંતા. છે તે માત્ર એક અખંડ શાંતિ જ છે. આનંદ ! આનંદ ! આનંદ ! બીજું કશું જ નથી.

વ્રજમાં વ્રજવનિતાને રાસની અભિલાષા થઈ. એ મહારાસની અભિલાષા તૃપ્ત કરવાને નંદનંદન શ્રીકૃષ્ણે પૂર્ણિમાની ચાંદની રાતે રાસ રચ્યો. એ રાસ ચાલ્યો છ માસ. ન તો રાત કે ન તો દિન. એકધારો એ રાસનો આનંદ માણતાં માણતાં ગોપીઓ દેહભાન ભૂલી. ગુણમય દેહ વિસાર્યો અને કેવળ અખંડ આનંદમાં જ છ માસ ક્યાં વીત્યા તે એ ગોપીઓને સમજાયું પણ નહીં. ક્યાંથી સમજાય ? કાળનું ભાન હોય, દેહનું ભાન હોય તો એ ઉપાધિ આડે આવે ! પણ અખંડ બ્રહ્માનંદમાં નથી દેશ, નથી કાળ કે નથી વસ્તુનું અસ્તિત્વ, અને તેથી જ એ અમર્યાદ આનંદની અવસ્થા છે. અને તે અખંડ છે. અંતે એ ગોપીઓને આત્મસ્વરૂપની સમાધિ લાધી. અને

'નાચત નાચત થકી ગોપિયાં, જોગ નિંદ છવાઈ.'






અહીં ગોપિકા એટલે ઇન્દ્રિઓ અને મનની વૃત્તિઓ. શરીરની જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો બધી જ બહિર્મુખ હોવાથી તેને વિષયોનું બાહ્યજ્ઞાન જ થાય છે. અને અજ્ઞાન કાળમાં એ બાહ્ય આનંદમાં જ રમે છે. યોગસાધના કરતાં કરતાં જ્યારે એ ઇન્દ્રિયો પોતપોતાના વિષયો તરફથી સંકેલી લઈને પરમતત્ત્વમાં કેન્દ્રિત કરવામાં આવે ત્યારે સાધક પોતાની વિષયાભિરુચિનો ત્યાગ કરીને તત્ત્વની અભિરુચિ કરતો થાય છે. જ્યારે પરમતત્ત્વ પ્રત્યે અભિરુચિ સ્થિર થાય છે ત્યારે તે અંતર્મુખ બને છે. એમના નાયક મન અને એની જ વૃત્તિઓ પણ થંભી જાય છે. આમ વૃત્તિઓ નિશ્ચલ બને છે; એટલે એ પરમતત્ત્વમાં-શ્રી કૃષ્ણમાં જ એમનો નિરોધ થઈ જાય છે. એટલે જ દુન્યવી રાસમાં નાચતાં નાચતાં એ ગોપીઓ પરમતત્ત્વના આ દિવ્યરાસમાં નાચી, રાચી, યોગનિદ્રામાં દ્વૈતભાન ભૂલી એ અદ્વૈત સ્વસ્વરૂપમાં સમરસ થઈ જાય છે. અને એ જ વાત શ્રી અવધૂતે

'જોગ નિંદ છવાઈ'

કહીને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

એ યોગનિદ્રા ક્યારે છવાય ? જ્યારે મનોજય સાધ્ય થાય, જ્યારે પ્રાણજય સાધ્ય થાય અને ઇન્દ્રિયો જ્યારે પોતપોતાનાં જ્ઞાન, કર્મ અને વિષયો સહિત આત્મામાં સંયોજિત થાય ત્યારે. એ 'યોગનિદ્રા' તામસ્ નિદ્રા નથી. એ 'નિંદ' શુદ્ધ સત્ત્વગુણાવસ્થાને પાર કરીને જે કેવળ આત્માવસ્થા છે તેની દ્યોતક છે. તામસ્ નિંદમાંથી તો આપણે જાગ્રત થઈએ છીએ, પ્રપંચને સાંભળીએ છીએ. પણ યોગનિદ્રામાં આરૂઢ બનેલો આત્મા પછી એ નિદ્રામાંથી જાગ્રત થતો જ નથી. રખે ભૂલતા. એનો અર્થ એવો નથી કે તેનો પ્રાણવિલય થાય છે. ના તે દેહભાવે આપણા જેવો જ જાગ્રત રહે છે, પણ તેની વૃત્તિઓ આપણા જેવી ચંચળ રહેતી નથી. તે નિરીહ બનીને આત્મતત્ત્વમાં જ લીન બનીને રહે છે. આને જ કોઈ સહજાવસ્થા કે સહજસમાધિ કહે છે. એનું મન જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં એને અદ્વૈત બ્રહ્મનાં જ દર્શન થતાં હોવાથી એ મન શ્રી શંકરાચાર્યની

यत्र यत्र मनोयाति तत्र तत्र समाधयः ।

એ ઉક્તિ પ્રમાણે નિત્યસમાહિત, સમાધિમગ્ન કે બ્રહ્મલગ્ન જ રહે છે. એ મન ફરીને ઇન્દ્રિયભાન કે દેહભાન પર આવીને પ્રપંચનું વિષપાન કરે એવો સંભવ જ નથી. કારણ કે પ્રપંચ પણ એને માટે પરમાર્થ કે પરબ્રહ્મસ્વરૂપ જ બનેલો હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો એનું મન સતત મહાનિદ્રામાં લીન થયેલું કે મૃત જ હોય છે.

મન મરી જાય છે અને મરેલું મન આત્મતત્ત્વમાં સંપૂર્ણ ભાવે સમર્પણ થાય છે. જેમ દૂધમાં સાકર અથવા પાણીમાં મીઠું ઓગળી જાય અને તેનું વ્યક્તિત્વ અદૃશ્ય થાય તેમ મન જ્યારે પરમતત્ત્વમાં ઓગળી

જઈ પરમતત્ત્વ સ્વરૂપ બની જાય, ત્યારે જ યોગનિદ્રા છવાય. અને ત્યારે જ, સતત પરિશ્રમ પછી જેમ એક મનુષ્ય પ્રગાઢ નિદ્રામાં બાહ્યભાન ભૂલી શૂન્યવત્ પડ્યો રહે તેમ, જીવ પણ બાહ્યભાન ભૂલીને અભિન્ન ભાવ સ્થિર કરે ત્યારે જ તે આત્મતત્ત્વ સાથે એકરૂપ બની જાય. એ જ સાચી યોગનિદ્રા છે. એ જ સાચી સમાધિ છે. એવી યોગનિદ્રા પ્રાપ્ત થયા પછી દેહ રહે કે જાય, દેહના સહજ ધર્મકર્મ થાય કે ન થાય તેનું શરીરસ્થ આત્માને ભાન હોતું નથી. વ્રજવનિતા પણ દેહના કર્મધર્મ કરતી છતાંય અખંડ શ્રીકૃષ્ણભાવમાં તૃપ્ત, અંતરમાં શ્રી કૃષ્ણ જ...

અને જ્યારે એવી યોગનિદ્રા છવાય ત્યારે ''હું આત્મા'' એ જ્ઞાન થયા પછી, તેનું પણ વિસ્મરણ થાય ત્યારે અંતે

**''દિન રૈનાકા રહા ન ભાસા નૂર હિ નૂર ન્હલાઈ''**
**''દેખે બિરલા રંગ લારકા મુખસે ન કહી જાઈ !!''**

દિન અને રાત્રી પરસ્પર સાપેક્ષ છે. જ્યાં દિવસ છે ત્યાં રાત્રીનું ભાન છે. જ્યાં રાત્રીનું ભાન છે ત્યાં દિવસનું ભાન છે. પણ જ્યાં રાત્રી પણ નથી અને જ્યાં દિવસ પણ નથી એવા સૂર્યમાં રાત અને દિવસનો ભાસ પણ થતો નથી. તર્ક પણ થઈ શકતો નથી. સૂર્યમાં કોઈ દિવસની કે રાત્રીની કલ્પના કરી શકે ખરું ? સૂર્યમાં કેવળ પ્રકાશ જ છે. તેમાં અંધકારની કલ્પના કરવી એ કેવળ મૂઢતા છે. પરમતત્ત્વ કેવળ પ્રકાશ જ છે. તેમાં અજ્ઞાનના અંધકારની કલ્પના કરવી પણ વ્યર્થ છે. અસ્તુ. જ્યારે યોગનિદ્રા પ્રાપ્ત થાય છે, જ્યારે આત્મા-પરમાત્માનો ભાસમાન ભેદ ટળી જાય છે ત્યારે કેવળ આત્મા જ અવશેષ રહે છે. સત્, ચિત અને આનંદસ્વરૂપ પરમતત્ત્વ કેવળ પ્રકાશ જ હોવાથી અવધૂત કહે છે :

**''નૂર હિ નૂર ન્હલાઈ.''**

સરિતામાં સ્નાન કરવા પડેલા માનવીને ચારે બાજુએ કેવળ જળ જ જણાય છે અને જળ સિવાય બીજી કલ્પના જ આવતી નથી. આત્માથી અભિન્ન પણ આત્મા એટલે કેવળ પ્રકાશ જ જણાય છે, એટલું જ નહીં પણ પોતે પણ એ જ પ્રકાશ છે એવી પ્રતીતિ થાય છે. ત્યારે તેને ઈતર કશું જ જણાતું નથી. શ્રી અવધૂતે કહ્યું તેમ ત્યાં રાત નથી ત્યાં દિવસ નથી, પણ જાણે કેવળ તેજના અંબાર સમો એ પ્રકાશસાગર છે અને તેમાં જ જાણે આત્મા સ્નાન કરે છે. અને એ પ્રકાશમાં સ્નાન કરતો સિદ્ધબ્રહ્મ પછી અંધકારનો અનુભવ પણ કરતો નથી. એને તો લૌકિક અંધકારમાં પણ પરમાત્માનો-પોતાનો જ-પ્રકાશ જણાય છે. પણ એ જોનાર તો લાખ કરોડે કોક જ વિરલો હોય. પ્રભુના એવા લાડીલાનાં કોક પૂર્વનાં પુણ્યના પ્રભાવે જ દર્શન કરવાને મળે. એ અવસ્થાનું વર્ણન શક્ય નથી. અને તેથી જ સાચું વર્ણન કેવળ મૌન છે એમ કહીને શાસ્ત્રો પણ મૌન સેવે છે.




(૩૦)

(રાગ કાફી, તાલ-દીપચંદી)

(રટ રામનામ પલપલમે, મિલ જા લોકી બાદલમેં-એ રાહ)

**મનકો બિન મારે ગોસાંઈ ઐસો મિલે ન કબહૂ ભાઈ !–ધ્રુ.**

**તન રંગાયા મન ના ધોયા, ધરા ગેરુઆ કપરા;**
**માન મિજાસ ગયા ના મનસે, આખર જમને પકરા.–મનકો. (૧)**

**ઉપરસે બક ધ્યાન લગાયા, ચૂન ચૂન મછલી ખાયા;**
**પરસ્ત્રી પરધન હટા ન મનસે, કીચડ નાવ ફંસાયા.–મનકો. (૨)**

**કરે કથા અરુ પુરાન બાંચે, લોગ જ્ઞાન બકવાયા;**
**કરનીકા તો મિલે ન લીટા, ખાલી પેટ બઢાયા !–મનકો. (૩)**

**બકે યોગ અરુ ભોગ બઢાવે, ચેલાચેલી લૂટા;**
**અહં-બ્રહ્મ મુખસેહી કૂટે, અહંકાર ના છૂટા !–મનકો. (૪)**

**દેહતરંગ ન ઊઠે દિલમેં, હિલે ન આતમજ્યોતિ;**
**મન મારુત મિલ જાય મૂલમેં, ગ્રહે રંગ જમચોટી !!–મનકો. (૫)**

ભગવાનને ભેટવું હોય તો જીવે મનની મિત્રતા છોડવી ઘટે. જે મન જીવને માયાના પ્રપંચમાં ઘસડી જાય છે તે મન જીવનું મિત્રકાર્ય કરતું નથી પણ શત્રુની ગરજ સારે છે. અને શત્રુ પાસે સંરક્ષણની આશા રાખનારનો શિરચ્છેદ થાય તો તેમાં આશ્ચર્ય નથી. અને તેથી જ શ્રી અવધૂતે મનને મારવાની વાત અહીં કરી છે.

मन एव मनुष्याणां **कारणं बन्धमोक्षयोः** ॥

એવું એક શાસ્ત્રનું વાક્ય પણ છે. મન જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે. જે બંધન સર્જાવે છે તે જ મુક્ત પણ કરી શકે છે. રાજા શિક્ષા પણ કરી શકે છે અને રાજા મુક્તિ પણ આપી શકે છે.

મનને માર્યા વિના ઇન્દ્રિયોનો અધિપતિ પરમાત્મા સહેલાઈથી મળી શકતો નથી. મન એટલે સંકલ્પવિકલ્પનો અખૂટ ભંડાર. અને મનના સંકલ્પો એટલે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયોમાં મનનું રમણ. પ્રત્યેક પળે, જેમ સાગરમાં ઉપરાછાપરી તરંગો આવ્યે જ જાય છે તેમ, મનમાં પણ ઉપરાછાપરી સંકલ્પો આવ્યે જ જાય છે. વિષયોના એ અનેકવિધ સંકલ્પોને કારણે ચિત્ત સ્થિર રહેતું નથી. અસ્થિર ચિત્ત પરમાત્મા સાથે એકાગ્ર થઈ શકતું નથી. જેમ સરિતાના પાણીમાં પડેલું પ્રતિબિંબ પાણી હાલવાથી હાલતું જણાય છે તેમ સંકલ્પોથી અસ્થિર અને રખડુ બનેલા ચિત્તમાં પરમતત્ત્વનો પ્રકાશ સ્પષ્ટ અને સ્થિરપણે જણાતો

નથી. મન મોજીલું છે. તેને વિષયોમાં જ આનંદ છે અને તેથી વિષયો કરતાં ઉત્તમ તત્ત્વ તરફ તેની રતિ થતી નથી. ઘડીક શબ્દ તરફ આકર્ષાય છે, તો ઘડીક સ્પર્શ તરફ વૃત્તિ ઢળે છે; ઘડીક રૂપ પર મોહ પામે છે તો ઘડીક સ્પર્શલોલુપ બનીને તેમાં જ તન્મય બને છે; ઘડીક ગંધ તરફ ભ્રમર પેરે ઊડે છે તો ઘડીક પુષ્પની પરિમલમાં જ મુગ્ધ બને છે. આમ મન વિષયો તરફ વળે છે અને એ મનનો દોરવ્યો જીવ પણ તેની પાછળ વિષયોમાં જ રચ્યોપચ્યો રહે છે. જ્યાં સુધી જીવને વિષયોમાં સારબુદ્ધિ અને તેથી ઉદ્ભવતી આસક્તિ છે ત્યાં સુધી પરમાત્મા તેનાથી દૂર છે. એટલે પરમતત્ત્વની પ્રાપ્તિ કરવાની જેને તમન્ના હોય તેણે તો સૌ પ્રથમ જીવને મનની સરદારીમાંથી મુક્ત કરવો જોઈએ. અને તો જ જીવ પોતાના સ્વરૂપને ઓળખી તેમાં એકરૂપ બની શકે. મનને મારવું એટલે સંકલ્પવિકલ્પના ભંડારને ખાલી કરવો. મનને મારવું એટલે તેની ચંચળગતિનો નાશ કરવો અને તેને સ્થિર કરવું. સંકલ્પવિકલ્પને સ્થાને પરમાત્માને પધરાવવાથી મન વિષયોથી મુક્ત બનીને પરમતત્ત્વના ચિંતનમાં રમતું થશે.

પ્રભુપ્રાપ્તિમાં રખડેલ મન એક મહાન અંતરાય છે. બુદ્ધિ, ચિત્ત અને અહંકારનો પણ 'મન' સંજ્ઞામાં સમાવેશ થાય છે. અને તેથી જ્યારે મનને મારવાનું કહેવામાં આવે છે ત્યારે બુદ્ધિ, ચિત્ત અને અહંકારનો પણ આત્મતત્ત્વમાં લય કરવાનું કહેવામાં આવે છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એટલે અંતઃકરણ. એ અંતઃકરણ જ્યાં સુધી વિષયાભિમુખ છે ત્યાં સુધી તે પરમાત્માભિમુખ બની શકતું નથી. માટે મનની સાથે બુદ્ધિ, ચિત્ત અને અહંકારને પણ સમાહિત કરવાનાં હોય છે. પ્રથમ અહંકાર જાગ્રત થાય છે. એ અહંકાર સંકલ્પવિકલ્પને જાગ્રત કરે છે અને બુદ્ધિ અને ચિત્ત એ સંકલ્પવિકલ્પને પોષે છે. એમાંથી જ સૂક્ષ્મ કર્મ નીપજે છે. સૂક્ષ્મ કર્મ જ્યારે પ્રત્યક્ષ ક્રિયારૂપે વ્યક્ત થાય છે ત્યારે તે અહંકારજનિત હોવાથી અને તેમાં ફલાસક્તિ હોવાથી બંધન નીપજાવે છે. અને તેથી જ શ્રી અવધૂતે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને મારવાનો અહીં આદેશ કર્યો છે.

શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धरात्मैव रिपुरात्मनः ॥

"પોતે જ પોતાનો ઉદ્ધાર કરવો પણ અધોગતિએ લઈ જવો નહીં, કેમકે પોતે જ પોતાનો બંધુ છે અને પોતે જ પોતાનો મિત્ર છે."

પરાધીન જીવ પોતાનો શત્રુ છે. સ્વાધીન જીવ પોતાનો મિત્ર છે. જીવ પરાધીન છે કારણ કે તે મનનો દોરવ્યો દોરવાય છે અને સ્વાધીન જીવ પોતે જ મનને દોરવે છે. મનને પોતાને આધીન રાખે છે.






પરમાત્મપ્રાપ્તિની પ્રથમ શરત 'મનને મારવું' એ છે. અને તેથી, શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

यतो यतो निश्चरति मनश्चंचलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥

''ચંચળ તથા અસ્થિર મન જે જે કારણથી બહાર નીકળી જાય છે તે તે કારણથી તેને પાછું ખેંચીને ત્યાં ત્યાં જતું અટકાવીને આત્મામાં જ પરોવવું.'

મનને મારવાનો શ્રી ભગવાનભાખ્યો આ સરળ છતાંય સચોટ ઉપાય છે. મન ચંચળ છે, અસ્થિર અને પ્રમાથિ છે. બળવાન અને દૃઢ પણ છે અને તેથી તેને મારવાનું કે તેને વશ કરીને આત્મતત્ત્વમાં સ્થિર કરવાનું સહેલું નથી. જો વાયુનો નિગ્રહ કરી શકાય તો એ મનનો નિગ્રહ કરી શકાય. નિરાશ અર્જુનને મનની એ અજેય સ્થિતિનો ખ્યાલ આવ્યો ત્યારે તેણે પણ ભગવાનને કહ્યું કે, ''ભગવાન્ ! એ મનનો નિગ્રહ કરવો એ વાયુનો નિગ્રહ કરવાનું જેમ દુષ્કર છે તેમ દુષ્કર છે.'' પણ ભગવાને તેનો પણ ઉપાય શોધ્યો અને અર્જુનને કહ્યું :

अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ।

''હે કૌન્તેય, વૈરાગ્ય અને સાધનાભ્યાસથી તે વશ કરી શકાય છે.'' તેથી આપણે પણ ભગવાનભાખ્યા એ બે સાધનોનો ઉપયોગ કરીએ તો મન વશ થાય એમાં નવાઈ નથી.

વૈરાગ્ય હોવો જોઈએ વિષયો તરફ અને અભ્યાસ હોવો જોઈએ પરમાત્મા તરફ. પણ માનવજીવન એથી વિપરીત દિશામાં વહે છે અને તેથી, વૈરાગ્ય અને અભ્યાસ એ ઉભય સાધનો આપણી પાસે હોવા છતાં એ વૈરાગ્યવૃત્તિ પ્રભુ પ્રતિ કેળવીને અને અભ્યાસ વિષયોનો કરીને આપણે મનને મારવાને બદલે, મનને અધિક બળવાન બનાવી, મન આગળ આપણે આપણી નિર્બળતાનું જ પ્રદર્શન કરીએ છીએ.

મન બળવાન છે એવી આપણી માન્યતા જ આપણે બળવાન હોવા છતાં આપણને નિર્બળ બનાવે છે. એક વખત 'હું નિર્બળ છું,' એવી ભાવના થાય છે એટલે ઉત્તરોત્તર એ ભાવના દૃઢ થતી જાય છે અને ત્યારે આપણે કેવળ ભયભીત અવસ્થાનો જ અનુભવ કરીએ છીએ. જ્યારે આપણે બળવાન છીએ, આપણને કોઈ પાછું પાડી શકે એમ નથી, એવી ભાવના દૃઢ કરતા જઈએ ત્યારે, એ જ સંકલ્પબળ, આપણે નિર્બળ હોઈએ તો પણ આપણને બળવાન બનાવે છે. વસ્તુતઃ મન આપણું જ નોકર છે, આપણે મનના નોકર નથી. પણ મન આપણો માલિક છે એમ આપણે માનતા થયા છીએ અને તેથી મનથી આપણે ડરીએ છીએ. અને તેથી આપણી અંદર વ્યાપી ગયેલ મનનો એ મિથ્યા ડર નિવૃત્ત કરવાથી આત્મબળ વધશે અને ધીમે ધીમે મનનું ધીંગાણું ઓછું થઈ નાશ પામશે. અને વિષયાધ્યાસ

છૂટી જતાં મનોજય સિદ્ધ થઈ મન મૃતવત્ બની જશે. મન મરી જતાં મનને ઇન્દ્રિયોના સ્વામી મનમોહન-પરમતત્ત્વની ઝાંખી થશે.

હવે મનને મારવામાં-સાધન માર્ગે પ્રગતિ કરવામાં-આડે આવતા અંતરાયોનું શ્રી અવધૂતે આલેખન કર્યું છે.

આસુરી સંપત્તિનું વર્ણન કરતાં શ્રી ભગવાને દંભ, દર્પ અને અભિમાનને સૌ પ્રથમ સ્થાન આપ્યું છે. તેને અનુલક્ષીને જ શ્રી અવધૂત અહીં અંતરાયની ગણના કરાવે છે. પોતે જે નથી તે જગતને બતાવવું એ છે 'દંભ.' ગરીબ હોવા છતાં તવંગરપણાનો ડોળ કરવો એ છે દંભ. દુર્ગુણનો ભંડાર હોવા છતાં દુનિયામાં સદ્‌ગુણી હોવાનો ડોળ કરવો એ છે દંભ. પાપાત્મા હોવા છતાં ધર્માત્મા દેખાડવવા બાહ્ય વેશ સજી કરવું એ દંભ છે. એવા દંભને જાણ્યા છતાં તેને પોષવો તે દર્પ છે. દંભ અને દર્પને અનુમોદન દેનાર છે તે અભિમાન. 'હું શ્રેષ્ઠ છું, હું શ્રીમંત છું, હું બળવાન છું, હું ધાર્મિક છું, હું મહાત્મા છું, હું યોગી છું, આદિ ગર્વભર્યા શબ્દો કેવળ અહંતાને કારણે જ મુખમાંથી નીકળે છે. જ્યાં સુધી એ ત્રણ વિકારો અંતરમાં રાજ્ય કરે છે ત્યાં સુધી મનના નંગા નાચને પોષણ મળે છે અને આત્મસાધન આગળ વધી શકતું નથી. તેથી એ ત્રણેનો નાશ કરવો જરૂરનો છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**"તન રંગાયા મન ના ધોયા, ધરા ગેરુઆ કપરા;"**
**"માન મિજાસ ગયાના મનસે, આખર જમને પકરા."**

વેશપરિવર્તન સાધુતાનું લક્ષણ નથી. શુદ્ધ અને નિર્મળ અંતઃકરણ એ જ સાધુતાનું સાચું લક્ષણ છે. એ જ વાત અહીં શ્રી અવધૂતે કરી છે. સાધુતા દાખવવાને ઘણાએ બાહ્ય આડંબર કરે છે. ટીલાંટપકાં કરીને શરીર રંગવાથી સાધુતા આવતી નથી. બારણે આવતા એવા ટીલાંટપકાંધારી અને માલાકમંડલધારી કષાયવસ્ત્રપરિધાન કરનારાના એ બાહ્ય આડંબરથી ઘણાંય ભોળાં જનો ફસાય છે. છાપાતિલક, ભસ્મોધ્ધુલિતદેહ વગેરે કરીને શરીરને રંગવાથી પરમતત્ત્વ પ્રાપ્ત થતું નથી. કેવળ કષાયવસ્ત્ર પરિધાનથી કે શિખાસૂત્રને ફગાવી દઈને મુંડી બન્યાથી કે કુડીદંડ ધારણ કર્યાથી પણ પરમાત્માની પ્રાપ્તિ થતી નથી. એ બાહ્યાડંબરમાં સાધુતા નથી. સાધુતાના સ્વાંગયુક્ત દંભથી દુનિયા ભલે ઠગાય, પરમાત્મા નહીં ઠગાય. સાધુતાનો એ દંભ કર્યા છતાં મનથી જ્યાં સુધી સાધુતા નથી આવી ત્યાં સુધી પરમાત્માની પ્રાપ્તિ થતી નથી એ નિર્વિવાદ છે. આખરે એ ઢોંગ છતો થાય છે ત્યારે એવા ઢોંગી સાધુની ફજેતી થાય છે. શ્રી અવધૂતે પ્રશ્નોત્તરમાલામાં પણ એ જ વાતની છણાવટ કરતાં કહ્યું :

**कः साधुः ? साधनवान्मालामुद्रादि शोभितो नैव ॥**

"સાધુ કોણ ? જે સાધનયુક્ત છે તે. માલા, મુદ્રા આદિથી શોભતો સાધુ નથી. સાધનમાં વિવેક, વૈરાગ્ય, શમ, દમ આદિ ષટ્‌સાધન છે.






સારાંશ કે સાધુતાનાં લક્ષણયુક્ત જે હોય તે જ સાધુ કહી શકાય. અને તેથી કેવળ વેષભૂષાપરિવર્તન કે શરીરને રંગવાથી સાધુતા આવતી નથી એમ કહેવાનો અહીં શ્રી અવધૂતનો આશય છે.

માન અને અપમાન એ મનના વિકારો છે. એ વિકારો જ્યાં સુધી મરણતોલ થયા નથી ત્યાં સુધી પ્રત્યેક પળે દેહઅહંતા ડોકિયું કર્યા વિના રહેતી નથી. જ્યાં સુધી દેહઅહંતા છે ત્યાં સુધી સાધુતા છે એ કહેવું નિરર્થક છે. કોઈ અપમાન કરે એટલે ક્રોધ થાય, કોઈ માન આપે એટલે આનંદ થાય. લોકેષણાનો જન્મ પણ એ જ માન અને અપમાનની ભાવનામાંથી થાય છે. વાટે ચાલતા ભિખારીઓની વાત બાજુ પર મૂકીએ પણ મોટા મોટા કહેવાતા મહાત્માઓ અને ઉપરથી ત્યાગમૂર્તિ જણાતા સાધુઓ પણ મનના એ વિકારથી મુક્ત નથી એવું આપણે નજરે જોઈએ છીએ. કોક પ્રસંગે નજર છેતરે એ બનવાજોગ છે પણ તે લાખ કરોડે એક જ હોય. સર્વસાધારણ રીતે સાધુતાનો માત્ર સ્વાંગ ધરનાર સાધુ નથી એમ કહેવું અયોગ્ય નથી. સાધુતામાં માનાપમાનની વૃત્તિને સ્થાન જ નથી. ખરી પરિસ્થિતિ તો એથી વિલક્ષણ છે. પગરખાંના હાર પહેરીને સાચો સંત દુઃખ માનતો નથી. પુષ્પના હાર પહેરીને તે સુખ કે આનંદ માનતો નથી. સાચો સંત એ ઉભયથી ન્યારો છે. તેને માન, અપમાન કે નિંદાસ્તુતિની કશી જ સ્પૃહા નથી. અને તેથી જ શ્રી અવધૂતે અહીં એવા આડંબરી સ્વાંગધારી સાધુઓથી સાવચેત રહેવાની સૂચનારૂપે આ વાત કહી છે. સાચો સાધુ શરીર હોવા છતાં શરીરભાવથી પર છે.

ક્રોધ એ પણ મનનો જ વિકાર છે અને તે જ્યાં સુધી જાગ્રત અવસ્થામાં રહે ત્યાં સુધી તો અંતરાયરૂપ છે જ. પણ સુષુપ્ત અવસ્થામાં રહેલો ક્રોધ પણ સંસ્કાર અવશેષના કારણે કોકવાર ભભૂકી ઊઠે છે ત્યારે અનર્થ કરે છે. એ ક્રોધને નિઃશેષ કરવાને કામનાનો ક્ષય કરવાની જરૂર છે. અને તેથી જ શ્રી ભગવાને અર્જુનને

"जहि शत्रुं महाबाहो कामरुपं दुरासदम् ।"

"કામરૂપી દુર્જય શત્રુનો સંહાર કર." એવું કહીને બોધ આપ્યો છે. જ્યારે કામનાનો નિઃશેષ ક્ષય થશે ત્યારે જ રજોગુણનો પણ ક્ષય થશે, અને રજોગુણજનિત ક્રોધ, માન, અપમાન, આદિ મનની વિકૃત વૃત્તિઓનો પણ સ્વયં નાશ થશે. સાધુની સાધુતા માપવાનું શ્રી ભગવાનભાખ્યું આ એક સાધન છે. ક્રોધની વૃત્તિને દબાવી રાખવાથી તેની નિવૃત્તિ થતી નથી. વસ્તુતઃ તો વિવેક અને વિચારપૂર્વક ક્રોધની વૃત્તિને શમાવી દેવાની જરૂર છે. આત્મદૃષ્ટિ સ્થિર થવાથી જ એ વિવેક અને વિચાર પ્રાપ્ત થાય છે. અહીં એનું વિશદ વિવેચન અસ્થાને ગણાય.



એ ક્રોધને શમાવવાને અને બીજી રજોગુણજનિત વૃત્તિને શમાવી દેવાને મન સાથે મૈત્રી સાધવી જરૂરી છે. માન, અપમાન, ક્રોધ, લોભ

આદિ આવરણને દબાવી દેવાથી તે દ્વિગુણ બળથી, અગ્નિમાં ઘી હોમાતાં જેમ ભડકો થાય તેમ, ભડકી ઊઠે છે. વિવેક પુરઃસર વિચાર કરીને, પ્રભુપ્રાપ્તિમાં અવરોધક છે એમ સમજીને એનો ત્યાગ કરવો ઘટે. એ ત્યાગ કેવળ વૈરાગ્યવૃત્તિયુક્ત આત્મચિંતનથી જ થઈ શકે. જ્યારે દેહસહિત જાગતિક પ્રપંચમાં વૈરાગ્યવૃત્તિનો આશ્રય લેવાય ત્યારે એ સાધ્ય છે. અને ત્યારે જ એ વૃત્તિઓનો નિઃશેષ ક્ષય થાય છે. પ્રભુદર્શન પણ ત્યારે જ થાય છે. વૈરાગ્યવૃત્તિ કેળવવા માટે મનને એ કામક્રોધાદિ વૃત્તિઓની અસારતા અને દેહાદિ પ્રપંચની અસારતાના ખ્યાલ તરફ વાળવાની જરૂર છે. અને તેથી શ્રી અવધૂતે કહ્યું તેમ, ''એ માન અપમાન આદિ વૃત્તિઓ રહે ત્યાં સુધી તે શરીર જમના દૂતનો શિકાર બને છે.''

''આખર જમને પકરા'

એ કહેવાનો હેતુ છે. માનવજીવન એળે જાય છે. તાત્પર્ય એ છે કે સાધુતાનો સ્વાંગ પરમતત્ત્વની પ્રાપ્તિ કરાવતો નથી. માનાપમાનની ભાવના પરમતત્ત્વની પ્રાપ્તિ કરાવતી નથી પણ પ્રાપ્તિમાં અંતરાયરૂપ છે અને પરિણામે જમના દૂતો પકડે છે. માનવની જીવદશાની નિવૃત્તિ થતી નથી.

આગળ ચાલતાં શ્રી અવધૂતે કહ્યું :

**''ઉપરસે બક ધ્યાન લગાયા, ચૂન ચૂન મછલી ખાયા;''**
**''પરસ્રી પરધન હટા ન મનસે, કીચડ નાવ ફંસાયા.''**

અહીં શ્રી અવધૂતે દંભની વાત કરી છે. સાધુના સ્વાંગમાં રહેતા ઘણા પુરુષો દંભી જણાય છે એ આપણે અનુભવીએ છીએ. સાધુતાનું એકે લક્ષણ વસ્તુતઃ તેનામાં હોતું નથી. કેવળ ટીલાંટપકાંમાં, છાપા અને માળા ધારણ કરીને, ભગવાં વસ્રો પહેરીને કે દાઢી વધારીને મનમાં વિષયોનું પોષણ કરનારા એવા દંભીઓ કેવળ બગલા જેવા છે. એવાઓ આંખો મીંચીને ધ્યાન કરતા હોય છે પણ તે કેવળ બહારનો દંભ માત્ર છે. વસ્તુતઃ તે ધ્યાન નથી. ડોળ કરવાથી ધ્યાન થતું નથી. ધ્યાનની કલ્પના તો ઘણી વિલક્ષણ છે. ધ્યાનમાં ધ્યાતા અને ધ્યેય એકાકર બની જાય છે. અને ત્યારે તેને વિષયનું કે જાતનું જરાએ ભાન રહેતું નથી. મન બુદ્ધિ અને ચિત્ત અભિમાન સહ મૃતઃપ્રાય બની જાય છે. અને ધ્યાતા કેવળ પરમતત્ત્વમાં જ તલ્લીન થાય છે. એ ધ્યાન ભલે થોડો વખત રહે પણ જ્યાં સુધી રહે ત્યાંસુધી તો ધ્યાનસ્થને બધું જ વિસ્મૃત થઈ જાય છે. અને એવો ધ્યાનનો અભ્યાસ કરતાં કરતાં લાંબે ગાળે એનું મન ધ્યેયાકાર બની જાય છે. પણ એવું સાચું ધ્યાન રસ્તે અને વાટેઘાટે મળતા સાધુઓમાં જોવામાં આવતું નથી. એવા ધ્યાનસ્થ સાધુનાં તો દર્શન પણ દુર્લભ છે. જેમ બગલું ધ્યાન કરીને એક પગે નદીના વહેણમાં ઊભું રહે છે પણ તેનું ધ્યાન એ પ્રવાહમાં આવતી માછલીમાં જ હોય છે

અને તક મળે તુરત જ માછલીને પકડીને ગળી જાય છે; તે જ રીતે આવા બકધ્યાન કરનારા સાધુઓ સદા પોતાના શિકારનું જ ધ્યાન ધરતા હોય છે. તેમને પરમાત્માની પડી નથી. અને તેથી તેવા સાધુઓ પરમાત્માને પ્રાપ્ત કરી શકતા નથી, એટલું જ નહીં પણ પરમાત્માને પ્રાપ્ત કરવાની પાત્રતા પણ તેમનામાં નથી. પાત્રતા વિના પ્રભુ પ્રાપ્તિ શક્ય નથી.

બીજો અંતરાય છે પરધન અને પરસ્ત્રીનું ચિંતન.

**'પરસ્ત્રી પરધન હટા ન મનસે.'**

પરાઈ સ્ત્રીને નિહાળતાં જ વૃત્તિ કામાકાર બની જાય છે. વૃત્તિ સકામ થતાં જ તેની પાછળ રહેલા બીજા અનેક અનર્થોને તે આમંત્રણ આપે છે. અનાચારને પંથે પરવરતા માનવીને અનર્થ કરતાં આંચકો આવતો નથી.

**''कामातुराणां न भयं न लज्जा''**

એવું એક નિરીક્ષણ છે.

પરાયા ધનનું હરણ કરવું એ પણ એટલું જ હીણું કાર્ય છે. આજકાલ આપણે વર્તમાનપત્રોમાં એવા પરધનહરણ કરનારાનાં કરતુકો અને પરાક્રમો રોજ વાંચીએ છીએ. લોભવૃત્તિને વશ મનુષ્યો યેનકેન પ્રકારેણ પારકાનું ધન પોતાનું કરવાના પ્રયત્નો કરવામાં રાત્રીદિવસ રચ્યાપચ્યા રહે છે. પરધન હરણ કરવાની લોભવૃત્તિ એ પરમતત્ત્વની પ્રાપ્તિમાં મહાન વિઘ્નરૂપ છે. તુલસીદાસજીએ ઠીક જ કહ્યું છે.

**''પરધન પથ્થર માનીએ, પરસ્ત્રી માત સમાન,''**
**''ઈતનેસે હરિ ના મિલે, તુલસીદાસ જમાન.''**

સાધુતાનો દંભ કરનારા એવા અધમ પુરુષો જગતમાં કેવળ અનાચારને જ વધારનારા છે. સાધારણ રીતે સાદીભોળી સ્ત્રીઓ અને લોભીપુરુષો આવા દંભી સાધુબાવાઓની જાળમાં જલદી ફસાય છે અને તેને લીધે જગતમાં કેટલો અનાચાર અને કેટલાં પાપ થાય છે તેની કલ્પના પણ થઈ શકે તેમ નથી.

પરસ્ત્રી પ્રત્યે કામવિકારજનિત નજર કરવી એના જેવું બીજું પાપ એકે નથી. જ્યારે કોઈ પણ સ્ત્રી પર નજર ઠરે ત્યારે તેને પોતાની માતા માનવાથી અને મનમાં એવી માતૃભાવનાનો ઉદય થવાથી કામવિકારની નિવૃત્તિ થાય એમાં નવાઈ નથી. પશુપંખીઓની વાત બાજુ પર મૂકીએ તો જે સમાજમાં વ્યવસ્થા છે – માતા, પુત્રી, પત્ની, બહેન, આદિની ભેદ-મર્યાદા છે ત્યાં સુધી પોતાની માતા તરફ કુદૃષ્ટિ કરે એવો તો કોઈ અધમાધમ પણ નહીં હોય એ નિઃશંક છે. રૂપવાન નારીને નિહાળીને પુરુષનું મન સત્વરે ચલિત થાય છે. તે જ વખતે મનને સમજાવવું જોઈએ : ''અલ્યા, એ તો તારી માતા છે. અને સકળ જગતની જનની સમી એ નારી તરફ વિકારભરી નજરે જોતાં પહેલાં તો તારી આંખો ફાટી જવી જોઈએ.'' સ્ત્રીમાત્ર પ્રત્યે માતૃભાવ કેળવવાથી કામવિકાર નિવૃત્ત કરવો

સરળ છે. પરધનનું પણ એમ જ સમજવું જોઈએ. ધનનું સાચું સ્વરૂપ વહેવારમાં ભલે જુદું હોય, એ ચાંદી સોનાના સિક્કાઓ ભલે માનવીને લોભાવે; એ ચાંદી સોનાનો રણકાર ભલે માનવીને ભાન ભુલાવે, નીતિને કોરે મૂકવાની વૃત્તિને સર્જાવે પણ એ વસ્તુતઃ એ માટી જ છે. અને તેથી લોહ અને કાંચન તરફ સમદૃષ્ટિ કેળવવી ઘટે. અને તેથી જ




"सम लोष्टाश्म काञ्चनः"

એ શ્રી ભગવાનના વાક્યાનુસાર એ સોનાચાંદીના સિક્કાઓ અને ઝવેરાત આદિ પાર્થિવ સંપત્તિ તરફ છેવટે સાધુએ તો માટીની વૃત્તિ જ રાખવી જોઈએ. અને તો જ લોભવૃત્તિની નિવૃત્તિ થવાનો સંભવ છે. ઉપનિષદકારે પણ



"मा गृधः कस्यस्विद्धनम्"

"કોઈના પણ ધનની તું તૃષ્ણા કરીશ નહીં." એ પ્રમાણે કહ્યું છે. જે ધન પરાયાનું છે તે ધન તમારું તો નથી જ ને? તમને તે મેળવવાનો શો અધિકાર? અધિકાર વિનાનો એ ધનભંડાર તમને કેમ પચશે? લક્ષ્મીનો લોભ નિવૃત્તિ પામે ત્યારે જ પરાયા ધનનું હરણ કરવાની બુદ્ધિ નિવૃત્ત થાય. જ્યાં સુધી પરસ્ત્રી અને પરધનમાં મન ચોંટેલું છે, તેને પ્રાપ્ત કરવાની વૃત્તિ છે, જ્યાં સુધી મનુષ્ય માનવતાને ભૂલીને પશુતામાં જ જીવે છે, જ્યાં સુધી મનુષ્ય ઉપર લોભવૃત્તિનો કાબૂ છે ત્યાં સુધી પરમાત્માની પ્રાપ્તિની આશા નથી. અને તેથી જેને પરમધન-પરમાત્મા કમાવાની ઇચ્છા છે તેણે તો એ પરધનની લોભવૃત્તિ અને પરસ્ત્રી પ્રત્યેની કામવૃત્તિનો નિઃશેષ ક્ષય કરી મનને નિર્મળ બનાવવાની જરૂર છે. પરમાત્માને પ્રાપ્ત કરવા માટે તો પુરુષાર્થ કરવાનો જ નથી. પણ પરમતત્ત્વની પ્રાપ્તિમાં આવતા આવા અવરોધ અથવા અંતરાયને દૂર કરવા જ પુરુષાર્થ કરવાનો છે. એ વૃત્તિઓ જ્યાં સુધી અંતરમાં ઘર કરીને બેઠી છે ત્યાં સુધી, જેમ કાદવમાં ચોંટી ગયેલું નાવડું આગળ ચાલી શકતું નથી તેમ, સાધક પોતાના પુરુષાર્થમાં આગળ વધી શકતો નથી. અને તેથી પરસ્ત્રી અને પરધનને મનથી જ અળગા કરવાની જરૂર પ્રત્યે શ્રી અવધૂતે ભાર મૂક્યો છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે.

**'કરે કથા અરુ પુરાન બાંચે, લોગ જ્ઞાન બકવાયા;'**
**કરનીકા તો મિલે ન લીટા, ખાલી પેટ બઢાયા.'**

સાધુના સ્વાંગમાં ફરનારા એવા દંભીઓ પોતે જાણે જ્ઞાનનો ભંડાર હોય તેવી રીતે જ્ઞાની થવાનો આડંબર કરીને, જ્યાં ત્યાં લોકોને ઉપદેશ આપતા ફરે છે, ઉપદેશક બની જાય છે. ચાર ચોપડાં વાંચીને ઉપદેશ આપવો એ કાંઈ મુશ્કેલ નથી. પણ એ પરોપદેશે પાંડિત્યની શી કિંમત? ભગવાં ધર્યાં એટલે જ જાણે બીજાઓને ઉપદેશ આપવાનો એમને અધિકાર મળ્યો એમ માનનારા દંભીઓ પોતાને ઠગે છે. નથી પોતે તરી શકતા કે

નથી. બીજાને તારી શકતા. એવા આસુરી સંપત્તિવાન મનુષ્ય અંતે તો

**प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ।**

એ શ્રી ભગવાનનાં વાક્ય અનુસાર નરકના જ ભાગી બને છે. પાંચ માણસો ટોળે કરી વ્યાસપીઠ પર બેસીને ભાગવત, પુરાણ આદિની કથાઓ વાંચે, ગીતા પર પ્રવચનો કરે, તત્ત્વજ્ઞાનની વાતો કરે પણ તેનું પરિણામ કાંઈ જ આવતું નથી. પોતે મહાન જ્ઞાની હોવાનો દંભ કરીને ભોળા જનોને એવાં વ્યાખ્યાનો દ્વારા ભરમાવી પોતાના તરફ આકર્ષે છે, અનેક રીતે પૈસા પડાવી પોતાનાં ખીસાં તર કરે છે અને એ સાંભળીને લોકો ભાગ્યે જ કાંઈ મેળવે છે, પણ એવાઓ બીજા વધારે અજ્ઞાની લોકો આગળ જ્ઞાનની વાતો કરીને જ્ઞાની હોવાનો દંભ સેવતા થઈ જાય છે અને પરિણામે તો પથ્થર પર પાણી. તુકારામ મહારાજે કહ્યું છે, 'જે મનુષ્ય જેવું કહે છે તેવું કરે છે તેના ચરણમાં મારું માથું ઢળે છે.' તાત્પર્ય એ છે કે જે કહે તેનો જો આચાર કરે તો તે વંદનીય છે. પણ એક વાત કહે છે અને બીજી રીતે આચાર કરે છે તેનું, તેને સાંભળનારા માણસો પર સારું પરિણામ ભાગ્યે જ આવે છે. અનેકવિધ સર્વોત્તમ વિચારો વ્યક્ત કરવા એ તો સહેલું છે. તમને વાચા પર કાબૂ હોય તો ચાર ચોપડીઓ વાંચો એટલે તમે ઓજસભર્યાં વ્યાખ્યાનો આપી શકો. પણ તેનો ઊંડો પ્રભાવ ન પડે. જ્યાં વિચાર છે તેવો જ આચાર હોય તો ભલે અભણ હોય છતાંય આચારયુક્ત વિચારનો પ્રભાવ શ્રોતા ઉપર જરૂર પડે છે. આચારવિહીન વિચારો માત્ર વિચારો જ રહે છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**"કરનીકા તો મિલે ન લીટા, ખાલી પેટ બઢાયા."**

એવા જ એક કથાકારે કહ્યું :

"દેવશયની એકાદશી પછી વેંગણ અગ્રાહ્ય છે અને તે વર્જ્ય કરવાં જોઈએ."

યોગાનુયોગે દેવશયની એકાદશી પછી કોક ભક્તે મહારાજના પ્રવચનમાં વેંગણ મૂક્યાં. પંડિતજી ઘેર લઈ ગયા અને તેનું શાક બનાવવાની પત્નીને આજ્ઞા કરી. પત્નીએ વ્યાસજીને તેમના જ ઉપદેશાત્મક વાક્યનું સ્મરણ કરાવ્યું. વ્યાસજીએ કહ્યું :

**"એ તો પોથીમાંનાં રીંગણાં"**

આ છે કેવળ મૌખિક લૂખી વાચાળતાનું પરિણામ. એવા ઉપદેશની શ્રોતાઓ ઉપર અસર થતી નથી અને તેથી, આંધળો માણસ આંધળાને દોરીને લઈ જાય તો બંને ઊંડા ખાડામાં પડે. તે જ રીતે ન તો વક્તાનો ઉદ્ધાર થાય કે ન તો શ્રોતાનો. પરિણામે વક્તા અને શ્રોતાનો સમય વ્યર્થ જાય છે. સાચો ઉપદેશક તો 'કહે તેવું કરે' તે જ છે. અને એવા ઉપદેશક તો કેટલા મળે? બીજાઓને તો ઉપદેશ કરવાનો અધિકાર પણ નથી.

એક વૃદ્ધ માતાએ એક સંતને પ્રાર્થના કરી ''મારા બાળકને ગળપણ ઘણું ભાવે છે. તેને ગળપણ પૂરું પાડવાની મારી શક્તિ નથી. અને તેથી કૃપા કરી આપ તેને ગળ્યું ન ખાવાનો ઉપદેશ આપો.''

સંત પોતે પણ ગળપણના શોખીન હતા અને તેથી જવાબ આપ્યો.

''માતાજી, બાળકને બે માસ પછી મારી પાસે લાવજો. હું ઉપદેશ આપીશ.''

બે માસ વીત્યાં અને વૃદ્ધ માતા બાળકને એ સંત પાસે લઈ ગયાં. સંતે ઉપદેશ કર્યો અને તે બાળકને ગળે પણ ઊતર્યો. બાળકે ગળપણ ખાવાની ટેવ છોડી. એ કેમ બન્યું જાણો છો? સંતે બે માસમાં પોતાની ગળપણ ખાવાની ટેવ છોડી દીધી, તેના ઉપર પોતાનું સ્વામીત્વ જમાવ્યું અને ટેવ કાબૂમાં આવતાં જ તેમણે ઉપદેશ કર્યો એટલે તેનું ઇષ્ટ પરિણામ પણ આવ્યું. તાત્પર્ય એ છે કે ગુરુત્વ પ્રાપ્ત કર્યા વિના ગુરુ બનીને કરેલો ઉપદેશ એળે જાય છે. ઉપદેશક જે ઉપદેશ કરે છે તે તેણે પોતાના જીવનમાં આચારમાં મૂકેલો હોવો જોઈએ. તો જ શ્રોતાઓ ઉપર તેની સચોટ અસર થાય છે. બાકીના તો શ્રી અવધૂત કહે છે તેમ

**'ખાલી પેટ બઢાયા'**

જેવા જ છે. દુંદાળા ગણરાજ જેવા વ્યાસપીઠ ઉપર આડંબરયુક્ત બેસીને પારકાને ઉપદેશ જ કરી જાણે છે. શ્રી અવધૂતનો ઉપદેશ એ છે કે જે ઉપદેશ કરવાને અધિકારી છે તેણે પોતે જે વિચાર સમાજ આગળ મૂકવો હોય તે વિચારને પોતાના જીવનમાં આચારયુક્ત બનાવવો જોઈએ. આચાર વિનાના વિચારો કેવળ તરંગ જેવા છે અને તેનું કંઈ પણ પરિણામ આવતું નથી.

હવે બીજી વાત તરફ શ્રી અવધૂત નિર્દેશ કરે છે.

**'બકે યોગ અરુ ભોગ બઢાવે, ચેલાચેલી લૂટા;'**
**'અહં-બ્રહ્મ મુખસેહી કૂટે, અહંકારના છૂટા !'**

આજકાલ યોગમાર્ગ તરફ જવાની ઘણાયની વૃત્તિ જણાય છે. યોગનો સાચો મર્મ જાણનારા તો આંગળીને વેઢે ગણાય એટલા જ નીકળે. સર્વસાધારણ સમાજમાં યોગ એટલે પ્રાણનિરોધ એવો અર્થ થાય છે. અને તેથી કેટલાક સાધુઓ યોગનાં એકાદ બે પુસ્તકો વાંચીને યોગની વાતો એવા ભોળા મનુષ્યો આગળ કહે છે. યોગના યમ, નિયમાદિ આઠ અંગોમાનું એકે અંગ એ વાતગરા યોગીએ સિદ્ધ કર્યું હોતું નથી. અને તેથી એવા પુસ્તકિયા જ્ઞાનની વાતમાં ભોળા માણસો ભોળવાઈ જાય છે. યોગ દ્વારા ઇષ્ટસિદ્ધિ પ્રાપ્ત કરવાની અભિલાષા સેવતા બિચારા યોગનાં માઠાં પરિણામોના ભોગ બન્યાના દૃષ્ટાંતો નજરે પડે છે. યોગમાં જે નિયમોનું અનુશીલન કરવાનું છે, બાહ્ય અને અંતરશુદ્ધિ અર્થે જે આચાર કરવાના છે તે કશા જ થતા નથી અને પરિણામ માઠાં આવે છે. શ્રી






ભગવાને કહ્યું :

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥

"યોગ્ય આહાર વિહારવાળાને, કર્મમાં યોગ્ય ચેષ્ટાવાળાને તથા યોગ્ય જાગનાર અને ઊંઘનારને દુઃખનો નાશ કરનાર યોગ સિદ્ધ થાય છે."

અહીં ભગવાનભાખ્યા આ શ્લોકનો વિચાર અસ્થાને છે. તાત્પર્ય એક જ છે કે યોગ દુઃખનો નાશ કરનાર ક્યારે થાય છે તેનો ખ્યાલ શ્રી ભગવાને આપ્યો છે તે પ્રમાણે યોગસિદ્ધિ અર્થે યુક્ત આહારવિહાર આવશ્યક છે. એમાં પ્રમાદ થતાં જ એ યોગ સુખ આપનાર નહીં પણ દુઃખ આપનાર નીવડે છે. યોગનાં એ લક્ષણોનું એકે લક્ષણ એવા લેભાગુ યોગીમાં જણાતું નથી. યોગની વાતો કરવી અને ભોગ વધારવા એ અસંગત છે. જ્યાં યોગ છે ત્યાં ભોગ નથી અને જ્યાં ભોગ છે ત્યાં યોગ નથી. સાધનકાળમાં ભોગ અને યોગ સાથે રહી શકતા નથી. અને તેથી શ્રી અવધૂતે એવી વિસંવાદી વાતો કરનારથી ચેતતા રહેવાની ગર્ભિત સૂચના અહીં આપી છે. એવા કહેવાતા યોગીઓ પણ ચેલાચેલીઓ બનાવે છે, પોતાની સેવા કરાવે છે અને તેનું ધન અને યૌવન પણ લૂંટે છે. ઘણાંય ભાવિક સ્ત્રીપુરુષો બિચારાં પોતાની આત્મોન્નતિ કરવાના લોભમાં એવા આંધળા અને પાખંડી યોગીઓના ભોગ બન્યાના દાખલાઓ મોજૂદ છે. આખરે યોગીરાજ ભોગીરાજ બનીને આત્મવંચના કરી, નથી આ ભવ સુધારતા કે નથી પરભવ સુધારતા અને તેનાં ચેલાચેલીઓની દુર્દશા પણ જોઈ જતી નથી ! ખરા જિજ્ઞાસુઓએ એવા દંભી, લોભી, ભોગી, યોગીની જાળમાં ફસાવું નહીં એવો અહીં સંકેત કરવામાં આવ્યો છે.

'ગુરુપદ' રસ્તે હાલતાં ચાલતાં પ્રાપ્ત થતું નથી. તેની પાછળ તો જન્મજન્માંતર વીતી જાય છે. આજકાલના દંભી જમાનામાં ઝૂકતી દુનિયાને ઝુકાવનારાઓની તાણ નથી અને તેથી સાવચેત રહેવું જરૂરનું છે.

ઉપર જે વાત દંભી યોગીઓની કહી તેવી જ રીતે શુષ્ક અને દંભી જ્ઞાનીઓ પણ વાચાળતાના જોરે, સમાજના શ્રદ્ધાળુજનોને શીશામાં ઉતારવાનો જ ધંધો કરી, લોકના અજ્ઞાન પર ચરી ખાતા નજરે પડે છે એવો સંકેત કરતાં શ્રી અવધૂત કહે છે :

"અહં-બ્રહ્મ મુખસેહી કૂટે, અહંકાર ના છૂટા !"

આવા શુષ્ક જ્ઞાનીઓ પોતે બ્રહ્મ છે એવું શ્રોતાઓને ઠસાવવા મોઢેથી વેળાએ અને કવેળાએ "अहंब्रह्मास्मि" એ વેદના મહાવાક્યનો દુરુપયોગ કરતા હોય છે. કેવળ 'હું બ્રહ્મ છું' એવું મુખથી બકવા કરવાથી જ બ્રહ્મ થઈ જવાતું હોત તો અથવા બ્રહ્મનો સાક્ષાત્કાર થતો હોત તો બધા જ બ્રહ્મ બની જાય ને દુનિયા દુઃખનું નામેય ન જાણે. પણ બ્રહ્મપદની પ્રાપ્તિ એ બાળકની રમત નથી. એને માટે કંઈક વરસ, અરે, કંઈક જન્મ ઉગ્ર






સાધન કરવું પડે છે ત્યારે જ વૃત્તિ બ્રહ્માકાર બને છે. શ્રી અવધૂત કોક વાર કહે છે તેમ 'જો હું રાજા છું, રાજા છું, એમ જપ કરનારને રાજ્યપદની પ્રાપ્તિ થતી હોય તો બધા જ રાજ્ય કરત. એ માટે તો સૈન્યાદિ કેટલીયે સાધન સામગ્રી ભેગી કરવી પડે, પ્રજાનો પ્રેમ સંપાદન કરવો પડે, મરણસાટે યુદ્ધ કરી શત્રુને હરાવવા પડે અને એ રીતે રાજ્યપ્રાપ્તિ થાય. રાજ્યપ્રાપ્તિ થયા પછી પણ એ ટકાવી રાખવા માટે સતત જાગ્રત રહેવું પડે. તેમ બ્રહ્મપ્રાપ્તિ માટે પણ કેવળ વાતોમાં જ શૂરો ને સાધનમાં કાયર કે આળસુ ડગ પણ પ્રગતિ કરી શકતો નથી. તેમજ 'હું બ્રહ્મ છું, એમ મુખથી કહેનારાએ તો બ્રહ્મનું પૂંછડું પણ જાણ્યું નથી. અને બ્રહ્મનો મર્મ જાણ્યા વિના જ કેવળ પોપટ પેરે મુખની લવરી કરતો ફરે છે. એવી મિથ્યા લવરીથી, દ્રવ્ય, માન, પૂજા, સેવાશુશ્રૂષા વગેરે દુન્યવી સ્વાર્થ ભલે સાધી શકાતો હોય પણ પારમાર્થિક રીતે એમાં અધઃપતન જ છે. જે 'અહમ્' ઓગળવો જોઈએ તે ઓગળવાને બદલે વધારે ઘનીભૂત થાય છે, વધે છે અને સાધક પારમાર્થિક પંથે ઊંચે ચઢવાને બદલે ઊલટો વધારે ને વધારે નીચો પડે છે. માટે જ સાધનને કોરે મૂકી જ્ઞાનની એવી શુષ્ક વાતો જ કરનાર નથી પોતે તરતો કે નથી બીજાને તારી શકતો. જે સાચો બ્રહ્મજ્ઞ છે તે કોઈ દિવસ છાપરે ચઢી ''હું બ્રહ્મ છું'', એમ કહેતો નથી કે એને બ્રહ્મ માને એવી ચેષ્ટા પણ કરતો નથી. જે સાચો બ્રહ્મવિદ્ છે તેની વાચા જ ઊઘડતી નથી. અને જે બકતો ફરે છે તેણે બ્રહ્મ જાણ્યું નથી. પરોક્ષ શબ્દજ્ઞાન એ સાચું જ્ઞાન-બ્રહ્મજ્ઞાન નથી. અને તેથી જેમ શાબ્દિક પકવાનોની નામાવલિ બોલબોલ કરનારની ક્ષુધાતૃપ્તિ થતી નથી તેમ સૂકી બ્રહ્મની વાતો કરતો ફરનાર બ્રહ્મ થઈ શકતો નથી કે બ્રહ્મનો આનંદ માણી શકતો નથી. જ્યાં સુધી અભિમાન છે ત્યાં સુધી જ વાચારંભણ છે અને જ્યાં સુધી એ વાચારંભણ છે ત્યાં સુધી બ્રહ્મપદની પ્રાપ્તિ ક્યાંથી ?''

પણ હવે શ્રી અવધૂત સાચો રાહ બતાવે છે. પરમતત્ત્વની પ્રાપ્તિને આડે આવતા અંતરાયોની અત્યાર સુધી વાત કરી. હવે શ્રી અવધૂત પરમતત્ત્વની પ્રાપ્તિ ક્યારે થાય તેની વાત કરે છે. તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**'દેહતરંગ ન ઊઠે દિલમે, હિલે ન આતમજ્યોતિ;'**
**મન મારુત મિલ જાય મૂલમેં, ગ્રહે રંગ જમચોટી !!'**

ચિત્ત જ્યારે ચૈતન્ય બ્રહ્મમાં ચોંટી જાય, ચોંટી જાય એટલું જ નહીં પણ જ્યારે બ્રહ્મમય બની જાય ત્યારે તે ચિત્તની વૃત્તિમાત્રની નિવૃત્તિ થઈ જાય છે અને ત્યારે તે પ્રવૃત્તિમુક્ત ચિત્તની નિરુદ્ધ દશા લેખાય છે. મંકોડો જ્યારે કોઈ વસ્તુને ચોંટે છે ત્યારે તે ચોંટ્યા પછી છૂટતો નથી. તેને પરાણે ખેંચી કાઢો તો તે તૂટી જશે પણ જેને વળગ્યો હશે તેનાથી તે મુક્ત નહીં બને. તે જ રીતે બ્રહ્મમાં ચોંટેલું ચિત્ત પણ બ્રહ્મને છોડીને અનાત્મ પદાર્થોમાં પ્રવૃત્ત થતું નથી. એવા નિરુદ્ધ ચિત્તને ઘણી વખત શ્રી અવધૂત થીજેલા

પાણીની ઉપમા આપે છે. બરફમાં તરંગ ઊઠતા નથી. તરંગ પાણીમાં ઊઠે છે. ચિત્ત જ્યારે એવું નિરુદ્ધ થઈ જાય છે ત્યારે તેમાં દેહભાવ રહેતો નથી. દેહભાવ ઊઠતો નથી. 'હું દેહ છું' કે 'મને દેહ છે' એવું દૂર દૂરનું પણ સ્ફુરણ હોતું નથી. અને તેથી તેવા ચિત્તમાં 'હું દેહ છું' એવો ભાસ પણ રહેતો નથી. બ્રહ્મભાવયુક્ત એવા ચિત્તમાં જ્યારે કોઈ પણ તરંગ ઊઠતો નથી ત્યારે તે પ્રશાંત સાગર જેવું નિશ્ચળ બની જાય છે. ચેતનથી સભર એવા ચિત્તમાં જ્યારે કોઈ પણ તરંગ ન ઊઠે ત્યારે જ તે દેહવાન હોવા છતાં પણ દેહરહિત વિદેહી અવસ્થાનો આનંદ માણે છે. અને ત્યારે પરમતત્ત્વની પ્રાપ્તિ થઈ છે એમ લેખાય છે. શ્રી. અવધૂતે અહીં એવા ચિત્તની એવી નિરુદ્ધ અવસ્થાને અનુલક્ષીને જ.

"દેહતરંગ ન ઊઠે દિલમેં"

એવા શબ્દો ઉચ્ચાર્યા છે. એવી નિરુદ્ધ અવસ્થા ક્યારે થાય છે તેનો પણ આપણે થોડો વિચાર કરીએ.

જ્યાં સુધી આપણે સમુદ્રના તરંગને જ જોતા રહીએ ત્યાં સુધી આપણે સમુદ્રનું ઊંડાણ માપી શકતા નથી. કેવળ તરંગમાં જ રમનારને સમુદ્રની ઉપરની પરિસ્થિતિનું જ ભાન થાય છે. પણ જે મરજીવો સમુદ્રનું ઊંડાણ માપીને, સમુદ્રને તળિયે પહોંચી જાય છે તેને એ સમુદ્રના તરંગ નીચે છુપાયેલી ગંભીરતાનો ખ્યાલ આવે છે. આપણે જે જોઈએ છીએ તે કિનારે આવેલા તરંગો જ જોઈએ છીએ. જ્યાં સુધી સમુદ્રના મધ્યમાં, ઊંડાણમાં ઊતરીને આપણે અનુભવ કરીએ નહીં ત્યાં સુધી એ સમુદ્રની ધીર, ગંભીર, પ્રશાંત અવસ્થાનું સાચું જ્ઞાન આપણને થતું નથી. સમુદ્રમાં જ્યારે ભરતી પૂરેપૂરી આવી ગઈ હોય અને ઓટ શરૂ ન થઈ હોય એવા ભરતી અને ઓટના સંધિકાળમાં કિનારે ઊભેલો જોનાર સમુદ્રની જે પ્રશાંત મુદ્રા જુએ છે તેને જ સમુદ્રની સ્થિરતાનો કંઈક ખ્યાલ આવે છે. એ ક્ષણિક છે કારણ કે એ સંધિકાળ જ ક્ષણિક છે. બીજી જ પળે ઓટનો આરંભ થાય છે. જેમ સમુદ્રની ધીર, ગંભીર, પ્રશાંત અવસ્થાનું આપણને કિનારે ઊભા રહેવાથી ભાન થતું નથી તેમ જ્યાં સુધી ચિત્તમાં શરીરભાન જાગ્રત છે, જ્યાં સુધી 'શરીર મારું છે' એવી જીવને ભ્રમણા રહે છે, જ્યાં સુધી દેહમાં અહંતા અને મમતા રહે છે, ત્યાં સુધી એ દેહનાં સુખદુઃખ આદિથી બંધાયેલો રહે છે. એ બંધન જીવનાં નથી. એ વિકારો ચિત્તના છે પણ જીવ તેને પોતાનાં માને છે અને તેથી તેને ભૂખ, તૃષાદિ દ્વંદ્વોનું શૂળ નડે છે અને માયાના શરીરના સંબંધીઓમાં મમત્વ પણ રહે છે. એ મમત્વના કારણે કામ, ક્રોધાદિ ષડ્રિપુઓના પાશમાં તે જકડાયેલો રહે છે. દેહમાં આત્મભાવને કારણે જીવનાં બંધનો તૂટવાને બદલે વધારે દૃઢ થતાં જાય છે. પણ જ્યારે 'હું દેહ નથી' પણ દેહમાં રહેલો દેહને જોનારો દૃષ્ટા આત્મા છું", એવી પ્રતીતિ થાય છે ત્યારે

તેના 'દેહતરંગ' જતા રહે છે. પછી એ દેહને ગમે તે થાય તેની તેને સ્પૃહા રહેતી નથી; એટલે સુધી કે "દેહનું મૃત્યુ થાય તો ભલે-દેહ મરે તેની સાથે આ આત્માને-મને શું સંબંધ છે ?" એવો અડગ ભાવ થાય છે ત્યારે જીવભાવ વિમુક્ત શિવસ્વરૂપ બની જાય છે. શ્રી અવધૂત કહે છે : "દિલમાં તરંગ-દેહ વિષેની કોઈ પણ વૃત્તિ-ન ઊઠે ત્યારે જ શાંતિ પમાય, ત્યારે જ આત્મસ્વરૂપની પ્રાપ્તિ થઈ કહેવાય. દેહમાં આત્માનો નિવાસ છે, આત્મામાં દેહનો નિવાસ નથી, એવી દૃઢ પ્રતીતિ થવાની જરૂર છે. ત્યારે જ ચિત્ત સ્થિર થાય.

એ ચિત્તની વૃત્તિઓનું યોગદર્શનમાં લંબાણથી વિવેચન છે અને ત્યાં જ એના નિરોધનું સાધન પણ

"अभ्यासवैराग्याभ्यां तन्निरोधः ।

એ સૂત્રથી કહેવામાં આવ્યું છે. આ અભ્યાસ અને વૈરાગ્યને શ્રી ભગવાને ગીતામાં ચિત્તને વશ કરવાનાં અમોઘ સાધન તરીકે સ્વીકાર્યાં છે.

આમ ચિત્તની વૃત્તિઓનો સર્વથા નિરોધ કરવાને અભ્યાસ અને વૈરાગ્ય એ બે મુખ્ય ઉપાયો છે. ચિત્તની વૃત્તિઓનો અનાદિ કાળથી વહેતો પરંપરાગત પ્રવાહ સંસ્કારોને કારણે સંસારિક ભોગો તરફ જ વહે જાય છે. તે પ્રવાહને અવરોધવાનો ઉપાય વૈરાગ્ય છે અને તે પ્રવાહને કલ્યાણમાર્ગે વાળવો અને આત્માનુગામી કરવો એ અભ્યાસનું ક્ષેત્ર છે.

એ અભ્યાસનો અર્થ યોગદર્શનકાર

तत्र स्थितौ यत्नोऽभ्यासः ॥

"એ આત્મસ્થિતિમાં સ્થિર થવા માટે જે ધ્યાનાદિ સાધન કરવું તેને અભ્યાસ કહે છે."

द्रष्टानुश्रविकविषयवितृष्णस्य वशीकारसंज्ञा वैरागयम् ॥

"જોયા હોય અને સાંભળ્યા હોય તેવા વિષયમાંથી તૃષ્ણારહિત થવાની ચિત્તની જે વશીકાર નામની અવસ્થા છે તે વૈરાગ્ય કહેવાય છે. અને પુરુષનું જ્ઞાન થવાથી પ્રકૃતિના ગુણોમાં તૃષ્ણાનો સર્વથા અભાવ થઈ જાય છે તે પરમ વૈરાગ્ય છે."

तत्परं पुरुषख्यातेर्गुणवैतृष्ण्यम् ॥

"અને એવો પરમ વૈરાગ્ય થાય ત્યારે જ ચિત્તની વૃત્તિઓનો નિરોધ થાય." અને તેના પરિણામે શ્રી અવધૂતભાખ્યો દિલમાં દેહતરંગ ન ઊઠે અને ત્યારે જ અંતરમાં 'આતમ જ્યોત' પ્રકાશે. અભ્યાસ અને વૈરાગ્યની સાથે સાથે જ

'ईश्वरप्रणिधानाद्वा'

એ સૂત્રથી યોગદર્શનકારે સૂચવેલા ઈશ્વરપ્રણિધાન કે ઉપાસના દ્વારા ચિત્તનો વિક્ષેપ દૂર કરી એને લક્ષ્યમાં જ-આત્મસ્વરૂપ-સ્થિર કરવાથી જ એ સ્થિતિ પ્રાપ્ત થઈ શકે છે. શરૂઆતમાં એ સ્થિતિ હાલતા દીવાની

માફક અસ્થિર, અદૃઢ હોય છે. પણ ધીમે ધીમે અભ્યાસ વધતાં એ પરિપક્વ થઈ નિશ્ચેષ્ટ અવસ્થાને પામે છે, ત્યારે જ સાધક કૃતકૃત્યતાનો આનંદ માણી શકે છે.

તેથી જ શ્રી અવધૂત કહે છે : ''એ ચિત્તનિરોધના પરિણામે જે આત્મજ્યોત પ્રકાશે છે તે **''હિલે ન આતમ જ્યોત''** હાલવી ન જોઈએ.'' અને એ કેમ ન હાલે તે પણ વિચારવા જેવું છે.

દીપક પ્રગટાવ્યા પછી પવનને કારણે તે સ્થિર રહેતો નથી અને તેથી તેના પ્રકાશમાં પણ ઓછાવત્તાપણું લાગે છે. એ પવન વાતો બંધ થાય, સ્થિર રહે ત્યારે દીપકની સ્થિર જ્યોતનો એકસરખો પ્રકાશ મળે છે. તેવી જ રીતે જ્યારે અવિદ્યાની નિવૃત્તિ થઈ દેહતરંગ સમૂળો દિલમાં ન ઊઠે ત્યારે જ અંતરમાં આત્મજ્યોતનો પ્રકાશ સ્થિર અને એકસરખો ચોમેર પ્રસરે છે. પવન વિનાના સ્થળમાં સ્થિર જ્યોત પ્રમાણે એ આત્મજ્યોત પણ સ્થિર થવી જોઈએ. એટલે દેહાધ્યાસના પરિણામે આત્મામાં જે જીવભાવ જણાય છે તે જીવભાવની નિઃશેષ નિવૃત્તિ થઈ એ અસંગ આત્મભાવ પરિપક્વ અને દૃઢ થવો જોઈએ. અને તેથી શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

> यथा दीपो निवातस्थो नेङ्गते सोपमा स्मृता ।
> योगिनो यतचित्तस्य युञ्जतो योगमात्मनः ॥

''જેમ વાયુરહિત સ્થાનમાં રહેલો દીવો ડોલતો નથી તેમ સમાધિનિષ્ઠ આત્મતત્ત્વમાં સ્થિર યોગીનું મન ડોલતું નથી.'' આત્મયોગ સાધતાં સાધતાં જેનું ચિત્ત સ્થિર આત્મભાવમાં નિમગ્ન થયું છે તેને માટે ગીતાકારે આ ઉપમા આપી છે.

શ્રી અવધૂતભાખ્યા આ એક જ ચરણના વિસ્તૃતરૂપે જ જાણે શ્રી ભગવાને અર્જુનને છઠ્ઠા અધ્યાયના ૧૯ થી ૨૯ સુધી શ્લોક કહ્યા છે એમ જણાય છે. અથવા એ બધાય શ્લોકોનો ભાવાર્થ શ્રી અવધૂતે આ એક જ ચરણમાં સમાવી દીધો છે એમ કહેવાને પણ શી હરકત ?

અને એ આતમજ્યોત ક્યારે ન હાલે ? જ્યારે તેને માયાનો પવન ન લાગે ત્યારે ? માયાનો પવન એટલે ''હું દેહ છું'' એવી અજ્ઞાનમાંથી ઉદ્ભવતી સંસારની વાસના. એ વાસનાની નિવૃત્તિના પરિણામે ઇચ્છા, કર્મ, પ્રયત્ન આદિ કંઈ થતું નથી. અને તેથી આત્માની અચળ સ્થિતિને ચલિત થવાને કંઈ પણ કારણ મળતું નથી. એ થાય છે જ્યારે ઉપર કહ્યું તેમ સંપૂર્ણપણે ચિત્ત નિરુદ્ધ થાય છે ત્યારે. પછી એ નિરુદ્ધ ચિત્ત પુનઃ માયામાં ન ફસાય, માયાનો પવન તેને ન લાગે એની જ કાળજી રાખવાની રહે છે. ''હું આત્મા છું, દેહ નથી'' એવી દૃઢ પ્રતીતિના કારણે જ્યારે માયાનાં તમામ આવરણો નિવૃત્ત થાય છે, સ્વચ્છ દર્પણ જેવું ચિત્ત શુદ્ધ બને છે ત્યારે સ્વયંપ્રકાશ આત્મા પોતે પણ પ્રકાશે છે અને જીવને પણ તે પ્રકાશમાં,

જેમ દીપકનો પ્રકાશ પતંગને આકર્ષે છે તેમ, આકર્ષી પોતામાં એકરૂપ કરી દે છે. અને ત્યારે પ્રકાશસ્વરૂપ જીવ પ્રકાશસ્વરૂપ આત્મામાં, પ્રકાશ સાથે પ્રકાશ મળે છે તેમ, અભિન્નભાવે ભળી જાય છે. એ જ આત્મદર્શન છે. બ્રહ્મભાવની પ્રાપ્તિ પણ એ જ છે. શ્રી અવધૂતે એક વખત કહ્યું : "છીંડુ પડે તો ભાગોળ થાય, માટે છીંડુ ન પડે તેની જ ચોકસી રાખવી જોઈએ." તાત્પર્ય એ છે કે જ્ઞાન, કર્મ કે યોગમાર્ગ દ્વારા આત્મસ્થિતિ પ્રાપ્ત થયા પછી પણ જો તેમાં લેશમાત્ર પણ પ્રમાદ થાય તો એ આત્મસ્થિતની અધોગતિ થતાં વિલંબ લાગતો નથી. પહાડ પર ચઢતાં વાર લાગે છે પણ ઊતરતાં વાર લાગતી નથી અને તેથી ચઢ્યા પછી ન પડવાની કાળજી રાખવી જ જરૂરની છે. એ જ કારણે શ્રી અવધૂતે કહ્યું :






"હિલે ન આતમજ્યોતિ"

એ આત્મદશા, આત્મજ્ઞાન પરિપક્વ અને દૃઢતમ થાય ત્યાં સુધી જાગ્રત રહેવાની, સાધનમાં પ્રમાદી ન બનવાની સાવચેતી રાખવી જોઈએ.

અને હવે ત્રીજી વાત

"મન મારુત મિલ જાય મૂલમેં"

આગળ આપણે કહ્યું છે તેમ પવન અને મનનો સ્વભાવ એક જ સરખો છે. પવન જેમ પોતે સ્થિર નથી તેમ મન પણ સ્થિર નથી. જે સ્થિર છે તે પવન નથી. અને તેથી જ અહીં શ્રી અવધૂતે મનને 'મારુત'ની ઉપમા આપી છે. એ પવન પોતાના સંસર્ગમાં આવતી તમામ જડ-ચેતન વસ્તુઓને સ્થિર રહેવા દેતો નથી. તેમ એ મન પોતે સ્થિર રહેતું નથી અને પોતાના સંસર્ગમાં આવતા જીવ, ઇન્દ્રિયોને પણ ઠરીને ઠામ પડવા દેતું નથી. જગત એ કેવળ મનની કલ્પના છે અને તેથી શ્રી અવધૂતે

"મને રચ્યું આ સર્વ"

એવું કહ્યું છે. જો મન નથી તો માયા નથી અને તેથી જ શાસ્ત્રો અને સંતોએ સ્વાનુભવયુક્ત વાણીમાં મનને જ મારવાની વાત કરી છે. મન વડે ફાલીફૂલી જણાતી માયા મન મરતાં નિઃસત્વ થઈ જશે અને શ્રી અવધૂત પણ એ જ વાત કરે છે. ભલે એ મન ન મરે-અને મનનું મૃત્યુ થતું નથી એમ માનીએ-તો પણ એ મનને વિષયોમાંથી હટાવીને પરમતત્ત્વ સાથે એનું અનુસંધાન કરવાથી એ મનરૂપી પવન તેના ઉદ્‌ગમ સ્થાનરૂપી પરમતત્ત્વ સાથે એકરૂપ થઈ જશે અને પછી ત્યાંથી પોતાની પ્રવૃત્તિ અર્થે પુનઃ માયાના કાબૂમાં આવશે નહીં. જેમ એક માંખી વિષ્ટા પર બેસે છે અને તે જ માખી મધ પર બેસે છે. પણ જ્યારે તેને મધનો પૂરેપૂરો સ્વાદ જીભે લાગે છે ત્યારે તે ફરીને વિષ્ટાનો સ્વાદ ચાખવા જતી નથી અને મધ સાથે ચોંટી જાય છે, તેમ એ મન જો એના મૂળમાં ચોંટશે તો ત્યાંથી પાછું ડાંળાંપાંખડાં જેવી માયામાં કે વિષયોમાં રમણ કરવા આવશે નહીં. અને ત્યારે જ તે મનુષ્યના જીવના મોક્ષનું કારણ

પણ બનશે. જ્યારે મન સ્થિર થશે ત્યારે તે ફરીથી જીવને વિષયોમાં નહીં ફસાવે અને જીવ પોતાનું સ્વરૂપ ઓળખીને શિવસ્વરૂપમાં ભળી જશે. અને ત્યારે જ શ્રી અવધૂત કહે છે તેમ

**"ગ્રહે રંગ જમચોટી"**

જમરાજની **ચોટલી** પકડવાનું સામર્થ્ય આવશે, જન્મમરણના ફેરા જશે અને આત્મસ્વરૂપને પામી આત્મભાવે વિશ્વરૂપ બની જશે. અને તેથી ચિત્તમાં દેહતરંગ ન ઊઠે, આત્મજ્યોત ન હાલે, અને મન તેના અધિષ્ઠાનમાં ભળી જાય ત્યારે જ માનવજીવનનું પરમ લક્ષ્ય પ્રાપ્ત કરાય. અસ્તુ.



(૩૧)

(રાગ–ભૈરવી, તાલ-ત્રિતાલ)

(નિરંજન પદ તો સાધુ કોઈ પાતા હૈ...એ રાહ)

**નિરંજન પદ તો મુખસે ન બર્ણો જાય !–ધ્રુ.**

**નહિ ઉજિયારા નહિ વો કાલા, નૂરહિ નૂર અપાર;**
**બિન દેખત દિખ પડે સહજ હિ, દેખત અંધા યાર !–નિરંજન. (૧)**

**નહિ વો અંદર નહિ વો બાહિર, દોનોંસે પર પાર;**
**અંદર બ્હાર સમાયે ઉસમેં, વો સબ ગોલંકાર !–નિરંજન. (૨)**

**ઉંચા નીચા સમ ચોખૂણના, નહિ બર્ણ આકાર;**
**નિરગુણ સિરગુણ ઉસકે બાંધે, બિન જગ જગ કિરતાર !–નિરંજન. (૩)**

**દેખે સો તો કહન ન પાવે, કહે ન દેખ્યા સાર;**
**સબકે અંદર સબસે ન્યારા, રંગ અરૂપ અધાર !!–નિરંજન. (૪)**

---

પરમતત્ત્વ અવર્ણનીય છે. તેનાં વર્ણન શાં ? પરમતત્ત્વ વાણીનો વિષય નથી એટલે તેનાં વાચારંભણ શાં ? જ્યાં સુધી વાચારંભણ છે ત્યાં સુધી એ બોલનાર કેવળ તર્કના સમુદ્રમાં જ ગોથાં ખાય છે. જ્યારે બુદ્ધિ સ્થિર થઈ જાય છે ત્યારે વાચારંભણ શાંત થઈ જાય છે. જ્યાં વાણી થંભી જાય છે ત્યાં જ એ પરમતત્ત્વની પ્રાપ્તિની ઝાંખીના ગણેશ મંડાય છે. જ્યાં સુધી સાધક કેવળ વાણી અને બુદ્ધિના અરણ્યમાં, માર્ગ ભૂલ્યા પથિક પેરે, અટવાતો રહે છે ત્યાં સુધી તેને પરમતત્ત્વના પરમધામનો પથ જણાતો નથી, તો પરમતત્ત્વના પરમધામનાં દર્શનની તો વાત જ શી કરવી ? કેવળ વાણી થંભી જાય તેથી જ પરમપદનાં દર્શન થતાં નથી. તર્ક અને બુદ્ધિના ક્ષેત્રમાં ભટકી ભટકીને જ્યારે સાધક અંતે નિરાશ થાય છે ત્યારે જ પોતાના જ્ઞાનાભિમાનનો ત્યાગ કરીને પરમાત્માની કૃપા ઉપર નિર્ભર રહેવાનો અને પરમાત્માનું શરણ શોધવાનો પ્રયાસ કરે છે. શ્રુતિવચન અનુસાર પણ

**नायमात्मा प्रवचनेन लभ्यो**
**न मेधया न बहुना श्रुतेन ।**
**यमेवैष वृणुते तेन लभ्य-**
**स्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम् ॥**

“આ આત્મા વેદાધ્યયન દ્વારા પ્રાપ્ત થવા યોગ્ય નથી. અને ધારણાશક્તિ અથવા અધિક શ્રવણથી પણ પ્રાપ્ત થઈ શકતો નથી. આ સાધક જે આત્માનું વરણ કરે છે તે જ આત્માથી એ પ્રાપ્ત થઈ શકે છે. આ આત્મા તેના પ્રતિ પોતાના સ્વરૂપને અભિવ્યક્ત કરે છે.” અને

તેથી જ શ્રી અવધૂતે કહ્યું નિરંજનપદનું મુખથી એટલે વાણીથી વર્ણન થઈ શકે એવું નથી.

અહીં શ્રી અવધૂતે 'નિરંજનપદ'નો ઉલ્લેખ કર્યો છે તે અવ્યક્ત પરમાત્માને અનુલક્ષીને જ કર્યો છે. એ અવ્યક્ત પરમતત્ત્વ અરૂપ છે, અશબ્દ છે, અસ્પર્શ છે, અરસ અને અગંધ છે. એટલે પ્રકૃતિના એ પાંચે ગુણોથી એ પરમતત્ત્વ પર છે અને સત્ત્વ, રજ અને તમ એ ત્રણેથી પણ એ પર છે. પ્રકૃતિના કોઈ પણ લક્ષણથી એ લક્ષિત નથી. છતાંય એ પ્રકૃતિ અને તેના તમામ ગુણો અને આકારોનું એ એક જ અધિષ્ઠાન છે. ઉપનિષદ આદિ જ્ઞાનગ્રંથોમાં પણ એ પરમતત્ત્વનું વર્ણન નિષેધાત્મક ભાષાનો પ્રયોગ કરીને જ કરવામાં આવ્યું છે. અને તેથી એ પરમતત્ત્વનું વર્ણન કોઈ પણ રીતે થઈ શકે એમ નથી. આગળ કહ્યું તેમ એ પરમતત્ત્વ બુદ્ધિના અને વાણીના ક્ષેત્રથી પર છે. એ તત્ત્વને વાચા વર્ણવી શકતી નથી પણ વાચાને એનાથી શક્તિ મળે છે અને તેના વડે વાચા શક્તિશાળી છે. મન એ પરમતત્ત્વનું મનન કરી શકતું નથી પણ મનની મનનક્રિયા એ પરમતત્ત્વનો વિવેક કે તર્ક કરી શકતી નથી પણ બુદ્ધિને તેજ આપનાર એ પરમતત્ત્વ છે. પ્રાણ એ પરમતત્ત્વને પહોંચી શકતો નથી પણ જે તત્ત્વની શક્તિ વડે એ પ્રાણની ક્રિયા થાય છે તે શક્તિ એ પરમતત્ત્વની છે. અને તેથી એ પરમતત્ત્વની કલ્પના સરખી પણ થઈ શકતી નથી, તો તેનું વર્ણન વાણીથી તો શી રીતે કરી શકાય ? આગળ કહ્યું તેમ માનવીની સર્વ શક્તિઓ જ્યારે એ પરમતત્ત્વને પામવાના પ્રયાસો કરીને નિષ્ફળ નીવડે અને નિરહંકાર બની જાય ત્યારે એ પરમતત્ત્વના જ્ઞાનની ઉષા એના અંતરમાં ઉદય પામે. તેટલાથી જ તેને પરમતત્ત્વના દર્શન થતાં નથી. તે પછી તો તેના દર્શન અર્થે, તેનો સાક્ષાત્કાર કરવા માટે તેણે 'શ્રદ્ધા'નો આશ્રય લેવો પડે છે. 'હું છું,' 'સૂર્ય છે', એવું માનવી જે શ્રદ્ધાપૂર્વક માને છે તે જ પ્રમાણે પરમતત્ત્વ છે', એવી નિશ્ચયાત્મક બુદ્ધિ શ્રદ્ધાપૂર્વક સ્થિર કરવાની જરૂર પડે. શ્રદ્ધા સ્થિર થાય ત્યારે એ પરમતત્ત્વના અસ્તિત્વમાં વિશ્વાસ ઉત્પન્ન થાય છે. કેવળ શ્રદ્ધા અને વિશ્વાસ પણ તેને પ્રાપ્ત કરવાને સમર્થ નથી. પછી તે પરોક્ષ પરમતત્ત્વની ભક્તિ કરવી ઘટે. એ ભક્તિ જ્યારે પ્રેમમાં પરિણામ પામે, '**वासुदेव सर्वमिति**'ની નિશ્ચળ બુદ્ધિ જ્યારે જાગ્રત થાય ત્યારે પ્રેમાવતાર પરમતત્ત્વના દર્શનનો અધિકાર પ્રાપ્ત થાય. કેવળ અધિકાર પ્રાપ્ત થવાથી દર્શન-સાક્ષાત્કાર થતો નથી. એ અધિકાર અગર કુપાત્રને પ્રાપ્ત થયો હોય તો તેનાં પરિણામ ઇષ્ટ આવતાં નથી. વાંદરને કિંવા બાળકને સળગતું લાકડું આપીએ તો તે જ્યાં ત્યાં આગ ચાંપશે. અધિકારને પચાવવાને પાત્રતા આવવી જરૂરની છે. એ પાત્રતા પ્રાપ્ત કરવા માટે સદ્‌ગુરુની સેવા અને ઉપાસના કરવી જરૂરની છે. જ્યારે પાત્રાપાત્રની ચિકિત્સા-કસોટીમાંથી સાધક પાર ઊતરે






છે ત્યારે 'આ ઘટ પાકો છે કે કાચો તેનો એ બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ નિશ્ચય કરે છે. અને એ સદ્‌ગુરુનો નિશ્ચય થયા પછી તેની તેના ઉપર કૃપા થાય છે. ગુરુકૃપાએ પરમાત્માનાં દર્શન-સાક્ષાત્કાર થાય અને ત્યારે તે સાધક સાક્ષાત્કાર કરીને સ્વયંબ્રહ્મ બની જાય. એ બધું થતાં તો અનેક વર્ષો વીતી જાય.

અહીં શ્રી અવધૂતે એ અરૂપના સ્વરૂપનો સંકેતમાત્ર કર્યો છે. જેને કદી જોયો નથી, જેને કદી જાણ્યો નથી એવા દૂર દેશમાં રહેતા એકાદા મનુષ્યનું જેણે તેને જોયો હોય તેના દ્વારા વર્ણન સાંભળીએ ત્યારે તે શું કહેશે ? તેવું જ આ અવર્ણનીય, અચિંત્યનું વર્ણન છે. એ વર્ણન વાંચીને અથવા એ અરૂપના સ્વરૂપને લક્ષમાં લઈને સાધક આગળ ચાલે તો, જ્યારે એવા પરદેશમાં રહેનારા મનુષ્યને પ્રસંગોપાત્ત પરદેશમાં જવાનું થાય ત્યારે જોવાનું બને તો તેને આપણે ઓળખી શકીએ. "આ તે જ દેવદત્ત છે જેનું વર્ણન મેં સાંભળ્યું હતું" એમ કહીને આપણે તેની ઓળખ કાઢીએ. તે જ રીતે પૂર્વાપર સંબંધને લઈને આ અવ્યક્ત આત્માની ઓળખ આપણાથી કરી શકાય. અને તેથી જ શાસ્ત્રોએ પણ એ તત્ત્વના રૂપરેખાત્મક પ્રતિમા જેવા સ્વરૂપનો સર્વત્ર નિષેધ કર્યો છે અને કેવળ પ્રકાશ છે એમ કહીને જ મૌન સેવ્યું છે.

જેણે એ પરમતત્ત્વનો અપરોક્ષ અનુભવ કર્યો છે, તેનું એવું કહેવું છે કે એ અરૂપ છે છતાંય એની પ્રાપ્તિ નિશ્ચિત છે. શ્રુતિવાક્ય પણ એ વાતનું સમર્થન કરે છે. જેનો આકાર હોય તેનું રૂપ સંભવે પણ પરમતત્ત્વ 'અશરીરિ' છે, શરીરમાં રહેલો શરીરિ છે, અને તેથી તેનો આકાર નથી. ભક્તની ભાવનાને અનુરૂપ એ અમૂર્ત પરમતત્ત્વ આકાર ધારણ કરે છે અને ભક્તની કામના-દર્શનાભિલાષા પૂર્ણ કરે છે. અને એમાં આશ્ચર્ય પણ શું ? કીટ રાત દિવસ ભ્રમરીનું જ રટણ કરતો રહે તો અંતે તે ભ્રમરી બને છે; બાલિકા બચપણથી જ માતા થવાનો કોડ સેવતી ઢીંગલા ઢીંગલીની રમત રમે છે અને અંતે માતા થાય છે. એ અમૂર્ત અને અરૂપ અવ્યક્ત આત્મા ભક્તની કલ્પનાને અનુરૂપ આકાર ધારણ કરે છે. વસ્તુતઃ એ અરૂપ અને અશરીર હોવાથી એનો એ આકાર અને એ રૂપ ભક્તની કલ્પના જ મૂર્તિમાન બનીને એની આગળ આવીને ઊભી રહે છે. ભક્ત એને જ ભગવાન માને છે એ કહેવું અસંગત નથી. વિશ્વવ્યાપક પરમાત્મા તો જેવો એક કીડીના શરીરમાં વ્યાપક છે તેવો જ હાથીના શરીરમાં અને સમસ્ત વિશ્વના સર્જનમાં એક જ સરખો અભેદ રીતે વ્યક્ત છે. એ વિશ્વવ્યાપક કેવળ ભક્તકલ્પિત મૂર્તિમાં જ સમાઈ જતો નથી.

આગળ કહ્યું તેમ એને રૂપ નથી અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

**"નહિ ઉજિયારા નહિ વો કાલા, નૂરહિ નૂર અપાર"**

એ પરમતત્ત્વ, એ નિરંજનપદ ગોરું પણ નથી અને કાળું પણ નથી.

જેને રૂપ હોય તેને માટે આ ગોરો છે, આ કાળો છે, આ ઘઉંવર્ણો છે, એમ કહી શકાય. પણ એ પરમતત્ત્વ તો કેવળ

"નૂરહિ નૂર અપાર"




પરમ તેજસ્વરૂપ છે. એ તેજની મર્યાદા નથી. એ તેજના અંબારની કલ્પના પણ માનવની સંકુચિત કલ્પનાશક્તિ કરવાને સમર્થ નથી.



न तत्र सूर्यो भाति न चंद्रतारकं
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।
तमेव भान्तमनुभाति सर्वं
तस्य भासा सर्वमिदं विभाति ॥

આ શ્રુતિવાક્ય શ્રી અવધૂતના

'નૂર હિ નૂર અપાર'

ના નાદમાં સૂર પૂરે છે. એ નૂર એવું છે કે જ્યાં અનેક કોટિ સૂર્યનાં તેજ પણ ઝાંખાં પડે છે, અનેક ચંદ્રની ચંદ્રિકા તો ઝાંખી પડે એમાં નવાઈ નથી. અને આકાશમાં ટમટમતા લક્ષાવધિ તારાનાં તેજ પણ એ 'નૂર' આગળ તુચ્છતાનો જ અનુભવ કરે છે. અને આ બિચારી વીજળી! પલકમાં ઝબકીને અદૃશ્ય થનારી એ ચપળા એ નૂરના નૂરને શી રીતે પહોંચી વળે ? જેના તેજ વડે જ અગ્નિ પણ જગતમાં પ્રકાશ આપે છે તે' અગ્નિની પણ ત્યાં કોડીની કિંમત નથી. આપણે તો જગતમાં સૂર્ય, ચંદ્ર, તારા, વિદ્યુત, અગ્નિના તેજ વડે જ આપણો વ્યવહાર ચલાવીએ છીએ. પણ એ સૂર્ય, ચંદ્ર, તારા, અગ્નિ આદિ તેજવાન પદાર્થો કોના વડે તેજવાન ભાસે છે ? એ પરમતત્ત્વના તેજ વડે જ તેજસ્વી છે અને તેથી તેની પ્રભા-પ્રકાશ વડે જ સમગ્ર જડચેતન સર્જન પ્રકાશ અનુભવી રહ્યું છે. તેના પ્રકાશ વડે જ સર્વ પ્રકાશે છે અને તેથી એ પરમતત્ત્વના તેજની કલ્પના કરવી કોઈ પણ માનવી માટે અશક્ય છે.

જેણે એ

'નૂર હિ નૂર અપાર'

સ્વરૂપ પરમતત્ત્વનો સાક્ષાત્કાર કર્યો છે તેનામાં એનું વર્ણન કરવાની શક્તિ નથી. તેનું અનુભવગર્ભ મૌન એ જ એ પરમતત્ત્વનું વર્ણન છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું

'નિરંજન પદ મુખસે ન બણ્યો જાય.'

અને તેથી જ શ્રી અવધૂતે

'નૂર હિ નૂર અપાર'

કહીને એ પ્રકાશસ્વરૂપ પરમતત્ત્વનું સાંકેતિક વર્ણન કરવું જ ઉચિત ધાર્યું છે. આકાશમાં શુક્લ દ્વિતીયાને દિવસે સૂતરના તાંતણા જેવો ઝીણો ચંદ્ર જણાય છે. જે જુએ છે તે બીજાને બતાવે છે : "પેલો રહ્યો બીજનો ચંદ્ર." અને જોનાર પોતાની દૃષ્ટિ આકાશમાં લંબાવે છે. તેને ચંદ્રદર્શન






થતાં નથી ત્યારે તે પૂછે છે. ''ક્યાં છે ?'' અને જેણે જોયો હશે તે કહેશે, ''જો પેલું વૃક્ષ છે તેની ટોચ ઉપર જો. ત્યાં જ છે.'' એ વૃક્ષની ટોચ ઉપર એ ચંદ્ર નથી. પણ એ જેમ સંકેતમાત્ર છે તેમ આ પણ પરમતત્ત્વના સ્વરૂપનો ખ્યાલ આપવાને 'નૂર' એ એક સંકેત સમાન છે.

એ 'નૂર' અપાર છે. અપાર શબ્દનો અર્થ ગંભીર છે. પરમતત્ત્વ અસીમ છે. જેમ સૂર્યનું તેજ સૂર્યથી અભિન્ન છે તેમ એ પરમતત્ત્વનું નૂર પણ એ નૂરી-પરમાત્માથી અભિન્ન છે અને તેથી એ નૂર પણ અસીમ છે. સૂર્યના તેજની સીમા છે. ચંદ્ર, તારા, વિદ્યુત, અગ્નિ એ પ્રકાશનાં પાર્થિવ સાધનોના પ્રકાશને પણ સીમા છે. પરમતત્ત્વ-અસીમ આત્માના તેજને સીમા નથી, મર્યાદા નથી. એ પરમતત્ત્વ-એ નિરંજનપદ કેવળ તેજનો અખંડ નિર્ઝર છે અને તે પાર્થિવ પદાર્થોને આત્મતેજે પ્રકાશિત કરી અંતે તો પોતાના અખંડ-અખૂટ તેજઃપુંજ સ્વરૂપમાં સ્વસ્વરૂપે રહે છે. સૂર્યનો પ્રકાશ કાળે કરી ઝંખવાશે, ચંદ્ર અને તારાના પ્રકાશ પણ ઝાંખા પડશે, વિદ્યુત અને અગ્નિ પણ પ્રકાશ આપતાં અટકશે અને એક દિવસ કદાચ અંધકાર આ સર્જનને આવરી લેશે પણ એ તેજઃપુંજ પરમતત્ત્વનું અપાર-અસીમ તેજ લવલેશ પણ ઓછું થવાનું નથી. જે વધે છે અને ઘટે છે તે સીમાબદ્ધ છે. જે અસીમ છે-અપાર છે તે નથી ઘટતું કે નથી વધતું પણ એક જ સરખું બધે પ્રકાશિત બની રહે છે. અને તેથી તે અપાર છે. જેનો પાર પામી ન શકાય એવું એ નિરંજન પદ કેવળ પ્રકાશનો અસીમ પુંજ છે.

સૂર્ય, અગ્નિ, વિદ્યુત, તારા આદિ પ્રકાશના પાર્થિવ પદાર્થોનાં સાધનો સસીમ પ્રકાશ આપી શકે છે અને તે આપણે ઝીલી શકીએ છીએ. એ પ્રકાશયુક્ત પદાર્થોનો આપણે ચક્ષુ દ્વારા અનુભવ કરી શકીએ છીએ, જોઈ શકીએ છીએ, પણ એ અસીમ તેજઃપુંજ પરમપ્રકાશ આંખનો વિષય નથી. નેત્રો ત્યાં જઈ શકતાં નથી. નેત્રો એ પ્રકાશપુંજને ઝીલવાને શક્તિમાન નથી પણ એ પ્રકાશપુંજનું અસ્તિત્વ સ્વીકાર્યા વિના આપણે રહી શકતા નથી. તે નિઃસીમ નૂર નેત્રનો વિષય નહીં હોવાથી તેને જોઈ શકાતું નથી અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**'બિન દેખત દિખ પડે સહજ હિ'**

એ નૂર એવું છે કે આંખ એને જોઈ શકતી ન હોવા છતાં સહજ ભાવે એને અનુભવની દૃષ્ટિએ નજરે પડે છે. આજ દિવ્ય દૃષ્ટિ છે. શ્રી અવધૂતનું આ વાક્ય અનુભવગમ્ય માર્મિકતાનું ભાન કરાવે છે. જાગ્રત અવસ્થામાં આપણે જાગતિક પ્રપંચ નેત્ર દ્વારા જોઈએ છીએ. અને તેનો અનુભવ કરીએ છીએ. આપણે આંખો મીંચીને જગતને જોવાનો અને જાગતિક પ્રપંચનો અનુભવ કરવાનો યત્ન કરીએ તો તે કેવળ નિષ્ફળ જશે. સ્વપ્નાવસ્થામાં જે પ્રપંચ આપણે અનુભવીએ છીએ તે કંઈ આંખો

વડે જોઈએ છીએ ? સ્વપ્નમાં આપણે અનેક પાર્થિવ પદાર્થો – હાથી, ઘોડા, પર્વત, નદી, વૃક્ષ, મહેલાતો, માનવીઓ, રાક્ષસો, આદિ જેમ જાગ્રત અવસ્થામાં જોઈએ છીએ તેમ જ જોઈએ છીએ. આપણી પાર્થિવ આંખોનો એ વિષય નથી. એ આંખો તો બંધ હોય છે છતાં એ પદાર્થો કયા જાગતિક તેજસ્વી પદાર્થના તેજમાં અને કઈ આંખો વડે જોઈએ છીએ ? સ્વપ્નાવસ્થામાં મન સિવાયની જ્ઞાનેન્દ્રિયો કે કર્મેન્દ્રિયોની જાગ્રત અવસ્થાની ચેષ્ટાઓ હોતી નથી. એ ઇન્દ્રિયો જાગ્રત અવસ્થાના જ્ઞાનરહિત આત્મતત્ત્વમાં લીન હોય છે. ત્યારે એ સ્વપ્નો, અનુભવ અને સ્વપ્નના પદાર્થો આપણે જે પ્રકાશદૃષ્ટિ વડે જોઈ શકીએ છીએ, જે જ્ઞાન વડે અનુભવી શકીએ છીએ, તે છે એ પરમ અસીમ તેજઃપુંજનો પ્રકાશ. એ દર્શન કેવળ સ્વપ્નાવસ્થાના કાળમાં જ થઈ શકે છે. સ્વપ્નાવસ્થાના અદર્શન કાળમાં તો આપણી પાર્થિવ જ્ઞાનેન્દ્રિયો પોતપોતાનાં કાર્યો કરતી હોય છે. સ્વપ્નાવસ્થાના એ પ્રકાશદાતાને 'તેજસ્' એવી સંજ્ઞા આપી છે અને તેથી આત્માનું એ 'તેજસ્' સ્વરૂપ જેમ આ ચક્ષુનો વિષય નથી તેમ એ પરમ તેજ પણ પાર્થિવ ચક્ષુનો વિષય નહીં હોવાથી નજરે દેખાતું નથી. અને તેથી, **'બિન દેખત'** કહીને શ્રી અવધૂતે એ પરમતત્ત્વના અમૂર્ત સ્વરૂપનો ખ્યાલ કરાવીને

"દિખ પડે સહજ હિ"

એમ કહ્યું છે.

પણ એ સહજમાં શી રીતે નજરે પડે ? પ્રશ્ન વિચાર માગી લે છે. આપણે આગળ જોયું કે એ પરમ તેજઃપુંજ પરમતત્ત્વનું રૂપ નથી, આકાર નથી, ચક્ષુનો વિષય નથી. વેદ અને ઉપનિષદોએ પણ એ નિરાકાર બ્રહ્મનું કેવળ સાંકેતિક વર્ણન કર્યું છે અને તેનું પરોક્ષ જ્ઞાન કરાવ્યું છે અને 'પ્રકાશ' સ્વરૂપે જ વર્ણન કર્યું છે. એનો નિવાસ શરીરમાં હૃદયગુફામાં છે એમ શાસ્ત્ર, ઉપનિષદ અને અનુભવસિદ્ધ મહાત્માઓએ આપણને કહ્યું છે. એટલે એ બાહ્ય દ્રષ્ટિનો વિષય નથી એ પણ નિર્વિવાદ છે. વળી એ પરમ તેજસ્વી પરમ તત્ત્વ સર્વવ્યાપક છે અને તેથી જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં નજર કરે ત્યારે ત્યારે અને ત્યાં ત્યાં સદાસર્વદા અખંડ એકરસરૂપ એ પરમતત્ત્વ મૂર્તામૂર્ત સ્વરૂપે રહેલું છે એવી પ્રતીતિ થાય, ત્યારે જોયા વિના પણ એનો સહજ અનુભવ થાય છે. એ અનુભવ મલિન બુદ્ધિ અને મલિન ચિત્તમાં થતો નથી એ પણ એટલું જ સત્ય છે. એનાં દર્શન કરવાને જગતની અદર્શન અવસ્થા સિદ્ધ કરવી એ જરૂરનું છે. જ્યાં સુધી દૃષ્ટિમાં જગત જગતરૂપે રહેલું છે ત્યાં સુધી એ તેજનાં દર્શન થવાં સહજ નથી પણ દુર્લભ છે. એ દર્શનનો અનુભવ કરવાને બાહ્ય દૃષ્ટિ, બહિર્મુખ બનીને વિષયો પાછળ ભટકતી જ્ઞાનેન્દ્રિયોનો નિરોધ કરીને, તેને અંતર્મુખ બનાવી અંતર્દૃષ્ટિ વિકસાવવાની જરૂર છે. એ અંતર્દૃષ્ટિના

વિકાસ વિના હૃદયરૂપી ગુહામાં રહેલા સર્વશક્તિમાન, સર્વના પ્રકાશક પરમ તેજઃપુંજ 'નૂર'નાં દર્શન થવાં શક્ય નથી. અને જ્યારે એ અંતર્દષ્ટિનો વિકાસ થાય ત્યારે હૃદયગુહામાં રહેલું એ 'નૂર' પ્રેક્ષકના અંતર્ચક્ષુ આગળ સહજમાં ખડું થાય છે. એ પરમતત્ત્વ તો હૃદયગુહામાં સદાસર્વદા રહેલું જ છે. ત્યાં બિરાજીને દર્શન આપવાની તેને જરૂર નથી પણ કેવળ અંતર્ચક્ષુને ઉઘાડવાની જ જરૂર છે. એ અંતર્ચક્ષુના ઉન્મિલન માટે જ્ઞાનસૂર્યના ઉદયની આવશ્યકતા છે. જેમ સૂર્યોદય થતાં જ સર્વ પ્રાણીપદાર્થો જોવાને બીજો કોઈ પુરુષાર્થ કે પ્રયાસ કરવો પડતો નથી, સહજમાં જ એ નજરે પડે છે, અનુભવાય છે તેમ અંતરમાં જ્ઞાનસૂર્યનો ઉદય થતાં જ એ સહજાવસ્થાસ્થિત 'પરમ નૂર' સ્વયં નજરે પડે છે. અનુભવાય છે. તેનો અનુભવ કરવાને કોઈ પણ પ્રયાસ કરવો પડતો નથી. તેથી શ્રી અવધૂત કહે છે તેમ

**"દિખ પડે સહજ નહિ"**

સદાસર્વદા એ ત્યાં રહેલું જ છે. પણ એને નિહાળવાનાં અંતર્ચક્ષુના અભાવે એ સ્વાભાવિક રીતે નજરે પડતું નથી. એટલે એ આત્માના પ્રકાશનો-એ નૂરનો અનુભવ થતો નથી. શાસ્ત્રોએ જે કાંઈ સાધનો કરવાનો આદેશ આપ્યો છે તે આત્મદર્શન-પ્રકાશદર્શન માટે નથી આપ્યો પણ એ અંતર્ચક્ષુના વિકાસ માટે જ આપ્યો છે.

કર્મ, ઉપાસના અને જ્ઞાન દ્વારા જ્યારે ચિત્તના મળ, વિક્ષેપ અને આવરણનો ક્ષય થાય છે ત્યારે, જેમ એક મોતિયાના દરદીની આંખના મોતિયાનાં પડળ કાઢી લેવામાં આવે ત્યારે, પડળના કારણે અવરોધિત નેત્રની જોવાની શક્તિ આવરણ દૂર થતાં જ, તે જેમ દેખતો થાય છે અને પ્રકાશ પામે છે તેમ, એ અંતર્ચક્ષુનાં આવરણ દૂર થાય, અજ્ઞાનનો અંધકાર ટળી જાય ત્યારે તેને પરમતત્ત્વના પરમતેજનો પ્રકાશ પ્રાપ્ત થાય છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**"બિન દેખત દિખ પડે સહજ હિ દેખત અંધા ચાર"**

જેમ ઘુવડ સૂર્યને દેખી શકતું નથી અને આંખો મીંચી દે છે તેમ જ્યાં સુધી અંતર્ચક્ષુ ઊઘડ્યાં નથી ત્યાં સુધી ચર્મચક્ષુ વડે આ જગત જ જણાય છે અને તેથી માયાના એ મંડાણમાં છુપાયેલો પરમ તેજસ્વી પરમાત્મા દૃષ્ટિગોચર થતો નથી. એટલું જ નહીં પણ તેનો અનુભવ પણ થતો નથી. જ્યારે અંતર્ચક્ષુ ઊઘડે છે, માયાનું મંડાણ વ્યાવહારિક સત્ય મટીને કેવળ પારમાર્થિક સત્યરૂપે જ પરમાત્મા જ બની જાય છે ત્યારે એ જગત જગતરૂપે રહેતું નથી પણ પરમાત્મસ્વરૂપ જ જણાય છે. તેથી જેમ આંધળો માણસ જગતને જોઈ શકતો નથી તેમ આત્મતેજમાં અંજાઈ ગયેલો જગત પ્રત્યે અંધ બની જાય છે. જેની દૃષ્ટિ બહિર્મુખ છે, દુનિયા અને દુન્યવી પદાર્થ તરફ ઘેલી છે તે એ પરમતત્ત્વને જોવા માટે સમર્થ નથી.





જેની દૃષ્ટિમાંથી એ અંતર અને બહિર જગતનું દૃશ્ય લોપ પામે છે તે જ વગર જોયે એ પરમતત્ત્વને અનુભવે છે. તેથી જ શ્રી અવધૂતે ન જોનાર જુએ છે અને જોનાર આંધળો છે એવી સાંકેતિક ભાષા વાપરી છે.

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥

એ શ્લોકથી શ્રી ભગવાને કંઈક આવું જ કહ્યું છે.

આ તો એ પરમ તેજસ્વી પરમતત્ત્વની સાંકેતિક ઓળખ આપી છે પણ એનો નિવાસ ક્યાં ? શાસ્ત્રોએ તો એનું નિવાસસ્થાન હૃદયની ગુફા બતાવ્યું છે અને તેથીયે આગળ વધીને શાસ્ત્રોએ એ તત્ત્વને સર્વવ્યાપક પણ કહ્યું છે. ત્યારે એ વાતનો નિર્ણય કરવો આવશ્યક છે. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

**'નહિ વો અંદર નહિ વો બહિર, દોનોં સે પર પાર,**
**અંદર બહાર સમાયે ઉસમેં, વો સબ ગોલંકાર !'**

શ્રી અવધૂત કહે છે : એ એકલું અંદર જ છે એમ નથી, એ એકલું બહાર જ છે એમ પણ નથી. એ બંનેથી પર છે. અંદર અને બહારની મર્યાદાથી અપરિચ્છિન્ન, અમર્યાદિત છે. આકાશ અંદર પણ છે અને બહાર પણ છે. વાયુ અંદર પણ છે અને બહાર પણ છે. પણ એ બંને તત્ત્વો અંદર અને બહાર હોવા છતાંય મર્યાદિત છે. બ્રહ્માંડનું ક્ષેત્ર વિશાળ છે. બ્રહ્માંડને પેલે પાર એ ઉભય વ્યાપક તત્ત્વોનું અસ્તિત્વ નથી. પરમતત્ત્વને કેવળ હૃદયની ગુફામાં રહેલું આપણે માનીએ તો એનું સ્થાન નક્કી થયું ગણાય અને જેનું સ્થાન નક્કી થયું હોય તે પરિચ્છિન્ન બની જાય છે. પરમતત્ત્વ અપરિચ્છિન્ન છે અને તેથી તેની મર્યાદા અથવા સ્થાન નિર્દિષ્ટ કરી શકાય નહીં. હૃદય પણ મર્યાદિત છે. નાનકડું અંગુષ્ઠના પ્રમાણનું એ સ્થાન છે. અને તેથી એ તત્ત્વ હૃદયમાં જ છે એમ કહીએ તો એ તત્ત્વ મર્યાદામાં રહેલું ગણાય. એ અમર્યાદ-અસીમ તત્ત્વ મર્યાદામાં સમાઈ શકતું નથી, એટલું જ નહીં પણ એ અસીમ તત્ત્વને કેવળ હૃદયગુહામાં જ સમાવી રાખવું પણ શક્ય નથી. અણુરેણુપરમાણુમાં, પ્રાણી માત્રના આકાર અને રૂપના એકેએક રજકણમાં રહેલા એ પરમતત્ત્વનું અસ્તિત્વ ક્યાં નથી ? એ પ્રશ્નનો નિર્ણય નહીં થવાથી જ શાસ્ત્રકારોએ એને સર્વવ્યાપક, એટલે અંદર અને બહાર સર્વ સ્થળે એની વ્યાપ્તિ બતાવીને, તેનાથી પણ આગળ એ સર્જન માત્રમાં સમાયેલું છે, છતાં એ અંદરબહાર વિસ્તૃત રહીને તેનાથી પણ પેલે પાર છે એમ કહ્યું છે. જેમ પરમતત્ત્વનું ધ્યાન ધરી તેની પ્રાપ્તિ અર્થે સગુણ સાકાર પ્રતિમાનું વિધાન છે તેમ જ નિર્વિકાર નિરાકાર પરમતત્ત્વની ઉપલબ્ધિ માટે હૃદયને એક વિશિષ્ટ સ્થાન લેખ્યું છે. એનો અર્થ એવો નથી કે એ કેવળ હૃદયમાં જ છે. સર્વ વ્યાપક હોવા છતાં એ પ્રકાશક તત્ત્વની પ્રાપ્તિ હૃદયમાં થાય

છે અને તેથી શ્રી અવધૂત કહે છે, ''એ સર્વમાં વ્યાપ્ત થઈને સર્વથી પર રહેલ છે. એ એકલું અંદર પણ નથી, બહાર પણ નથી. એ અંદર અને બહારની સીમાને વટાવીને, એ અસીમ તમામ પ્રકારની સીમાઓથી પર સીમાને બીજે પાર છે.'' ખરું છે. એ પરમતત્ત્વ અનંત બ્રહ્માંડોને આવરી લઈને તેને પેલે પાર પણ રહેલું છે અને તેથી એ તત્ત્વ અમુક જ જગ્યાએ છે એમ કહેવાથી ઉપર કહ્યું તેમ એ તત્ત્વ મર્યાદિત બની જાય છે. કેવળ અંદર છે અને બહાર પણ છે એમ કહીને એને મર્યાદિત છે એમ કહી શકાય નહીં. અને તેથી એ અંદર છે — બહાર છે. જ્યાં જ્યાં આકાશ છે, જ્યાં જ્યાં વાયુ છે, ત્યાં ત્યાં અને જ્યાં આકાશ અને વાયુની વ્યાપ્તિ નથી ત્યાં પણ એટલે એ બધાને પાર પણ એ રહેલું છે. એને કોઈ જાતનું દિશાવિદિશાનું બંધન નથી. અને તેથી આગળ ચાલતાં શ્રી અવધૂતે કહ્યું :

''અંદર બ્હાર સમાયે ઉસમેં વો સબ ગોલંકર''

આ વિવેચનને પુષ્ટ કરનારું ઉપનિષદનું એક વાક્ય પણ મળે છે.

'सभूमिं विश्वतो वृत्वात्यतिष्ठद्दशाङ्गुलम्॥'

'તે ભૂમિને બધી બાજુએથી વ્યાપ્ત કરીને અનન્તરરૂપે તેનું અતિક્રમણ કરીને સ્થિત છે.'

શ્રી ભગવાને પણ કહ્યું તેમ એ તત્ત્વ અંદર પણ છે, બહાર પણ છે. 'અંદર', 'બહાર' એ સંજ્ઞાથી આપણે જે મર્યાદા સમજીએ છીએ તે બધી જ મર્યાદા એ પરમતત્ત્વમાં સમાયેલી છે અને તેથી શ્રી ભગવાને કહ્યું

मत्तः परतरं नान्यत्किञ्चिदस्ति धनञ्जय ।

''મારા વિનાનું ઈતર કાંઈ જ નથી.'' અને છતાંય એ પરમતત્ત્વનો વિસ્તાર એટલો જ નથી, પણ એથીયે અધિક છે. તેથી જ એ અંદર, બહાર અને તેની પર એ બધાથી અબદ્ધ પણ છે એમ કહેવાનો અહીં આશય છે. જે કાંઈ સ્થૂળ, સૂક્ષ્મ, સચરાચર જગત છે તેને તો માત્ર એક જ અંશથી આવરી લઈને એ પરમતત્ત્વ તો તેને પરપાર રહેલું છે.

अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥

''બહુ ડહોળીને તું શું કરીશ ? ટૂંકમાં જાણ કે હું મારા એક અંશ માત્રથી જ આ બધાય દ્રષ્ટાદ્રષ્ટ જગતને વ્યાપીને રહેલો છું.''

પરમતત્ત્વ અરૂપ છે અને અમર્યાદ છે એ વાતનો આમ શ્રી અવધૂતે સંકેત કર્યો. હવે શ્રી અવધૂત એના આકાર તરફ આપણું લક્ષ ખેંચે છે. જે અરૂપ છે તેને રૂપનું બંધન નથી. જે નિરાકાર છે તેને આકારનું બંધન નથી. જે અમર્યાદ છે તે મર્યાદામાં પૂરી શકાતું નથી.

એ પરમતત્ત્વના ઉપાસકોના બે વર્ગ. એક વર્ગ સગુણ-સાકાર ઉપાસકોનો. બીજો વર્ગ અવ્યક્ત નિર્ગુણ-નિરાકાર બ્રહ્મનો ઉપાસક. સગુણ









સાકાર બ્રહ્મની ઉપાસના કરનારાઓએ, પોતપોતાની ભાવના અનુસાર અને શાસ્ત્રોના વર્ણનમાં શ્રદ્ધા રાખીને તદનુસાર એ પરમતત્ત્વની પ્રતિમાઓનું વિધાન કર્યું અને એમ કરીને એ અપરિમિતને **પરિમિત** બનાવ્યું. તે પ્રતિમાને જ પરમતત્ત્વનું પ્રતીક માનીને. પ્રતિમા સ્વરૂપે તેની ઉપાસના કરવાનો પ્રારંભ કર્યો. એ તો સૌ સૌની ભાવનાની વાતો છે. ભગવાન કાષ્ટમાં નથી, પાષાણમાં નથી, કે નથી માટીમાં. ભગવાન તો ભાવગમ્ય છે. અને તેથી શુદ્ધ ભાવે જ્યાં તેની ભાવના કરીએ ત્યાં તે ભક્તની ભાવનાને અનુરૂપ સ્વરૂપે પ્રકટ થાય છે. અને તેથી કોઈને પાષાણમાં પ્રભુ જણાય, કોઈને વૃક્ષમાં પ્રભુ જણાય. જેને જ્યાં જણાયા ત્યાં તેણે તેને પૂજ્યા. પણ એ વાસ્તવિક દૃષ્ટિ નથી. વાસ્તવિક દૃષ્ટિએ તો એ અખંડાનંદ સ્વરૂપ સર્વવ્યાપક સચ્ચિદાનંદઘન પરમતત્ત્વ નિર્વિકાર, નિરાકાર છે. તેનો આકાર નથી કે તેનું માપ નથી. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

**"ઊંચા નીચા સમ ચોખૂણ ના નહીં બર્ણ આકાર"**

એ પરમતત્ત્વ ઊંચું પણ નથી અને નીચું પણ નથી. ચોરસ પણ નથી. એને કોઈ આકાર જ નથી. એ વર્ણ અને આકાર રહિત પરમતત્ત્વ તો સર્વવ્યાપક છે. અને તેથી તેનું સર્વવ્યાપકત્વ સ્વીકારી લઈએ તો, જગતમાં નામરૂપધારી જેટલા આકારો છે તે બધાયમાં પરમતત્ત્વનું અસ્તિત્વ સ્વીકારી લેવું પડશે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે શું એ આકાર એ પરમતત્ત્વનો આકાર નથી ? જવાબ સરળ છે. પરમતત્ત્વ સર્વવ્યાપક હોવાથી સર્વગત છે. તેથી જે જે નામ, રૂપ, આકારનું અસ્તિત્વ છે તે તે નામ, રૂપ અને આકાર તે નથી પણ એ નામ, રૂપ અને આકારધારી પ્રાણી પદાર્થો જેના પ્રકાશ વડે પ્રકાશિત છે તે પ્રકાશ્યમાં એ પરમતત્ત્વનું વાસ્તવિક પ્રકાશ સ્વરૂપ છે. અને તેથી જ તેને સત્-ચિત્-આનંદ કિંવા અસ્તિ, ભાતિ, પ્રીતિ એવું કહેવામાં આવે છે. તે દૃષ્ટિએ જોઈએ તો એ અરૂપનાં અનેક રૂપો છે, અનામીનાં અનેક નામો છે, અવર્ણના અનેક વર્ણ છે. પણ એ નામ, રૂપ અને આકારના ભેદ વિના એ પરમતત્ત્વ સર્વમાં અભેદ ભાવે એક જ રૂપે રહેલું છે. નામ, રૂપ કે વર્ણના ભેદથી પરમતત્ત્વમાં ભેદ પડતો નથી. જેમ દૂધમાત્રમાં અભેદ રૂપે ઘી એક જ છે તેમ સર્જન માત્રમાં પરમતત્ત્વરૂપે એક જ શક્તિ રહેલી છે. તે શક્તિના પ્રભાવે જ એ નામ, રૂપ અને આકારધારી સર્જન શક્તિસંપન્ન છે. અને તેથી

**अग्निर्यथैको भुवनं प्रविष्टो**
**रूपं रूपं प्रतिरूपो बभूव ।**
**एकस्तथा सर्वभूतान्तरात्मा**
**रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥**



"જે પ્રકારે સંપૂર્ણ ભુવનમાં પ્રવિષ્ટ થયેલો એક જ અગ્નિ પ્રત્યેક રૂપને અનુરૂપ થઈ જાય છે તે જ પ્રમાણે સંપૂર્ણ ભૂતોનો એક જ અંતરાત્મા

તેના રૂપને અનુરૂપ થઈ રહ્યો છે. અને તેનાથી બહાર પણ છે."

અગ્નિ તો એક જ છે. જ્યાં જ્યાં જે જે આકારના કાષ્ટમાં તેનો પ્રવેશ થાય છે તે તે કાષ્ટના આકારરૂપે ત્યાં તેની અભિવ્યક્તિ થાય છે અને એક જ અગ્નિ અનેક આકૃતિવાન જણાય છે. વસ્તુતઃ અગ્નિ અવ્યક્ત છે, તેને આકાર નથી. તેમ એ પરમતત્ત્વ અવ્યક્ત છે, તેને આકાર નથી. એ જ રીતે વાયુ પણ એક જ છે છતાં જ્યાં જ્યાં તેનો પ્રવેશ થાય છે તે તે આકાર તેના લેખાય છે. તે જ રીતે પરમતત્ત્વ એકરસ હોવા છતાં અને તેજ સ્વરૂપે તે સર્વવ્યાપક હોવા છતાં પ્રત્યેક નામ, રૂપ અને આકાર તેનાં સ્વરૂપ લેખાય છે. જેમ આકાશમાં સૂર્ય એક જ છે પણ અનેક ઘટમાં ભરેલા જળમાં તેનાં પ્રતિબિંબ જણાય છે તેમ પરમતત્ત્વ એક જ હોવા છતાં જ્યાં જ્યાં આકાર છે, જ્યાં જ્યાં રૂપ છે, જ્યાં જ્યાં વર્ણ છે ત્યાં ત્યાં તે પરમતત્ત્વનું પ્રતિબિંબ તે રૂપ, આકારના અંતરમાં પ્રતિબિંબિત થાય છે. આપણે અજ્ઞાનવશ તે રૂપ, આકાર અને વર્ણને પરમતત્ત્વ માનીએ છીએ. ઘડામાં પાણી છે એમ કહેવાથી ઘડો પાણી થઈ શકતો નથી. પથ્થરમાં પ્રભુ છે એમ કહેવાથી પથ્થર પ્રભુ થઈ શકતો નથી. પણ પથ્થર, ઘડો કે પાણી પ્રભુથી ભિન્ન નથી એ વાત પણ એટલી જ સાચી છે. પ્રભુના અસ્તિત્વ વિના ઘી, પાણી કે પાષાણનું અસ્તિત્વ નથી.

જ્યાં સુધી સાચું જ્ઞાન ન થાય ત્યાં સુધી એ ભ્રમણા રહેવાની જ છે. જ્યારે સાચું જ્ઞાન થાય છે ત્યારે ઘટમાંથી ઘટનો આકાર જતો રહે છે અને માટી જ રહી જાય છે. પટમાંથી પટ જતું રહે છે અને સુતરનો તંતુ જ રહે છે. રજ્જુમાંથી સર્પ જતો રહે છે અને રજ્જુ જ રહે છે. તેમ નામ, રૂપ અને આકારમાંથી નામ, રૂપ અને આકારનો નિષેધ થતાં, નામ, રૂપ અને આકાર વિનાનું પરમતત્ત્વ જ અવશેષ રહે છે. અથવા સુવર્ણ અને તેના વિવર્ત સ્વરૂપે બનેલું આભૂષણ. એ સુવર્ણમાંથી વિવર્તરૂપે રહેલા આભૂષણનો નિષેધ થાય છે ત્યારે કેવળ સુવર્ણ રહે છે તેમ જ્યારે પદાર્થનું સાચું જ્ઞાન થાય છે, પદાર્થની ક્ષણભંગુરતાનો જ્યારે સચોટ ખ્યાલ આવે છે ત્યારે બધાય નામ, રૂપ અને આકારોનો નિષેધ થાય છે અને કેવળ પરમતત્ત્વ-આદિ અંત વિહીન-પરમબ્રહ્મ જ અવશેષ રહે છે. અને તેથી જ અહીં શ્રી અવધૂતે કહ્યું તેમ એ ઊંચું નથી, નીચું નથી અને સમચોરસ પણ નથી. પરમાત્માના આકારો છે એમ જે માને છે તે કેવળ તેની અજ્ઞાનમૂલક ભ્રાંતિ છે. બ્રહ્મને વર્ણ કે આકાર નથી. એ બ્રહ્મના નિરાકારપણાને, અરૂપપણાને, અવર્ણપણાને જાણવાને અને નિશ્ચિત કરવાને એ ભ્રમણાનો જ્ઞાન દ્વારા નિષેધ કરવાની જરૂર છે. જ્યારે સાચું જ્ઞાન થાય છે, સ્વરૂપનું ભાન થાય છે, ત્યારે એ ભ્રામક અજ્ઞાનનો ક્ષય થાય છે. વળી કેટલાક એ પરમતત્ત્વમાં ગુણોનો આરોપ પણ કરે છે. પરમાત્મા






સગુણ છે એમ કહેનારા પણ છે અને નિર્ગુણ છે એમ કહેનારા પણ છે. તેનો નિષેધ કરતાં શ્રી અવધૂત કહે છે :

**"નિરગુણ સિરગુણ ઉસકે બાંધે, બિન જગ જગ ફિરતાર !"**

ગુણોને આધારની અપેક્ષા છે. આકાર વિના નિરાકાર ગુણ પોતાનું પોત પ્રકાશિત કરી શકતો નથી. અને તેથી પરમતત્ત્વને જો સગુણ માનીએ તો તેનો આકાર પણ માનવો પડે. આપણે આગળ જોયું છે અને શાસ્ત્રોએ પણ એ પરમતત્ત્વને આકારરહિત, કેવળ પ્રકાશ સ્વરૂપ જ વર્ણવ્યું છે. પ્રકાશને આકાર નથી તેમ એ પરમતત્ત્વને આકાર નથી. અને તેથી એ પરમતત્ત્વ ગુણરહિત નિર્ગુણ છે એમ માનવું જ પડશે. એ ગુણોનો આધાર બુદ્ધિ છે. એ બુદ્ધિનો આધાર પરમતત્ત્વ અને તેથી શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

**ये चैव सात्त्विका भावा राजस्तामसाश्च ये ।**
**मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि ॥**

"સાત્ત્વિક, રાજસ્ તામસ્ જે ભાવો છે તે મારામાંથી જ ઊપજેલા છે. હું તેઓમાં નથી પણ તે મારામાં છે," અને

**त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।**
**मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ।**

"આ સર્વ જગત ત્રણ ગુણમય આ પદાર્થોથી મોહિત છે. એ બધાથી પર રહેલા એવા નિર્વિકાર મને જાણતા નથી."

એ રીતે પરમતત્ત્વ નિર્ગુણ છે. ગુણરહિત હોવાથી ગુણના વિકારનો તેનામાં અંશ પણ નથી. એ સગુણ બ્રહ્મની શક્તિ વડે સગુણ સંસારનું સંચાલન થાય છે, છતાંયે બ્રહ્મ સ્વયં નપુંસક હોવાથી સંચાલન કરી શકતું નથી. અને ઈક્ષણ દ્વારા અહંકારને આગળ કરીને પડદા પાછળ રહીને તે જગતનું તંત્ર સૂત્રાત્મક તરીકે ચલાવે છે. લિંગવિહીન એ પરમતત્ત્વ સગુણ કહી શકાય નહીં. એ નિર્ગુણ છે એવા ભગવાનના શબ્દો પ્રમાણે શંકાને સ્થાન નથી. એ નિર્ગુણ અને સગુણ અવસ્થા એ પરમતત્ત્વમાં કેવળ વિવર્ત રૂપે છે એમ કહીને એ નિર્ગુણ, સગુણ બધી જ અવસ્થા એ પરમતત્ત્વમાં સમાયેલી છે, એ પરમતત્ત્વના અંશ વડે એ પોતાનો પ્રભાવ પ્રકાશિત કરે છે એમ કહ્યું છે. પણ એ પરમતત્ત્વ એ ગુણોમાં નથી, અને એ પરમતત્ત્વ નિર્ગુણના ગુણથી પણ બંધાયેલું નથી. સગુણ નિર્ગુણ અવસ્થાથી પર એ પરમતત્ત્વની અવસ્થા અકલ્પનીય છે. ગુણ એ માયાનો વિકાર છે. અને માયા એ પરમતત્ત્વની નિરાકાર અનાદિ શક્તિ છે. એ શક્તિ વડે જ સમસ્ત જગતનું સંચાલન થઈ રહ્યું છે. અને તેથી જ શ્રી ભગવાને

**"दैवी ह्येषा मम माया"**

એમ કહ્યું છે અને પોતાના જેવી જ નિરાકાર માની છે. માયા






સગુણ છે એટલું જ એ પણ સાચું છે. જો ગુણ ન હોય તો માયાનું અસ્તિત્વ જ નથી, માયાના અભાવે જગત પણ નથી અને જગના અભાવે જગતની પ્રતીતિ નથી. જગત એ કેવળ ત્રણ ગુણોનો જ પસારો છે. અહીં જે પરમતત્ત્વનું શ્રી અવધૂત વિવેચન કરે છે તે પરમતત્ત્વ તો એક અનોખું અવર્ણનીય તત્ત્વ છે.

ઉપનિષદે આત્માના વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને તુરીય એવા ચાર પાદ વર્ણવ્યા છે. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય એવી ચાર અવસ્થા વર્ણવી છે. તેમાં ત્રણ પાદમાં એટલે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં એ ત્રણ ગુણોનો વિકાર કાર્ય કરે છે. તુરીયમાં એ ત્રણ ગુણોનો ગજ ખાતો નથી. અને તેથી જ તે ગુણાતીત અવસ્થા છે. અને તેથી તુરીય અવસ્થા અવર્ણનીય છે. જ્યાં જ્યાં માયા, જ્યાં જ્યાં ગુણ, ત્યાં ત્યાં તેનું વર્ણન, તેની કલ્પના સંભવે. માયા અને ગુણના અભાવે નથી કલ્પના કે નથી વર્ણન. એ ચાર ભેદની આગળ પણ તુરીયાતીત અવસ્થા છે. તે નથી સગુણ કે નથી નિર્ગુણ; નથી તેજ કે નથી અંધકાર; નથી રાત્રિ કે દિવસ. એવા તુરીયાતીત પરમતત્ત્વનું અહીં શ્રી અવધૂત વર્ણન કરે છે. અને તેથી જ

"નિરગુણ સિરગુણ ઉસકે બાંધે"

એમ કહે છે. અને સાચી પરિસ્થિતિ પણ એ જ છે. કેવળ વેદ, ઉપનિષદ આદિ ગ્રંથોનું વાંચન કરવાથી જ એ અચિંત્ય અવસ્થાનું ભાન થતું નથી. એ અનુભવગમ્ય અવસ્થાનું સમ્યક્ જ્ઞાન તો જેણે અનુભવ કર્યો હોય તેને જ થાય.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

"બિન જગ જગ કિરતાર"

અને પરતત્ત્વનું એ જ વાસ્તવિક સાંકેતિક વર્ણન છે. જગત છે, પણ તે કેવળ સ્વપ્નવત્ છે. જો સ્વપ્ન સત્ય હોય તો જગત સત્ય છે. જો સ્વપ્ન અસત્ય છે તો જગત પણ અસત્ય છે. જો વંધ્યાપુત્ર હોય, જો આકાશકુસુમ હોય, જો સસલાને શિંગડાં હોય તો જગતનું પણ અસ્તિત્વ હોય. પણ એમાંનું કશું જ શક્ય નથી. એટલે જગત પણ અસત્ય છે. જગત સત્ છે એવી ભ્રમણામાં જ આપણે મોહાંધ બનીને અથડાતા ફરીએ છીએ. મોહ ટળે તો જગતનો પણ નિષેધ થાય. અષ્ટાવક્રે જનકવિદેહીને કહ્યું : ''જો તમે સ્વપ્નને સત્ય ગણતા હો તો જગત અને તમારું આ રાજ્ય પણ સત્ય છે. જો સ્વપ્નને તમે અસત્ય માનતા હો તો આ તમારું રાજ્ય અને તમે બધું જ અસત્ છે.''

વાસ્તવિક રીતે જો જગત નથી તો તેનો કર્તા પણ નથી, અને કર્તાના અભાવે ક્રિયા પણ નથી. કોઈ પણ વસ્તુની સિદ્ધિ અર્થે ક્રિયા, ક્રિયાનો કરનાર, ક્રિયાનો કરાવનાર, એ ત્રણ વસ્તુ આવશ્યક છે. જગત એ ક્રિયા છે, તે ક્રિયાનો કરનાર કોણ ? કરાવનાર કોણ ? શ્રાદ્ધ એ કર્મ

છે, યજમાન એ કર્મનો કરનાર છે અને પુરોહિત એ કર્મનો કરાવનાર છે. પુરોહિતના સંકેત અનુસાર યજમાન શ્રાદ્ધક્રિયા કરે છે. જગત એ કર્મ છે, માયા એ જગતરૂપી કર્મ કરનાર છે અને પરમાત્મા એ કર્મનો કરાવનાર છે. અને તેથી જીવ, ઈશ્વર અને પરમેશ્વર એવા એક જ તત્ત્વના ત્રણ ભેદ પડ્યા છે. જીવ એ દેહી, ઈશ્વર એ સાક્ષી અને પરમેશ્વર એ જીવ અને ઈશ્વરનું અધિષ્ઠાન. કુંભાર વિના ઘટ નથી. ઘટને માટે માટી આવશ્યક છે. એટલે માટી અને કુંભાર એ ઉભયના સહકાર વડે ઘટરૂપી કર્મ બને છે. ઘટને જોઈને આપણે તેના નિમિત્તકારણ અને કુંભારની કલ્પના કરીએ છીએ. તેમ જગતને જોઈને આપણે તેના નિમિત્ત અને ઉપાદાન કારણની કલ્પના કરી શકીએ છીએ. અપરોક્ષ રીતે માયા એ જગતનું નિમિત્તકારણ છે પણ માયાની શક્તિ પરાઈ હોવાથી પરમાત્મા એ જગતનું નિમિત્તકારણ અને ઉપાદન કારણ બંને છે. પણ તે પરોક્ષ છે. એ બધી વેદવેદાંતની ભૂલભૂલામણીમાં આપણે પડવાની જરૂર નથી. જગત છે એમ માનીએ તો જગતનો કોઈ કર્તા પણ અસ્તિત્વમાં હોવો જોઈએ. પણ માયાનગરનો કર્તા કોણ ? મન. મનનો માન્યો સંસાર છે. મનમાંથી જ જગત સ્ફુરે છે અને મનમાં જ જગતનો લય પણ થાય છે. તેથી એવી જે માનસિક ભ્રમણા-ઈન્દ્રજાળ છે તે જો જતી રહે તો જગત પણ નથી અને જગતનો કર્તા પણ નથી. જગતનું અસ્તિત્વ વાસ્તવિક રીતે નથી જ, છતાં છે એમ માનીએ તો તેવા ભ્રામક જગતનો કર્તા એ પરમાત્મા છે એમ માનવું પડે. પણ એ સ્થિતિ વાસ્તવિક નથી. જગત સાપેક્ષ છે, પરમાત્મા નિરપેક્ષ છે. જગત પણ નથી અને જગતનો કર્તા, હર્તા, ભર્તા પણ નથી. એ ઉકેલ છે. પણ એ ઉકેલ બુદ્ધિગમ્ય નથી લાગતો.

બીજી દૃષ્ટિએ વિચાર કરીએ તો સ્વપ્નાવસ્થામાં સ્વપ્નદ્રષ્ટાને એક નગર જણાયું. તે નગરમાં પ્રજાજન વગેરે સર્વસંભાર જણાયો અને તેનો પોતે રાજા જણાયો. રાજપાટનો બધો કારભાર અધિકારીઓને પોતે આપેલી સત્તા અને  આપેલા અધિકાર વડે થતો જણાયો. સ્વપ્ન ઊડી ગયું અને જાગ્રત થયો. અને તેની સાથે જ એ નગર, પ્રજાજન, અધિકારી, કારભાર વગેરે બધું જ મૃગજળ જેવું મિથ્યા જણાયું અને પોતે તો હતો તેવો જ બિછાનામાં પડેલો જણાયો. કહો એનો કર્તા કોણ ? સ્વપ્નનો અનુભવ કરનાર કોણ ? અને ખરું શું ? સ્વપ્ન એટલે મિથ્યા અને તેથી એ બધું જ મિથ્યા છે અને તેનો કર્તા પણ મિથ્યા છે. અને તેથી જ્યારે આપણે નથી એવા જગતને માનીએ ત્યારે આપણે તેના કિરતારને માનવાની જરૂર પડે. એ સ્વપ્નમાં જે રાજા હતો તે સ્વપ્ન ઊડી જતાં મટી ગયો, તેમ ભ્રમણામય એ જગતનો જે કિરતાર હતો તે ભ્રમણા ટળી જતાં જેમ ટળી જાય છે તેમ જગતના માનવીઓ જે પરમતત્ત્વને જગતનો કિરતાર માને છે તે મિથ્યા છે. હા એ માયાનો પસારો છે. અને માયા પરમતત્ત્વની

શક્તિ વડે શક્તિશાળી હોવાથી માયાધીશ છે. અને તે રીતે એ જે જગત નથી તેનો કિરતાર છે એમ કહી શકાય. ''બ્રહ્મ સત્ય છે જગત મિથ્યા છે'' એવું એક શ્રુતિવાક્ય છે. ''सर्वं खल्विदं ब्रह्म'' એ શ્રુતિવાક્યના આધારે શ્રી શંકરાચાર્યે પોતાના અદ્વૈતવાદનું પ્રતિપાદન કર્યું છે. અને એટલે જ આપણે જગતને મિથ્યા માનીએ તો જગતનો કર્તા નથી. માયાવાદની દષ્ટિએ જગતનું અસ્તિત્વ સ્વીકારીએ તો જગતના કર્તા તરીકે આપણે માયાને સ્વીકારવી પડે. અને એ માયાનો પતિ પરમેશ્વર જગત વિના જ જગતનો કર્તા કહી શકાય. શ્રી અવધૂતે ક્યાંક આ જ ભાવનું

**"બિના ખિલકત બના ખાલિક"**

એવું કહ્યું છે.

માણસ મંદ અંધકારમાં એક દોરડી જુએ છે. એમાં એને સર્પની ભ્રાંતિ થાય છે. જ્યારે ભ્રાંતિ નથી હોતી ત્યારે પણ ત્યાં રજ્જુ જ હોય છે, ભ્રાંતિ ઊડી જાય છે ત્યારે પણ ત્યાં રજ્જુ જ હોય છે, અને ભ્રાંતિકાળમાં પણ સર્પ દેખાવા છતાં તે ત્યાં હોતો નથી. જે કાંઈ હોય છે તે દોરડી જ હોય છે. તેવી જ રીતે અજ્ઞાન દશામાં જગત ભાસે છે ત્યારે પણ પરમાત્મા જ હોય છે. જ્ઞાનદશામાં જગતનું મિથ્યાત્વ સમજાય છે ત્યારે પણ જે છે તે પરમાત્મા જ છે. એટલે કે જગતના એ જ્ઞાન, અજ્ઞાન-બન્ને કાળમાં કે ભાન-અભાન અવસ્થામાં તાત્ત્વિક રીતે જગત તે રૂપે હોતું જ નથી. પણ ભાસે છે. તે-એ ભાસનું અધિષ્ઠાન-પરમાત્મા જ હોય છે. એટલે શ્રી અવધૂતે કહ્યું છે કે બિનજગ એટલે જે જગ ત્રણે કાળમાં વાસ્તવિકરૂપે નથી જ, તે જગનો પણ કર્તા-અધિષ્ઠાન એ પરમાત્મા જ છે. અને તેથી જ

**બિન જગ જગ કિરતાર**

એવું શ્રી અવધૂતે કહ્યું છે.

**"દેખે સો તો કહન ન પાવે, કહે ન દેખ્યા સાર"**
**"સબકે અંદર સબસે ન્યારા, રંગ અરૂપ અધાર !!"**

આટલું કહ્યા પછી 'એ અનિર્વચનીય તત્ત્વનું વર્ણન થઈ શકતું નથી', એ શાસ્ત્રના સિદ્ધાંતનું અહીં પ્રતિપાદન કર્યું છે. જે જુએ છે એટલે એ પરમતત્ત્વનો તાત્ત્વિક દષ્ટિએ જે અનુભવ કરે છે તે પોતાના અનુભવનું વર્ણન કરી શકતો નથી. જેમ મૂંગો મનુષ્ય મિષ્ટાનનું ભોજન કરે છે પણ પોતાની તૃપ્તિનું વર્ણન કરી શકતો નથી, પણ કેવળ તૃપ્તિના ઓડકાર ખાઈને જ પોતાની તૃપ્તિનો ખ્યાલ આપે છે તેમ એ આત્માને જાણનાર પણ આત્માનું વર્ણન કરી શકતો નથી. જે કોઈ કહે છે તેણે એ જોયું નથી એ પણ સિદ્ધ છે. જે કહે છે તે કેવળ વેદિયા જ્ઞાન પ્રાપ્ત કરીને કેવળ વાણીવિલાસ જ કરે છે. અને તેથી એવા આત્માનુભવ વિનાના એ વર્ણનનો પ્રભાવ પણ પડતો નથી. હા, એવું વર્ણન કદાચ ભોમિયા તરીકે વિચાર કરવાની દિશામાં ઉપયોગી થાય. પણ તેથી આત્માનું સાચું

જ્ઞાન એટલે આત્મસાક્ષાત્કાર થવાનો સંભવ નથી.

એ પરમતત્ત્વ સર્વવ્યાપક હોવાથી સર્વમાં રહેલું છે. અને છતાંય એ સર્વથી વિલક્ષણ છે. જડમાં છે, ચેતનમાં છે અને સર્જન માત્રમાં છે પણ એ સર્જન માત્રથી વિલક્ષણ છે. સર્વમાં હોવા છતાં સર્વથી અલિપ્ત છે. એનું કાંઈ પણ રૂપ નથી. એને કોઈનો આધાર નથી છતાંય એ સર્વનો આધાર છે. એ રૂપરૂપમાં રહેલો છે પણ એનું શુદ્ધ સ્વરૂપ અરૂપ – કોઈ પણ રૂપથી પરિછિન્ન નહીં - છે અને તેથી તે પ્રત્યેક રૂપથી પણ વિલક્ષણ છે.

બાહ્ય દૃષ્ટિએ ગોચર થતું જગત તત્ત્વદૃષ્ટિએ મિથ્યા છે. અને તત્ત્વદૃષ્ટિએ જોતાં જગત કેવળ કલ્પના છે એવો વેદો અને ઉપનિષદોનો નિચોડ છે.

વેદ, ઉપનિષદ, ગીતા આદિ આત્મતત્ત્વનું જ્ઞાન આપનારા ગ્રંથોમાં ભંડારેલા આત્મતત્ત્વના અગમ્ય જ્ઞાનનો આ ગીતમાં સંકેતથી ઉકેલ કર્યો છે. તત્ત્વજ્ઞાન સમજવું મુશ્કેલ છે. પણ જે તત્ત્વને પામેલો છે તે જ્યારે તેનો ઉકેલ કરે છે ત્યારે, જેમ દર્પણમાં મુખ જોઈ શકાય છે તેમ, એ આત્મજ્ઞાનનો પણ અનુભવ કરી શકાય છે. અસ્તુ.

(૭૨)

(ગઝલની રાહમાં ગવાશે)

તોડી દીવાલો મહેલની, બેઠા જઈ મેદાનમાં
ઉપર કડાકે આભતૂટું, તેથી તમારૂં શું ગયું?-ટેક.

ફાડી દુશાલા ભરજરી, શતખંડ કંથા શિર ધરી
ઊભા દિગંબર ચોકમાં, તેથી તમારૂં શું ગયું?-તોડી. (૧)

દિનરાત મિજલસમાં ગઈ, મિષ્ટાન્ન સેવ્યાં પ્રીતથી
ભૂખે કડાકા જો કીધા, તેથી તમારૂં શું ગયું?-તોડી. (૨)

પીયૂષ પીધું સ્વપ્નમાં, વારિ મળ્યું ના જાગરે
કાતીલ હલાહલ ગટગટાવ્યું, તેથી તમારૂં શું ગયું?-તોડી. (૩)

કસ્તૂરી છોડી કર્દમે, રંગી તનુ ઉમંગથી
ધૂળી ઉડાડી મોજથી, તેથી તમારૂં શું ગયું?-તોડી. (૪)

અક્કલ ગઈ અસ્માનમાં, યારો! સતાવો કાં મુને?
પાગલ ભલે પાગલ રહ્યો, તેથી તમારૂં શું ગયું?-તોડી. (૫)

જે કર્યું તે ભોગવ્યું, જો શેષ ભોગવવું રહ્યું
નિઃશેષ સંચિત ક્ષય થયું, તેથી તમારૂં શું ગયું?-તોડી. (૬)

જો હું કરૂં હું ભોગવું, ના મેં કર્યું મેં ભોગવ્યું
બસ રંગ કોનું શું ગયું? જેનું જઈ તેને મળ્યું!!-તોડી. (૭)

---

અનુભવસિદ્ધ સંતવાણી કેટલી ઓજસ્વી હોય છે તેનું આ ગીત એક પ્રતીક છે. અપરિચ્છિન્ન છે છતાંય જગતની દૃષ્ટિએ તે પરિચ્છિન્ન જણાય છે. એ અપરિચ્છિન્ન આત્માને પરિચ્છિન્ન અવસ્થામાંથી સહજ અવસ્થામાં લઈ જવાના બોધરૂપે આ ગીત એક રૂપક સમું છે. એ અપરિચ્છિન્ન અવસ્થાનો અનુભવ કર્યા પછી, શ્રી અવધૂતે આ ગીત ગાયું છે. અને તેમાંથી જ આત્મોપલબ્ધિના આનંદ આગળ જગતની પરિચ્છિન્ન જંજીરો ખરેખર તુચ્છ છે એ ભાવ તરી આવે છે.

શ્રી અવધૂત પૂછે છે :

**'તેથી તમારૂં શું ગયું ?'**

એકને બીજાના વર્તનમાં વગર સમજે માથું મારવાનો કશો અધિકાર ખરો? પણ છતાંય જગતના ડાહ્યાઓ હમેશાં પોતાના પગતળે બળતું હોય તે બુઝાવવાને બદલે બીજાના પગ તળેનું બળતું હોય તેની જ પંચાત કરે છે. અને તેથી જ શ્રી અવધૂત પૂછે છે :

**"તમારૂં શું ગયું ?"**



શ્રી અવધૂતે એ જ ગીતમાં આગળ કહ્યું છે :

"પાગલ ભલે પાગલ રહ્યો,"

અને આ ગીત દ્વારા શ્રી અવધૂત આપણને જે જે પરિસ્થિતિનો ખ્યાલ આપે છે તે બધાંય ચિન્હો પાગલનાં ચિન્હો જેવાં છે. વસ્તુતઃ ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એ ત્રિપુટીમાંથી ધ્યાતા અને ધ્યાનનો નિષેધ કરીને જે કેવળ ધ્યેયમાં જ સમાઈ જાય છે તેને માટે જાગતિક પ્રપંચમાં જણાતી મર્યાદાઓનું અસ્તિત્વ રહેતું નથી. અને તે આનંદમગ્ન અવસ્થામાં કેવળ ધ્યેયસ્વરૂપ જ બની જવાથી ધ્યાતાના અને ધ્યાનના કોઈ પણ પ્રતિબંધો એની ધ્યેયસ્વરૂપાવસ્થામાં અંતરાયરૂપ થઈ શકતા નથી. એ જ વાતનું સમર્થન શ્રી અવધૂતે આ ગીતમાં કર્યું છે. જે ધ્યેય અવસ્થામાં તદાકાર બન્યા નથી, એટલું જ નહીં પણ ધ્યાતા અને ધ્યાનના 'અહં'થી આવૃત્ત છે તેને શ્રી અવધૂત "તમારું શું ગયું?" એ પ્રશ્ન પૂછે છે. અને એ રીતે જ આપણે એ સમગ્ર ગીતનો વિચાર કરીએ.

પાગલના બે પ્રકાર. 'માયાવિમૂઢ જીવ' અને 'માયાવિમુક્ત આત્મા.' માયાજનિત મોહના કારણે તામસગુણપ્રધાન પ્રકૃતિની આસુરી સંપત્તિમાં તરબોળ બનેલાનો એક પ્રકાર. પરમાત્માથી વિમુખ રહી સદા અસાર સંસારના ક્ષણિક સુખવૈભવ પાછળ જ લોહીનું પાણી કરીને તેમાં, દુઃખમાં પરિણામ પામનારા પરિવર્તનશીલ સુખમાં, લોલુપ બનીને જીવન ગાળે છે. એ છે મોહજનિત ઉન્માદઅવસ્થા. તેમાં માયાવિમૂઢ જીવ નખશિખાંત ડૂબેલો છે અને તેથી તે પાગલ છે. બીજા પ્રકારનો આત્મા જીવભાવથી વિમુક્ત બની બ્રહ્મભાવમાં સદા તરબોળ રહે છે. અને તે કેવળ ધ્યેયમાં જ આનંદમગ્ન હોવાથી ક્ષણભંગુર જગત અને તેના જાગતિક પ્રપંચોથી વિમુખ છે. દૈવીસંપત્તિસંપન્ન સત્ત્વગુણપ્રધાન એ વર્ગમાં માયાના મૃગજળ જેવા વૈભવવિલાસો પ્રત્યે રજ માત્ર પણ રતિ રહેતી નથી અને તે સદાસર્વદા જગતથી પર રહે છે. અને તેથી જાગતિક પ્રપંચની સમવિષમતાઓ તેના મનને જરાય અસર કરતી નથી. જગતમાં રહેવા છતાંય, શરીરધારી હોવા છતાંય, તે જગતથી પર છે, શરીરથી પર છે અને એ જ કારણે તે શરીરની ઉપેક્ષા કરતો જણાય છે. એ છે તેની અમન અવસ્થા. માયાવિમૂઢ જીવ એવા બ્રહ્મભાવરત આત્માને જોઈને તેનો ઉપહાસ, અવગણના કરે છે. તે પાગલ છે. તેની ચેષ્ટાઓનું અહીં શ્રી અવધૂતે અંશતઃ દર્શન કરાવ્યું છે. પણ એવા પાગલ જગતમાં કેટલા? ધ્યેયમાં સ્થિત પાગલ તો કોક જ વિરલ હોય પણ માયાવિમૂઢ જીવભાવવાળા પાગલ તો અસંખ્ય! અને માયાવિમૂઢ પાગલ જ્યારે ધ્યેયસ્થ પાગલની ચેષ્ટા કરવા નીકળે ત્યારે તેને શું એ ચેષ્ટા કરવાનો અધિકાર છે? પણ જગત એટલે જ પારકાઓની પંચાત કરનારાઓનું સંગ્રહસ્થાન! જગતમાં પારકાઓની પંચાત કરનારાઓનો તોટો નથી. પણ બીજાને ઓળખ્યા વિના તેની પંચાત કરવા નીકળવું એ કેવળ મૂઢતા છે. અસ્તુ.

ધ્યેયસ્થની પ્રથમ ચેષ્ટા તો તેની 'અનિકેત' અવસ્થા છે. એવા બ્રહ્મભાવાભિમુખ આત્મા મહેલાતોમાં ટકતો નથી. મહેલાતોનો તેને મોહ નથી. વિશ્વસમસ્ત, અમર્યાદ આકાશ અને અફાટ પૃથ્વી જ તેનું ઘર છે. તેને રહેવા માટે પરિમિત મહેલાતો નાનકડી જણાય છે. તેની આધ્યાત્મિક વ્યાપકતા, તેને ખાબોચિયા જેવા મંદિરમાં સમાવી શકતી નથી. તેને મન ઈંટ, ચૂનો અને માટીનું બાંધેલું મકાન એક કારાગ્રહ જેવું છે. એ મુક્ત છે. જે બદ્ધ હોય તે પરિમિતમાં વાસ કરી શકે ? અપરિમિતમાં પરિમિતનો સમાવેશ થાય છે પણ અપરિમિતનો પરિમિતમાં સમાવેશ થતો નથી, એટલે મકાન કે મહેલાતો એને ગુંગળાવી નાખે છે. જેમ અરણ્યના સમ્રાટ સમો સિંહ અરણ્યમાં કોઈ પણ પ્રકારનાં બંધનો વિના સ્વતંત્ર રહે છે તેમ એ પણ કોઈ પણ પ્રકારનાં બંધનો વિના સ્વતંત્ર રહે છે. મુક્તાવસ્થામાં જ એને આનંદ છે. તેનું એ સ્વૈરવર્તન જગતને રુચતું નથી. એવા ધ્યેયસ્થને જગત પોતાના પરિમિત ગજથી માપવાનો પ્રયત્ન કરે છે, પોતાની મર્યાદિત દૃષ્ટિથી જોવાનો પ્રયત્ન કરે છે અને તેથી પોતાના વર્તનથી જુદી જ ભાત પાડતું વર્તન જોઈને સ્વાભાવિક પ્રશ્ન થાય છે. ''એમ કેમ?'' શ્રી અવધૂત અહીં એ પ્રશ્નનો ઉત્તર આપે છે :

**''તોડી દીવાલો મહેલની, બેઠા જઈ મેદાનમાં''**

મહેલાત એટલે ચાર દીવાલો વચ્ચેનું મઠાકાશ. આકાશને મઠનીયે એક ઉપાધિ છે. એ ઉપાધિનો નિષેધ એ મઠની દીવાલો તોડી નાંખવાથી થાય છે. અને જ્યારે દીવાલો તોડીફોડીને એ મઠને કાઢી નાખીએ ત્યારે ત્યાં કેવળ આકાશ જ રહે છે. એ મઠ પણ આકાશથી જ આવૃત્ત છે. અને દીવાલરૂપ ઉપાધિનો જ્યારે નિષેધ થાય છે ત્યારે આકાશમાં આકાશ મળીને મહદાકાશ બની જાય છે. એ હેતુએ શ્રી અવધૂત કહે છે 'મહેલાતોની ઉપાધિનો નિષેધ કરીને હમે અમર્યાદ આકાશના મેદાનમાં જઈને બેઠા તેમાં કોઈનું શું બને છે કે બગડે છે?' મર્યાદા જગત માટે છે. વસ્તુતઃ મર્યાદા જેવું કશું જ નથી. આપણે દૂર દૂર દૃષ્ટિ લંબાવીએ અને જ્યાં આકાશ અને પૃથ્વી જાણે મળતાં હોય એવું આપણને જણાય તેટલી જ જગતની મર્યાદા એમ આપણે કહીએ છીએ પણ ખરી રીતે એ જગતની મર્યાદા નથી. એ મર્યાદા દૃષ્ટિની છે. દેડકાને કૂવો એ જ તેનું જગત છે. જગતની દૃષ્ટિ સંકુચિત છે, પરમાત્મસ્થિતની દૃષ્ટિ અમર્યાદ છે, વિશાળ છે, અને તેથી તેની દૃષ્ટિમર્યાદા કિંવા ક્ષિતિજ પણ અમર્યાદ છે, વિશાળ છે. અમર્યાદ અવધૂતને-તેના પંચભૌતિક શરીરમાં રહેલા શરીરિને-વિશ્વસમસ્ત પોતાનું ઘર છે. અને વિશ્વની પર પણ જે કાંઈ છે તે સર્વ પોતાનું ઘર છે એમ કહેવું પણ વાસ્તવિક નથી. જ્યાં ઘર છે ત્યાં મર્યાદા છે અને મર્યાદિત છે તે વિનાશનો વિષય છે. જે આત્મા અમર્યાદ આકાશમાં સ્થિત છે તે અવિનાશી છે. અમર્યાદ છે તેને માપવાને જગત પાસે કોઈ






ગજ નથી. જગતનો ગજ તેનાં માપ કાઢવાને ખરેખર ટૂંકો છે. મર્યાદિત છે. એ અમર્યાદ વિશ્વને પોતાનું ઘર બનાવીને 'वसुधैव कुटुंबकम्' ની ભાવનાને પ્રત્યક્ષ કરનાર એ અવધૂતે ઉપર આભ અને નીચે ધરતી એ બંનેની વચ્ચે વિશાળ મેદાનમાં પોતાનો નિવાસ કર્યો છે. આ છે અનિકેતની સનિકેતન અવસ્થા.

મર્યાદા એ ભયનું દ્યોતક છે, જેને ભય છે તે જ બીજાથી અભય બનવા માટે મર્યાદાને શોધે છે. ધ્યેયસ્થ અવધૂત અભય છે. અને તેથી વિશ્વનું કોઈ પણ તત્ત્વ, કોઈ પણ પ્રાણી કે કોઈ પણ પદાર્થ એને ભય ઉપજાવી શકતાં નથી. દ્વૈતનો અભાવ એ જ અભય. સર્વવ્યાપક પરમાત્મામાં, માતાને ખોળે નિર્ભયપણે ગાઢ સુષુપ્તિનો અનુભવ કરતા બાળક પેરે, જેણે પોતાને સમાવી દીધો છે તેને ભયના નિવારણ અર્થે મર્યાદાની આવશ્યકતા નથી.

શ્રી અવધૂત કહે છે.

**"ઉપર કડાકે આભ તૂટું, તેથી તમારું શું ગયું ?"**

એ અનિકેત અવધૂતના વિશ્વમહાલયનું આચ્છાદન શું ? આકાશ. એ આકાશ તો નિર્લેપ છે. એ અવિનાશી છે, અખંડ છે. એ આકાશમાં મર્યાદિત ખંડો પાડવાથી એનું અખંડત્વ ખંડિત થતું નથી. અને તેથી જ અહીં શ્રી અવધૂતે 'આકાશ' શબ્દનો પ્રયોગ કર્યો નથી. પણ 'આભ' શબ્દનો પ્રયોગ કર્યો છે. 'આભ' આકાશમાં હોવા છતાં તે આકાશ નથી. આકાશ તૂટતું નથી. આકાશ કડાકા કરતું નથી. એ આકાશમાં જે કડાકા થાય છે, જે ખંડ થાય છે તે બધો જ પ્રપંચ 'આભ'નો છે. આકાશ એ બધાય 'આભ'ના પ્રપંચોથી નિર્લેપ છે અને તેથી એ કડાકાભડાકા આકાશને ચળાવી શકતા નથી. અને અવધૂત પણ આકાશ જેટલો જ નિશ્ચળ અને અડગ છે. અને તેથી આકાશમાં વાસ કરનાર ધ્યેયસ્થ અવધૂતે કહ્યું, 'ભલેને આભ તૂટી પડે, ભલેને વીજળીના ચમકાર થાય, વીજળીના કડાકા થાય, ગગનભેદી ગર્જના કરીને ભલેને એ આભ મૂશળધાર વૃષ્ટિ કરે, ભલેને સંસારમંડાણને પણ હચમચાવી મૂકે એવા પ્રચંડ ધ્વનિ થાય, ભલેને ચારે બાજુથી પ્રચંડ ઝંઝાવાત થાય, પ્રલયનાં પૂર આવે અને અમે મેદાનમાં ઘરની દીવાલો તોડીફોડીને એવી અરક્ષણ સ્થિતિમાં બેઠા હોઈએ પણ તેથી તમારે શું?" મૂશળધાર વૃષ્ટિ એને ચળાવી શકતી નથી. પ્રખર તાપ તેને તપાવી શકતો નથી. શિયાળાની કકડતી ટાઢના હિમકણમિશ્ર શીતળ વાયરા એને શોષી શકતા નથી. જો આત્માને પ્રકૃતિ ચલિત કરી શકે તો આત્મસ્થ અવધૂતને પ્રકૃતિનાં એ અડપલાં ચલિત કરી શકે! પણ પ્રકૃતિ તો આત્માની શક્તિ વડે શક્તિશાળી છે. બાળક પિતાના પેટ પર નાચે કૂદે તેથી પિતાને કશું લાગતું નથી. અથવા તરંગ સમુદ્રના પેટ પર જાણે કૂદતા હોય એવું જણાય તેથી સમુદ્ર જેમ ક્ષોભ પામતો નથી. તેમ, પ્રકૃતિની

એ ક્રીડાથી ધ્યેયસ્થ અવધૂત ચલિત થતો નથી અને થશે પણ નહીં. માનીએ કે એ પ્રકૃતિની વિનાશક કેલિ એકી વખતે થાય અને એ મેદાનમાં જઈને બેઠેલા અવધૂતના પાર્થિવ શરીરને છિન્નભિન્ન કરી નાંખે તેથી બીજાને શું ? એ સશરીરે ત્યાં બેઠો હોવા છતાં શરીરથી પર છે. મહેલાતો તો એના પગ આગળ પાણી ભરતી હોય છે, પણ એને એના તરફ દૃષ્ટિ સરખી નાખવાની ફુરસદ નથી. એમને તોડીફોડી બધી જ વેંતિયા પરિચ્છિન્નતા પરથી એક જ આધ્યાત્મિક છલાંગ મારી અમર્યાદ મેદાનમાં આવી બેસવાની એને લહેર આવી છે. એ લહેર કુવ્વવી દેડકાંઓ શું સમજી શકે? અને તેથી જ શ્રી અવધૂત કહે છે 'ભલા ભાઈ, પરાઈ પંચાત કરવા તમે શા સારુ નીકળ્યા છો? તમે તમારું સંભાળો. અમારી કાળજી કરવાની તમને કશી જ જરૂર નથી.' એ અવધૂત જગતના માર્ગમાં આડે આવતો નથી. તમારે એના માર્ગમાં આવવાની શી જરૂર? પણ જગતને જેટલી પોતાની પડી નથી તેટલી પરાયાની પડી છે. અને એ જ છે જગત. જગત કુતૂહલ વૃત્તિથી પરિપૂર્ણ છે. એવા આકાશને છાંયડે પડેલા એકાદ અવધૂતને જુએ ત્યારે એની એ કુતૂહલ વૃત્તિ જાગ્રત થાય એ સ્વાભાવિક છે.

આ તો આપણે લૌકિક દૃષ્ટિએ વિચાર કર્યો. હવે થોડો પારમાર્થિક દૃષ્ટિએ વિચાર કરીએ. જેનું ચિત્ત નિરુદ્ધ છે, કોરા કાગળ જેવું અથવા ધોયેલા વસ્ત્ર જેવું સ્વચ્છ છે તે નિરુદ્ધ ચિત્તમાં આત્મજ્યોતનો દીપક પ્રગટે છે. એ દીપકની જ્યોત પવન વિનાના સ્થળમાં એકધારી સળગતી જ્યોત પેરે પ્રગટે છે. અને તે જ જ્યોતનો પ્રકાશ દેહલીદીપક ન્યાયે અંતરને પણ ઉજાળે છે અને પ્રકૃતિને પણ પ્રકાશ આપે છે. એ એકધારો પ્રકાશ જેણે પ્રાપ્ત કર્યો છે, જેને શરીરની અહંતા નથી, જગતની મમતા નથી, તેને શરીર ક્યાં પડ્યું છે તેની સ્પૃહા નથી. તે શરીર શી ચેષ્ટા કરે છે તે જાણવાની તેને વૃત્તિ નથી અને તેથી તેને મહેલાતોનો મોહ નથી. એને અનિકેત અવસ્થાથી દુઃખ નથી. એની એ નિસ્પંદ અવસ્થામાં પ્રકૃતિનું કોઈ પણ કાર્ય સ્પંદન સરજાવી શકતું નથી. સાગરમાં કાંકરો નાખીએ તો ક્ષણિક લહરી ઉત્પન્ન થાય પણ બીજી જ ક્ષણે એ પથ્થર અને એ લહરી એ સ્થિર ગંભીર સાગરના અંતરમાં સમાઈ જાય, તેમ પ્રકૃતિના એ ઉત્પાતો અવધૂતના અમર્યાદ આત્મસાગરમાં સુખદુઃખાદિ કોઈ પણ જાતનો વિકાર ઉત્પન્ન કરવાને શક્તિમાન નથી. દીવાલો એ તો મર્યાદા છે. મર્યાદા સંસારની છે, એ માયાને આધીન જીવને બંધનમાં રાખે છે. જીવ જ્યારે માયાની એ કલ્પિત દીવાલો જેવા બંધનથી મુક્ત બની જાય છે ત્યારે તે પરમતત્ત્વ પેરે અમર્યાદ બની જાય છે. જેનો અંત પણ નથી અને જે સત્ સ્વરૂપે સદાસર્વદા એક જ સરખો વ્યાપક છે તેને બાંધવાને કોણ શક્તિમાન છે? આકાશ બંધનમુકત છે, વાયુ બંધનમુકત છે અને






તેને બાંધવાને કોઈ શક્તિમાન નથી. તેમ જેણે માયા-પ્રકૃતિ-અવિદ્યાના બંધનોમાંથી મુક્તિ મેળવી છે તે પરમતત્ત્વ જેવો અમર્યાદ બની રહે છે એટલે તેને દીવાલનાં બંધન નડતાં નથી. મહેલાતો હોય, ઈન્દ્રસદન હોય, છતાંય તેની મર્યાદા છે. અને મહેલાતોની મર્યાદાને છિન્નભિન્ન કરીને જે મુક્ત બને છે તે પરમતત્ત્વ જેટલો જ અમર્યાદ બનીને વ્યાપક સ્વરૂપે વિશ્વવિહાર કરે છે. એટલે શ્રી અવધૂતે આત્મદર્શીની મુક્ત અવસ્થાનો ખ્યાલ આપવાને અહીં આ પંક્તિ ઉચ્ચારી છે. આત્મદર્શી સર્વ પ્રકારના બંધનોથી મુક્ત છે અને તેથી જ

"બેઠા જઈ મેદાનમાં"

કહીને પોતાના અંતિમ અમર્યાદ સ્થાન તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. જે જે બંધનરહિત છે તેને જ એ શબ્દો ઉચ્ચારવાનો અધિકાર છે.

આપણે જ્યારે જગત તરફ નજર નાખીએ છીએ ત્યારે મહેલાતોમાં રહેનારાના કરતાં આકાશના આચ્છાદન નીચે રહેનારાઓની સંખ્યાનું પ્રમાણ વધુ નજરે પડે છે. જગત તેના તરફ કુતૂહલ દ્દષ્ટિએ કેમ જોતું નથી? ઉત્તર સરળ છે. જગત સ્વાર્થી છે. બીજાના દુઃખ દૂર કરવાની સ્વાર્થાંધ જગતને કાળજી નથી. શ્રી અવધૂતભાખ્યા ધ્યેયસ્થની અને બીજાઓની અવસ્થામાં આકાશપાતાળનો ભેદ છે. એક નિષ્કામ અને નિરીહ છે. સાધન હોવા છતાંય તેને તુચ્છકારવાની તેની વૃત્તિ છે. બીજો સકામ છે, ઈચ્છાવાન છે છતાંય સાધનના અભાવે આકાશને આશ્રયે જીવન વિતાવે છે. એક છે જગતનો દાસ, બીજો છે જગતનો બાદશાહ. એક છે અભેદ વૃત્તિમાં સ્થિત, બીજો છે ભેદવૃત્તિયુક્ત. એક છે અહંતા અને મમતા શૂન્ય, બીજો છે અહંતા અને મમતાયુક્ત. એકને ભાવ કે અભાવનો ક્લેશ પણ નથી અને પ્રાપ્તિની ઈચ્છા પણ નથી. બીજાને અભાવનો અંતરક્લેશ છે અને પ્રાપ્તિની કામના છે. એ ઉભય વર્ગમાં આમ ભેદ હોવાથી જગતથી જે પર છે તેના ઉપર સ્વાભાવિક રીતે જ જગતની દ્દષ્ટિ ઠરે છે. અને તેથી એવો જગતથી પર જે કાંઈ કરે છે તેના તરફ જગત કુતૂહલની ચિકિત્સક બુદ્ધિથી જુએ છે, જ્યારે બીજો જે કાંઈ કરે છે તેના તરફ ઘૃણા, તિરસ્કાર કિંવા દયાની દ્દષ્ટિથી જગત નજર નાખે છે. અને તેથી જ શ્રી અવધૂત પૂછે છે : "મર્યાદાને છિન્નભિન્ન કરીને અમે અમર્યાદમાં વાસ કરીએ તેમાં તમારું શું ગયું? આકાશ નીચે પડ્યા રહીએ અને પ્રકૃતિના તાંડવનો ભોગ બનીએ તેમાં પણ તમારું શું ગયું?" રૈક્વ જેવો બ્રહ્મનિષ્ઠ, જેના ચરણોમાં રાજા મહારાજાઓના અમોલ મુકુટ ઢળતા તે પણ ઉપર આભ અને નીચે ધરતી જેવા આવાસમાં દીવાલોનાં બંધન વિના જ જીવન વ્યતીત કરતો હતો. ઉપનિષદની એ ગાથાનું અહીં સ્મરણ થાય છે. તેને કશાયનો અભાવ નહોતો. ચૌદ બ્રહ્માંડની સમૃદ્ધિ તેની દાસી બનીને રહે એટલી તેની શક્તિ હતી અને એટલું તેનું સામર્થ્ય હતું, છતાંય તે એ બધાથી પર હતો. શ્રી

અવધૂતભાખ્યો આ મહાત્મા પણ એવો જ કોક હોય તો નવાઈ નથી. અસ્તુ.

અનિકેત અવસ્થામાં આનંદ માણનારા એ અવધૂતની બીજી ચેષ્ટા હેરત પમાડે એવી છે. હાસ્યોત્પાદક પણ છે. કોકે પૂછ્યું : ''આમ કેમ?'' જરિયાન શાલદુશાલાની ચીથર ચીથર કરી એ તો ઠીક પણ સો સો ટુકડાની થાગડથીંગડ કરેલી કંથા અંગે ઓઢવાને બદલે માથે ધરી! અને ઊભા છો ખુલ્લા મેદાનમાં, માએ જણ્યા તેવા નાગા અને ઉઘાડા! શ્રી અવધૂતે કહ્યું ''તેમાં તમારે શું ?''

**''ફાડી દુશાલા ભરજરી, શતખંડ કંથા શિર ધરી;''**
**ઊભા દિગંબર ચોકમાં, તેથી તમારૂં શું ગયું ?''**

આ પંક્તિમાં ખરેખર શબ્દેશબ્દની રમત છે. એકેય શબ્દ વધારાનો નથી, નકામો નથી અને અર્થગાંભીર્યપૂર્ણ છે. વસ્ત્રો શરીરને ઢાંકે છે તેથી તે શરીરની ઉપાધિ છે. શરીરની ઉપાધિ વસ્ત્રો નથી. બાળક જ્યારે જન્મે છે ત્યારે ક્યાં વસ્ત્રો પહેરીને જન્મે છે? અને બાળકની એ સહજ અવસ્થાને વિકૃત કોણ કરે છે? માતા. બાળકને વસ્ત્રાભૂષણ પરિધાન કરાવીને તેનો આનંદ કોણ માણે છે? માતા. બાળકને નગ્નાવસ્થાનો હર્ષ પણ નથી અને વિષાદ પણ નથી. વસ્ત્ર પહેર્યાનો પણ તેને હર્ષ શોક નથી. માતાને આનંદિત જોઈને બાળક પણ આનંદિત જેવો જણાય છે. પણ બાળકની સહજ અવસ્થામાં એ વિકાર વિક્ષેપકારક બનતો નથી. અહીં પણ શ્રી અવધૂતે એવો જ ભાવ સમજાવવા માટે આ પંક્તિઓ કહી છે.

સત્-ચિત્-અને આનંદ એ આત્માની અથવા બ્રહ્મની સહજ અવસ્થા છે. જીવ બ્રહ્મનો અંશ છે એટલે તેની પણ એ જ નિર્વિકાર સહજ અવસ્થા છે. એ સહજ અવસ્થામાં જે જે આવરણ અથવા વિકારો અધ્યસ્ત છે તેનો નિષેધ થતાં જ જીવ પોતાની સહજ અવસ્થામાં સ્થિર રહે છે. વસ્ત્રો જેમ શરીરની ઉપાધિ છે, તેમ વિકાર અથવા આવરણ એ જીવની ઉપાધિ છે. વસ્ત્રો જેમ શરીર ઉપર આગંતુક છે તેમ વિકારો કિંવા ઉપાધિ પણ આત્મા ઉપર આવરણ અથવા આત્માની ઉપાધિ છે. વસ્ત્ર કાઢી નાખવાથી જેમ શરીરનું સહજ સ્વરૂપ-નગ્ન અવસ્થાનું દર્શન થાય છે તેમ જે ઉપાધિ કિંવા આવરણ વડે આત્માને જીવભાવ ઉપલબ્ધ થયો છે તે કાઢી નાખવાથી, તેનો નિષેધ કરવાથી આત્માના સહજ સ્વરૂપનું દર્શન થાય છે. શ્રી અવધૂતભાખ્યો આ ગીતના વિષયરૂપ અવધૂત આત્માની સહજ અવસ્થામાં સ્થિત હોવાથી તેને આવરણની આવશ્યકતા હોવાનો સંભવ નથી. અને તેથી જ શ્રી અવધૂતે અહીં આ વાત કહી છે. શબ્દાર્થ તરફ નહીં પણ લક્ષ્યાર્થ તરફ ધ્યાન દેજો.

જેને જનમાં જનની ભ્રાંતિ નથી, જેને વનમાં વનની ભ્રાંતિ નથી, જેને જન અને વન સમાન છે, જેણે પરિચ્છિન્નનો ત્યાગ કરીને અપરિચ્છિન્નમાં વાસ કર્યો છે, જેણે મહેલની દીવાલો એટલે પિરિચ્છિન્નમાં



રહેલા સંગનો નિઃશેષ નિષેધ કર્યો છે અને મેદાનમાં એટલે વ્યાપક વિશ્વમાં વ્યાપકત્વ પ્રાપ્ત કર્યું છે તેને વળી શાલદુશાલાના અભરખા શા? અવધૂત જ્યારે અનિકેત અવસ્થામાં નિર્જન વનમાં વસે છે ત્યારે તેને વસ્ત્રની વરણાગી શી? વસ્ત્રની વરણાગી તો જગતના લોકોને છે. જેને મર્યાદા છે, જેને જગનાં બંધનો છે તેને વસ્ત્રપરિધાનની વિડંબણા વેઠવાની રહે છે. જેને લૌકિક સૌંદર્યનો ખ્યાલ છે, જેનું કેવળ દેહની શોભા તરફ જ લક્ષ છે, તેવાઓ સારાંનરસાં વસ્ત્રના પરિધાનની વરણાગી કરે. અરે, જરા ફાટ્યું હોય, એકાદ થીંગડું હોય, જરા ડાઘ પડ્યા હોય, જરા ગંદુ જણાતું હોય તેવાં વસ્ત્રો અંગે ધરતાં એ જગતના વરણાગિયા લોકોને શરમ આવે ! પણ જેને શિવસ્વરૂપ સૌંદર્યનો ભંડાર પ્રાપ્ત થયો છે, જે સ્વયં શિવ છે, સુંદર છે, તેને એ કૃત્રિમ સૌંદર્યનાં આકર્ષણ નથી. અને તેથી તે વસ્ત્રપરિધાનના વરણાગી નથી. જેની બુદ્ધિમાં ભેદ નથી, અભેદ નથી અને જે બુદ્ધિથી પર, અભેદથી પણ પર આત્મામાં જ વાસ કરે છે, તેને જરિયાન શાલદુશાલા કે શતખંડ કંથા બંને સરખાં જ છે. અને તેથી એવા વસ્ત્રપરિધાનની વરણાગીવાળા વરણાગિયાઓને શ્રી અવધૂત પૂછે છે, ''અમે જરિયાન દુશાલા ફાડી નાંખ્યા અને સો સો કટકા કર્યા, સો સો ટુકડાઓની કંથા પણ મારગમાંથી વીણેલા વસ્ત્રના ટુકડાઓની બનાવી, અંગે ઓઢવાને બદલે શીર પર ધરી તેથી તમારું શું ગયું?'' ''અમે દિગંબર અવસ્થામાં ઉપર આભ અને નીચે ધરતીને આધારે ચોકમાં ઊભા રહ્યા તેમાં તમારું શું ગયું ? અમારું અંગ દિશાઓથી ઢંકાશે, અમે દિશાઓને ઢાંકીશું અને એમ અમે પરસ્પર એકબીજાનું આચ્છાદન બનીને રહીશું. અમે કુદરતને ખોળે નૈસર્ગિક રીતે રહીને આત્માનંદની મસ્તીમાં મોજ માણીશું તેમાં તમારું શું ગયું ?''

અંગ ઢાંકવાનું તો માત્ર સમાજમર્યાદા અર્થે જ હોવું જોઈએ. વસ્ત્રની ટાપટીપ પાછળ સમય વ્યતીત કરનારાઓ વસ્ત્રની વરણાગીમાં વખતનો કેવળ દુરુપયોગ કરે છે ! ફાટ્યું કપડું અંગે ધર્યું તેથી શું હલકા ગણાયા ? શું મનુષ્ય મટી ગયા? પશુઓ ક્યાં વસ્ત્રો પહેરે છે? અને છતાંય તેનો કોણ તિરસ્કાર કરે છે? પશુઓ સહજ જીવન ગાળે છે. જે આત્મા પશુઓ અને ઇતર પ્રાણી માત્રમાં છે તે જ આત્મા માનવમાં પણ છે, એ સત્યને અપરોક્ષ રીતે જીવનમાં ઊતારીએ તો પછી વસ્ત્રની વરણાગી રહેતી નથી. શું સુંદર વસ્ત્રો પહેર્યાથી મહાન ગણાયા? શું સૌંદર્ય-બાહ્ય સૌંદર્ય માનવસ્વભાવની ઉત્તમતા કે અધમતાને માપવાનો માપદંડ છે? ના. સાચું સૌંદર્ય તો માનવના અંતરમાં આત્માસ્વરૂપે સમાયેલું છે. એ સૌંદર્ય જેટલું દેદીપ્યમાન તેટલો માનવી પ્રકાશમય. એ સૌંદર્ય જેટલું મલિન તેટલો જ માનવી મલિન. સાચી મહત્તા તો જે આત્માને વર્યો છે તેને જ વરી છે. મહત્તા-આત્માની મહત્તા-જેને વરી છે તેને તો વસ્ત્રોની કશીય પડી નથી.






એથી વસ્ત્ર વિના જ દિગંબર બનીને જગતમાં ફરવાનો દંભ કરવાનો અવધૂતને મોહ નથી. આત્માના આનંદની એ પરમાવસ્થામાં એણે કાંઈ પહેર્યું છે કે નહીં, કેમ પહેર્યું છે, વગેરે તરફ એનું ધ્યાન રહેતું નથી. જ્યાં નથી દેહભાન, જ્યાં નથી વેશભાન કે જ્યાં નથી દેશભાન તે જ અભાન અવસ્થા. એ આત્માવસ્થા છે. અને જ્યારે એવી અભાન અવસ્થાનો અનુભવ થાય છે, અરે, એવી અભાન અવસ્થાનું પણ જ્યારે ભાન જતું રહે છે ત્યારે કૈવલ્ય અવસ્થામાં રહેતા એ અવધૂતને શરીરના આચ્છાદન માટે રેશમી કંથા ધરી, જરિયાન શાલદુશાલા ધર્યા કે શતખંડ કંથા ધરી તેનું જરાય ભાન રહેતું નથી. જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી એ ભાન અવસ્થા રહે છે. તમે ધારશો, નિશ્ચય કરશો તો પણ તમારા સ્નાનગૃહમાં જ્યાં તમે એકલા જ છો, તમને પ્રત્યક્ષ રીતે જોનાર ત્યાં બીજું કોઈ નથી ત્યાં પણ તમે નગ્ન અવસ્થામાં એક ક્ષણ પણ નિષ્કંપ રહી શકો નહીં. દિગંબર બનીને ચોકમાં ઊભા રહેવું એ ખાવાના ખેલ નથી. એ તો જે ગાઢ તામસના પરિણામે મૂઢ બનીને પાગલ બનેલા છે તેનાથી થાય છે અથવા શુદ્ધ સત્ત્વને પણ પાર કરીને કેવળ બ્રહ્મભાવમાં જ જે સ્થિર છે તેવો જ કોક અવધૂત કરી શકે છે. એ પોતે તો દિગંબરસ્વરૂપ શુદ્ધજ્ઞાનની અવસ્થામાં જ સ્થિત છે પણ તેને દેહભાનમાં આણનારા બીજાઓ તેને શણગાર સજાવે, વસ્ત્રપરિધાન કરાવે, અને તેમ કરીને પોતે સંતોષ માને. શા માટે? પોતાના જ આનંદ માટે. બાળક જ્યારે માતાની ગોદમાં હોય છે ત્યારે તે નગ્ન જ હોય છે. તેની એ નગ્નાવસ્થાનું તેને ભાન પણ નથી હોતું. પણ પોતાની નિર્દોષ મસ્તીમાં જ તે મગ્ન રહે છે. એ બાળક અજ્ઞાન છે અને તેથી એમ કરે છે એમ આપણે કહીએ છીએ. પણ બાળક! બાળક તો પોતાની જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ અમર્યાદ અવસ્થામાં જ અભાનપણે રમણ કરે છે. તેને નાગા કે ઢાંકેલાનો ભેદ નથી. એ જ બાળકને તેની માતા પોતાને મનગમતાં વસ્ત્ર અને અલંકાર પહેરાવે છે. કોના આનંદ માટે? શું બાળકને તેનાથી આનંદ થાય છે? ના. માતાની એ પરિચર્યા પોતાના જ આનંદ માટે છે. પોતાની મર્યાદિત દૃષ્ટિનો પડઘો માતા બાળકની એ પરિચર્યા કરીને પાડે છે. માતાના એ મર્યાદિત આનંદને જોઈને બાળક ક્વચિત આનંદમાં આવી જાય પણ બાળકનો એ આનંદ પોતાનો આનંદ નથી. માતાના લૌકિક આનંદનો એ પ્રતિઘોષ છે. અનુકરણ છે. બાળકને એ શુભ્ર વસ્ત્રનો મોહ હોય, બાળકને એ વસ્ત્રપરિધાનથી ખરેખર આનંદ થતો હોય તો એ જ શુભ્ર વસ્ત્ર ક્ષણ પછી જ મળમૂત્રથી ગંદુ થાય, ધૂળમાં બાળક રગદોળે અને તેથી એ જ વસ્ત્ર મલિન થાય ત્યારે તેનો બાળકને વિષાદ થતો નથી. તે તો એવા મલિનવસ્ત્ર સાથે પણ પોતાના આનંદમાં સહજ અવસ્થામાં જ સ્થિત રહે છે. પણ એનો વિષાદ, એનું દુઃખ મર્યાદિત આનંદ માણતી માતાને થાય છે. જેણે આત્મસાક્ષાત્કારનો





આનંદ માણ્યો છે તેને વિષયાનંદથી આનંદ થતો નથી, વસ્ત્રપરિધાનનો આનંદ રહેતો નથી અને પોતાના સહજ સ્વરૂપમાં જ એ સદાસર્વદા રહે છે. એણે વસ્ત્ર પહેર્યાં છે કે એ નગ્ન છે તેનું એને ભાન જ નથી તો શાલદુશાલા કે શતખંડ કંથાની તો વાત જ શી કરવી? અને એ શતખંડ કંથા પણ ક્યાં સુધી? જ્યાં સુધી સમાજમર્યાદા છે, જ્યાં સુધી એ સમાજમર્યાદામાં રહે છે ત્યાં સુધી. અને એ સમાજમર્યાદા પણ ક્યાં સુધી? જ્યાં સુધી આત્મોપલબ્ધિ થઈ નથી, જ્યાં સુધી જ્ઞાનનો અપરોક્ષ અનુભવ થયો નથી ત્યાં સુધી! જ્યાં સુધી દેહનું દેહભાન છે, જ્યાં સુધી જાતિ કે વર્ણનું ભાન છે, જ્યાં સુધી સ્ત્રી, પુરુષ આદિ લિંગભાન છે ત્યાં સુધી જ એ મર્યાદા છે. એ ભાન ગયું અને સાથે જ સમાજમર્યાદા પણ ગઈ. પછી તો દિગંબર શુકદેવજી નગ્નાવસ્થામાં સ્નાન કરતી સ્ત્રીઓ સાથે વાર્તાલાપ કરે અને નગ્નાવસ્થિત નારીઓ પણ એવા અખંડાનંદસ્વરૂપ શુકદેવ જેવાને જોઈને પોતાની સ્થિતિનું પણ ભાન ભૂલી જાય! અને તેથી શ્રી અવધૂતે કહ્યું તેમ અનિકેત આભ અને પૃથ્વી વચ્ચેના અવકાશમાં એ અવકાશને પોતાનામાં આવરી લઈને, એ અવકાશની બહાર જઈને પોતાના આવરણથી એ અવકાશને આવરી લેનારને સમાજમર્યાદાનું ભૂત ભડકાવી શકતું નથી. અને તેથી બાળક પેરે સહજ અમર્યાદ અવસ્થામાં રહેનારને દેહની અવસ્થાના પરિણામની પરવાહ હોતી નથી. નિજાનંદરૂપ શિવસ્વરૂપ અવધૂતની સ્થિતિનું શ્રી અવધૂતે અહીં વર્ણન કર્યું છે.

દિગંબર અવસ્થામાં બદરીનારાયણમાં ઉગ્ર તપશ્ચર્યા કરતા નરનારાયણના તપથી ઈન્દ્રને અકળાટ થયો. તેણે કામ અને રતિ સાથે પોતાના ભવનની અનેક સૌંદર્યપ્રતિમાસમી અપ્સરાઓને એ ઉભય અવધૂતને ચલાયમાન કરવાને બદરીનારાયણ મોકલ્યા. ઈન્દ્રના એ બધાય સૈનિકોએ અનેકવિધ અભિનય કરીને, અંતે નગ્ન બનીને પણ એ અવધૂતને ચલાયમાન કરવાનો પ્રયત્ન કર્યો. બધાયના નિષ્ફળ પ્રયત્નના પરિણામે નારાયણે પોતાની જંઘામાંથી ઉર્વશીને ઉત્પન્ન કરી અને ઈન્દ્રને ભેટ આપી. ભાગવતનો આ પ્રસંગ અવધૂતની આત્માવસ્થા, નિર્વિકાર અવસ્થાનો સચોટ ખ્યાલ આપે છે. અસ્તુ.

બીજી એક શબ્દની રમત શ્રી અવધૂતે કરી છે. શતખંડ કંથાને શરીર પર પહેરવાની હોય કે શરીર પર ધરવાની હોય? કંથા તો શરીરને ઢાંકે.

શ્રી અવધૂતે કહ્યું

“શતખંડ કંથા શિર ધરી.”

નવાઈ નથી લાગતી? ના, એમાં આશ્ચર્ય જેવું કશું જ નથી. જ્ઞાનાવસ્થામાં એ બાહ્ય જ્ઞાનથી શૂન્ય હોય છે. અને તેથી એની અભાન-જાગ્રત છતાં અભાન અવસ્થામાં એને કશું જ લક્ષ હોતું નથી. પરિણામે કંથાએ કાયાને ઢાંકી કે કાયાએ કંથાને ઢાંકી, એ કંથા શરીર પર રહી

કે શિર પર તેની એને પરવા હોતી નથી. અને પછી એ તો ચોકમાં 'દિગંબર' બનીને જ ઊભો રહે છે. એટલે સાધન હોવા છતાંય સાધનનો ઉપયોગ કરવાની એની વૃત્તિનો સર્વાંશે લોપ થયેલો છે એ વસ્તુનું આપણને ભાન કરાવવાને શ્રી અવધૂતે આ વાત કરી છે.

આમ, પ્રથમ તો શ્રી અવધૂતે આપણને અવધૂતના નિવાસની વાત કરી અને પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો. પછી એના વસ્ત્રપરિધાનની વાત કહી. હવે એના ભોજનની પણ શી અવસ્થા અને વ્યવસ્થા છે તે જોઈએ.

શ્રી અવધૂતે કહ્યું :

**"દિનરાત મિજલસમાં ગઈ, મિષ્ટાન્ન સેવ્યાં પ્રીતથી;"**
**"ભૂખે કડાકા જો કીધા, તેથી તમારૂં શું ગયું?"**

અહીં પણ શ્રી અવધૂતે એ જ પ્રશ્ન પૂછ્યો છે : "તેથી તમારું શું ગયું ?"

જે મળે તેમાં જ સંતોષ માનવો એ સ્વાભાવિક સત્ય છે. અને તેથી જ નિસર્ગમાં પ્રાણીમાત્રના આહાર માટે ફળ, ફૂલ આદિની યોજના કરવામાં આવી છે. એ સત્ય ભોજનાભિલાષી અસંતોષી મનુષ્યને ગળે ઊતરતું નથી અને તેથી તે ખાનપાન માટે આમતેમ વલખાં મારે છે. જે આત્મતૃપ્ત છે તેને તો પ્રાણ ટકાવવા પૂરતું પ્રારબ્ધવશાત્ જે વખતે જે આવી મળે તેમાં જ સંતોષ છે. એ કેવળ ખાવાપીવા માટે જીવતો નથી. બાહ્ય દૃષ્ટિએ વિચારીએ તો પણ એ ખાય છે, પીએ છે, પણ તે જીવન ટકાવવાની દૃષ્ટિએ જ. અને તેથી સ્વાદ-અસ્વાદ તરફ તેની સ્વપ્નમાંયે દૃષ્ટિ નથી હોતી. કોક દિન મિષ્ટાન્ન મળે, કોક દિન સૂકો રોટલો પણ મળી આવે અને ક્વચિત્ કડાકા પણ કાઢવા પડે. છતાં જિહ્વાલોલુપ સંસારીઓની માફક એના આનંદમાં ભરતીઓટ આવતી નથી. અને તેથી જ શ્રી અવધૂત કહે છે કે, "કોઈ દિન પ્રારબ્ધે મિષ્ટાન્નની મિજલસો ઉડાવી તો કોઈ દિન એ છપ્પન ભોગના થાળને લાત મારી કડાકા કર્યા તો કોનું શું ગયું?" નફોનુકશાન એને પોતાને વેઠવાનું છે અને તે પણ દુન્યવી દૃષ્ટિએ. એની દૃષ્ટિએ તો સત્કૃદન્ન અને સૂકો રોટલો બન્ને સરખાં જ છે. ષડ્રસ અન્ન કે ઉપવાસમાં એને સરખો જ આનંદ છે. એ નિત્યતૃપ્ત અને નિત્યસંતુષ્ટને સ્વપ્નમાંય અસંતોષ કે અતૃપ્તિ નથી. દુનિયામાં એ અસલ સ્વરૂપભુત આનંદનો અભાવ છે અને તેથી જ લોકો જેમાંથી મળે તેમાંથી, ભલે ક્ષણિક પણ કૃત્રિમ આનંદ માણવાને વલખાં મારે છે. સારાં ભોજનાદિ જોઈ એના મોંએ પાણી છૂટે છે પણ બે દિવસ કડાકા કરવાનો પ્રસંગ આવે તો એનો પ્રત્યાઘાત એટલો જ બલકે એથીયે વધારે દુઃખમય હોય છે. જ્યારે કોક વિરલ જ્ઞાની અવધૂત એ બન્ને લાગણીથી પર નિજાનંદમાં ગગનવિહાર કરતો હોય છે. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

"ભૂખે કડાકા જો કીધા, તેથી તમારૂં શું ગયું ?"

જેને બીજા કોઈ આનંદની આવશ્યકતા નથી, જેને સત્-ચિત્ આનંદસ્વરૂપ આત્માની ઉપલબ્ધિ થઈ છે અને તેથી જે સદા તૃપ્ત છે તેને એવાં કૃત્રિમ ભોજન મળે કે ન મળે તેની સ્પૃહા નથી. જેને એવો કૃત્રિમ આનંદ મળે કે ન મળે તેની સ્પૃહા નથી. તે તો આત્માનંદમાં સદા તૃપ્ત છે.

લૌકિક દૃષ્ટિએ વિચાર કરીએ તો જેની ક્ષુધા અને તૃષા, આત્માની પ્રાપ્તિ પછી તૃપ્ત થયેલાં છે તેને આકંઠ ભોજન મળ્યાં તો આનંદ નથી અને દિવસોના દિવસો ભૂખે કડાકા કરવા પડે, બટકું સૂકો રોટલોયે ન મળે તેની તેને લેશમાત્ર પરવા નથી. જ્યાં સુધી ક્ષુધાની વૃત્તિ જાગ્રત થતી નથી ત્યાં સુધી એ ક્ષુધા તૃપ્ત કરવાને કોઈ વલખાં મારતું નથી. જ્યાં સુધી તૃષાની વૃત્તિ મનમાં જાગ્રત થતી નથી ત્યાં સુધી પાણી પીને એ તૃષા ઠારવાને કોઈ ફાંફાં મારતું નથી. "બિચારો ભૂખ્યો છે, બિચારો તરસ્યો છે," એમ કહેનાર જગતના લોકો પોતાના અનુભવ અને સ્વભાવને અનુસરીને જ કહે છે. પણ એ કહેનારા, સામે ઊભેલા અવધૂતની આત્માનંદ સ્થિતિની કલ્પના શી રીતે કરી શકે? જેને ભૂખની પીડા પીડિત કરી શકતી નથી, તેને મિષ્ટાન્ન મળે કે ન મળે, સૂકો રોટલો મળે કે ન મળે તેની પરવા નથી. એ અસંતોષના અભાવે તે સદા સંતુષ્ટ છે, દેહભાવથી પર છે. એ શરીર રહે કે પડે બંને એને મન સમાન છે. શરીરથી સાધવાનું એણે સાધી લીધું છે એટલે ખાનપાનને એના જીવનમાં મહત્ત્વનું કે વધારે પડતું સ્થાન નથી. અને તેથી એ ભોજનની પાછળ જઠરની ગુલામી કરીને પડતો નથી. એને જે મળ્યું તેનાથી તૃપ્તિ છે. એને મળ્યાનો આનંદ નથી અને ન મળ્યાનો વિષાદ નથી. એને ભૂખ્યા દિન કાઢવા પડે તેનીયે સ્પૃહા નથી. છતાં એ ભૂખ્યો હોય કે ભોજન કરીને તૃપ્ત થયો હોય તેની ખાલી પંચાત લોકોએ શા સારુ કરવી પડે? અને તેથી શ્રી અવધૂત જગતને પૂછે છે, "અમે ભૂખે કડાકા કર્યા તેથી તમારું શું ગયું? તમારે આંગણે ભીખ માંગવા તો અમે આવ્યા નથી ને? કે તમારે અમારું પેટ ભરવું પડતું તો નથી ને? પછી તમે શા સારુ એની ચિંતા કરો છો? હા, તમારે આંગણે આવીએ, તમને ભારે પડીએ, ત્યારે તમારે એ ચિંતા કરવાની રહે. પણ તેવું તો કશું જ નથી. અગર ભૂખથી અમારું શરીર કૃશ બની જાય, અરે ભૂખે અમારું શરીર પડી જાય તેથીયે તમારું શું ગયું?" પણ જે સદા અતૃપ્ત છે તે આત્મતૃપ્તની અવસ્થાની તુલના કે કલ્પના સરખીયે કરી શકતો નથી, અને તેથી તે જેમ ભૂખના દુઃખથી પીડાય છે તેમ આત્મતૃપ્ત ભૂખ અને તરસના દુઃખથી કદી દુઃખી થતો નથી. આગળ કહ્યું તેમ મનુષ્ય આટલું બધું કરે છે તે કેવળ સુખ અને આનંદ માટે જ. જે સુખ અને આનંદ માટે જગત વલખાં મારે છે તે ક્ષણિક છે. સાચો આનંદ અને સાચું સુખ તો અંદર છે. હૃદયમાં છે. મનનું માન્યું છે. તેના અભાવે સાચા સુખ અને

સાચા આનંદના પડછાયા જેવા કૃત્રિમ આનંદ પાછળ પડી, માનવી તેની ખોજમાં બહાર ફાંફાં મારે છે અને તેથી જ તે સદા અસંતોષી રહે છે. જગતમાં કોણ સુખી છે? કોણ દુઃખી છે? સાચો આનંદ ક્યાં છે? એ પ્રશ્નો વિચાર માંગી લે છે. પણ એ વિચારને અહીં સ્થાન નથી.






આગળ શ્રી અવધૂત શું કહે છે?

**"પીયુષ પીધું સ્વપ્નમાં વારિ મળ્યું ના જાગરે;"**

**"કાતીલ હલાહલ ગટગટાવ્યું, તેથી તમારૂં શું ગયું ?"**

લ્યો, અહીં તો ઝેર પીવાની વાત આવી! આપણે એ ઝેર પી શકીશું ખરા! અરે ઝેરનું નામ સાંભળીને આપણાં તો રૂંવાડાં ઊભાં થઈ જાય, કમકમાટી વછૂટે. ઝેર છે એમ જાણીને ઝેરની પ્યાલી હાથમાં ધરતાં પણ જ્યારે હાથ ધ્રૂજે ત્યારે એ ઝેર તે કેમ પીવાય? અરે પીવાય શું? પીવાની વાત સરખીયે ન થાય! ઝેરની વાત તો અવધૂત જ કરી શકે! અને ઝેર પી પણ એ જ શકે! સ્વપ્નામાં અમૃત પીધું. હા, પીધું. પણ તેથી શું તૃષા તૃપ્ત થઈ ખરી? સ્વપ્ન એટલે મિથ્યાભાસ. સ્વપ્નમાં જે જે વહેવાર થાય તે તો કેવળ અભિનય. અને અભિનય એટલે મિથ્યા. એમાં સત્યનો અંશ સરખોયે હોતો નથી. જેવાં મૃગજળનાં જળ પીવાં તેવાં જ સ્વપ્નનાં અમૃત પીવાં! સ્વપ્નમાં ભલે અમૃત પીધાં પણ તેથી થયું શું? કહે છે અમૃત પીવાથી અમર બને! સ્વપ્નમાં અમૃત પીવે અમર બન્યા? અરે રામરામ ભજો! જો સ્વપ્નના વહેવાર સાચા ઠરે તો ભિખારી સ્વપ્નમાં ધનવાન બને છે તે જાગે ત્યારે ધનવાન હોય. પણ તેમ બનતું તો જોયું નથી, જાણ્યું નથી. એ તો ભિખારીનો ભિખારી જ રહે છે. રંક સ્વપ્નામાં રાજા બને તે જાગ્રત થાય ત્યારે રાજા રહે એવું પણ નથી. એ તો જ્યાં સુધી સ્વપ્નાવસ્થા હોય ત્યાં સુધી જ રાજા હોય. ત્યાં સુધી જ કુબેરભંડારી હોય. જાગ્રત થયો એટલે ચીંથરેહાલ ભીખ માગતો ભિખારી જ રહે. એટલે સ્વપ્નમાં અમૃત પીવું મિથ્યા છે. ત્યારે જાગ્રત અવસ્થામાં શું થયું ?

**'વારિ મળ્યું ના જાગરે'**

જાગ્રત સભાન અવસ્થામાં પાણી સરખુંયે પીવાનું ન મળ્યું. અમૃત તે અમૃત અને પાણી તે પાણી. અમૃત પાણીની ગરજ સારતું નથી. પાણી અમૃતની ગરજ સારતું નથી. અમૃત સદા તૃપ્ત જ કરે છે. પાણી પીવે જે તૃપ્તિ થાય છે તે ક્ષણિક છે. થોડી વાર પછી તરસની પીડા થાય જ છે. જાગ્રત અવસ્થામાં પીવા પાણીયે ના મળ્યું અને પાણી પાણી કરતાં પ્રાણ ગુમાવ્યા. અને એ બને છે રેતીના રણમાં કે વનવગડામાં. એ અસંભવિત નથી અને તેથી જ તૃષાર્ત બિચારું મૃગલું પાણીના અભાવે મૃગજળની પાછળ પડી, આશાભર્યું દોડાદોડી કરી અંતે પ્રાણ ગુમાવે! પણ શું એ અવધૂતે એ પાણીના અભાવે હળાહળ ઝેર ગટગટાવ્યું? અને એ ઝેરના પાનથી શું એની તૃષા શાંત થઈ? ખરેખર વિચારવા યોગ્ય છે.






આ સંસાર સ્વપ્નસમો છે. અમૃતનું પાન કરનાર અમૃત પીને અમર બને છે. સંસાર મિથ્યા છે છતાંય તે વ્યાવહારિક સત્ય છે. વ્યવહારમાં રચ્યાપચ્યા રહેલા માયાવિમૂઢ માનવીએ અસત્‌ને સત્‌ માનીને, અહંતા અને મમતાપૂર્વક સાંસારિક સુખ જે ક્ષણિક છે તેને અમૃત માની, તેની પ્રાપ્તિમાં પોતે અમર બન્યાનો ક્ષણિક સંતોષ માની આનંદ ભોગવે છે. જ્યારે એ માયાજનિત સ્વપ્નાવસ્થાનો લય થાય છે અને જાગ્રત અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે તેને સ્વપ્નની મિથ્યા અવસ્થા જેવી સંસારની ક્ષણભંગુરતાનું પણ ભાન થાય છે ત્યારે તે જાણે છે. વ્યાવહારિક સત્ય ગણાતા સંસારનાં અમૃતસમાં સુખો, અમૃતસમા આનંદો, જેમ સ્વપ્નમાં અમૃત પીનાર અમર નથી બનતો તેમ, તેને અમર બનાવી શકતાં નથી એવી તેને પ્રતીતિ થાય છે. અને ત્યારે તે પોતે જ પોતાને છેતરી રહ્યો છે એવું તેને ભાન થાય છે. ત્યારે તે જાગ્રત થઈ સ્વપ્નાવસ્થાના અમૃતપાનસમા જાગ્રત અવસ્થાના વ્યાવહારિક સત્યસમા સુખને અને આનંદને પણ મિથ્યા માનીને તે, જગતને જે વિષપાન જેવું લાગે છે તે, સચ્ચિદાનંદ સ્વરૂપના જ્ઞાનામૃતનું પાન કરે છે. એ જ્ઞાનામૃત તેને તો અમર બનાવે છે પણ જગતને એ હળાહળ ઝેર જેવું લાગે છે. જગત જાગતિક પદાર્થો અને જાગતિક સુખોમાં જ અમૃત માને છે. જગત જેને હળાહળ ઝેર માને છે તેને જ આત્મોપલબ્ધ અમૃત માને છે. અને જગત જેને અમૃત માને છે તેને જ આત્મદર્શી હળાહળ વિષ માને છે. અને તેથી શ્રી અવધૂત કહે છે : ''જાગતિક જાગ્રત અવસ્થામાં જ્યારે પીવાનું પાણી સરખુંયે ન મળ્યું ત્યારે તેણે ક્ષણભંગુર સંસારના ક્ષણિક છતાંય અમૃત જેવા જણાતા સુખવૈભવનો ત્યાગ કર્યો અને હળાહળ વિષ પીધું. જગતમાં એ હળાહળ વિષથી તેનું ભલે મૃત્યુ થયું પણ જગતના પાશમાંથી તે મુક્ત થયો અને પરમતત્ત્વમાં તે અમૃતત્વ પામ્યો. એ હળાહળ કાતિલ ઝેરનું પાન કરતાં જ માનવી મૃત્યુને ભેટે તેવું ઝેર તો લોકો નિત્યપાન કરતા જ હોય છે. અને તેથી તે આધ્યાત્મિક દૃષ્ટિએ તો રોજેરોજ મૃત્યુને ભેટતા જ હોય છે. અને તેથી જ જગત કાતિલ ઝેરથી, તેનું નામ સાંભળીને જ કમકમી ઊઠે છે. પણ જેને જીવન અને મૃત્યુ ઉભય સરખાં છે, જેને જીવનનો મોહ નથી, જેને મૃત્યુનો ભય નથી, તેને વિષ અને અમૃતના ભેદભાવ નથી. અને તેથી સ્વપ્નમાં અમૃત પીએ કે જાગ્રત અવસ્થામાં કાતિલ ઝેર પીએ તેની તેને જરાય પરવા નથી.

આપણે વ્યવહારનો વિચાર કરીએ. દારૂડિયો શું કરે છે ? દારૂ તો ઝેર જ છે ને? છતાંય લોકો એ મદિરા મોજથી પીએ છે અને એની પાછળ જીવન વેડફી નાંખે છે. એ મદિરા હળાહળ વિષ છે એમ એ મદિરાપાન કરનાર માનતો નથી. અને તેથી જ તે મોજથી મદિરાપાન કરે છે. તેનો નશો જ્યાં સુધી રહે ત્યાં સુધી તે દેહભાન ભૂલે છે. પોતાને બાદશાહનો

પણ બાદશાહ માને છે. એ મદિરાનું ઘેન ઊતરે છે ત્યારે તે બેહાલ અવસ્થાનો, એના દુઃખનો અનુભવ કરીને દુઃખી થાય છે અને છતાંય મૃત્યુપર્યંત એ મદિરા પીતો જ રહે છે. શ્રી અવધૂતભાખ્યું આ હળાહળ ઝેર એ મદિરા જેવું માદક નથી. માદક છે અવશ્ય પણ એની માદકતા ક્ષણિક નથી, શાશ્વત છે. એ હળાહળ ઝેર ગટગટાવીને પીનારની માદકતા તેના જન્મમરણનો, તેના સમગ્ર પ્રારબ્ધનો અને સમગ્ર પાપપુંજનો નાશ કરે છે. પણ તેનો-તેના પીનારનો નાશ કરતી નથી. પીનારને તે અમર બનાવે છે. અમૃતત્ત્વમાં સમરસ બનાવે છે. વાસ્તવિક રીતે આનંદ-મૂર્તિ અવધૂતને, આગળ કહ્યું તેમ લૌકિક ભૂખતરસની વેદના થતી નથી. અને જોઈએ તો જે નિસર્ગમાતાના ખોળે નિર્ભય બનીને એ બેઠો છે તે એની એ ક્ષુધાતૃષા તૃપ્ત કરવાને સમર્થ છે. અરે, જે જગતની આપદા ટાળવાને સમર્થ છે તે તેને ખોળે નિર્ભયપણે બેઠેલાને તરછોડશે ખરી? આગળ કહ્યું તેમ શરીરમાં રહેલા જળતત્ત્વને પ્રકૃતિમાં રહેલા જળતત્ત્વથી પોષણ મળે છે. ભૂખતરસનું ભાન તો મનને થાય છે. જ્યારે મન જ હોતું નથી, જ્યારે વિસ્મરણ અવસ્થા જ બની રહે છે ત્યારે એ ભૂખ અને તરસનું સ્મરણ કોને થાય? દેહભાવ જાય તેની સાથે જ દેહના એ દ્વંદ્વોનો પણ લોપ થઈ જાય છે. અવધૂતની તો વિસ્મરણ અવસ્થા છે. દેહનું વિસ્મરણ થયા પછી દેહના વિકારોનું સ્મરણ સંભવિત નથી. એણે તો જગતને ઝેર જેવા જણાતા વાસ્તવિક અમૃતનું જ પાન કર્યું છે. અને અમૃતપાન કરનારની તૃષા સદાય તૃપ્ત જ હોય છે. અમૃત પીને અમર બનેલા અવધૂતને વિષની ભીષણતાનો ભય નથી. વિષમાં પણ તે અમૃતદૃષ્ટિ જ રાખે છે. ઝેર અને અમૃત એ ભેદદૃષ્ટિ છે. અને મીરાંએ હળાહળ ઝેર પીધું જ ને? પણ તેને મન એ ઝેર નહોતું. એ તો હતું શ્રી શાલિગ્રામનું ચરણામૃત. અને ચરણામૃત તો પીનારને અમર બનાવે! અમૃત અને ઝેર એ વિકાર દૃષ્ટિનો છે. વાસ્તવિક રીતે અમૃતસ્વરૂપ ભગવાનનાં એ સ્વરૂપો છે અને અમૃતમાં વિષની કલ્પના કરવી એ તો વૃત્તિનો જ ભેદ છે. અને તેથી જ શ્રી અવધૂતે ગટગટાવીને જે ઝેર પીધું તે તેને મન તો અમૃત જ છે. જગતનાં અમૃત અવધૂતનાં વિષ છે. અવધૂતનાં અમૃત જગતનાં વિષ છે. કેટલું કહેવું ? દેવ અને દાનવના સમુદ્રમંથનમાંથી 'વિષકુંભ' નીકળ્યો. કોણ પીએ ? અમૃતના અભિલાષી દેવો જેમને દેવના દેહનું અભિમાન, કર્મના પુણ્યનું અભિમાન તે એ વિષપાન કરતાં ડર્યા. દાનવો પણ સત્તાના અને અધિકારના મોહમાં લોલુપ થયેલા. એ વિષપાન કેમ કરી શકે? અને અંતે શિવસ્વરૂપ ભગવાન આશુતોષે એ હળાહળ ઝેરથી ભરેલો કુંભ ગટગટાવ્યો! એ વિષ કંઠમાં ધારણ કર્યું! એ કંઠના શણગારરૂપ બન્યું અને શ્રી શંકર નીલકંઠ કહેવાયા. અહીં પણ તેવું જ છે. અવધૂત અમૃત પીએ, વિષપાન કરે કે જળપાન કરે તેથી બીજાનું શું જાય? એ પ્રશ્ન શ્રી અવધૂત પૂછે છે. જેને અમૃત

અને વિષની ભ્રમણા છે, ભેદ છે તેને જ અમૃતનું પાન સંતોષે છે, વિષપાનની કલ્પના કમકમાટી ઉપજાવે છે. બાકી આગળ કહ્યું તેમ અમૃત એ પરમાત્મસ્વરૂપ છે, વિષ પણ પરમાત્મસ્વરૂપ છે અને તેથી અમૃત અને વિષમાં તાત્ત્વિક દૃષ્ટિએ કશો જ ભેદ નથી. જ્યાં સુધી વિષની ભ્રામક કલ્પના છે ત્યાં સુધી જ વિષની ભીષણતા છે અને પરિણામે મૃત્યુનો ભય છે. જ્યાં વિષનો ભય નથી ત્યાં તેનો વિકાર પણ નથી. વિષની પ્રાણહર ભીષણતાનો ભય જ મનુષ્યને પ્રાણહર બને છે અને તેથી જ શ્રી અવધૂતે પૂછ્યું :

**'કાતીલ હલાહલ ગટગટાવ્યું તેથી તમારું શું ગયું ?'**

આગળ ચાલતાં શ્રી અવધૂતે બીજો એક પ્રશ્ન પૂછ્યો છે :

**'કસ્તૂરી છોડી કર્દમે, રંગી તનુ ઉમંગથી;**
**'ધૂળી ઉડાડી મોજથી, તેથી તમારું શું ગયું ?'**

કુતૂહલપ્રિય જગતને અવધૂતના પ્રત્યેક આચાર ઊલટા જ લાગે છે. અને છે પણ એવું જ. જેની દૃષ્ટિમાં જગત નથી તેના બધા જ બાહ્ય આચારો જગતના આચારો કરતાં વિપરીત જ હોય છે. અહીં શ્રી અવધૂતે કસ્તૂરીને બદલે કાદવને ઉમંગથી અંગે મર્દન કરવાની અને ધૂળ ઉડાડવાની વાત કરી છે. અહીં 'ઉમંગથી' એ શબ્દ થોડો વિચાર કરવા યોગ્ય છે. કાદવમાં શરીરને આનંદથી રગદોળવાની ક્રિયા કોણ કરી શકે? નિર્દોષ બાળકને સરિતાકિનારે પાણીમાં ગેલ કરતા અને કાદવ અંગે ચોળી આનંદમાં મ્હાલતા જોયા છે ? બાળકની એ નિર્દોષ ક્રીડા બાળક કેટલા આનંદથી અને તન્મયતાથી કરે છે તેનો ખ્યાલ જ્ઞાનવાન એટલે જગતની મર્યાદાના અને શિસ્તના જાણકારને ભાગ્યે જ આવે ! બાળકની એ રમતમાં કેટલો આનંદ છે, કેટલી નિર્ભીકતા છે ! શરીર ગંદુ થશે તેનું તેને ભાન નથી. કોઈ જોઈ જશે તેની તેને ભીતિ નથી. જગતની મર્યાદા બાળકના એ સ્વચ્છંદ વિહારમાં અને નિર્બંધ આનંદમાં તેને અંતરાયરૂપ થતી નથી. બાળક-નિર્દોષ બાળક-જગતની એ લજ્જા અને મર્યાદાથી પર છે. પોતાની જ મસ્તીમાં મસ્ત બનેલું એ નિર્દોષ અને અજ્ઞાન બાળક કાંઈ પણ સમજ્યા વિના, અને કોઈ પણ જાતના હેતુ કે ઇરાદા વિના જેમ પોતાના શરીરને કાદવમાં રગદોળે છે અને ધૂળમાં આળોટે છે તેમ અવધૂત પણ વણહેતુ નિર્ભીકપણે પોતાની મસ્તીમાં આવી જઈને, જેમ વનપંખેરુ વસંતની મસ્તીમાં નિર્ભીકપણે સ્વચ્છંદે કલ્લોલ કરે, વર્ષામાં જેમ મોરલો આત્મમસ્તીમાં મસ્ત બની કળા કરે, નૃત્ય કરે તેમ, એ કામ કરે છે. અને તેથી જ આત્માનંદને અનુલક્ષીને અહીં શ્રી અવધૂતે 'ઉમંગે' શબ્દનો પ્રયોગ કરીને પરોક્ષ રીતે પોતાની આંતરિક સ્થિતિનું આપણને ભાન કરાવ્યું છે. અહીં 'ઉમંગે' શબ્દનો પ્રયોગ હેતુપુરઃસર થયો છે. ખરી રીતે તો જેમ બાળક કોઈ પણ પ્રકારના હેતુ વિના કેવળ આનંદ અવસ્થામાં જ એ બધી ચેષ્ટાઓ





**હું–મારું દુઃખમૂળ છે તું–તારું સુખમૂળ**
**હું ભૂલી તું–હરિ ભજે રંગ સનાતન નૂર !**

કરે છે તેમ અમર્યાદ આત્માના આનંદમાં અવધૂત પણ વણહેતુ એ ક્રિયાઓ કરે છે. દુનિયા જે આદરથી કસ્તૂરી તરફ આકર્ષાય છે તે જ બલકે તેથીયે વધારે મોજથી અવધૂત કર્દમને આલિંગે છે. દુનિયા કર્દમથી દૂર નાસે છે પણ સમાનદૃષ્ટિ અવધૂતને તો કર્દમ પણ કસ્તૂરી જેટલો જ આનંદ આપે છે. અગર એ ક્રિયા કસ્તૂરીનો ત્યાગ કરી કાદવને શરીર પર ચોળી ધૂળ ઉડાડવાની ક્રિયા જો સહેતુક હોય તો તેમાં વિકારનો આભાસ થાય છે. અને જ્યાં વિકાર છે ત્યાં આત્માનંદ-નિર્વિકાર આત્માનંદ નથી. અનાયાસ આત્માનંદમાં રમતા અવધૂતને માટી અને કસ્તૂરીનો ભેદ નથી. માટીનાં મૂલ્ય અને કસ્તૂરીનાં મૂલ્ય તેને મન સરખાં જ છે. અને તેથી જ શ્રી ભગવાને કહ્યું, ''સમદર્શિનિ મન લોહ, પથ્થર અને કાંચનની એક જ સરખી કિંમત છે.'' આત્મદર્શીની એ જ વિલક્ષણતા છે. કસ્તૂરી અને માટીનો ભેદ જ્યાં સુધી વૃત્તિમાં છે ત્યાં સુધી તે વૃત્તિ નિર્મળ નથી, અભેદ નથી અને તેથી તે અવધૂત પણ નથી. અસ્તુ. આપણે અવધૂતની એ ક્રિયાનાં મૂલ્ય જગતની દૃષ્ટિએ આંકીએ.

શરીર-પંચભૂતના બનેલા એ માળખાને બહારથી સ્વચ્છ રાખવાને તો જગત લાખો અને કરોડો રૂપિયાની હોળી કરે છે. સાબુ, સેંટ, લવેન્ડર, અત્તર, ગુલાબજળ વગેરે અનેકવિધ સુગંધયુક્ત પદાર્થોનો એ શરીરને સ્વચ્છ રાખવા માટે લોકો ઉપયોગ કરે છે અને કલાકોના કલાકો સુધી






સ્નાન પાછળ સમય વ્યતીત કરે છે, ત્યારે શ્રી અવધૂતે કસ્તૂરી જેવા માદક સુગંધી પદાર્થને ફેંકી દઈને, કસ્તૂરીને બદલે કાદવમાં શરીરને રગદોળી તેના ઉપર ધૂળ ઉડાડી. જાણે કેમ કાદવથી ઓછું રગદોળાયું હોય તેમ એ કાદવને શરીર ઉપર જ સૂકવવા ધૂળનો પ્રયોગ કર્યો અને તેમાં એને આનંદ-ઉમંગ આવ્યો ! વાહ ભાઈ વાહ ! એવા પણ પ્રાતઃસ્મરણીય પરમાત્મસ્વરૂપ અવધૂત આ ભારતમાં જ પાક્યા છે. પણ અવધૂતના એ કાર્યથી તમારું શું ગયું ? પણ એમાં કોઈ આદર્શ છે ખરો ? એમાં કોઈ જનકલ્યાણનો હેતુ છે ખરો ? હા, કોઈ સ્ત્રીને પૂછી જોજો. તેના માથાનો મેલ સ્વચ્છ કરવા માટે તે કાળી માટીનો જ પ્રયોગ કરે છે. વિચાર કરીએ. શું કસ્તૂરી શરીરને સ્વચ્છ બનાવે છે ? ના. ત્યારે કાદવથી શરીર સ્વચ્છ થાય છે ! હા. પૂછી જોજો કોઈ નિસર્ગોપચારશાસ્ત્રના નિષ્ણાતને. તે તમને કહેશે એ મટોડીના ગુણ. અરે, જે કર્દમમાંથી કમળ જેવાં અણમોલ પુષ્પોનો જન્મ થાય છે તે કર્દમ દેડકાને મન કર્દમ છે પણ ભ્રમરને મન તો તે કર્દમના સારરૂપ કમળની પરિમલ અમૃત છે. કાદવ તરફ જોવાની જરૂર નથી. સારગ્રાહી હંસલો પાણી અને દૂધના મિશ્રણ તરફ દૃષ્ટિ રાખતો નથી. એ તો તેમાંના દૂધ તરફ જ દૃષ્ટિ રાખે છે. અને તેથી આપણે પણ અવધૂતના એ ઊંધા વર્તનને હસી કાઢવાની જરૂર નથી. સારગ્રાહી બુદ્ધિનો ઉપયોગ કરી એનો વિવેક કરવાની જરૂર છે. સ્ત્રી માથું સ્વચ્છ કરવાને કાળી માટીનો ઉપયોગ કરે છે એ શું તેનું ગાંડપણ છે ? ના, શાણપણ છે. એ માટીમાં જે શીતળતા છે તે શરીરની ઉષ્ણતાના નિવારણ માટે અમૂલ્ય છે. એ માટીમાં સ્વચ્છતાનાં જે નૈસર્ગિક તત્ત્વો ભર્યાં છે તે તમારી કસ્તૂરી કે મોંઘામાં મોંઘા સેંટ, લવેન્ડર કે સાબુમાં નથી. શાસ્ત્રમાં ગાયના છાણનો અને ગૌમૂત્રનો પ્રયોગ કહ્યો છે. પંચગવ્યમાં શું ? એ કેવળ ગપગોળા છે ? વાસ્તવિક રીતે કૃત્રિમતારહિત નિસર્ગની કોઈ પણ વસ્તુ હાનિકારક નથી, એટલું જ નહીં પણ ઉત્તમ પરિણામ આપનારી છે. આજના સુધરેલા જમાનામાં એ વાળ અને શરીરને સ્વચ્છ કરવા માટે વપરાતી અનેકવિધ વસ્તુઓ કેટલે અંશે લાભદાયક છે એનો વિચાર કરીશું તો વિના મૂલ્યે અથવા નહીં જેવા મૂલ્યે મળતી નિસર્ગની વસ્તુઓ તેના મૂળ સ્વરૂપમાં ઉપયોગમાં લેવાથી જેટલી ફાયદાકારક છે તેટલી તેની વિકૃતિઓ ફાયદાકારક નથી એ વાત નિઃશંક છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું, "શરીર પર માટી ચોળી અને ધૂળ ઉડાડીને તમારી નજરે ગંદા જણાતા શરીરધારીઓની સુખાકારી, એ જ નિસર્ગના વિકૃત સ્વરૂપનો ઉપયોગ કરીને સ્વચ્છ અને નીરોગી બનાવવાની તમન્ના સેવતા શરીરધારી કરતાં ઉત્તમ છે." માટી, ગૌમૂત્ર, છાણ આદિ બીજી વસ્તુઓ શરીરને સ્વચ્છ રાખવામાં બીજી રીતે પણ ફાયદાકારક છે, જ્યારે કૃત્રિમ વસ્તુઓ ક્ષણિક ફાયદો આપીને તેની માઠી અસરનાં રજકણો શરીરમાં મૂકતી જાય

છે અને કાળે કરીને તેના અવગુણો અસર કર્યા વિના રહેતા નથી. એ વાત આપણે ગળે ન ઊતરે. નૈસર્ગિક ઉપચારોનું વિજ્ઞાન જેણે જાણ્યું હોય તેને શ્રી અવધૂતના આ શબ્દોમાં સંપૂર્ણ શ્રદ્ધા ઊપજે એમાં નવાઈ નથી. અને આવાં બધાં અપલક્ષણો જ્યારે કોઈ કહેવાતો શાણો જુએ ત્યારે તેને એ બધી વાતો અક્કલ વિનાની જ લાગે અને સ્વાભાવિક રીતે શાણા માણસ તો આવું કાંઈ કરે જ નહીં. જ્યારે મહાત્મા ગાંધીજી આવા પ્રયોગો કરે ત્યારે આપણે પણ ગતાનુગતિક ન્યાયે તે કરીએ. પણ પ્રભુનો લાડીલો કોઈ કરે ત્યારે આપણે તેને અક્કલ વિનાનો કહીને તરછોડીએ, તિરસ્કાર કરીએ અને તેની ઠઠ્ઠા મશ્કરી ઉડાવીએ.






તાત્ત્વિક દૃષ્ટિએ પણ કર્દમ અને કસ્તૂરીનો થોડો વિચાર કરીએ. કસ્તૂરીમૃગ જે હિમાચળ જેવા શીતળ પ્રદેશમાં થાય છે તેના નાભિકમળમાંથી તેના મેદરૂપે એ કસ્તૂરી નીકળે છે. તત્ત્વદૃષ્ટિએ એ કસ્તૂરી પણ માટી છે અને પૃથ્વીના ગુણ અથવા તન્માત્રારૂપે રહેલી પૃથ્વીની ગંધ એ કસ્તૂરીમાં રહેલ છે. અને તેથી જડ દૃષ્ટિએ પૃથ્વીથી ભિન્ન જણાતી કસ્તૂરી તાત્ત્વિક દૃષ્ટિએ પૃથ્વીથી ભિન્ન નથી. અવધૂતકક્ષાએ પહોંચેલા પ્રભુના લાડકાને તેથી એ કસ્તૂરી અને માટીમાં ભેદ જણાતો નથી. કસ્તૂરીથી એને આનંદ નથી, માટી મળતાં વિષાદ નથી. કસ્તૂરી એ માત્ર કીમતી પફ પાઉડરોનું ઉપલક્ષણ છે. એ બધું એને મળી શકે છે, એ મેળવી શકે છે છતાંય એ બાજુએ મૂકી એ માટીમાં આનંદ માણે છે અને એમ પરોક્ષ રીતે જગતને સમદૃષ્ટિનો બોધ દે છે. કોઈ અણસમજુ ડાહ્યો તેની એ ક્રીડાનું રહસ્ય ન સમજે તો એ શું કરે ? શાણપણનો ઇજારો લઈ બેઠેલા દુન્યવી ડાહ્યાઓ પાસેથી કહેવાતી શિષ્ટતાનું પ્રમાણપત્ર મેળવીને એને શું કરવું છે ! એ ક્યાં દરેક વાતનો ખુલાસો કરવાની ખટપટ કરતો ફરે ? હશે. અવધૂતની એ અવધૂતીગતને જોઈને તેને આમ વિવિધ પ્રશ્ન પૂછનારાઓથી અંતે થાકીને કે કંટાળીને હવે શ્રી અવધૂત કહે છે :

**"અક્કલ ગઈ અસ્માનમાં, યારો ! સતાવો કાં મુને ?"**
**"પાગલ ભલે પાગલ રહ્યો, તેથી તમારૂં શું ગયું ?"**

"અમારી અક્કલ તો આસમાનમાં ગઈ છે. હમે તમારા જેવા જગતડાહ્યા રહ્યા નથી. મને શા સારુ સતાવો છો ? હું તમારા માર્ગમાં આડે આવતો નથી. તમે તમારું કરો તેની સાથે મને નિસબત નથી. પછી તમે મારા માર્ગમાં શા સારુ આડા આવો છો ? મને શા સારુ સતાવો છો ?"

જેનામાં જાગતિક વ્યવહારવિચારનો અભાવ છે એમ જગતને લાગે છે તેને જગત અક્કલ વિનાનો અને મૂર્ખ કહે છે. અવધૂતમાં જાગતિક વ્યવહાર વિચારનો વિવેક છે કે નથી તેની તુલના કેવળ તેના બાહ્ય આચારો ઉપરથી કરનારો કેવળ ભ્રમિત અવસ્થામાં જ ભ્રમણ કરે છે. એ બાહ્ય

આચાર અને ચેષ્ટાઓ ઉપરથી આપણે કોઈના અંતરની અવસ્થાની કલ્પના કરીએ એ આપણું અજ્ઞાન જ પ્રગટ કરે છે. સમુદ્રના ઊંડાણનું માપ કાઢવા જઈએ તો આપણે જ સમુદ્રમાં ડૂબી મરીએ. જેમાં આપણને સમજ ન પડતી હોય તેમાં વણસમજે, વણજાણે માથું મારવું એ આપણી જ મૂર્ખતા છે, આપણું જ અજ્ઞાન છે. વાસ્તવિકતાનો ખ્યાલ આવ્યા વિના કેવળ બાહ્ય લક્ષણો ઉપરથી જ માણસની હેલના કરવી એ અસમયની કલ્પના છે. તેથી સત્ય વસ્તુનો પાર પામી શકાતો નથી. અને તેથી જ શ્રી અવધૂત કહે છે "અમે ભલે પાગલ છીએ, ભલે અમે પાગલ રહીએ તેમાં તમારું શું બગડશે ? અમારા જેવા પાગલો તમારે આંગણે બટકું રોટલો માંગવા આવે કે ચાર આંગળની લંગોટી માટે હાથ લંબાવે તો તમે ન આપશો. પણ અમારા આનંદમાં શા સારુ વિક્ષેપ નાંખો છો ? તમારી કુતૂહલવૃત્તિ આમ સંતોષવાથી તમને શી તૃપ્તિ મળશે ? તમે શાણા છો, શાણા રહો ! અમે પાગલ છીએ, અમને પાગલ રહેવા દો ! પાગલને માર્ગે તમે ન જશો !" અને ખરું છે. શ્રી અવધૂત કોક વાર કહે છે તેમ "આપણે બીજાનો ચોપડો ઉકેલીને શું કરવું ! આપણો હિસાબ ચોખ્ખો રાખીએ એટલે બસ. તેનું જમેઉધાર તેને નડવાનું છે. એ બધું જાણીને પણ આપણે શું કામ છે !" દરેક માણસ પોતે સ્વતંત્ર છે. પોતાનું રુચ્યું કરવાને તેને કોઈ અવરોધી શકતું નથી. તેનું વર્તન જ્યાં સુધી સમાજને હાનિકારક ન નીવડે ત્યાં સુધી તેના વર્તનની ચેષ્ટા કરવાનો બીજાને અધિકાર પણ શું ? પણ આ જગતમાં પારકી પંચાત કરનારા ડાહ્યા માણસોની ખોટ નથી. અને એવા જગતડાહ્યાની જમાતમાં આવો એકાદો અવધૂત-બધાથી વિલક્ષણ વર્તન કરનારો અવધૂત નીકળી આવે ત્યારે સહુને સ્વાભાવિક કુતૂહલ થાય. અને કુતૂહલવશ એવા પ્રશ્ન પુછાય પણ ખરા ! પણ એ અવધૂતની ગત જાણવાની જેનામાં અંશતઃ પણ ગતિ હોય તે તો, એવી કસ્તુરીનો ત્યાગ કરીને કાદવમાં રગદોળાયેલા શરીરધારીને પણ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે, પરમાત્મા માને. એવી શક્તિ જ્યાં સુધી પરમાત્માને માર્ગે આપણે ગયા નથી ત્યાં સુધી કેમ મળે ? અને તેથી શ્રી અવધૂતે ક્યાંક કહ્યું છે :

**"અવધૂતોં કી ગત ન્યારી હૈ."**

અને એવો કસ્તુરી અને કર્દમમાં અભેદ દૃષ્ટિ રાખનાર અવધૂત તો લાખે કરોડે એક જ મળે ! કાગડાની ખોટ નથી, પણ હંસલો તો ભાગ્યે જ જોવા મળે ! અને તેને જોવાને તો માનસ સરોવર પર જવાનો પરિશ્રમ વેઠવો પડે. અને એવો વિરલ અવધૂત જગતની આંખે ક્યાં જણાય ? નંદયશોદાની દૃષ્ટિમાં તો કનૈયો કેવળ તેનો પુત્ર જ હતો, વસુદેવદેવકીને ચતુર્ભુજ દર્શન દેનાર નારાયણ પણ તેમણે તો પુત્રભાવે જ જોયા અને દશરથને પણ શ્રી રામચંદ્રજી પુત્ર જ હતા. એની પ્રભુતા તો એના ભક્તોએ જાણી સંકુચિત દૃષ્ટિનો ત્યાગ કરીએ, આત્મીયતાનો






ત્યાગ કરીએ તો જ વિશાળ દૃષ્ટિ મળે અને પારમાર્થિક બુદ્ધિએ એવા અવધૂતને જોતાં શીખીએ. તો એમાં જ આપણને સચ્ચિદાનંદસ્વરૂપ પરમ જ્યોતનાં દર્શન થાય. જગતની આંખે પાગલ જણાતો એ પાગલ નથી પણ આનંદમૂર્તિ છે. જ્યાં સુધી જગતની જડતા છે, જ્યાં સુધી જગતનાં બંધનો છે, જ્યાં સુધી જગતનું ભાન છે. જ્યાં સુધી જગતમાં અહંતા છે, મમતા છે ત્યાં સુધી એ પાગલ છે. પણ એ બધાની નિવૃત્તિ પછી જગતને જણાતો પાગલ, પાગલ નથી, પરમાત્મસ્વરૂપ છે. વ્યક્તદશામાં અવ્યક્ત છે. જેને અમૃત અને વિષનો ભેદ નથી, જેને પકવાન્ન જમવાના અને અપવાસના હર્ષશોક નથી, જેને જરિયાન શાલદુશાલાના મોહ નથી, જેને શતખંડ કંથાનો વિષાદ નથી, જેને આવરણરહિત દિગંબર અવસ્થામાં આકાશ અને પૃથ્વીના આધારે રહેવામાં સંકોચ નથી, જેનું મન બધીય અવસ્થામાં સમાન છે તે જ સાચો ડાહ્યો છે, તે જ પરા વિદ્યાનો પારંગત છે અને જે કાંઈ છે તે તે જ છે.

છતાંય આપણે માનીએ કે આવી અસામાન્ય ચેષ્ટાઓ કરનાર પાગલ છે, તો હવે શ્રી અવધૂત પોતે પાગલ નથી તેની પણ તત્ત્વજ્ઞાન દ્વારા આપણને પ્રતીતિ કરાવે છે. સાંભળો, શ્રી અવધૂત કહે છે :

**"જે કર્યું તે ભોગવ્યું, જો શેષ ભોગવવું રહ્યું,"**
**"નિઃશેષ સંચિત લય થયું, તેથી તમારું શું ગયું ?"**

કર્મ અને પ્રારબ્ધનું આ તત્ત્વજ્ઞાન કહેનારને કોણ પાગલ કહેશે ? એને જે પાગલની ઉપમા આપે તેને જ ખરેખર પરોડા મોકલવો પડે ! આસુરી સંપત્તિમાં તરબોળ બનેલા, અતૃપ્ત કામનાઓને પરિણામે માનસિક સ્વસ્થતાના અભાવે આવી અસ્વાભાવિક ચેષ્ટાઓ કરનારા તો જગતમાં ઘણાએ નજરે પડે છે. કોક પાગલખાનાની મુલાકાત લેશો તો આ અને એથીયે વિલક્ષણ અવસ્થાઓવાળા અને ચેષ્ટાઓ કરનારાની ત્યાં તમને ખોટ નહીં જણાય. પણ તેની એવી ચેષ્ટાઓથી જ તે આનંદમૂર્તિ કે આત્મતૃપ્ત છે એમ માનીએ તો આપણે ભીંતમાં માથું ભટકાવી માથું ફોડીએ છીએ. પણ આવી અગમનિગમની અને શાસ્ત્રપ્રમાણિત વાતો જેની વૈખરીમાંથી પુષ્પ પેરે ખરી પડે તે તો કેવળ દૈવીસંપતવિભૂષિત સત્ત્વગુણ સજ્જિત અવધૂત જ કહી શકાય. એવી વાતો પણ તે જ કહી શકે. શ્રી અવધૂતે કહ્યું :

**"જે કર્યું તે ભોગવ્યું,"**

એ તો કર્તાની વાત થઈ. કર્મ કરનાર, કર્મ અને કર્મનો કરાવનાર એ ત્રિપુટીના અભાવે કર્મનો સંભવ નથી. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

**अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम् ।**
**विविधाश्च पृथक्चेष्टा दैवं चैवात्र पञ्चमम् ॥**

"શરીર, કર્તા, જુદા પ્રકારની ઇન્દ્રિયો (પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ

કર્મેન્દ્રિય, મન અને બુદ્ધિ), અનેક જાતની ચેષ્ટાઓ અને પાંચમું દૈવ જ આમાં કારણ છે.''

કર્મ કરાવનાર એક છે, કર્મનો કર્તા બીજો છે, અને કર્મ એ ત્રીજું છે. જે કર્મ કરાવે છે તે જ તેના પરિણામ માટે હકદાર છે. પણ વચમાં સાધન તરીકે જે કર્તાનો તે ઉપયોગ કરે છે તે કર્તા જ જ્યારે અહંભાવના કારણે પોતે જ કર્તા છે અને તેના ફળનો ભોક્તા પણ પોતે જ છે એવી બુદ્ધિ રાખે છે ત્યારે, તે કર્મનાં બંધન તેને સુખ યા દુ:ખરૂપે ભોગવવાં પડે છે. અને તેથી એવા દેહાભિમાની અને કર્માભિમાનીને જ સંબોધીને શ્રી અવધૂત કહે છે'', જે કરે છે તે જ ભોગવે છે અને ભોગાયતન અધૂરાં હોય તો તે ભોગવવાં જ પડે છે. કર્મનાં પરિપક્વ ફળ તે પ્રારબ્ધ છે. અને એ પ્રારબ્ધ જ્યાં સુધી ક્ષીણ થતું નથી ત્યાં સુધી શરીર પડતું નથી. નૈસર્ગિક એ નિયમને અપવાદ નથી. આત્મસાક્ષાત્કાર થાય પણ તેથી તેનું પ્રારબ્ધ ક્ષીણ થતું નથી. અને તેથી પ્રારબ્ધ પૂરું થતાં સુધી નવું પ્રારબ્ધ ઉત્પન્ન કર્યા વગર નિરહં વૃત્તિથી યથાપ્રાપ્ત કર્મ કરતો તે જીવન્મુક્ત તરીકે જીવન પૂરું કરે છે. કર્મનાં બંધનને તો ભોગવે જ છૂટકો છે. કર્મની પ્રથમ અવસ્થા ક્રિયમાણ છે, પછી સંચિત અને પછી પ્રારબ્ધ છે. કર્મ કરવું એટલે જમીનમાં બીજ વાવવું, વૃક્ષરૂપે એ બીજનું રૂપાંતર થાય તે સંચિત અને ફળરૂપે એ રૂપાંતર થાય તે પ્રારબ્ધ. જન્મેજન્મે થતાં કર્મો સંચિત અને પ્રારબ્ધરૂપે રૂપાંતર થાય છે અને પરિણામ પામે છે. તે જ્યાં સુધી નિ:શેષ થતાં નથી ત્યાં સુધી એ ભોગ ભોગવવા જ પડે છે. તેમાં જેને દેહાધ્યાસ નથી તેને એ ભોગનું દુ:ખ પણ થતું નથી અને સુખ પણ થતું નથી. સુખ અને દુ:ખ એ દેહાધ્યાસને કારણે ઉત્પન્ન થયેલા વિકારો છે. શ્રી અવધૂતે અહીં સિદ્ધાંતરૂપે એક વાત કરી છે તે એ છે કે ''જેણે કર્યું તે ભોગવે છે.'' પુત્રનાં કર્યાં પિતાને ભોગવવાં પડતાં નથી. મને તાવ આવશે તેનું કષ્ટ તમે ભોગવશો ? એ તો મારે જ ભોગવવાનું છે. અને તમે કદાચ સહાનુભૂતિ બતાવશો તેથી કંઈ મારું દુ:ખ દૂર થવાનું નથી. તો પછી એ ઉપાધિમાં તમે શા સારુ પડો છો ? મને મારું વેંઢારવા દો. તમારું તમે વેંઢારો ! આ સ્પષ્ટ વાત છે.'' સબ સબકી સમાલિયે મૈં મેરી ફોડતા હૂં'' આ ન્યાય છે. અને તેથી અંતે શ્રી અવધૂત કહે છે : ''જે મેં કર્યું તે મેં ભોગવ્યું. મારું દેવું મેં આપી દીધું. તમારે એ આપવું નહીં પડે. ગભરાશો નહીં. જો મારા કર્મમાં તમારી દષ્ટિએ હજુ બાકી હોય તો તે પણ હું ભોગવી લઈશ. કરેલું દેવું અજાણતાં કાંઈ બાકી રહી ગયું હોય તો આપી દઈશ. તમારા ઉપર એ બોજો નહીં પડે. અથવા મારું સંચિત પૂરું થયું હશે તો, દેવાથી મુક્ત થયેલાને નવું દેવું કરનારની સાવધાની રાખનારની માફક, નિશ્ચિંત પડી રહીશ. જે મારું હશે તે હું ફોડી લઈશ. એ પંચાતમાં પડી તમે શિદને ઉજાગરો વેઠો છો ? ટૂંકમાં મારું સંચિત જ્યારે નિ:શેષ થશે

ત્યારે હું પરમ પદને પ્રાપ્ત કરીશ જ અને ત્યારે કોઈ તેમાં અંતરાયરૂપ થઈ શકશે નહીં. એટલે કોઈએ કોઈની ઉપાધિ વ્હોરવાની કે પંચાતમાં પડવાની જરૂર નથી.

અંતે શ્રી અવધૂતે પોતાની સાચી સ્થિતિનું ભાન કરાવતાં કહ્યું કે :

**"હું કરું હું ભોગવું, ના મેં કર્યું ના ભોગવ્યું ?**
**બસ રંગ કોનું શું ગયું ? જેનું જઈ તેને મળ્યું ?"**

આગળ કહ્યું તેમ દેહાભિમાની, કર્માભિમાની જીવ જ્યારે પોતે કર્તા છે એમ માનીને કર્મમાં અને તેની ફલાસક્તિમાં મુગ્ધ બને છે ત્યારે જ તેના કર્મફળરૂપે સુખ કિંવા દુઃખ ભોગવવાનાં રહે છે. જે કરે છે તે દેહેન્દ્રિયાદિ પંચક કરે છે અને તેથી તેનાં ફળ પણ તે જ ભોગવે છે. આત્મા કાંઈ કરતો નથી. આત્મવિદ્ દેહાધ્યાસથી પર છે અને તેથી તેને કર્મ કે કર્તૃત્વ ભ્રાંતિ નથી. તેથી જ એ કેવળ આત્મસ્વરૂપ છે. આવા આત્મનિષ્ઠ આત્મવિદ્ અવધૂતને કંઈ કર્તવ્ય પણ નથી, કંઈ ભોક્તવ્ય પણ નથી. અને એ દૃષ્ટિએ જ શ્રી અવધૂત કહે છે કે, "જો હું કરતો હોઉં તો મારે ભોગવવાનું છે. પણ હું કાંઈ કરતો નથી એટલે મારે કાંઈ ભોગવવાનું પણ નથી અને જે કરે તેને કર્મનું ફળ મળે તેમાં કોનું શું બગડ્યું ?" "કરે તે ભરે" એ કુદરતનો અટળ કાયદો છે, ને એ કાયદા પ્રમાણે ગુનેગારને શિક્ષા થાય તેમાં ખોટું શું ? જે ઘોડા ઉપર ચઢશે તે જ પડશે. જેણે ન કર્યું હોય તેણે તેનાં સારાં કે માઠાં ફળ ભોગવવાનાં રહેતાં નથી. જે ઘોડે ન ચઢે તેને પડવાનો ભય પણ રહેતો નથી. જે કરે તે ભોગવે તેમાં ત્રીજા માણસને કશો જ લાભ કે હાનિ થતાં નથી. જે કાંઈ જાય છે અથવા રહે છે તે કરનારનું જ જાય છે અથવા રહે છે. અંતે તો એ જેનું હશે તેનું તેમાં જ જઈને મળવાનું છે અને મળે છે. પણ એ ઊહાપોહ શા સારુ ? એ સાચી સમજ આવતાં તો યુગના યુગ વીતી જશે. મોહ, અહંતા અને મમત્વનાં પડળ ઊતરતાં તો અનેક જન્મ ધારણ કરવા પડશે. જેમ કમળાવાળી આંખે જગત પીળું જણાય છે તેમ "હું" અને "મારું"ના પરિણામે જગતમાં મમતાનું જે આવરણ છે તે જ્યાં સુધી દૂર થાય નહીં ત્યાં સુધી તો એનું એ જ રહેવાનું છે. અંતે તો જે કરશે તે જ ભરશે. અને નકામી પંચાત કરનારાઓ ઉજાગરામાં મરશે.

આ સમગ્ર ભજનમાં સામાન્ય માણસને અકળ અને ઊંધા જણાતા અવધૂતની અવધૂતી અવસ્થાનું દર્શન કરવાનું મળે છે. પોતાના પગ તળે શું છે તે જોવાનું મૂકી અહર્નિશ પારકી પંચાત કરતા ક્ષુદ્ર જનોને "તેથી તમારું શું ગયું ?" એવા ગૂઢ ઉપાલંભ પ્રશ્નપૂર્વક પોતાનો હિસાબ ચૂકતે કરવાનો પરોક્ષ રીતે બોધ છે.






(૩૩)

(રાગ-કેદાર, તાલ-ત્રિતાલ)

રે મન ! મસ્ત સદા દિલ રહના;
આન પડે સો સહના - ધ્રુ.
કોઈ દિન કંબલ કોઈ દિન અંબર, કભુ દિગંબર સોના,
આત્મનશામેં દેહ ભૂલાકે, સાક્ષી હોકર રહેના. - રે મન. (૧)
કોઈ દિન ઘીગુડ મૌજ ઉડાના, કોઈ દિન ભૂક સહાના;
કોઈ દિન વાડી કોઈ દિન ગાડી, કભુ મસાણ જગાના. - રે મન. (૨)
કોઈ દિન ખાટ પલંગ સજાના, કોઈ દિન ધૂલ બિછૌના;
કોઈ દિન શાહ બને શાહોંકે, કભુ ફકીરા દીના. - રે મન. (૩)
કડુઆ મીઠા સબકા સુનના, મુખ અમૃત બરસાના;
સમજ દુ:ખસુખ નભબાદલ સમ, રંગ સંગ છુડાના. - રે મન. (૪)

❖

અવધૂત અવસ્થાના અણમોલ આલેખન દ્વારા શ્રી અવધૂતે આ ગીતમાં પણ પોતાની આત્મસ્થિતિનો ઝાંખો ખ્યાલ આપ્યો છે. આત્મસ્થિતિનું ગમે તેવું સચોટ વર્ણન કરવામાં આવે તો પણ, તેના રહસ્યનું યથાસ્થિત જ્ઞાન અને ભાન કરાવવાને શબ્દોમાં સામર્થ્ય નથી. અને તેથી જ 'ઝાંખો ખ્યાલ' કહેવું પડે છે. વસ્તુતઃ શરીરમાંથી પુનઃ ઉદય ન થાય એ રીતે જ્યારે દેહાધ્યાસનો નિ:શેષ અસ્ત થાય છે ત્યારે શરીર અને શરીરિના સંબંધનો જાણે વિચ્છેદ થયો હોય એમ લાગે છે. અને જ્યારે એવો શરીર અને શરીરિનો વિચ્છેદ અનુભવાય છે ત્યારે એ વિચ્છેદનો જે વાસ્તવિક આનંદ છે તે અક્ષરશઃ માણી શકાય છે. એ સિદ્ધાંતને નજર આગળ રાખીને આપણે આ ગીતનો વિચાર કરીએ.

સંસાર સુખિયાનો પણ છે અને દુખિયાનો પણ છે. શ્રી અવધૂતને જ સંસાર સુખિયાનો કે દુખિયાનો નથી. સુખિયા અને દુખિયાના સંસારથી પર એનો "वसुधैव कुटुंबकम्" જેવો સુખદુઃખથી પર સમતાનો વિશાળ સંસાર છે. તેમાં રહીને એ કેટલું અલિપ્ત જીવન વ્યતીત કરે છે તેનો આ ગીતથી ખ્યાલ આવશે.

આટલા વિવેચન પછી હવે આપણે આ ગીતના અર્થનો અને મર્મનો વિચાર કરીએ.

શ્રી અવધૂત મનને સંબોધન કરે છે. જ્યાં જોશો ત્યાં જીવને કોઈ સંબોધન કરતું ભાગ્યે જ મળશે. જે કહે છે તે મનને જ કહે છે. તેનું કારણ એક જ છે. મન એ જ સંસારનો સુકાની છે. મન વિનાનો સંસાર નથી. ચેતન જીવનું કાર્યક્ષેત્ર મનના કાર્યક્ષેત્રથી ભિન્ન છે. જીવ મનને વશવર્તી છે એટલે જીવની સાન ઠેકાણે લાવવાને મનને જ સમજાવવું




ભા. - ૨

જરૂરનું છે. નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત આત્માની ફરતે માયાનું આવરણ મને જ વિસ્તાર્યું છે. અને તે આવરણયુક્ત આત્માને જ શાસ્ત્રોમાં જીવ સંજ્ઞા પ્રાપ્ત થઈ છે. મનસર્જ્યું માયાનું એ આવરણ જીવ આગળથી હટી જાય તો જીવ જેવું કશું જ નથી. પણ જે છે તે આત્મા-અખંડ, અદ્વિતીય, નિત્ય, શુદ્ધ, બુદ્ધ અને મુક્ત આત્મા જ છે. અને તેથી સુખ-દુઃખના મનોરાજમાં મહાલતા અને આત્મશાંતિમાં વિક્ષેપ ઊભો કરવા મથતા મનને ઠેકાણે લાવી તેને આત્મપ્રવણ કરવા માટે આવા આવા બોધ મનને સંબોધીને કરવામાં આવે છે. તેથી શ્રી અવધૂત કહે છે :

'રે મન ! મસ્ત સદા દિલ રહના.'

તત્ત્વચિંતકોએ, જ્ઞાનીઓએ અને સંતોએ આત્મપ્રાપ્તિના માર્ગમાં અંતરાય તરીકે મનને જ સ્વાનુભવસિદ્ધ જવાબદાર ગણ્યું છે. મનનો સ્વભાવ જ ચંચળ છે. એ કોઈ દિવસ સ્થિર થઈને રહેતું જ નથી. અને તેથી જ અસ્થિરને સ્થિર કરવાની, અવશને વશ કરવાની, બધા ઘોષણા કરે છે. મનનો ચાંચલ્યધર્મ જો મન ભૂલી જાય તો તે મિત્રભાવે પરમાત્માને આંગણે જીવને પહોંચાડી દે એમાંયે શક નથી. અને તેથી બીજાઓ પેરે શ્રી અવધૂતે પણ મનને જ સંબોધન કર્યું છે.

મનને પ્રથમ બોધ છે

'રે મન ! મસ્ત સદા દિલ રહના.'

પ્રચંડ ઝંઝાવાતનો આપણે અનુભવ કરીએ ત્યારે વાયુની મસ્ત દશાનું આપણને દર્શન થાય. પ્રચંડ યજ્ઞકુંડમાં કોઈ યોગીની પીંગટ જટા સમી વસોર્ધારાથી પરિતૃપ્ત યજ્ઞની પૂર્ણાહુતિની બહાર નીકળતી અગ્નિની જ્વાળાઓ જોઈએ ત્યારે એની મસ્ત દશાનો આપણને ખ્યાલ આવે. પર્વત સમાં મોજાં ઉછાળતો સમુદ્ર ઘૂ ઘૂ અવાજ કરતો જ્યારે કિનારા તરફ ધસતો હોય ત્યારે સમુદ્રની મસ્ત અવસ્થાનો આપણને ખ્યાલ આવે. ધીરગંભીર શાંત મુદ્રાયુક્ત કોઈ અનિમેષ નેત્રે નિસર્ગને ચીરી તેને પેલે પાર પોતાની નજર નાંખતા આત્મસ્થિત યોગીશ્વરને આપણે જોઈએ ત્યારે તેની મસ્ત અવસ્થાનો આપણને કંઈક ખ્યાલ આવે. મંદમંદ વાયુ લહેરાતો હોય, વનરાજી હરિયાળા પત્રથી ફૂલીફાલી હોય, વૃક્ષે વૃક્ષે કુસુમમંજરીની પરિમલ પમરતી હોય અને સંધ્યા ટાણે અનેકવિધ પક્ષીઓ સ્વચ્છંદપણે કલરવ કરતાં હોય ત્યારે નિસર્ગની એ મસ્ત દશાનું આપણને ભાન થાય. દેહભાન ભૂલીને રમતમાં એકતાર બનેલા કોઈ નિર્દોષ ધૂલીધૂસર બાળકને આપણે જોઈએ ત્યારે તેની મસ્ત દશાનો આપણને ખ્યાલ આવે. ધોધોધોધો મુશળધાર વરસતા મેઘને અને ધરણીને પણ ધ્રૂજાવે એવા કડકડાટ સાથે આકાશમાંથી સોંસરવી પૃથ્વી પર પડી પૃથ્વીને ચીરી, તેના પેટાળમાં પ્રવેશ કરતી વીજળીને આપણે જોઈએ ત્યારે એ મેઘ અને વીજળીની મસ્ત અવસ્થાનો આપણને ખ્યાલ આવે. મદિરા પીને તેના ઘેનમાં ચકચૂર,





દેહભાન ભૂલેલા કોઈ દારૂડિયાને આપણે માર્ગમાં ચાલતો અથવા ગટરના કાદવકીચડમાં આળોટતો જોઈએ ત્યારે તેની મસ્ત દશાનો આપણને ખ્યાલ આવે. એ બધાંય પ્રાકૃતિક મસ્ત અવસ્થાનાં પ્રતીક છે. મનને પણ આવી પ્રાકૃતિક મસ્તીનો અનુભવ છે. માતેલા હાથીની માફક વિષયકેફમાં મસ્ત થઈ એ મહાલે છે પણ એ મસ્તી ક્ષણિક છે. કાગળની કરિણી (હાથણી)ને જોઈને ભાન ભૂલી એના તરફ દોડતા હાથીની માફક કાલ્પનિક વિષયો પાછળ દોડતું મન બીજી જ ક્ષણે દુઃખના ઊંડા ખાડામાં પડી બેહાલ થાય છે. એટલે એને એ વિષયાસક્તિમાંથી છોડેલી આત્માનંદની કાયમી મસ્તીનો અનુભવ કરાવવા અહીં એને બોધ કરવામાં આવ્યો છે અને અન્ય નિરપેક્ષ આત્માનંદમાં મગ્ન બેફિકર એટલે જ મસ્ત રહેવાનું કહેવામાં આવ્યું છે.

શ્રી અવધૂત કહે છે, ''હે મન ! પોતાનામાં જ, નિજાનંદમાં જ સદા મસ્ત રહેવું.'' સ્થિતપ્રજ્ઞની વ્યાખ્યા કરતાં શ્રી ભગવાને અર્જુનને પણ

आत्मन्येवात्मना तुष्टः।

એમ કહ્યું છે. જે હરહંમેશ પોતાનામાં જ સંતુષ્ટ રહે છે તે સ્થિતપ્રજ્ઞ છે. ત્યારે શું શ્રી અવધૂત મનને પોતાનું ચાંચલ્ય ભૂલીને સ્થિતપ્રજ્ઞ થવાની સલાહ આપે છે ? લાગે છે તો એમ જ. મનની બે અવસ્થા : એક આત્માવસ્થા અને બીજી ચાંચલ્યાવસ્થા. જ્યાં સુધી મન ચાંચલ્યમાં જ આનંદ માણે છે ત્યાં સુધી તે વિષયોથી છૂટું પડી શકતું નથી. જ્યારે વિષયોથી છૂટું પડે છે ત્યારે તે પોતાને ઓળખીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં લીન બની જાય છે. મન જ્યારે પોતાનામાં લીન બની જાય છે ત્યારે તે પોતાનો મરકટના જેવો સ્વભાવ ભૂલી જાય છે અને ત્યારે જીવને પણ તે વિષયો તરફ આકર્ષવાને બદલે પરમતત્ત્વ તરફ આકર્ષે છે અને જીવના મિત્રની ગરજ સારે છે. અને ત્યારે જ મનથી મોકળું બનેલું જીવતત્ત્વ શિવતત્ત્વમાં તદ્રૂપ બની જાય છે. એ સ્થિતિ ક્યારે થાય છે ? જ્યારે મન 'દિલ'થી મસ્ત રહે ત્યારે. મનનું જે દિલ વિષયોમાં છે તે 'દિલ' પોતાના શુદ્ધ આત્મસ્વરૂપ સાથે ઐક્ય સાધે છે ત્યારે જ મન પોતાના આછકલા, સમુદ્રના કિનારા ઉપર છલકાતા તરંગ પ્રમાણેના, સ્વભાવને ત્યાગીને ધીરગંભીર પ્રશાંત સમુદ્ર જેવું શાંત બની જાય છે. તેવી અવસ્થા હાથ કરવા માટે અહીં શ્રી અવધૂતે મનને સંબોધન કર્યું છે. અને તેનો સૌથી પ્રથમ ઉપાય છે

**''આન પડે સો સહના''**

અલ્યા ભાઈ, એવું તે શું આવી પડવાનું છે ? જન્મ્યા ત્યારથી મરશું ત્યાં સુધી પ્રારબ્ધને આધીન સુખદુઃખ, સારુંનરસું તો કપાળે ચોંટેલું જ છે અને તે ભોગવ્યે જ છૂટકો છે. ભોગવવાની ઇચ્છા હશે તો પણ ભોગવવાનું છે અને ભોગવવાની ઇચ્છા ન હોય તોયે ભોગવવું તો પડશે જ. અને તેથી જ

**'આન પડે તો સહના'**





એમ કહીને શ્રી અવધૂત પ્રારબ્ધ તરફ સંકેત કરીને, જે આવી પડે તે ભોગવવામાં સહનશીલતાનો સદ્‌ગુણ કેળવવાનો આદેશ કરે છે.

ઈચ્છવાજોગ ન હોય એવા સંજોગો ઉત્પન્ન થાય છે ત્યારે અથવા વિપરીત પરિસ્થિતિ ઊભી થાય છે ત્યારે માનવી પોતાનું સમતોલપણું ગુમાવી દે છે અને સંજોગોને શાંત ચિત્તે આધીન થવાનું અથવા તેનું નિવારણ કરવા માટે પ્રયત્ન કરવાનું ભૂલીને નિઃસહાય જેવો બની જાય છે. એ નિર્બળતાનું નિવારણ શાસ્ત્રોનાં પોથાં વાંચ્યાથી કે ઉપદેશ સાંભળ્યાથી થતું નથી. સંતોના જીવનનો અભ્યાસ કરવાથી, સંતોની પરિચર્યા કરવાથી, સંતોની માનસિક સમતુલાના આચારયુક્ત વર્તનનું અવલોકન કરવાથી એ નિર્બળતાનું નિવારણ થઈ શકે છે. અને ત્યારે જે આવી પડે તે સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

ભૂખ્યાં, ટળવળતાં બાળકોને જોઈને સુદામાની પત્નીએ માનસિક સમતુલા ગુમાવી પણ સુદામા તો સ્થિર રહ્યા. નરસિંહે ભાભીનાં કટુ વેણ શ્રવણ કરીને પોતાની માનસિક સમતુલા ન ગુમાવી પણ તે પ્રસંગને જીવનની ધન્ય ઘડી માની. રાણાના અનેકવિધ અધિક્ષેપોને સહન કરતાં મીરાંએ પોતાની માનસિક સમતુલા સાચવી. ભક્તોનાં ચરિત્રો આપણને ભલે ભક્ત નહીં બનાવે પણ માનવ તરીકે માનવતાભર્યું જીવન જીવવાની, જીવનમાં શાંતિ અનુભવવાની ચાવી તો જરૂર આપે છે. અહીં પણ આપણને એ જ વાત શીખવાની મળે છે. મનને સંબોધીને શ્રી અવધૂતે કહેલું આ વાક્ય ખરેખર માનસિક સમુતલા સાચવી રાખીને, જે સંજોગો ઉત્પન્ન થાય તે પ્રભુદત્ત છે અને આપણા કલ્યાણને માટે જ છે એવી સમજપૂર્વક અને વીરતાપૂર્વક સહન કરવાની માનવીમાં હિંમત આણે છે. કાયરતાને આધીન થયેલો પુરુષ ઊંચે આવી શકતો નથી. અને તેથી જ

**'આન પડે સો સહના'**

એ જ જીવન જીવવાનો અને સદાય મસ્ત રહેવાનો સાચો મંત્ર છે.

જગત અને જાગતિક પ્રપંચ માત્ર વ્યાવહારિક સત્ય ભલે હોય, પારમાર્થિક સત્ય તો નથી જ. પારમાર્થિક સત્ય તો કેવળ પરબ્રહ્મ એક જ છે. સુખદુઃખ આદિ લાગણીઓ વ્યાવહારિક છે, શરીર દૃષ્ટિએ જ છે. નામ, રૂપ, ગુણ, આકારના વિભાગો કેવળ વ્યવહારને વ્યવસ્થિત રાખી સમાજની સમતુલા જાળવવાના હેતુએ જ છે. જાતિ, ધર્મ, ગુણ, વર્ણ, આશ્રમ આદિ અનેક વ્યવસ્થાઓ વ્યાવહારિક દૃષ્ટિએ જ સમાજની સુવ્યવસ્થા અને સમતુલા અંગે જ છે. પારમાર્થિક દૃષ્ટિએ એ મિથ્યા છે. વિચારકોએ અને અનુભવીઓએ તેથી જ એ પ્રપંચને માયા અથવા ઇન્દ્રજાળ તરીકે વર્ણવી છે. જે નથી તેનો ભાસ થાય ત્યારે, જેમ શરીરનું પ્રતિબિંબ દર્પણમાં જણાય છે પણ તે પ્રતિબિંબને શરીરની વિકારયુક્ત લાગણીઓનો અનુભવ થતો નથી, તેમ શરીરમાં સર્જાતી વિકારયુક્ત

લાગણીઓનો આત્માને પણ અનુભવ થતો નથી. સારો યા માઠો જે અનુભવ થાય છે તે કેવળ અહંતા-મમતાયુક્ત જીવને થાય છે. અને તેથી વ્યાવહારિક સત્યને મિથ્યા માનીને એ સત્યને અનુષંગી જે લાગણીઓનો ઉદ્ભવ થાય છે અથવા પરિસ્થિતિ સર્જાય છે તેને દર્પણમાંના પ્રતિબિંબ સમાન માનીને, સહન કરવાનું અને માનસિક સમતુલા જાળવી રાખવાનું અહીં શ્રી અવધૂતે કહ્યું છે તે 'વ્યાવહારિક સત્યને' અનુલક્ષીને જ કહ્યું છે. પારમાર્થિક દૃષ્ટિએ તો એકમેવાદ્વિતીયમ્ બ્રહ્મ જ સત્ય છે અને તેને પંચકોષાત્મક ગુણજનિત કોઈ પણ વિકારનો સ્પર્શ સરખો પણ થતો નથી. અને તેથી જેને કાંઈ પણ આવી ન પડે તેણે કશું જ સહન કરવાનું રહેતું નથી. જેને આવી પડે છે તે જીવને જ સહન કરીને સુખ અથવા દુઃખના વિકારોના ભોગ બનવાનું છે. એ અનુકૂળ અથવા પ્રતિકૂળ સંજોગોને પારમાર્થિક દૃષ્ટિએ જોવાની જીવને ટેવ પડે ત્યારે, જેમ સ્વપ્ન સાચું નથી તેમ એ સંજોગો પણ સાચા નથી અને તે સમુદ્રનાં મોજાં પેરે, જેમ આવે છે તેમ, વહી જવાના છે એવી પ્રતીતિ થાય છે અને ત્યારે તે માનસિક સમતુલા સાચવીને પોતાના પારમાર્થિક સ્વરૂપમાં સ્થિર બને છે. ધનવાન સદા ધનવાન રહેતો નથી. પરિવર્તન એ જેમ પ્રકૃતિનો ધર્મ છે તેમ, પ્રકૃતિના એક અંગ તરીકે, માનવજીવનનો પણ પરિવર્તન એક ધર્મ છે. પ્રકૃતિ જેમ પળેપળે પલટાય છે તેમ માનવજીવન પણ પળેપળે પલટાય છે. આજે છે તે કાલે નથી, કાલે છે તે વળતે દિ નથી અને તેથી સમતોલ સ્વભાવવાળો માનવી સુખમાં છલકાતો નથી અને દુઃખમાં ડુભાતો નથી. પરપોટો હવા લાગતાં ક્યારે ફૂટશે તેનું કોઈને જ્ઞાન નથી. જીવનમાં વિપરીત જણાતા સંજોગો ક્યારે પલટાશે તેની કોઈને ખબર નથી. અને તેથી ધૈર્યપૂર્વક આવેલી પરિસ્થિતિમાંથી પસાર થવું એમાં જ માનવજીવનની મહત્તા છે અને તેથી

**'આન પડે સો સહના'**

એ સૂત્રને જીવનનો મુદ્રાલેખ બનાવનાર માનવી સદા શાંતિ અને સુખમાં જ જીવશે એ નિઃશંક છે. અસ્તુ.

આગળ ચાલતાં એ જ વાતનું વિવરણ કરતાં શ્રી અવધૂત કહે છે :

**"કોઈ દિન કંબલ કોઈ દિન અંબર, કભુ દિગંબર સોના."**

મનને વશવર્તી જીવ પ્રારબ્ધ ભોગવવા માટે અનેક દેહ ધારણ કરે છે. ધારણ કરે છે એમ નહીં પણ જ્યાં સુધી, પ્રારબ્ધ ક્ષીણ ન થાય ત્યાં સુધી જીવ પ્રારબ્ધને અનુરૂપ શરીર ધારણ કરવાને બંધાયેલો છે. એ જન્મમરણના ફેરા પૂરા થાય છે જ્યારે પ્રારબ્ધ નિઃશેષ ક્ષીણ થાય છે ત્યારે. અગ્નિને જ્યાં સુધી પોતાનું ભક્ષ્ય મળે છે ત્યાં સુધી તે સળગતો જ રહે છે. જીવને જ્યાં સુધી પ્રારબ્ધ છે ત્યાં સુધી તે જન્મવાનો છે એ નિર્વિવાદ છે. એવા પ્રારબ્ધવશાત્ મળેલા શરીરને પ્રારબ્ધાનુરૂપ જે

સુખદુઃખ સહન કરવાં પડે છે. તે સહન કરવાની શ્રી અવધૂતે સલાહ આપી છે. સુખનો આનંદ માણનાર જીવ દુઃખનો વિષાદ પણ અનુભવે છે. સુખનો આનંદ અને દુઃખનો વિષાદ એ કેવળ મનની ભ્રમણા છે. અને તેથી સાચી સ્થિતિ તો સુખમાં સુખ અને દુઃખમાં પણ સુખનો અનુભવ કરવો એ જ છે. ઉભય પરિસ્થિતિમાં સમતોલ રહેનાર માનવ સાચો સુખી છે. સુખને પણ મનથી જ માનવાનું છે અને દુઃખને પણ મનથી જ માનવાનું છે; એટલે મનને વાસ્તવિકતાનું ભાન કરાવવાથી અને તે રીતે કેળવવાથી મન પોતાનો સ્વભાવ ભૂલતું થાય એવું તેને બનાવવું એ જ સાચો પુરુષાર્થ છે. અને તેથી હર્ષ અને વિષાદ અવસ્થામાં પણ સદાસર્વદા સમભાવની ભાવના કેળવવાને શ્રી અવધૂત કહે છે :

"કોઈ દિન કંબલ"

આપણને બિછાનાની વરણાગી હોય ત્યારે ગાદલાં જોઈએ. સવા મણ રૂની સેજ પર સૂવું જોઈએ, સુંદર રેશમી ચાદર જોઈએ અને તે આ નશ્વર દેહ, જે અંત સમે તો કાષ્ઠની સેજ પર સૂવાને સર્જાયેલો છે, કિંવા માટીમાં દટાવાને કે જળ પ્રવાહમાં વહી જવાને સર્જાયેલો છે, તેને સૂવાને જોઈએ. એ વૈભવ જેની પાસે સંપત્તિ છે તેને છે. જેને ધનની હૂંફ નથી, જેને પૂરાં પહેરવાનાં કે ઓઢવાનાં વસ્ત્ર નથી, જેને સૂવા માટે ફાટીતૂટી ગોદડી તો શું પણ કેવળ સાદડીનો પણ અભાવ છે તે બિચારો એ વરણાગી ક્યાંથી કરે ? અને કરે તોય ગરીબનું છોરુ રાજમહેલમાં રહેવા શી રીતે જાય ? દિવસભર સૂર્યના પ્રખર તાપમાં મહેનત મજૂરી કરે તો સાંજને છેડે રોટલો રળતો એક મજૂર જે મળ્યું તે સંતોષથી ખાઈને સૂઈ જાય છે ત્યારે તે ઘસઘસાટ ઊંઘતા શરીરને તે ક્યાં સૂતું છે તેનું જ જ્ઞાન નથી હોતું. સુષુપ્તિ અવસ્થામાં શરીર, ઇન્દ્રિયો, મન, વિષયો અને સમગ્ર સંસાર આત્મામાં લીન બની જાય છે ત્યારે તે ક્યાં પડ્યું છે, સ્મશાનમાં છે કે રાજમહેલમાં છે તેનું તે શરીરને જ્ઞાન હોતું નથી. ત્યારે ત્યાં બિછાનાની વરણાગી કોણ કરે ? એ બધા ચેનચાળા 'મળતા'ના છે. જેને મળે છે તે સારાનરસાની વરણાગી કરે છે. જેને નથી મળતું તેને જે મળે છે તેમાં સંતોષ છે અને તેથી તે સુખી છે. મનને મારવાનો અથવા મનની વ્યાવહારિક પ્રવૃત્તિને પારમાર્થિક માર્ગે દોરવવાનો શ્રી અવધૂતભાખ્યો આ માર્ગ જીવનમાં ઉતારવા જેવો છે. કોઈ દિવસ કામળ પર સૂવાનું મળે, કોઈ દિવસ શાલદુશાલા અને સુંદર સેજ પર સૂવાનું મળે અને કોઈ દિવસ પાથરવાનુંયે ન હોય, ઓઢવાનુંયે ન હોય, પહેરવાનું પણ કાંઈ ન હોય ત્યારે જમીન પર સૂવાનો અવસર પણ આવે. આ બધીય પરસ્પર વિસંવાદી પરિસ્થિતિમાં અભેદબુદ્ધિ થાય તો એ બધીય પરિસ્થિતિનો સામનો કરવાની શક્તિ આવે. કોઈ વખત ભૂમિ પર પણ શયન કરવું પડે અને કોઈ વખત પર્યંક પર પણ શયન કરવું પડે. જે

મનસ્વી કાર્યાર્થી છે તે એ ઉભય પરિસ્થિતિમાં ભેદદૃષ્ટિ રાખતો નથી. એ વરણાગી તો બધી દેહની છે. અલ્યા, આજે તો જમીન ખૂંચશે અને કાલે તો પલંગમાં પણ ઊંઘ નહીં આવે. પણ જ્યારે એક દિવસ સ્મશાનમાં લાકડાં પર સૂઈશ ત્યારે કોને કહેશે ! અને ત્યાં જ્યારે ઓઢવાને અગ્નિની ચાદર મળશે ત્યારે ક્યાં જઈશ ? ના, શરીરને ગમે તેમ વેડફી નાંખવાનું શ્રી અવધૂત કહેતા નથી પણ શરીરમાં જે આસક્તિ છે, 'હું દેહ છું' એવું જે દેહભાન છે તે દેહભાનને ભૂલવા માટે, નશ્વર શરીરમાં રહેલા શાશ્વત જીવને પોતાના સત્ય સ્વરૂપનું ભાન થવાને આ બધા અખતરાઓ કરવા જેવા છે. દેહની એ બધી વરણાગીઓને જીવ મનને કારણે આધીન બને છે ત્યારે જ જીવ પોતાની જાતને ભૂલીને, કાગડો હંસ થવા જતાં, નથી કાગડો રહેતો કે નથી હંસલો થતો તેમ, મનનો દોરવ્યો જીવ નથી શિવ થઈ શકતો કે નથી જીવ રહી શકતો અને ઉભય પક્ષે ત્રિશંકુ જેવી ગતિ થાય છે. જીવને શિવ થવું હોય તો મનની માયા મૂકીને આપ સૂઝ્યું કરવાનું શરૂ કરવું જોઈએ. દેહમાંથી જીવનું મમત્વ ઘટાડવા માટે આવા અખતરાઓ અનુભવવાની જરૂર ઉપર શ્રી અવધૂત ભાર મૂકે છે. વેદિયા જ્ઞાનના ઉપદેશ માટે સર્વસાધારણ સમાજ અધિકારી નથી. નિત્યની વહેવારુ વાતોમાં ઉતારીને તત્ત્વજ્ઞાન કહેવાથી એ વાત સ્વાભાવિક બની જાય છે અને તેનું પરિણામ આવે છે. સાચા સંતો વાતોમાં જ જ્ઞાનનો ઉપદેશ કરે છે. આ વાતો જીવનમાં વણી શકાય એવી હોય છે અને તે દ્વારા જાણે અજાણે પણ તત્ત્વજ્ઞાન જીવનમાં ઊતરી જાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે બાહ્ય સુખસગવડોની બાબતોમાં આપણે મનને જેટલું બહેકવા દઈએ તેટલું જ આપણે ભોગવવું પડે છે. અને તેથી એવી મામૂલી બાબતોમાં મનને શ્રી અવધૂત કહે છે તેમ

**"આત્મનશામેં દેહ ભૂલા કર સાક્ષી હોકર રહના."**

"દેહને વિસારે મૂકી આત્માનંદની મસ્તીમાં સાક્ષી બનીને રહેવું." એવો બોધ આપે છે.

અને જે ધનસંપત્તિના નશામાં તમે અમનચમન કરો છો, જે સંપત્તિના ઘેનમાં તમે સુખચેનથી જીવન વ્યતીત કરો છો તે ધનસંપત્તિ તો પ્રારબ્ધની દીધી છે. એ પ્રારબ્ધ તમને એક દિવસ દગો પણ દેશે. તમારી એ ધનસંપત્તિ, તમારાં એ સુખચેનનાં સાધનો એક જ પળમાં તમારી પાસેથી ઝૂંટવી લેશે અને તમે હતા ન હતા થઈ જશો. ત્યારે તમે એ પ્રારબ્ધનો પ્રતિકાર નહીં કરી શકો. ત્યારે તમે એ પ્રારબ્ધને પડકારી પણ નહીં શકો. આજે વૈભવવિલાસમાં ભાન ભૂલેલા તમે એક દિવસ મારગના પાણા જેવા રઝળતા રખડતા થઈ જશો ત્યારે તમારી એ સંપત્તિની ખુમારી ઊતરી જશે. ત્યારે તમને તમારી વાસ્તવિક પરિસ્થિતિનું ભાન થશે અને વિષાદની જ્વાળામાં તમે રાતદિન પ્રજળશો. ત્યારે તમારી એ સુખશય્યા તમને સહારો





નહીં આપે. ત્યારે તમને પથરાળ જમીન પર શરીરને ઢાળતાં આંસુ આવશે. ત્યારે તમને તમારા જરીદુશાલા યાદ આવશે અને તમે તેને સંભારી સંભારીને, જેમ એક માતા મૃત બાળકને સંભારી સંભારીને રુદન કરે છે તેમ રોશો. એ પરિસ્થિતિનો અનુભવ ન કરવો પડે માટે જ શ્રી અવધૂત અહીં તમને આત્મનશામાં ચકચૂર બનવાની સૂચના આપે છે.

આકંઠ મદિરાપાન કરીને દેહભાન ભૂલેલા દારૂડિયાને તેનું શરીર ગટરમાં પડ્યું છે કે સવા મણ રૂની સેજ ઉપર પડ્યું છે તેનું ભાન હોય છે ખરું? અને તેણે શું પહેર્યું છે, તેણે શું ઓઢ્યું છે, અરે, તે ક્યાં છે તેનું પણ તેને ભાન હોય છે ખરું ? એ અજ્ઞાનનું કારણ જેમ મદિરાનો નશો છે તેમ તમારે પણ જ્ઞાનનું પાન કરીને જ્ઞાનનશામાં દેહભાન ભૂલવાનું છે. દેહભાન ભૂલશો એટલે દેહની સાથે સંબંધ ધરાવતી તમારી બધી જ વરણાગી તમે ભૂલી જશો એ નિઃશંક છે. અને તે જ કરવાનું, સાક્ષી બનીને દેહભાન ભૂલવાનું અહીં શ્રી અવધૂત કહે છે.

એ મદિરાપાનનો નશો ક્ષણિક છે. તેનું મારણ પણ છે. આત્મનશો એકાએક ચઢતો નથી. અનેક જન્મના પુણ્યના પ્રભાવે આત્મવિચાર કરવાની વૃત્તિ થાય છે. જ્યારે જ્ઞાનમદિરાનું પાન કરો ત્યારે આત્મનશો ચઢે અને એક વખત આત્મનશો ચઢ્યા પછી તે ઊતરતો નથી. ભૌતિક મદિરાનો નશો ઊતરે છે ત્યારે દેહભાન જાગ્રત થાય છે. આત્મનશો ચઢે છે ત્યારે દેહભાન નિઃશેષ નિવૃત્ત થાય છે અને દેહની પુનરાવૃત્તિ જ થતી નથી. એટલે દેહભાન જાગ્રત થવાનો સંભવ જ નથી. જેમ મદિરાપાનમાં ચકચૂર બનેલો માનવી મદિરાના નશામાં ગમે તેમ બોલે છે તેમ દેહ અહંતાના નશામાં ચકચૂર બનેલો માનવી પણ

कोऽन्योस्ति सदृशो मया...

એવાં અભિમાનયુક્ત વચનો કાઢે છે. પરિણામે તો તે પણ કાળના ગલમાં જ ફસાય છે. આત્મનશામાં ચકચૂર બનેલો, દેહભાન ભૂલેલો માનવી જગત અને જાગતિક પ્રપંચથી અલિપ્ત રહીને, જેમ આપણે નાટક કે તમાસો જોઈએ છીએ તેમ, દેહનો, જગતનો અને જાગતિક પ્રપંચનો કેવળ દૃષ્ટા અથવા સાક્ષી બનીને રહે છે. અને તેથી તે નિર્લેપ છે. છોકરાંઓ ભૂખ્યાં ટળવળતાં હોય, પત્ની મરણશૈયાએ પડી હોય, ઘરમાં કોડી પણ ન હોય ત્યારે 'મારે શું' એમ કહેવું એ માનવતા નથી. એ સાચું સાક્ષીત્વ નથી. કોઈ પણ દૃશ્યનો જોનાર તે દૃશ્યનો દ્રષ્ટા પણ છે અને સાક્ષી પણ છે. અને તેથી જ્યાં સુધી જગત છે, જગતનો પ્રપંચ છે અને જ્યાં સુધી સંસારમાં રહેવાનું છે, ત્યાં સુધી છોકરાંઓનાં પેટ પણ ભરવાં પડશે, બીમાર પત્નીની સેવાશુશ્રૂષા અને સારવાર પણ કરવી પડશે અને તે બધું કર્યા છતાંય તેમાં નિર્લેપ રહેવું એજ સાચું સાક્ષીત્વ છે. દૃશ્યનું સમ્યક્ દર્શન પણ એ જ છે. વિષયોને જોવા છતાં, તેનો આસ્વાદ લેવા છતાં,






તેનો અનુભવ કરવા છતાં, જ્યારે તેમાં વાસ્તવિક આસક્તિનો અભાવ હોય ત્યારે સાચું સાક્ષીત્વ અથવા દ્રષ્ટાભાવ પ્રાપ્ત કરી શકાય. અને તે પ્રાપ્ત કરવાને આગળ કહ્યું તેમ, જે જે પરિસ્થિતિમાં પ્રારબ્ધવશ મનુષ્ય મુકાય તે તે પરિસ્થિતિનો પ્રતિકાર કર્યા વિના, કર્તવ્યબુદ્ધિથી તેને સહન કરવી અને તેમાં થતા આનંદ કે વિષાદના ભોગ ન બનતાં, તેમાંથી પાર ઊતરવું એ જ સાક્ષીત્વનો સાચો અર્થ છે. સૂર્યને શાસ્ત્રોમાં 'કર્મસાક્ષી' તરીકે વર્ણવ્યો છે. સૂર્યના પ્રકાશમાં અનેક શુભાશુભ કર્મો થાય છે છતાં તેમાંનું એકે કર્મ સૂર્યને બંધન સર્જાવતું નથી. તે જ રીતે મનુષ્યને માટે પણ સાક્ષીભાવ કેળવવાને, કર્મ કરવા છતાં તેમાં નિર્લેપતા અને અનાસક્તિ ભાવ કેળવવાની જરૂર છે. પાણીના ઘડામાં પડેલું સૂર્યનું પ્રતિબિંબ જેમ ઘડાના પાણીથી ભીંજાતું નથી અને સૂર્ય પણ ભીંજાતો નથી તેમ શરીરથી અનાસક્તભાવે થતાં પ્રારબ્ધપ્રેરિત કર્મો તેના કરનારને બંધનયુક્ત થતાં નથી. જ્યાં કર્તૃત્વ અને ભોક્તૃત્વનું અભિમાન છે, 'હું કર્તા-હું ભોક્તા,' એવી જ્યાં સુધી વૃત્તિમાં અહંતા છે ત્યાં સુધી જ એ કર્મો બંધન સમજાવે છે. સાક્ષીભાવ સિદ્ધ કરવાને એ કર્તૃત્વ અને ભોક્તૃત્વની અહંતાનો નિઃશેષ ક્ષય થવાની જરૂર છે. સાક્ષી બનવા પહેલાં દેહભાન ભૂલવાની જરૂર છે. એ દેહભાન ક્યારે ભુલાય? જ્યારે દેહમાંથી અહંતા જાય, દેહના સંબંધીઓમાં રહેલી મમતા જાય અને એ દેહ અને દેહનો સંસાર અંતરથી અળગો થાય ત્યારે સાક્ષીત્વ આવે અને દેહભાન ભુલાય. આપણે પ્રાતઃકાળે ઊઠી રાત્રે સૂઈએ છીએ ત્યાં સુધીમાં કેટલાં દૃશ્યો જોઈએ છીએ ? તેમાંનાં કેટલાં દૃશ્યોના અથવા પ્રસંગોના સંસ્કાર અંતર પર અંકિત થાય છે ? જ્યાં આત્મીયતા નથી તે દૃશ્યો અથવા પ્રસંગોના સંસ્કાર અંતર પર અંકિત થતા નથી. તે જ રીતે સંસારમાં રહેવા છતાં આત્મીયતાને અંતરથી અળગી કરીને સંસારમાં રહેનાર, સંસારનો સાક્ષી બને છે—દ્રષ્ટા બને છે. અને તે જ 'હું દેહ છું' એ દેહભાન ભૂલીને, 'હું દેહી છું' એવું સતત ભાન જાગ્રત રાખીને, એક સમ્યક્ સાક્ષી તરીકે જગતમાં જીવન જીવી શકે છે. જનકવિદેહી અરણ્યમાં નહોતા વસતા, વશિષ્ઠ વનવગડે નહોતા વસતા અને છતાંય તે સાક્ષી બનીને જ પોતાના આશ્રમ અને વર્ણના ધર્મનું યથાસ્થિત પાલન કરતા હતા. એ છે શ્રી અવધૂતભાખ્યા,

**'સાક્ષી હોકર રહના'**

એ સૂત્રનું રહસ્ય.

હવે આગળ ચાલીએ. શ્રી અવધૂતે હવે આહારના પ્રશ્નનો નિર્ણય કર્યો છે.

**'કોઈ દિન ઘીગુડ મૌજ ઉડાના, કોઈ દિન ભૂક સહના;'**



આપણે જોયું કે આત્મનશામાં દેહને ભૂલીને સાક્ષી બનીને રહેવું એટલે દેહસહિત દેહના બધાય ધર્મોથી નિર્લિપ્ત બનીને અને દેહની બધી

વૃત્તિઓને નિવૃત્ત કરીને, કેવળ એ દેહના તમાશાના સાક્ષી તરીકે જ રહેવાનું છે. પંચકોશાત્મક દેહના પ્રત્યેક કોશના ધર્મો પણ ભિન્નભિન્ન છે.

સ્થૂળ દેહ અન્નમયકોશ છે. પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય કોશ એ લિંગદેહમાં છે. આનંદમય કોશ કારણદેહમાં છે. જેણે સાક્ષી બનીને રહેવાનું છે તેણે આ પાંચેપાંચ કોશથી ભિન્ન રહેવાનું છે.

એ આત્માને સ્થૂળ દેહના કોઈ પણ ધર્મ સાથે સંબંધ નથી. એ આત્મા અન્નમય કોશના એ બધાય વિકારોથી ભિન્ન છે. નિર્વિકાર અને નિરામય છે.

ભૂખ, તરસ આદિ વિકારો પ્રાણમય કોશના છે. પ્રાણનો આધાર અન્ન ઉપર છે અને તેથી પ્રાણની ક્રિયા અર્થે અન્નની આવશ્યકતા છે. અને તેથી અહીં શ્રી અવધૂતે એ પ્રાણને પોષણ આપવા માટે જ અન્ન લેવાની જરૂર છે એમ સૂચવ્યું છે. એ અન્ન જ્યારે પ્રાણ અને તે દ્વારા શરીરને પુષ્ટ કરવા માટે જ લેવાનું છે ત્યારે મિષ્ટાન્નથી પણ શું અને દેહરખું સાદું ભોજન મળે તો પણ શું ? અને તેથી સાક્ષી બનવા માટે અન્નમય કોશ અને પ્રાણમય કોશના વિકારોની નિવૃત્તિ થવી જોઈએ એમ કહી શકાય. જ્યાં સુધી ભોજનની વરણાગી છે ત્યાં સુધી ખટરસમાં પ્રીતિ રહે છે. અને તેટલે અંશે વૃત્તિ બહિર્મુખ હોવાથી આત્માના સાક્ષીત્વની સિદ્ધિમાં વિઘ્ન અને અંતરાય આવે છે. સાચો સંયમી આહાર તરફ જરાય લક્ષ આપતો નથી. તે પકવાન્ન મળે તેથી રાચતો નથી અને કોરાન્ન–ભાખરો મળે તેથી તેને શોક પણ થતો નથી. એ સ્વાદ પણ ક્યાં સુધી ? ગળેથી નીચે ઊતરેલા અન્નનો સ્વાદ ક્યાં રહે છે ? સાચો સાધક જે પરિસ્થિતિમાં-હોય તે પરિસ્થિતિને અનુકૂળ થવામાં મનમા જરાય કચવાટ થવા દેતો નથી. એવા મનસ્વી સંયમીને કોઈ દિવસ લાડુ મળે તો તેનો આનંદ નથી, તે સ્વાદથી તે ખાતો નથી. કોઈ દિવસ સૂકો રોટલો મળે તો તેનો તેને વિષાદ નથી. તેને લાડુ અને રોટલામાં જરાય ભેદ જણાતો નથી. કારણ કે તેની દૃષ્ટિ આહારના હેતુ પર જ હોય છે. આહારની વાનગી પર તેની નજર રહેતી નથી અને તેથી દેહરખા અન્નમાં તેને વરણાગી હોતી નથી; એટલું જ નહીં પણ કોઈ દિવસ કડાકા કરવાના આવે તો પણ તેની તેને ચિંતા રહેતી નથી. આહારમાં આસક્તિના અભાવે જે મળે તે ખાઈને તે જીવનનિર્વાહ ચલાવે છે. ''સાચો સાધક જીભને પૂછીને ભોજન કરતો નથી. દેહની આવશ્યકતાને ટાળવાને, પ્રાણને નિભાવવાને પેટને પૂછીને ભોજન કરે છે.'' ''જેણે જીભ જીતી તેણે જગત જીત્યું'' એવી એક કહેવત પણ છે. જ્યાં સુધી જીભની વરણાગી છે ત્યાં સુધી સાધકની આત્મવૃત્તિ સ્થિર નથી. સાક્ષી બનીને રહેવાનું આ એક સાધન છે.

મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એ ત્રણે કોશના પણ ભિન્ન ભિન્ન ધર્મો અને વિકારો છે. જ્યાં સુધી જીવને જીવભાવ છે ત્યાં સુધી

જ એ પંચકોશાત્મક વિકારો છે અને રહે છે. જીવભાવમુક્તને એકે કોશનો એકે વિકાર સ્પર્શ કરી શકતો નથી, એટલું જ નહિ પણ તેનું અસ્તિત્વ જ રહેતું નથી. અસ્તુ.

હવે શ્રી અવધૂત રહેવાની જગ્યાઓનો નિર્દેશ કરે છે.

**"કોઈ દિન વાડી કોઈ દિન ગાડી, કભુ મસાણ જગાના."**

શ્રી અવધૂતે આ ગીતમાં

"समत्वं योग उच्यते"

એ સૂત્રનું વ્યાવહારિક સત્ય અનુસાર પ્રતિપાદન કર્યું છે. સમત્વની ભાવના જ્યાં સુધી જાગ્રત થતી નથી ત્યાં સુધી ભેદબુદ્ધિના કારણે અહંતા અને મમતાને લીલાલહેર છે. જ્યારે જીવનના બધા પ્રસંગોમાં સમબુદ્ધિની ભાવના જાગ્રત થાય છે, એટલું જ નહીં પણ તે જ્યારે દૃઢ થઈને આચારયુક્ત બને છે ત્યારે હર્ષ અને વિષાદના વિકારો વણ મહેનતે નિવૃત્ત થાય છે. જેમ ભોજનમાં તેમ રહેવામાં પણ એ જ સમભાવને કેળવીને, આલીશાન મહાલયો કે બાગબગીચાવાળાં વિશાળ ભવનોમાં રહેવાનું મળે તોય શું અને ઝૂંપડીમાં રહેવાનું મળે તોય શું ? મહેલાતો પણ માનવીને વસવાનું જ સ્થાન છે અને ઝૂંપડીઓ પણ માનવીને જ વસવાનું સ્થાન છે. એ મહેલાતો અને ઝૂંપડાં શા સારુ ? કેવળ શરીરને આશ્રય લેવાને અને વિશ્રાંતિને સારુ. મહેલાતોમાં સૂનારો સુખે સૂતો નથી. ઝૂંપડીમાં રહેનારો સુખે સૂવે છે. અને છતાંય તેને મહેલાતમાં રહેનારની ઈર્ષા નથી અને પોતે ઝૂંપડીમાં રહે છે તેનો રંજ નથી. શ્રી અવધૂત કહે છે : "વાડી બંગલામાં રહેવાનું મળે તોય આનંદ છે અને ઝૂંપડીમાં રહેવાનું મળે તોય આનંદ છે. એવી સમબુદ્ધિ કેળવીને તેને આચારયુક્ત બનાવો, દૃઢ બનાવો અને પછી જુઓ તમને ક્યાંય અભાવનો રંજ નહીં થાય. અરે, ઝૂંપડી પણ શા સારુ ! ઝાડ નીચે પડી રહેશો તોય તમને આનંદ આવશે." ભલા આદમી, નિસર્ગને ખોળે સૂવાનું તો સદ્ભાગીને જ મળે છે. કારણ કે તેણે તાર જોડ્યો છે ભગવાન સાથે. મહેલાતોમાં રહેનારો ખરેખર દુર્ભાગી છે કારણ કે તેણે તાર જોડ્યો છે માયા સાથે. એ માયાનો તાર તોડીને કાયાના રક્ષણ અર્થે અને આશ્રય અર્થે જે સમયે જે મળ્યું તે સ્થાન સંતોષપૂર્વક સ્વીકારવું એવો શ્રી અવધૂતનો ઉપદેશ છે.

શ્રી અવધૂત તો એથી એ આગળ જઈને કહે છે.

**"કભુ મસાણ જગાના"**

કોઈ દિ સ્મશાનમાં પણ ગાળવો. સ્મશાન! સ્મશાનમાં સૂવાની હિંમત કોણ કરે ? અરે શ્મશાનમાં સંધ્યાકાળે જવાનીય હિંમત ન થાય. ત્યાં તો ભૂત દેખાય, ભરખી ખાય. એ સ્મશાનમાં કેમ સુવાય ? ત્યાં કેમ જવાય ? શ્રી અવધૂત કહે છે કે જ્યારે એ સમત્વબુદ્ધિ આવે છે, જ્યારે મહેલાતો અને ઝૂંપડીનો ભેદભાવ ટળી જાય છે ત્યારે વાડીઓ અને

સ્મશાનનો ભેદ પણ ટળી જાય અને ભય ભાંગે એમાં નવાઈ શી ? શું પ્રેત બળે છે એટલે એ સ્મશાન ભયંકર છે એમ ? ના. એ ભૂલ છે. સ્મશાન તો ભગવાન શંકરનું નિવાસસ્થાન છે. સંસારની અસારતાનું જ્ઞાન દેનાર સદ્દગુરુ છે. શા સારુ ભૂત અને પ્રેતના ભયથી સ્મશાનથી ડરો છો ? શિવસ્વરૂપ શ્રી શંકરના ધામમાં રાતવાસો ગાળો ! કેટલી શાંતિ છે ત્યાં ! અને ભાગ્યમાં હશે તો શિવસ્વરૂપ શંકરનાં દર્શન પણ સ્મશાનમાં થશે! ભૂતપ્રેતનાં દર્શન થશે એમ ધારીને જશો તો જરૂર ભૂતપ્રેત જણાશે. કારણ કે એ ભૂત અને પ્રેત એ મનની કલ્પના છે. શિવશંકરનાં દર્શન થશે એવા દૃઢભાવથી સ્મશાનમાં જશો, રાતવાસો ગાળશો તો જે ચિત્ત ભૂતમાં જવાથી ભય સર્જાવે છે તે જ ચિત્ત શિવશંકરમાં જવાથી અભય બનાવશે ! અને કદાચ ભૂત જણાશે તો તમને શું કરશે ? તમારામાં પ્રવેશ કરી તમને હેરાન કરશે એવો ભય ન રાખશો. ભૂતપ્રેત ગમે તેને હેરાન કરતાં નથી. અધૂરી રહેલી વાસનાને સંતોષવા સર્જાયેલી એ યોનિ જ્યાં પોતાની વાસના સંતોષાય ત્યાં જ જશે. શ્રી અવધૂત જેવા આત્મરત, આત્મક્રીડને એ ભૂત અને એ પ્રેત શું કરે ? આપણે શ્રી અવધૂત તો ન જ બનીએ પણ એમના એ ઉપદેશને અંશતઃ પણ જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરીએ તો તેમના અખંડાનંદના નિર્ઝરમાંથી જળની રજકણો—સીકર પેરે ઊડતા આનંદના રજકણનો અનુભવ કરવાનું મળે ખરું ! અસ્તુ.






રહેઠાણ પછી પ્રવાસની વાત કરી.

"કોઈ દિન ગાડી"

શ્રી અવધૂતે મા પારવતી પાસે પ્રણવની ભિક્ષાની યાચના કરી ત્યારે કહ્યું જ છે :

"ફરવું પેદલ ના કો દિ ઘોડે"

અને તે જ રીતે અહીં પણ

"કોઈ દિન ગાડી"

ની વાત કરી છે. વાહનનો મોહ શરીરનું અભિમાન રહે ત્યાં સુધી જ રહે છે. હું રાજા, હું તવંગર, હું પગે કેમ ચાલું ? મોટર, ગાડી, ઘોડા જોઈએ. પણ બિચારો રંક ! ક્યાંથી લાવે ગાડીઘોડા. તેણે તો પગે જ પ્રવાસ કરવાનો હોય. વાહન હોય વા ન હોય તો પણ આગળ કહ્યું તેમ સમબુદ્ધિએ વિચરવું એ જ સાચું જીવન છે એ બોધ અહીં મળે છે.

અને હવે શ્રી અવધૂત બિછાનાની વાત કરે છે.

"કોઈ દિન ખાટ પલંગ સજાના, કોઈ દિન ધૂલ બિછૌના,"

શ્રી અવધૂતે સાધક આગળ બે ચિત્રો રજૂ કર્યાં છે : એક છે પૂર્ણ વૈભવી જીવન, બીજું છે પૂર્ણ ત્યાગી જીવન. અને એ બે જીવન વચ્ચે તાત્ત્વિક દૃષ્ટિએ કશો જ ભેદ નથી એમ સમજાવવાનો આ ગીતમાં પ્રયાસ કર્યો છે. રાજામહારાજા અને શ્રીમંતો પલંગની સજાવટ કરીને રાત્રે નિરાંતે






સૂએ છે. ગરીબ ભિખારી ફાટેલી સાદડી બિછાવી રાત્રે સૂએ છે. બન્નેનો હેતુ તો માત્ર નિદ્રા લેવાનો જ છે. શરીરને તો જેવી ટેવ પાડશો તેવી પડશે. પલંગ પર સવા મણ રૂની તળાઈમાં સૂનારને જમીન પર સૂવાનું કહેશો તો બે દિવસ વસમું લાગશે, પણ જમીન પર સાદડી બિછાવીને સૂનારને પલંગ પર સૂવાનું કહેશો તો તેને ત્યાં ઊંઘ પણ નહીં આવે અને બેચેની રહેશે. અહીં પણ એ સાધનોનો મોહત્યાગ કરવાની અને જે સમે જે મળે તે વિષાદરહિત વૃત્તિથી ઉપયોગમાં લાવવાની શ્રી અવધૂતે સૂચના આપી છે. અને શ્રી અવધૂત એનું જીવન્ત દૃષ્ટાંત છે. અકિંચન રહેવા છતાંય એમને સર્વોત્તમ સાધન સામગ્રી મળે એવી એમના ઉપર શ્રી હરિની કૃપા છે. છતાંય લાકડાંનાં પાટિયાં ઉપર એકાદ વ્યાઘ્રચર્મ બિછાવીને જ પડી રહેવાની એમને ટેવ છે. અને ધૂળનું બિછાનું પણ એમણે કર્યું જ છે તો !

નંદરબારથી તળોદા જવાનું હતું. વચમાં તાપીનો પટ ઓળંગવાનો હતો. સાથે મંડળી પણ સંખ્યામાં સારી હતી. સામે કિનારે સામૈયું કરવા હજારો માણસો પણ આવેલા. સમય રાત્રીનો અને શ્રી અવધૂતને લહર આવી એ તાપીના રેતાળ પટમાં જ રાત્રી ગાળવાની ! રેતીનો ઢગ સૂવાને માટે અને ઉશીકા માટે પણ રેતીનો જ ઢગ ! બધાએ વિનંતી કરી પણ શ્રી અવધૂત એકના બે ન થયા. પરિણામે શ્રી અવધૂત તો ધૂળમાં આળોટ્યા પણ જેણે કોઈ દિવસ પલંગ સિવાય સૂવાનો અનુભવ નહોતો કર્યો તેવાઓ પણ શ્રી અવધૂત ભેળા એ તાપીની રેતાળ ધૂળમાં આળોટ્યા. આ છે એ ધૂળના બિછાનાની મોજ અને અવધૂતની મસ્તી ! આસક્તિમાન તો બધા જ સાધુ થાય. પણ સાધન હોવા છતાં વિરાગપૂર્વક તેનો ત્યાગ કરીને જે નિસર્ગને ખોળે રમે છે તે જ સાચો આનંદ માણી શકે છે. અને આ ગીતમાં શ્રી અવધૂતે પણ સાચા આનંદનો માર્ગ ચીંધ્યો છે. શ્રી ભગવાને અર્જુનને સમગ્ર ગીતાનો બોધ આપ્યો અને અંતે કહ્યું : ''હું કહું છું માટે તું ન કરીશ. મેં કહ્યું તેનો વિચાર કર અને પછી

**यथेच्छसि तथा कुरु**

''તને જેમ વાજબી લાગે તેમ કર !'' અહીં પણ તેવું જ છે. શ્રી અવધૂતે કહ્યું માટે નહીં પણ બુદ્ધિગમ્ય વાતનો વિચાર કરીને આચાર કરનાર, જે આનંદ શ્રી અવધૂત માણે છે તે આનંદનો ભાગી બનશે.

અને પછી શ્રી અવધૂત સમ્રાટ અને ફકીરની વાત કરે છે.

**''કોઈ દિન શાહ બને શાહીકે કભુ ફકીરા દીના.''**

બાદશાહી અને ફકીરી એ ઉભય પરિસ્થિતિમાં દુનિયાની દૃષ્ટિએ આસમાન જમીનનો ફેર છે. પરમાર્થ દૃષ્ટિએ એ ઉભય અવસ્થામાં લેશ માત્ર ભેદ નથી. બાદશાહી એટલે વૈભવવિલાસની પરાકાષ્ઠા. ફકીરી એટલે વૈભવ વિલાસના અભાવની પરાકાષ્ઠા. પણ ફકીરી અને અમીરી એ ઉભય

સ્થિતિ માત્ર મનનું જ સર્જન છે. મનથી જ્યારે એ ઉભય અવસ્થામાં ભેદ દૃષ્ટિ ટળી જાય અને અભેદ દૃષ્ટિ આવે ત્યારે બાદશાહીમાં અને ફકીરીમાં શો ભેદ ? એ સ્થિતિ કેળવવાનો અહીં શ્રી અવધૂતનો આદેશ છે.

પાદરામાં બાદશાહી ઠાઠમાઠથી રંગજયંતી ઉજવાઈ. હજી તેનાં સંસ્મરણો તાજાં છે. પાદરાના એ બાદશાહી મુકામને બીજે જ દિવસે શૂલપાણની ઝાડીના મધ્યમાં રેવા કિનારે હાફેશ્વરના પહાડોમાં પથ્થરોમાં આળોટતા શ્રી અવધૂતને જેણે જોયા હોય તેની નજર આગળ આ સત્યનું દૃશ્ય ખડું થયા વગર રહેશે નહીં.

જ્યાં સુધી અભાવની વેદના અંતરને કોરે છે ત્યાં સુધી કામનાની નિવૃત્તિ થઈ છે એમ કહી શકાય નહીં. જ્યારે કામનાઓની નિવૃત્તિ થાય છે ત્યારે સંકલ્પો પણ થતા નથી અને એ નિઃસંકલ્પ અવસ્થામાં ફકીરી અને અમીરી ઉભય સરખાં જ રહે છે. શ્રી અવધૂત રાજાઓના મહેલોમાં મહેમાન બને છે. ગરીબની ઝૂંપડીમાં પણ મહેમાન બને છે. અને એ ઉભય અવસ્થામાં પોતાની માનસિક સમતુલા સાચવીને આ શબ્દોચિત વર્તન દ્વારા દૃષ્ટાંતરૂપ બને છે. એવા સ્થિતપ્રજ્ઞને અમીરીનો આનંદ નથી, ફકીરીનો વિષાદ નથી. એક જ સમ અવસ્થામાં રહેનારને દિલમાં રંજ થતો જ નથી. તેથી ફકીરી અને અમીરીનો ભેદ ભૂલીને જે કાળે જે મળે તેનો સુખપૂર્વક અને સાહજિક રીતે અનુભવ કરવાનો અહીં સંકેત કર્યો છે. એમ થાય તો અમીરીમાં સુખ અને ફકીરીમાં દુઃખની ભાવના જાગ્રત થતી નથી. એ જ સમ અવસ્થા છે. જ્યારે સુખદુઃખની ભાવના જાગ્રત થાય છે ત્યારે તેમાં આસક્તિનો ભાવ રહેલો છે અને તેથી કૃત્રિમતા રહેલી છે. સહજ જીવન ગાળવું એ આ સમગ્ર ગીતનો બોધ છે.

જે શરીરે ફકીર છે તે સાચો ફકીર નથી, કારણ કે તેને વસ્તુના અભાવનો અસંતોષ છે. શરીરે શાહનો પણ શાહ છે તે સાચો સમ્રાટ નથી, કારણ કે તેને સત્તાની લોલુપતા છે અને તેના હૈયામાં તૃષ્ણાની હોળી ભડકે બળતી હોય છે. શાહનો પણ શાહ હોવા છતાં જે મનથી સાચો ફકીર છે, અતએવ દીન અહંભાવશૂન્ય છે તે જ સાચો સમ્રાટ છે, કારણ કે તેને સત્તાની લોલુપતા નથી, ભૌતિક પદાર્થોની ઉણપ નથી. એવા સમ્રાટનું સર્જન માત્ર ઉપર પ્રેમનું વર્ચસ્વ છે, સ્વામીત્વ છે. એવો સમ્રાટ અકિંચન હોય છે છતાંય તેને કશી જ ઉણપ નથી. ત્રિભુવનના ભુવનનો તે સ્વામી છે, કુબેરના ધનભંડારનો તે સ્વામી છે. જે ભૌતિક અધિકારથી અંધ છે તે કહેવાતો સમ્રાટ હોવાં છતાંય રસ્તે રઝળતા ફકીર કરતાં ઊતરતો છે. તે વિષયોનો દાસ છે અને તેથી જગતનો દાસ છે. પોતાનું ભૌતિક સ્વામીત્વ સાચવી રાખવા માટે તેને આકાશ પાતાળ એક કરવાં પડે છે. જે મનથી પણ ફકીર છે અને શરીરથી પણ ફકીર છે તે સમ્રાટનો પણ સમ્રાટ છે, કારણ કે તે કેવળ પ્રભુ પર નિર્ભર છે. અને

જે પ્રભુનિર્ભર છે તેવા ફકીરની ફિકર પ્રભુને જ રહે એમાં શી નવાઈ ?

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"કડુઆ મીઠા સબકા સુનના, મુખ અમૃત બરસાના;"**
**"સમજ દુઃખસુખ નભબાદલ સમ, રંગ સંગ છુડાના."**

હવે આવી વાણીની વાત. કોઈ માન આપે, કોઈ અપમાન કરે, કોઈ ગાળો ભાંડે કે કોઈ આદરસત્કાર કરે. કોઈ કડવાં વેણ સંભળાવે કે કોઈ મીઠાં વેણ કહે. એ બધુંય કાન ઉઘાડા રાખી સાંભળવું પણ તેમાં ચિત્તની શાંતિ અક્ષુબ્ધ રહે એ વાત ઉપર ધ્યાન આપવું જરૂરનું છે. સારા શબ્દો કે પ્રશસ્તિના શબ્દો શ્રવણ કરવાથી અને તેમાં આનંદ માનવાથી અને કડવા અપમાનના કે તિરસ્કારયુક્ત શબ્દો શ્રવણ કરવાથી ચિત્તમાં વિષાદનો વિકાર આવવાથી, ચિત્તની શાંતિ ક્ષુભિત થાય અને ક્રોધ અથવા લાગણીવશ થવાથી જ્યારે માનવી ઉશ્કેરાઈ જાય છે ત્યારે અનર્થ થાય છે. સાધકે તો સારાંમાઠાં બધાંયે વેણ કાન ઉઘાડા રાખી સાંભળવાં. તેનો પ્રતિકાર કરવાથી સાધક પોતાનું લક્ષ્ય ચૂકે છે. સાધકે શું કરવું તેનો પણ ઉત્તર શ્રી અવધૂતે આપ્યો છે.

**"મુખ અમૃત બરસાના."**

પ્રેમથી હિંસક પ્રાણી પણ વશ થાય છે તો માનવજાતિ વશ થાય એમાં શી નવાઈ ? અને જ્યારે ગાળો ભાંડનારને પણ આપણે 'ભાઈ' કહીને પ્રેમથી બોલાવીએ તો તેનું પરિણામ એ આવે છે કે તે પોતાની બૂરાઈ ભૂલીને આપણો સ્નેહી બની જાય છે. અને તેથી અહીં અમૃતશા મીઠા બોલ બોલી જગતને વશ કરવાનું રામબાણ શ્રી અવધૂતે આપ્યું છે. કડવાં વેણની પાછળ રહેલ ક્રોધ કે તિરસ્કારનું વિષ અમૃત જેવા મીઠા બોલથી અમૃત સમાન બની જાય છે. અને તેથી કડવું કહેનારને પણ મીઠા બોલથી વશ કરવાની આ એક અમોલ ચાવી છે. કડવું કહેનારને જ્યારે પ્રેમથી મીઠાં વચનોથી કહેવાનું અહીં સૂચન છે ત્યારે જે સ્તુતિ કરે કિંવા નમ્રતાથી વર્તે તેની સાથે તો તેવું જ વર્તન કરવું પડે એ જરૂરનું છે. અને તેથી

**"મુખ અમૃત બરસાના"**

કહીને શ્રી અવધૂત અપમાન કે અનાદરનો પ્રતિકાર પ્રેમથી કરવાનું કહે છે. એ બે મીઠા બોલ બોલ્યાથી બગડે છે પણ શું ? કડવા બોલથી વાણી ભ્રષ્ટ થશે. મધુર વેણ એ વાણીનું ભૂષણ છે. અને જ્યાં સુધી વાણી પર કાબૂ છે ત્યાં સુધી માનવતા રહે છે. વાણી પરનો કાબૂ, જ્યારે અંતરમાં પાશવતાનો રાક્ષસ પ્રવેશ કરે છે ત્યારે, જતો રહે છે અને મનુષ્ય પરવશ બની જાય છે. અસ્તુ. તાત્પર્ય એ છે કે સાધકે પોતાના મુખમાંથી અમૃત જેવાં મીઠાં વેણ કાઢવાં. શ્રી અવધૂત સાથે કોઈ વખત વાતો કરી છે ? બાળક સાથે બાળક, યુવાન સાથે યુવાન, અને વૃદ્ધ

સાથે વૃદ્ધ. કેટલી મીઠાશ અને મધુરતા છે એમના વચનમાં ? કાણાને કાણો કહેતાં શીખ્યા નથી. પણ કાણાની આંખ કેમ ગઈ તે પૂછીને તેના પેટની વાતો પ્રેમથી જાણવાની એમની વાણીમાં–વાણીની એ મધુરતામાં–શક્તિ છે. અને અંતે

**'સમજ દુઃખસુખ નભબાદલ સમ, રંગ સંગ છુડાના.'**

આકાશમાં વાદળાં આવે છે અને જાય છે તેમ સુખ અને દુઃખ આવે છે અને જાય છે. તેમાં રાગદ્વેષનો ત્યાગ કરવો અને પોતાની સમતા અને શાંતિમાં વિક્ષેપ ન આવવા દેવો અને સર્વત્ર અસંગભાવે સદાય નિજાનંદમાં મસ્ત રહેવું એ શ્રી અવધૂતનો ઉપદેશ છે.

આકાશ સ્વચ્છ છે તેવું જ આત્માનું સ્વરૂપ સ્વચ્છ છે. આકાશમાં જેમ વાદળાંઓની મલિનતા નથી તેમ આત્મામાં પણ સુખદુઃખના વિકારો નથી. આકાશમાં જણાતાં વાદળાં જેમ કાળા કે ધોળા રંગનાં જણાય છે તેમ સુખ એ સફેદ રંગનાં વાદળાં છે અને દુઃખ એ કાળા રંગનાં વાદળાં છે. એ વાદળાં જેવાં ક્ષણિક છે. જેમ આવે છે અને જાય છે તેમ સુખ અને દુઃખ પણ સદા ટકતાં નથી. આવે છે અને જાય છે. એવા આગંતુક સુખદુઃખમાં મમત્વ રાખવાથી જ મનુષ્ય આત્મસ્વરૂપને ભૂલે છે અને પરિણામે અધઃપતનનો ભોગ બને છે. તેથી એ સુખદુઃખને આવતાં અને જતાં વાદળાં જેવાં જાણીને તેમાં મમત્વરહિત રહીને અસંગભાવે તેને ભોગવી લેવાં. તાત્પર્ય એ છે કે સુખમાં હર્ષ અને દુઃખમાં શોકના વિકારથી મુક્ત બની આત્મસ્થિતિમાં સ્થિર થવાનો અહીં આદેશ છે.

વૈરાગ્યવૃત્તિ કેળવીને, પ્રારબ્ધને અનુરૂપ જે સ્થિતિ પ્રાપ્ત થાય તેમાં અસંગભાવે રહેવાનો બોધ આ સમગ્ર ભજનનો સાર છે. અને એ બોધને અનુરૂપ શ્રી અવધૂતનું જીવન છે એ કહેવું જરૂરનું નથી. સંતોને ઓળખવા હોય તો તેમની પરિચર્યા અને પરિચય કરવો જરૂરનો છે. કેવળ દર્શનથી જ સંતના જીવનમાંથી પ્રાપ્ત કરવાનો બોધ પ્રાપ્ત કરી શકાતો નથી. અસ્તુ






ભા. - ૨

(૩૪)

મન મરજીવા ! છે મોતી અમુલખ એક અંતર સાગરે;
એ રસ પીવા, ગહ સદ્‌ગુરુની બાંહ્ય આ ભવસાગરે.–ટેક.

જ્યાં આપ તણું બળ નવ ચાલે,
એ વિણ પત્તું તૃણ નવ હાલે;
આખર જમ કેશ સહી ઝાલે !–મન મરજીવા. (૧)

ગુરુજ્ઞાનઘટા ગહરી છાઈ, આંધી અજ્ઞાન તણી ધાઈ;
ધર્મામૃતમેઘઝડી આઈ. – મન મરજીવા. (૨)

મન–છીપ મહીં બિંદુ પડીયું, સત્યામૃત સ્વાતી જઈ ઠરીયું;
પાણી અમુલખ ત્યાં તો ચઢીયું !–મન મરજીવા. (૩)

સહુ દ્વાર જુક્તિથી બંધ કરી, દશમે જઈ પ્રાણ વસેજ ઠરી;
મારે ડૂબકી હરિનામ સ્મરી ! – મન મરજીવા. (૪)

ત્યાં કાયરનું નવ કામ જરી, નુગરો જાએ ક્ષણમાંજ મરી;
કોઈ એક કરોડે જાય તરી ! – મન મરજીવા. (૫)

તનુ વર્મ શીલનું દઢ ધરી, ઊર્મિની હેઠે જાય ફરી;
દેખે એ મુક્તા રંગ હરિ ! – મન મરજીવા. (૬)

મોતી કાઢનારાઓ સમુદ્રના તળિયામાં રહેલી છીપોમાંથી મોતી કાઢવાને જીવના જોખમે સમુદ્રમાં ઝંપલાવે છે. બીજી રીતે કહીએ તો એવા સાહસિક પુરુષો મોત હાથમાં લઈને ફરનારા છે. કારણ કે સમુદ્રના તળિયામાં અનેકવિધ ભયંકર પ્રાણીઓનો ભંડાર ભર્યો છે. તેમના જડબામાં ન ઝડપાતાં મુક્તાભરી છીપનો ભંડાર લઈને બહાર નીકળનારા મરજીવાઓ ખરેખર મરીને જ જીવતા રહે છે. મોતના જડબામાં જઈને જીવતા નીકળનારાઓમાંના છે. એ સમુદ્રને તળિયે પહોંચેલો મોતી કાઢનાર જ્યારે જીવતો બહાર નીકળે ત્યારે જ ખરો! કોઈ પણ ક્ષેત્રમાં એવી અસામાન્ય જહેમત ઉઠાવનારાઓને પણ મરજીવાની જ ઉપમા આપવામાં આવે છે. એ શબ્દના સંબોધનમાંથી જ વ્યક્તિમાં અસામાન્ય હિંમત આવે છે. અને તેથી અહીં પણ મનને એ 'મરજીવા' શબ્દથી સંબોધન કર્યું છે. આશય એવો છે કે મનની જે સ્વાભાવિક પ્રવૃત્તિઓ છે તે પ્રવૃત્તિઓને મારી નાખીને મન જ્યારે આત્મતત્ત્વસ્વરૂપ અણમોલ મોતી શોધવા નીકળે છે ત્યારે પોતાના સ્વાભાવિક જીવનથી તો પરવારી જવાનું જ હોય છે. તે માટે તે કટિબદ્ધ થાય ત્યારે તે આત્મતત્ત્વરૂપી અણમોલ મોતીની પ્રાપ્તિ કરવાને યોગ્ય લેખાય. પ્રાપ્તિ તો પછીની વાત છે. પ્રથમ તો યોગ્યતા આવવી જ મુશ્કેલ છે. એ યોગ્યતા પ્રાપ્ત કરવા માટે શ્રી અવધૂતે એ

આત્મમોતી ક્યાં શોધવું તેનું સ્થાન બતાવતાં કહ્યું :

**"મન મરજીવા ! છે મોતી અમુલખ એક અંતર સાગરે,"**

એ મોતી અમોલ છે પણ તે અંતરસાગરમાં રહેલું છે. સાગરને તળિયે એટલે હૃદયની ગૂઢ ગુફામાં રહેલા એ મોતીને શોધવાને અને તેની પ્રાપ્તિ કરવાને સાધકે મરજીવા–મરણિયા થવાની જરૂર છે. જ્યાં સુધી મૃત્યુનો ભય છે, જ્યાં સુધી શરીરની મમતા છે અને દેહાધ્યાસ છે ત્યાં સુધી મરણના મોંમાં કૂદી પડવાનું સાહસ કરવાની મનને વૃત્તિ જ થતી નથી. અને તેથી જ પ્રાથમિક સાવચેતી અર્થે "મરજીવા" શબ્દનો અહીં પ્રયોગ કરવામાં આવ્યો છે. ગીતામાં પણ દૈવી સંપત્તિનો ઉલ્લેખ કરતાં શ્રી ભગવાને અભય ને પ્રથમ સ્થાન આપ્યું છે. નિર્ભયતા વગર સાધનમાર્ગમાં આગળ ધપવાની શક્યતા જ નથી. મરવું એ તો દેહનો ધર્મ છે. આત્મા તો સર્વદા અમર જ છે. આત્મા દેહથી ભિન્ન છે. દેહને ફાવે તેવો સંભાળવામાં આવે તો પણ એક દિવસ પડવાનો જ છે એવો મનમાં નિશ્ચય થઈ જાય તો દેહાધ્યાસ છૂટે અને ફાવે તેવું દુષ્કર સાધન કરવા તૈયાર થાય. જીવને જોખમે પણ અમુલખ મોતી લેવા અંતર સાગરમાં કૂદી પડે.





એ કરવાને સાધકે પ્રથમ શું કરવું જોઈએ તેનો સંકેત કરતાં શ્રી અવધૂત કહે છે :

**"એ રસ પીવા, ગહ સદ્‌ગુરુની બાંહ્ય આ ભવસાગરે..."**

સમુદ્રના તળિયામાં રહેલા એ મોતીને મેળવવા માટે, જેમ મરજીવાએ અનેકવિધ સાધનો પોતાની સાથે રાખવાં જરૂરનાં છે તેમ, એ અંતર-સાગરમાં રહેલા આત્મતત્ત્વરૂપ અણમોલ મોતીને હસ્તગત કરવાને મનને પણ અનેક સાધનોની આવશ્યકતા છે. એ સાધનો શાં શાં છે તેની સાધકને ખબર હોતી નથી. યાત્રાએ જનાર કોઈ યાત્રીને યાત્રામાં શી શી વસ્તુઓની જરૂર પડે છે તે જાણવા માટે, જેમ યાત્રા કરીને પાછો ફર્યો હોય તેની ભોમિયા તરીકે સલાહ લેવાની અને સૂચના મેળવીને તે પ્રમાણે સાધન સંભાર એકત્ર કરવાની જરૂર છે તેમ, અહીં પણ આત્મતત્ત્વની પ્રાપ્તિ અર્થે શું શું સાધનોની જરૂર છે તે જાણવા માટે શ્રી અવધૂત કહે છે તેમ

**"એ રસ પીવા, ગહ સદ્‌ગુરુની બાંહ્ય."**

એ આત્માનંદ પ્રાપ્ત કરવા માટે સદ્‌ગુરુનો હાથ પકડવાની જરૂર છે. સાધન વિના સાધ્યની પ્રાપ્તિ થઈ શકતી નથી. પ્રવાસે નીકળનાર પ્રવાસીને જેમ ગંતવ્ય સ્થાનના માર્ગની માહિતી મેળવવી જરૂરની છે તેમ અહીં પણ એ અંતરસાગરમાં પડેલા અણમોલ મોતીની પ્રાપ્તિ કરવાને ભવસાગરમાંના કયા માર્ગે અંતરસાગરમાં જઈ શકાય છે તે પ્રથમ નિશ્ચિત કરવું જરૂરનું છે. જે ભવસાગરમાં હોય છતાંય અંતરસાગરમાં પ્રવેશ કરીને જેણે આત્મરૂપી અણમોલ મોતીની પ્રાપ્તિ કરી હોય તેવા સદ્‌ગુરુરૂપી ભોમિયાને શરણે એ અર્થે જવાની અહીં સૂચના કરવામાં આવી છે. એનું

કારણ જણાવતાં શ્રી અવધૂત આગળ કહે છે :

"નુગરો જાયે ક્ષણમાં જ મરી."

જ્યાં સુધી ભોમિયો ન હોય ત્યાં સુધી એ વાટે જનારને વાટમાં શાં શાં ભયસ્થાનો છે, શી શી મુશ્કેલી છે તેનો ખ્યાલ આવતો નથી. જે સદ્‌ગુરુ છે તેને શરણે સાધક જ્યારે જાય છે ત્યારે તે તેને સરળ માર્ગ, ભયસ્થાનો અને તેને પાર કરવાને જરૂરી સૂચનો આપે છે. તે પ્રમાણે વર્તન કરનાર ખરે જ અણમોલ મોતી પ્રાપ્ત કરી શકે છે. સાધકને સાધન બતાવનાર સાચા સદ્‌ગુરુ વિના સાધકનો માર્ગ સરળ થઈ શકતો નથી. અને તેથી એ પરમતત્ત્વ અથવા અણમોલ મોતી પ્રાપ્ત કરવાને આ સંસાર સાગરમાં

"ગહ સદ્‌ગુરુની બાંહ્ય"

એ વાક્યાનુસાર સદ્‌ગુરુને શરણે જઈ, એણે ચીંધેલા માર્ગે જવાનો શ્રી અવધૂત અહીં આપણને બોધ આપે છે. એ માર્ગ એવો કપરો છે કે તેમાં મનસૂઝ્યું કરનારો સાધક સફળ થવાનો સંભવ નથી, એટલું જ નહીં પણ જ્યાં છે ત્યાં પણ પછડાયા વિના રહેતો નથી. સદ્‌ગુરુનું એ જ મહત્ત્વ છે.

આજકાલના વિપુલ સાહિત્યના સમયમાં આધ્યાત્મિક, યૌગિક અને બીજા ધાર્મિક સાહિત્યનો તોટો નથી. સાધક જો એ ગ્રંથો વાંચીને સદ્‌ગુરુ વિના ભવસાગર તરીને, અંતરસાગરમાં ડૂબકી મારીને અણમોલ મોતી પ્રાપ્ત કરે તો સદ્‌ગુરુની જરૂર જ નથી. આપણે જોઈએ છીએ કે જ્યાં સુધી એવા માર્ગદર્શકનો સહારો મળતો નથી ત્યાં સુધી મૃત્યુ પર્યંત પણ એ પુસ્તકોનું અનુશીલન કરીને એ પરમતત્ત્વને પ્રાપ્ત કરનારો કોઈ મળતો નથી. સાધકને પુરુષાર્થ કરવાનો અધિકાર છે પણ માર્ગદર્શક વિના કરેલો પુરુષાર્થ નિરર્થક છે એ પણ એટલું જ સાચું છે. આધ્યાત્મિક ઉન્નતિ અર્થે તેથી જ વેદના વારાથી સદ્‌ગુરુની આવશ્યકતા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. અને તેથી જ

"નુગરો જાયે ક્ષણમાં જ મરી;"

એ શબ્દો યથાર્થ છે.

જીવનના કાર્ય માત્રમાં આપ સૂઝ્યું કરનાર ભાગ્યે જ ફળીભૂત થાય છે. કોક જાણકારના સલાહસૂચન અનુસાર વર્તન કરનાર ઈપ્સિત લાભ મેળવી શકે છે. તેથી શ્રી અવધૂતે કહ્યું :

"જ્યાં આપ તણું બળ નવ ચાલે,"

એ અંતરસાગરમાં રહેલાં આત્મતત્ત્વસ્વરૂપ અણમોલ મોતી પ્રાપ્ત કરવા માટે કેવળ પોતાનો આંધળો પુરુષાર્થ કામ આવતો નથી અને તેથી જ્યાં સુધી પોતાના બળનું અભિમાન રાખીને, "મારે કોઈ માર્ગદર્શકની જરૂર નથી, હું મારી બુદ્ધિ અને પુરુષાર્થને જોરે જ આત્મતત્ત્વની પ્રાપ્તિ કરીશ" એવા મિથ્યા અભિમાનમાં રહીને સાધક પ્રયત્ન કરે, ત્યાં સુધી તેનો માર્ગ સરળ બનતો નથી. પરિણામનો વિચાર ન કરીએ તો પણ

એ માર્ગમાં ડગલે ને પગલે આડે આવતા અવરોધને ઓળંગવાની અને પોતાનો માર્ગ સરળ બનાવવાની પણ તેનામાં શક્તિ હોતી નથી. જ્યાં સુધી અહંતા છે ત્યાં સુધી પ્રભુ તેનાથી વેગળો છે અને તેથી જ નિરહંકાર ભાવે સદ્‌ગુરુને શરણે જવાનો શાસ્ત્રોમાં અનુરોધ કરવામાં આવ્યો છે. અને એ જ વાત અહીં શ્રી અવધૂતે કહી છે.

શ્રી અવધૂતે કહ્યું.

**"જ્યાં આપ તણું બળ નવ ચાલે, એ વિણ પત્તું તૃણ નવ હાલે;"**
**આખર જમ કેશ સહી ઝાલે !**

એ આત્મતત્ત્વની આગળ મન તો મગતરા જેવું છે. એની એ ગ્રહણ કરવા માટે કેટલી શક્તિ ! કેમ કે એ પોતે પણ એ પરમતત્ત્વની સત્તાથી જ નાચે છે. એ પરમાત્મતત્ત્વ જ વિશ્વનું પરમ નિયામક છે. વિશ્વનું નિયંત્રણ પણ એના આધારે જ ચાલે છે. એના બળ આગળ કોઈનુંય બળ ચાલતું નથી. એની સત્તા વગર એક પાંદડું કે તણખલું હાલી શકતું નથી. તૃણ, પાન વાયુના હલાવ્યાં હાલતાં દીસે છે પણ વાયુના એ બળનું અધિષ્ઠાન પણ એ પરમતત્ત્વ જ છે. એની સત્તા અને શક્તિથી જ વાયુ વગેરે સત્ત્વો કાંઈ પણ કરવા શક્તિમાન છે. આ સંબંધમાં કેનોપનિષદની પેલી યક્ષ અને અગ્નિ, વાયુ આદિ દેવોની વાત પ્રસિદ્ધ છે. જ્યાં વાયુ, અગ્નિ, ઈન્દ્રાદિક દેવો પણ રાંક બની જાય છે ત્યાં સાધારણ માનવીનું તો શું ગજું ? આમ જ્યાં આપણું કશું જ બળ ચાલતું નથી ત્યાં પોતાના બળનો મિથ્યા પ્રલાપ કે ભ્રમ શા સારુ સેવવો પડે ? માટે જ એ પરમ બળના અધિષ્ઠાન સાથે તદ્રૂપ થયેલા સદ્‌ગુરુની રાહબરી નીચે માર્ગ કાપવો એ જ શ્રેયસ્કર છે. એમ કરવાનું મૂકી પોતાના બળનો અહંકાર કે મદ રાખી, આંધળિયાં કરનારની શી ગતિ થાય છે તે કહેતાં શ્રી અવધૂત કહે છે :




ભા.- ૨

**"આખર જમ કેશ સહી ઝાલે !"**

અંતે તો જમના દૂત ચોટલી પકડીને લઈ જશે એમાં શક નથી. ભલભલા રાવણ જેવા બળગર્વિતોની આવી જ બૂરી દશા થઈ છે. તેનાથી બચવા માટે આત્મતત્ત્વ પ્રાપ્ત કરીને, એ કાળનો ગ્રાસ કરવાની શક્તિ પ્રાપ્ત કરવા માટે સદ્‌ગુરુનું શરણ ગ્રહણ કરવાની અહીં શ્રી અવધૂતે સૂચના કરી છે. જીવ જ્યારે મૃત્યુભયથી મુક્ત થાય છે ત્યારે તે કાળનો કોળિયો બનતો નથી. પણ પોતે જ કાળનો કાળ બનીને અમૃતત્ત્વ-અમર પદ પ્રાપ્ત કરે છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે, જ્યારે ગુરુનું શરણ મળે છે ત્યારે પરિણામ એ આવે છે કે :

**'ગુરુજ્ઞાનઘટા ગહરી છાઈ,**
**આંધી અજ્ઞાન તણી ધાઈ;**
**ધર્મામૃતમેઘઝડી આઈ............**



જ્યારે સદ્‌ગુરુની કૃપા થાય છે ત્યારે જ્ઞાનનો પ્રકાશ ચારે બાજુએ






ફેલાઈ જાય છે. વર્ષાઋતુમાં જેમ ચારે કોર મેઘાડંબર છાઈ રહે છે તેમ જ્યારે ગુરુકૃપાએ જ્ઞાનઘટા ચારે બાજુએ છાઈ રહે છે, જ્યારે સર્વત્ર જ્ઞાનનો જ પ્રકાશ પ્રકાશિત થાય છે ત્યારે તેના પરિણામે મન અંતર્મુખ બની જાય છે, વિષયાકાર વૃત્તિનો અંત આવે છે અને મનની વૃત્તિઓ મરી જાય છે. વિષયોને બદલે તેની નજરે બ્રહ્મ જ જણાય છે ત્યારે મનની બધી જ વૃત્તિઓ બ્રહ્માકાર બની જાય છે. જ્ઞાનઘટાનો એ પ્રભાવ છે. એ જ્ઞાનઘટા ગુરુકૃપાનું પરિણામ છે. પુસ્તકિયા જ્ઞાનનું એ પરિણામ નથી. ગુરુકૃપા વિના પરોક્ષ જ્ઞાન પણ સ્થિર થતું નથી તો અપરોક્ષ જ્ઞાનનો અથવા અનુભવનો તો પ્રશ્ન જ ક્યાં રહ્યો ?

આમ જ્યારે જ્ઞાનઘટા ચોપાસ પ્રસરી જાય છે ત્યારે તેનું પરિણામ

**"આંધી અજ્ઞાન તણી ધાઈ"**

એ આવે છે. જ્યાં જ્યાં તેની નજર જાય ત્યાં ત્યાં તેને બધે જ પ્રકાશમય બ્રહ્મનાં જ દર્શન થાય છે. એ બ્રહ્મપ્રકાશ આગળ અજ્ઞાનનું ધુમ્મસ ઓસરી જાય છે. અજ્ઞાનનો એકાએક લોપ થઈ જાય છે. એ ગુરુકૃપાનું પરિણામ છે. જેમ સૂર્યોદય થતાં અમાવસ્યાની રાત્રીના ઘોર અંધકારનો એકાએક એક જ ક્ષણમાં લોપ થઈ જાય છે તેમ સદ્ગુરુની કૃપાનું એક જ કટાક્ષ તેના અનેક જન્મનાં કલિમલનો અને તેના પરિણામે તેના અંતરની ચોપાસ છવાયેલા અંધકારના આવરણનો નાશ કરે છે. એ અજ્ઞાનનાં સમસ્ત આવરણને આવરી લઈને સર્વત્ર જ્ઞાનનો પ્રકાશ પ્રસારી દે છે. અને ત્યારે

**"ધર્મામૃતમેઘઝડી આઈ"**

જેવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. અહીં 'ધર્મરૂપી અમૃતની મેઘઝડી આવે છે' એમ કહ્યું છે. સાધકનું અજ્ઞાન જ્યારે નિવૃત્ત થાય છે અને જ્ઞાનનો પ્રકાશ જ્યારે તેની ચોમેર પ્રસરેલો છે એવો તેને અનુભવ થાય છે ત્યારે તે આત્મા સાથે - પરમતત્ત્વ સાથે પોતાનું તાદાત્મ્ય અનુભવે છે. એ રીતે આત્મા અને પરમાત્માના યોગના પરિણામે પ્રાપ્ત થયેલી અખંડ સમાધિમાં, સાધક આત્માકાર વૃત્તિના અખંડ પ્રવાહમાં તરબોળ બની જાય છે. જ્યારે જ્ઞાનનો આવિર્ભાવ થાય છે, જ્યારે બ્રહ્મનો અનુભવ થાય છે ત્યારે, જેમ બારે મેઘ વરસીને અખંડધારા પાણી વરસાવે છે તેમ, એ જ્ઞાનના અખંડ પ્રવાહમાં જીવ જીવભાવ ભુલીને શિવત્વનો અનુભવ કરતો થાય છે. ત્યારે જ તે પરમાત્મામાં મળી જાય છે. એ છે ગુરુકૃપાકટાક્ષનું પરિણામ ! એ ગુરુકૃપાની પ્રસાદી છે અને એ જ ગુરુનું ગૌરવ છે. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"મનછીપ મહીં બિંદુ પડીયું, સત્ત્વામૃત સ્વાતી જઈ ઠરીયું;**
**પાણી અમુલખ ત્યાં તો ચઢીયું !"**






લોકવાયકા એવી છે કે સ્વાતિ નક્ષત્રમાં, જે છીપમાં મોતી પાકે છે તે છીપ સમુદ્રને તળિયેથી સપાટી ઉપર આવીને ખુલ્લી બની તરતી રહે છે. જ્યારે સ્વાતિ નક્ષત્રમાં વરસાદ વરસે છે ત્યારે એ જળનાં બિંદુ એ છીપમાં પડે છે. એ બિંદુ છીપમાં પડતાં જ છીપ આપોઆપ બિડાઈ જાય છે અને પુનઃ સમુદ્રને તળિયે જઈ બેસે છે. ત્યાં એ છીપમાં પડેલાં જળબિંદુમાંથી મોતી પોષાય છે. એ મોતીનું પાણી બીજાં મોતીના પાણી કરતાં અતિગણું હોય છે અને તેથી એ મોતી અણમોલ લેખાય છે. અહીં પણ શ્રી અવધૂતે એ જ ઉદાહરણ મનને લાગુ પાડ્યું છે.

**"મન છીપ મહીં બિંદુ પડીયું."**

મનરૂપી છીપમાં ગુરુકૃપારૂપી જ્ઞાનનું એક જ બિંદુ પડ્યું અને, જેમ સ્વાતિના જળબિંદુથી છીપમાં મોતી બંધાય છે તેમ, સ્વાતિનક્ષત્ર જેવી કોઈ ધન્ય પળે પડેલા તે જ્ઞાનરૂપી સત્ત્વામૃતનું મોતી બંધાયું. એટલે એ જ્ઞાન ક્રમશઃ ધટ્ટ થતું થતું અંતે મોતીના જેવું દૃઢ અને પરિપક્વ થયું. જેમ જેમ એ જ્ઞાનદૃષ્ટિનો વિકાસ થતો ગયો તેમ તેમ, જે મન હમેશાં વિષયોમાં જ ભટકતું હતું તે પોતાની એ ચર્યા વીસરી ગયું અને જ્ઞાનના પ્રભાવે બ્રહ્મચર્ય તરફ જ તેનો ઝોક વળ્યો. અંતે જેમ મોતીને અમોલ પાણી ચઢે છે તેમ એ જ કૃપાપ્રસાદના પરિણામે એ મનરૂપી છીપમાં રહેલા સત્ત્વામૃતને પણ અમોલ પાણી ચઢ્યું એટલે બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ. બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિના અમૃતમય નૂરથી એ મન પણ અમૃતમય બની ગયું અને તેના વડે જ જન્મમૃત્યુના ફેરા પણ ટળ્યા.

જીવનું પરિવર્તન મન દ્વારા જ થાય છે. અને તેથી પ્રસંગોપાત્ત શાસ્ત્રોમાં મનને જેમ જીવની સંજ્ઞા અપાયેલી છે તેમ અહીં પણ મનને જીવની સંજ્ઞા આપીશું તો અયોગ્ય નહીં ગણાય.

આગળ વર્ણવી તે અવસ્થા ક્યારે પ્રાપ્ત થાય છે તેનો ઉલ્લેખ કરતાં શ્રી અવધૂત કહે છે.

**"સહુ દ્વાર જુક્તિથી બંધ કરી, દશમે જઈ પ્રાણ વસે જ ઠરી !"**
**મારે ડૂબકી હરિનામ સ્મરી !"**

અહીં શ્રી અવધૂતે યોગની પ્રણાલિકાની થોડી વાતો કરી છે. પ્રાણાયામની ક્રિયાઓ દ્વારા મૂળાધારથી આરંભી આજ્ઞાચક્ર સુધીના ષટ્ચક્રનું ભેદન કરીને પ્રાણને સહસ્ત્રદલ જે દશમું દ્વાર કહેવાય છે તેમાં સ્થિર કરવાની શ્રી અવધૂતે વાત કરી છે.

બે આંખ, બે કાન, બે નાક અને મુખ એ ઉપરનાં સાત દ્વારો છે. પાયુ અને ઉપસ્થ એ નીચેનાં બે દ્વારો છે. એમ શરીરમાં નવ દ્વાર છે. દશમું દ્વાર સૂક્ષ્મ છે. તે બ્રહ્મરન્ધ્ર કહેવાય છે ને સહસ્રદળની મધ્યમાં આવેલું છે. એ દશ દ્વારવાળા દેહમાં દેહી-આત્માનો વાસ છે. એ જ અમુલખ મોતી છે જેનો ઉપર નિર્દેશ છે. જેમ દરિયામાં ડૂબકી મારતી





વખતે શરીરનાં નાક, કાન વગેરે છિદ્રો યુક્તિથી બંધ કરી, પ્રાણને રોકી ઝંપલાવવાનું હોય છે તેમ જ યુક્તિ એટલે સદ્‌ગુરુએ બતાવેલી પ્રક્રિયાઓથી ઉપર કહેલાં નવે દ્વારો બંધ કરીને, પ્રાણને અને તેની સાથે જ એકત્રિત થયેલી મનોવૃત્તિને બ્રહ્મરન્ધ્રમાં લઈ જઈ સ્થિર કરવાની છે. આમ પ્રાણ રોકી, રામભરોસે, 'અહમ્' વીસરી, પ્રભુચિંતન-પ્રભુ સાથે સમરસ થવાનું છે. બાહ્ય ભાન ભૂલીને અંતરાત્મામાં ડૂબકી મારવાની છે. જ્યાં સુધી એ દ્વાર બંધ નથી કર્યાં - તે તે દ્વારમાંથી નીકળતી વૃત્તિઓને સંકેલી નથી લીધી - ત્યાં સુધી પ્રાણ કે મનની અકળામણ-ક્ષોભ કે વિક્ષેપ-દૂર થતાં નથી. અને મન સ્થિર થઈ આત્મસાગરને તળિયે એટલે સહસ્રદળ કે બ્રહ્મરન્ધ્રમાં ઠરીને બેસતું નથી. પ્રથમ નવ દ્વારને બંધ કરવાનાં હોય છે. જેમ કાચબો પોતાનાં તમામ અંગોને સંકેલીને પીઠ નીચે રાખી નિર્ભય બની રહે છે તેમ આંખ વડે થતી રૂપની ભેદવૃત્તિ, કાન વડે થતી શબ્દની ભેદવૃત્તિ, જીભ વડે થતી રસની ભેદવૃત્તિ અને નાક વડે થતી ગંધની ભેદવૃત્તિને આવરી લેવાની જરૂર છે. એ રીતે એ ઉપરનાં સાત દ્વારોને બંધ કરવાની એટલે એ સાત દ્વારોની તમામ ક્રિયાઓ પરાવૃત્ત કરવાની જરૂર છે. એ સાતે દ્વારને આમ બંધ કરવામાં ન આવે, તેમાંથી નીકળતી વૃત્તિઓને સંકેલી લેવામાં ન આવે તો, યોગ સુખપ્રદ થતો નથી પણ દુઃખપ્રદ નીવડે છે. એ સાત દ્વારોને બંધ કરવા માટે ઇન્દ્રિયો દ્વારા જે જે વિષયોનું ગ્રહણ થાય છે તે તે વિષયો પ્રત્યે વૈરાગ્યવૃત્તિ કેળવી, તેમાં રહેલી સૂક્ષ્માતિસૂક્ષ્મ આસક્તિનો પણ નિઃશેષ નાશ કરવાની જરૂર છે. તાત્પર્ય એ છે કે ઇન્દ્રિયનિગ્રહ કરી મનની વિષયોમાં દોડતી વૃત્તિઓને સંકેલી લઈને તેને જ્ઞાન દ્વારા બ્રહ્માકાર બનાવી દેવી અને પ્રાણાયામની પ્રક્રિયાઓ દ્વારા પ્રાણ પર કાબૂ મેળવીને, પ્રાણને સ્તબ્ધ કરી દેવાથી બીજાં નીચેનાં બે દ્વારો પણ બંધ થઈ જાય છે. ઇન્દ્રિયોની બધી જ ચેષ્ટાઓ પ્રાણ અને અપાનને આધીન છે. પંચધાવિભક્ત મુખ્ય પ્રાણને શરીરમાં પ્રવેશ કરી પોતાનાં કાર્ય કરવા માટે એ નવ દ્વાર છે. એ નવ દ્વારનું રૂંધન થતાં પ્રાણ અને અપાન પોતાનું ચાંચલ્ય દાખવી શકતા નથી. પ્રાણ અને અપાન સ્વાધીન થતાં ઇન્દ્રિયોની ચેષ્ટાઓ આપોઆપ જ અટકી જાય છે. જ્યારે મુખ્ય પ્રાણ આ રીતે ચેષ્ટાવિહીન બની જાય છે ત્યારે વ્યાન, ઉદાન, સમાન આદિ પ્રાણ પણ ચેષ્ટાવિહીન બની જાય છે. જેમ શરીરમાંથી જીવ જતાં શરીર નિશ્ચેષ્ટ અને નિષ્ક્રિય બની જાય છે, તેમ અહીં પણ પ્રાણ શરીરમાં રહે છે છતાંય તેની ક્રિયાઓ સ્થગિત થઈ જાય છે અને શરીર નિશ્ચેષ્ટ બની જાય છે.

એ રીતે નવ દ્વારને જુક્તિથી બંધ કરીને દશમ દ્વારમાં પ્રવેશ કરવાની શ્રી અવધૂતે જે વાત કરી છે તે 'જુક્તિ' એટલે યોગની ગુરુગમ્ય પ્રક્રિયાઓ છે. એ પ્રણાલિકા દ્વારા સફળતાપૂર્વક નવ દ્વારોને બંધ કરીને પ્રાણને






સહસ્રદલમાં સ્થિર કરવાનો હોય છે. અને જ્યારે પ્રાણ ત્યાં સ્થિર થાય છે ત્યારે યોગીગમ્ય સાધકને વિવિધ પ્રકારનો અનુભવ થાય છે. તાત્પર્ય એ છે કે આ રીતે યોગશાસ્ત્રવર્ણિત યોગની પ્રક્રિયાઓ દ્વારા શરીરની તમામ ચેષ્ટાઓ પર કાબૂ મેળવીને અંતે પ્રાણ એટલે જીવને બ્રહ્માંડ-બ્રહ્મરન્ધ્રમાં ચઢાવીને ત્યાં સ્થિર કરવામાં આવે છે. આપણે ઘણી વાર કહીએ છીએ "જીવ તાળવે ગયો છે." અને એ તાળવે ચઢવું એટલે જ સહસ્ર દલમાં પ્રવેશ કરવો.

આમ જ્યારે જીવ, પ્રાણ, મન સહસ્રદલમાં સ્થિર થાય છે ત્યારે જીવની બધી વૃત્તિઓ શાંત પડે છે અને એ પરમાત્માના પરમ પ્રકાશમાં સમરસ થઈ સ્વસ્વરૂપમાં સ્થિર થાય છે. અને તેને જ શ્રી અવધૂતે :

**'મારે ડૂબકી હરિનામ સ્મરી'**

એમ કહ્યું છે. આમ આત્માની સાથે વૃત્તિનું અનુસંધાન થવાથી જ જીવશિવનો ભેદ ટળી જાય છે. એને જ આત્મદર્શન કે અંતરસાગરને તળિયે રહેલા અમુલખ મોતીની પ્રાપ્તિ કહી છે.

આ યોગની પ્રણાલિકાઓની સિદ્ધિ અર્થે કોઈ યોગવિશારદ પાસે જ જવું જોઈએ. આવાં વર્ણનો વાંચીને યોગી નહીં થવાય. પણ એ કામ કાયરનાં ન હોય. જે શૂરા છે તે જ એ કામ સફળતાપૂર્વક કરી શકે છે અને પાર ઊતરે છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**"ત્યાં કાયરનું નવ કામ જરી."**

એ તો છે ખાંડાના ખેલ. યોગની પ્રક્રિયાઓ એટલી વિકટ છે કે એકાદી નજીવી જેવી ભૂલ પણ પ્રાણહારક બને છે. યુક્ત આહાર અને યુક્ત વિહાર હોય તો જ દુ:ખનો નાશ કરનાર યોગ નીપજે છે એમ શ્રી ભગવાને કહ્યું છે. શ્રી જ્ઞાનેશ્વરે ગીતામાં છઠ્ઠા અધ્યાયની પોતાની ટીકામાં એ યોગ સાધનનું વિશદ અને સુંદર સ્વાનુભવપૂર્વક વર્ણન કર્યું છે. જિજ્ઞાસુએ તે ત્યાં જોવું.

શ્રી અવધૂત આગળ ચાલતાં કહે છે :

**'નુગરો જાયે ક્ષણમાં જ મરી.'**

આ બધી જ સાધના કોઈ સ્વાનુભવી સદ્‌ગુરુની દેખરેખ નીચે જ થવી જોઈએ. કેવળ પુસ્તકો વાંચીને કે યોગ્ય આદર્શ કે માર્ગદર્શક સદ્‌ગુરુ વિના એ પ્રક્રિયાઓ કરનાર હંમેશાં ખત્તા ખાય છે. ઉપાય બતાવનાર જાણકાર ગુરુ જો સાન્નિધ્યમાં ન હોય તો સાધક અધવચ જ રવડી જવાનો સંભવ છે. એ જ કારણે સદ્‌ગુરુની મહત્તા. જેને માથે સમર્થ ગુરુનો પંજો નથી તેવો 'નુગરો' જોતજોતામાં હતો ન હતો થઈ જાય છે. પૂર્ણ સ્વાનુભવ વગર કેવળ સૂંઠને ગાંગડે ગાંધી કહેવડાવતા 'ગરવા'ઓથી પણ સાવચેત રહેવાની જરૂર છે. એવાઓના કરતાં તો ગ્રંથો અને પોતાની બુદ્ધિ સારી ! અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

'કોઈ એક કરોડે જાય તરી !'

ફાવે તે જહેમત ઉઠાવી ઠેઠ સુધી સાધનમાં ટકી રહેનાર અને સાધન સિદ્ધ કરી વસ્તુની પ્રાપ્તિ કરનાર કોઈ વિરલ જ હોય છે. કારણ કે વચમાં અનેક વિઘ્નો આવે છે, ભમાવનારા મળે છે, સિદ્ધિની લાલચોમાં ફસાવાનો સંભવ છે. અલ્પ સિદ્ધિથી સંતુષ્ટ થઈ સાધન અધવચ્ચે છોડી દેવાનો ભય છે, અસિદ્ધિને સિદ્ધિ માની આત્મવંચના કરી બેસવાનો સંભવ છે. આ અને બીજી એષણાઓ ભભૂકી ઊઠવી વગેરે અધઃપતનના અનેક સંભવો રહેલા છે. એ સમજીને જ શ્રી અવધૂતે સર્વ સાધારણ સાધકને સારુ સરળ માર્ગ સૂચવ્યો છે.

'તનુ વર્મ શીલનું દૃઢ ધરી, ઊર્મિની હેઠે જાય ફરી;
દેખે એ મુક્ત રંગ હરિ !'

જેમ સમરાંગણમાં સૈનિક પોતાનું શરીર બખ્તર વડે ઢાંકી દે છે અને તલવારના ઘા ઝીલવાની હિંમત કરે છે તેમ અહીં પણ જીવન સંગ્રામ છે. વિજય થશે તો હરિ મળશે અને હારશે તો જન્મમૃત્યુના ફેરા તો ફરવાના છે જ. વિજયની આશા કોને ન હોય ? અને તેથી જ જીવનસંગ્રામમાં ઝઝૂમતાં ઝઝૂમતાં શરીર પર શીલનું બખ્તર દૃઢતાપૂર્વક ધારણ કરવાની અહીં સૂચના કરવામાં આવી છે. નૈતિક જીવન જીવતાં સત્ય, અહિંસા, અભય આદિ સાત્ત્વિક ગુણો-દૈવી સંપત્તિથી પોતાની જાતને સજ્જ કરી, અડગ શ્રદ્ધાપૂર્વક જે સાધનમાં ઠેઠ સુધી મંડ્યો રહે છે તેને માટે હરિદર્શન દુર્લભ નથી. એ બખ્તરથી સજ્જ થનારનાં નવે દ્વાર બંધ જ થાય છે. અને પછી એને એ અંતર-આત્મસાગરમાં ડૂબકી મારતાં મુશ્કેલી નડતી નથી. તેથી જ એ શીલનું બખ્તર પહેરીને જ ઊર્મિની એ અંતઃસમુદ્રનાં મોજાંઓની હેઠે જવાનું શ્રી અવધૂતે સૂચવ્યું છે. જેમ સાગરમાં તરંગો આવે છે તેમ અંતરમાં પણ તરંગો આવે છે. મોતી મેળવવા માટે જેમ એ તરંગોની નીચે ઊંડે સમુદ્રને તળિયે જવાની જરૂર છે તેમ અહીં પણ તરંગોને-અંતરમાં ઊઠતા સંકલ્પવિકલ્પોને-પાર કરીને એટલે વિકારોનો સમૂળ નાશ કરીને આત્માના ઊંડાણમાં ડૂબકી મારવાની જરૂર છે. હૃદયના ઊંડાણમાંથી પરમાત્મસાધન કરવાની જરૂર છે. એમ કરવાથી જ સાધક અંતરસાગરની સપાટીને છોડી તેને તળિયે જઈ પહોંચે છે અને આત્મમોતી પામે છે. સાધકને સ્વસ્વરૂપની પ્રાપ્તિ કે હરિદર્શન થાય છે.

અખતરો અજમાવો તો ખરા ! શું જાય છે ? મળશે તો મેવા ! અને નહીં મળે તો શું ખોવાનું છે ? સંતનું વેણ છે. અફળ તો ન જ જાય ! કાંઈક ને કાંઈક તો મળશે જ મળશે !! અસ્તુ.

(૩૫)

(રાગ ભૈરવ, તાલ-ત્રિતાલ)

હમારા અસ્થાન મરઘટઘાટ !–ટેક
મડાં જલે જહાં દિનરૈનાં સબ,
પ્રેમઅગનમસ્તાન !–હમારા–(૧)
ખુદીપતિકા પ્રેત જલાકર,
હુઈ સતી ભઈ નાર !–હમારા–(૨)
દુઃખ દુઃખા સબ શેને લાગે,
માતપિતા અવસાન !–હમારા–(૩)
પંચભૂતકા નાચ તમાસા,
પચીસ દેખનહાર !–હમારા–(૪)
વાસનકૂતર ભસન લગે તબ,
ભાગે શ્યાળ તમ સાથ !–હમારા–(૫)
રંગરંગકા ધૂમ ધડાકા,
દેખત રંગ નિવાત !–હમારા–(૬)

ૐ

મરઘટઘાટ-સ્મશાન અમારું સ્થાન છે ! સ્થૂળ દૃષ્ટિએ વિચાર કરીએ તો મનુષ્ય માત્રનું અંતિમ સ્થાન તો સ્મશાન જ છે. શરીર માત્ર, જગત માત્ર, જન્મધર્મા છે. અને જન્મ જેનો ધર્મ છે તેનો મૃત્યુ પણ ધર્મ છે જ. જ્યારે શરીર મરે છે ત્યારે તેને કોઈ સાચવી રાખતું નથી. ભસ્મ થશે, જમીનમાં દટાશે કિંવા જળપ્રવાહમાં વહેતું મુકાશે. શરીરની ત્રણ અવસ્થા છે અને તેથી જ શરીરનો અંતિમ નિવાસ, શરીરનું અંતિમ રહેઠાણ સ્મશાન છે. અને એ સ્મશાનની ભીષણતાનો ખ્યાલ સ્મશાનમાં મૃત શરીરને બળતાં જોઈએ ત્યારે જ આવે. સ્મશાન અમારું-સ્થાન છે એમ કહેવું તો સહેલું છે પણ સ્મશાનમાં રહેવું કેટલું કપરું છે તે તો જ્યારે અનુભવ કરીએ ત્યારે જ સમજી શકાય ! સ્મશાનમાં બાળકનાં, યુવાનનાં, વૃદ્ધનાં, સ્ત્રીનાં અને પુરુષનાં બધાયનાં મૃત શરીર અગ્નિસ્નાન કરી ભસ્મ બની, પંચભૂતમાં ભળી જવાને જ આવે છે. અને તેને જ્યારે બળતાં જોઈએ ત્યારે જ શરીરની નશ્વરતાનો સાચો ખ્યાલ પણ આવે છે. ત્યારે જ વૈરાગ્યવૃત્તિ પણ જાગ્રત થાય છે. જેણે વૈરાગ્યવૃત્તિને દૃઢ કરવી હોય તેણે સ્મશાનનું એકાંત સેવન કરવું ઘટે. સ્મશાનનું એકાંત, નીરવતા અને ત્યાંનું વાતાવરણ સંસારપ્રપંચ પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન કરવાને અને સંસારની ક્ષણભંગુરતાના સચોટ સંસ્કારો અંતઃકરણ ઉપર અંકિત કરવામાં સહાયક બને છે. અને તેથી જ શ્રી અવધૂતે જીવતાં જ જઈ નારેશ્વરના એ ભીષણ સ્મશાનમાં વાસો કર્યો. અને પોતાના આત્મરંગે એ સ્મશાનને રંગી, પોતાની






સાધનાનો ઓપ એના પર ચઢાવી એને અનેકોનું શાંતિધામ બનાવ્યું.

એ સ્થૂળ સ્મશાનનું દૃશ્ય નજર સામે પડ્યું છે. શ્રી અવધૂતના સ્થૂળ શરીરનો નિવાસ ત્યાં જ છે. પણ ત્યાં રહ્યો રહ્યો કેવા આધ્યાત્મિક રંગે એ સર્વસામાન્ય દૃશ્યને અલૌકિક રીતે રંગી નાખે છે તે જોઈએ. ભૌતિક સૃષ્ટિના પ્રત્યેક પ્રસંગનું આધ્યાત્મિક રહસ્ય ન સમજાય અને તેમાં ચિત્તવૃત્તિ સ્થિર કરી સાધક એનો પોતાની સાધનામાં ઉપયોગ કરી જીવનને આધ્યાત્મિક રંગે ન રંગી નાખે ત્યાં સુધી એને પરમ શાંતિ પ્રાપ્ત થતી નથી.

આટલા પ્રાસ્તાવિક વિવેચન પછી આપણે મૂળ ભજનની પંક્તિઓ તરફ વળીએ. શ્રી અવધૂત કહે છે :

**"હમારા અસ્થાન મરઘટઘાટ !**
**મડાં જલે જહાં દિનરૈનાં સબ,**
**પ્રેમઅગનમસ્તાન !"**

જ્યાં રાતદિન પ્રેમની આગમાં મસ્ત બની મડદાં બળી રહ્યાં હોય એવી સ્મશાન ભૂમિ એ જ અમારું નિવાસસ્થાન-વિશ્રામધામ છે. અહીં 'પ્રેમઅગનમસ્તાન' એ શબ્દો ન હોત તો તો આપણે શ્રી અવધૂત કેવળ લૌકિક સ્મશાનની જ વાત કરે છે એમ માની લેત પણ જ્યારે 'પ્રેમઅગન-મસ્તાન' એ પંક્તિ વાંચીને ઉપલી બે પંક્તિઓનો આપણે અર્થ સમજવાનો પ્રયાસ કરીએ ત્યારે એ બંને પંક્તિઓનો અર્થ એકદમ પલટી જાય છે. ત્યારે જ આપણે સમજી શકીએ છીએ કે અહીં કેવળ લૌકિક સ્મશાનની વાતો જ શ્રી અવધૂત કહેતા નથી, પણ એ સ્મશાન, એ મરઘટઘાટ કોઈ અન્ય સ્થાન છે. લૌકિક સ્મશાનમાં તો અગ્નિ પણ લૌકિક છે. જ્યારે આ સ્મશાનમાં તો 'પ્રેમઅગન' છે. અને એ 'પ્રેમઅગન'ની આંચથી જ બધાંય મૃત શરીર ભસ્મ થાય છે. અને તે પણ રાતદિવસ-અવિશ્રાંતપણે ભસ્મ થતાં જ રહે છે. બળતાં રહે છે. એટલે આપણે જ્યાં એ 'પ્રેમઅગન' બળતો હોય એવા સ્મશાનની શોધમાં નીકળીએ.

પ્રેમનો અગન ક્યાં ભડકે બળે છે ? જ્યાં પ્રેમઅગન ભડકે બળે છે તે જ શ્રી અવધૂતભાખ્યું મરઘટસ્થાન છે. અને જે અવધૂત છે – જે આત્મસ્વરૂપ સાથે એકરસ છે – તે ત્યાં જ નિવાસ કરે છે. "હમારા" શબ્દથી પણ અહીં સ્થૂળ શરીરનું કે સૂક્ષ્મ કિંવા કારણ શરીરનું સૂચન થતું નથી પણ એ ત્રણે શરીરભાવથી મુક્ત 'આત્મા,' 'હું'નું જ સૂચન થાય છે. અને આત્માને રહેવાનું સ્થાન જડે તો ખરું મરઘટઘાટનું સ્થાન આપણે મેળવી શકીએ. અગ્નિનો સ્વભાવ, તેના સંસર્ગમાં જે આવે તેને બાળીને ભસ્મ કરવાનો, તેનું અસ્તિત્વ મિટાવી દેવાનો છે. અને અંતે પોતે પણ મટી જવાનો છે. પ્રેમઅગનના સંસર્ગમાં આવીને જેનું અસ્તિત્વ મટી જાય, જેનું નામનિશાન પણ ન રહે તે જ મૃત શરીરો એવા






'મરઘટઘાટ'માં રાતદિવસ બળતાં રહે છે.

જ્યારે પ્રેમનો અગ્નિ પ્રગટે છે ત્યારે, જેમ અરણ્યમાં કાષ્ટના પરસ્પર ઘર્ષણથી વ્યાપક અગ્નિ પ્રગટીને અરણ્યનો નાશ કરે છે તેમ, અહીં પણ એવા પ્રેમઅગ્નિને વ્યાપક સ્વરૂપ આપવાને 'મસ્તાના' શબ્દનો સહેતુક પ્રયોગ કરવામાં આવ્યો છે. શબ્દનો નિરર્થક વ્યય કરવાની શ્રી અવધૂતને ટેવ નથી. કેવળ વાણીવિલાસ અર્થે જ શબ્દ વાપરવાનો શ્રી અવધૂતનો સ્વભાવ નથી. થોડામાં ઘણું સમજાવવાની શ્રી અવધૂતની સૂત્રાત્મક વર્ણનશૈલીના પરિણામે એકેએક શબ્દનો અર્થ અને મર્મ સમજવો જરૂરનો બને છે. અસ્તુ.

એ વ્યાપક **'પ્રેમઅગન'**માં જે મૃત શરીરો ભસ્મ થાય છે તે મૃત શરીરો પણ સ્થૂળ નથી. જેવો 'પ્રેમઅગન' સૂક્ષ્મ છે, જેવું એ મરઘટઘાટ સૂક્ષ્મ છે, તેવાં જ આ 'મડાં'-મૃત શરીર પણ સૂક્ષ્મ છે.

મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર આદિ ઓગણીસ તત્ત્વોથી યુક્ત સૂક્ષ્મ શરીરનું અધિષ્ઠાન-આધાર સ્થૂળ શરીર છે. તે સૂક્ષ્મ શરીરને આધીન બનેલો જીવ પણ એ જ સ્થૂળ શરીરમાં રહીને પ્રપંચને નહીં ભોગવતો હોવા છતાં ભોક્તા છે એમ માને છે. અને એમ માનીને જ, પોતે જન્મમરણના વિષચક્રમાં ભટકે છે. જેમ ગુણો બુદ્ધિના છે, તેમ વિકારો પણ બુદ્ધિના જ છે. છતાં એ ગુણ અને વિકારોને પોતાના માની રહેલો જીવ પોતે જ પોતાનો શત્રુ બને છે અને તેથી સંસારચક્રમાં પીસાઈ જાય છે. એ માનસિક વિકારો જ્યાં સુધી જીવે છે, જ્યાં સુધી પોતાના સ્વાભાવિક લક્ષણોયુક્ત છે ત્યાં સુધી જીવને મિત્રભાવે ભેટીને, શત્રુનું કામ કરે છે. તાત્પર્ય એ છે કે એ મરઘટઘાટ દૃષ્ટિથી પર છે. ત્યાં મસ્તવ્યાપક પ્રેમઅગન જલે છે તે પણ દૃષ્ટિથી પર છે, પ્રેમ અગનમાં ખાખ થતાં મૃત શરીરો પણ દૃષ્ટિથી પર છે અને 'મરઘટઘાટ' જેનું સ્થાન છે તે પણ દૃષ્ટિથી પર છે. એ એકેએક માનસિક છે. અને તેનું નિવારણ પણ એ જ માનસિક ઉપાયો દ્વારા થઈ શકે છે.

જીવ અને શિવ ઉભયને રહેવાનું સ્થાન હૃદય છે. અને એ જ હૃદયની ફરતે આ બધાંય માનસિક તત્ત્વો પણ ભેળાં થઈને, જેમ એક વસ્તુની આડે આવીને બીજી વસ્તુથી તેને ભિન્ન પાડવાને અંતરાય છે તેમ, એ સૂક્ષ્મ શરીર પણ જીવ અને શિવની વચ્ચે અંતરાયરૂપ છે. અને તેથી સૂક્ષ્મ શરીર દ્વારા વિષયોને જોતા જીવને આત્માનાં દર્શન થતાં નથી. એ વાતને સંક્ષિપ્તમાં સમજી લઈએ તો હૃદય એ 'મરઘટઘાટ' છે. આત્માનો ત્યાં વાસ છે. પ્રેમનો અગ્નિ એટલે જ **'वसुधैव कुटुम्बकम्'**ની વિશાળ ભાવના ત્યાં વ્યાપક સ્વરૂપે પ્રગટે છે અને તેમાં સૂક્ષ્મ શરીરના વિકારોનો સંઘાત રાતદિવસ બળતો રહે છે અને તે જ મડદાં છે. કામ, ક્રોધ, લોભ આદિ ષડ્‌વિકારો, પાંચ વિષયો, તેની ભોગવવાની લાલસા, અનેકવિધ





સંકલ્પો એ અને એવાં જ બીજાં આત્માના દર્શનમાં અંતરાયરૂપ તત્ત્વો એ પ્રેમઅગ્નિમાં ભડકે બળીને ભસ્મ થાય છે અને ત્યારે એકલો આત્મા-પ્રેમસ્વરૂપ આત્મા જ-પ્રશાંત, સ્વસ્વરૂપમગ્ન અટૂલો અવધૂત જ અવશેષ રહે છે. એ બધી સ્મશાનલીલા વર્ણવતાં શ્રી અવધૂત કહે છે કે :

**"ખુદીપતિકા પ્રેત જલાકર, દૂઈ સતી ભઈ નાર !"**

અહીં 'ખુદી' એટલે અહંકાર અને 'દુઈ' એટલે દ્વૈતભાવના. કોઈ ધન્ય સ્મશાનમાં જેમ કોઈ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિના પ્રેતને જલાવીને પોતાની જાતને પણ પતિ સાથે ભસ્મ કરી સતી થાય છે તેમ આ હૃદયરૂપી અ-લૌકિક સ્મશાનમાં પણ ચેહ ખડકાવી પોતાના પતિ-અહંકાર સાથે તેની નિત્ય સહચરી 'દુઈ' સતી થાય છે. માણસમાં અહંભાવ જાગ્રત થાય છે અને તેની સાથે એ બ્રહ્મભાવથી જુદો પડે છે અને દ્વૈતભાવના સર્જાય છે અને એ મમતારૂપે ફાલેફૂલે છે. આમ અહંકાર અને દ્વૈતબુદ્ધિનું નિત્ય સાહચર્ય હોવાથી એમને એકનિષ્ઠપણે પતિપત્નીરૂપે વર્ણવ્યાં છે. અહંકારના મોત સાથે જ દ્વૈતનો વિલય થાય છે, અને તેથી જ અહીં પ્રભુપ્રેમરૂપી અગ્નિ પ્રજવળી ઊઠતાં જ, પરમપ્રેમાસ્પદ આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થતાં જ, અહંકાર નિઃસત્ત્વ મડદું થઈ ભસ્મ થઈ જાય છે. અને તેની સાથે કોઈ પતિવ્રતા સ્ત્રીની માફક દ્વૈતભાવના પણ સતી થાય છે એમ કહ્યું છે.

સતી થવાની પ્રથાથી આપણે અનભિજ્ઞ નથી. ભારતની એ પ્રાચીન પ્રણાલિકા સ્ત્રી અને પુરુષના ભિન્ન જણાતાં છતાં અભિન્ન અસ્તિત્વના પાયા ઉપર ચણાયેલી છે. પતિ મરતાં જ સ્ત્રી તેના મૃત શરીર સાથે જ ચિતામાં બળીને પોતાનું અસ્તિત્વ મિટાવી દે છે. કોઈ વિરલ અપવાદ સિવાય એ પુરાતન પ્રણાલિકાનો હવે લોપ થયો છે. વ્યવહારમાં આપણે જોઈશું તો પતિ મરતાં તેની વિધવાની કોડીની પણ કિંમત રહેતી નથી. નથી સમાજ તેને સન્માનતો કે નથી તેનાં કુટુંબીજનો તેને સન્માનતાં. દુઃખતી આંખના પાટા જેવી એ વિધવા જીવે છે કારણ કે મરવાનું સાહસ કરવાને તે સમર્થ નથી. પતિ મરવાં છતાંય, પતિના સમયના સુખવૈભવ અને વર્ચસ્વનો અસ્ત થવા છતાંય તે ગમે તેમ પોતાનું જીવન ટકાવી રાખવાને વલખાં મારે છે. ઓશિયાળો પણ રોટલો ખાઈને, પુત્રપરિવારનાં મહેણાંટોણાં સહન કરીને પણ તે જીવે છે. ભલે ખારું પણ જીવન ટકાવી રાખે છે. એક વખત જેના ઉપર પોતે અધિકાર ભોગવતી હતી તેના જ તાબેદાર થઈને રહેવા છતાં તેવું પરાધીન જીવન જીવવાનું તે પસંદ કરે છે કારણ એક જ છે અને તે એ છે કે શરીરનો અને જીવનનો તેને મોહ છે. એ શરીરનો મોહ છૂટે તો જીવવું અને મરવું ઉભય સરખું જ છે. પણ આ તો વિધવાની આજકાલની વિચારસરણી છે. અને આજકાલની પ્રથા છે. પ્રાચીન પ્રથા, પ્રાચીન વિચારસરણી તો તેથી વિપરીત હતી.

પ્રાચીન સમયમાં જ્યારે સતી થવાનો પ્રારંભ થયો હશે ત્યારે અને તે પછી સતીને પતિ એ જ સર્વસ્વ હોવાથી, પતિને કાજે જ જીવતી સતીને પતિ મરતાં જીવનના બધાય મોહ ઊતરી જતા. આજે તો પતિપત્નીનો સંબંધ કેવળ ઐહિક જ રહ્યો છે. પ્રાચીન કાળમાં એ સંબંધ મુખ્યત્વે પારમાર્થિક હતો. ત્યારે પત્ની પતિનું અર્ધાંગ મનાતી, પતિપત્નીનો આત્મા-અવિભક્ત-અનુભવાતો અને એક જ ઢાલનાં બે પાસાં જેવાં એ પતિપત્ની ભિન્ન સ્વરૂપે અવિભક્ત આત્મા પેરે જ જીવન વ્યતીત કરી, અંતે પણ જીવન સમાપ્ત કરી આત્માની અવિભક્તતાને જ અનુસરતાં. આમ પતિ અને પત્ની જ્યારે એક જ આત્માનાં અભિન્ન છતાંય ભિન્ન સ્વરૂપો છે એમ માનવામાં આવતું હતું ત્યારે પતિ એ જ સતીનો પરમાત્મા હતો, પતિ એ જ સતીનો આત્મા હતો અને પતિ એ જ સતીની ગતિ હતી. આજકાલની સ્વતંત્રતા, સમાન હક, સ્વચ્છંદતા, આદિની ભાવના તે કાળે જાગ્રત નહોતી છતાંય પુરુષ સાથે સમાન હક ભોગવનારી નારી તે કાળે પણ પોતાના ક્ષેત્રમાં આધિપત્ય ભોગવતી હતી અને ત્યારે એ નારીઓ દેવી સમાન પૂજનીય બનતી હતી. આજે પણ એવી પ્રાતઃસ્મરણીય સતીઓ અમર છે. એવે સમયે પતિનાં ચરણારવિંદમાં પોતાના 'સ્વ'નું સમર્પણ કરીને પતિના પડછાયા પેરે જ જીવન વિતાવતી હતી. અને ત્યારે જેમ પ્રકાશ જતાં પડછાયો રહેતો નથી તેમ, પતિ પંચત્વ પામતાં પત્ની પણ જીવી શકતી નહીં અને તેથી પોતાના સર્વસ્વનું બલિદાન આપીને, પતિ સાથેનું દાંપત્યજીવન વિતાવી પતિના મૃત્યુ સમે, પોતાના સ્થૂળ શરીરનું પણ બલિદાન આપીને આત્મૈક્યનો અનુભવ એ સતી કરતી હતી.

જયદેવ કવિનાં પત્નીને પતિના પંચત્વના સમાચાર મળ્યા એટલે જ તેના પ્રાણ તેના શરીરમાંથી નીકળી ગયા. આ છે આર્યાવર્તની સતીની પ્રથા અને સતીની મહત્તા. અને એ આધ્યાત્મિક મહત્તાના ઉચ્ચ વાતાવરણમાં વિહરતા શ્રી અવધૂતને જીવનના દરેક પાસામાં એ ઉદાત્ત અદ્વૈત પરંપરાનાં દર્શન થાય એમાં શી નવાઈ ? અને તેથી જ એમણે અહીં 'ખુદી' અને 'હુઈ'ને કોઈ એકનિષ્ઠ પતિપત્નીનાં જોડાં તરીકે વર્ણવ્યાં છે. અસ્તુ.

હવે સંસારરૂપી ગૃહના આધારસ્થંભ સમાન એ પતિપત્ની નાશ પામતાં, તેમના સંસારની કેવી દુર્દશા થાય છે તેનું ચિત્ર આલેખતાં શ્રી અવધૂત કહે છે કે :

**"દુઃખ દુગ્ધા સૌ રોને લાગે, માતપિતા અવસાન;"**

પોતાનાં માતાપિતા 'ખુદી' અને 'હુઈ'નું અવસાન થતાં તેમનો પરિવાર-અનેકવિધ દુઃખો અને ચિંતાઓ-રોકકળ કરી ઊઠ્યો. ખુદીઅહંતા એટલે જ દેહ વગેરે અનાત્મમાં આત્મબુદ્ધિ કે હુંપણું. અને તેની નિત્ય સહચરી 'હુઈ' કે દ્વૈતભાવના, મમતા વગેરે. એ દેહના સંબંધીઓમાં મારાપણાની ભાવના એ જ સર્વ દુઃખ અને ચિંતાઓનું મૂળ છે. જ્યારે

ઉપર કહ્યું તેમ અંતઃકરણમાં પ્રભુપ્રેમનો અગ્નિ ભભૂકી ઊઠે છે ત્યારે, પતંગિયાં દીવાના પ્રકાશમાં મસ્ત બનીને પ્રકાશમાં આકર્ષાઈને બળી મરે છે તેમ, અહંભાવ એ દ્વૈતભાવ નિઃશેષ થાય છે. અને એ અનાત્મ ભાવોથી મુક્ત બનેલો જીવ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે. અને એ આત્મા તો અખંડ સુખસ્વરૂપ જ છે એટલે ત્યાં દુઃખ અને ચિંતાઓનો અભાવ જ છે. જ્યાં પ્રકાશ છે ત્યાં અંધકારનું નામોનિશાન નથી. દ્વૈતની નિવૃત્તિ થાય, અહંકાર નિઃસત્ત્વ બની અસ્ત થાય ત્યારે જ પરમ સુખનો અનુભવ કરી શકાય છે. અહં જતાં જ દ્વૈત પણ અદૃશ્ય થાય છે. બધી ભીતિ અને ચિંતાઓનું મૂળ એ અહંસ્વરૂપ દ્વૈતમાં જ છે અને તેથી જેમ, એક માતપિતાની શીતળ છાયા તળે તેનો પરિવાર નિર્ભયપણે નિશ્ચિંત બનીને સમય વ્યતીત કરે છે તેમ 'અહં'ની છત્રછાયા તળે મનુષ્યની બીજી વૃત્તિઓ નિર્ભય અને મનમાની લહેર કરે છે. પણ જ્યારે એ ઓથ જતી રહે છે ત્યારે, જેમ પિતાની ઓથ ગુમાવીને પરિવાર નિરાધાર બની જાય છે તેમ, 'અહં'ની ઓથ ગુમાવીને બીજી વૃત્તિઓ પણ વૃક્ષ વિનાની વેલ સમી આધારહીન બની જાય છે અને તેથી અહીં શ્રી અવધૂતે કહ્યું છે :

**"દુઃખ દુગ્ધા સબ રોને લાગે, માતપિતા અવસાન"**

માતપિતાના અવસાનથી જેમ તેનો પરિવાર રોકકળ કરે છે તેમ દુઃખ અને દુગ્ધા પણ 'ખુદી' અને 'દુઈ'ના જવાથી કકળી ઊઠે છે.

આભલે ઢંકાયેલો ભાણ બાદળાં વિખેરાઈ જતાં જેમ આકાશમાં પ્રકાશિત થાય છે તેમ અજ્ઞાનના પરિણામરૂપ અહંતા અને મમતાના આવરણથી આચ્છાદિત-આવૃત્ત-જીવ જ્યારે એ આચ્છાદન ખસી જાય છે, ત્યારે નિરભ્ર આકાશમાં પ્રકાશતા સૂર્ય જેવો આત્મતેજે પ્રકાશી ઊઠે છે. જીવભાવ વિહોણો એ આત્મા પછી પોતાના સ્વભાવસિદ્ધ સુખસ્વરૂપમાં સ્થિર થાય છે. જેમ શરદનાં વાદળો વાયુના ઝકોરાથી વિખેરાઈ જાય છે તેમ, દ્વૈતભાવના પરિણામે જાગ્રત થયેલી ભય અને ચિંતાની અનેક વૃત્તિઓ પણ છિન્નભિન્ન થઈ જાય છે. અને ત્યારે જીવ સુખદુઃખાદિ દ્વંદ્વોથી પર થઈ જાય છે. અને તેથી તેને પારકું કે પોતીકું એવો કોઈ પણ પ્રકારનો ભેદ રહેતો નથી અને અભેદભાવે રહેલા એ આત્માને ભેદવૃત્તિના અભાવે દુઃખ કે દુગ્ધા જેવું કશું જ રહેતું નથી. આત્મા તો એ બધી વૃત્તિઓથી સ્વભાવે પર છે પણ આગંતુક વૃત્તિઓ જ્યાં સુધી છે ત્યાં સુધી તે વૃત્તિઓ પોતાની માનીને તેના અનુકૂળ કે પ્રતિકૂળ પ્રત્યાઘાતોથી, જે સુખદુઃખની લાગણી જીવભાવયુક્ત આત્મા ભોગવે છે તેનાથી, તે મુક્ત બની જાય છે. અને ત્યારે જ તે મરઘટઘાટમાં અખંડ આનંદમાં મસ્ત રહી શકે છે.

શાંતિ અને સુખની ઝંખના કરવા છતાંય અશાંતિ અને અસુખના અકલ્યાણકારી પંથે પ્રગતિ કરતા જગતને શ્રી અવધૂતે જગતનું સાચું સ્થાન






ક્યાં છે તે ગર્ભિત રીતે અહીં સમજાવ્યું છે.

જ્યારે શાસ્ત્રની કૃપા થાય છે ત્યારે 'હું આ નજરે જોઉં છું, સુખદુઃખ આદિ અનુભવું છું તે ખરું છે કે શાસ્ત્રો જે ભાખે છે કે જગત મિથ્યા છે, સુખદુઃખ મિથ્યા છે એ ખરું છે એવી સત્યાસત્ય વિવેક કરવાની વૃત્તિ ઉત્પન્ન થાય છે. મનને આધીન જીવ શાસ્ત્રકૃપાના પરિણામે મનથી અંશતઃ મોકળો બનીને સ્વતઃ વિચાર કરવાનો પ્રારંભ કરે છે. પણ મનના અંકુશથી સદંતર મુક્ત નહીં હોવાના કારણે શાસ્ત્રકૃપા થાય છે ત્યારે પણ, સ્વતંત્ર વિચાર કરતો થાય છે ત્યારે પણ, જીવ દુઃખ અને દુગ્ધાથી મુક્ત થતો નથી અને તેને ભૂલી પણ શકતો નથી. એ શાસ્ત્રકૃપા જ્યારે પરિપૂર્ણ થાય છે ત્યારે અંશતઃ ઈશકૃપા થાય છે. જ્યારે ઈશકૃપા થાય છે ત્યારે જીવને જગત મિથ્યા છે અને બ્રહ્મ સત્ય છે, માયા જેવું કશું જ નથી, કેવળ મૃગજળ જેવી, નથી છતાં જણાતી એ માયા કેવળ સ્વપ્ન જેવી છે એવું પરોક્ષ જ્ઞાન થવા માંડે છે. પરોક્ષ જ્ઞાનના પરિણામે પણ જીવનું અજ્ઞાન નિવૃત્ત થતું નથી. અને તેથી મનના અંકુશમાંથી જીવ સંપૂર્ણપણે મુક્ત થતો નથી. પરોક્ષ જ્ઞાનના પરિણામે વિષયોની વાસનાનો વેગ કાંઈક હળવો થાય છે અને તેટલા પ્રમાણમાં વેદના પણ હળવી થાય છે પણ જીવનું અજ્ઞાન નિવૃત્ત થતું નથી. પરોક્ષ જ્ઞાન એ પરિપક્વ જ્ઞાન નથી, અને તેથી ડામાડોળ સ્થિતિમાં જીવ ત્રિશંકુ પેરે અંતરિક્ષમાં અટવાય છે. પરોક્ષ જ્ઞાનનો અપરોક્ષ અનુભવ થતો નથી, જગત મિથ્યા જણાતું નથી, બ્રહ્મ સત્ય છે એમ પણ સમજાતું નથી અને તેથી પણ તેનાં દુઃખ અને દુગ્ધા શમતાં નથી. ઈશકૃપા જ્યારે પરિપક્વ થાય છે, એટલે ખરી મુમુક્ષા જ્યારે જાગ્રત થાય છે, મુમુક્ષાનો વેગ વધે છે, ત્યારે ઈશ્વરકૃપા પરિપક્વ થાય છે. શાસ્ત્ર અને ઈશ્વરકૃપા-પરિપાકના પરિણામે ગુરુની પ્રાપ્તિ થાય છે. પરોક્ષ જ્ઞાનને દૃઢ કરવાને જીવ જ્યારે મિથ્યાને મિથ્યા માનતો થાય છે અને જગતના મિથ્યાભાસની તેને પ્રતીતિ થાય છે અને તે દૃઢ થતી જાય છે ત્યારે તે ગુરુકૃપાનો અધિકારી બનતો જાય છે. પરિણામે એક પળે જ્યારે ગુરુકૃપા પૂર્ણ થાય છે ત્યારે ગુરુકૃપાના એક જ કટાક્ષે તેની જન્મજન્માંતરની અજ્ઞાન અવસ્થાની નિવૃત્તિ કરવાને તે શક્તિમાન થાય છે. જેમ ઘાસની ગંજીમાં અગ્નિની એક જ ચિનગારી પડીને ઘાસની ગંજીને ભસ્મ કરે છે તેમ એ ગુરુકૃપાનું એક જ કટાક્ષ જીવના પાપ, તાપ, સંતાપને એક જ ક્ષણમાં ભસ્મ કરીને તેને પોતાના સત્યસ્વરૂપનું સમ્યક્ જ્ઞાન-આત્મપ્રકાશ આપે છે. આત્મદર્શન થાય છે ત્યારે તેની દુઃખદુગ્ધાનું નિઃશેષ નિરસન થાય છે. જીવ મનના અંકુશમાંથી મુક્ત બની પોતાના સત્યસ્વરૂપને પ્રાપ્ત કરે છે. માયાજનિત અજ્ઞાનના આવરણથી કલ્પિત શોક, મોહ, મમતા, અહંતા આદિ સર્વ માનસિક વૃત્તિઓનો સમૂળ નાશ થાય છે. અને અંતે તે "બ્રહ્મ સત્ય," જગત 'મિથ્યા' એ શાસ્ત્રના વેણને પ્રત્યક્ષ કરીને





આત્મભાવને પામે છે. ત્યારે તે હૃદયરૂપી સ્મશાનમાં પોતાનો વાસ છે એમ અનુભવીને પ્રેમઅગનમાં પ્રકાશિત બનીને, જગતને વાસુદેવમય જાણીને, તે જગત પોતાનામાં જ-પોતે જ છે એમ જાણીને, અનુભવીને અંતે પરમ સુખ પ્રાપ્ત કરે છે. દુઃખ અને દુગ્ધાની નિવૃત્તિનું આ અમોઘ સાધન છે, ભવવ્યાધિનું મૂળ અહંતા છે અને તેનું ઔષધ આત્મદર્શન છે. જ્યારે આત્માનુભવ થાય છે, જ્યારે પોતે પોતાને જુએ છે ત્યારે જગતને ભૂલી જાય છે. એટલું જ નહીં પણ જગતનું અદર્શન થઈ જાય છે અને જ્યાં ત્યાં પોતાનાં જ જૂજવાં રૂપ જોઈ અંતે એકમેવાદ્વિતીય આત્મા પોતે જ છે એવું પામીને, પરમ શાંતિનો અનુભવ કરે છે. સ્મશાનમાં નિવાસ કરવાનો આ મર્મ છે.

દુઃખ અને દુગ્ધા એ માયાજનિત અહંકારનું પરિણામ છે. ઉપર કહ્યું તેમ જ્યારે માતાપિતાવિહોણી એટલે અહંકાર અને દ્વૈતબુદ્ધિરૂપ માયા વિહોણી વૃત્તિઓ અસહાય અને નિરાધાર બની જાય છે. આત્મદર્શનના પરિણામે જ્યારે એ બધીય દુઃખ દુગ્ધા આદિ માયાના પરિવારરૂપ વૃત્તિઓ ચોમેર નજર ફેરવે છે, સહાયની આશાએ દીન ભાવે ભટકતી બની જાય છે પણ ક્યાંય તેને વિશ્રાંતિ કે આધાર નથી મળતો, ત્યારે તે રુદન કરે છે. માતાપિતાના અસ્તિત્વના પરિણામે એ પરિવારનાં બધાંય બરદાસ્ત કરતાં પણ માતાપિતાની શરમ તેના અવસાનથી ટળી જતાં એ નિઃસહાય બાળકોને ભિખારી પેરે ઘરઘર ભટકવું પડે અને એવા દોયલા દિવસો વિતાવતાં આંખે ચોધાર આંસુ સારે એમાં શી નવાઈ ?

જાગતિક દૃષ્ટિએ આપણે જોઈએ તો પણ અસહાય, નિરાધાર, માતાપિતાવિહોણા બાળકને રવડતા રઝળતા, બધાયને દુખતી આંખના પાટા જેવા જોઈએ છીએ. જીવ જ્યારે જીવભાવ ભૂલીને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર આદિના પાશમાંથી મુક્ત થઈ જાય છે, પોતાના સ્વસ્વરૂપમાં જ્યારે સ્થિર થઈ જાય છે ત્યારે તમસ્ અને રજસ્‌ના પરિણામરૂપ અનેકવિધ વૃત્તિઓનો સહસા ત્યાગ થઈ જાય છે. અને ત્યારે વૃત્તિઓ નિરાશ થાય છે. જીવન ટકાવી રાખવાને ફાંફાં મારતો મનુષ્ય જેમ, અંતે મરણને શરણ થાય છે તેમ એ વૃત્તિઓ પણ નિવૃત્ત થઈ જાય છે. શ્રી અવધૂતે આ તો એક રૂપક આપ્યું છે. તાત્પર્ય એ છે કે જેમ સુષુપ્તિ અવસ્થામાં કોઈ પણ પ્રકારના જ્ઞાનના અભાવે મનુષ્યના અંતરમાં કોઈપણ શુભાશુભ લાગણીઓ ઉત્પન્ન થતી નથી, કોઈ પણ વૃત્તિઓને અવકાશ નથી, તે જ રીતે આત્મદર્શનના પરિણામે શરીરની અભાન અવસ્થામાં કોઈ પણ વૃત્તિઓ પોતાનું વર્ચસ્વ શરીર દ્વારા જીવ ઉપર જમાવી શકતી નથી. અને તેથી જેમ દડો દીવાલની સાથે અથડાઈને દીવાલને હાનિ કર્યા વગર જ પાછો પડે છે તેમ, વૃત્તિઓ પણ જીવભાવમુક્ત આત્મા સાથે ભટકાઈને કોઈ પણ પરિણામ નિપજાવ્યા વિના જ પાછી ફરે છે. સ્મશાનમાં નિવાસ કરનાર

નિર્ભય છે, નિર્દ્વંદ્વ છે. દ્વૈત હોય ત્યાં જ ભય છે. અદ્વૈત સદા અભય છે. જે પ્રેમઅગનરૂપે વ્યાપક છે તે અગ્નિ પેરે બધાયને-વિરાટ વિશ્વને પણ પોતાનામાં સમાવીને પોતાના સ્વરૂપમાં પ્રેમરૂપે સ્થિર કરે છે.






હવે આગળ ચાલતાં શ્રી અવધૂત શું કહે છે?

**"પંચભૂતકા નાચ તમાસા પચીસ દેખનહાર"**

મસાણમાં એક તરફ મડદાં બળી રહ્યાં છે, બીજી તરફ મરનારનાં આશ્રિતો હાયવોય કરી રહ્યાં છે, ત્રીજી તરફ ભૂતપ્રેતો નાચીકૂદીને જલસો જમાવી રહ્યાં છે, જ્યારે બીજા એમાં સહભાગી થવાની ઉત્કંઠા સેવી કાળની પ્રતીક્ષા કરી રહ્યા છે. આ જ મસાણના દૃશ્યને-ભૂત પ્રેતાદિના નાચ તમાસાને-શ્રી અવધૂતે ઉપરની એક જ પંક્તિમાં પોતાની આસપાસ જગતરૂપી સ્મશાનમાં ચાલી રહેલા પ્રકૃતિ અને સર્જનના ખેલ સાથે સરખાવતાં વર્ણવ્યું છે. જે સમજવા માટે પંચીકરણની સમસ્યા ઉકેલવાને ગ્રંથો જોવા પડે તે અહીં એક જ સૂત્રમાં સમજાવ્યું છે.

જગત એક તમાસો છે. જેમ જલસા-તમાસામાં અનેક પ્રકારનાં દૃશ્યો નજરે પડે છે તેમ જગતમાં પણ સારાંનરસાં અનેક પ્રકારનાં દૃશ્યો નજરે ચઢે છે. એ બધાં પંચમહાભૂત અને એના વિકારોનું જ પરિણામ છે. એમાં જે દેખાય છે તે કેવળ ભાસ માત્ર જ હોય છે અને તેથી જ અહીં એની ભૂતપ્રેતોના નાચ તમાસા સાથે સંકેતથી સરખામણી કરી છે.

પંચ મહાભૂતો જડ છે, અવાસ્તવિક છે અને તેથી જ અહીં એમની જીવંત મનુષ્યોના પડછાયા સમા ભૂતપ્રેત તરીકે કલ્પના કરી છે. ને જેમ અજ્ઞાની મનુષ્યો ભૂતપ્રેતોના આભાસિક તાંડવથી ડરતા ફરે છે અને એની મજા માણી શકતા નથી તેમ જ જેને સ્વસ્વરૂપનું અને એ પંચમહાભૂતાત્મક જગતનું અજ્ઞાન હોય છે તે જ એનાં સુખદુ:ખોથી પરેશાન થાય છે. પણ આત્માનુભવી કોઈ વિરલ અવધૂત તટસ્થ ભાવે એ ખેલ નિહાળી મનમાં રાચે છે અને પ્રકૃતિની એ લીલાનો આનંદ લૂંટે છે.

જેમ પ્રાકૃતિક તમાસો જોનાર અને એની સાથે સહાનુભૂતિ બતાવનાર પણ એ જ માટીના હોય છે તેમ આ તમાસો જોનાર પણ એ પંચભૂતોના વિકારો હોય છે. પૃથ્વીના અસ્થિ, માંસ, ત્વચા નાડી ને રોમ; જળના શુક્ર, શોણિત, લાળ, મૂત્ર ને સ્વેદ; તેજના ક્ષુધા, તૃષા, આલસ્ય, નિદ્રા અને કાંતિ; વાયુના ચલન, વલન, ધાવન, પ્રસારણ અને આકુંચન અને આકાશના કામ, ક્રોધ, શોક, મોહ, ને ભય એમ બધા મળી પચીસ.

શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધના બાવીસમા અધ્યાયમા ગણાવેલા

पुरुषः प्रकृतिर्व्यक्तमहंकारो नभोऽनिलः।
ज्योतिरापः क्षितिरिति तत्त्वान्युक्तानि मे नव॥
श्रोत्रंत्वग्दर्शनं घ्राणो जिह्वेति ज्ञानशक्तयः। 
वाक्पाण्युपस्थपाय्वङ्घ्रिकर्माण्यङ्गोभयं मनः॥

બ-૨૪

शब्दःस्पर्शो रसो गन्धो रूपं चेत्यर्थजातयः।
गत्युक्त्युत्सर्गशिल्पानि **कर्मायतनसिद्धयः॥**

'પુરુષ, પ્રકૃતિ, મહત્ત્વ, અહંકાર, આકાશ, વાયુ, તેજ, જલ, પૃથ્વી, શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, નાસિકા, રસના, વાક્, પાણિ, ઉપસ્થ, વાયુ, પાદ, મન, શબ્દ, સ્પર્શ રૂપ, રસ અને ગંધ એ પંચીસ તત્ત્વોનો સંકેત પણ આવી જાય છે. વિસ્તાર ભયથી એનું સવિસ્તર વિવેચન અહીં કર્યું નથી.

જગતમાં આજુબાજુ જે કાંઈ ધમસાણ ચાલી રહ્યું છે તે એક યા બીજી રીતે આ પાંચપચીસનો જ તમાસો છે. અને સ્મશાનમાં ચાલતા ભૂતપ્રેતોના જલસા જેવો આભાસ માત્ર છે. એમાં વાસ્તવિકતાનો છાંટોય નથી. અને તેથી જ સત્યસ્વરૂપ આત્મા કે તત્સ્વરૂપ આત્મવિદ્ એ બધાથી અસ્પૃષ્ટ, રૂંવાડુય ફરકયા વગર અને નિવાંત એટલે નિર્ભય, નિર્વિકારપણે વિલોકે છે.

હવે એ જ વિચારધારામાં આગળ જતાં શ્રી અવધૂત કહે છે :

**'વાસન કૂતર ભસન લગે, ભાગે શ્યાળ તમ સાથ.'**

"આમ મડદાંને બળતાં ને ભૂતપિશાચોને નાચતાં કૂદતાં જોઈ, કોઈ પાર્થિવ મડદાંને બળતું જોઈ કૂતરાં ભસે તેમ, વાસનારૂપી કૂતરાં ભસવા મંડ્યાં. અનેક જન્મોના કર્મસંસ્કારોરૂપી શિયાળવાં નાઠાં અને તેની સાથે અજ્ઞાનરૂપી રાત્રીનો પણ અંત આવ્યો."

કૂતરાંનો સ્વભાવ તો તમે જાણો છો ને? પોતાના ક્ષેત્રમાં પારકું માથું મારતું આવે ત્યારે કૂતરાં ભસવાનું શરૂ કરે છે. કૂતરાંનો સ્વભાવ કેવળ સ્વાર્થી છે. પોતાના ફળિયામાં પારકા ફળિયાનું નિર્બળ કે સબળ કૂતરું આવે છે ત્યારે તેની સામે ફળિયાનાં બધાં જ કૂતરાં હલ્લો લઈ જાય છે અને તેને મારી હટાવવાને એકસંપ થઈ જાય છે. પણ સામું કૂતરું જો બળવાન હોય તો, જેમ કૂતરાં ભસતાં રહે અને હાથી પોતાની ગતમાં ચાલ્યા જ કરે તેમ, એ ભસવાની દરકાર કર્યા વિના તે બળવાન કૂતરું બીજા ક્ષેત્રમાં નીડરપણે પ્રવેશ કરે છે. અને ત્યારે ભસતાં કૂતરાં આપોઆપ શાંત બની જાય છે. અહીં શ્રી અવધૂતે વાસનાઓને કૂતરાં કહ્યાં છે. કૂતરાંની ઉપમા સહેતુક છે. વાસનાઓ તુચ્છ છે. પણ જેમ એક તુચ્છ મગતરું હાથીના કાનમાં પ્રવેશ કરીને તેને પરવશ બનાવે છે તેમ આત્મા બળવાન હોવા છતાંય જીવભાવના કારણે ગરીબ ગાય જેવો બની જાય છે અને ત્યારે એ વાસનાઓ, નિર્બળ કૂતરા ઉપર જેમ ચઢાઈ કરીને તેને પરાસ્ત કરી પોતાને વશ બનાવે છે તેમ જીવને પોતાને આધીન બનાવે છે.

આત્માકાર વૃત્તિ એ શુદ્ધ સાત્ત્વિક જ્ઞાનનો પ્રભાવ છે. અનાત્માકાર વૃત્તિ એ રાજસ્ અને તામસ્ ગુણયુક્ત અજ્ઞાનનો પ્રભાવ છે. ઉપર કહ્યું તેમ જ્યારે શાસ્ત્ર, ઈશ અને ગુરુકૃપા થાય છે, ત્યારે આત્માકાર વૃત્તિ

બને છે અને જેમ જેમ આત્માકાર વૃત્તિ દ્વારા જીવ વિષયોના અને વાસનાના પ્રભાવથી મુક્ત થતો જાય છે તેમ તેમ વાસનાઓ નિર્માલ્ય બનતી જાય છે અને પરિણામે અનાત્માકાર વૃત્તિનો સમૂળ નાશ થાય છે, અભાવ થાય છે. આત્માકાર કિંવા બ્રહ્માકાર વૃત્તિના પરિણામે વાસનાનો સમૂળ ઉચ્છેદ થાય છે. આત્માકાર વૃત્તિ બળવાન છે. અનાત્માકાર કિંવા વિષયાકાર વૃત્તિ નિર્બળ છે. જ્યારે સત્ત્વનો પ્રભાવ પ્રકાશિત થવા લાગે છે ત્યારે રાજસ્ તામસ્‌નો પ્રભાવ ક્ષીણ થતો જાય છે અને પરિણામે વિષયો તરફ જતી વાસના અને વૃત્તિ ભભૂકી ઊઠે છે. પોતાની સત્તાને પડકાર કરનાર સત્તાને જોઈને એ વિષયોની વાસનારૂપી વૃત્તિઓ કૂતરાં પેરે બમણા જોરથી ભસે છે અને હલ્લો કરે છે. બળવાન સત્ત્વને દબાવી દેવાને રાજસ્ અને તામસ્ ગુણવૃત્તિઓ જોરશોરથી વાસનાઓના સંયમ આદિ ભારેલા અગ્નિને ભડકાવે છે પણ સત્ત્વની સત્તા, શૌર્ય અને વીર્ય આગળ એ કૂતરાં જેવી વાસનાઓનું કાંઈ પણ જોર ચાલતું નથી. એ ભસી ભસી ને થાકે છે ત્યારે શાંત પડી જાય છે. આમ અનાત્મમાં આત્મભાવની વૃત્તિનો પરાજય સત્ત્વગુણની પ્રભા વડે થાય છે. ત્યારે વાસનાઓ ક્ષીણ થતી, દીપકમાં તેલ પૂરું થાય ત્યારે બુઝાતો દીપક એક વખત સર્વ તેજને આપીને બુઝાઈ જાય છે તેમ એ વિષયોની વાસના પણ અંતે પરાજિત થઈ સત્ત્વને આધીન થાય છે કિંવા મૃત્યુ પામે છે. જ્યારે વાસનાઓ વેગવાન બને છે, કૂતરાં ભસે છે ત્યારે ભયનું એંધાણ સમજીને શિયાળ ભયનાં માર્યાં ભાગી જાય છે. એટલે શિયાળરૂપી અનાત્મકાર વૃત્તિઓ જે કેવળ અજ્ઞાનનું કારણ છે તે પણ એ મરઘટઘાટમાંથી પલાયન કરી જાય છે. અને અનાત્મકાર વૃત્તિ ક્યારે નિવૃત્ત થાય? જ્યારે આત્માનાં અજવાળાં થાય ત્યારે! જ્યારે આત્મા સિવાય બીજું કશું જ નથી એવું જ્ઞાન દૃઢ થાય ત્યારે. અને તેથી જ શ્રી અવધૂત કહે છે તેનો મર્મ એવો છે કે જ્યારે આત્મદર્શન થવાની અણી પર આવે છે ત્યારે વાસનાઓ અને અનાત્મબુદ્ધિનો તેના સર્વ પરિવારસહ લોપ થાય છે. અને કેવળ આત્માનો જ પ્રકાશ ચોમેર પ્રકાશે છે. અંધકારનું નામનિશાન રહેતું નથી. અનાત્મકાર વૃત્તિઓ જડ સંસાર સાથે મોહના કારણે જકડાય છે. તે વૃત્તિઓ પણ અજ્ઞાનરૂપી અંધકારની સાથે નાસી છૂટે છે.

તાત્પર્ય એ છે કે જ્યારે 'ખુદી'-અહંતા, અને 'દુઈ'-દ્વૈતભાવ નિઃશેષપણે બળી જાય છે ત્યારે એમના ભસ્મ થતાંની સાથે વાસનારૂપી કૂતરાં અને સૂક્ષ્મ અનાત્મકાર વૃત્તિઓ કે સંસ્કારોરૂપી શિયાળો મોં છુપાવે છે, વિનાશ પામે છે અને અંધકારનું નિશાનેય રહેતું નથી. અહંકાર જતાં નિરહંકારતાના પરિણામે શરીરની અભાન અવસ્થા આવે અને વાસના નિર્મૂળ થાય ત્યારે જ અંધકારરૂપી અજ્ઞાનની નિવૃત્તિ થાય અને જ્ઞાનપ્રકાશ

ઝગમગી ઊઠે.

અને ત્યારે જ

**"રંગ રંગકા ધૂમ ધડાકા, દેખત રંગ નિવાત!"**

અંદર અને બહાર સ્મશાનમાં ઊડતા રંગબેરંગી ગુબારાઓ અને ધુમાડાના ગોટાઓ અને ભૂતપ્રેતની કિકિયારીઓ, ભીષણ અવાજો અને કારમી ચીસો જોવા-સાંભળવા છતાં પણ નિર્વિકારપણે કેવળ દ્રષ્ટાભાવે સ્વસ્વરૂપમાં સ્થિત રહી ફાવે તેવા ભીષણ સ્મશાનમાંયે વાસો કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

આ આખાય ગીતમાં

**तरति शोकमात्मवित्। तत्र कः शोकः को मोहः**
एकत्वमनुपश्यतः॥

એ શ્રુતિ વાક્યોનો મર્મ શ્રી અવધૂતે સ્મશાનના રૂપકથી સમજાવ્યો છે. જેને આત્મદર્શન થાય છે તે સંસારમાં શોકમોહને તરીને શાંતચિત્તે નિર્મળ, નિરહંકાર બની શરીરસ્થ શરીરિ જેવો નિર્વિકારપણે જગતમાં તમાસો જુએ છે. જગતની કોઈ પણ પરિસ્થિતિથી એની ચિરશાંતિ કે સ્વાત્મસુખમાં લેશ પણ ઊણપ આવતી નથી. આ ગીતમાં જગતના શોક-મોહથી નિર્ભય બનવાનું સચોટ સાધન સાધકને શ્રી અવધૂતે બતાવ્યું છે અને જગતની નશ્વરતાનો સચોટ ખ્યાલ આપ્યો છે. અસ્તુ.

**દ્વિતીયખંડ સમાપ્ત**



# ઋણ સ્વીકાર




ભા.- ૨

અવધૂતી મસ્તીના આ ત્રણ ભાગની દ્વિતીય આવૃત્તિના પ્રકાશનમાં નીચેના દાતાઓનાં સ્વૈચ્છિક દાન મળ્યાં છે. પરિણામે સેટની કિંમત માત્ર રૂ. ૧૦૦/- રાખી શકાઈ છે. એ બદલ દાતાઓનો અમે હાર્દિક આભાર માનીએ છીએ.

(૧) ૬૧,૧૦૧/- શ્રી રતિલાલ જેઠાલાલ પંડ્યા
હસ્તે શ્રી અશોકભાઈ રતિલાલ પંડ્યા
શ્રી મહેશભાઈ રતિલાલ પંડ્યા

(૨) ૨૫,૦૦૧/- શ્રી સતીશભાઈ ઓઝા (નવાપુરવાળા)
હાલ શિકાગો (યુ.એસ.એ.)

(૩) ૧૦,૦૦૧/- સ્વ. મંગળભાઈ મોતીરામ દવે અને
સ્વ. દિનેશભાઈ મંગળભાઈ દવેના
સ્મરણાર્થે હસ્તે ડૉ. ઇન્દુભાઈ દવે

(૪) ૧૦,૦૦૧/- સ્વ. શંકરલાલ મોતીરામ દવે અને
સ્વ. શાંતાબેન શંકરલાલ દવેના
સ્મરણાર્થે હસ્તે. ભરતભાઈ શંકરલાલ દવે–
શિકાગો (યુ.એસ.એ.)

(૫) ૫,૦૦૧/- શ્રી રણબીર સીંગ બગ્ગા (સરદારજી)
અમદાવાદ

(૬) ૫૦૦૧/- સ્વ. વિપુલભાઈ અંબાલાલ પટેલના સ્મરણાર્થે
હસ્તે અંબાલાલ પટેલ (મંત્રીશ્રી અવધૂત પરિવાર)
અમદાવાદ

(૭) ૫,૦૦૧/- શ્રી મહેશશંકર નર્મદાશંકર પંડ્યા
(હસમુખ ચાવાળા) મુંબઈ

(૮) ૨,૦૦૧/- શ્રી ગિરધરભાઈ લટુરભાઈ દિક્ષિત, અમદાવાદ

(૯) ૧,૦૦૧/- અન્નપૂર્ણાબેન નટવરલાલ ભટ્ટ, અમદાવાદ

(૧૦) ૧,૦૦૧/- સ્વ. જુગલકિશોર હિંમતલાલ શુક્લનાં સ્મરણાર્થે
હસ્તે ભદ્રાબેન જુગલકિશોર શુક્લ - અમદાવાદ.

(૧૧) ૧૧,૦૦૧/- સુર્યાબેન જિતેન્દ્ર પુરોહિત, અમદાવાદ




ભા.- ૨

# અવધૂતી-મસ્તી

## ખંડ - ૨

## અનુસૂચિ


| ક્રમ | | પાન |
|---|---|---|
| (૧૬) | આ ગયા મુકામ અસલી, બાબા... | ૨૪૯ |
| (૧૭) | એક અગોચર બ્રહ્મ પ્રકાશે... | ૨૩૨ |
| (૧૮) | કરના થા સો કર લીના... | ૧૬૫ |
| (૧૯) | જહાંપે દેખું વહાંપે સાહેબ... | ૧૧૩ |
| (૨૦) | તનકી સુધી ન જિસકો, જનકી કહાં સે પ્યારે... | ૧૪૮ |
| (૨૧) | તમારે ન હમારે ના કશો સંબંધ છે મૂળે... | ૨૦૪ |
| (૨૨) | તોડી દિવાલો મહેલની, બેઠા જઈ મેદાનમાં... | ૩૧૩ |
| (૨૩) | દુનિયા આ મનનું મટકું રે, પામર પ્રાણી !... | ૯૭ |
| (૨૪) | નિરંજન પદ તો મુખસે ન બર્ણ્યા જાય... | ૨૯૭ |
| (૨૫) | ભક્તિની મુક્તિ છે દાસી, ઓ લાલ !... | ૬૩ |
| (૨૬) | ભણતર મોટું ભૂત, તપસી !... | ૧૩૭ |
| (૨૭) | મનકો બિનમારે ગોસાંઈ... | ૨૮૦ |
| (૨૮) | મન મરજીવા! છે મોતી અમુલખ એક... | ૩૫૨ |
| (૨૯) | મનુવા, હરિ ભજના, હરિ ભજના... | ૩૦ |
| (૩૦) | મૂળ સંસારનું મૂઢ મન માંકડું... | ૧ |
| (૩૧) | યહ ઘર નહિ તેરા નહિ તેરા... | |
| (૩૨) | રે મન! મસ્ત સદા દિલ રહના... | ૩૩૬ |
| (૩૩) | વહાંકી બાત ન્યારી હૈ મેરે ભાઈ... | ૮૬ |
| (૩૪) | હમારા અસ્થાન મરઘટઘાટ... | ૩૬૧ |
| (૩૫) | હું-મારું દુઃખ-મૂળ છે, તું-તારું સુખ-મૂળ... | ૫૦ |